# શ્રી ગૌતમકુલક

મુનિશ્રી કીર્તિયશવિજયજી મ.

શ્રી [illegible] શિષ્યરત્ન શ્રી

[illegible] રચિત

• સંપાદક •

શ્રી અનંતલબ્ધિ વિધાન શ્રી
ગૌતમસ્વામિ રચિત

# શ્રી ગૌતમકુલક

• સંપાદક •
મુનિશ્રી કાંતિવિજયજી મ.

# પ્રસ્તાવના

આ ગ્રંથ અનંતલબ્ધિ વિધાન શ્રી ગૌતમસ્વામિજીનો બનાવેલ છે અને તેની પર ટીકાની રચના પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી પદ્મવિજયજી મહારાજ સાહેબે રચેલ છે. આ ગ્રંથ અદ્વિતીય અને વાચવાલાયક છે.

આ ગ્રંથની પ્રેસકોપી કરવા માટે સાધ્વીજી શ્રી ચંદ્રપ્રભાશ્રીજી તથા સાધ્વીજી હર્ષપ્રભાશ્રીજીએ ખૂબજ જહેમત ઉઠાવી કાર્ય કર્યું છે તેમને પણ આ પ્રસંગેક દિન ભૂલી શકાય.

લી.


મુનિશ્રી કાંતિવિજયજી

ઝવેરીપાર્ક, જૈન ઉપાશ્રય

નારણપુરા

અમદાવાદ-૧૩


૨૩-૯-૯૧


પ્રકાશક : ભરતકુમાર હીરાલાલ શાહ

મુદ્રક : મારૂતિ પ્રિન્ટર્સ, અમદાવાદ. ફોન : ૩૪૫૫૫૯

પ્રત : પ્રથમ પ્રાપ્તિ

# શ્રી ગૌતમકુલક સાર્થ

✱ સંપાદક ✱

આચાર્યદેવ શ્રીમદ્ વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ
સાહેબના શિષ્ય મુનિરાજ શ્રી કાંતિવિજયજી મ.

# સહાયકોની નામાવલિ

(૧) શ્રી મરીનડ્રાઈવ શ્રી જૈનસંઘ પાટણ જૈન મિત્ર મંડળ, મુંબઈ-૨૦

(૨) કોટ જૈનસંઘ શાંતિનાથજી જૈન દેરાસર, મુંબઈ-૧

(૩) શ્રી સ્તંભતીર્થ તપાગચ્છ જૈન સંઘ, લાડવાડા, ખંભાત.

(૪) શ્રી સાંડેરાવ જૈન ધર્મશાળા ટ્રસ્ટ, પાલીતાણા.

(૫) શ્રી ઝવેરીપાર્ક જૈન સંઘ, અમદાવાદ.

## • પ્રાપ્તિસ્થાન •

| | |
|---|---|
| શ્રી ગૌતમસ્વામિ જૈન આરાધના ભવન<br>ગિરિરાજ સોસાયટી, નારી કેન્દ્ર સામે,<br>પાલીતાણા (સૌરાષ્ટ્ર) | ભરતકુમાર હીરાલાલ શાહ<br>(જી. ભરૂચ)<br>મુ. પાલેજ |

ઠાકોરલાલ મથુરદાસ શાહ
૧૭, સીપારો હાઉસ, ખેતીવાડી ફાર્મ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૭

# अथ

ત્યાં પ્રથમ વાર્તિક કરનાર પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજ મંગલાચરણને અર્થે બે અનુષ્ટુપ્ કહે છે.

અનુષ્ટુપ્વૃત્તમ્

नत्वा श्रीमन्महावीरं, ध्यात्वा श्री गुरुपंकजम् ॥
मत्वा विविधशास्त्रोप, देशं सप्रसमन्वितं ॥१॥

यद्गौतमर्षिणा प्रोक्तं, गौतमं कुलकं वरं ॥
तस्य विस्तरतः कुर्वे, वार्तिकं लोकभाषया ॥१॥

અહીં ગ્રન્થના આદિમાં વસ્તુ નિર્દેશરૂપ મંગલ જાણવું. અથવા ગ્રંથમાં પદ્યરૂપે મંગલ બાંધ્યું નથી, તો પણ પોતાના ચિત્તમાં ઇષ્ટદેવને નમસ્કાર કર્યો છે એમ જાણવું. અહીં ચર્ચા ઘણી છે; પણ ગ્રન્થ વધે માટે લખતા નથી.

હવે ગ્રન્થકર્તાએ આદિમાં લોભનાં લક્ષણ શા માટે કહ્યાં છે ? તેના હેતુ કહે છે. જે માટે ચાર ગતિ રૂપ સંસારના હેતુ તે ચાર કષાય છે. તેમાં પણ સર્વ ગુણોનો વિનાશ કરનાર એવો એક લોભ છે.

યતઃ कोहो पीइं पणासेइ, माणो विणय नासणो ॥
माया मित्ताणि नासेइ, लोहो सव्व विणासणो ॥१॥

॥ ઇતિ દશવૈકાલિકસૂત્ર વચનાત્ ॥ વળી લોભ તે દુર્જય છે. વળી લોભ ક્રોધાદિકને રહેવાના કાલમાન કરતાં ઘણો કાલ રહે છે. એટલા જ માટે શ્રી ભદ્રબાહુસ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે.

યતઃ उवसामंपि उवणिया, गुणमहया जिणचरित्तसरिसंपि॥
पडिवायंति कसाया, किं पुण सेसेसु रागच्छे ॥१॥

जइ उवसत कसाओ, लहइ अणंत पुणोवि पडिवायं ॥
न हु ते वीससिअव्वं, थोवेवि कसायसेसंमि ॥१॥

अणथोवं वणथोवं, अग्गीथोवं कसायथोवं च ।
नहु ते वीससियव्वं, थोवेवि हुते बहु होइ ॥१॥

એ સર્વ ગાથાઓ લોભ આશ્રયીને કહી છે. તથા સર્વ પાપનું મૂલ તે લોભ છે. 'लोभ मूलानि पापानि' ઇતિ વચનાત્ તે માટે જ ગ્રંથકર્તાએ આદિમાં લોભનું ગ્રહણ કર્યું છે. तथा च सूत्रम्.

# શ્રી ગૌતમકુલક–કથા સહિત

લુદ્ધાનરા અત્થપરા હવંતિ, મૂઢાનરા કામપરા ભવંતિ ।
બુદ્ધાનરા ખંતિપરા હવંતિ, મિસ્સાનરા તિન્નિવિ આયરંતિ (૧)

અર્થ :– લોભી મનુષ્યો અર્થમાં–પૈસામાં તત્પર–રક્ત હોય છે. મૂર્ખ મનુષ્યો કામમાં–ઇન્દ્રિયના ભોગોમાં તત્પર હોય છે. તત્ત્વને જાણનાર બોધ પામેલા મનુષ્યો ક્ષમામાં તત્પર હોય છે. ત્યારે મિશ્ર (મધ્યમ) સ્વભાવવાળા મનુષ્યો ત્રણે પ્રકારનું આચરણ કરે છે.

## દ્રવ્યનું ઉપાર્જન કરવામાં ચારુદત્તનું દૃષ્ટાંત

આ ભરત ક્ષેત્રને વિષે ચંપાનામની નગરીમાં મહાધનવાન્ એવા ભાનુ નામે શ્રેષ્ઠિ વસે છે. તેને સુભદ્રા નામે પત્ની છે, તેને પુત્ર નથી. તેથી સ્ત્રી પુરુષ ઘણું જ દુઃખ ધારણ કરે છે. અને મનમાં એમ વિચાર કરે છે કે જ્યારે ધનને ભોગવનારો એક પણ પુત્ર નથી ત્યારે આપણને મલેલું આ ધન શું કામનું ? દેવાદિકને માનતાં, ચિંતાતુર રહેતાં. તેમને એક ચારણમુનિ મલ્યા ત્યારે તે મુનિને પૂછયું કે હે મહારાજ ! અમારે પુત્ર થશે કે નહિ ? ત્યારે ચારણમુનિએ કહ્યું કે તમારે પુત્ર થશે. પછી તે સ્રીને ગર્ભ રહ્યો અને અનુક્રમે પુત્રનો જન્મ થયો. તે બાલકનું ચારુદત્ત એવું નામ પાડયું. તે મોટો થયો ત્યારે મિત્ર સાથે ક્રીડા કરતો એક વખત ઉદ્યાનને વિષે ગયો. ત્યાં જતાં એક સ્ત્રી તથા પુરુષનાં પગલાં જોયાં. તે પગલાં ઘણાં જ લક્ષણવાળા જોઇને ચારુદત્તે વિચાર્યું કે અહીંથી કોઇક ગુણવંત સ્રી–પુરુષ ગયેલા દેખાય છે. એમ વિચારીને આગળ જતાં એક કેલિનું ઘર જોયું. અને તે કેલિઘરની પાસે એક વિદ્યાધર જોયો. તેના શરીરમાં બધે ઠેકાણે ખીલા નાંખેલા છે. તેવામાં તે વિદ્યાધર ચારુદત્તને દેખીને કહેવા લાગ્યો કે હે પુરુષ ! મારા વસ્ત્રના છેડે ઔષધિવલય છે. તે ઘસીને મને લેપ કરો. તે સાંભળીને ચારુદત્તે તે ઔષધિનો ઘસીને લેપ કર્યો. એટલે શરીરમાં રહેલા સર્વ

ખીલાઓ નીકળી ગયા. પછી તે વિદ્યાધરના કહેવાથી ત્રણ સંરોહિણી ઔષધિ ઘસીને ચોપડી એટલે તેના શરીરના બધાજ ઘા રુઝાઇ ગયા. વળી ત્રીજી ઔષધિથી તે સાજો થયો.

ત્યાર પછી ચારુદત્તે તે વિદ્યાધરને પૂછયું કે હે મહા ભાગ્યશાળી ! તમે કોણ છો ? અને તમને આવી આપત્તિ કેમ પડી ? ત્યારે તે વિદ્યાધર પોતાનો સંબંધ કહે છે.

ભરત ક્ષેત્રના મધ્યભાગને વિષે રૂપ્યમય પચ્ચીશ યોજન ઊંચો અને પચ્ચાસ યોજન પહોળો વૈતાઢય પર્વત છે. ત્યાં શિવમંદિર નામના નગરનો મહેન્દ્રવિક્રમનામે મહા પરાક્રમી રાજા છે. તે રાજાનો અમિતગતિ નામે હું પુત્ર છું. એક દિવસ હું ક્રીડા કરતો હરિવંત નામના પર્વતમાં ગયો. ત્યાં એક હિરણ્યરોમ નામનો તાપસ રહેતો હતો. તેની સુકુમાલિકા નામે અતિરૂપવાન્ પુત્રીને મેં જોઇ. તે કુમારીને તેના પિતાએ મને પરણાવી. તે સ્ત્રીને લઇને હું મારા સ્થાને ગયો ત્યાં ધૂમશિખ્ય નામનો મારો એક મિત્ર હતો. તે મારી સ્ત્રીને દેખીને કામથી વ્યાપ્ત થયો તેથી તે મારાં છિદ્રો જોતો મનમાં વિચારે છે કે જો આ મિત્ર મરે તો આ સ્ત્રી મારા હાથમાં આવે. એમ કરતાં એક દિવસ હું મારી સ્ત્રી સાથે ક્રીડા કરતો કરતો અહીં આવ્યો. આ અવસરે મારા મિત્રે મને એકલો જાણીને આ રીતે ખીલા ઠોકી મારી સ્ત્રી લઇને જતો રહ્યો. આ અવસ્થામાં હે બાંધવ ! તમે મને જીવતો રાખ્યો. તેના બદલામાં તું મારી પાસે કંઈક માંગ જેથી હું તને આપું. ત્યારે ચારુદત્તે કહ્યું કે તમારા જેવા સત્પુરૂષનું દર્શન થયું એટલે હું સર્વે ઇચ્છિત પામ્યો. વળી મેં તમારું દુઃખ દૂર કર્યું. માટે હવે મારે શું જોઇએ ? એમ કહીને બન્ને જણા પોતપોતાના સ્થાને ગયા.

પછી ચારુદત્ત નિરંતર પોતાના મિત્રો સાથે ક્રીડા કરે છે. એમ કરતાં જ્યારે ચારૂદત્ત યુવાવસ્થા પામ્યો ત્યારે ચારુદત્તનો સર્વાર્થ નામે મામો છે. તેની મિત્રવતી નામે પુત્રી છે. ચારુદત્તના પિતાએ ચારુદત્તની સાથે તેને પરણાવી. પણ ચારુદત્ત વનની ક્રીડામાંજ આસક્ત

થયેલો તે સ્ત્રી સાથે ભોગની વાત કરતો નથી. ચારુદત્તના પિતાએ આ વાત જાણી. તેથી તેઓ સમજ્યા કે ચારુદત્ત ભોગમાં કાંઈ સમજતો નથી. એમ વિચારીને કલિંગસેના નામની ગણિકાની પુત્રી જે વસંતસેના હતી. તેની પાસે કામભોગ શીખવા માટે મૂકયો. એમ કરતાં તે ચારુદત્ત-ને વેશ્યાના ઘેર રહેતાં બાર વર્ષ વીત્યાં. તેણે વેશ્યા સાથે રહી સોલ ક્રોડ સોનૈયા વાપરી નાંખ્યા. પછી ચારુદત્તને દ્રવ્યરહિત થયેલો જાણી વેશ્યાની માતા–અક્કાએ તેને કાઢી મૂકયો. ઘેર આવીને જુએ છે ત્યારે મા બાપ મરી ગયાં હતાં. ઘર અને દુકાન ખંડિયેર થઇ ગયાં હતાં. આ દેખીને ઘણો જ દિલગીર થયો. પછી વ્યાપાર કરવા માટે પોતાની સ્ત્રીના આભૂષણો લીધા. તે લઇને મામા તથા પોતે વેપાર માટે ચાલ્યા. માર્ગમાં જતાં જતાં ઉશીરપુર નગરમાં આવ્યા. ત્યાં મામા અને ભાણેજે કપાસ લીધો. તે લઇને તામ્રલિપ્તિ નગરી તરફ ચાલ્યા. અનુક્રમે વનમાં જતાં વનમાં આગ લાગતાં તેમનો બધોજ કપાસ બળી ગયો. ત્યારે મામાએ જાણ્યું કે આ ચારુદત્ત નિર્ભાગ્ય છે. એની સાથે મારું ધન પણ જશે. એટલે ચારુદત્તને એકલો મૂકી દીધો.

ત્યાર પછી ચારુદત્તએ એક ઘોડો વેચાતો લીધો. તેના ઉપર બેસીને પશ્ચિમ દિશા તરફ જતાં ઘોડો મરી ગયો એટલે તે પગે ચાલવા લાગ્યો. પગે ચાલતાં તે ઘણું જ થાકી ગયો. અને ભૂખ–તરસ પણ સખત લાગી. આવાં મોટાં દુઃખોને સહન કરતો ચારુદત્ત અનુક્રમે પ્રિયંગુ નગરે પહોંચ્યો. ત્યાં ઘણાં વણિકનાં ઘર છે. તેમાં એક સુરેન્દ્ર-દત્ત નામનો વણિક પોતાના પિતાનો મિત્ર છે. તેને ત્યાં ગયો. તેણે પુત્રની જેમ રાખ્યો. ભોજન વસ્ત્રાદિક આપ્યાં અને કહ્યું કે તું દુઃખ ખમવા શું કામ બહાર જાય છે ? માટે મારે ઘેર જ રહે. તો પણ ચારુદત્તને મનમાં ધનનો લોભ હોવાથી વ્યાપાર કરવાની મોટી હોંશ રાખે છે. તેથી કોઇકની પાસે લાખ રૂપિયા ઉધાર લઇને પણ ના કહેવા છતાં ચારુદત્ત પરદેશમાં જવા માટે જહાજમાં બેઠો. સાથે બીજા પણ ઘણા લોકો જહાજમાં બેઠા. અનુક્રમે તે જહાજ યમુનાદ્વીપે પહોંચ્યું; એ રીતે ઘણાં ગામો ને નગરો ફરતાં તે આઠ ક્રોડ સોનૈયા કમાયો.

પછી તે પાછો પોતાના દેશ જવા માટે જહાજમાં બેઠો. અને મધ્ય સમુદ્રમાં આવ્યો. ત્યારે તોફાન ને વરસાદ થવાથી જહાજ ભાંગી ગયું. સર્વ દ્રવ્ય સમુદ્રમાં ગયું. પણ કોઇક પુણ્ય સંયોગે તેમના હાથમાં એક પાટીયું આવી ગયું. તે પાટીયાની સાથે સાત દિવસ સુધી પાણીમાં તરતો રહ્યો. ત્યાર પછી સ્વાભાવિક સમુદ્રના કિનારે આવી ગયો ને રાજપુર નગરના ઉદ્યાનમાં આવ્યો. ત્યાં એક તાપસના આશ્રમમાં દિનકરપ્રભનામે પરિવ્રાજક રહે છે. તે ઘણો શાંત-દાંત અને ધર્મનું ધામ-ઘરજ હોય નહિ એવો દેખાય છે. તે ત્રિદંડી ચારુદત્તને કહેવા લાગ્યો. અરે બાબુ તું કહાંસે આયા ? તું એસા દુઃખીયા કયું ? તું તો બડા ભાગ્યવંતમેં શિરદાર હૈ. તેરા દુઃખ દેખકર મેરેસેં સહા નહિ જાતા. મેરે મનમેં બહોત પીડા હોતી હૈ.

ઔર હમેરે તાંઈ ગુરુકી જૈસી શિક્ષા હૈ તિસ માફક મૈં અલેખકો જપતા હું-ઔર બાવકી ભિક્ષા લેતા હું-કંથા(કંતાન) પહેરતાં હું. ઓર વિભૂતિ ચઢાતા હું. પરકું દુઃખી દેખું તબ મુઝકોંભી દુઃખ ઉપજે. પરકું સુખી દેખું તબ મુઝકોંભી. સુખ ઉપજે. ઓર સારી દુનીયા માયામેં ગરક હો ગઇ હૈં. ઔર હમે તો દરરોજ નિંજનકા ધ્યાન કરતે હૈં. ઇસ વાસ્તે તેરી બાત હોય સો હમકોં કહે. આવા ત્રિદંડીક બાવાના વચન સાંભળીને તેને પ્રણામ કરીને ચારુદત્ત કહેવા લાગ્યો. હે ભગવાન્ મૈં બહુત દુઃખી હું ઔર અબ આપકે શરણે આયા હું. તુમસેં મેરા ઉદ્ધાર હોવેગા. ઇત્યાદિ પોતાનું વૃત્તાંત કહી દેખાડયું. તે વાત સાંભળીને ત્રિદંડીક બાવાની આંખમાં આંસુ આવ્યા. અને કહેવા લાગ્યો કે રે વત્સ! તૂં ધીરા હો. અબ સબ અચ્છા બનેગા. મેં જાનતા હૂં કે તું બહોત ધનકા અર્થી હૈ. ભલા ! અબ તૂં મેરી પાસ આયા હૈં તો સબ બાતકી ખુશી હોવેગી. કયોં ડરતા હૈ. મૈં એસા કરુંગા કિ લક્ષ્મી તો તેરા ઘરકી દાસી હોયગી. તું મેરી સાથ ચલ. તે સાંભલીને ચારુદત્ત ત્રિદંડીકની સાથે ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં બીજે દિવસે એક અટવીમાં પહોંચ્યા. ત્યાં એક પર્વતની ગૂફામાં ગયા તેમાં એક શીલા આવી. તેને

પગથી લાત મારીને ઉઘાડી. તેની મધ્યમાં એક દુર્ગપાતાલ નામે બિલ (કાણું) છે. તેમાં ચાલ્યા. તે દુર્ગપાતાલમાં ભમતાં ભમતાં રસકૂંપીનો એક કૂવો જોયો. પણ દેખવાથીજ ભયંકર બિહામણો છે. તે ચાર હાથના વિસ્તાર વાળો છે. જાણે કે તે કૂવો નથી પણ નરકનું જ બારણું છે. હવે ચારુદત્તને એક તુંબડી આપી અને કહ્યું કે કૂવામાંથી આ તુંબડીમાં રસ ભરી લાવ. એમ કહીને ચારુદત્તને નાનકડી માંચી ઉપર બેસાડીને કૂવામાં ઉતાર્યો. ચારુદત્ત પણ લોભના વશથી કૂવામાં ઉતર્યો. તેણે કૂવામાં અંદર જઈ જે મેખલા છે. અને તેમાં રસ ભર્યો છે તે જોયું. તેમાંથી તે જેટલામાં રસ લેવા જાય છે. એટલામાં બીજા કોઈકે શબ્દ કર્યો. મ. મ ત્યારે ચારુદત્ત બોલ્યો કે મારૂં નામ ચારુદત્ત છે. મને ભગવંતે મોકલ્યો છે. તો પછી મને રસ લેતાં શા માટે રોકો છો ? મારે એ રસનો ખાસ ખપ છે. ત્યારે તે શબ્દ કરનાર બોલ્યો કે પહેલાં તું મારી વાત સાંભળ. હું પણ વાણીયો છું. તારી જેમ હું પણ ધનનો અર્થી થઇને અહીં આવ્યો છું. પણ આ ત્રિદંડીએ મને અંદર નાંખ્યો છે. માટે આ ત્રિદંડીયાનો તું વિશ્વાસ ન કરતો. વળી બીજી વાત સાંભળ. આ રસમાં તું હાથ ન બોળીશ જો રસમાં હાથ બોળીશ તો હાથ કોહવાઈ જશે. તે માટે તું તુંબડી લાવ. હું તને ભરી આપું. આ સાંભળીને તેને તુંબડી આપી. ત્યારે તે પુરુષે રસ ભરી આપ્યો. માંચડાની નીચે તે તુંબડી બાંધી પછી ચારુદત્તે તે હલાવી. ત્યારે ત્રિદંડીયાએ દોરડું ખેંચીને કૂવાને આણ્યો. અને ત્રિદંડીએ તુંબડી માંગી. ત્યારે ચારુદત્તે જાણ્યું કે આ માયાવી ને વિશ્વાસઘાતી દેખાય છે. એવું જાણીને ચારુદત્તે તુંબડીનો રસ ઢોળી નાંખ્યો. એવું જાણીને ત્રિદંડીએ ચારુદત્તને કૂવામાં નાખી દીધો. ત્યારે તેમાં રહેલો પુરુષ બોલ્યો કે તું કાંઈ ફિકર ચિંતા કરીશ નહિં. તું જો રસમાં પડયો હોત તો ન જીવત. પણ મેખલા ઉપર પડયો છે. માટે તને કાંઇ નહિ થાય. હવે તને નીકળવાનો ઉપાય બતાવું છું. તે સાંભળ. અહિંયા રસ પીવા માટે ગોધા આવે છે. તે મહાભયંકર શબ્દ કરતી આવે છે. પણ તું તેનાથી બીતો નહિં. તે ગોધા રસ પીને પાછી વળે ત્યારે તું તેના પૂંછડે વળગી જજે. તેથી તે ગોધા અહીં આવે ત્યાં સુધી તું અહીં રહે. અને પંચ

પરમેષ્ઠિનું ધ્યાન કર. આ સાંભલીને ચારુદત્ત રહ્યો તેટલામાં તે પુરુષ મરણ પામ્યો. પછી ગોધા ત્યાં આવી. તે રસ પીને પાછી વળતી હતી તેટલામાં ચારુદત્ત તેના પૂંછડે વલગ્યો. તેનું શરીર સુકુમાર હતું તેથી ઘસાતો ઘસાતો બહાર નીકલ્યો. જાણે ગર્ભાવાસમાંથી બહાર નીકલ્યો ન હોય અથવા નરકમાંથી જ નીકળ્યો ન હોય એવી રીતે બહાર આવ્યો. પછી પૂંછડું મૂકી દીધું ત્યારે મૂર્છા ખાઇને ભૂમિ પર પડયો. જંગલના ઠંડા વાયરાથી ચેતન આવતા ચાલવા લાગ્યો. વનમાં એક પાડો તેની પાછળ પડયો. ત્યારે તે એક મોટી શિલા ઉપર ચઢી ગયો. તે પાડો શિંગડાથી તે શિલાને હલાવવા લાગ્યો. પણ શિલા હાલી નહીં એવામાં એક અજગર આવ્યો. તે અજગર વનપાડાને ગલી ગયો ત્યારે ચારુદત્ત ત્યાંથી નાઠો. અનુક્રમે જતાં જંગલના છેડે ચારુદત્તના મામાના મિત્રનું ઘર છે. ત્યાં દુઃખના સમૂહને પામતો પહોંચ્યો. ત્યાં મામાના મિત્રે તેનું લાલન પાલન કરી સાજો કર્યો.

હવે તે ત્યાંથી કાંઇક તુચ્છ કરીયાણા ભરી રુદ્રદત્તની સાથે ચાલ્યો. જતાં માર્ગમાં એક મોટી ઇક્ષુવતી નામે નદી આવી. તે ઉતરીને ગિરિકૂટમાં ગયાં ત્યાં એક વેત્રવન છે તે વનથી અનુક્રમે ચાલતાં બન્ને જણાં ટંકણ દેશમાં પહોંચ્યા. ત્યાંથી બે બકરા વેચાતા લીધા. તે બકરા ઉપર બેસીને કેટલાક પંથને કાપ્યો. પછી એક ગાઢ જંગલ આવ્યું. જેમાં મનુષ્ય તથા બકરો ચાલી શકે તેમ નથી. તેથી રુદ્રદત્તે કહ્યું કે હવે આપણે ચાલી શકીશું નહિં. તેથી બકરાને મારીને તેની ખોલમાં મશકમાં પેસીએ અને એમના માંસનો ભાગ બહાર રાખીયે. તેને દેખીને ભારંડપક્ષી આવીને માંસની ભ્રાંતિએ આપણે બન્ને જણાને ઉપાડીને લઇ જશે. અને સુવર્ણભૂમિમાં મૂકશે. આવાં વચન સાંભળીને ચારુદત્ત બોલ્યો કે હે રુદ્રદત્ત આપણાથી બકરાંને કેમ મરાય ? પ્રથમ તો એ આપણને અહીં સુધી લાવ્યા. માટે આપણા ઉપકારી થયા. વળી આ ઠેકાણે તેમને બચાવનાર કોણ ? વળી આપણે પણ તેની હિંસા કરીને દુર્ગતિમાં જઇયે. શાસ્ત્રમાં હિંસાના ફલ ઘણાં કડવા કહ્યા છે.

ત્યારે રુદ્રદત્ત કોપ કરીને બોલ્યો કે એ બકરાં કાંઇ તારા નથી.

મેં દ્રવ્ય ખરચીને લીધાં છે. એમ કહીને એક બકરો તેણે માર્યો. પછી બીજા બકરાને મારવા માટે રૌદ્ર પરિણામવાલો રુદ્રદત્ત આવ્યો ત્યારે કંપતો કંપતો બકરો ચારુદત્તના મુખ સામું જોવા લાગ્યો. ત્યારે ચારુદત્ત કહેવા લાગ્યો કે હે બકરા ! આમાં કાંઇ મારો ઉપાય નથી. પણ આ વખતે તને ધર્મમિત્ર બનશે. તેથી હું તને ધર્મ સંભલાવું. તે તું ધીરજ રાખીને સાંભળ.

રાગ-દ્વેષ રહિત-કેવલજ્ઞાન-કેવલદર્શન-યથાખ્યાત ચારિત્રવંત-અઢાર દોષરહિત-ચોત્રીશ અતિશયે કરી બિરાજમાન વાણીના પાંત્રીશ ગુણે કરી ભવ્ય પ્રાણીને સંસાર સમુદ્ર તારવામાં સમર્થ મોહરહિત-અજ્ઞાનરહિત-એવા પરમેશ્વરને તું દેવ માન

તથા ગુરુ તે સુસાધુ-ઉત્તમ-નિસ્પૃહી-આત્મગુણરાગી-આત્મ-સાધનના કાર્યમાં ઉદ્યમવંત થયેલા-સત્તાવીશ ગુણે કરી બિરાજમાન-રત્નત્રયીના પાત્ર-પોતાને તથા પારકાને તારવામાં સમર્થ આવા પ્રકારના ગુરુને અંગીકાર કર. તથા ધર્મ તે કેવલીએ કહેલો આત્માનો ધર્મ નિશ્ચય વ્યવહારરૂપ-સાધ્ય-સાધનરૂપ જે નિશ્ચય ધર્મ તે આત્મસ્વરૂપ જાણવું. તથા વ્યવહારધર્મ તે સ્વરૂપ પ્રગટ કરવા નિમિત્તો 'દાનાદિક ધર્મ'ને ધર્મ તરીકે અંગીકાર કર. પ્રાણાતિપાત-મૃષાવાદ-અદત્તાદાન-મૈથુન-પરિગ્રહ વગેરે જે અઢાર પાપ સ્થાનક છે તેનો ત્યાગ કરજે. ચારે આહારનું પચ્ચક્‌ખાણ કર. સર્વજીવ સાથે મૈત્રીભાવ કેળવ. વળી રુદ્રદત્ત સાથે વિશેષે મૈત્રી રાખ. એ મને મારતો નથી પણ મારા પૂર્વ-કૃત કર્મ ઉદયમાં આવ્યા છે તે ભોગવું છું આવા ચારુદત્તના વચનો બકરાને અમૃત-રસાયનની જેમ પરિણમ્યા. પછી ચારુદત્તે તેને નવકાર મંત્ર સંભળાવ્યો. ત્યાર પછી રુદ્રદત્તે બકરાને માર્યો. પછી તે બકરાની ખોલમાં બે જણા જુદા જુદા હાથમાં છરી લઇને પેઠા. એટલામાં ત્યાં બે ભારંડ પક્ષીઓ આવ્યા. માંસની ભ્રાંતિએ પોતાની ચાંચ વડે બન્નેને ઉપાડીને ઉડયા. માર્ગમાં એક ત્રીજુ ભારંડ પક્ષી આવ્યું. અને ચારુદત્તવાળા ભારંડ પક્ષી સાથે માંસની લાલચે લડવા માંડયો. તેની સાથે લડતાં લડતાં તે ખોલ ભારંડની ચાંચમાંથી નીચે પડીને એક

સરોવરમાં પડી. ત્યારે અંદર રહેલાં ચારુદત્તએ જાણ્યું કે ભારંડ પક્ષીએ મને કોઇક જગ્યાએ મૂકયો. એમ જાણી છરી વડે તે બંધન કાપી બહાર નીકળ્યો અને સરોવરને તરીને કિનારે આવ્યો.

ત્યાંથી આગળ અટવીમાં જતાં એક પર્વત જોયો. તેની ઉપર ચઢી ચાલવા લાગ્યો. એટલામાં ત્યાં કાઉસ્સગ્ગ ધ્યાને રહેલાં કોઈ મુનિરાજને જોયા. તેની પાસે ગયો ત્યારે મુનિરાજે કાઉસ્સગ્ગ પાર્યો. અને તેમને ચારુદત્તએ પ્રણામ કર્યો. મુનિએ પણ તેને ધર્મલાભ આપ્યો. અને પૂછ્યું કે હે ચારુદત્ત તું અહિંયા કયાંથી આવ્યો ? અહિં તો દેવતા–વિદ્યાધર–કે પંખી જ આવે છે. પણ અહિં મનુષ્યનું આગમન થઈ શકતું નથી. વળી હે ચારુદત્ત તું મને ઓળખતો નથી. પણ મારી વાત સાંભલ.

ચંપા નગરીની બહાર તેં જે વિદ્યાધરના ખીલા કાઢયા હતા તે અમિતગતિ વિદ્યાધર હું પોતે જ છું. એમ જાણ. એ દુઃખથી મૂકાવ્યા પછી હું અષ્ટાપદની પાસે ગયો. એટલે મારા વૈરીએ મને જોયો અને તે વૈરીએ મને જોયો. એટલે પછી તે વૈરી નાશીને અષ્ટાપદ ચૈત્યના શરણે ગયો એટલે પછી હું મારી પત્નીને લઇ મારે ઘેર ગયો. મારા પિતાએ મને રાજય આપ્યું. હિરણ્યકુંભ અને સુવર્ણકુંભ આ નામના બે ચારણમુનિઓ પાસે મારા પિતાએ ચારિત્ર અંગીકાર કર્યું.

હવે મારે મનોરમા નામની સ્રીથી બે પુત્ર થયા. તેનું નામ સિંહયશ અને વરાહગ્રીવ છે. બીજી સ્રી જે વિજયસેના નામે હતી તેનાથી ગાંધર્વસેના નામે એક કન્યા થઇ. ત્યાર પછી સિંહયશપુત્રને રાજય પર સ્થાપીને મેં મારા–પિતા એવા ગુરુ પાસે દીક્ષા લીધી. અને અનુક્રમે વિહાર કરતાં લવણ સમુદ્રમાં કર્કોટ નામે આ પર્વત છે. તેમાં એકાંત સ્થાન જાણીને હું અહિંઆ ધ્યાન ધરું છું. આ મારી વાત મેં કહી. હવે તું તારી વાત કહે. ત્યારે ચારુદત્તએ શરૂઆતથી પોતાનું વૃત્તાંત કહી દેખાડયું. એટલામાં મુનિના બે પુત્રો ત્યાં આવ્યા. મુનિએ ચારુદત્તને પોતાના ઉપકારી તરીકે ઓળખાવ્યો. એવામાં પેલો બકરો જે આરાધના કરીને મરીને દેવ થયો હતો તે પણ આવ્યો. તેણે

પોતાનું વૃત્તાંત કહી બતાવ્યું. હવે વિદ્યાધરે ચારુદત્તને પોતાના ઘેર તેડી જઇને ઘણાં હિરણ્ય-સુવર્ણાદિક આપ્યા. અને ગંધર્વસેના નામની પોતાની બહેનને સોંપીને કહ્યું કે જ્યારે વાસુદેવજી તમારા નગરમાં આવે ત્યારે મારી આ બહેન તેમને પરણાવજો. એમ કહીને ચારુદત્તને પોતાના ઘેર પહોંચાડયો.

આનો વિશેષ અધિકાર વસુદેવહિંડી ગ્રંથથી જાણી લેવો.

હવે સંસારમાં ભમવાના કારણ તરીકે પ્રસિદ્ધ કંચન ને કામિની છે. અને મુખ્યતાએ દ્રવ્યાદિકનું ઉપાર્જન કરવાનું કામ ભોગ માટે જ થાય છે તેથી તે બીજું પદ કહે છે.

मूढा नरा कामपरा हवंति :—મૂર્ખપ્રાણી કામમાં તત્પર હોય છે. હવે તેમાં અનુક્રમે પાંચે ઇન્દ્રિયના ઉદાહરણો આપે છે.

# શ્રોત્રેંદ્રિય ઉપર રાજપુત્રનું દષ્ટાંત

બ્રહ્મસ્થલ નામના નગરને વિષે ભુવનચંદ્ર નામે રાજા છે. તે રાજાને રામ નામે પુત્ર છે. એક વખત રાજાએ મંત્રીને પૂછ્યું કે પુત્રને યુવરાજ પદવી આપું ? ત્યારે મંત્રી બોલ્યો કે હે સ્વામિન્ ! આ પુત્ર રાજ્યને યોગ્ય નથી. એમાં કયો અવગુણ છે ? મંત્રીએ કહ્યું કે એને પોતાની શ્રોત્રેન્દ્રિય વશ નથી. તે નિત્ય ગીત-ગાનમાં જ આસક્ત રહે છે, તે અનેક ડુંબ-ગંધર્વ-પન્નગના-સમૂહ સાથે રહે છે. તે સાંભળીને હસીને રાજા બોલ્યો કે હે મંત્રી ! મેં તારી ચતુરાઇ જોઈ. પણ રાજાને તો ગીતનું પ્રિયપણું ગુણ ગણ્યો છે. અને તેને તું દૂષણરૂપ ગણે છે. ત્યારે મંત્રીએ કહ્યું કે આસક્તપણું સારું નથી. કહ્યું છે કે :

जह अग्गीइलवो विहु पसरंतो दहइ गामनयराइं ।
इक्किक्कमिंदियं पिहु, तह पसरंत समग्गगुणे ॥८॥

જેમ અગ્નિનો એક કણ પ્રસરતો (સળગતો) ગામ અને નગરને બાળે છે તેમ સ્વચ્છંદ પણે એક એક ઇન્દ્રિયનો પ્રસાર સમગ્ર ગુણોનો

નાશ કરે છે તે માટે નાના ભાઈને યુવરાજ પદ આપો. એ રીતે પ્રધાને કહેવા છતાં પણ રાજાએ ન માન્યું અને રામને યુવરાજ પદ આપ્યું. અનુક્રમે રાજા મરણ પામ્યો ત્યારે રામ રાજા થયો ને નાનો ભાઇ મહાબલ યુવરાજ થયો. હવે રામ રાજા વિશેષ પ્રકારે ગીત ગાન સાંભલે છે. અને પોતે પણ ગીત ગાન કરે છે. અને નવનવાં ગીતો ડુંબાદિકને શીખવીને તેમની પાસે ગવરાવે છે. એક સમયે એક યુવાન ડુંબની સુસ્વરવાલી કન્યા રાજાની પાસે આવી. તેના રૂપ અને ગાવાના ગુણથી મોહેલો રાજા રામ કુલની લજ્જા મૂકીને તેની સાથે અનાચાર સેવવા લાગ્યો. તેને મંત્રી પ્રમુખ સર્વ પરિવારે ઘણો જ વાર્યો પણ તે રોકાયો નહિં ત્યારે સર્વ પરિવારે સંપ કરીને ડુંબ સહિત રામને દેશ બહાર કાઢી મૂક્યો. અને નાના ભાઇને રાજ્યમાં ગાદી પર બેસાડયો. હવે રામ દેશાંતરમાં ભમતો ભમતો મરણ પામીને વનમાં હરણ થયો. ત્યાં ગીતના રસની આસક્તિમાં ભીલડીએ માર્યો. ત્યાંથી મરીને મહાબલ રાજાના પુરોહિતનો પુત્ર થયો. ત્યાં પણ યૌવન-વયમાં ગીતમાં અત્યંત આસક્ત થયો. એક વખત રાત્રીએ રાજા ડુંબના ટોળા પાસે ગીત ગવરાવે છે. ત્યારે પુરોહિત પુત્રને રાજાએ કહ્યું કે મને નિદ્રા આવે છે માટે હું નિદ્રાવશ થાઉં ત્યારે આ ગીત બંધ રખાવજે. રાજાને નિદ્રા આવી ગઇ તો પણ તે ગીતની આસક્તિમાં ગીત બંધ ન કરાવ્યું. તેથી પછી રાજા જાગ્યો ત્યારે તેણે ક્રોધથી વ્યાપ્ત થઇને તે બ્રાહ્મણના કાનમાં ઉનું ઉનું તેલ રેડાવ્યું. તેથી તે વિપ્ર મરણ પામ્યો. ત્યારે રાજાને પસ્તાવો થયો. ને વિચાર આવ્યો કે ધિક્કાર હો મુજને મેં થોડા અપરાધમાં ઘણો દંડ કરી નાંખ્યો. એ અવસરે ત્યાં કેવળી ભગવંત પધાર્યા. તેમને વંદન કરીને રાજાએ પૂછ્યું. ત્યારે કેવલીએ રાજાના ભવથી માંડીને સર્વ સંબંધ કહ્યો. એક શ્રોત્રેન્દ્રિયના પરવશ-પણાથી રામનો જીવ આવું દુઃખ પામ્યો. આગળ પણ સંસારમાં ઘણા ભવો કરશે. આવા શ્રવણેન્દ્રિયના પરવશપણાના વિપાક સાંભળી મહાબલ રાજા ચારિત્ર અંગીકાર કરી કેવલજ્ઞાન પામી મોક્ષે પહોંચ્યા.

## હવે ચક્ષુરિંદ્રિય ઉપર શ્રેષ્ઠિપુત્રની કથા કહે છે.

વિનયપુર નગરને વિષે વિશ્વંભર નામે રાજા રાજ્ય કરે છે. તે રાજાને કુશલમતિ નામે મંત્રી છે. ત્યાં યશોધર નામે નગરશેઠ વસે છે. તે ત્રણેને માંહોમાંહે અત્યંત પ્રીતિ છે. તે ત્રણેને ત્રણ પુત્ર થયા. તે યૌવનવય પામ્યા. કોઇ અવસરે મંત્રીએ શેઠને કહ્યું કે, તારો પુત્ર સારો નથી. રાજદ્વારે આવતાં અંતેઉર સામું જુએ છે. માર્ગે ચાલતા પણ સ્ત્રીઓ સામી નજર કરે છે. આગલ જતાં એનો વિનાશ થશે. તે માટે પુત્રને વારજે. તે સાંભળી શેઠે પણ પુત્રને ઘણી શીખામણ દીધી. ॥ યથા ॥

मदंगमणमुयंच, सोहणं कोह-मोह-निग्गहणं ॥
इंदियदप्पच्छेओ, धम्मियजणमंडणं एयं ॥१॥

પણ પુત્ર વાર્યો ન રહે. જે જેનો સ્વભાવ પડયો હોય તે તેને ન મૂકે.

॥ यतः ॥ या यस्य प्रकृतिः स्वभावजनिता दुःखेन सा त्यज्यते

॥ ઇતિ વચનાત્ ॥

એકદા પ્રસ્તાવે તે શેઠપુત્રને સ્ત્રી પ્રત્યે સરાગ દૃષ્ટિએ જોતાં લોકોએ હાંકયો. રાજદ્વારે પ્રવેશ કરવો નિવાર્યો. લોકમાં ચપલાક્ષ નામ પડયું. અન્યદા કોઇ વણિક્‌પુત્ર સાથે પરદેશ મોકલ્યો. ત્યાં પણ આખા નગરમાં ફરતો ફરે. આંખનો પરવશ થકો વાવ્ય, કૂઆ, સરોવરે જઇ સ્ત્રી વર્ગને જોતો ફરે. એકદા કોઇક પ્રાસાદને વિષે પાષાણમાં કોતરેલી દિવ્યરૂપ પૂતલી દેખી; વ્યામોહ ચિત્તે તેની ઉપર આસક્ત થઇ ગયો. ભોજન પ્રમુખ સર્વ વિસાર્યા-ત્યારે વાણોતરે તે પાષાણની પૂતલીને ગોપવીને બીજી તેવી જ વસ્ત્રમય પૂતળી કરી તેને ઉપાડીને ઉતારે આણી. તે પૂતલી પ્રત્યે આસકતપણે કુમાર જોઈ રહે. અનેક ઘરેણાં, આભૂષણ પહેરાવે. અનુક્રમે વાણોતર વ્યાપાર કરીને શ્રેષ્ઠિપુત્ર તથા પૂતલી સહિત નગર ભણી ચાલ્યા. માર્ગે જતાં ધાડ મળી. તેણે સાથને લૂંટયો. પૂતલીને ચોરો લઇ ગયા. શ્રેષ્ઠિપુત્ર પૂતલીના વિરહે ઘેલો થયો થકો અટવીમાં ભમવા લાગ્યો. અન્યદા ભમતો ભમતો વિજયપુરે

આવ્યો. ત્યાં ઉદ્યાનને વિષે રાજાની સ્ત્રીને ક્રીડા કરતી દેખીને વારંવાર તેના પ્રત્યે જોવા લાગ્યો. એટલે રાજપુરુષે તેને માર્યો; મરીને પતંગિયો થયો. ત્યાં પણ અગ્નિમાં ઝંપાપાત કરી મરણ પામ્યો. એમ ઘણા ભવ રઝળશે.

॥ ઇતિ ચક્ષુઇંદ્રિયે શ્રેષ્ઠિપુત્ર કથા ॥

## હવે ઘ્રાણેંદ્રિય ઉપર ગંધપ્રિયની કથા કહે છે.

પદ્મખંડ નગરને વિષે પ્રજાપતિ રાજાનો ગંધપ્રિય નામે પુત્ર છે. તે જે જે સુગંધી વસ્તુ દેખે તે તે સુંઘે, એવો જ તેનો ઢાલ પડયો છે. નિરંતર ઘ્રાણેંદ્રિયના વશથી વાસનામાં આસક્ત રહે. એકદા પ્રસ્તાવે નાવમાં બેસી જલક્રીડા કરે છે. એવામાં ઓરમાન માતાએ અત્યંત સુગંધી પુડી પેટીમાં ઘાલીને નદીમાં મૂકી. તે પેટી તરતી તરતી નાવની પાસે આવી. તેમાંથી કુમારે પુડી લઇ ઘ્રાણેંદ્રિયના પરવશ થકી સુંઘી એટલે તરત મરણ પામ્યો. મરીને ભમરો થયો. અનુક્રમે અનંતો સંસાર ભમ્યો.

॥ ઇતિ ઘ્રાણેંદ્રિય વિષે ગંધપ્રિયની કથા સમાપ્ત ॥

## હવે રસેંદ્રિય ઉપર મધુપ્રિયની કથા કહે છે.

સિદ્ધાર્થપુર નગરને વિષે વિમલ નામે શેઠનો મધુપ્રિય નામે પુત્ર છે. તે તીખા, તમતમા, ખારા, ખાટા, મોળા, મધુરા, કસાયલા પ્રમુખ નવનવા રસના આસ્વાદનનો ઘણો લોલુપી છે. નિત્ય નવનવી રસોઇ કરી જમે છે. વ્યાપાર પ્રમુખ સર્વ કાર્ય ત્યજી દીધા છે. તેણે એક દિવસ ચિંતવ્યું કે મેં સર્વ રસનું આસ્વાદન કર્યું, પણ મારા કુળે વર્જેલું જે મદ્ય-માંસ તેનો રસ ચાખ્યો નથી. માટે જે થનાર હોય તે થાઓ, પણ એનો સ્વાદ જોવો તો ખરો ? એમ વિચારીને મદ્ય માંસ ખાવા લાગ્યો. પિતાનું વાર્યું પણ ન કર્યું. ત્યારે પિતાએ તેને ઘરથી બહાર કાઢી મૂકયો. ત્યારે તે દેશાંતરે જતો રહ્યો. ત્યાં લોકમાં મધુપ્રિય એવું નામ પ્રવર્ત્યું. માંસનો આસકત થકો લોકોનાં બાળક છાના ઉપાડી લાવી મારી ખાતો. તેને એકદા કોટવાળે જોયો. એટલે

શૂલિએ ચઢાવ્યો. મરીને નરકે ગયો. અનંતો સંસાર ભમ્યો. જે માટે રસેંદ્રિય વશ કરવી મહા દુર્લભ છે.

॥ યતઃ ॥ अरकाण सुणि कम्मा, ण मोहणि तह वयाण बंभवयं ॥
गुत्तीणय मणगुत्ति, चउरो दुक्खे जीयंति ॥१॥

॥ ઇતિ રસેંદ્રિય કથા સમાપ્ત ॥

## હવે સ્પર્શેંદ્રિય ઉપર મહેન્દ્રની કથા કહે છે.

વિશ્વપુર નગરને વિષે ધરણેન્દ્ર નામે રાજા રાજ્ય કરે છે. તે રાજાને મહેન્દ્રદત્ત નામે પુત્ર છે. ત્યાં મદન નામે શેઠનો પુત્ર છે. તેની સાથે મહેન્દ્રદત્તને મિત્રાઇ છે. એક દિવસ રાજકુમાર શ્રેષ્ઠિપુત્રને ઘેર આવ્યો. ત્યારે તે મદનની ઘણી રૂપવંતી, શરીરે સુકુમાળ એવી ચંદ્રવદના નામે સ્ત્રી છે. તેણે ભર્તારનો મિત્ર જાણી હાથોહાથ પાનનું બીડું આપ્યું. તે સ્ત્રીનો સ્પર્શ થયો, એટલે તે કામાતુર થયો. અને વિચારવા લાગ્યો કે, જ્યાં સુધી આવી સ્ત્રીનો સંગ નથી કર્યો ત્યાં સુધી જન્મ અફળ ગયો. એમ વિચારી હાંસીના વચન બોલવા લાગ્યો, કુચેષ્ટા કરવા લાગ્યો, અનુક્રમે અનાચાર સેવવા લાગ્યો. નિરંતર તે સ્ત્રીને ઘેર જાય. અબ્રહ્મ સેવે. એવામાં રાજા મહેંદ્રને રાજ્ય આપવા ઇચ્છે છે તે સમયને વિષે મહેંદ્રે ચન્દ્રવદનાને તેડવા માટે રાત્રિના સમયે છાના પુરુષો મોકલ્યા. ત્યારે ચન્દ્રવદનાએ કહેવરાવ્યું કે મારો ભર્તાર જે મદન તે જીવતા હું નિઃશંકપણે તમારી પાસે આવી ન શકું. એટલે એમ જણાવ્યું કે મદનને મારો !

॥ યતઃ ॥ नितम्बिन्यः पतिं पुत्रं, पितरं भ्रातरं क्षणात् ॥
आरोपयत्कयार्येऽपि, दुर्वृत्ताः प्राणशंसये ॥१॥

હવે મહેન્દ્રે તે જ પુરુષોને મદનને મારવા માટે મોકલ્યા. તેમણે જઇ મદનને મારવા માંડયો. એવામાં કોટવાળે જાણ્યું, એટલે તે પુરુષોને બાંધીને કોટવાલ રાજા પાસે લાવ્યો. રાજાએ પૂછયું કે તમે મદનને કેમ મારવા માંડયો હતો ? ત્યારે તેણે પૂર્વનું સર્વ વૃત્તાંત કહ્યું. પછી તે સર્વ પુરુષો સહિત રાજાએ મહેન્દ્રકુમારને નગર

બહાર કાઢયો. તે ચંદ્રવદનાને લઇ ગયો. રાજા લઘુ પુત્રને રાજ્ય આપી, વૈરાગ્ય પામી, સંસારને અસાર જાણી દીક્ષા લઈ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયો. મદન પણ તથાવિધ સ્ત્રીચરિત્ર જાણી વૈરાગ્ય વડે દીક્ષા લઇ મરણ પામીને દેવતા થયો. હવે મહેન્દ્ર અને ચંદ્રવદનાને અટવીમાં ભમતાં થકાં ચોરે પકડયાં. તે ચોરે બબ્બર કુળમાં જઇને વેચ્યાં. ત્યાં જે લોકો પુરુષને પુષ્ટ કરી તેનું રુધિર કાઢે છે તેમણે લીધા. તેનાથી મહેંદ્ર મહા કદર્થના પામવા લાગ્યો. એક દિવસ તેણે અત્યંત રુધિર કાઢયું. તેથી નિશ્ચેષ્ટ થઇ મરીને નરકે પહોંચ્યો. અનંતો સંસાર ભમશે. એ રીતે સ્પર્શેન્દ્રિયના વશથી મહેંદ્ર આલોકમાં રાજય ભ્રષ્ટ થઇ પરલોકમાં નરકાદિકના દુઃખ પામ્યો, એમ જાણી બીજા પ્રાણીએ પણ ઇન્દ્રિય વશ રાખવી. ॥ ઇતિ સ્પર્શેન્દ્રિય વિષે મહેંદ્ર કથા સમાપ્ત ॥

એ પાંચે કથાઓ શ્રી ભવભાવના ગ્રંથમાં જોઈ લેવી. એ તો વિશેષે કામભોગ શબ્દે પાંચ ઇંદ્રિયના વિષય સુખ કહ્યાં. તેની ઉપર પાંચ દૃષ્ટાંત લખ્યાં.

### હવે સામાન્ય પ્રકારે કામ તે સ્ત્રી-સંગ એટલે મૈથુનની ઈચ્છા કરવી. તે ઉપર ચંડપ્રદ્યોતન રાજાનું દૃષ્ટાંત કહે છે.

સાકેતપુર નામે નગરના ઈશાન ખૂણે શૂરપ્રિય નામે યક્ષનું દેહરૂં છે. તે યક્ષ જાગતો પ્રભાવિક છે. તેથી વર્ષે વર્ષે પોતાનું દેહરૂં ચિતરાવે છે. ચિતરાવ્યા પછી ઘણાં લોક તેનો મહોત્સવ કરે છે. પણ તે ચિતારાને યક્ષ મારે છે. અને કદાચિત્ ન ચિતરે તો લોકમાં મરકીનો રોગ ઉત્પન્ન કરે છે. એવું જાણી ચિતારાઓએ નાશી જવા માંડયું. તે રાજાએ જાણ્યું. રાજાએ વિચાર્યું કે જો સર્વ ચિતારા ગામમાંથી જતાં રહેશે, તો યક્ષનું દેહરૂં નહિં ચિતરાય. તેથી કોઇ વેળા એ યક્ષ અમારા વધ ભણી પણ થશે. એમ વિચારી રાજાએ સર્વ ચિતારાઓને રોકી રાખ્યા, કોઇને જવા દીધા નહિ, પછી સર્વ ચિતારાના નામની ચિટ્ઠીઓ લખી ઘડામાં ઘાલીને વર્ષે વર્ષે જેના નામની ચિટ્ઠી નીકળે

તે યક્ષનું દેહરૂં ચિતરે એમ ઠરાવ્યું. પણ જેનો વારો આવે તે એમ જાણે કે, મારે યમરાજાની ચિઠ્ઠી આવી. એમ કેટલોક કાળ ગયો.

એકદા અવસરને વિષે કૌશામ્બી નામે નગરીથી એક ચિતારો ઘરથી રિસાયો થકો તે સાકેતપુરને વિષે એક ડોશીને ઘેર આવી ઉતર્યો. તે ડોશીને એક જ દીકરો છે. તે વર્ષે તે ડોશીના દીકરાનો વારો આવ્યો. એટલે તે ડોશી અનેક વિલાપ કરીને રોવા લાગી. તેને રોતી જોઈ તેના ઘરે આવેલા ચિતારાએ પૂછયું કે હે માતા ! તું કેમ રોવે છે ? ડોશીએ જે વાત હતી તે તેને કહી સંભળાવી. તે સાંભળી ચિતારો બોલ્યો, 'તમે રૂદન ન કરો' આજે યક્ષને દેહરે હું ચિતરવા જઈશ. ત્યારે ડોશીએ કહ્યું 'હે પુત્ર ! તું પણ મારા પુત્ર બરોબર છે. માટે તને કષ્ટમાં કેમ નાખું ? એમ બોલી, તો પણ તે ચિતારાએ ઘણો આગ્રહ કરીને કહ્યું કે, 'હે માતા ! તમે સુખશાતામાં બેસો; એમ સમજાવી તે ચિતારાએ છઠ્ઠનો તપ કર્યો અને સુંદર વિશિષ્ટ વસ્ત્રયુગલ પહેરી, આઠ પડો મુખકોશ બાંધી, ચોખ્ખો પવિત્ર થઈ, નવા કળશે મૂર્તિને નવરાવી, નવી વાળાકુંચી કરી, નવા સરાવસંપુટમાં નવા રંગ કરી, માંહે સરસ પ્રમુખ અપવિત્ર દ્રવ્ય ઘાલ્યા વિના દેહરૂં ચિતર્યું. ચિતરીને પછી પગે લાગીને કહ્યું કે, મેં જે કાંઇ આપનો અપરાધ અવિનય, અવિધિ કરી હોય તે આપ ખમજો. ત્યારે યક્ષ તુષ્ટમાન થયો થકો બોલ્યો કે વર માગ ! હું તારા ઉપર તુષ્ટમાન થયો છું. ત્યારે ચિત્રકાર બોલ્યો કે, આજથી તમારે કોઇ ચિત્રકારને મારવો નહિ. તે સાંભળી યક્ષ બોલ્યો કે એ કામ તો તારૂં થયું. પણ કાંઇક વર માગ' ત્યારે ચિત્રકાર બોલ્યો કે, 'હું જેના શરીરનો એક અંશ દેખું તેનું વધુ રૂપ જેવું હોય તેવું સાક્ષાત્ ચિતરી કાઢું એવું વરદાન મને આપો. તે વાત યક્ષે કબુલ કરીને વરદાન આપ્યું. ત્યાર પછી તે ચિતારો પોતાની કૌશામ્બી નગરીએ આવ્યો. ત્યાં શતાનિક નામે રાજા છે. તે રાજાને મૃગાવતી નામે પટરાણી છે. એકદા રાજા પોતાની સભામાં બેઠો થકો પૂછવા લાગ્યો કે, મારે શું નથી ? અને બીજા રાજાને શું છે ? ત્યારે કોઇ દૂત

ત્યાં હતો તે બોલ્યો કે મહારાજ ! તમારે ચિત્રસભા નથી. એવું સાંભળીને તે જ વેળાએ રાજાએ ચિતારાઓને હુકમ કર્યો કે 'ચિત્રસભા કરો' ત્યારે સર્વ ચિતારાઓએ પોતપોતાના ભાગે વહેંચીને ચિત્રશાળા ચિતરવા માંડી. કહ્યું છે કે દેવતાનું ઇચ્છિત કાર્ય ચિંતવે એટલે તરત જ થાય. અને રાજા વચન બોલે એટલે તરત તે કાર્ય નિપજે. હવે યક્ષના વરદાનવાળો ચિતારો પણ ત્યાં છે, તેના ભાગે રાજાની મૃગાવતી રાણીનું ક્રીડાસ્થાન ચિતરવા આવ્યું છે. તે ચિતરે છે. ચિતરતા કોઇ જાળીના વિવર થકી મૃગાવતીના પગનો અંગુઠો તે ચિતારે દીઠો. તે અંગુઠાને અનુમાને મૃગાવતીનું જેવું સંપૂર્ણ રૂપ હતું તેવું તેણે ચિતર્યું. તે ચિતરતાં નેત્રનો ઘાટ આણુતા મસીનો છાંટો સાથલ ઉપર પડયો. તેણે તે છાંટો દૂર કર્યો એટલે વળી છાંટો પડયો. એમ વારંવાર છાંટો પડે, ત્યારે તેણે જાણ્યું કે, એ ઠેકાણે એને એવું ચિન્હ દેખાય છે. એટલામાં રાજા પોતે ચિત્રસભા જોવા માટે ત્યાં આવ્યો. જોતાં જોતાં તે સ્થાનકે આવ્યો. ત્યાં પોતાની રાણી મૃગાવ-તીના ચિત્રમાં સાથળ ઉપર શાહીથી તલ પડેલો હતો તે જોયો, એટલે કોપાયમાન થયો કે, એ ચિતારો રાણીને મળ્યો દેખાય છે. એવું જાણી રાજાએ તે ચિતારાને મારવાનો હુકમ કર્યો. ત્યારે સર્વ ચિતારા મળીને રાજાને કહેવા લાગ્યા કે, હે રાજન્ ! એ ચિતારાને તો યક્ષે વર આપેલો છે. તેથી એનો કાંઇ દોષ નથી. ત્યારે રાજાએ કુબ્જા દાસીનું મુખ દેખાડયું. તે જોઇ તે ચિતારાએ કુબ્જા દાસીનું રૂપ આલેખ્યું તો પણ રાજાએ તે ચિત્રકારનો અંગુઠો કપાવ્યો. ત્યારે તે ચિત્રકાર ફરીને પેલા યક્ષ પાસે ઉપવાસ કરીને બેઠો. તે યક્ષે ડાબા હાથનો વર આપ્યો. હવે તે ચિતારો શતાનિક ઉપર દ્વેષ ધરતો મૃગાવતીનું રૂપ આળેખી અવંતી નગરીએ જઈ ચંડપ્રદ્યોતન રાજાને દેખાડતો હવો. તે ચિત્ર દેખી કંદર્પથી પીડાઇને ચંડપ્રદ્યોતને શતાનિક રાજા પાસે દૂત મોકલ્યો. ને કહેવરાવ્યું કે તારી મૃગાવતી રાણી મને આપ ! શતાનિક રાજાએ તે દૂતને તિરસ્કાર કરી કાઢી મુકયો તેથી

ચંડપ્રદ્યોતન રાજા પોતાનું સર્વ સૈન્ય ભેગું કરી શતાનિક રાજા ઉપર ચઢયો. તે વાત સાંભળી શતાનિક રાજા મરણ પામ્યો. ત્યારે મૃગાવતી રાણીએ પોતાનું શીલ પાળવા દૂતને મુખે કહેવરાવ્યું કે હું તારી પાસે આવવાને તત્પર છું. પણ મારા બાળપુત્રને વૈરી રાજા ઉપદ્રવ કરે માટે કેમ અવાય ? ત્યારે ચંડપ્રદ્યોતન રાજાએ કહેવરાવ્યું કે, મસ્તકે સાપ બેઠો અને સો જોજન વૈદ્ય રહે તે વૈદ્ય કેમ ઉપચાર કરે ? તે માટે મારી નગરીને જબરો કોટ કરી આપો. ત્યારે કામાંધ ચંડપ્રદ્યોતને કહ્યું કે 'હું કરાવી આપું" ત્યારે રાણીએ કહેવરાવ્યું કે, 'ઉજ્જેણીની ઈંટો આવે, તો કોટ રૂડો થાય'; રાજાએ તે માન્યું. પછી ચૌદ મુગટ બંધ રાજા એની આયત છે. તેનું સર્વ લશ્કર તથા પોતાનું લશ્કર અવંતી નગરીથી હારદોર ઉભું રાખીને કૌશામ્બી નગરીનો કોટ કરાવી આપ્યો.

यतः-दिवा पश्यन्ति नो घूकाः काको नक्तं न पश्यति ॥
न पश्यन्ति मदोन्मत्ता, अर्थी दोषं न पश्यति ॥१॥

પછી રાણીના કહ્યાથી કાપડ, ચોપડ, કણ, તૃણ પ્રમુખે નગરી ભરી, તેથી સંગ્રામ કરવા યોગ્ય થઇ. એમ મૃગાવતીના મનોવાંછિત સિદ્ધ થયા. પછી મૃગાવતી ચિંતવવા લાગી કે,

॥यतः॥ धन्नाणं ते गामागर, णगर खेड कव्वड जाव ॥
सन्निवेसा जच्छ सामि विहरई पवइयाभि य दिसामिएया ॥१॥

तउ भगवंतो समोसढ्ढो ॥ જો પ્રભુ પધારે, તો દીક્ષા લેઉ. એવામાં કેવલજ્ઞાનના ભાસ્કર જગદ્ગુરુ શ્રી વર્ધમાનસ્વામી ત્યાં પધાર્યા. તે પ્રભુના અતિશયે કરીને સર્વ વૈર શમી ગયા. મૃગાવતી પ્રભુને વંદન કરવા નીકળી, પ્રભુએ ધર્મદેશના દેવા માંડી, તેવામાં કોઇ એક પુરુષે વિચાર્યું કે આ સર્વજ્ઞ છે. માટે એમને હું પ્રશ્ન પૂછું. એમ વિચારી મનમાં જ ધારીને પ્રશ્ન પૂછવા લાગ્યો ત્યારે પ્રભુજી બોલ્યા કે, વચને પૂછો કે જેથી ઘણાં જીવ પ્રતિબોધ પામે. એમ જ્યારે પ્રભુએ કીધું, ત્યારે તે બોલ્યો ॥ भयवं ! जा सा ! ॥ એટલે હે ભગવન્ ! જે ચિત્તમાં વિચારું છું તેજ છે ? ત્યારે પ્રભુજીએ જવાબ બોલ્યો કે सा सा ।

તું ચિંતવે, છે તે તેજ છે. ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું કે, હે ભગવન્! એ પુરુષે 'જા સા' પૂછ્યું તે શું ? ભગવંતે કહ્યું સાંભલ-તે કાલ અને તે સમયને વિષે ચંપા નામની નગરી હતી. ત્યાં એક સુવર્ણકાર વસે છે, પણ તે સ્ત્રીનો ઘણો લોલુપી છે. તેણે પાંચસો પાંચસો સોનૈયા આપીને પાંચસો કન્યાઓ ભેગી કરી તેને પરણ્યો છે. તે પાંચસો સ્ત્રીઓને માટે વિવિધ પ્રકારનાં આભૂષણો ઘડાવી રાખ્યા છે, જે દિવસે જે સ્ત્રીની સાથે ભોગ ભોગવવા ઇચ્છે, તે દિવસે તેને ઘરેણા કાઢી આપે, પણ ઇર્ષ્યાવંત ઘણો છે. માટે ઘર મૂકીને આઘો ખસે નહીં. અને કોઇને ઘરમાં પેસવા પણ ન દે.

એક દિવસ તેના મિત્રે કોઇ કાર્યને અર્થે બોલાવ્યો, ત્યાં પણ જમવા અણઇચ્છાએ ગયો ત્યારે સ્ત્રીઓએ વિચાર્યું કે, આજ આપણો ભર્તાર બહાર ગયો છે, એ આપણને નિત્ય અટકાવ કરે છે, આજ એકાંત છે માટે નાહિએ, અલંકાર વસ્ત્ર પ્રમુખ પહેરીએ, ઇત્યાદિક વિચારીને સ્નાન કરી અલંકૃત વિભૂષિત થઇ. પછી હાથમાં આરીસા લઇ લઇને પોત પોતાનું સ્વરૂપ જુએ છે. એવામાં સુવર્ણકાર આવ્યો તે સહુ સ્ત્રીઓને દેખીને રૂઠો. તેણે એક સ્ત્રીને ગ્રહણ કરીને પાટુ મારી તે એવી જોરથી મારી કે મારતાં મારતાં તેના પ્રાણ નીકળી ગયા. ત્યારે બીજી સ્ત્રીઓએ વિચાર્યું કે, એના હવાલ તે આપણા પણ હવાલ થાશે, તે માટે આરિસા છૂટા મારીએ. એમ વિચારીને ચારસે ને નવાણું સ્ત્રીઓએ છૂટા આરીસા તે સોનીને માર્યા, તેથી સમકાલે આરીસાનો ઢગલો થયો. તેમાં સુવર્ણકાર દબાઇને મરી ગયો.

# શ્રી ચંડપ્રદ્યોત–રાજાનું દ્રષ્ટાંત–ચાલુ

પછી ચારસેંને નવ્વાણુ સ્ત્રીઓને પશ્ચાત્તાપ થયો કે આપણે પતિને મારી નાંખ્યો. હવે આપણી શી ગતિ થશે ? વળી લોકોમાં પણ આપણો અપજશ થશે. આવો વિચાર બધી સ્ત્રીઓએ કરીને ઘરના બારણાં સારી રીતે બંધ કરીને પોતાની જાતે જ અંદર આગ લગાડી દીધી. પછી પશ્ચાત્તાપ સહિત નરમાશપણાના અધ્યવસાયથી અકામનિર્જરા વડે મરણ પામીને તે પાંચસો સ્ત્રીઓ મનુષ્યગતિમાં ચોરપણે ઉત્પન્ન થઇ.

તે પાંચસો ચોરો એક પર્વતમાં રહે છે. પેલો સોની મરીને તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થયો. આ એક ભવ તિર્યંચનો કરીને તેજ જીવ કોઇક બ્રાહ્મણની દીકરી પણે ઉત્પન્ન થયો અને પાંચસો સ્ત્રીઓમાં સોનીએ જે સ્ત્રીને લાત મારીને મારી નાંખી હતી. તે મરીને વચમાં એક તિર્યંચનો ભવ કરીને તેજ બ્રાહ્મણનો દીકરો થયો. એમ એ બન્ને જણા ભાઇ બહેન તરીકે ઉત્પન્ન થયા. (એક વખતના પતિ–પત્ની–બહેન ભાઈ તરીકે ઉત્પન્ન થયા.) તે દીકરો જ્યારે પાંચ વર્ષની ઉંમરનો થયો ત્યારે તે છોકરી એક વર્ષની થઇ. તે છોકરી હંમેશા રડયા જ કરે છે. ત્યારે તેનો મોટોભાઇ તેને રમાડે છે. એક વખતે તે છોકરીના પેટ પર પોતું મૂકતાં તેનો હાથ યોની પર લાગી ગયો. ત્યારે તે એકદમ રોતી બંધ થઇ ગઇ. તેથી ભાઇએ તેને છાની રાખવાનો ઉપાય શોધી કાઢયો. છોકરી જયારે રડે ત્યારે તેની યોનિ પર હાથ મૂકે એટલે છોકરી રડતી બંધ થઈ જાય.

એમ કરતાં તેના મા બાપે તે વાત જાણી. ત્યારે છોકરાને ઘરમાંથી કાઢી મૂકયો. અને પછી તે છોકરીને પણ અપલક્ષણી જાણીને ઘરમાંથી બહાર કાઢી મૂકી. હવે તે છોકરો રખડતો રખડતો કુબુદ્ધિવાલો અનાચાર કરવાવાળો. એમ ફરતાં ફરતાં જયાં ચારસેંને નવ્વાણું ચોર રહે છે તે પર્વતમાં ગયો. અને પેલી છોકરી પણ એકલી રખડતી

રખડતી એક ગામમાં ગઈ. તેજ ગામને તે પાંચસો ચોરોએ લુંટ્યું. ચોરીના માલ સાથે તે પેલી છોકરીને પણ પકડી લાવ્યા. હવે તે પાંચ–સો ચોરો તે એક જ સ્ત્રીને ભોગવે છે. એમ કરતાં તે પાંચસોને તેના ઉપર દયા આવી કે આ બાપડી એક જ બાઈને પરાધીનતાથી પાંચસો પુરુષો ભોગવે છે. તે માટે જો બીજી સ્ત્રી લાવીએ તો એને આરામ મલે. એમ વિચારીને કોઈક ઠેકાણેથી બીજી સ્ત્રી લઈ આવ્યા. ત્યારે આ સ્ત્રીએ એમ માન્યું કે વિષયસુખમાં આને ભાગ પાડયો. આવું વિચારીને તેને મારવા માટે છિદ્ર જોવા લાગી. આને કોઈક ઉપાયે મારું તો જ મને સુખ થાય.

ત્યાર પછી જૂની સ્ત્રીએ કૂવાના કાંઠે ઊભા રહીને જે નવી સ્ત્રી આવી છે, તેને કહે છે કે જો કૂવામાં કોઈક દેખાય છે. તે સાંભલીને તે ભોળે ભાવે જોવા આવી. ને જોવા લાગી. ત્યારે તેને પાછલથી કૂવામાં ધક્કો માર્યો. ને તે કૂવામાં પડીને મરણ પામી. પછી પાંચસો ચોરો આવ્યા અને પૂછવા લાગ્યા કે બીજી સ્ત્રી કયાં ગઇ ? ત્યારે તે કહેવા લાગી કે તમારી સ્ત્રીને તમે કેમ સાચવતાં નથી ? આ વાત સાંભલીને તેઓએ માન્યું કે આને જ આને મારી નાંખી લાગે છે ? આવું જોઇને પેલા બ્રાહ્મણના દિકરાના હૃદયમાં સ્વાભાવિક રીતે એવો વિચાર ઉત્પન્ન થયો કે પાપિણી એવી આ મારી બેન જ હશે ? આ બાજુ ભગવાન શ્રી મહાવીર સ્વામી સર્વજ્ઞ અને સર્વદર્શી છે તેવું સંભળાય છે. માટે તેઓ અહિં પધારે તો તેમને પૂછું એટલામાં શ્રી મહાવીર સ્વામીનું સમવસરણ થયું. ત્યારે તે બ્રાહ્મણ પુત્રે સમવસરણમાં આવીને શરમ આવે એવી વાત હોવાથી બોલી શકયો નહિં. પણ મનમાં જ વિચાર કરીને ગુપ્ત રીતે પુછયું કે જા-સા તે આ મારી બેન છે ? પ્રભુએ કહ્યું કે સા સા હા તે તારી બેન છે. તે વાત સાંભલીને તેણે વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. આ કથા સાંભલીને સર્વે પર્ષદાનો રાગ પાતળો થયો.

આ અવસરે મૃગાવતી રાણી શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી પાસે આવી ત્રણ પ્રદક્ષિણા દઇ વંદન કરી ધર્મદેશનાને સાંભલે

છે. પછી ઊભા થઈ બે હાથ જોડી પ્રભુને કહે છે કે હે ભગવન્ ! આ સંસાર અસાર છે. તે સળગી રહ્યો છે. તેમાંથી મારા આત્માને કાઢવા માટે હું સાવધાન થઇ છું. પણ ચંડપ્રદ્યોત રાજાની આજ્ઞા લઉં એટલી જ વાર છે. તેમની આજ્ઞા લઈને પછી સ્વામી પાસે દીક્ષા લઉં. એમ કહીને પર્ષદામાં જ ચંડપ્રદ્યોત રાજાને પૂછ્યું. તેથી ચંડપ્રદ્યોત રાજા દેવતા-મનુષ્યો અને અસુરોની મોટી સભામાં શરમથી ના ન પાડી શક્યો તેથી મૃગાવતીને દીક્ષા લેવા માટે રજા આપી. તે સમયે મૃગાવતી રાણીએ ચંડપ્રદ્યોત રાજાના ખોળામાં બાલક ઉદયન કુમારને સોંપ્યો. અને પોતે ચારિત્ર અંગીકાર કર્યું. તે વખતે ચંડપ્રદ્યોત રાજાની અંગારવતી વગેરે આઠ રાણીઓએ પણ દીક્ષા અંગીકાર કરી. અને પાંચસો ચોરને પણ ત્યાં તેના સ્થાનમાં જઇને પ્રતિબોધ્યા.

આ સર્વે અધિકાર આવશ્યક સૂત્રની બૃહદ્‌વૃત્તિમાં ઉપોદ્‌ઘાતની આદિમાં છે. કામાભિલાષી સુવર્ણકાર-મૃગાવતીનો ઇચ્છુક ચંડપ્રદ્યોતરાજા અને બ્રાહ્મણની ભગિની ને પાંચસો ચોરોથી પણ કામની તૃપ્તિ ન થઈ. તેથી સર્વે કામી જીવો મૂર્ખ જાણવા.

હવે અર્થ તથા કામ આ બેને જે છોડે છે. તેને તત્ત્વનો જાણ કહીયે. અને તત્ત્વનો જાણ હોય તેજ ક્ષમાને વિષે તત્પર હોય છે.

## કષાય ન કરવા ઉપર રાજર્ષિ દમદંતનું દ્રષ્ટાંત

જંબૂદ્વીપ લાખ જોજન લાંબો ને પહોળો છે. પૂર્ણિમાના ચંદ્ર જેવો અને તેલમાં બનાવેલા પુડલા જેવો ગોળાકાર છે. તેમાં ભરત-ક્ષેત્ર પાંચસો છવ્વીસ યોજન અને છકલા-પહોળો છે. તે ભરતક્ષેત્રના વૈતાઢ્ય પર્વત તથા ગંગા ને સિંધુ નદી વડે છ ખંડ (ભાગ) થયેલા છે. તેમાં પણ દક્ષિણાર્ધ ભરતનો જ મધ્યખંડ છે તેમાં હસ્તિશીર્ષ નામે નગરી છે. તે નગરીનો રાજા દમદંત છે. તે રાજા ધીર-વીર ને પરાક્રમી છે.

તે સમયને વિષે કુરુદેશમાં જેને જોવાથી સાક્ષાત્ સ્વર્ગનો અનુભવ થાય તેવું ગજપુર નામનું નગર છે. તે નગરમાં યુધિષ્ઠિર નામે રાજા

રાજ્ય કરે છે તે રાજા પોતાના નગરમાં ઇન્દ્રની જેમ શોભે છે. તે રાજાને ચાર ભાઇઓ જાણે ચાર લોક-પાલોજ ન હોય તેવા ભીમ-અર્જુન-નકુલ અને સહદેવ-નામે છે. આ ચાર ભાઈથી તે રાજા શોભે છે.

હવે જે રીતે જીવને પાંચ ઇન્દ્રિયના સુખ વૈરીભૂત છે તેમ દમદંતરાજાને આ પાંચ પાંડવ (ભાઇયો) પાંચે વિષયોની જેમ વૈરી છે. એક દિવસ આ દમદંતરાજા જરાસંઘ રાજા પાસે રાજગૃહ નગરીએ ગયો હતો. ત્યારે પાછળથી પાંચ પાંડવોએ આવીને દમદંત રાજાનો દેશ લૂંટયો. અને કંઇક ભાગ લઈ પણ લીધો. કારણકે બલિયા સાથે કપટ કરવું એ નીતિ છે. એ વિચારીને તે કામ કરીને પાંચ પાંડવો પોતાના દેશમાં ગયા. કેટલાક દિવસ પછી દમદંત રાજા પોતાના નગરમાં આવ્યો. ત્યારે પોતાના દેશમાં લોકોએ ફરિયાદ કરી કે પાંચ પાંડવો આવીને તમારો દેશ લૂંટી ગયા છે. તે સાંભળીને ક્રોધાયમાન થયેલો દમદંત રાજા ચતુરંગી સેના લઇને હસ્તિનાપુર આવીને તેને ઘેરો ઘાલ્યો. તે વખતે પાંચ પાંડવો મહા બલવાન હોવા છતાં દમદંત રાજા આગળ તેમનું જોર કાંઈ ચાલ્યું નહિં. તેથી નગરના દરવાજા બંધ કરીને બેસી રહ્યાં. પણ તેની સાથે યુદ્ધ કરવા માટે બહાર આવ્યા નહિં. ત્યારે દમદંતરાજાએ કહેવરાવ્યું કે તમે શીયાલ જેવા છો. કારણ કે શીયાલ જ્યાં શૂન્ય સ્થાન હોય ત્યાં જ રહે છે. તેમ તમે પણ હવે છૂપાઇને રહ્યાં છો. તમારામાં જરા પણ ગૌરવ હોય તો બહાર નીકળો. કિલ્લામાં કેમ પેસી ગયા છો? હું જ્યારે જરાસંઘ રાજા પાસે ગયો ત્યારે મારો દેશ લૂંટવા આવ્યા હતા અને હવે તો બહાર પણ નીકળતા નથી. એ રીતે તેઓનો ઘણો તિરસ્કાર ને નિર્ભર્ત્સના કરી તો પણ પાંડવો કિલ્લામાં તેમને તેમજ પડી રહ્યાં.

ત્યારે દમદંત રાજા પાછો વલીને પોતાના નગરમાં આવ્યો. કોઈક વખત દમદંત રાજાએ સંસારથી ઉદ્વેગ પામી., કામભોગથી નિવૃત્ત થઇ, સંસારને અસાર જાણી, ધન-યૌવન વગેરેને ક્ષણમાં નાશ પામનારા જાણી ચારિત્ર અંગીકાર કર્યું અને અનુક્રમે ગીતાર્થ થયા. પછી "એકલ

વિહારી પ્રતિમા" અંગીકાર કરીને વિચરતાં હતા. એકવાર તે નિષ્પરિગ્રહી એકાકી મુનિ ગ્રામાનુગ્રામ વિહાર કરતા હસ્તિનાપુર નગરમાં આવ્યા. અને તેજ નગરની બહાર સંયમ ને તપસ્યા યુક્ત ભાવના ભાવતાં કાઉસ્સગ્ગ મુદ્રાએ મેરુપર્વતની જેમ નિશ્ચલ રહ્યાં.

એ સમયે રાજવાડીમાં ક્રીડા કરવા માટે નીકળેલા એવા જે પાંચ પાંડવો અને કૌરવો. તેમાં પ્રથમ યુધિષ્ઠિરની સવારી આવી. તેમણે દમદંત મુનિને કાઉસ્સગ્ગ ધ્યાને ઊભેલા જોયાં તેથી તેના મનમાં ઘણો જ હર્ષ ઉત્પન્ન થયો. પાસે આવતાં વંદન, નમસ્કાર ને સ્તવના કરી, કે હે ભગવન્ ! તમારા જીવનને ધન્ય છે. તમે જ જીવિતનું ફળ પામ્યા છો. કારણ કે તમોએ રાજ્યનો ત્યાગ કરી ઘોર પરાક્રમવાળું ચારિત્ર અંગીકાર કર્યું છે. અમે તો કામરૂપ કચરામાં લપટાઇ રહ્યા છીયે. આમ સ્તવના કરી આગળ ચાલ્યા. પછી ભીમની સવારી આવી. તેણે પણ એજ રીતે સ્તવના કરી. આમ અનુક્રમે પાંચે ભાઇઓની સવારી આવી અને તેઓ આ મુનિની સ્તવના કરી આગળ ચાલ્યા. અને તેજ રીતે અસ્વારીના લોકો પણ સ્તવના કરીને આગળ ચાલ્યા.

ત્યાર પછી તેઓના ગયા પછી દુર્યોધન આવ્યો. ત્યારે તેમના સેવકે બતાવ્યું કે અહિંઆ દમદંત રાજા ઉભા છે. એવું સાંભળીને દુર્યોધનને ક્રોધ ઉત્પન્ન થયો. આનેજ અમને શીયાલ કરીને ભાંડયા હતા. એમ વિચારીને પોતાના હાથમાં જે બીજોરું હતું તે મુનિને છૂટું માર્યું. એટલે પાછળથી તેમના લશ્કરના માણસો પણ મુનિ ઉપર પત્થર-ઇંટ વગેરે નાંખતાં જ ગયા. તો પણ દમદંત મુનિએ જરા પણ રોષ ન કર્યો અને મનમાં વિચાર્યું કે હે જીવ ! તું તારા પોતાના જ કરેલાં કર્મોને ભોગવે છે. પારકાં તો તેનું નિમિત્ત જ બને છે.

ત્યાર પછી પાંડવો જ્યારે ક્રીડા કરીને પાછા ફર્યા ત્યારે પહેલી યુધિષ્ઠિરની સ્વારી આવી. તેણે આ ઠેકાણે મુનિને જોયા નહિં. તેથી

પોતાના મુખ્ય પુરુષોને પૂછ્યું કે આ ઠેકાણે જે મુનિ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યાં હતાં. તે ક્યાં ગયા? અને આ પત્થરનો ઢગલો કેમ છે? ત્યારે આસપાસના લોકોએ કહ્યું કે આ પત્થરનો ઢગલો તો દુર્યોધનથી થયો છે. આવું સાંભળીને તે જ વખતે દુર્યોધનને બોલાવી ઠપકો આપ્યો કે હે મૂર્ખ! પરમ નિસ્પૃહી એવા આ મુનિને ઉપસર્ગ કરી કુરુકુલમાં તું કલંકભૂત થયો છે. જો તારામાં બલ-પરાક્રમ વધારે હતું તો તે સમયે તેઓએ આપણા નગરને ઘેરો ઘાલ્યો ત્યારે તું ક્યાં ગયો હતો? માટે તને ફિટકાર હો. તું આ પાપમાંથી ક્યારે છૂટીશ? એમ કહીને સર્વ ઈંટો ને પત્થરાઓ દૂર કરાવ્યા. તેલ મંગાવી મુનિને મર્દન કરીને વંદના-નમસ્કાર કરીને ખમાવ્યા. અને કહ્યું કે હે પ્રભુ! અમારો જે કાંઇ અપરાધ થયો હોય તેની ક્ષમા આપજો.

આ રીતે પાંચ પાંડવોએ પૂજા ને સ્તવના કરી તથા દુર્યોધને પત્થરો માર્યા તો પણ દમદંત મુનિ સમભાવમાં રહ્યાં.

હવે સમતાભાવમાં મુનિપણું છે. તે મુનિપણું જેનાથી શક્તિના અભાવમાં ન થયું તો તે શું કરે? તે માટે ચોથા પદમાં મિશ્ર પુરુષ દેખાડે છે. मिस्सा नरा तिन्निवि आयरंति-મિશ્ર એટલે એકાંતે દ્રવ્યનો અર્થી નહિં. એકાંતે કામી પણ નહિં. અને એકાંતે ક્ષમાશીલ પણ નહિં તેવો મનુષ્ય અર્થ, કામ અને ક્ષમા એ ત્રણેને આચરે, આદરે.

તેના ઉપર જિનચંદ્રકુમારની કથા લખે છે.

# મિશ્ર પદ ઉપર જિનચંદ્રકુમારની કથા

જંબૂદ્વીપના ભરતક્ષેત્રને વિષે વિજયપુર નામનું નગર છે. તે નગરમાં સોમચંદ્ર નામે રાજા રાજ્ય કરે છે. તે રાજાને ચંદ્રકાંતા નામે પટરાણી છે. તે નગરમાં ધન નામે શેઠ રહે છે. તે શેઠને ધનશ્રી નામે પત્ની છે. પણ તેમને એકપણ પુત્ર નથી. તેથી શેઠાણી મનમાં ઘણું જ દુઃખ ધારણ કરે છે. તેવું જાણીને શેઠે નગરની બહાર જે દેવરમણ નામના ઉદ્યાનમાં ચંદ્ર નામના યક્ષનું મંદિર છે. તે યક્ષ ખૂબજ પ્રભાવિક છે. તેથી તે યક્ષની પૂજા કરીને અને તેની આગળ ઊભા રહીને આ પ્રમાણે કહ્યું કે હે યક્ષ! જો મારા ઘરે પુત્ર આવશે તો હું તારા ઉપર સો (૧૦૦) પાડા ચઢાવીશ. અને સર્વ દ્રવ્ય વડે પૂજા કરીશ. એમ કહીને ઘેર આવ્યો. થોડા સમય બાદ તેની સ્ત્રી સગર્ભા થઇ. એ અવસરે તે જ નગરની બહાર ચાર જ્ઞાનના સ્વામી ભુવનભાનુ નામે મુનિરાજ સમવસર્યા. તે મુનિને નમસ્કાર કરવા માટે જતા લોકોને દેખીને ધનશેઠ પણ તેઓની સાથે ગયો. ત્યાં મુનિરાજે દયામય ધર્મદેશના આપી.

સર્વે જીવો જીવવા માટે ઇચ્છે છે. મરવા માટે કોઈપણ–ઇચ્છા નથી કરતું માટે ભયંકર એવા પ્રાણિના વધને નિર્ગ્રંથો છોડે છે. કૃપારૂપી નદીના કિનારે સર્વે ધર્મો અંકૂરા જેવા છે. તે નદી સૂકાઇ જતાં તે અંકૂરારૂપી ધર્મો કેટલીવાર ટકી રહે? વગેરે સર્વ જીવની દયામય ધર્મદેશના સાંભળીને શેઠ પ્રતિબોધ પામ્યા. અને દયાના પરિણામ થયા ને પછી તે સમયે સમકિત સહિત બારવ્રત અંગીકાર કર્યા ને ઘેર આવ્યા અને ઘેર આવીને કુટુંબસહિત ધર્મ કરવા લાગ્યો હવે એક દિવસે તેની સ્ત્રીને પુત્રનો જન્મ થયો. તે પુત્રનો જન્મોત્સવ કર્યો. પછી સો પાડા લઈને તે યક્ષના મંદિરના બારણે બાંધ્યા. અને ત્રણ લાખ દ્રવ્યના સોના તથા રત્નમય ત્રણ કુલો કરાવ્યા. તે કુલોવડે યક્ષની પૂજા કરીને દેવની શેષના બહાને એક કુલ પોતાના પુત્રના માથે મૂક્યું. બીજું કુલ પોતાના માથે મૂક્યું અને ત્રીજું કુલ પોતાની

સ્રીના માથે મૂક્યું. ત્યારે કોપાયમાન થયેલા યક્ષે રાત્રિએ પ્રત્યક્ષપણે આવીને કહેવા લાગ્યો કે હે શેઠ ! તેં શું માન્યું હતું ને શું કર્યું ? ત્યારે શેઠ બોલ્યો કે હે યક્ષરાજ ! મેં તમને સો પાડા ચઢાવવાના કહયાં હતા. મારવાના નહોતા કહ્યા. એ બાપડા રાંક અવાચક પશુઓ છે. તેઓને હું જૈન ધર્મ સમજીને કેમ મારું ? વલી મારા સર્વ દ્રવ્યે કરીને મેં તારી પૂજા માની હતી તે સર્વ દ્રવ્યના ત્રણ ફુલો બનાવી તારી પૂજા કરી અને તેજ ફુલો મંગલ નિમિત્તે શેષમાં લીધા. એ રીતે બધી વાત મેં પ્રત્યક્ષમાં પૂર્ણ કરી છે.

આવી રીતે શેઠનો દયામય ધર્મ સાંભળીને ઘણો પ્રસન્ન થયેલો યક્ષ શેઠની પ્રશંસા કરીને પોતાના સ્થાનમાં ગયો. હવે શેઠે પુત્રનું નામ જિનચંદ્ર પાડયું. તે સકલ કલાઓ સાથે જૈનધર્મમાં પણ કુશલ થયો. એક દિવસ યૌવનવયમાં પોતાના મિત્રો સાથે ક્રીડા કરતાં માર્ગમાં કોઇ પુરુષવડે કહેવાતી ગાથા સાંભળી.

सोलवरीसो पुरीसो-लच्छी भुंजेइ जो उ जणयस्स;
एसो नूनं पुत्तो-रिणसंबंधेण संपत्तो ॥

પુત્ર-સોલવર્ષનો થયા પછી જો બાપની કમાયેલી લક્ષ્મી ભોગવે તો તે દિકરો ઋણસંબંધે આવ્યો છે એમ જાણવું. તે સાંભલીને જિનચંદ્ર પોતાના ચિત્તમાં વિચારવા લાગ્યો કે આ પુરુષે જે ગાથા કહી છે તે સાચી છે. તેથી કોઈને પણ કહયા વિના પોતાના પુણ્યની પરીક્ષા નિમિત્તે પરદેશ જવા માટે નીકલ્યો. પોતાની પાસે એક વસ્ત્ર સિવાય બીજું કાંઇ પણ રાખ્યું નહિ. હવે તે જિનચંદ્રકુમાર ગામ-નગર-જંગલ અને વેરાન ભૂમિને વિષે ફરતો ફરતો સમુદ્રને કાંઠે આવીને બેઠો તેટલામાં ત્યાં કોઇક મુસાફર આવ્યો. તે મુસાફર સમુદ્રના કલ્લોલથી ઉછળતી શ્રેણીઓને જોઇને બોલ્યો. હે તરંગિણી નાથ ! સમુદ્ર ! તારામાં અમૃત ને રત્નો ભર્યા છે, તેમ છતાં પણ તું જગતના મનુષ્યોને અમર અને ધનવાન્ કેમ નથી કરતો ? અને પાછો કલ્લોલથી શ્રેણીઓવડે ઉછળતાં શરમાતો પણ નથી ? આવી

વાત સાંભળીને જિનચંદ્રકુમાર બોલ્યો કે હે મુસાફર પારકાને દોષ દેવો એ કાંઈ વચનનું ફલ નથી.

સમુદ્ર નિરંતર રત્નથી ભરેલો છે. તો પણ તે મર્યાદાવંત છે. જગતમાં ગંભીરપણાની ઉપમા તે સમુદ્રને જ દેવાય છે. ઇત્યાદિક ગુણ વર્ણવવા આવા પ્રકારના અર્થવાલી ગાથા સાંભળીને તેનો અધિષ્ઠાયક દેવતા હર્ષ પામીને પ્રત્યક્ષ થયો. અને તેણે કુમારને એક એક કરોડની કિંમતવાલા પાંચ રત્નો આપ્યા. ત્યાર પછી તે કુમાર કોઇકના વહાણમાં બેસીને તારા નામના દ્વીપમાં ગયો. ત્યાં તારાપુર નગરના ઉદ્યાનમાં દેવરમણ નામના યક્ષનું મંદિર છે. તે મંદિરમાં રહ્યો. એટલામાં ત્યાં ચાર કુમારીઓ રમવા માટે આવી. તેમાં એક ભુવનશેષ નામના રાજાની પુત્રી રૂપરેખા છે, બીજી ભુવનતિલક નામના મંત્રીની પુત્રી રૂપનિધિ છે. ત્રીજી ભુવનચંદ્ર શેઠની પુત્રી રૂપકલા છે. અને ચોથી ભુવનસુંદર સાર્થવાહની પુત્રી રૂપરતિ છે. આ ચારેને માંહો માંહે અત્યંત પ્રીતિ છે. એક વખત તે ચારે પુત્રીઓ રાત્રિમાં રાજમહેલમાં ભેગી થઈ. અને અંદરો અંદર વાત કરવા લાગી કે આપણને એક બીજાનો વિયોગ જીવન પર્યંત ન થાય તે માટે આપણા નગરની બહાર ઉદ્યાનમાં એક યક્ષ છે. તે યક્ષ પ્રભાવિક છે. માટે આપણે બધા તેની પૂજા કરી આરાધીને એક ભર્ત્તારની પ્રાર્થના કરીયે. આવો વિચાર કરીને તે ચારે બહેનપણીઓ તે મંદિરમાં આવી. એટલામાં તેઓએ ત્યાં કામદેવ જેવા કુમારને જોયો અને વિસ્મય પામીને વિકસ્વર નેત્રે કુમારને જોઈ રહી. કુમારને જોઈને મનમાં ધારીને તે યક્ષની પૂજા કરી. પછી મનથી તેજ વરની પ્રાર્થના કરીને પોતાના સ્થાનમાં આવી. કુમારે પણ તે ચારે કન્યાઓનાં રૂપ–સૌભાગ્ય અને ચાતુરાઇથી રંજિત થઈને ફલનો આહાર કરીને તે દિવસે ત્યાં જ રહ્યો ને રાત્રિએ પણ ત્યાં જ યક્ષના મંદિરમાં રહ્યો. તે રાત્રિએ તેણે તે પાંચ રત્નો વડે યક્ષની પૂજા કરી. અને પછી યક્ષની સ્તવના કરવા લાગ્યો.

तुट्ठेण जेण सिद्धी-रिद्धि-बुद्धि वियओ भुवणे
सो देवरमणो जक्खो पच्चक्खो देउ मह सुक्खं ॥

તુષ્ટ થયેલા જે દેવ સિદ્ધિ-રિદ્ધી અને બુદ્ધિ આપે છે તે દેવ-રમણુયક્ષ પ્રત્યક્ષ મને સુખ આપો. આવાં કુમારનાં વચન સાંભલીને યક્ષ ખુશ થયો. અને પ્રત્યક્ષ થઈને તે પાંચ રત્નો પાછાં આપ્યાં અને એમ કહ્યું કે હે કુમાર! તારી સ્તવના ને તારી રત્નની પૂજાને જોઇને મેં ચારે કન્યાઓ તને આપી. હજુ પણ તું કંઈક વરદાન માંગ. ત્યારે પ્રણામ કરીને કુમાર બોલ્યો કે મારે કામ પડે અને હું સંભારું ત્યારે આવીને મને સહાય કરજો. યક્ષે તે વાત સ્વીકારી અને કુમારને ઉપાડીને રાજમંદિરમાં મૂકયો. ત્યાં કુમારીઓ કુમારના વિયોગથી દુઃખી હતી. તેથી કુમારને જોઈને અત્યંત આનંદીત થઇ. ત્યારે તે સમયે પાણિગ્રહણ માટેના સર્વે સાધનો યક્ષે લાવી આપ્યાં. અને યક્ષના વચનથી તે ચારે સ્ત્રીઓનું પાણિગ્રહણ કર્યું. પછી યક્ષ પણ અદૃશ્ય થઇ ગયો. પછી સવાર થઇ ત્યારે કન્યાઓ અને કુમારના પરણવાના ચિન્હો દેખીને રાજા-અમાત્ય-શ્રેષ્ઠિ-સાર્થવાહ વગેરે સર્વે વિસ્મય પામ્યા. અને પોતપોતાની પુત્રીના મુખેથી વાતો સાંભળીને હર્ષ પામ્યાં. પછી કુમારને હાથી-ઘોડા-વગેરે આપીને સત્કાર કર્યો. કુમાર પણ ત્યાં કેટલોક સમય રહ્યો. તે ચારે સ્ત્રીઓને કુમારે એક એક રત્ન આપ્યું. તેઓએ પોત પોતાના હારમાં જડાવી લીધું. અને એક રત્ન કુમારે પોતાના હારમાં જડાવ્યું.

હવે કુમાર પોતાના ઘેર જવા તૈયાર થયો.

जणणीय जम्मभूमि, नियचरियं सज्जण दुज्जण विसेसो ।
मणइत्थं माणुसं-पंच विदेसे वि हियम्मि ॥

માતા-જન્મભૂમિ-પોતાનું ચરિત્ર-સજ્જન-દુર્જનનો અનુભવ-અને મનને વહાલું માણસ આ પાંચ વસ્તુઓ પરદેશમાં હોવા છતાં હૃદયમાં જ રહે છે.

પછી કુમાર રાજા વગેરેની રજા લઇને પોતાની સ્ત્રીઓ સહિત વહાણમાં બેસીને સમુદ્ર માર્ગે ચાલ્યો. અનુક્રમે દુર્દૈવના યોગથી સમુદ્રમાં વહાણ ભાંગી ગયું અને કુમાર સમુદ્રમાં પડયો. અને ચારે

સ્ત્રીઓ તેને વળગી પડી. એ સમયે કોઈક જલહસ્તિએ ચાર હાથણીયો સહિત ત્યાં આવીને સ્ત્રીઓ સહિત કુમારને સમુદ્રમાંથી લઇને પાંચે જણાને રત્નદ્વીપમાં મૂક્યાં. તે જોઇને કુમારને આશ્ચર્ય થયું અને પછી તે વનમાં ફરવા લાગ્યો ત્યાં કોઇક મુનિરાજ ધ્યાનમાં હતા. તેને દેખીને કુમારને અત્યંત આનંદ થયો.

તે વખતે કુમારે સાધુને પ્રણામ કરીને પૂછ્યું કે હે ભગવન્! જલહસ્તિએ મારા ઉપર આ ઉપકાર કેમ કર્યો? ત્યારે મુનિરાજ બોલ્યા કે હે કુમાર! તું પૂર્વભવમાં આજ દ્વીપમાં ભીલ હતો ત્યાં અમારા વચને પ્રતિબોધ પામ્યો ને દયામય ધર્મ સમજ્યો. પછી કોઈક વનમાં ચાર મૃગલીઓ સહિત એક મૃગલો મલી એમ પાંચ જીવો ઉનાળાના સખત તાપમાં મૂર્છા પામ્યા હતાં. તેને પાણી વગેરે છાંટીને ઠંડા કર્યા ને પછી નવકાર મંત્ર સંભળાવ્યો. ત્યારે તે જીવો થોડાક સ્વસ્થ થયા, તો પણ પાણીની તરસ વડે મૃત્યુ પામ્યા. તેમાંથી હરણ મરીને જલહસ્તિ તરીકે ઉત્પન્ન થયો. અને ચાર હરિણીયો હાથણીપણે ઉત્પન્ન થઈ. તેં પૂર્વભવમાં તેઓ પર જે ઉપકાર કર્યો હતો, તે જોઇને તેઓએ તારા પર આ ઉપકાર કર્યો. આવું મુનિનું વચન સાંભળીને જલહસ્તિના ઉપકારને સંભારતો મુનિને નમસ્કાર કરીને રત્નદ્વીપમાં ગયો. ત્યાં કિંમતી મહારત્નો જોઇને પાંચ હજાર રત્ન ભેગા કર્યા. એવામાં કોઇક વાણિયાના વહાણો પાણીને લેવા માટે ત્યાં આવ્યા, તેને ભાડું આપીને ચારે સ્ત્રીઓ સહિત પોતે વહાણમાં બેઠો.

હવે તે વણિકે રત્નો તથા સ્ત્રીઓથી લલચાઈને કુમારને રાત્રિના સમયે દરિયામાં નાંખી દીધો...સવાર પડે સ્ત્રીઓએ પોતાના પતિને જોયો નહિ, ત્યારે કિંમતી રત્નવાલા પોતાના હારો સંતાડીને દુઃખને ધારણ કરવા લાગી. તે વખતે તે વણિકે તેની સ્ત્રીઓ પાસે ભોગની પ્રાર્થના કરી. તે ચારે સ્ત્રીઓ પતિવ્રતા હોવાથી એ વણિકને ઘાસના તણખલાની જેમ ગણતી હતી. તેથી તે વાણિયો ક્રોધાતુર થયો અને પોતાને રહેવાનું નગર જે ચંદ્રપુર હતું ત્યાં આવીને તે નગરીના

ચંદ્રાદિત્ય રાજાને તે ચારે સ્ત્રીઓ ભેટ કરી. રાજાએ પણ શેઠને સરલ ચિત્તવાળો જાણીને તેનો સત્કાર કર્યો. પછી શેઠ પોતાના ઘેર ગયો. આ બાજુ તે રાજાને સુબુદ્ધિ નામે પ્રધાન છે. તે પ્રધાન બોલ્યો કે હે રાજન્! આ સ્ત્રીઓ મર્યાદાવંત હોવાથી કોઈક પુણ્યવંત પુરુષની સ્ત્રીઓ હશે? એવું સંભવે છે. પરંતુ તેના રૂપ અને સૌભાગ્યથી મોહ પામેલા રાજાએ તેઓને અંતઃપુરના એક ભાગમાં રહેવા માટે જગ્યા આપી. અને પછી તેઓની પરીક્ષા કરવા માટે રાતના ગુપ્તપણે તેમની પાસે આવ્યો.

આ બાજુ જિનચંદ્ર સમુદ્રમાં પડયો હતો. તેને પાટીયું હાથમાં આવ્યું. તે પાટીયાના આધારે સમુદ્રના કલ્લોલો વડે ત્રણ દિવસે સમુદ્રના કાંઠે આવ્યો. અને ત્યાં પાસેના વનમાં ગયો. ત્યાં ધ્યાનમાં રહેલા યોગીને જોયો. થોડીક વાર પછી યોગી બોલ્યો કે હે કુમાર મારા મોટા ભાગ્યે તું અહિં આવ્યો છે. હું વિદ્યા સાધુ છું. તેમાં મને સહાય કર. તે સાંભળીને કુમારે વિચાર કર્યો કે કરોડો ઉપાયો કરવા છતાં પણ તુટેલી આયુષ્યની દોરી સંધાતી નથી. તો પછી આ પ્રાણો વડે ઉપકાર કરીયે તો કેમ?

कृतभूरिपरित्राणाः प्राणा यांति नृणां स्वयं;
तैश्चेत्परोपकारः स्यात् सुंदरं किमतः परं ।।

કરેલાં છે રક્ષણના ઘણા ઉપાયો તેવા પ્રાણો સ્વાભાવિક રીતે જાય છે. તે જ પ્રાણો વડે જે પરોપકાર થાય તો તેનાથી બીજું સારું શું હોઈ શકે? તેથી યોગીનું વચન માન્યું અને રાત્રિને વિષે યોગીને સહાય કરી. સવાર થતામાં યોગીને તે વિદ્યા સિદ્ધ થઈ. ત્યારે તે કુમારને ઉપકારક જાણીને રૂપ પરાવર્તનની ગુટિકા અને અદૃશ્ય કરણના અંજનની બે ગોળી આપી. તે લઈને કુમાર પોતાની સ્ત્રીઓના વિયોગથી દુઃખી થયેલો સ્ત્રીઓની ખબરને નહિં જાણતો યક્ષને સંભારતો યક્ષની સ્તવના કરવા લાગ્યો. એ રીતે તે યક્ષને સંભારતા યક્ષ પ્રત્યક્ષ થઈને બોલ્યો કે હે કુમાર મને કેમ સંભાળ્યો? ત્યારે

કુમારે કહ્યું કે મારી સ્ત્રીઓની ખબર કહો. ત્યારે યક્ષ બોલ્યો કે ચંદ્રપુર નગરને વિષે ચંદ્રાદિત્ય રાજાના અંતઃપુરમાં નિર્મલ શીયળવાળી ચારે સ્ત્રીઓ રહેલી છે. ત્યારે કુમારે કહ્યું કે મને પણ ત્યાં મૂકો. તે સાંભળીને કુમારને ત્યાંથી ઉપાડીને ચંદ્રપુર નગરની બહાર મૂક્યો. અને એક ચિંતામણિ રત્ન આપીને યક્ષ અદૃશ્ય થયો. કુમાર પણ અદૃશ્ય કરણની ગુટિકાના પ્રભાવથી અદૃશ્ય થઈ રાત્રે રાજા પાસે ગયો.

ચારે સ્ત્રીઓ પરસ્પર વાતો કરે છે. તે સાંભળીને રાજા વિચારવા લાગ્યો કે મારા મંત્રીશ્વરે જે વાત કરી હતી, તે યુક્ત જ છે. જેથી ચારે સ્ત્રીઓ કુલાંગનાઓ લાગે છે. પછી રાજા પોતાના મહેલમાં આવીને બેઠો. અને કુમાર પણ આ વચનોથી આનંદ પામેલો કૌતુકની ઈચ્છાથી વનમાં પાછો આવ્યો.

હવે પ્રભાતે રાજાએ ચારે સ્ત્રીઓને સભામાં તેડાવીને પૂછ્યું તો પણ બોલી નહિં. ત્યારે તે વહાણના વાણીયાને બોલાવીને પૂછ્યું કે આ સ્ત્રીઓ તારી પાસે ક્યાંથી આવી ? ત્યારે તે બોલ્યો કે હું દેશાંતરથી પૈસા ખરચીને આપને ભેટ આપવા માટે લાવ્યો. તે વાત સાંભળીને મંત્રીશ્વર બોલ્યો કે આ વાત અસંભવિત છે. એ સમયે ગુટિકાના પ્રયોગ વડે કુમાર રૂપ પરાવર્તન કરીને ત્યાં સભામાં આવ્યો અને ત્યાં એક શ્લોક કહ્યો.

लात्वा पंच सहस्राणि, रत्नानां वारिधौ पतिः ।
येनासां लोभतः क्षिप्तः, स सर्वं कथयिष्यति ॥

આ સ્ત્રીઓના પતિને જેણે પાંચ હજાર રત્નો લઇને લોભથી સમુદ્રમાં નાંખ્યો. તે સર્વવાતને કહેશે. આ વાત સાંભળી રાજા વગેરે સવે વિસ્મય પામ્યા. ત્યારે સ્ત્રીઓએ પતિને જાણ્યો. પરંતુ રુપ પરાવર્તન કરેલું દેખીને વિસ્મય પામેલી બોલી નહિં. તે વખતે કોઇ સત્ય વાત સમજ્યાં નહિ અને વાણીયો નીચું મુખ રાખીને રહ્યો. તે વખતે ઇંગિત આકારનો જાણકાર રાજા બોલ્યો કે અહિંયા કોઈ પણ પરમાર્થને કહો. ત્યારે મંત્રી બોલ્યો કે આ શ્લોકને કહેનારોજ પર-

માર્ગને કહેશે. તે સાંભળીને રાજાએ આગ્રહ કરીને પૂછયું ત્યારે કુમારે પોતે પ્રથમ વણિકને અભયદાન અપાવીને સર્વ વાત કહી. રાજાએ કુમારને વાણીયા પાસેથી પાંચ હજાર રત્નો અપાવીને વાણીયાને પોતાના દેશમાંથી દેશનિકાલ કર્યો અને રાજાએ કુમારે પેલી ચારે સ્ત્રીઓ આપવા માંડી પણ તેઓ કુમારનું રુપપરાવર્તન હોવાથી ઇચ્છતી નથી. ત્યારે કુમારે સ્ત્રીઓના મનમાં ખેદ ઉત્પન્ન થતો દેખીને પોતાનું મૂલ રૂપ કર્યું. તે રૂપ જોઇને સ્ત્રીઓ ઘણા હર્ષને પામી. હવે રાજા પણ તે કુમારના ગુણોથી પ્રસન્ન થયેલો કુમારને પોતાની પાસેજ રાખે છે. કેટલાક સમય પછી પોતાને થયેલો માતા–પિતાનો વિયોગ યાદ આવતા રાજાની રજા માંગીને પોતાની ચારે સ્ત્રીઓ સહિત ઘણા પરિવાર સાથે ચિંતામણિ રત્નથી સર્વ કાર્યોને સાધતો કુમાર પોતાના નગરમાં પહોંચ્યો. આ જોઇ માતા–પિતાને હર્ષ થયો અને પોતાનો વિયોગ દૂર થયો.

હવે એક દિવસે તેજ પેલા ભુવનભાનુ નામના ચાર જ્ઞાનના સ્વામી એવા સાધુ ભગવંત ત્યાં પધાર્યા. તેમને વંદન કરવા માટે સર્વ લોકો નીકળ્યા. જિનચંદ્રકુમાર પણ પોતાના પિતા તથા સ્ત્રીઓ સહિત વાંદવા ગયો. મુનિરાજે ધર્મદેશના આપવાની શરૂઆત કરી.

**असंखयं जीवयमाह लोए, जरोवणीयस्स हु नत्थि ताणं**
**एवं वियाणाहि जिणे पमत्तो, किन्नंवि हिंसा अजया गहंति ॥**

આવી દેશના સાંભળી કેટલાકે સવવિરતિ અંગીકાર કરી. કેટલાકે દેશવિરતિપણું અંગીકાર કર્યું. અને જિનચંદ્ર તો સર્વવિરતિપણું અંગીકાર કરવા માટે અસમર્થ હોવાથી સમકિત સહિત મૂલ બાર વ્રતો અંગીકાર કરીને ઘેર આવ્યો અનુક્રમે ઘરનો ભાર તેના પિતાએ જિનચંદ્રના માથા પર સ્થાપન કર્યો. હવે જિનચંદ્રકુમાર ચિંતામણિ રત્નના પ્રભાવે તથા રાજાના બળવડે સર્વ જીવોને અભયદાન દેવરાવતો–પૃથ્વીને જિનમંદિરથી શોભિત કરતો–વિધિપૂર્વક સુપાત્રમાં દાન દેતો–સર્વ સ્થાને ઉપકાર કરતો. દેવ–ગુરુ ને સાધર્મિકની ભક્તિ કરતો. મિથ્યાદષ્ટિથી

નહિં બીતો, ગૃહસ્થ ધર્મને ઉચિત સર્વ પ્રવૃત્તિ કરતો. અંત સમયે દશ પ્રકારની આરાધના કરી–સાતક્ષેત્રે ધન વાપરી–ઘરમાંજ અણુસણ કરી સમાધિ સહિત કાલ કરી બારમા દેવલોકના ઇન્દ્રનો સામાનિક દેવતા બાવીશ સાગરોપમના આયુષ્યવાળો થયો. ત્યાંથી ચ્યવી અનુક્રમે મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય જન્મ પામીને મોક્ષે જશે. શ્રી ગૌતમકુલકની પ્રથમ ગાથાના નવ દ્રષ્ટાંતો પૂર્ણ થયા. હવે બીજી ગાથાના પ્રથમપદનો સંબંધ કહે છે. પ્રથમ ગાથામાં છેડે બાલપંડિત એટલે મિશ્રજીવ વર્ણવ્યા તેથી હવે બીજી ગાથામાં એકલા પંડિત જીવો વર્ણવે છે.

**ते पंडिया जे विरया विरोहे, ते साहुणो जे समयं चरन्ति**
**ते सत्तिणो जे न चलंति धम्मं ते बांधवा जे वसणे हवंति ॥२॥**

તેને જ પંડિત કહેવાય છે કે જે ક્રોધથી વિરામ પામેલ છે. તે સાધુ છે કે જે સમતાને આચરે છે. તે સત્ત્વશાળી છે કે જે ધર્મથી ચલાયમાન થતાં નથી અને તેજ બાંધવો છે કે જે સંકટમાં પણ ઊભા રહે છે. (દૂર જતાં રહેતા નથી)

## પંડિત આ પદપર દ્રાવિડ ને વારિખિલ્લનું દષ્ટાંત.

પ્રથમ તીર્થંકર પ્રભુ ઋષભદેવ પ્રભુનો દ્રવિડનામે પુત્ર હતો. જેના નામથી જગતમાં દ્રાવિડ નામે દેશ પ્રસિદ્ધ થયો. તે દ્રવિડ રાજાને બે પુત્ર થયા. તેમાં એકનું નામ દ્રાવિડ હતું અને બીજાનું નામ વારિખલ્લ હતું. એક દિવસ દ્રવિડ રાજાએ દ્રાવિડને મિથિલાનું રાજ્ય આપ્યું અને વારિખિલ્લ રાજાને લાખ ગામ આપીને પોતે પ્રભુ પાસે ચારિત્ર અંગીકાર કર્યું.

એક દિવસ દ્રાવિડે વારિખિલ્લનું રાજ્ય ચઢતું ચઢતું જોયું. તેથી તેની ચઢિયાતી દેખી ખમી શકયો નહિ. તેથી વારિખિલ્લ ઉપર દ્વેષ કરવા લાગ્યો. તે વાત વારિખિલ્લે પણ જાણી ત્યારે તેણે પણ દ્રાવિડનું રાજ્ય લેવાનો ઉપાય કરવા લાગ્યો. એ રીતે બન્ને ભાઈઓ પરસ્પર વૈરને ધારણ કરતાં હતા. પણ મુખથી મીઠું બોલતાં હતાં.

હૃદયમાં દુષ્ટ આશયવાળા વિષમિશ્રિત-દુધના કુંભ જેવા દેખાય છે. ધિક્કાર હો લોભને. કારણ કે લોભથી જ પુરુષની બુદ્ધિ મલિન થાય છે.

पितरं मातरं बंधुं-मित्रं भार्यां सुतं गुरुम् ।
लोभाभिभूतो भूतार्थं-त्यक्त्वावज्ञायते क्षणात् ॥

આ રીતે દુર્જનની શિખામણથી એક બીજા પર કપટને કરતાં એક બીજા પર વિશ્વાસ કરતાં નથી. એટલામાં એક દિવસે દ્રાવિડે પોતાના નગરમાં આવવા માટે વારિખિલ્લને રોકયો. ત્યારે તેને કષાય થયો. તેથી તેણે યુદ્ધ કરવા માટે પોતાનું સૈન્ય તૈયાર કર્યું. ત્યારે દ્રાવિડે પણ તે સમાચાર સાંભળીને યુદ્ધની તૈયારી માટે ભંભા વગડાવી. પોતાનું સર્વ સૈન્ય ભેગું-પૃથ્વીને સાંકડી કરતો. આકાશને રજથી ઢાંકતો સતત પ્રયાણ કરી વારિખિલ્લના દેશના સીમાડે આવી ગયો.

હવે તે બન્ને ભાઈઓ પાંચ યોજનનું રણક્ષેત્ર છોડીને પોતાના લશ્કરનો પડાવ નાંખ્યો. લશ્કરના પ્રધાન પુરૂષોએ પોતાના સ્વામીને પૂછયા સિવાય સંધિ કરવાને માટે માંહા માંહે દૂતને મોકલીને સામ-દામ અને ભેદ આ રીતિથી સમજાવ્યા. પણ તે સમજ્યા નહિં. છેવટે ફક્ત બન્ને જણાએ જ યુદ્ધ કરવું તેવું અંગીકાર કરાવ્યું. આ બાજુ વારિખિલ્લએ દ્રાવિડના અમૂક સૈન્યને દ્રવ્ય વગેરેથી લોભાવીને પોતાનામાં લઇ લીધું.

બન્ને ભાઇઓના સૈન્યમાં દશ લાખહાથી-દશલાખ રથ-પચાસ લાખ ઘોડા અને દશક્રોડ પાયદલ સૈન્ય હતું. હવે યુદ્ધનો દિવસ આવે છતે વીરરસથી ઉલ્લાસ પામતાં પોતાના સ્વામીના ઉત્સાહને વધારતાં પોતાની ભુજા બલથી જગતને તૃણસમાન માનતા શસ્ત્રો લઇને-બખ્તર-ને પહેરીને રણભૂમિમાં આવ્યા. ત્યાર પછી કરોડો મનુષ્યોનો ક્ષય કરનાર યુદ્ધ પ્રવર્તવવા લાગ્યું, હાથી હાથી સાથે, ઘોડા ઘોડા સાથે રથ રથ સાથે, પાયદલ પાયદલ સાથે લાગી ગયા ત્યારે હાથી અને પાયદલનો નાશ થાય છે, લોહીની નદીઓ વહે છે. ગીધ કાગડા ને શિયાળને ભોજન મલે છે. મહાભયંકર અને બીભત્સ-રસવાળું વાતાવરણ થાય છે.

તેવો સંગ્રામ કરતાં કરતાં સાત મહિનાનો સમય વીતી ગયો, તે યુદ્ધના સાત મહિનામાં દશક્રોડ મનુષ્યનો ક્ષય થયો. એટલામાં યુદ્ધને રોકનાર એવા વર્ષાકાળ (ચોમાસુ) આવ્યો ને મૂશળધારાએ વરસાદ પડવા લાગ્યો, પૃથ્વી પાણીથી ભરાઈ ગઈ, મુસાફરોના માર્ગો બંધ થઈ ગયા, ત્યારે બન્ને લશ્કરો યુદ્ધ કરતાં રોકાયા. ઉંચી જગ્યાઓ જોઇને સહુએ સહુના તંબૂ બાંધી લીધા, ત્યાર પછી અનુક્રમે ચોમાસું પૂર્ણ થયું. શરદઋતુ આવી, પાણી ઓછા થયા, કચરા સૂકાયા. વાદળાંઓ દૂર થયા. દિશાઓ ચોખ્ખી થઈ. સરોવરને વિષે ખીલેલા કમળો શોભવા લાગ્યા, સર્વ ધાન્યો પાકી ગયા. આવી બધી શોભા વૃદ્ધિ પામી ત્યારે દ્રાવિડ રાજા પરિવાર સહિત વનની શોભા જોવા નીકળ્યો, તે રાજાને વિમલ બુદ્ધિ નામનો એક પ્રધાન હતો. તે કહે છે કે મહારાજ ! અહિં તાપસનો આશ્રમ છે. ચાલો ત્યાં જોવા જઈયે. ત્યારે પ્રધાનની પ્રેરણાથી રાજા તાપસનો આશ્રમ જોવા ગયો. ત્યાં જેના મસ્તક ઉપર વાળની જટારૂપી મુગટ શોભે છે. વલ્કલના વસ્ત્ર પહેર્યાં છે. અને હાથમાં જપમાલા લટકી રહી છે. પર્યંકાસને બેઠા છે એવા સુવલ્ગુ નામના અત્યંત વૃદ્ધ કુલપતિ છે. તે ઘણાં તાપસે પરિવરેલો છે. જાણે સાક્ષાત્ શાંતરસની મૂર્તિ-જ ન હોય. તેવા તેને દેખીને રાજાએ ભક્તિપૂર્વક નમસ્કાર કર્યો. મુનિએ પણ ધ્યાન મૂકીને આશીર્વાદ આપ્યો.

હવે રાજા તેના વચનો સાંભળવા ઇચ્છે છે. ત્યારે તાપસે પણ ધર્મદેશના આપવા માંડી. હે રાજન્ ! આ સંસાર સમુદ્ર અનંતા દુઃખ-રૂપ પાણીથી ભરેલો છે. તે સમુદ્ર–કામ–ક્રોધાદિક–માછલાં–કાચબા–મગરમચ્છ વગેરે જલજંતુઓ વડે વ્યાપ્ત છે. રતિ અને અરતિએ કરી અતિભયંકર છે. તે સમુદ્ર લોભરૂપી વડવાનલ વડે (અગ્નિથી) બધા જગત્નો સંહાર કરે છે. વિષયરૂપ રતિએ ભયંકર છે. તેમાં વિષયોરૂપી ભમરીઓ (આવર્તો) છે. તેમાંથી સુર–અસુર અને રાજાઓ પણ નીકળી શકતાં નથી. સુખ તે રાક્ષસની પેઠે દુઃખદાયી છે. સુખ ભોગવવાનો કાલ અલ્પ હોય છે. નરકાદિનાં વિપાકો અનંતા છે. તે માટે ધિક્કાર

હો ભોગતૃષ્ણાને. જેના માટે જીવ મહાહિંસા વગેરે પાપો કરતાં મહાદુ:ખને અનુભવે છે. રાજ્ય તો અંતે નરક દેનારું છે. શરીર અનિત્ય છે. સંપદાઓ સમુદ્રના કલ્લોલોની પેઠે ચપલ છે. અને જીવિતવ્ય (જીવન) તો પાણીના પરપોટાની જેમ ક્ષણભંગુર છે. તે માટે હે રાજન્ ! તમને પણ નરક વગેરેના દુ:ખરૂપ ને અનર્થના કારણરૂપ–એવા રાજ્યના લોભે ભાઈની સાથે યુદ્ધ કરવું યોગ્ય નથી. પૃથ્વીના એક નાના ટૂકડા માટે પણ જે મૂર્ખ માણસ બંધુનો વિનાશ કરે છે, તે બન્ને ભવનો નાશ કરે છે. તેથી તમે આ યુદ્ધથી પાછા ફરો. લોકોનો નાશ કરતા પૃથ્વી માટે શું લડો છો ? તમે શ્રી યુગા. દિદેવના પૌત્ર છો. તેમણે તો પૃથ્વીનું રક્ષણ કર્યું હતું. ત્યારે તમે તો પૃથ્વીનો ક્ષય કરવા બેઠા છો. માટે તમને આ કુટુંબકલહ ઘટતો નથી.

આવા કુલપતિનાં વચનો સાંભળીને રાજા બોલ્યો કે હે સ્વામિ ! ઋષભદેવ પરમાત્માના ભરત અને બાહુબલિ વગેરે પુત્રો હતા. તેઓ પણ કારણ વશે લડયા હતા. તેમને પંથે ચાલતાં અમને શો દોષ છે ? તે સાંભળીને તાપસ બોલ્યા કે તેની વાત જુદી જ છે. કારણકે ભરત રાજાએ આગળના ભવોમાં પાંચસો સાધુઓને આહાર પાણી લાવી આપ્યો હતો. જેથી તેણે ચક્રવર્તિપણું મેળવ્યું હતું. તથા બાહુબલે વૈયાવચ્ચ કરતાં બાહુનું બળ મેળવ્યું હતું. માટે તેનું ફળ તેઓ પામ્યા હતા. અને ભરતને તો ચક્રરત્ન આયુધશાળામાં પેસતું નહોતું તેથી યુદ્ધ કરવું પડ્યું. છેવટે તો તે ઉત્તમ પુરુષ હતા તેથી તેઓએ સૈનિકો દ્વારા થતું યુદ્ધ છોડીને બે જણા સામ સામે લડયા. વળી ભરત તથા બાહુબલિએ પોતાનો આત્મા તાર્યો. તેમ તારવા કોણ સમર્થ છે ? તેથી પુરુષોમાં સિંહ સમાન તેઓની સ્પર્ધા કરવી તમને બરોબર નથી.

આવા કુળપતિના વચનો સાંભળીને રાજા શરમાયો અને ઘણો પશ્ચાત્તાપ કરતો તાપસને કહેવા લાગ્યો કે હે મુનિ ! મેં તો અજ્ઞાને કરી મહાપુરુષોની સ્પર્ધા કરી પણ કાચ હોય તે મણિની તોલે ક્યાંથી

આવે? માટે હે મુનિ! તમે મને નરકરૂપ કૂવામાંથી ઉદ્ધર્યો. મારી વિવેકદૃષ્ટિ ઉઘાડી એમ વિચારીને મોટો ભાઈ પોતે એકલો જ પાદચારી થઈને નાના ભાઈને ખમાવવા માટે સામે ચાલ્યો. ત્યારે વારિખિલ્લે જાણ્યું કે મોટા ભાઈ સામા ચાલીને આવે છે આ અઘટતું થાય છે. માટે વારિખિલ્લએ સામા આવીને કહ્યું કે તમે મારા મોટા ભાઈ છો. પિતાના ઠેકાણે છો. તમારે સામે ચાલીને આવવું પડ્યું તે મારો વિનય ખમજો, હવે મારે આ રાજ્યનો ખપ નથી. ત્યારે મોટા ભાઈ દ્રાવિડ પણ એવી જ ગદ્‌ગદ વાણીથી બોલ્યો કે હે ભાઈ! મારે પણ રાજ્યનું પ્રયોજન નથી. હું નરકરૂપી કૂવામાં પડતો હતો પણ કુલપતિએ મને ઉગાર્યો. હવે તો હું એમ ચોક્કસ માનું છું કે રાજ્ય એ કેવલ નરકનું કારણ છે.

રાજેશ્વરી તે નરકેશ્વરી. સંસારમાં ધર્મ વિના બીજું કોઈ શરણ નથી. તે માટે હવે હું પણ વ્રતનું રાજ્ય લઈશ. હમણાં નિશ્ચયે તમને ખમાવવા માટે આવ્યો છું. આવી વાત સાંભળીને વારિખિલ્લ બોલ્યો કે હે મોટાભાઈ! તમે લેશો તો સંયમમાં પણ હું તમને મારા સ્વામી કરીશ. એટલે હું પણ દીક્ષા લઈ તમને ગુરુ બનાવીશ. આ રીતે બન્ને ભાઈઓએ વ્રત લેવાનો નિર્ણય કર્યો. પછી પોતાના રાજ્યમાં પોતાના પુત્રોને સ્થાપન કરીને પોતાના મંત્રીઓ સહિત દશક્રોડ પુરુષોની સાથે સુવલ્ગુ નામના તાપસની પાસે આવીને તાપસી દીક્ષા લીધી. તે સર્વ તાપસો જટાને ધારણ કરનારા–કંદમૂલને ખાનારા–ગંગાની માટીને શરીર પર લગાડનારાં–અલ્પ કષાયવાળા–અલ્પભોજન કરવાવાળા–અલ્પ નિદ્રાવાળા, કરુણા છે મનમાં જેઓને એવા રાત–દિવસ શ્રી આદીશ્વર ભગવાનનું સ્મરણ કરતાં માળા ફેરવે છે. માંહો માંહે ધર્મકથા કરતાં લાખો વર્ષ ત્યાંજ રહે છે. એક દિવસ નમિ અને વિનમિ વિદ્યાધર રાજર્ષિના બે વિદ્યાધર મુનિરાજ શિષ્યો આકાશમાર્ગે વિચરતાં ત્યાં આવ્યા. ત્યારે તેમને સર્વ તાપસોએ પ્રણામ કરીને પૂછ્યું કે આપ ક્યાંથી આવ્યા છો? અને ક્યાં જશો? ત્યારે ધર્મલાભનો

આશિષ દઈને બન્ને મુનિઓ એમ બોલ્યા કે અમે અહિંથી શ્રી સિદ્ધાચલ જઈશું. આ તીર્થ સંસાર સમુદ્રમાં પ્રવહણ-વહાણ સરખું છે. અનંત પુણ્યનો આધાર એવો આ ગિરિ શાશ્વતો છે. આની ઉપર અનંતા જીવો સિદ્ધિ વર્યા છે. અને અહિં અનંતા જીવો સિદ્ધિ વરશે. વળી ઋષિહત્યાદિક જે મોટા પાપો લાગ્યા હોય તે પણ આ ગિરિરાજનું સેવન કરવાથી ક્ષણમાં નાશ પામે છે. આ તીર્થનો આશ્રય કરતાં અનંતા ભવોમાં થયેલાં કુકર્મરૂપી શત્રુઓ પરાભવ કરી શકતાં નથી. આ રીતે હજારો વર્ષ સુધી એ ગિરિનો મહિમા કહેતાં પાર આવતો નથી. આવો ગિરિરાજનો મહિમા સાંભળીને સર્વ તાપસો તીર્થયાત્રાને વિષે ઉત્સુક થઈ તે બન્ને મુનિઓ સાથે પાદ વિહાર કરતાં શ્રી શત્રુંજયનું એકાગ્રમને ધ્યાન કરતાં વચમાં રોકાણ કર્યા વગર જાય છે. ત્યારે શ્રી સિદ્ધાચલજીની નજીક એક સરોવર છે. તેમાં ઘણાં હંસો બેઠેલા છે. તેમાંથી એક હંસ અત્યંત શિથિલ અંગવાળો ભૂમિ પર આળોટે છે. તેની મરણ અવસ્થા નજીક જાણીને એક મુનિવરે પોતાના પાત્રામાંથી પાણી પીવરાવીને જરાક સ્વસ્થ કર્યો. પછી કરુણા બુદ્ધિથી નવકાર મંત્ર સંભળાવ્યો, ચાર શરણાં અંગીકાર કારાવ્યા, અને પછી કહ્યું કે હે હંસ ! તું શ્રી શત્રુંજયતીર્થને મનમાં ધારીને શ્રી યુગાદી· શને યાદ કર. જેથી તારા બધા પાપો જતાં રહે. તે સાંભળીને હંસના જીવને શુભ ભાવના પ્રગટી. અને સમાધિ વડે કાલ કરીને મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં દેવતા થયો.

હવે આ બાજુ તે સર્વ તાપસોએ વિદ્યાધરના મુખેથી ધર્મોપદેશ સાંભળી-મિથ્યા ક્રિયા છોડી. લોચ કરી-પંચમહાવ્રતરૂપ સાધુધર્મ અંગી· કાર કર્યો. શ્રી સિદ્ધાચલ દેખીને તેમને ઘણો જ હર્ષ ઉત્પન્ન થયો. તે વખતે પોતાના આત્માને ધન્ય માનતાં તે પર્વત ઉપર ચઢવા લાગ્યા. ત્યાં ઉપર ચઢીને રાયણ વૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દઈ પરમેશ્વર પ્રભુને નમી. સર્વ ચૈત્યોમાં પ્રભુને નમસ્કાર કરીને હર્ષથી અણસણ સ્વીકાર્યું. શ્રી સિદ્ધાચલજીના ધ્યાને એક મહિનાના અનશનને પાળી

ઘાતિકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી શૈલેશી કરણ કરી દશક્રોડી મુનિસાથે કાર્તિક પૂર્ણિમાના દિવસે દ્રાવિડ અને વારિખિલ્લ મુનિ શ્રી સિદ્ધાચલજી ઉપર સિદ્ધિ પદને પામ્યા. તે હંસનો જીવ જે સૌધર્મ દેવલોકમાં દેવ થયો હતો તેણે આવીને તે સર્વેનો નિર્વાણ મહોત્સવ કર્યો. પછી દેવતા પોતાનું સ્વરૂપ બતાવી તીર્થનો મહિમા વધારીને દેવલોકમાં ગયો. અહિં બે ભાઈને અંતર હતું તે ટાલ્યું. માટે તેઓને પંડિત કહીયે.

# મહેન્દ્રરાજા-તથા—તેના પરિવારની કથા

હવે પંડિત કોણ હોય? જે સાધુ હોય તે. તેથી તેને જણાવનારું પદ કહે છે. ते साहुणो जे समयं चरंति समय નો અર્થ સિદ્ધાંત કહેલો છે. તેથી તેની રીતે ચાલે અથવા સમય શબ્દનો અર્થ પ્રાકૃત ભાષામાં સમતા કરીયે. તેથી સમતાના આચરણ વાલાને સાધુ કહીયે.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રને વિષે અયોધ્યા નામની નગરી છે. ત્યાં ઈક્ષ્વાકુ કુલમાં અલંકારભૂત સુરપતિ નામે રાજા રાજ્ય કરે છે. તે રાજાને સુંદરી નામે સ્ત્રી છે. અને મહેન્દ્રનામે પુત્ર છે. તે કુમારને ગુણસાગર મંત્રિનો પુત્ર જે નામથી ગુણસુંદર છે તેની સાથે ગાઢ મિત્રતા છે. એક વખત તે મિત્ર ગુણસુંદરને કહે છે કે હે મિત્ર! અનેક આશ્ચર્યોથી શોભતી જે પૃથ્વી તેને જોવાનું મારું મન છે.

दिसइ विविह चरित्तं, जाणिज्जइ सयण–दुज्जण विसेसो;
अप्पाणं च कलिज्जइ, हिंडिज्जइ तेण पुहवीओ ॥

જે પૃથ્વીમાં ફરે છે. તે વિવિધ પ્રકારના ચરિત્રોને દેખે છે. સજ્જન અને દુર્જનનો તફાવત જાણવા મલે છે. આપણું કોણ અને પારકું કોણ? તેની ખબર પડે છે. આવું સાંભળીને મંત્રીપુત્ર બોલ્યો કે હે મિત્ર! તેં યોગ્ય વાત કહી છે.

वत्थुविवेसनिरिक्खण, वियक्खणो होइ सो नरो नूणं ।
आहिंडिऊण दिट्ठा, बहुरयणा जेणिमा पुहवी ॥

આવા મંત્રી પુત્રનાં વચન સાંભળીને કુમાર તત્પર થયો. તે વખતે રાજપુત્ર મંત્રીપુત્ર સાથે માતા પિતાને કહ્યા વગર રાત્રિને વિષે પૃથ્વીને જોવા માટે નીકળી પડયો. તે રાજપુત્ર-ગામ-નગર-પુર-વનવાડી બગીચા-પર્વત વગેરે જોતાં જોતાં અવંતિ નગરીની નજીક આવ્યા એટલે સૂર્ય અસ્ત થયો. તે દેખીને રાજપુત્ર બોલ્યો કે—

उदयं भुवणक्कमणं, अत्थमणं चेव एगदिवसंमि;
सूरस्स वि तिन्नि दसा, का गणणा इयर लोगस्स ॥

ત્યાર પછી પૂર્વ દિશામાં ચંદ્રમાનો ઉદય થયો તે દેખીને મંત્રી પુત્ર બોલ્યો,

चंदस्स खओ न हु तारयाणं, रिद्धी वि तस्स नहु तारयाणं
गुरुआण चडणपडणं, का गणणा निच्चपडियाणं ॥

ઈત્યાદિ અનેક રીતે અન્યોક્તિ-યુક્તિ-વિનોદ કરતાં રાત્રિના સમયે પાસે કોઈક દેવનું મંદિર છે. ત્યાં ગયા. તે સમયે ત્યાં કોઇક સ્ત્રી યોગીનું રુપ ધારી સૌભાગ્યવતી થઇને ત્યાં આવી. તેને જોઇને મર્યાદાના મોટા સમુદ્ર જેવા કુમાર કંઇક નીચું મુખ કરીને બેઠો. તે જોઇને તેને સ્ત્રી કહેવા લાગી.

जाय इह पुरिसदोषं, देसं दहुण हियइ पुरिसाणं;
सा जयति रयणमाला, वरमाला ठव तुह कंठे ॥

પુરુષના દોષને દેખીને જે સ્ત્રી પુરુષ ઉપર દ્વેષિણી થઈ એવી રત્નમાલા તે તારા ગળામાં વરમાલા નાંખો. આ સાંભળીને ગુણસુંદર નામે પ્રધાનપુત્ર પ્રણામ કરી બોલ્યો. હે ભગવતિ! તે રત્નમાલા કયાં છે? તે કોની પુત્રી છે? અને પુરૂષ ઉપર દ્વેષિણી થઇ તેનું શું કારણ? એમ પૂછયું ત્યારે યોગિણી બોલી. સમુદ્રના મધ્યભાગમાં સાતસેં યોજન પ્રમાણ સિંહલદ્વીપ છે. જે દ્વીપમાં પાણી પાણીને વિષે મોતી થાય છે. સ્થલ-સ્થલને વિષે રત્ન થાય છે. વન-વનમાં હાથી થાય છે. ઘર ઘરને વિષે બત્રીસ લક્ષણા પુરુષ છે. મંદિરે મંદિરે પદ્મિણી સ્ત્રીઓ છે. તે દ્વીપને વિષે લંકા નામે નગરી છે. ત્યાં કમલકીર્તિ નામે

રાજા રાજ્ય કરે છે. તેને કમલાવતી નામે મહારાણી છે. તે રાણીને સ્ત્રીઓની કલાઓમાં કુશલ એવી રત્નમાલા નામે કન્યા પાણિગ્રહણ કરવા યોગ્ય છે. પણ તે સ્ત્રી વારંવાર એક ગાથા કહે છે તે આ પ્રમાણે-

परमणोरत्तचित्ता, अपवित्ता हुंति केवि कापुरिसाः
तेण कुमरी कन्ना, धन्ना इह जीवलोगम्मि ॥

આ ગાથા કહીને યોગિની તુરતજ જતી રહી. હવે તે કન્યાનું સ્વરૂપ જાણતાની સાથેજ રાજપુત્ર તેના પર રાગવાલો થયો. તો પણ ગંભીરતા વડે પોતાના ઇંગિત આકારને સંતાડતો હતો. આવું દેખીને મંત્રિપુત્ર વિચારવા લાગ્યો કે

संतःसच्चरितोदयाव्यसनिनः, प्रादुर्भवद्यंत्रणाः ।
सर्वत्रैवजनापवादचकिता, जीवंति दुःखं सदा
अव्युत्पन्नमतिःकृतेन च सता, नैवासता व्याकुलाः
कार्याकार्यविचारणांधबधिरो, धन्यो जनः प्राकृतः ॥

આમ વિચારીને મંત્રિપુત્ર બોલ્યો કે હે મિત્ર! જયાં રત્નમાલા છે ત્યાં જઇયે અને ત્યાં જે કૌતુક થશે તે જોઇયે. હવે તે યોગિનીએ પણ આકાશમાર્ગે જઇ તે કુમારનું રૂપ કરીને કુમરીને કહ્યું આ વાત સાંભળતાંજ તે રત્નમાલા પણ અત્યંત હર્ષિત થઇ ને કુમારની ઉપર અત્યંત રાગવાલી થઈ અને તે રત્નમાલાની એક રત્નમંજરી બીજી રત્નપ્રભા-ત્રીજી રત્નવતી-નામની ત્રણે સખીઓ પાસે બેઠેલી હતી. તે સખીઓ બોલી કે હે સખી! જે વર તને ગમ્યો તે પણ અમારો ભર્ત્તાર થાઓ. એમ વિચારીને તે ચારે સખીઓ આકાશ-ગામિની વિદ્યાના બલે અવંતિનગરીની બહાર ઉદ્યાનમાં દેવતાના મંદિર પાસે આવી. તે વખતે કુમાર પણ પૂજારીએ આપેલી સુંવાળી શય્યામાં મિત્ર સહિત સૂતો હતો. તેને દેખીને વિદ્યાના બળે ત્યાંથી શય્યાસહિત ઉપાડીને લંકા નગરીના ઉપવનમાં લાવી મૂકયો. તેમાં પ્રથમ રાજપુત્ર જાગ્યો. ત્યાં તેણે સર્વ નવુંજ જોયું. તેથી વિસ્મય

પામીને મંત્રિપુત્રને જગાડીને કહેવા લાગ્યો કે હે મિત્ર ! આ શું ? આ સર્વ અપૂર્વ દેખીએ છીયે ? એવામાં તે ચારે કન્યાઓ આવી અને પ્રણામ કરીને બોલી કે તમે અંશમાત્ર પણ ભય પામશો નહિં. અમે રત્નમાલા વગેરે ચારે કન્યાઓ છીયે. યોગિનીના વચનથી તમારા ગુણોમાં આકર્ષાઇને તમોને અમે લંકા નગરીના ઉપવનમાં લાવ્યા છીયે. ત્યારે મંત્રિપુત્ર બોલ્યો કે હે મિત્ર ! આપણું એ સર્વ કાર્ય વગર મહેનતે પતી ગયું. તે સાંભળીને રાજકુમાર બોલ્યો કે હે-મંત્રીપુત્ર ! કાર્યના પરિણામની ખબર ન પડે.

अंबब फलं सुपक्कं-सिढिलं विंटं समु पवणो,
साहा मुल्लणसीला, न याणिमो कज्ज परिणामो ॥

આ ગાથા કહીને રાજપુત્ર તથા મંત્રિપુત્ર બન્ને જણા ઉંઘી ગયા. ત્યાર પછી કુમારની કહેલી ગાથા સાંભળીને તે ચારે કન્યાઓ પરસ્પર વિચારવા લાગી કે આ કુમારે આવી ગાથા કહી તેનું કારણ શું હશે? પરિણામ સંદેહવાલો હોય તો પણ આપણે ઉદ્યમ મૂકવો નહિં. કોણ જાણે કાર્યનું શું પરિણામ થશે ? તો પછી શું કરીએ? એમ વિચારીને તે ચારે કન્યાઓ શય્યાનાં ચારે ખૂણે ચાર પગે વળગીને બેઠી.

એ સમયમાં વૈતાઢયમાં શુરપૂર નામના નગરમાં ચંદ્રચૂડ નામે રાજા છે. તેને ચંદ્રિકા નામે પુત્રી છે. તે કન્યાને યોગ્ય વર ન મલવાથી માતા-પિતા ચિંતાતુર થયા છે. તે ચિંતા જોઈને કુમારીએ પોતે રોહિણી વિદ્યા સંભારીને પોતાને યોગ્ય વર પૂછયો. ત્યારે દેવીએ કહ્યું કે તારો પતિ મહેન્દ્રકુમાર થશે. પણ તે હમણાં મિત્ર સહિત લંકાનગરીના ઉપવનમાં સૂતો છે. આમ સાંભળીને તે ચંદ્રિકા વિમાનમાં બેસીને રોહિણી વિદ્યાના બલથી ત્યાં આવીને જયાં કુમાર મિત્ર સહિત સૂતો છે. અને ચારે સ્ત્રીઓ પગ પાસે વળગેલી છે. તે સર્વેને ઉપાડીને વૈતાઢય પર્વતને વિષે પોતાના નગરના ઉદ્યાનમાં મૂકયો અને દેવની આરાધનાથી અહિં લાવ્યાની વાત પોતાના ઘેર જઈ પોતાના પિતાને કહી.

હવે લંકામાં ચારે કન્યાઓના પિતાઓએ પોતપોતાની પુત્રીઓને ઘરે જોઈ નહિં. ત્યારે તે ચારે રાજાઓ કમલકીર્તિ-કમલભાનુ-કમલપ્રભ -અને કમલાકર વિદ્યાના બલે ત્યાં આવ્યાં. પ્રભાતે ચંદ્રિકા નામની પુત્રીને લઈને ચંદ્રચૂડરાજા પણ પરિવાર સહિત ત્યાં આવ્યો. ત્યારે ત્યાં સર્વ રાજાઓ એકબીજાના મુખની સામુ જુએ છે. દરેક રાજાએ પોતપોતાની કન્યાનો વૃત્તાંત નિવેદન કરીને અહિં આવવાનું સ્વરૂપ એક બીજાને કહ્યું. અને બધા રાજાઓ હર્ષ પામીને પાણિગ્રહણનો આગ્રહ કરવા લાગ્યા. ત્યારે મંત્રિપુત્ર બોલ્યો કે હે નરપતિઓ ! આ રાજકુમાર માતા -પિતાને પૂછયા વગર પૃથ્વીના આશ્ચર્યો જોવા નીકળ્યો છે. તેથી તમે એવું કરો કે પાણિગ્રહણનો મહોત્સવ એના માતા-પિતા દેખે અને તેના મનોરથો સફલ થાય. આ વાત સાંભળીને પાંચે રાજાઓએ વિવાહની સામગ્રી તૈયાર કરી પોતપોતાની પુત્રીને પરિવાર સહિત તથા મિત્રસહિત કુમારને વિમાનમાં બેસાડીને અયોધ્યા નગરી તરફ ચાલ્યા.

હવે મંત્રિપુત્રએ આગળ જઈ રાજાને વધામણી આપી. ત્યારે શુરપતિ રાજા પણ પરિવાર સહિત પુત્રનું સામૈયું કરે છે અને સર્વ વિદ્યાધરોને ઉતરવા માટે શ્રેણીબદ્ધ મહેલ આપે છે. પછી મંત્રીપુત્રએ શરુઆતથી માંડીને અહિં આવવા સુધીનો વૃત્તાંત કહી દેખાડયો. તે સાંભળીને રાજા પોતાના ચિત્તમાં ઘણો જ આનંદ પામ્યો. પાણિગ્રહણની સામગ્રી તૈયાર કરીને આડંબર સહિત-ઉત્સવ કરી પાંચે કન્યાઓનું પાણિગ્રહણ કરાવ્યું વળી બીજી પણ -૧૦૩-કન્યાઓ સામે આવી તેનું પણ પાણિગ્રહણ કર્યું. પછી સર્વ રાજાઓ તથા વિદ્યાધરોને વિસર્જન કર્યા. સર્વના મનોરથ પૂર્ણ થયા. કુમારે રાજયનો સર્વે ભાર ઉપાડી લીધો. અને દેવતાની પેઠે-૧૦૮-સ્ત્રી સાથે ભોગ ભોગવવા લાગ્યો.

એટલામાં એક દિવસ અનેક મુનિના પરિવારથી પરિવરેલા ભુવનભાનુ નામના કેવલી અયોધ્યાનગરીની બહાર શક્રાવતાર તીર્થ-મંદિરને વિષે આવીને સમવસર્યા. વનપાલકે વધામણી આપી. તેને પારિતોષિક -દાન આપીને રાજા અંતઃપુર તથા કુમાર સહિત વંદન કરવા નીકળ્યા.

સહુ જીવો પ્રદક્ષિણા દઈને પ્રણામ કરીને યથાયોગ્ય સ્થાને બેઠાં અને કેવલી ભગવંતે ધર્મદેશના આપી.

હે ભવ્ય પ્રાણીઓ! અસાર એવા સંસારમાં સર્વ વસ્તુઓ અનિત્ય છે એમ જાણીને ધર્મને વિષે પ્રમાદ ન કરવો.

जुव्वणं रुवंसपत्ति, सोहग्गं धणसंपया
जीवियं वावि जीवाणं, जलबुब्बुअसन्निभं ॥१॥
देविंदा समहिड्ढिया, दाणविंदा य विसुहा,
नरिंदा जे अविकंता, मरणं विवसा गया ॥२॥
सव्वओ निरणुक्कोसा, निविसेसं पहारिणी
सुत्तमत्तपमत्ताणं, एगा जगी अणिच्चया; ॥३॥
दाणमाणोवयारेहि, साम भेयं किया हिया
न सक्का सा निवरिउं, ते लोकेणा अणिच्चया; ॥४॥

યૌવન–રુપ–સંપત્તિ–સૌભાગ્ય–ધનસંપદા અને જીવિતવ્ય આ સર્વે પાણીના પરપોટા જેવું છે. ॥ દેવેન્દ્ર–દાનવેન્દ્ર–નરેન્દ્ર એ સર્વે મરણને પરવશ છે. તે નિર્દયી–અનિત્યતા–સર્વત્ર વ્યાપિત સૂતાં–જાગતાં સર્વ પ્રાણીમાં પ્રસરતી છે. ॥ તથા દાનાદિક પણ ઉપચારથી અનિત્ય છે. કોઈ નિવારી શકે નહિ તેવું છે. તે માટે હે દુર્બલ પ્રાણીયો! મનુષ્ય અવતાર પામીને પ્રમાદ ન કરો. મમત્વ ન કરો.

એવી દેશના સાંભળીને શુરપતિ રાજાને વૈરાગ્ય થયો. પછી ગુરૂને પ્રણામ કરી પોતાને ઘેર આવ્યો. સંસારથી ઉદ્વિગ્ન થયેલા તેણે મહેન્દ્ર-કુમારને રાજ્ય લેવાની ઇચ્છા ન હોવા છતાં પણ તેને રાજ્યગાદી પર બેસાડયો અને પોતે ઘણાં રાજાઓ સહિત ચારિત્ર અંગીકાર કર્યું. હવે મહેન્દ્રરાજા પણ જૈન ધર્મના મર્મને જાણતો પોતાના બલવડે અનેક રાજ્યોને જીતીને પૃથ્વીને વશ કરતો હતો.

ચાર બુદ્ધિના નિધાન ચાર ઉપાયે રાજ્ય લક્ષ્મીને ઉપાર્જન કરતા એવા ગુણસુંદરને પ્રધાન પદે સ્થાપ્યો. અત્યંત રાજસુખને

અનુભવતો, પૃથ્વીને જિનપ્રાસાદથી મંડિત કરતો જ્યાં જ્યાં પોતાની આજ્ઞા પ્રવર્તે, ત્યાં ત્યાં જગત્‌માં સારભૂત જે દયા તે પ્રવર્ત્તાવતો હતો. શ્રી સંઘની ભક્તિ કરે, પરોપકાર કરે, સ્વજન વર્ગને ઘણું દાન માન આપી સંતોષે, દીન અનાથનો ઉદ્ધાર કરે, એ રીતે ત્રણ વર્ગને સાધતો હતો. હવે ચોથો પુરુષાર્થ સાધવા ઉજમાળ થયો.

એવા અવસરમાં તે ભુવનભાનુ નામના કેવળી ભગવંત પધાર્યા. તેની વનપાલકે વધામણી આપી. રાજાએ પણ તેને જીવે ત્યાં સુધી ખૂટે નહિ એટલું પ્રીતિદાન આપ્યું. અંતેઉરથી પરિવરેલો મહેંદ્રરાજા ગુણસુંદર મંત્રીશ્વરને સાથે તેડી ગુરુને વંદન કરવા માટે નીકળ્યો. અનુક્રમે વિધિપૂર્વક વંદન કરી યથોચિત સ્થાનકે બેઠો. તેને કેવળી ભગવાન પણ તેવા પ્રકારની જ ધર્મ દેશના આપતા હતા કે જેથી તે રાજા સંયમ સન્મુખ થાય. ॥ યથા ॥

जं कल्ले कायव्वं, तं अज्जं चिय करेह तुरमाणा ॥
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥
दिवस निसाघडिमालं, आउसलिलं जियाण घित्तूण ॥
चंदाइ च्च बइल्ला कालरहट्टं भमाडेइ ॥ २ ॥

એ પ્રમાણેની દેશના સાંભળીને સંવેગ–વૈરાગ્ય વધતા તેણે ગુરુને પ્રણામ કરીને કહ્યું. કે હે સ્વામિન્! મારે દીક્ષા લેવાનું મન છે. ત્યારે ગુરુ બોલ્યા કે હે રાજન્! એ વાતમાં વિલંબ ન કરો. ॥ યતઃ ॥

जं कल्ले कायव्वं, नरेण अव्वव नं वरं काउं ॥
मच्चु अकरुणहिअउ, नहु दिसइ आवयंतो वि ॥ १ ॥
तूरह धम्मोकाउ, माहु पमायं खणंपि कुव्विज्जा ॥
बहुविग्घो य मुहुत्तो, मा अवरण्हं पडिच्छाहि ॥ २ ॥

આ પ્રમાણે દેશના સાંભળીને વિશેષ વૈરાગ્ય પામી ઘેર આવીને ચિંતવવા લાગ્યો, કે સર્વ પદાર્થ અનિત્ય છે. ॥ યતઃ ॥

सव्वस्स अणिच्चत्तं, जुवणधणसयण-अच्छदाराणं ॥
देहस्स जीवियस्स य, इक्कंपि न पिछहे निच्चं ॥ १ ॥
माय-पियपुत्तबंधव, सकल कुसलाइं आइ कारंति ॥
न मरं तस्सुवर, तिलतुसमित्तो विहु जणंति ॥ २ ॥

એ પ્રમાણે ચિત્તમાં વિચાર કરીને તૈયારી કરવાની ગુણસુંદર પ્રધાનને આજ્ઞા કરીને, પોતે શ્રી જિનશાસનને યોગ્ય એવી સહુને શિક્ષા આપી, જિનશાસનની પ્રભાવના કરીને, અઠ્ઠાઇ મહોત્સવ કરીને, ઉગ્રકુલ, ભોગ્યકુલ, રાજયકુલ અને ક્ષત્રિયકુલમાં ઉત્પન્ન થયેલા, વૈરાગ્ય પામેલા, સંસાર સુખથી વિરક્ત થએલા એવા પાંચસો પુરુષો તથા ગુણસુંદર પ્રધાન સહિત રાજાએ કેવળી ભગવંત પાસે ચારિત્ર લીધું. ત્યાર પછી ગ્રહણ શિક્ષા તથા આસેવના શિક્ષા એ બે પ્રકારની શિક્ષા ધારણ કરતા, એટલે ગ્રહણ તે જ્ઞાન અને આસેવન તે ક્રિયા એ બન્નેને ધારણ કરતા, મોક્ષ જ એક સાધ્ય છે જેને એવા તેઓ દુષ્કર સંયમ તપ પાલતા, શુભ ધ્યાનમાં તલ્લીન રહેતાં, પોતાના સરખો જ ગુણવંત પરિવાર છે જેનો, તથા દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી કોઇનો પ્રતિબંધ ન કરતાં, ધર્મધ્યાનના ચારે પાયામાં ચિત્તને રાખતાં. ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ પ્રમુખ શુકલ ધ્યાનના આલંબનને આલંબતાં, પરિષહ -ઉપસર્ગના સંસર્ગને ચિત્તમાં પણ નહિ સંભારતાં, જ્ઞાન, ધ્યાન, સંયમ, સમતા, તપમાં પ્રવર્તતા તે મહેંદ્ર મુનિરાજને અને શેષ-બાકીના સર્વ સાધુઓને પણ સર્વૌષધ્યાદિક અનેક લબ્ધિઓ ઉત્પન્ન થઇ.

કોઇક મુનિના વિષ્ઠા, મૂત્ર, કફ, મલ, સ્પર્શાદિક શરીરના સર્વ અવયવ ઔષધિભૂત થયાં છે તે સર્વ ઔષધિલબ્ધિવંત સાધુ કહીએ. કોઇ અણુતત્વે સૂક્ષ્મશરીર કરવાને શક્તિવાળા, અથવા કોઇ મેરૂ થકી પણ મહોટું શરીર કરવાની શક્તિવાળા, કોઇ વાયરાથી પણ હલકું શરીર કરવાની શક્તિવાળા, કોઈ વજ્રથકી પણ ભારે શરીર કરવાની શક્તિવાળા, કોઈ પૃથ્વી પર રહી મેરુશિખરનો સ્પર્શ કરવાની શક્તિ-

વાળા, કોઈ પાણી ઉપર ધરતીની જેમ ચાલવાની શક્તિવાળા, કોઈ ત્રણ લોકની ઠકુરાઈ એટલે શ્રી તીર્થંકરની અથવા ઇન્દ્રની ઋદ્ધિ પ્રગટ કરવાની શક્તિવાળા, કોઈ સર્વ જીવને વશ કરવાની શક્તિવાળા, કોઈ પર્વત મધ્યે ચાલ્યા જાય પણ સ્ખલના ન પામે એવા શક્તિવાળા, કોઈ મુનિને કોઈ જોઈ શકે નહિ એવી અદૃશ્યકરણી શક્તિવાળા, કોઇ સમકાલે અનેકરૂપ કરવાની શક્તિવાળા, કોઇ બીજ બુદ્ધિ મુનિરાજ જે એક પદ એવા શક્તિવાળા, કોઈ કોષ્ટક બુદ્ધિના સ્વામી, કે જે કાંઇ તે માં પડયું તે ભૂલે નહિ એવી શક્તિવાળા, કોઇ પદાનુસારી લબ્ધિવાળા, ગયું હોય તે સાંધી આપે, કોઇ મનોબળવાળા, કે જેને સર્વ શ્રુત અવગાહવાના મન પ્રવર્તે, કોઇ વચનબળવાળા કે જે અંતર્મુહૂર્તમાં સર્વ શ્રુત ઉચ્ચાર કરવા સમર્થ હોય, કોઇ કાયબળવાળા, કે જે કાઉસ્સગ્ગમાં વર્ષ સુધી ઉભા રહે પણ થાકે નહિ, કોઇના પાત્રમાં રુદન પડયું હોય તે પણ ખીર, ખાંડ, ઘૃત અમૃતના રસથી પણ વધારે સ્વાદ ઉત્પન્ન થાય, કોઇ મધ્વાસ્રવી જેની વાણી મધુ જેવી સ્વાદવાળી નીકળે, કોઇ સર્પિઆસ્રવી એટલે જેને બોલતાં સાંભળનારને ઘૃત સરખો સ્વાદ મીઠો લાગે, કોઇ અમૃતાસ્રવી એટલે જેની વાણીમાં અમૃત જેવો મીઠો સ્વાદ હોય. કોઇ અક્ષીણમહાનિશીલબ્ધિવાળા તે ગૌતમસ્વામીની જેમ જેના પાત્રમાં અન્ન પડયું હોય તે જ્યાં સુધી પોતે આહાર ન કરે ત્યાં સુધી તેમાંથી ગમે તેટલાને આપે પણ ખૂટે જ નહિ, કોઇ અક્ષીણ મહાલયા જેના કપડા પ્રમુખમાં ગમે એટલા મનુષ્ય બેસારે પણ વજ્રસ્વામીની જેમ વધતો જાય, કોઇ સંભિન્નશ્રોત્ર લબ્ધિવાળા તે જેના એક ઇન્દ્રિય તે પાંચે ઇન્દ્રિયોના કામ કરે, અથવા સમકાલે સર્વ જાતના વાજા વાગે તો પણ જૂદા જુદા આસ્વાદ લે, તેમજ કોઈ જંઘાચારણ મુનિ, કોઇ વિદ્યાચારણ મુનિ, કોઈ શાપ પ્રમુખ આપવા સમર્થ, કોઈ આશીવિષ લબ્ધિવાળા, કોઇ પુલાક લબ્ધિવંત, કોઇ અવધિજ્ઞાનવાળા. કોઇ મનઃપર્યવજ્ઞાનવાળા કોઇ કેવળજ્ઞાનવાળા એવા મહાઋષીશ્વર અનેક લબ્ધિવાળા છતાં ઉપજીવન નહિ કરતા પરોપકાર તીર્થપ્રભાવનાને માટે વિહાર કરતા વિચરે.

એક દિવસ તે મહેન્દ્ર રાજઋષીશ્વરને પોતાનું આત્મતત્ત્વ વિચારતાં વિચારતાં શુક્લધ્યાનને યોગે ઘાતિકર્મ ક્ષય થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાં દેવતાઓએ કેવળજ્ઞાનનો મહોત્સવ કરીને ધર્મ સાંભળ્યો. પછી તે મુનિ અનેક વર્ષો સુધી વિહાર કરી અનેક ભવ્ય જીવને પ્રતિબોધ આપીને શ્રી સિદ્ધાચલજી ઉપર પરિવાર સહિત જઇને ભવોપગ્રાહી કર્મ ક્ષય કરી મોક્ષે પધાર્યા.

કેટલોક તેમનો પરિવાર પણ દુષ્કર તપ–સંયમ પાલી શુભધ્યાને તત્પર થઇ સકલ કર્મક્ષય કરીને મોક્ષે ગયો. કોઇક સાધુ સાવશેષ કર્મે કરી અનુત્તર વિમાનમાં ગયાં, કોઇક ગ્રૈવેયકને વિષે ગયા, કોઈક દેવલોકને વિષે ગયા અને કોઇક શકેન્દ્રના સામાનિક દેવતા થયા. એમ અનુક્રમે બે ત્રણ ભવે મોક્ષે જશે. (ઈતિ મહેન્દ્ર નરેન્દ્રની કથા સંપૂર્ણ.)

**હવે બીજો અર્થ**:–સાધુ હોય તે સમતા કરે, તે ઉપર અર્જુનમાલીનું દૃષ્ટાંત.

સાધુ હોય તે સ.

રાજગૃહ નગરને વિષે અર્જુન નામે એક માળી રહેતો હતો. તેને સ્કંધશ્રી નામે ભાર્યા હતી; મોગરપાણિ યક્ષ તેનો કુલદેવતા હતો. તેની વાડીની પાસે તે યક્ષનું દેહરૂં હતું. હવે એક દિવસ તે સ્કંધશ્રી પોતાના ભર્તારને ભાત દઇને ફુલ લઇને પોતાના ભર્તાર સહિત મોગરપાણિ યક્ષની પૂજા કરવા આવી. તેવામાં છ ગોષ્ટિક પુરુષ મહા દુષ્ટ બુદ્ધિના સ્વામી ત્યાં જ રહ્યા છે. તેઓએ જેવી સ્ત્રીને જોઇ કે તુર્ત જ છએ પુરુષોને પાપકર્મ કરવાનું મન થયું ત્યારે અર્જુનમાળીને બાંધીને યક્ષ તથા અર્જુનમાળીની નજરે દેખતાં તે છએ પુરુષે અર્જુનની સ્ત્રીને ભોગવવા માંડી. તે જોઈ અર્જુનમાળી વિચારવા લાગ્યો કે, આજ સુધી એ યક્ષની પૂજા કરી તે સર્વ ફોગટ ગઇ. જે માટે મહારી નજરે દેખતાં યક્ષના મુખ આગળ મહારી સ્ત્રીને એ આવી વિટંબના કરે છે, તો આજ પછી એ યક્ષની પૂજા ન કરવી. એવું અર્જુનમાળીએ ચિંતવ્યું કે તરત તે યક્ષ આવી માળીના શરીરમાં પેઠો. તે વારે માળીના બંધન

ત્રુટી ગયાં અને મુદ્‌ગર હાથમાં લઇ તેણે પોતાની સ્ત્રી સહિત છએ પુરૂષો માર્યા. એમ દિનદિન પ્રત્યે છ પુરુષ અને સાતમી સ્ત્રીનો વિનાશ કરે.

એમ કરતાં એક દિવસ ત્યાં શ્રી વીર પરમાત્મા આવીને સમોસર્યા. એવું સાંભળીને રાજગૃહમાં વસતા સમ્યક્ત્વધારી સુદર્શન શેઠે પ્રભુજીને વાંદવા જવા માંડયું. તેને અર્જુનમાલીના ભયે કરી લોકે તથા મા બાપે વાર્યો. તો પણ તે વાંદવા નિકળ્યો. માર્ગમાં યક્ષના દેહરાની પાસે જતો દેખીને અર્જુનમાલી મુદ્‌ગર લેઇને મારવા દોડયો. અર્જુનને આવતો દેખીને સુદર્શનશેઠ સાગારી અણુશન લેઇ ઉભો રહ્યો, અને મનમાં પરમેશ્વરનું ધ્યાન કરવા લાગ્યો. અર્જુનમાલીએ મુદ્‌ગરના પ્રહાર મૂક્યા પણ શેઠને લાગ્યા નહિ અને સુદર્શન શેઠ બીના પણ નહીં. એવામાં પુણ્યયોગે મોગરપાણિ યક્ષ અર્જુનમાલીના શરીરમાંથી નીકળી ગયો. ત્યારે શેઠે અણુસણ પાર્યું. પછી શેઠે અર્જુનમાલીને પાછલો સર્વ સંબંધ જણાવ્યો કે ભૂંડા! તેં તો ઘણી જ હિંસા કરી. હવે તું કઈ ગતિમાં જઇશ? એ રીતે બુઝવીને શ્રી વીરસ્વામી પાસે લેઇ ગયો.

ત્યાં પ્રભુજી પાસે ધર્મદેશના સાંભળી ચારિત્ર અંગીકાર કર્યું. છઠ છઠનું પારણું કરે, રાજગૃહ નગરની પાસે રહે, પારણે ગોચરી કરવા જાય ત્યારે. નગરીના લોકો આક્રોશ કરે પણ કોઈ ભિક્ષા ન આપે અને મુખે એમ કહે કે અરે પાપી! અમારા સ્વજનોનો વિનાશ કરીને હવે દીક્ષા લેઇ આજે ઇહાં ભિક્ષા લેવા આવ્યો છો? એવા લોકના દુષ્ટવચનરૂપ ઘાત-પ્રહારને ક્ષમા સહિત સહેતા છ મહિને કેવલજ્ઞાન પામી મોક્ષે પહોંચ્યો. એ કથા શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની વૃત્તિને વિષે બીજે અધ્યયને આક્રોશ પરિષહે કહી છે. इति ।

હવે જે સાધુ હોય તે સમય શબ્દે ઉત્સર્ગ તથા અપવાદનો અવસર જાણે

## તે ઉપર શ્રી મુનિચંદ્ર મુનિનું દૃષ્ટાંત કહે છે

પૃથ્વીભૂષણ નગરે લોકપાલ રાજા છે. તેની ગુણવંતી નામે રાણી છે. તે રાજા અતીત યોગિને માનનારો છે અને રાણી સમકિતી છે.

તેથી રાજા અને રાણીને માંહોમાંહે નિરંતર ધર્મનો ઝઘડો ચાલ્યા કરે. એમ કરતાં રાજાએ વિચાર્યું કે હરકોઇ ઉપાયે કરી મહારી રાણીને નીચ નમણી કરૂં, એ માટે રાજાએ કોટવાળને કહી મૂકયું કે કોઇ જૈન યતિ આપણા ગામમાં આવ્યા જાણો તો મને ખબર કરજો.

હવે એકદા ઉગ્ર તપસ્વી, મહાજ્ઞાની, અત્યંત ઉપયોગી એકલમલ વિહારે વિચરતા, યુગ પ્રમાણે ઈર્યા શોધતા એવા વિહાર કરતા શ્રી મુનિચંદ્ર નામના મુનિરાજ તે નગરીમાં સાંજ સમયે આવીને કોઇ યક્ષના દેહરાના ખૂણે ઉભા રહ્યા. એવામાં યક્ષના પૂજારીએ આવીને ધૂપ-દીપ પ્રમુખ કરીને પોતાને સ્થાને તે ગયો. તેવામાં કોઇએ જઇને કોટવાળને ખબર આપી કે જૈનના યતિ યક્ષના દેહરામાં આવ્યા છે. કોટવાળે રાજાને જણાવ્યું. રાજાએ કહ્યું કે દેહરામાં એક વેશ્યાને રાખો, અને દ્વાર બંધ કરી તમે બહાર બેઠા ચોકી કરો. પ્રાતઃકાળે જે હશે તે જણાશે. તેણે પણ તેમજ કર્યું.

હવે મુનિએ પણ ખળભળાટ સાંભળ્યો, અને સ્ત્રીને પોતાની પાસે બેઠેલી જોઇ, તથા બારણા બંધ કરેલા જોઇને મનમાં વિચાર્યું કે અહીં કોઈ કારણ દેખાય છે. જો અહીંઆ પ્રાતઃકાળે સ્ત્રી સહિત મને લોકો જોશે તો જૈનશાસન કલંકિત થશે. તેનું કારણ હું બનીશ. માટે કોઈ ઉપાય કરૂં. એ પ્રમાણે વિચારીને જેવી રીતે વસ્ત્ર બાળ્યાની ગંધ બહાર ન નીકળે તે રીતે યક્ષનો જે દીવો હતો તે જ દીવાથી, રજો-હરણ (ઓઘો) મુહપત્તિ, કપડા-કામળી પ્રમુખ સર્વને ધીમે ધીમે બાળીને રાખ કર્યા. તે રાખ પોતાના શરીરે ચોળી-વળી તે દેહરામાં ભાંગના અખાડા પણ હતા. તેમાંથી ભાંગ ઘૂંટવાનું કુતકું (      ) પોતાના ખભે મૂકયું. અને યક્ષને પુંજવાની મોર પીંછીનો પણ એક હાથો ત્યાં પડયો હતો તે પોતાના હાથમાં લીધો. હવે પ્રભાત થયું એટલે રાજા રાણીને કહેવા લાગ્યો કે ચાલો આજ તમારા સાધુ દેખાડું. તે ઘણાં આચારી નિસ્પૃહી છે તેને જુવો ? તે સાંભળી રાણીએ ચિંતવ્યું કે આજ કંઇક કુડ કપટ રચના દેખાય છે, પણ રાજાને ના કહેવાણી

નહીં. રાજાએ પણ જૈનધર્મની અપભ્રાજના કરવા માટે શેઠ, સેનાપતિ, પૂરોહિત, પ્રધાન, મંત્રીશ્વર, સામંત, પાડિયા, હાલી, મવાલી, સર્વને ભેળા કરી રાણીને લઇ જ્યાં યક્ષનું દેહરૂં છે ત્યાં આવ્યાં. આવીને કોટવાળને કહ્યું કે હે કોટવાળ ! આજ કોની ચોકી કરો છો ? ત્યારે કોટવાળે કહ્યું કે હે મહારાજ ! જૈનના યતિ યક્ષના દેહરામાં આવ્યા છે, તેણે વેશ્યા ઘાલી છે, તેની ચોકી કરૂં છું. એવું સાંભળીને રાજા રાણીના મુખ સામું જોઈ મશ્કરીમાં કહેવા લાગ્યો કે હે કોટવાળ ! તું ભૂલ્યો છે. જૈનના યતિ એવા હોય નહિ. કોટવાળે કહ્યું કે મહારાજ! હું નથી ભૂલ્યો. હું ખરી વાત કહું છું એવું જેમ જેમ સાંભળે તેમ તેમ રાણીનું મુખ ઝાંખું થાય છે અને મનમાં વિચારે છે કે મુનિ તો એવા હોય નહીં પણ કદાચિત્ કોઇ વેષધારી પતિત પરિણામના ધણી હશે, તો જૈનશાસન મેલું દેખાશે, એમ વિચારે છે એટલામાં તો રાજાએ કોટવાળને કહ્યું કે દેહરૂં ઉઘાડો, જોઇએ તો ખરા જે અંદર કોણ છે ! તે જેટલામાં બારણું ઉઘાડે એટલામાં અંદરથી એક પુરુષ અતીતનાં વેષે 'અલખનિરંજન, ની ચીસ પાડતો, બહાર નિકળતો સર્વલોકોના વચ્ચે થઇ ક્યાંય જતો રહ્યો. તેની પછવાડે વેશ્યા પણ નીકળી. તે દેખી રાજા નીચું મુખ કરી ઝંખવાણો પડયો. લોકો પણ વિસ્મય પામ્યા. જૈન લોક ઘણો હર્ષ પામ્યા. રાણીના અંગોપાંગ પ્રફુલ્લિત થયા. અને સાડા ત્રણ ક્રોડ રોમરાજી વિકસ્વર થઇને રાજાને કહેવા લાગી. કે રાજન્ ! આ ગુરુ તે મહારા કે તમારા ? રાજા કોટ-વાળને પૂછવા લાગ્યા કે એ શી વાત છે ? ત્યારે કોટવાળે કહ્યું કે હે મહારાજ ! આ તો કોઇ આશ્ચર્ય જેવી વાત થઈ ! એમ સાભળીને રાજા બોલ્યો નહિં. અને નીચું જોઈ ઘેર આવ્યો, જૈનશાસનની ઉન્નતિ થઇ. પછી રાજા રાણીને ધર્મસંબંધી નિંદાના વચન કહેતો બંધ રહ્યો. એમ સાધુ તે ઉત્સર્ગ અપવાદ આદિ અવસરના જાણ હોય. એ કથા ગુરૂના મુખે સાંભળી તેમ લખી છે. ॥ इति ॥

## હવે સાધુ સ્વસમય પરસમયના જાણ હોય તે ઉપર ગોષ્ઠા માહિલ્લની -કથા-

દશપુર નગરે શ્રી આર્યરક્ષિત આચાર્ય નવપૂર્વ ઝાઝેરા જ્ઞાનના ધણી છે. તેમના અનેક શિષ્યો છે. તેમાં ગોષ્ઠામાહિલ્લ વાદ શક્તિવાળા છે. હવે એકદા કોઇ અક્રિયાવાદી મથુરા નગરીમાં આવ્યો. તેણે લોકોને કહ્યું કે, માતા નથી, પિતા નથી, ઇત્યાદિ નાસ્તિકવાદ સ્થાપ્યો ત્યારે મથુરાના સંઘે સાધુનો સંઘાડો (સમુદાય) દશપુરનગરે મોકલ્યો. ત્યાં આર્યરક્ષિત આચાર્ય યુગપ્રધાન છે. તેમની આગળ તે સાધુએ આવી સર્વ સમાચાર કહ્યા. ત્યારે તે આચાર્યે પોતાના મામા ગોષ્ઠામાહિલ્લ વાદલબ્ધિવાળા હતા તેને મોકલ્યા. તેમણે ત્યાં જઇને વાદીને જીતી જિનશાસનની પ્રભાવના કરી. ત્યાર પછી શ્રી સંઘે આગ્રહ કરીને ગોષ્ઠામાહિલ્લને ત્યાં ચોમાસું રાખ્યા. ઇત્યાદિ સંબંધ શ્રી આવશ્યકની ટિકામાં જોઇ લેવો, સ્વસિદ્ધાંત પર સિદ્ધાંતના જાણ તે એવા સાધુ હોય. **હવે સાધુ હોય તે સત્ત્વવંત હોય, તે ગાથાના પદે કરી દેખાડે છે.**

"તે સત્તિણો જે ન ચલંતિ ધમ્મં" (જેકે.) જે પુરુષ અથવા જે સાધુ (ધમ્મં કે.) ધર્મથી (ન ચલંતિ કે.) ન ચલે, (તે કે.) તે પુરૂષ (સત્તિણો કે.) સત્ત્વવાળો કહીએ. એટલે એ ભાવ કે જે કોઇ પ્રાણીએ પાપ કરવાની પ્રતિજ્ઞા કરી હોય, તેને સત્ત્વવાળો ન કહીએ. પણ ધર્મથી જે ચલાયમાન ન થાય તેને જ સત્ત્વવાળો કહીએ. તે ઉપર લલિતાંગ કુમારનું દષ્ટાંત કહે છે.

## શ્રી લલિતાંગ કુમારનું દૃષ્ટાન્ત

જંબુદ્વિપમાં ભરતક્ષેત્રમાં શ્રીવાસનામના નગરમાં નરવાહન રાજા રાજ્ય કરે છે. તેને કમળા નામની રાણી છે. અને લલિતાંગ નામનો પુત્ર છે. તે બુદ્ધિવંત, બહોંત્તેર કળામાં પ્રવીણ અને શસ્ત્રકળામાં તથા શાસ્ત્રકલામાં ઘણો ડાહ્યો છે. કુલોદ્યોતક છે, તે નાનો છે પણ તેનામાં ગુણ ઘણા છે. યતઃ

न तेन वृद्धो भवति, येनास्ति पलितं शिरः ॥
युवापि गुणवान् यो वै, तमेव स्थविरं विदुः ॥ १

તે કુમારના ગુણ ઘણા છે, પરંતુ તે સર્વમાં દાનનો ગુણ વિશેષે છે. યાચક આવ્યા જુએ એટલે ગજ અશ્વાદિકની ક્રીડા સર્વ મૂકી દે, અને યાચક ન આવે ત્યારે તે દિવસને તૂટેલી તિથિની જેમ માને.

હવે તે કુમારને નામથી તો સજ્જન પણ સ્વભાવે દુર્જન એવો દુષ્ટ એક ચાકર છે. તે ચાકરને કુમારે વધાર્યો પણ તે કુમારનું જ બુરૂ ચિંતવે. તો પણ કુમાર તેને છોડે નહીં, એક દિવસ રાજા કુમારના વિનયાદિક ગુણ જોઈ હર્ષ પામ્યો. જેથી બહુ મૂલ્યવાળો એક હાર કુમારને આપ્યો. એવામાં કોઇ યાચક મળ્યો ત્યારે તે હાર તે યાચકને કુમારે આપ્યો. તે સર્વ વાત સજ્જને જઈને રાજાની આગળ કહી. રાજાને રીસ ચડી. પછી એકાંતમાં કુમારને કહ્યું, હે કુમાર ? તને ઘડપણ આવ્યા વિના ગુણે કરી ઘડપણ આવ્યું છે. તો પણ હું એક વાત કહું તે સાંભળ.

આ રાજ્ય તારૂં છે; માટે દિવસે દિવસે રાજ્ય વધારીએ, પ્રમાદ ન કરીએ, હંમેશા સાવધાન રહીએ, કોઈનો વિશ્વાસ ન કરીએ. તું ડાહ્યો છો, નિપુણ છો, યદ્યપિ દાનગુણો સર્વોત્તમ છે, તો પણ થોડું થોડું દાન આપીએ. "અતિ સર્વત્ર વર્જયેત્" તે માટે દ્રવ્યનું રક્ષણ કરીએ. દ્રવ્ય હોય તો સર્વત્ર આદર પામીએ. તો એવા દુર્લભ દ્રવ્યને જેમ તેમ ન વાપરવું. તે સાંભળી કુમાર વિચારવા લાગ્યો કે હું ધન્ય છું. જે પિતાએ મને શિખામણ આપી ! એમ વિચારી પોતાના સ્થાનકે જઈ થોડું થોડું દાન આપવા માંડયું. ત્યારે સર્વત્ર અપવાદ તેનો ચાલ્યો. યાચકોએ મળી કુમારને કહ્યું, હે કુમાર ? તું ચિંતામણિ સરખો થઇને અટોલ કાટલા સરખો કેમ થયો ? જગતમાં દાન શ્રેષ્ઠ છે. જેઓ દાન નથી આપતા તેની લક્ષ્મી કોઈ ભોગવે છે ॥યતઃ॥

कीटिकासंचितं धान्यं, मक्षिका संचितं मधु ॥
कृपणैः संचिता लक्ष्मी-रन्येनैवोपभुज्यते ॥१॥

संग्रहैक परः प्राप्य, समुद्रोऽपि रसातले ॥
दानात्तु जलदोऽ प्यस्य, भुवनोपरि गर्जति ॥२॥
धनांग परिवाराद्यं, सर्वमेव विनश्यति ॥
दानेन जनिता लोके, कीर्तिरेकैव तिष्ठति ॥३॥

તે માટે હે કુમાર ? અંગીકાર કરેલું કાર્ય મૂકવું તે તને ઘટતું નથી. ॥यतः॥

समुद्रा स्थितिमुष्भंति, चलन्ति कुलपर्वताः ॥
प्रलयेऽपि न मुञ्चन्ति, महान्तेङ्गीकृतं वृतम् ॥१॥

એવું સાંભળીને કુમાર વિચારવા લાગ્યો કે એક તરફ વાઘ અને એક તરફ નદી એ ન્યાય થયો. તે એ કે એક તરફ પિતાની આજ્ઞા અને એક તરફ અપયશ તે કેમ ખમાય ? તથાપિ થવાનું હોય તે થાઓ પરંતુ દાન તો આપવું. એમ વિચારીને અત્યંત દાન આપવા માંડયું. તે સાંભળી રાજાએ અત્યંત કોપાયમાન થઈ કુમારને દ્વારમાં પ્રવેશ કરવાનો નિષેધ કર્યો, ત્યારે કુમારે વિચાર્યું કે હવે પિતાને ઘેર રહેવું મને ઘટતું નથી. ॥यतः॥

देशाटनं पंडित मित्रता च, वारांगना राजसभा प्रवेशः ॥
अनेक शास्त्राणि विलोकितानि, चातुर्यमूलानि भवन्ति पंच ॥१॥

એવો નિશ્ચય કરીને રાત્રિમાં ગુપ્તપણે એક ઘોડા ઉપર બેસીને કુમાર નીકળ્યો, અને તેનો ચાકર પાપી સજ્જન ઈંગિત આકારનો જાણ તે પણ સાથે નીકળ્યો. બંને જણા એક દિશાએ ચાલ્યા. માર્ગમાં કુમાર કહેવા લાગ્યો હે સજ્જન ! કાંઇક વિનોદકારી વાત કહે. તે દુષ્ટ બોલ્યો હે રાજન્ ! કહો પુણ્ય તથા પાપમાં શ્રેષ્ઠ શું ? કુમાર બોલ્યો તું મૂર્ખ દેખાય છે. તારૂં નામ તો સજ્જન છે પણ જાતે દુર્જન દેખાય છે. ॥ यतः ॥

भोमे मंगलनाम वृष्टि विषये, भद्रा कणानां क्षये,
वृद्धिः शितलिकेति तीव्रपिटके, राजा रजपर्वणि ॥

मिष्टत्वं लवणे विषे च मधुरं, रे कंटकाख्या तथा,
पात्रत्वं तु पणांगनासु रुचिरं, नाम्ना तथा नार्थतः ॥१॥

એ તો સહુ જાણે છે કે 'ધર્મથી જય અને પાપથી ક્ષય' તે સાંભળીને સજ્જન બોલ્યો. કે મને તમે મૂર્ખ કહ્યો તે ખરો પણ અધર્મ કોને કહીએ ? તે કહો. ત્યારે કુમાર બોલ્યો કે સાંભળ ॥

वचः सत्यं गुरौ भक्तिः, शक्त्या दानं दया दमः ॥
अधर्मः पुनरेतस्मा द्वीपरीतोऽ सुखावहः ॥१॥

સાચું વચન બોલવું, ગુરુની ભક્તિ કરવી, શક્તિ અનુસાર દાન દેવું, દયા પાળવી, તથા ઇન્દ્રિયોનું દમન કરવું એ ધર્મ કહેવાય, અને એથી વિપરીત તે અધર્મ કહેવાય. એ વાત સાંભળી સજ્જન બોલ્યો, કદાચિત્ કોઇ સમય પ્રમાણે અધર્મ પણ સુખદાઈ છે. જો એમ ન હોય તો ધર્મી છતાં તમને આપદા કેમ આવી ? હમણા તો અધર્મના મહિમાનો અવસર છે. તે માટે ચોરી પ્રમુખ કરી ધન ઉપાર્જન કરીએ.

કુમાર બોલ્યો હે પાપિષ્ઠ ! દુષ્ટ ! એ તારા વચન સાંભળવા યોગ્ય નથી. કોઇ ધર્મ કરતા જય ન થાય તે અંતરાય કર્મનો ઉદય જાણવો. અન્યાયથી કે અધર્મથી જય થાય, તે આગલા કર્મનું પુણ્ય જાણજે. તે સાંભળી વળી પાપી બોલ્યો, હે દેવ ! અટવીમાં રોવા જેવી એ વાત કરેથી શું થાય ? આગલું ગામ આવે, ત્યાં ગામના લોકને પૂછીએ. તે લોક જો ધર્મથી વિજય નહિ કહે તો તમે શું કરશો ? કુમાર બોલ્યો, 'જો તું કહે છે તેમ કરશે તો ઘોડા પ્રમુખ સર્વ તને આપીને તારો જીવિત સુધી ચાકર થઇને રહીશ.' એ પ્રમાણે પરસ્પર વચન આપી આગલા ગામમાં ગયા.

ત્યાં જઈ એક વૃદ્ધને પૂછયું કે, અમને ઘણા કાલથી સંદેહ છે. જે ધર્મથી જય કે અધર્મથી જય ? દૈવયોગે તે પણ એમ બોલ્યો કે હમણા તો અધર્મથીજ જય દેખાય છે. તે સાંભળી વળી આગળ ચાલ્યા. ત્યારે તે પાપી હાંસી કરવા લાગ્યો કે હે સત્યવાદી કુમાર ! ઘોડો આપો અને મારૂં ચાકરપણું કરો. ત્યારે કુમાર વિચારવા લાગ્યો. ॥યતઃ॥

राज्यं यातु, श्रियो यातु, यातु प्राणा विनश्वराः ॥
वा मया स्वयमेवोक्ता, वाचा मा यातु शाश्वती ॥१॥

સર્વ જાઓ પણ બોલ્યું વચન કેમે ન જાઓ. એમ વિચારી કુમારે ઘોડો પ્રમુખ તેને આપ્યો. અને પોતે તેનો ચાકર થઇને રહ્યો.

હવે તે પાપી ઘોડા ઉપર બેસી દોડયો જાય, અને કુમાર પાછળ રહ્યો થકો પહોંચી શકે નહિ. ત્યારે પાપી બોલ્યો, ધર્મના પક્ષપાતનું ફળ પામ્યા ? હવે કહો કે અધર્મથી જય ? અને આ ઘોડો પાછો લ્યો. કુમાર બોલ્યો, રે પાપી ! દુર્મતિના ધણી ! તું મને પણ દુર્બુદ્ધિ આપે છે ? આ શરીર તો વિનાશી છે. માટે ધર્મ એજ સાર અને શરણ છે. એ ગામડિયા લોકો અજ્ઞાન હોય છે, માટે એ પુરુષે એમ કહ્યું. પણ ધર્મનું માહાત્મ્ય જાય નહીં.

દ્રાક્ષ ઉંટને ન ગમે તેથી કાંઇ દ્રાક્ષની મધુરતા જતી નથી. ત્યારે સજ્જન પાપી બોલ્યો. હે કુમાર ? તમે ગર્દભ (ગધેડા)નું પૂંછડું પકડયું તે મૂકતા નથી. જેમ મૂર્ખ ગર્દભની પાટુઓ ખાતો જાય તો પણ મૂકે નહીં તેમ તમે પણ એવા જ કદાગ્રહી છો. આપણે ફરી બીજા ગામના લોકોને પૂછીએ, જો તેઓ પણ તેમજ કહેશે તો શું કરશો ? ત્યારે કુમાર બોલ્યો, જે મારા આ ચક્ષુ છે તે તમને આપીશું. એ પ્રમાણે નિશ્ચય કરીને આગલા ગામમાં ગયા. ત્યાં પણ ભાવિભાવને યોગે તે લોકોએ પણ તેમજ કહ્યું. વળી આગળ માર્ગમાં જતાં પાપી કહેવા લાગ્યો 'રે સત્યવાદી ? હે ધર્મપક્ષપાતી ? હવે શું કરશો ? એવા ઉલ્લંઠ વચન સાંભળી કુમાર પણ ધૈર્ય ધારણ કરી એક વડના વૃક્ષ નીચે જઇને કહેવા લાગ્યો. રે 'દેવતા દેવીઓ ? અહો લોકપાલો ? તમે સાક્ષી છો. એક ધર્મ તે જ જગતમાં જયવંતો છે. તે મને શરણ થાઓ. એમ કહી છરીએ કરી બંને નેત્રો ઉખાડીને પાપી સજ્જનને આપ્યા. તે લઈ સજ્જને કહ્યું: હે કુમાર ? તમે ધર્મના ફળ બેઠા બેઠા ભોગવો. એમ હાંસી કરતો ચાલ્યો ગયો.

હવે કુમાર એકલો મહા આપત્તિમાં પડયો વિચારે છે કે, આ

અસંભવિત વાત કેમ બની ? અથવા દુષ્કર કર્મના યોગથી શું ન સંભવે ? એમ કરતાં રાત્રી પડી. દિશાઓ સર્વ શ્યામતા પામી. સહુ પંખી પોતપોતાના માળામાં આવીને બેઠા. એવા અવસરે ભારંડ પક્ષી પોતાને ઠેકાણે તે જ વડ ઉપર ભેગા મળીને વાતો કરે છે કે, જેહો કોઈએ કાંઈ અચરિજ દેખ્યું હોય તે કહી સંભળાવો. ત્યારે એક ભારંડ પંખી બોલ્યો, અહીંથી પૂર્વદિશાએ ચંપાનગરીને વિષે જિતશત્રુ નામે રાજા રાજ્ય કરે છે. તેને પુષ્પાવતી નામે પુત્રી છે. તે જીવિતવ્યથકી પણ અધિક વહાલી છે. સુંદર સુરુપવતી ચોસઠકળામાં પ્રવિણ છે, પણ નેત્રને અભાવે તેની સર્વકલા ફોગટ છે. રાજાને મહા-ફિકર ચિંતા છે, તેથી રાજાએ પડહો વગડાવ્યો કે જે કોઇ એ રાજ કન્યાને દેખતી કરે, તેને હું તે કન્યા પરણાવું, અને અર્ધું રાજ્ય આપું. તે સાંભળી અનેક દેશના વિવિધ ઉપાયના જાણ પુરુષ ત્યાં મલ્યા છે. તેમણે ઘણા ઉપાય કર્યા પણ અંશમાત્ર ગુણ ન થયો. તે માટે તે ચિંતાએ પીડિત રાજા છે. યતઃ—

बिन्दुना ह्यधिका चिंता—चिता चिंता समा नहि ।
चिता दहति निर्जीवं, चिंता जीवंतमप्यहो ॥३८॥

પણ રાજા નિરંતર નગરમાં પડહ વગડાવે છે. હવે કાલે તો સવા-રના પહોરે રાજા રાણી અને પુત્રી એ સહુ કાષ્ટભક્ષણ કરશે. પછી ન જાણે કે શું બનશે ? તે માટે પ્રાતઃકાલે તો અમારે ત્યાં જવું છે તે સાંભળી એક નહાનો ભારંડ પંખી બોલ્યો કે હે તાત ! એની આંખો સાજી થાય, એવો કોઈ ઉપાય હશે ? ત્યારે વૃદ્ધ ભારંડ પંખી બોલ્યો. જાતિ અંધને શ્યો ઉપાય તો પણ મંત્ર ઔષધિનો અચિંત્ય મહિમા છે. ત્યારે લઘુ ભારંડપક્ષી બોલ્યો કે હે તાત ! મને કહો કે એ કેમ સાજી થાય ? તેને વૃધ્ધે કહ્યું કે હે વત્સ ! રાતે વાત કરવી નહીં !

યતઃ—

दिवा निरीक्ष्य वक्तव्यं, रात्रौ नैव च नैव च
संचरति महाधूर्ताः स्थाने स्थाने विशेषतः ॥३९॥

ત્યારે લઘુ ભારંડ બોલ્યો–તો પણ હે તાત ! એ વાત તો મને કહો. એવા તેના અતિ આગ્રહથી વૃદ્ધ કહેવા લાગ્યો કે આ વડના સ્કંધના સ્થાનકે વેલડી વીંટાણી છે તેનો રસ અને આપણી હગાર જો તેની આંખ મધ્યે રેડે, તો નેત્ર નવપલ્લવ નવાં આવે. એમ વાતો કરતાં તે ભારંડપંખી તો ઉંઘી ગયા. હવે તે સાંભળી કુમાર વિચારવા લાગ્યો કે, આ સાચું હશે કે જુઠું હશે. તે નિશ્ચય કરવા પ્રથમ તો હું મ્હારી આંખમાં પરીક્ષા કરૂં. એમ વિચારીને વેલડી ખોળી કાઢી અને ભારંડની હગાર પણ લીધી. ઉપાય કરવાથી કુમારને નવા નેત્ર આવ્યા અને હર્ષ પામ્યો. ધર્મની આસ્થા તો પ્રથમથીજ હતી, તે વિશેષે વધી. સર્વે વસ્તુ દેખવા લાગ્યો.–યતઃ–

वने रणे शत्रुजलाग्नि मध्ये, महार्णवे पर्वत मस्तके वा ।
सुप्तं प्रमत्तं विषमस्थितं वा, रक्षंति पुण्यानि पुराकृतानि ॥४०॥

હવે કુમાર ચિંતવવા લાગ્યો કે ત્યાં જઇને તે કન્યાને સાજી કરૂં. એમ વિચારીને ભારંડપંખીની પાંખમાં પેશી રહ્યો. પ્રભાતકાલે ઉઠીને તે ભારંડ પંખીએ પણ તત્કાલ ચંપાનગરીમાં વનમાં મૂક્યો. કુમાર પણ સરોવરમાં સ્નાન કરી સ્વાદવંત ફળો વાપરીને નગરમાં ચાલ્યો. ત્યાં નગરના દરવાજે એક શ્લોક લખેલો હતો તે તેણે વાંચ્યો. યતઃ–

जितशत्रोरियं वाचा, मत्पुत्रि नेत्रदायिने ।
राज्यस्यार्द्धं स्वकन्यां च, प्रदास्यामिति नान्यथा ॥४१॥

એટલે એ ભાવ જે મ્હારી પુત્રીને આંખ આપે, તેને હું અર્ધું રાજ્ય અને એ કન્યા આપું, એવું વાંચી પાસે જે પુરુષ ઉભા હતા તેમને મુખે રાજાને કહેવરાવ્યું કે કોઈક વિદ્યાવંત સિદ્ધ પુરુષ આવ્યો છે તે કહે છે કે હું રાજકુમારીને દિવ્યનેત્ર આપું. તે સાંભળી તે પુરુષને રાજાએ ઘણું દાન આપ્યું અને કુમારને તરત તેડાવી રાજાએ તેને આલિંગન દીધું, ઘણી આગતા સ્વાગતા કરી. કુમારે કહ્યું કે આવું શું કરવા કરો છો ? કામ હોય તે કહો. ત્યારે રાજા બોલ્યો કે, મ્હારી

પુત્રીને સાજી કરો. કુમારે પણ સુગંધી દ્રવ્યનું મંડળ પૂરીને હોમ-હવનાદિ મહા આડંબર સહિત કેડને વિષે રાખેલી ઔષધિ લઈને ઉપચાર કર્યો. એટલે કન્યા દિવ્યનેત્રવંત થઈ. ત્યારે તે રાજાએ પોતાની પુત્રી કુમારને પરણાવી. અને રાજ્યમાંથી અર્ધરાજ્ય વહેંચી આપ્યું. કુમાર પણ તે સ્ત્રી સાથે ભોગોને ભોગવતો દોગુંદક દેવની જેમ વિચરે છે.

એકદા કુમારે ગોખને વિષે બેઠાં અકસ્માત્ પેલા પાપીને માર્ગમાં જતો દીઠો. આંખો ગલે છે, ભૂખે પેટ બેવડું વળી ગયું છે, શરીર તો રજે કરી ખરડયું થકું મહામલિન છે, ઠામ ઠામ ગુંબડા થયાં છે, તેની ઉપર પાટા બાંધ્યા છે તે મહાબિભત્સ ચાલતો થકો જાણે પાપનો ઢગલો જ હોય નહિ ! એવો તેને દેખીને કરુણાવંત ચિત્તે તેને બોલાવી પોતાની પાસે બેસાડી કુમાર કહેવા લાગ્યો કે તું મને ઓળખે છે ? તે પાપીએ કહ્યું કે હે મહારાજ, તમને કોણ ન ઓળખે ? કુમારે કહ્યું કે હું વિશેષે પુછું છું. તું મને બરાબર ઓળખે છે નહિં ? ત્યારે પાપી બોલ્યો કે હું નથી ઓળખતો. કુમાર બોલ્યો કે જેની આંખ કાઢી તેને પણ નથી ઓળખતો ? તે સાંભળીને તે પાપી લાજ ભય અને શંકા આણતો આકુલચિત્તે નીચું મુખ કરી રહ્યો. કુમારે તેનો તે વેષ મૂકાવી સ્નાન, વસ્ત્ર, અલંકાર, ભોજન પ્રમુખ દઈ કહ્યું કે હે સજ્જન ! જે પુરુષ પોતાની ઋદ્ધિમાંથી પોતાના મનુષ્યને સંવિભાગ ન કરે તેણે રાજ્યાદિક પામે પણ શું ? તે માટે તમે સુખે અહીં રહો.

હવે ત્યાં રહેતાં થકાં એક દિવસ કુમાર સજ્જનને પૂછે છે કે તહારી આવી અવસ્થા કેમ થઇ ? ત્યારે પાપી બોલ્યો કે તમને વડ હેઠલ મૂકી ને આગળ જતાં મને ચોર મળ્યાં, તેણે યષ્ટિમુષ્ટિના પ્રહાર કરી મારૂં સર્વસ્વ લૂંટી લીધું. પછી દુઃખ પામતો હું અહીંઆ આવ્યો, તે માટે તમે ધર્મનું ફલ પામ્યા અને હું અધર્મનું ફલ પામ્યો, હવે મને વિસર્જન કરો. કુમાર બોલ્યો, તમે સ્વસ્થ થઇ અહીંયા રહો, કાંઈ ચિંતા કરશો નહીં હું રાજ્ય પામ્યો છું માટે મારા રાજ્યના અધિ-

કારી તમે થાવ. તે સાંભળી તે ત્યાં સુખેથી રહ્યો. બન્નેના પરસ્પર ઘણો સ્નેહ દેખી સ્ત્રી કુમારને કહેવા લાગી હે, રાજન્ ! એ પુરૂષ સજ્જન નથી લાગતો તે માટે એની સંગત કરવી રૂડી નથી, જો એની ઉપર તમારે રાગ હોય તો એને દ્રવ્ય આપો, દેશ આપો પણ એની પાસે બેસવું તે સર્પને દુગ્ધપાન જેવું કોઈક દિવસ અનર્થકારી છે.

खलः सत्क्रियमाणोपि, ददाति कलहं सतां ।
दुग्धधौतोपि किं याति, वायसः कलहंसतां ॥५२॥

જે માટે અમે સ્ત્રીલોક તમને શિખામણ દેવા યોગ્ય તો નથી જ પણ તમે અત્યંત ભદ્રીક છો તે માટે વિનંતિ અવધારો. ઈત્યાદિ અનેક વાતો કહી. તે સાંભળી રાજકુમાર ચમકયો તો ખરો, પણ તે નીચની સંગત મૂકી નહીં.

એકદા કુમારના સસરાએ સજ્જન પાપીને એકાંતમાં બોલાવી પૂછયું કે તમારે અને કુમારને પરસ્પર એવડો રાગ કેમ છે ? એ કુમારનો દેશ કોણ ! જાતિ કોણ ! પિતા કોણ ! અને તમે કયાંથી આવ્યા–ત્યારે તે પાપીએ વિચાર્યું કે કદાચિત્ કુમાર પૂર્વનું વૈર સંભારીને રખે મારૂં અશુભ કરે ! તે માટે આગળથીજ હું ઠીક કરું એમ ચિંતવીને તે બોલ્યો, રાજન્ કહેવા જેવી વાત નથી, પરંતુ રાજાએ વારંવાર પૂછવાથી તે પાપી હાંસી કરતો બોલ્યો. શ્રીવાસ નામે નગરમાં નરવાહન રાજાનો હું પુત્ર છું. અને એ મહારો ચાકર છે પછી પોતાની જાતિની લાજે ઘર મૂકી દેશાંતર ભમતો અહીંઆ આવ્યો. પૂર્વના પુણ્યથી તમે પુત્રી પરણાવી અને લક્ષ્મી પામ્યો. હું પણ પિતાના પરવશપણાથી નીકળ્યો, ફરતો ફરતો અહીંઆ આવ્યો. એણે મને ઓળખ્યો ને જાણ્યું કે રખે મહારી જાતિ ભાતિ કહી ફજેતી કરે ? તે માટે મહારી સાથે સગપણ રાખે છે. એ વાત સાંભળીને રાજાએ આકુલ વ્યાકુલ થઇ વિચાર્યું હે ! હે મહા અસમંજસ વાત બની ! હવે હું શું કરૂં ? હું તો વચનમાં બંધાણો, પુત્રી પરણાવી પણ એ જમાઇનો નિગ્રહ કરવો રૂડું છે.

એમ વિચારી સુમતિપ્રધાનને બોલાવીને કહ્યું કે, એનો નિગ્રહ કરો. પ્રધાને એ કામથી અત્યંત વાર્યો તેથી રાજા મૌન કરી રહ્યો અને પોતાના માણુસોને છાના કહ્યું કે રાત્રે ઘરનાં વચલે માર્ગે આવતો જેણુ દેખો, તેને મારી નાંખજો. તેમાં કાંઈ વિચાર કરશો નહી. તે વાત ચાકરે પ્રમાણુ કરી અને રાજાએ તે ચાકરોને છાના ઉભા રાખ્યા.

હવે રાજાએ રાત્રિને સમયે રાજકુમારને બોલાવવાને પુરૂષ મોકલ્યો. તેણે જઈ કુમારને કહ્યું કે હમણાં કાંઇ પ્રયોજન છે માટે રાજા મધ્ય માર્ગે થઈ ઉતાવળા તમને તેડાવે છે. તે સાંભળી ખડ્ગ લેઇ ઢાલીયાથકી કુમાર ઉતર્યો. તેને સ્ત્રીએ છેડો ઝાલીને કહ્યું કે સ્વામિન્! તમે ડાહ્યા છો, નીતિના જાણુ છો, તો કોઇનો વિશ્વાસ કરી આવી અંધારી રાતે એકલા કેમ જાઓ છો, ॥ યતઃ ॥

काके शौचं द्यूतकारेषु सत्यं, क्लीबे धैर्यं मद्यपे तत्वचिंता, ।
सर्पे क्षांति स्त्रीषु कामोपशांतिः राजा मित्रं केन दृष्टं श्रुतं वा ४३

હે સ્વામિન્ ! તમારા કામમાં તમારો મિત્ર સજ્જન સાવધાન છે માટે એને મોકલો. તે સાંભળી કુમાર હર્ષ પામી આંગણે સુતો જે સજ્જન પાપી તેને બોલાવીને મોકલ્યો. તે પણુ હર્ષ પામતો જાય છે એટલે માર્ગમાં વચમાં તેને રાજપુરૂષે મારી નાંખ્યો. ઉખાણો સાચો થયો. જે "स्वशस्त्रं स्वं घातयति" । તે વખતે કલકલાટ શબ્દ થયો. તેને મરેલો જાણીને સ્ત્રી કુમારને કહેવા લાગી 'હે મહારાજ મારૂં કહ્યું ન માન્યું હોત, તો મારી શી ગતિ થાત ? પછી કુમાર પણુ રાજાનું કપટ જાણી સૈન્ય સહિત સંનદ્ધ થઇ નગર બહાર નીકળ્યો. રાજા પણુ કોપાટોપે યુદ્ધ કરવા બહાર નીકળ્યો. ત્યારે પ્રધાને ઘણી ઘણી વાતો કહી રાજાને સમજાવ્યો, કે હે રાજન્ । અવિચાર્યું કામ ન કરીએ. એતો ગુણવંત છે. માટે પરીક્ષા કરો.

ત્યારે રાજા બોલ્યો 'તમે સારૂ કહ્યું, તો હવે તમે જ જાઓ અને સર્વ ખબર લાવો. 'તે પ્રધાન પણુ કુમાર પાસે આવીને પૂછવા લાગ્યો કે તમારી જાતિ કહો ! કુમારે કહ્યું કે મારી ભુજા તમને

જાતિ અને કુલ કહેશે. પ્રધાને કહ્યું કે તમે તો ગુણે કરી ગુણવંત છો, તે અમે જાણીએ છીએ. પણ દુષ્ટ પાપીએ રાજાને વિરુદ્ધ કહીને શંકા ઉપજાવી છે. તે માટે તમને પગે લાગીને કુળ પ્રમુખ પૂછીએ છીએ. ત્યારે તે કુમારે પોતાની સર્વ વાત જણાવી. તે સાંભળીને સહુ હરખાયા.

રાજાએ શ્રીવાસ નગરે પોતાનો દૂત મોકલ્યો. તે રાજા પણ સમાચાર વાંચી પ્રથમ પુત્ર મરણના સમાચાર સાંભળ્યા હતા, તે પાછો જીવતો સાંભળીને ઘણો હર્ષ પામ્યો. જિતશત્રુ રાજાનો ઉપકાર માન્યો. જે એને મારા પુત્રને ઘેર રાખ્યો. પછી તે નરવાહન રાજાએ ભેટણું આપીને પોતાના પ્રધાનને જિતશત્રુ રાજાની પાસે મોકલ્યો. પ્રધાને જઈ યથાર્થ વાત કહી, તે સાંભળી રાજા વિચારવા લાગ્યો કે, અજ્ઞાને કરી મહા અનર્થ કર્યો હોત તો કેવું પરિણામ થાત ? એમ વિચારી ઘણી લજ્જા પામીને પોતાનો અપરાધ ખમાવતો કુમાર પ્રત્યે કહેવા લાગ્યો કે, અર્ધ રાજ્ય મેં આજે તમને આપ્યું. પછી કુમારની ઈચ્છા ન હોવા છતાં પણ ઘણાં આગ્રહપૂર્વક કુમારને રાજ્યાભિષેક કરીને રાજા પોતે તપોવનમાં જઈ તપ કરવા લાગ્યો.

હવે તે લલિતાંગકુમાર પુણ્યે કરી ઘણો શોભતો હતો. યતઃ

पुण्याद्‌वाप्यते राज्यं, पुण्याद्‌वाप्यते जयः ।
पुण्याद्‌वाप्यते लक्ष्मी, र्यतो धर्म स्ततो जयः ॥१॥

હવે તે લલિતાંગ કુમાર પોતાનું રાજ્ય સારા મંત્રીશ્વરને સોંપીને પુષ્પાવતી રાણી સહિત પ્રધાનાદિક પરિવારને સાથે તેડી નગર લોકોની રજા લઈને અવિચ્છિન્ન પ્રયાણે પોતાના પિતા પાસે આવ્યો. પિતાએ આડંબરપૂર્વક પ્રવેશ મહોત્સવ કર્યો. પિતા પુત્રે પરસ્પર ઘણા સ્નેહના વચન કહ્યા. પછી કુમારે કહ્યું કે હે સ્વામી ! ચંપાનું રાજ્ય કોઈક સામંતને મોકલી તમારે આધીન કરો. તેને પિતાએ કહ્યું 'તહારૂ રાજ્ય લેવે સર્યું. તેં તો સામું મારૂં કુળ અજવાળ્યું.'

હવે એક દિવસ પિતા કહેવા લાગ્યા કે, હે પુત્ર ! આ રાજ્ય

તથા પ્રજા પ્રમુખને તમે પાલન કરો. હું ચારિત્ર અંગીકાર કરીશ તે વાત, કુમાર ન માનવા છતાં પણ અતિ આગ્રહ કરીને ઘણા આડંબર પૂર્વક તેનો પિતાએ રાજ્યાભિષેક કર્યો. અને રાજા પોતે ગુણવાન્ આચાર્ય પાસે ચારિત્ર અંગીકાર કરી, આગમનો અભ્યાસ કરી ગીતાર્થ થયા. ગુરૂએ તેને યોગ્ય જાણી આચાર્યપદ આપ્યું. ઉગ્ર ચારિત્રનું પાલન કરતાં વિચરે છે. અને લલિતાંગ કુમાર પણ ન્યાય સહિત રાજ્ય પાલતો, ધર્મ આરાધતો, પ્રજાને સુખ આપતો વિચરે છે.

એવામાં એક દિવસે ઉદ્યાનપાલકે આવી રાજાને વિનંતિ કરી કે, હે મહારાજ ! નરવાહન રાજઋષિ ઉદ્યાનમાં સમોસર્યા છે. તે સાંભળી લાખ સોનામહોર વધામણી આપનારને આપી. અંતેઉર પરિવાર અને ચતુરંગી સેના સહિત ગુરૂને વંદન કરવા નીકળ્યો. ત્યાં આવીને વિધિ પૂર્વક વંદના કરીને ધર્મ સાંભળવા બેઠો.

ત્યારે મુનિએ પણ મહાવ્રત પ્રરૂપીને પછી શ્રાવકના સમ્યક્ત્વ મૂલ બાર વ્રત રૂપ ધર્મનો ઉપદેશ આપ્યો.

તે સાંભળી રાજાએ દૃઢચિત્તે સમકિત અંગીકાર કર્યું, પછી સાત ક્ષેત્રમાં ધન વાપરી, વિશેષ પ્રકારે સંઘની ભક્તિ કરી અનુક્રમે મણિ-સુવર્ણમય પગથીયાં, રંગમંડપ, સ્નાત્રમંડપ, નૃત્યમંડપાદિક ચોરાશી મંડપે સહિત એક દિવ્ય શિખરબંધ ચૈત્ય (દેરાસર) કરાવ્યું. તેમાં શ્રી ઋષભદેવ સ્વામીના બિંબની પ્રતિષ્ઠા કરીને સ્થાપિત કર્યા.

ત્યાં નિરંતર સ્નાત્રપૂજા કરતાં, અનુક્રમે વૃદ્ધાવસ્થા થઈ જાણીને પોતાના પુત્રને રાજ્યગાદીએ સ્થાપન કરી ચારિત્ર લીધું. છટ્ઠ-અટ્ઠમાદિ તપ કરતાં, ઉપસર્ગાદિકને સહન કરતાં અંતે અણસણ કરી દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ પામી, સકળ કર્મનો ક્ષય કરી, કેવળજ્ઞાન પામી, આત્મારામી મોક્ષે જશે. એ રીતે લલિતાંગકુમારની જેમ ધર્મથી ચલાયમાન થવું નહિ. એ કથા શ્રી પાર્શ્વનાથ ચારિત્રમાં છે.

હવે જે સત્વશાળી હોય, તે જ આપત્તિમાં સખાઈ થાય. તે માટે આપત્તિમાં સખાઇ થનારો બતાવે છે.

ते बंधवा जे वसणे हवंति ॥ (जे के,) જે પુરૂષ અથવા જે પ્રાણી (वसणे) કષ્ટ–આપત્તિને વિષે આપણા (हवंति के) હોય. અર્થાત્ કષ્ટ આપત્તિની વખતે જે આપણને સહાય કરે. (ते के.) તે પુરુષ અથવા તેજ પ્રાણી (बंधवा के.) બાંધવ કહીએ. અહીં પાઠાંતરે (वहंति) એવો પણ પાઠ છે. તે (वहंति के.) આપત્તિને વહે એટલે આપત્તિ નિસ્તાર કરે તે બાંધવ કહીએ. તે આપત્તિ એક દ્રવ્યથી અને બીજી ભાવથી એમ બે પ્રકારે જાણવી.

તેમાં દ્રવ્યથી આપત્તિ તે નિર્ધન થવું, કષ્ટ પામવું., રોગાદિ-પામવું, વહાલાનો વિયોગ, દુર્જનનો સંયોગ એ સર્વ દ્રવ્યઆપત્તિ કહીએ. અને ભાવઆપત્તિ તે દુર્ગતિયે જવું, ધર્મરહિત થવું તે ઇત્યાદિક આપત્તિમાંથી જે નિસ્તારે તેને બાંધવ કહિયે. એના ઉપર સિંહ તથા વસંત એ બે ભાઇનું દષ્ટાંત.

મગધદેશે મહાલય નામક ગામે એક સિંહ તથા બીજો વસંત એ નામે સગા ભાઈ વસે છે. તેને માંહો માંહે ઘણી પ્રીતિ છે. એક એક વિના રહી શકે નહીં. અનુક્રમે યૌવન અવસ્થા પામ્યા. સાથે જ ભણી, પૃથ્વીમાં ભમે, દ્રવ્યઉપાર્જે, ભોગવે, ખાએ પીએ, વસ્ત્ર વિલે-પનાદિ સર્વ સાથે જ કરે:

એક દિવસ લઘુ ભાઈની ભાર્યા ભર્તારને એકાંતે કહેવા લાગી કે તમે મુર્ખા દેખાવ છો. કેમ કે જે ઘરમાં વાત થાય છે, તેની પણ તમને ખબર નથી ? એમ સાંભળીને તે પણ ચમકયો કે આ તે શું કહે છે ત્યારે બોલ્યો કે તમારો મોટો ભાઈ મુખે મીઠો છે, પણ હૃદયે ધીઠો છે. પોતાની સ્ત્રીને કંકુ, વસ્ત્ર, ઘરેણાં તથા ખજુર પ્રમુખ સર્વ લાવી આપે છે અને દ્રવ્ય પ્રમુખ પણ ગાંઠે કરે છે તમને ઘણું શું કહું ? પણ એના ફળ આગળ જાણશો. ત્યારે વસંત બોલ્યો, રે પાપિણી ! આવા જુઠા સંભેડા શું લગાવે છે. કદાપિ જુગ પલટાય, તો પણ

મ્હારો ભાઇ એવો હોય નહી, તું બીજાના ઘરની જેમ અમારું ઘર ધૂલ મેળવવા તૈયાર થઈ છો. મ્હારી ભાભી મ્હારી માતા બરોબર છે, તે કદાપિ ખોટું કરે નહિ. તે સાંભળી સ્ત્રી મૌન ધરી રહી.

વળી એક દિવસ ફરી એમજ કહેવા લાગી, એમ દિવસે દિવસે કહેતાં થકાં એક દિવસ તેના ચિત્તમાં તે વાત બેસી ગઈ કે 'આ મ્હારી સ્ત્રી ખરૂં કહે છે.' ત્યારે તે સ્ત્રી બોલી કે, હે સ્વામિ ! તમને ભ્રાંતિ છે. તમે બાંધવ ઉપર રક્ત છો માટે કાંઇ દેખતા નથી. ॥ યતઃ ॥

रत्तो डुठो मूढो, केणइ वुग्गाहीउय जो पुरिसो ॥
देवेहिं, वि सयलेहिं, नरतिरिए पत्तियावेउ ॥ २ ॥

તે ભોજાઈ તો કૂડ કપટની કોથળી છે. મને નહાની જાણીને ઘરના સર્વ કામ કરાવે છે. દાસીની જેમ ગણે છે. અને મહોટો ભાઇ તને ચાકરની જેમ ગણે છે. અમે તને વળગ્યા છીએ. તો હવે શું કરીએ ? મૌન કરીને બેસી રહીએ છીએ. એવી વાતો સંભળાવીને ભંભેર્યો.

॥ यतः ॥ सुवंशनोप्य कृत्यानि, कुरूते प्रेरितः स्त्रिया ॥
स्नेहलं दधि मथ्नाति, पश्य मंथानको न हि ॥ १ ॥

હવે એક દિવસ મહોટો ભાઇ તે નાના ભાઇને કહેવા લાગ્યો કે 'મારો ભાગ વહેંચી આપો' ત્યારે અપૂર્વ વચન સાંભળીને મોટો ભાઇ બોલ્યો કે કોની સાથે તારે ભાગ વહેંચવો છે ? મારા વિના તારે કોણ છે ? જે કાંઈ તારૂં વિપરીત કર્યું હોય તે કહી દેખાડ. આ સર્વ લક્ષ્મી તારી છે. સુખે વિલસો ! ભોગવો ! તે સાંભળીને નાનો ભાઈ શરમાયો. પાછો ઘેર આવી સ્ત્રીને કહેવા લાગ્યો કે ભાઈ તો આ રીતે કહે છે. ત્યારે સ્ત્રી બોલી કે જે ધૂર્ત હોય તે એમ જ બોલે, માટે એવા વચને લલચાઇશ નહિ. જો તું મારું વચન નહિ માને તો હું જાણીશ કે તારી બુદ્ધિ ખસી ગઈ છે. તું ભોળો છે, પણ હાથમાં આવ્યું કોણ મૂકે ? તારે ચાકર થઇને રહેવું હોય

તો સુખે રહે, પણ હું તો દાસીપણું નહીં કરૂં. હું મારા પિયરમાં જઈને રહીશ.

એમ સાંભળીને વળી તેણે મોટા–ભાઇને જઇને કહ્યું કે ભાગ વહેંચી આપો. ત્યારે તેણે વળી પણ તેવા જ મીઠાં વચન કહ્યાં તે સાંભળીને તે પહેલાની જેમ શરમાયો. એમ વારંવાર સ્ત્રીના તથા ભાઈના વચને ડોલાયમાન ચિત્તવાળો થતો રહ્યો. પણ એક દિવસ તો આવી અડીને બેઠો કે 'આજ તો ભાગ આપશો ત્યારે જ ઉઠીશું' એમ સાંભળીને મોટા ભાઈએ વિચાર્યું કે જગતમાં સ્ત્રી તો ઘણી વાત છે. સ્ત્રીથી સર્વ હેઠું છે એણે બધું ઘર ખરાબ કર્યું.

अनृतं साहसं माया, मूर्खत्वमतिलोभता ॥
अशौचं निर्दयत्वं च, स्त्रीणां दोषाः स्वभावजाः ॥ १ ॥

ઇત્યાદિ વિચારીને ઘરબાર પ્રમુખ સર્વ દ્રવ્ય તેણે વહેંચી આપ્યું. તે લઈ નાનો ભાઈ બહાર નીકળ્યો.

હવે થોડા દિવસમાં નાનો ભાઈ સર્વ લક્ષ્મીનો નાશ કરીને ખાલી થયો. મોટાભાઈએ વળી નવી લક્ષ્મી ઉપાર્જન કરી, ત્યારે નાનો ભાઈ મોટા ભાઇને કહેવા લાગ્યો કે, તમે જુદી ગાંઠે રાખી મૂકી હતી. માટે તેમાંથી મને આપો, ત્યારે પણ મોટાભાઇએ લક્ષ્મી આપી. એમ વારંવાર માંગે ત્યારે મોટો ભાઇ વારંવાર લક્ષ્મી આપે. વારંવાર નાનાભાઈની લક્ષ્મી ખુટે તેથી લોકો સર્વ તે નાનાભાઈની ઘણી નિંદા કરે. અને મોટોભાઈ તો ઘણો સ્નેહ ધરે, મીઠે વચને બોલાવે, એમ ઘણો વખત લક્ષ્મી લેવાથી નાનોભાઇ શરમનો માર્યો પછી માગી તો શક્યો નહિ, પરંતુ વૃદ્ધભાઇ ઉપર દ્વેષ ધરતો, બીજા ગામ નગરને વિષે ભમતો ફરે, પણ લેશ માત્ર કમાય નહિ. પછી નિર્ધન થવાથી મલિન વસ્ત્ર પહેરતો, ભૂખે મરતો પાછો પોતાને ગામ આવ્યો. મોટાભાઈ ઉપર છરી કાઢી મારવા દોડયો. ભાઇએ તે ઘાત બચાવી લીધી. મનમાં વિચાર્યું કે ધિક્કાર પડો સંસારને ? જે સગો ભાઈ થઇને પણ આવું અકાર્ય કરે છે. ઇત્યાદિ ચિત્તમાં વૈરાગ્ય લાવી ગામ મૂકીને બહાર નીકળ્યો.

નિક ત્યાં પાંચ સમિતિએ સમિતા, મહા સમતાના સ્વામી, જિતેન્દ્રિય, આત્મસાધન કરતા કોઈ મુનિરાજને જોયા. તેમની પાસે ધર્મોપદેશ સાંભળીને ચારિત્ર લઈ પાળીને સૌધર્મ દેવલોકે દેવતા થયો. નાનો ભાઇ પણ તાપસી દીક્ષા લઈ પાળીને જ્યોતિષી દેવતા થયો. ત્યાંથી સંસારમાં રઝળ્યો, અને અનુક્રમે અચલ નામે નગરની બહાર બહુશાલ નામે ઉદ્યાનમાં કાળો વિકરાળ સર્પ થયો.

એવામાં મોટાભાઈ સિંહનો જીવ દેવલોકના સુખ ભોગવીને ગજપુર નગરને વિષે સુરેન્દ્ર નામે રાજાનો વસુધર નામે પુત્ર થયો. તે મહા ગુણવંત, સુમતિવંત, ન્યાયવંત સર્વ લોકોને પ્રિય એવો થયો. અનુક્રમે યૌવનવય પામેલા કોઈક સાધુ દીઠા કે તત્કાલ જાતિસ્મરણ જ્ઞાન ઉપન્યું. પાછલો સિંહ ભવ સાંભર્યો. હર્ષ સાથે વૈરાગ્ય પામ્યો. પછી શ્રી ગુણધર નામે કેવલી પાસે દીક્ષા લીધી. ત્યાં કેવલી ભગવાનને નાના ભાઈનો સંબંધ પૂછયો. કેવલી ભગવંતે સર્વ સંબંધ સંભળાવ્યો. ત્યારે સર્પનો ભવ સાંભળીને મહા વૈરાગ્ય થયો. અનુક્રમે તે વસુધર નામે મુનિ ચૌદ પૂર્વ ભણ્યા. તેમણે આકરા તપો તપ્યા. અને સંયમમાં તત્પર રહેતાં અવધિજ્ઞાન ઉપન્યું. વળી શુભ અધ્યવ–સાયે વર્તતાં મનઃપર્યવજ્ઞાન ઉપન્યું, ત્યારે આચાર્યે યોગ્ય જાણી આચાર્યપદ આપ્યું. તે વસુધર આચાર્ય વિહાર કરતા તે સર્પને પ્રતિબોધવા બહુશાલ વનમાં પધાર્યા. તે સર્પને ધર્મ સંભળાવ્યો તેથી વૈરાગ્ય પામ્યો. સર્પને જાતિસ્મરણ જ્ઞાન ઉપન્યું. ધર્મ ઉપર પ્રતીતિ થઈ આવી કે તે વેળા અનશન સ્વીકાર્યું. પાંચ દિવસ અનશન પાળી સમાધિએ કાલ કરીને સૌધર્મ દેવલોકે દેવતા થયો. અનુક્રમે સિદ્ધિ વરશે. આ કથા ભવભાવના વૃત્તિમાં તથા નેમિ ચરિત્રમાં જોવી.

તે માટે ભાઈ તે એવા હોય જે દ્રવ્ય અને ભાવ રૂપ બન્ને આપદામાં પણ ઉભા રહે અને નિસ્તાર પમાડે. ઇતિ સિંહ વસંત કથા.

ઇતિ શ્રી સકલ સભા ભામિની ભાલ સ્થલ તિલકાયમાન પંડિત શ્રી ઉત્તમ વિજયગણિ શિષ્ય પંડિત પદ્મવિજય ગણિકૃત બાલાવબોધે ગૌતમ કુલક પ્રકરણે બીજી ગાથામાં સાત ઉદાહરણો સમાપ્ત.

હવે ત્રીજી ગાથાનો સંબંધ લખીએ છીએ. બીજી ગાથામાં ચારે પદ સંસાર નિસ્તાર થવાના કહ્યાં. હવે ત્રીજી ગાથામાં સંસારમાં જે રઝળાવે છે તે કોણ ? તો કે ક્રોધાદિક કષાય રઝળાવે છે, માટે ક્રોધાદિકનું સ્વરૂપ કહે છે. તેમાં પણ યદ્યપિ અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, અને પ્રત્યાખ્યાની એ ત્રણ કષાયની ચોકડીઓ તે તે ગુણઠાણાને અનુક્રમે સાથે જાય છે. તથાપિ સંજવલન કષાય જે છે તે અનુક્રમે જયારે બંધમાંથી અને સત્તામાંથી જાય છે ત્યારે ચાર માંહેથી પ્રથમ ક્રોધ જાય છે. તે માટે આદિમાં ક્રોધનું સ્વરૂપ કહે છે.

॥ મૂળ ગાથા ॥

"कोहाभिभूया न सुहं लहंति, माणंसिणो सोयपरा हवंति, ॥
मायाविणो हुंति परस्स पेसा, लुद्धा महिच्छा नरयं उविंति ॥ १

अर्थ :- कोहाभिभूया न सुहं लहंति = એટલે જે પ્રાણી (कोहाभिभूया के) ક્રોધે કરીને अभिभूत એટલે વ્યાપ્ત થયેલા હોય તે પ્રાણી (सुहं के) સુખને (न लहंति के) ન પામે. અથવા કલ્યાણને પામે.

॥ अहे वयइ कोहेणं ॥ ઇતિ ઉત્તરાધ્યયન સૂત્ર વચનથી ॥

## તે ઉપર સૂર નામના વિપ્રની કથા કહે છે.

વસંતપુર નગરને વિષે કનકપ્રભ રાજા રાજ્ય કરે છે. તેને સોમજસા નામે પૂરોહિત છે. તે પૂરોહિતને સૂરનામે પુત્ર છે. તે ચૌદ વિદ્યામાં પ્રવીણ અને ડાહ્યો છે. પણ ઘણો ક્રોધી છે. અગ્નિની જેમ રાત દિવસ પ્રજલતો રહે છે સ્વભાવે જ કઠોરભાષી છે. રાજસભામાં પણ કડવા વચન બોલીને લોકો સાથે ઘણો કલેશ કરે છે. એક દિવસને પ્રસ્તાવે તેણે ક્રોધ કરતાં પિતાને ગળું મરડીને મારી નાખ્યો. તે દેખીને તેની માતા નાસીને પિયર જતી રહી. રાજાએ પણ તેને દુષ્ટ જાણીને પૂરોહિત પદવીથી ઉતારી મૂકયો. સદા રોષે રાતો રહે, પાડોશી સાથે પણ ઘણો ભયંકર કલેશ કરે. ॥यतः॥

क्रोधः परीतापकरः, सर्वस्योद्वेगकारकः ॥
वैरानुषंग जनकः, क्रोधः सुगति हंतृकः ॥ ॥१॥

હવે તે સૂરની સ્ત્રી ઘણી રૂપવતી છે, તેને જોઇને રાજા તે સ્ત્રીને લેવા માટે છિદ્ર જોયા કરે છે. એક દિવસ સૂર બ્રાહ્મણ પાડોશી સાથે લડયો. લડતાં થકી પાડોશીનું મસ્તક ફૂટયું, તેથી તે પાડોશી મરી ગયો. ત્યારે રાજાએ તેનું સર્વ દ્રવ્ય લૂંટી લીધું. સ્ત્રીને પોતાના અંતે ઉરમાં મૂકી અને સૂરને ત્યાંથી કાઢી મુકયો. ।।યતઃ।।

लवण समो नच्छि रसो, विन्नाण समो बंधवो नच्छि ॥
धम्म समो नच्छि निही, कोह समो वईरिओ नच्छि ॥ ॥१॥

માર્ગમાં તેણે ક્રોધે કરી તાપસી દીક્ષા લીધી. ત્યાં ઘણું અજ્ઞાન કષ્ટ કરીને અંતે 'જો આ તપનું ફળ હોય તો હું આ રાજાના વધનો કરનારો થાઉં. એવું નિયાણું કરી મરણ પામીને વાયુ કુમારમાં દેવતા થયો. ત્યાં પૂર્વ ભવના વૈરે કરીને નગર ઉપર ધૂળનો વરસાદ વરસાવ્યો. સમસ્ત નગર ધૂળમાં દાટી દીધું. ઇત્યાદિક પાપ કરી મરણ પામીને ડૂંબ થયો. ત્યાંથી કાળ કરી પહેલી નરકે નારકી થયો. પછી અનંતા ભવ ભમીને મગધદેશને વિષે, કોઇક ગામમાં પટેલ થયો. ત્યાં પણ મહા કષાયી થકો કષાય કરી ચૌટા વચ્ચે રાજા સાથે લડયો, ઉલ્લંઠ વચન બોલવા લાગ્યો. રાજાએ તે પટેલને વૃક્ષની શાખાએ બાંધીને ઉંધે મસ્તકે ટીંગાડયો. ।।યતઃ।।

अनुचित कर्मारंभ, स्वजनविरोधो बलीयसा स्पर्द्धा ।
प्रमदा जन विश्वासो, मृत्यु द्वाराणि चत्वारि ।।१॥

એવા અવસરને વિષે કેવળજ્ઞાની ભગવંત વિચરતા વિચરતા તે ગામને વિષે સમોસર્યા. રાજા પ્રમુખ સર્વ કેવલી ભગવંતને વંદન કરવા ગયા. ત્યાં કેવલી ભગવાને દયા ધર્મમય દેશના દીધી. ।।યતઃ।।

संतापं तनुते भिनत्ति विनयं सौहार्दमुत्सादय,
त्युव्देगं जनयत्यवद्यवचनं सूते विषं केवलम् ॥
कीर्तिं कृंतति दुर्मतिं वितरति, व्यहंति पुण्योदयं,
दत्तयः कुगतिं सहातुमुचितो, रोषः सदोषः सतांमू ॥ १ ॥

એવી દેશના સાંભળી દેશનાને અંતે રાજાએ પૂછયું, હે ભગવન્ ! શુરવીર સુભટે શું જીતવું ? કેવળી બોલ્યા : અંતરંગના કામ ક્રોધાદિક શત્રુ જીતવા. તેના વિપાક ઘણા ભયંકર છે. તે ક્રોધના વિપાક ઉપર સૂરના ભવથી વર્ણવીને તે ગામના પટેલને ટાંગ્યો છે ત્યાં સુધીનો સર્વ વૃતાન્ત કહી સંભળાવ્યો. તે કથા સાંભળીને ઘણા ભવ્ય પ્રાણી પ્રતિબોધ પામ્યા. તે માટે ક્રોધી પ્રાણી સુખ ન પામે.

આ સૂર વિપ્રની કથા ભવભાવના ગ્રંથમાં છે.

હવે બંધમાંથી તથા સત્તામાંથી ક્રોધ ગયા પછી માન જાય છે. માટે ક્રોધ પછી માનનું સ્વરૂપ કહે છે.

"माण सिणो सोयपरा हवंति ।। (माणंसिणो के.) જે પુરુષ માનવાળો એટલે અહંકારી હોય તે પુરૂષ (सोयपरा के.) શોચ કરવાને વિષે તત્પર (हवंति के०) હોય છે. અથવા માન કરનારો–અહંકાર કરનારો પુરૂષ શોકના પરાભવને પામે. એટલે માની પુરૂષને શોચ કરવો પડે, એ ભાવ. ।। યતઃ ।।

पावंति जइ अयसं, उ मायं अप्पणो गुणब्भंसं ।।
उवदंसणीणो अ जणे, हुंति अहंकारिणो जीवो ।। २ ।।

તે માન કષાય ઉપર ઉજ્ઝિત કુમારનું દૃષ્ટાંત કહે છે.

નંદિપુર નગરે વિષે રત્નસાર નામે રાજા રાજ્ય કરે છે. તે રાજાને રૂપવતી–રંભા સરખી રંભા નામે સ્ત્રી છે. તેને પુત્રપુત્ર્યાદિક અપત્ય કોઇ જીવતા નથી, રહેતા. એકદા પ્રસ્તાવને વિષે પુત્ર આવ્યો. તેને જીવાડવાનો ઉપાય કરવા માટે સુપડામાં ઘાલીને ઉકરડે નાંખ્યો, પછી ઘડિ એકને આંતરે ત્યાંથી પાછો લીધો. તે દેવ સંયોગે જીવતો રહ્યો. એમ એકવાર ત્યાગીને ફરી પાછો લીધો માટે ઉજ્ઝિતકુમાર નામ રાખ્યું, તે યૌવન વય પામ્યો. પણ કોઇ જાતિ સ્વભાવે ઘણો અહંકારી હોવાથી કોઇને નીચો નમે જ નહિ. સ્તબ્ધનો સ્તબ્ધ રહે. ।।યતઃ।।

नमन्ति सफला वृक्षा, नमन्ति कुलजा नराः ।।
शुष्कं काष्टं च मुर्खाश्च, न नमन्ति भजन्ति च ।। १ ।।

તે સર્વ જગતને તૃણ બરાબર ગણે છે. અનુક્રમે તેને ઉપાધ્યાયની પાસે ભણવા મૂકયો. પરંતુ તે ઉપાધ્યાયને પણ વંદન કરે નહિ. એક દિવસ ઉપાધ્યાયને તમાચે તમાચે મારીને હેઠો નાંખ્યો. તિરસ્કાર કર્યો. તે વાત રાજાએ સાંભળીને પુત્રને ઘણો તિરસ્કાર કર્યો અને શિખામણ દીધી ॥ યતઃ ॥

मदंय मानमतंगजदर्प्पं, विनय शरीरविनाशन सर्प्पम् ।
क्षीणो दर्प्पाद्दशवदनोपि, यस्य न तुल्यो भुवने कोऽपि ॥२॥

તે પણ રાજાની શિક્ષા ન માની ત્યારે વિષનો અંકુરો જાણી તર્જના કરી કાઢો મૂકયો ॥ યતઃ ॥

घणं धणाण मूलं, जाय मूलं सुहाण सयलाणं ॥
विणओ गुणाण मूलं, दप्पो मूलं विणासाणं ॥ १ ॥

તે વારે તે ફરતો ફરતો તાપસના આશ્રમે આવ્યો. પણ તાપસને મસ્તક નમાવે નહિ. ત્યારે તાપસે જાણ્યું કે એ અવિનીત છે. માટે અમારા કામનો નહિ. તેથી તાપસે પણ તેને કાઢી મૂકયો. હવે માર્ગમાં ચાલ્યા જતા સામો સિંહ આવતો દેખીને અહંકારે ભરાયો. ત્યાંથી ખસે નહિ. તેને સિંહે ફાળ દઇ મારી નાખ્યો. મરીને ગધેડા (ગર્દભ) થયો. તિહાં ઘણી તાડના તર્જના ખમતાં ભવ પૂરો કર્યો.

ત્યાંથી મરીને નંદિપુર નગરને વિષે પૂરોહિતનો પુત્ર થયો. સર્વ વિદ્યા ભણી શાસ્ત્રનો પારંગામી થયો. પણ અહંકારી ઘણો હતો માટે ત્યાંથી મરણ પામીને ડૂંબ થયો. તિહાં તે ડૂંબને જ્યારે પાછલા ભવનું પૂરોહિતનું કુટુંબ દેખે ત્યારે તેમને ઘણો રાગ ઉપજે. એવા અવસરમાં ત્યાં કેવળી ભગવાન પધાર્યા. તેમને પુરોહિતનું કુટુંબ વાંદવા ગયું. વાંદીને બેઠા, કેવળી ભગવાને દેશના દીધી.

॥ यतः ॥ बलिभ्यो बलिनः सन्ति, वादिभ्यः सन्ति वादिनः ॥
धनिभ्यो धनिनः सन्ति, तस्माद्दर्पं त्यजेत् बुधः ॥१॥

ઇત્યાદિક દેશના સાંભળીને પૂરોહિતનું કુટુંબ પૂછવા લાગ્યું. હે ભગવન્ ! અમે ઉત્તમ જાતિના કહેવાઇએ છતાં અમને એ ડૂંબ

ઉપર ઘણો સ્નેહ ઉત્પન્ન થાય છે તેનું શું કારણ છે ? ત્યારે કેવળી ભગવંતે ઉજ્ઝિતકુમારના ભવથી સંબંધ કહી દેખાડયો. તે સાંભળીને રાજા પ્રમુખ અનેક ભવ્ય પ્રાણીઓ દીક્ષા લઇ મોક્ષે પહોંચ્યા. તે ડૂંબ ઘણો શોચ કરવા લાગ્યો. અનુક્રમે તે ડૂંબ સમતા અંગીકાર કરી મોક્ષે જશે.

માન ઉપર ઉજ્ઝિતકુમારની કથા કહી ।। इति भव भावनायां ।।

માનનો બંધ ગયા પછી માયાનો બંધ જાય છે. તે માટે હવે માયા વિષે કહે છે.

॥ मायाविणो हुंति परस्स पेसा, જે પ્રાણી (मायाविणो के,) માયાવી હોય, તે પ્રાણી આ ભવે કે પરભવે (परस्स के.) પારકા (पेसा हुंति के.) ચાકર થાય છે. એટલે કપટી પ્રાણી આ ભવે કે પરભવે પારકો દાસ થાય તિહાં આ ભવ આશ્રયી શેઠની પુત્રી પદ્મિનીની કથા કહે છે.

વણારસી નગરીમાં કમઠ નામે શેઠની પદ્મિની નામની પુત્રી છે, તે પુત્રી મહા માયાનું ઘર છે. માતા-પિતાને કૂડ-કપટ-વિનયે કરીને રીઝવે છે. માતા પિતાને તેના ઉપર ઘણો રાગ છે. એક ક્ષણ માત્ર પણ પુત્રીનો વિયોગ ખમી શકતા નથી. તે પુત્રી જ્યારે યૌવન અવસ્થામાં આવી ત્યારે કોઇ ચંદ્ર નામે પરદેશી વાણીયાને ઘેર જમાઇની પૃચ્છા —ઓળખાણ કરી પરણાવીને ઘેર રાખ્યો. એમ કરતા પદ્મિનીનો બાપ મરી ગયો. ત્યારે ઘરનો ધણી ચંદ્ર થયો. અને પદ્મિની નિરંકુશ થઇ. ભર્તારને પણ કપટ વિનયે કરી રીઝવીને અન્ય પુરુષ સાથે અનાચાર સેવવા લાગી. તેનો પતિ જાણે કે એ મહાસતિ છે. એકદા તે પદ્મિનીએ પુત્ર પ્રસવ્યો. ત્યારે વિચાર્યું કે જો એ બાળકને હું સ્તનપાન કરાવીશ તો માહરા સર્વ અવયવ શિથિલ થશે, અને શરીર પણ નિર્બલ બનશે. ત્યારે વિષયનો સ્વાદ જતો રહેશે. એમ વિચારીને પુત્રને ધવરાવે નહીં. ભર્તારને કહેવા લાગી કે હે સ્વામી ? આજ પર્યંત મારે કોઈ પુરુષનો હાથ અડયો નથી, તો હવે આ બાળકને સ્તનપાન કેમ કરાવું ? ભર્તારે તેની સર્વ વાત સાચી માની. અને એક ધાવમાતા રાખી.

એકદા તે ચંદ્ર પોતાને હાટે બેઠો વ્યાપાર કરે છે, એવામાં એક તરૂણ બ્રાહ્મણ તેની દુકાને આવી બેઠો, તે સમયે બ્રાહ્મણને માથે છાજ (છજ) ઉપરથી એક તરણું પડયું. ત્યારે ચંદ્રે તેના મસ્તક ઉપરથી તરણું લીધું. એટલે તે બ્રાહ્મણે પોતાની કેડે કટારી હતી તે કાઢીને પોતાનું મસ્તક છેદવા માંડયું, શેઠે તેને પરાણે ઝાલી રાખ્યો, કે અરે ભૂંડા ! તું આ શું કામ કરે છે ? શા માટે મસ્તક છેદન કરે છે ? અમારો શો અપરાધ છે ? ત્યારે વિપ્ર (બ્રાહ્મણ) બોલ્યો કે, હે શેઠ તમારો કાંઇ વાક નથી. પણ મેં આ જન્મથી માંડીને કોઇનું (તરણું) તૃણમાત્ર પણ અદત્ત લીધું નથી અને આજ મારે મસ્તકે તરણું લીધું, માટે મારા વ્રત નિયમનો ભંગ થયો.

તે સાંભળી ચંદ્રશેઠે વિચાર્યું કે, મારી સ્ત્રી સતી છે. અને આ બ્રાહ્મણ, નિર્લોભી, બ્રહ્મચારી મારા ઘર યોગ્ય છે. એમ વિચારી શેઠ ઘણો જ આગ્રહ કરી તેને પોતાને ઘેર તેડી આવ્યો. અને કહ્યું કે હવે મારે ઘેર રહેજો. કયાંય જશો નહિ. એમ કહીને તેને પોતાને ઘેર રાખ્યો.

હવે શેઠને ઘરની ફીકર ટળી માટે નિશ્ચિંત થયો. હવે તે સ્ત્રીને તે વિપ્ર (બ્રાહ્મણ) સાથે વાતચીત કરતાં, વસ્ત્ર અશનાદિ આપતાં લેતા પરિચય થયો. તેથી પરસ્પર અનાચાર સેવવા લાગ્યાં.

॥ यतः ॥ अन्यं मनुष्यं हृदये निधाय, अन्यं नरं दृष्टिभिराह्वयंति ॥
अन्यस्य दत्त्वा वचनावकाशं, अन्येन सार्धं रमयंति रामाः ॥

એકદા તે ચંદ્રશેઠ કુસુમપુર નગરે ગયો. તે નગરની બહાર એક ઉદ્યાન છે, તેમાં એક પંખી નિશ્ચેષ્ટ કાષ્ટની જેમ પડયો રહે છે. લોકો તે પંખીને તપસ્વી જાણીને પૂજે છે. જ્યારે પૂજક લોકો જતા રહે ત્યારે તે પંખી, બીજા પક્ષીઓ જે ચુણ કરવા ગયા હોય તેમના માળામાં જઇને ઈંડા ભક્ષણ કરી જાય છે. વળી અવસર થાય એટલે તે પોતાને સ્થાને આવી બેસી જાય. એવો વૃત્તાંત ચંદ્રશેઠે નજરે

જોયો. વળી ચંદ્ર શેઠ પોતાના સેવકને સાથે લઈ શરીર ચિંતાએ ગયો છે. ત્યાં એક વૃક્ષને આંતરે રહેલો તાપસ જોયો. તે ધુંસરા પ્રમાણ દ્રષ્ટિ દઈ ભૂમિને જોતો પ્રમાર્જના કરતો આવીને ત્યાં કાઉસ્સગ્ગમાં રહ્યો. એવામાં અનેક સખીએ પરિવરેલી રાજકન્યા ત્યાં ક્રીડા કરવા આવી. તે કન્યા સખીઓનું ટોળું મૂકીને તાપસને જોવા આવી. તેને એકલી જાણીને તાપસે તેનું ગળું મરડી, આભરણ ઉતારી, લઇને ધરતીમાં દાટયાં. કુમરીને મારીને એક ખાડામાં દાટી, પોતે અન્ય સ્થાનકે જઇ કાઉસ્સગ્ગમાં ઉભો રહ્યો. એ સર્વ વાત ચંદ્ર-શેઠ દૂરથી દેખીને પોતાને ઉતારે આવ્યો. રાજાએ પોતાની પુત્રીની શોધ કરી પણ તે મળી નહિ. તે સાંભળી રાજાએ પડહ વજડાવ્યો કે જે મારી પુત્રીની શોધ કરી આપશે તેને હજાર સોનૈયા આપું. તે સાંભળી ચંદ્રશેઠના સેવકે રાજાને વાત સંભળાવી. રાજાએ તાપસને પકડીને મારી નાખ્યો.

હવે ચંદ્રશેઠે વિચાર્યું કે અહો ! આજ મેં બે મોટા આશ્ચર્ય જોયા. જેમ અતિ આચાર, તેમ અતિ કપટ દીઠું. ! તેમ મારી સ્ત્રીમાં પણ અતિ આચાર હતો, કે જેણે પોતાના પુત્રને પણ ધવરાવ્યો નહિં અને બ્રાહ્મણ પણ અતિ આચારી હતો, કારણકે તે પણ એક તરણા માટે માથું જ કાપી નાખતો હતો, તે માટે રખે એ બેઉ જણામાં પણ અનાચાર હોય ?

॥ यतः ॥ अइलज्जा अइमाणं, अइजीयालोयणं, च अइभीरू ॥
पुरिसस्स महिलिआए, न सीलसुद्धस्स लिंगाइं ॥१॥

તે માટે એકવાર ઘેર જઈ પરીક્ષા કરૂં, ત્યારે મારો સંદેહ ભાંગે. એમ વિચારી ઘેર જવા ઉજમાળ થયો. સર્વ કરિયાણા પ્રમુખ લઇને વણારસીએ આવ્યો. રાત્રીએ સર્વ સાથ બહાર મૂકી પોતે એકાકી જ પ્રચ્છન્ન (ગુપ્ત) પણે ઘેર આવ્યો. ત્યાં જે રીતે કોઈ છિદ્રાદિકે કરી સર્વ વસ્તુ જણાય એવે સ્થાને રહ્યો. જુવે છે તો પોતાની સ્ત્રીને બ્રાહ્મણ સાથે સ્વેચ્છાયે નિઃશંકપણે વિવિધ પ્રકારની ક્રીડા કરતી જોઈ. ત્યારે શેઠથી સ્થિર રહેવાયું નહિ. ॥યતઃ॥

बालेना चुंबिता नारी, ब्राह्मणस्तृण हिंसक ॥
काष्ट भूतो वने पक्षी, जीवानां रक्षको व्रती ॥१॥
आश्चर्याणि च चत्वारि, मयापि निजचक्षुषा ॥
दृष्टान्यहो ततः कस्मिन् विश्रब्धं क्रियतां मनः ॥१॥

એવા ભર્તારના વચન સાંભળીને તે પદ્મિની અનાચાર સેવતા અધવચ ઉઠીને ઉભી થઇ, અને બ્રાહ્મણને ઘરમાંથી બહાર કાઢયો. ચંદ્ર શેઠ પણ સ્ત્રીના માયા કપટનાં ચરિત્ર દેખીને મનમાં સંસારની અસારતા ભાવતો, સંસારથી પરાઙ્મુખ થયો થકો, પરમ વૈરાગ્યવંત થઈ સર્વ દ્રવ્ય સાત ક્ષેત્રમાં વાપરી સાધુ પાસે જઈ દીક્ષા લઇ તેજ ભવમાં કેવળજ્ઞાન પામીને મોક્ષે પહોંચ્યો.

બ્રાહ્મણ તથા સ્ત્રી પારકી ચાકરી કરતાં પણ દુઃખે પેટ ભરાય તેમ ચલાવતાં. તેમાં વળી સ્ત્રી તો વિશેષે પરાધીન રહેતી, તે બંને તથા કાષ્ટભૂત પંખી તથા તાપસ એ ચારે જણા મરણ પામી અનંતા સંસાર ભમશે.

॥यतः॥ जह जह वंचइ लोयं माईल्लो कूंडइय वचेहिं ॥
तह तह संचिणइ मलं, बंधइ भव सायरं घोरं ॥१॥
(इति भवभावना वृत्तौ)

એ માયા કરવાથી આ ભવમાં તથા પરભવમાં પારકી સેવા પ્રમુખનું દુઃખ પામ્યા. તેમ વળી માન કરવાથી પરભવે ચાકર થાય.

## તે ઉપર વાણીયાની કથા કહે છે.

પશ્ચિમ મહાવિદેહને વિષે બે વાણીયાને પરસ્પર ઘણી પ્રીતિ છે. મિત્રાઈ છે. પણ તેમાં એક તો માયાનું મંદિર છે. અને બીજો છે તે સરળ સ્વભાવી છે. તથાપિ બેઉ જણ ભેગો વ્યાપાર કરે છે. તેમાં જે માયાવી છે, તે સરળને ઘણું ઠગે છે. અને સરળ વાણિયો તેનાથી કાંઇ પણ નહિ ગોપવતા સમ્યક્ રીતે વ્યાપાર કરે છે. એમ છે તો પણ બેઉને દાન દેવાની ઘણી રૂચી છે. અનુક્રમે તે બંને ભવ પૂરો કરીને જે સરલ સ્વભાવી હતો તે યુગલીયો થયો. અને જે

માયાવી હતો તે મરીને તેજ યુગલક્ષેત્રમાં વર્ણે ઉજળો ચાર દંતુશુળ વાળો હાથી થયો. તે અનુક્રમે મોટો થયો. તે વારે ફરતાં ફરતાં તેણે પેલું યુગલીયું જોયું. તેથી મનમાં ઘણી પ્રીતિ ઉપની. તેણે પૂર્વે ઘણી માયા કરી છે તેથી આભિનીયોગિક જનિત કર્મ ઉદય આવ્યું. ત્યારે તે યુગલિયાને સુંઢે કરી ખંધે બેસાડયું. તે દેખીને સર્વ યુગલિયાએ તેને સર્વથી અધિક જાણી તેનું વિમલવાહન એવું નામ દીધું. હાથીને જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું. ત્યારે જાણ્યું કે માયા કરવાથી હું દાસ થયો છું. એ સંબંધ આવશ્યક નિર્યુક્તિમાં છે. હવે માયા ગયા પછી બંધમાંથી તથા સત્તામાંથી લોભ જાય છે, માટે લોભ કહે છે.

लुद्धा महिच्छा नरयं उवंति. (लुद्धा महिच्छा के,

જે પ્રાણી લોભે કરીને મહા ઇચ્છાવંત હોય, તે પ્રાણી મરીને (नरयं उवंति) નરકને વિષે જાય. એટલે લોભની મહાઇચ્છાવાળો પ્રાણી નરકને વિષે ઉત્પન્ન થાય. ॥ लोहाओ दुहओ भयं ॥ (ઇતિ વચનાત્) અથવા લોભે કરીને મહા ઇચ્છાવાળો પુરુષ (रयं न उवंति के.) રતિ પ્રમુખ ન પામે. એટલે લોભી પ્રાણી સંતોષ કરીને બેસી રહી ન શકે.

## તે ઉપર કોણિક રાજાનું દ્રષ્ટાંત કહે છે.

ચંપાનગરીને વિષે શ્રેણિક રાજાનો પુત્ર કોણિક નામે છે. તે રાજા અનુક્રમે જ્યારે શ્રેણિક રાજા કાષ્ટપંજરમાં મરી ગયો ત્યારે નવી ચંપાનગરી વસાવીને રહ્યો. ત્યાં સર્વ હાથી, ઘોડા, લશ્કર અને ભાઈઓના પરિવાર સહિત રાજ્ય કરે છે.

એવામાં તેના લઘુભાઇ હલ અને વિહલ એવા બે નામે છે. તે સિંચાનક હાથી ઉપર બેસીને કાને કુંડલ તથા કંઠે હાર પ્રમુખ આભૂષણો તથા શુભ વસ્ત્રો પહેરીને બહાર જાય છે. તેમને દેખીને કોણિકની રાણી પદ્માવતી વિચારવા લાગી કે, એવા હાર, હાથી અને કુંડલાદિક મારે નથી. તેથી ચક્ષુએ રહિત મુખ સરખું આ રાજ્ય શા કામનું ? એમ ચિંતવી તે વાત ભર્તારને કહી. ત્યારે ભર્તારે કહ્યું કે એ વસ્તુ પિતાએ તેને આપેલી છે. એટલે દિવ્ય કુંડળ, તથા અષ્ટાદશ

ચક્રહાર, અને સિંચાનક હાથી એટલા વાના શ્રેણિક રાજા જીવતા એમને આપેલા છે. તે મારાથી પાછા કેમ લેવાય ? પિતા પરલોકે ગયા માટે મારે તો એમની ઉલટી વિશેષ ખબર રાખવી ઘટે છે. એમ કહેવા છતાં પણ રાણીએ કહ્યું કે એ હાથી અને એ હાર તો મને અવશ્ય જોશે. એવો રાણીએ અતિ આગ્રહ કર્યે. છતે હલ-વિહલ પાસેથી, હાર વિગેરે માંગી લેવાનું કોણિકે કબૂલ કર્યું.

પછી એક દિવસ તે હારાદિક હલ-વિહલ પાસેથી ભાઇનો સ્નેહ મૂકીને કોણિકે માંગ્યા. ત્યારે હલ-વિહલે કહ્યું કે પ્રમાણ છે. એમ કહીને ઘેર જઈ વિચાર્યું કે, કોણિક બળવાન છે. માટે એની સાથે આપણું જોર ચાલશે નહિ. અને આપણી ઉપર એની નજર ભલી નથી. માટે આપણે બીજે સ્થાનકે જઇએ. એમ ચિંતવી પોતાનું અંતેઉર તથા હાર, હાથી પ્રમુખ સર્વ વસ્તુ લઇને રાત્રિએ ત્યાંથી નીકળીને વિશાલા નગરીએ આવ્યા. ત્યાં તેમના માતામહ ચેડા મહારાજા રાજ્ય કરે છે, તેણે પુત્રીના પુત્ર જાણીને રાખ્યા.

કોણિકે વિચાર્યું કે, એતો ધૂતારાની જેમ વિશ્વાસ દઇને જતા રહ્યા. તેથી ભાઈ પણ ગયા, અને વસ્તુ પણ હાથ ન આવી, હું ઉભયથકી ભ્રષ્ટ થયો. મેં સ્ત્રીનું કહ્યું કર્યું તે ખોટું કર્યું. હવે જો ભાઇને મનાવીને તેડાવું તો વણિકમાં તથા મારામાં શું અંતર ? એમ વિચારીને દૂત મોકલ્યો. તે દૂત ચેડારાજા પાસે જઇ એમ કહેતો હવો કે હલ તથા વિહલ એ બે ભાઇ, હાર અને હાથી પ્રમુખ લઇને નાશી આવ્યા છે તેને પાછા આપો. અને જો નહિ આપો તો રાજ્યાદિકથી ભ્રષ્ટ થશો. એક ખીલીને માટે આખું દેવકુલ ન પાડીએ.

ચેડારાજા બોલ્યા કે, જો બીજો પણ કોઈ શરણે આવ્યો હોય તો તેને ન આપું તો દોહિત્રાને તો કેમ આપું ? દૂત બોલ્યો જો સર્વ ન આપો તો એની પાસે હાર અને હાથી છે, તે લઇને આપો. ત્યારે ચેડારાજા બોલ્યા કે એ ધર્મ નથી કે એકનું ઉઠાવી બીજાને આપીએ, મારે કાંઇ કદાગ્રહ નથી પણ દોહિત્રા તમને કેમ અપાય ?

અને તેનો હાર હાથી પણ છીનવીને કેમ લેવાય ? તે સાંભળીને દૂતે ચંપાનગરીએ જઇ કોણિકને કહ્યું. કોણિક પણ તત્કાળ, ક્રોધારૂણનેત્રે કરીને જય ભંભા વગાડતો થકો તે સમયે કોણિકના કાલાદિક ઓરમાન દશે ભાઈ આવી હાજર થયા. તે એકેકને ત્રણ ત્રણ હજાર હાથી, ત્રણ ત્રણ હજાર ઘોડા, ત્રણ ત્રણ હજાર રથ, ત્રણ ત્રણ કોડી પાયદળ છે, તેમ કોણિકને પણ એટલું જ લશ્કર છે. એટલા લશ્કર સહિત ચેડા મહારાજ ઉપર ચઢાઈ કરી. ચેડા મહારાજા પણ અઢાર મુકુટ બંધ રાજા સહિત સન્મુખ આવ્યા. તે પણ એકેક રાજાને ત્રણ ત્રણ હજાર હાથી, ત્રણ ત્રણ હજાર ઘોડા, ત્રણ ત્રણ હજાર રથ, તથા ત્રણ ત્રણ ક્રોડ પાયદલ છે. અને એટલું જ ચેડા મહારાજાનું પણ લશ્કર છે. તે સર્વ મળી સત્તાવન હજાર હાથી, સત્તાવન હજાર રથ, સત્તાવન હજાર ઘોડા અને સત્તાવન ક્રોડ પાયદલ એટલું સૈન્ય એકઠું થયું. અને કોણિક પણ સર્વ મળી તેત્રીશ હજાર હાથી, તેત્રીશ હજાર ઘોડા, તેત્રીશ હજાર રથ અને અને તેત્રીશ ક્રોડ પાયદળ એટલું લશ્કર લઈ વિશાલાએ આવ્યો. તેણે કાલકુમારને સેનાધિપતિ કર્યો. તે કાલકુમાર ચેડા મહારાજાના સૈન્ય સાથે લડતો લડતો અનુક્રમે ચેડા મહારાજાના હસ્તિની નજીક આવ્યો. કોઇનો હટાવ્યો હટયો નહિ. તે વેળાએ ચેડા મહારાજાએ એક દિવ્ય બાણ મૂક્યું. તેથી કાલકુમાર મરણ પામ્યો. ચેડામહારાજાની એક એવી પ્રતિજ્ઞા છે કે નિત્ય એક બાણ નાંખવું. તે અમોઘ બાણ પાછું ફરે નહિ માટે તે બાણ નિત્ય એક જ અગ્ર-સેનાનીને મારવા માટે નાખે.

તે સંગ્રામમાં પહેલે દિવસે રૂધીરની નદીઓ ચાલી. એવામાં સૂર્ય આથમ્યો. સંગ્રામ નિવર્ત્યો. બીજે દિવસે મહાકાલ લડાઇએ ચડયો. તે પણ એમ જ મરણ પામ્યો. એ રીતે દશે ભાઈ દશે દિવસે સેનાની થઈ સંગ્રામમાં મરણ પામ્યા. એ સંગ્રામનું વર્ણન લખવામાં ન આવે એવું જોરદાર થયું. હવે પોતાના દશે ભાઇ બરોબરીયા મરણ પામ્યા જાણીને કોણિક ચિંતવવા લાગ્યો, કે અમોઘ બાણનો

ધણી ચેડા મહારાજા એક બાણે કામ કરે એને મારાથી કેમ જીતાય ? એને ક્રોડો ગમે સુભટોથી પણ ન જીતાય. માટે મેં પણ એની શક્તિ નહિ જાણતા દશ ભાઈ ક્ષય પમાડયા. હવે જે દશ ભાઇની ગતિ તે મારી પણ ગતિ. જે માટે અગ્નિમાં બળ્યાનું ઔષધ અગ્નિ જ છે. પરંતુ કાંટે કાંટો નીકળે, હીરે હીરો વિંધાય. એ ન્યાયે–દેવતાઈ બાણને દેવતા જીતે એવું ચિત્તમાં ધારીને અઠ્ઠમતપ કરી બેઠો. એટલે ચમરેંદ્ર તથા સૌધર્મેંદ્ર એ બેઉ તપના પ્રેર્યા તથા પાછલા ભવના મિત્ર હતા તેથી ત્યાં આવ્યા. આવીને કોણિકને કહ્યું કે અમને કેમ સમર્યા છે ? કોણિક બોલ્યો :–ચેડારાજાને મારો. તે વારે શક્ર બોલ્યા ફરીને કાંઈક માંગો. ચેડા મહારાજા તો અમારો સાધર્મિક છે. માટે અમે એને મારીએ તો નહિ. પણ તારા શરીરની રક્ષા કરીશું. કોણિકે કહ્યું એમ જ હો ! ત્યારે ચમરેન્દ્રે મહાશિલા કંટક નામે સંગ્રામ વિકુર્વ્યો. તે સંગ્રામમાં બોર કાંકરો નાખે તો પણ સામાને મહા શિલાપણે થઈને પરિણમે. તથા બીજો રથમુશલ નામે સંગ્રામ વિકુર્વ્યો, તેમાં એક રથને મુસળું બાંધ્યું. તે રથ દેવશક્તિએ કરી સંગ્રામમાં સારથી વિના ફરે, તે રથ ફરતો જે આડમાં આવે તેને દળી નાંખે. જેને મુસળું લાગે તેના પ્રાણ જાય. એમ સુરેન્દ્ર અસુરેંન્દ્ર અને નરેન્દ્ર એ ત્રણે મળી ચેડા મહારાજા સાથે યુદ્ધ માંડ્યું. એવામાં નાગ નામે સારથીનો પુત્ર વરુણ નામે પરમ શ્રદ્ધાવંત, દ્વાદશ (બાર) વ્રતનો ધરનારો, છઠ્ઠ અઠ્ઠમના પારણાનો કરનારો, તેને છઠ્ઠને પારણે ચેડા મહારાજાએ હુકમ કર્યો. તે વખતે તે અઠ્ઠમનું પચ્ચખ્ખાણ કરીને મહાદુર્દ્ધર એવા રથમુસલ સંગ્રામમાં ઉતર્યો. તેની સામે કોણિકનો સેનાની પણ રથમાં બેસીને સન્મુખ આવીને બોલ્યો કે મારી ઉપર પ્રહાર કર. ત્યારે વરુણ બોલ્યો, હું શ્રાવક છું માટે નિરપરાધીને આગળથી પ્રહાર કેમ કરૂં ? તે સાંભળીને કોણિકનો સેનાની બોલ્યો કે. રુડું રુડું, વ્રત રાખ. એમ કહી કર્ણપર્યંત ખેંચીને સેનાનીએ બાણ મૂક્યું. તે વરુણને મર્મસ્થાનકે લાગ્યું. ત્યારે

વરુણે પણ લાલ લોચન કરી એક જ પ્રહારે તે સેનાનીને જમરાજાને ઘેર મોકલ્યો. પછી પોતાને પણ ગાઢો પ્રહાર મર્મસ્થાનકે લાગેલો જાણી રથમાંથી બહાર નીકળી તૃણનો સંથારો પાથરી તેની ઉપર બેસી વિચારે છે કે, મેં મારા સ્વામીનું કાર્ય તો કર્યું. પણ હવે મારે સ્વાર્થ સાધવાનો અવસર છે. એમ ચિંતવીને અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિભાષિત ધર્મ એ ચારનું શરણ કરી, સર્વ જીવોને ખમાવી, સર્વ જીવ સાથે મૈત્રીભાવ રાખી, અઢાર પાપસ્થાન જે સેવ્યા હોય તે વોસિરાવી, ચારે ગતિને વિષે જે દુષ્કર્મ કર્યા હોય તે સર્વ ત્રિવિધે ત્રિવિધે વોસિરાવી શ્રી વીરસ્વામીને નમસ્કાર કરતો થકો, ચારે આહારના પચ્ચખ્ખાણ કરી, નવકારમંત્રના ધ્યાનમાં તત્પર થઈ રહ્યો.

એવામાં વરુણનો મિત્ર જે મિથ્યાદૃષ્ટિ છે તે સંગ્રામથી બહાર આવી વરુણને કહે છે. કે જેનું તમને શરણું તેનું મને પણ શરણું હોજો. એમ બેઉ જણે સમાધિમાં કાળ કર્યો. તેમાં વરુણ તો સૌધર્મ દેવલોકે ઉપન્યો. ત્યાં ચાર પલ્યોપમનું આયુષ્ય ભોગવીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યાવતાર પામીને મોક્ષે જશે. મિથ્યાદૃષ્ટિ જે વરુણનો મિત્ર હતો તે મરીને મનુષ્યપણે ઉપન્યો. તે પણ ફરી મહાવિદેહમાં મનુષ્ય થઈ મોક્ષે જશે.

હવે વરુણનો ક્ષય થયો જાણી ચેડારાજાના સુભટ તથા અઢાર ગણ રાજા મળી બમણું યુદ્ધ કરવા માંડયાં. ત્યારે કોણિક પોતાનું બલ ભાંગ્યું જાણીને પોતે રણસંગ્રામમાં લડવા ચઢયો. તે લડતો લડતો ચેડા મહારાજાની નજીક આવ્યો. ત્યારે ચેડા રાજાએ પણ તેની ઉપર દિવ્ય બાણ મૂકયું. તે વેળાએ ઇંદ્રે કોણિકના મુખ આગળ વજ્ર કવચ કર્યું, અને ચમરેન્દ્રે પછવાડે લોઢાનો સંનાહ (બખ્તર) કર્યો. તેથી ચેડા રાજાનું બાણ તો અમોઘ હતું પણ નિષ્ફળ ગયું. તે દેખીને ચેડા મહારાજાના સુભટોએ વિચાર્યું કે આપણા સ્વામીનું પુણ્ય ખૂટયું દેખાય છે. ચેડારાજાને બીજું બાણ ન મૂકવું એવી

પ્રતિજ્ઞા હોવાથી બીજું બાણ કોણિકની ઉપર ન મૂક્યું. સંગ્રામથી નીકળીને પાછો ઠેકાણે આવ્યો. બીજે દિવસે પણ એ જ રીતે બાણ ખાલી ગયું. એમ દિન દિન પ્રત્યે બન્ને જણનું પરસ્પર ઘોર યુદ્ધ પ્રવર્ત્યું. બેઉના લશ્કરમાં થઈને એક ક્રોડ ને એંશી લાખ મનુષ્યનો ક્ષય થયો. તે સર્વ નરક અને તિર્યંચમાં ઉત્પન્ન થયા. હેમચંદ્રાચાર્યકૃત શ્રી વીરચરિત્રાનુસારે એ પાઠ છે. અને પ્રતિક્રમણ સૂત્રવૃત્તિને અનુસારે તો મહાશિલાકંટક સંગ્રામને વિષે નવ લાખ મનુષ્ય તો એક માછલીની કૂખે ઉત્પન્ન થયા છે. શ્રી ભગવતીસૂત્રને અનુસારે દશ હજાર મનુષ્યો એક માછલીની કૂખે ઉત્પન્ન થયા છે. એ મતાંતર છે.

અહીં શ્રી વીરચરિત્રને અનુસારે સામાન્ય પ્રકારે બેઉ સૈન્યમાં થઈને એક ક્રોડ ને એંશી લાખ મનુષ્યનો ક્ષય થયો, કહ્યો છે. અને શ્રી ભગવતીસૂત્રને અનુસારે મહાશિલાકંટકસંગ્રામ અને રથમુશલ સંગ્રામમાં એ બંને સંગ્રામમાં પણ એટલા જ મનુષ્યનો ક્ષય કહ્યો છે.

હવે અઢારગણ રાજા સર્વ પોત પોતાના નગરે જવાને ઈચ્છતા જાણીને ચેડા રાજા નાસીને પોતાની નગરીમાં પેઠો. તે જોઈ નગરીને કોણિકે વધાવી લીધી. તે વારે હલ તથા વિહલ રાત્રે શુરવીર થઈ સિંચાનક હાથી ઉપર બેસીને બહાર નીકળી લોકને મારી મારીને નાસી આવે. પણ કોઇથી પકડાય નહિ. ત્યારે કોણિક મંત્રીશ્વરને કહેવા લાગ્યો કે, આપણું બધું લશ્કર તો હલ-વિહલે ઉપદ્રવ્યું, માટે એને જીતવાનો ઉપાય વિચારો. ત્યારે મંત્રીશ્વર બોલ્યા કે જયાં સુધી એ હાથી હોય ત્યાં સુધી એને કોઈ રીતે ન જીતાય. માટે હાથીને મારવો, તેનો ઉપાય એ છે કે, તેના માર્ગમાં એક ખાઈ બનાવવી, તેમાં ખેરના અંગારા ભરીને તે ખાઈ ઢાંકી મૂકવી. જેથી તે જણાય નહિ. પછી તે હાથી ઉતાવળો આવતાં ખાઇની અંદર પડશે. એટલે બળી જશે. એમ સાંભળી હલ-વિહલને આવવાને માર્ગે એ જ રીતની ખાઇ બનાવી ખેરના અંગારા ભરીને ઉપરથી ઢાંકી મૂકી.

હવે હલ્લ-વિહલ્લ સિંચાનક હાથી ઉપર બેસીને તે ખાઈ પાસે આવ્યા એટલે તે હાથી વિભંગજ્ઞાનવાળો છે. માટે આગળ પગ મુકતો નથી. તે હલ્લ વિહલ્લે તે હાથીને ઘણો નિર્ભત્સર્યો, કે આ વેળાએ તું ચાલતો નથી ? શું રણથી કાયર થયો ? એક તારે માટે તો અમે પરદેશ આવ્યા. બધાનો વિયોગ થયો. ચેડા રાજાને મહા-કષ્ટમાં નાખ્યો, આટલા લોકોનો ક્ષય થયો. તેથી જો તારા કરતાં કૂતરો પાળ્યો હોત તો સારૂં થાત ? જે માટે તું આજ અમારા કામમાં પાછાં પગલાં દે છે તે સારૂં નથી.

એવું સાંભળીને હાથીએ હલ્લ-વિહલ્લને નીચે ઉતારી મૂકયા. પછી પોતે ખાઈમાં ઝંપાપાત કરી, મરીને પહેલી નરકે નારકીપણે ઉત્પન્ન થયો. તે દેખીને કુમારો વિચારવા લાગ્યા હા ! હા ! ધિક્કાર પડો આપણને ? જે માટે આપણે જ પશુ છીએ. પણ એ હાથી કાંઈ પશુ ન હતો. જે હાથી માટે માતામહને કષ્ટમાં નાંખ્યા તે હાથી મરી ગયો, હજી લગી દુર્બુદ્ધિના ધણી અમે જીવીએ છીએ. એ સર્વ નાશના કરનાર આપણે થયા. માટે હવે આપણે જીવવું સારૂં નથી. અને કદાચિત્ જીવિએ તો શ્રી વીર વર્દ્ધમાન સ્વામીના શિષ્ય થઇને જીવિએ. પણ અન્યથા ન જીવવું. એમ વિચારે છે, એટલે તે ભાવ-સાધુને શાસનદેવતાએ ત્યાંથી ઉપાડીને પ્રભુ પાસે મૂકયા. તેમણે ચારિત્ર અંગીકાર કર્યું. એટલું થયું તો પણ વિશાલા નગરીમાં શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનનો શુભ છે, તેના પ્રભાવથી કોણિક વિશાલા નગરી લઈ ન શકયો. પણ કોણિક બોલ્યો કે જો એ નગરીમાં ગર્દભે કરી હલ ન ફેરવું તો ઝંપાપાત કરીને મરૂં. અથવા અગ્નિમાં પેસીને મરૂં. એવી પ્રતિજ્ઞા કરી તો પણ નગરી લેવાઇ નહિ ત્યારે કોણિક ખેદ ધરવા લાગ્યો. એવામાં આકાશવાણી થઈ કે જો માગધિકા વેશ્યા સાથે કુલવાલુક મુનિ-(સાધુ) રમે તો વિશાલા લેવાય. એવી વાત સાંભળીને કોણિક આશાવંત થયો. અને જાણ્યું કે આ આકાશવાણી નિષ્ફળ જાય નહિ.

यतः ॥ बालकानां हि भाषा या, भाषा या योषितामपि ॥

औत्पातिकी च भाषा या, सा वै भवति नान्यथा ॥१॥

પછી કોણિકે મંત્રીશ્વરોને તેડીને પૂછ્યું કે, કુલવાલુક સાધુ ક્યાં છે ? તથા માગધિકા ગણિકા ક્યાં છે ? તેની ખબર કાઢો. મંત્રી બોલ્યા હે મહારાજ ગણિકા તો તમારી ચંપાનગરીમાં છે. અને કુલવાલુકની તો ખબર નથી. પછી અર્ધું સૈન્ય ત્યાં મૂકી અર્ધું સૈન્ય સાથે લઇને ચંપાએ જઈ ગણિકાને તેડાવી આદર કરી કહ્યું કે તમે બુદ્ધિવંત-કલાવંત છો. માટે કુલવાલુકને પતિપણે કરી લાવો અને તમારી કલા સફલ કરો.

માગધિકાએ પણ તે વચન અંગીકાર કર્યું. ત્યારે રાજાએ તેને વસ્ત્ર અલંકારાદિથી ઘણો સત્કાર કરી વિસર્જી. ગણિકા પણ પોતાને ઘેર જઈ કોઇક કલા વિચારીને કપટથી લોકમાં બાર વ્રતની ધરનારી ખરી શ્રાવિકા થઈ. ચૈત્યપૂજામાં તત્પર, દેશના સાંભળવાને સાવધાન, આચાર્ય પણ એમ જાણે કે એ ખરેખરી શ્રાવિકા છે. એમ કરતાં એક દિવસ આચાર્યને પૂછવા લાગી, સ્વામિન્ ! કુલવાલુક સાધુ તે કોણ છે ? ત્યારે આચાર્ય તેનો મર્મ અણજાણતાં બોલ્યા કે હે શ્રાવિકા ! સાંભળ. એક મહાગુણી આચાર્ય આચાર-પંચાચારના પાલનારા હતા. તેને વાંદરા જેવા અસ્થિર ચિત્તવાળો એક લઘુ-(નાનો) ચેલો હતો. તે ગુરુની સારણા-વારણા ખમી ન શક્યો. તો પણ ગુરુ તેને નિરંતર શિખામણ દે.

यतः ॥ परिहृष्यतु वा मा वा, विषवत्प्रतिभा तु वा ॥

भाषितव्या हि सा भाषा, स्वपक्षगुणकारिणी ॥ २ ॥

તો પણ તે શિષ્ય કઠોર વચને અને મીઠે વચને પણ ગુરુનું કહ્યું ન માને.

એક દિવસ વિહાર કરતાં ભવ્ય જીવને પ્રતિબોધ દેતાં તે આચાર્ય શ્રી સિદ્ધાચલજીની યાત્રા કરવા પધાર્યા. એમ શ્રી ઉત્તરાધ્યયન વૃત્તિ મધ્યે કહ્યું છે. અને પ્રશ્નોત્તર રત્નમાલાની વૃત્તિ મધ્યે શ્રીગિરનાર ઉપર પધાર્યા છે. તે સમયે તે અવિનીત ચેલો પણ સાથે ગયેલો છે.

ત્યાં પરમેશ્વર બાળ બ્રહ્મચારી શ્રી નેમિનાથજી ભગવાનને વંદના કરી પાછા વળતાં પછવાડેથી ચેલાએ ગુરુને મારવા માટે શિલા નાખી. તેનો ખડખડાટ શબ્દ સાંભળીને ગુરુએ બંને પગ પહોળા કર્યા. એટલે તે શિલાનો પત્થર ગુરુના પગ વચ્ચે થઇ જતો રહ્યો. તે સમયે ગુરુને કષાય ચડ્યો. તેથી ગુરુએ શાપ દીધો. અરે પાપી! સ્ત્રી થકી તારો વ્રત ભંગ થશે. ચેલાએ વિચાર્યું કે ગુરુનો શ્રાપ જૂઠો કરવો. માટે જ્યાં સ્ત્રીનું નામ પણ કોઈ ના જાણે ત્યાં જઇને રહું.

એમ ચિંતવી ગુરુને ત્યાગીને કોઈ પર્વતની નદીને કાંઠે જઇ કાઉસ્સગ્ગમાં ઊભો-રહ્યો. માસખમણ પ્રમુખને પારણે કોઇ પંથી આવે તો તેની પાસેથી આહાર મળે તો લે. એમ કરતાં ચોમાસામાં નદીમાં પૂર આવ્યું ત્યારે શાસનદેવે વિચાર્યું કે તપસ્વી મુનિ તણાઈ જશે. એમ વિચારીને નદી બીજે માર્ગે વાળી. તે માટે મુનિનું નામ કુલવાલુક એવું કહેવાયું. એવું આચાર્યનું વચન સાંભળીને વેશ્યા હર્ષ પામતી ઘેર આવી. પછી તીર્થયાત્રા કરવાને બહાને તે કુલવાલુક સાધુ છે ત્યાં આવી. વંદના કરીને સાધુને કહેવા લાગી કે હે મુનિ ! હું ગિરનાર પ્રમુખના ચૈત્યને વાંદવા નીકળી છું. ત્યારે મુનિએ કાઉસ્સગ્ગ પારી ધર્મલાભ દઇને પૂછ્યું. કે તમે ક્યાંથી આવ્યા? વેશ્યા કહે. અમે ચંપા નગરીથી તીર્થયાત્રા કરવા આવ્યા, પણ તીર્થ કરતાં તો પરમ-તીર્થ તમે મળ્યા. તે માટે અમારો આહાર શુદ્ધમાન છે તે લઇ પારણું કરીને અમારી ઉપર ઉપગાર કરો. એવા કપટી શ્રાવિકાના વચન સાંભળ્યાં, એટલે કૃપાવંત થઇને તેણીની સાથે વહોરવા ચાલ્યા. તેણીએ પણ પૂર્વ સંયોજીત દ્રવ્યના મોદક દીધા. એટલે તે મોદક વાપર્યા. એટલે તેમને અતિસાર રોગ થયો. તે અતિસારે કરી હાથપગ પણ સંકોચી ન શકે એવા ગ્લાન થયા. ત્યારે માગધિકા બોલી, હે સ્વામિન્! અમે પાપીણીઓ છીએ ! જે માટે અમારા ઉપગારને અર્થે પારણું કર્યું. અને આહારને અનંતર તમને રોગ ઉપન્યો. તે માટે હે સ્વામિન્ ! તમને એકલા મૂકીને અમારાથી કેમ જવાય?

અમારા પગ તો જેમ બેડીમાં ઘાલ્યા ઘાલે તેમ ઘાલ્યા છે. એમ કહીને તે વેશ્યા ત્યાં જ રહી. અને ઉદ્વર્તના પ્રમુખ કરવાને વાર'વાર ત્યાં આવે. તે ઉદ્વર્તનાદિક કરતાં સાધુને સર્વ અંગે સ્પર્શ કરતી હતી. સાધુ પણ અનુક્રમે તેની સાથે વાતો કરવા લાગ્યાં, ત્યારે તે પણ કટાક્ષ નેત્રે જોવા લાગી. અનુક્રમે કુલવાલુકનું ચિત્ત ચલ્યું. કહ્યું છે કે સ્ત્રીને સંગે કેટલી વાર તપસ્યા રહે? માગધિકા તથા મુનિને પરસ્પર શય્યા આસન, સંભોગ ભેગો થયો. સ્ત્રી ભર્તારનો વ્યવહાર પ્રવર્ત્યો. દિવસે દિવસે તે વ્યક્તપણે પ્રવર્તવા લાગ્યો. પછી તેના કહ્યાથી તે ચંપાનગરીએ આવ્યો. જે કામાંધ હોય તે સ્ત્રીના કિંકર થઈને શું શું ન કરે?

यतः ॥ सूप संयोजकृत्यादि, कुरुते प्रेरितः स्त्रिया ॥
स्नेहलं दधि मथ्नाति, पश्य मन्थानको न हि ॥ १ ॥

હવે ગણિકાએ રાજાને કહ્યું કે, કુલવાલુકને ભર્તાર કરી લાવી છું, હવે તે શું કરે? તે આજ્ઞા કરો. ત્યારે રાજાએ કુલવાલુકને કહ્યું કે જેમ વિશાલા નગરીને ભાંગીએ તેમ ઉપાય કરો! એવા રાજાના વચન સાંભળીને મહાબુદ્ધિનો નિધાન તે કુલવાલુક લિંગીનો વેષ કરી વિશાલા નગરીમાં અસ્ખલિત ગતિએ ચાલ્યો. કોણિક પણ આવીને નગરી વીંટી પડયો. એવામાં કુલવાલુકે નગરીમાં આડું અવળું જોતાં શ્રી મુનિસુવ્રતસ્વામીનો થુભ દેખીને વિચાર્યું કે, આ થુભની ઉત્તમ મુહૂર્તે પ્રતિષ્ઠા થઈ છે. માટે જ્યાં સુધી એ થુભ હોય ત્યાં સુધી આ નગરી ઈંદ્ર થકી પણ ન લેવાય?

હવે ત્યાંના લોક ગઢથી રૂંધન હોવાથી આકુલ વ્યાકુલ થયા થકાં તે કુલવાલુકને લિંગી જાણી પૂછવા લાગ્યા કે, અમારો ગઢ રોધ કયારે મટશે? તેમને કુલવાલુક કહેવા લાગ્યો કે હું નિમિત્ત સમ્યક્ રીતે જાણું છું. કે જ્યાં સુધી આ થુભ છે ત્યાં સુધી નગરીનો રોધ નહિ મટે. માટે જ્યારે અ થૂભ ભાંગવા માંડશો, ત્યારે લશ્કર હઠતું જશે. એ નીશાની જાણજો. તે જ્યારે સઘળી થૂભ ઉપાડી નાખશો ત્યારે તે સર્વ ઉપદ્રવ મટી જશે. તે વાત સાંભળી નગરના લોકો તો લશ્કરની બીકે

થૂભ પાડવાને વળગ્યા. એટલે કુલવાલુકે કોણિકને જઈને કહ્યું કે તમે હમણા અહીંથી પાછા જાઓ. તે સાંભળી લશ્કર બે ગાઉ પાછું હઠ્યું. એટલે લોકને વિશ્વાસ આવ્યો. તેથી લોકે આખો થૂભ જડમૂળમાંથી કૂર્મન્યાસની (તલીયાની) શિલા સુધી ખોદીને ઉપાડી નાંખી. તે વખત કોણિકે તે વિશાલા નગરીને બાર વર્ષને અંતે ભાંગી, અને કોણિક અને ચેડા મહારાજાનું યુદ્ધ નિવર્ત્યું. આ અવસર્પિણીમાં એવું યુદ્ધ કદી પણ થયું નથી.

હવે કોણિકે ચેડા મહારાજાને કહેવરાવ્યું કે હે આર્ય ! તમે મારી માતાના પિતા છો, મારા પૂજ્ય છો, માટે કહો તમને શું પ્રિય કરૂં ? ત્યારે ચેડા મહારાજાએ વિષણ્ણ થઈને કહેવરાવ્યું કે તને નિત્ય જય-ઉત્સવની ઇચ્છા છે તે માટે થોડીવાર વિલંબ કરીને સુખે નગરીમાં પ્રવેશ કરજે.

એ વાત સાંભળીને કોણિકે વિચાર્યું કે એ શું માંગ્યું ? તો પણ તે વચન માન્યું. એવા અવસરે ચેડામહારાજાની દીકરી સુજ્યેષ્ઠાનો દીકરો સત્યકિ નામે વિદ્યાધર છે તેણે વિચાર્યું કે મારા માતામહની નગરીની પ્રજાને પ્રભાતે શત્રુ લૂંટશે તે મારાથી જોયું કેમ ખમાશે? એવું વિચારી વિદ્યાએ કરી નગરીના સર્વ લોકને ત્યાંથી ઉપાડીને નીલવંત પર્વત ઉપર લઈ ગયો. ચેડા મહારાજાએ તો ગળે લોઢાની પૂતળી બાંધીને અગાધ પાણીમાં પોતાનું શરીર પડતું મૂક્યું. તે જ વેળાએ ધરણેન્દ્ર તેને પોતાનો સાધર્મિક જાણીને પોતાના ભુવનમાં લઇ ગયા. કારણ કે આયુષ્ય ત્રુટયા વિના મરણ કેમ પામે ?

હવે ધરણેન્દ્રથી ઘણી પ્રશંસા કરાતો ચેડા મહારાજા પણ ધર્મધ્યાનમાં તત્પર થકો, મરણને નહિ ઇચ્છતો, અરિહંતાદિક ચારેનું શરણ કરતો, એ ચારેને મંગલ ધારતો, નીરીહ, નિરહંકારી, નિર્મમ એવા સાધુનાં શરણ કરતો સેંકડોગમે ભવમાં જે કર્મ, જે કાંઇ અપરાધ કર્યા હોય તેની ગર્હા કરતો, શ્રાવકના બાર વ્રત પાળતાં જે અતિચાર લાગ્યા હોય તેને વોસિરાવતો, ક્રોધ, માન, માયા અને

લોભે કરી જે હિંસા કરી હોય તેને ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં દેતો, ઇત્યાદિક આરાધના કર્યા પછી પંચ પરમેષ્ઠિ મંત્ર સંભારતો કાળ કરીને દેવલોકમાં ગયો. કોણિકે પણ ગર્દભ હલ જોતરીને નગરીમાં ફેરવી પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી ઘણા આડંબર સહિત ચંપાનગરીએ આવ્યો.

એવા અવસરે જગદ્‌ગુરુ પૃથ્વીને પાવન કરતાં, ગ્રામાનુગ્રામે વિચરતા ચંપાનગરીને વિષે પૂર્ણભદ્ર નામે વનમાં આવી સમોસર્યા. ત્યાં કોણિક રાજા પ્રમુખ ઘણે આડંબરે વાંદવા નીકળ્યો. પરમેશ્વરની દેશના સાંભળીને વૈરાગ્ય પામીને કાલાદિક દશે કુમારોની દશ માતાઓએ પુત્ર પૌત્રાદિકના અભાવથી દીક્ષા અંગીકાર કરી. હવે કોણિક પરમગુરુને પૂછતો હવો કે હે પરમેશ્વર? જેણે જન્મથી માંડીને કામભોગ ન ત્યજ્યા તે ચક્રવર્તી કઈ ગતિમાં જાય? ત્યારે પ્રભુ બોલ્યા કે સાતમી નરકે જાય. અહીં શ્રી હરિભદ્રસૂરિકૃત દશવૈકાલિક તથા શ્રી હેમચંદ્રાચાર્ય કૃત વીરચરિત્ર અને નવપદ પ્રકરણવૃત્તિ એમના અનુસારે ચક્રવર્તી અધોગતિ જાય. અને શ્રી ભગવતીસૂત્રના અનુસારે સાતમી નરકે જાય. એ મતાંતર છે. ફરી કોણિક બોલ્યો કે, હે સ્વામિન્ । હું મરીને ક્યાં જઈશ? ત્યારે પ્રભુ બોલ્યા-કે તું છઠ્ઠી નરકે જઈશ. ત્યારે કોણિક બોલ્યો, શું હું સાતમી નરકે નહીં જાઉં? ત્યારે પ્રભુ બોલ્યા; તું ચક્રવર્ત્તી જ નથી તો એ કેવા વિચાર કરે છે; કોણિક બોલ્યો, હું કેમ ચક્રવર્તી નહીં? મારે ચક્રવર્તી સરખી રાજઋદ્ધિ છે ત્યારે સ્વામી બોલ્યા, કે ચૌદ રત્નમાં એક રત્ન ઓછું હોય તો પણ ચક્રવર્ત્તી ન કહેવાય. તે સમયે અહંકારનો પર્વત એવો જે કોણિક તેણે અહંકારે કરી લોઢાના સાત એકેંદ્રિ રત્ન ઉત્પન્ન કર્યા. અને પદ્માવતીને સ્ત્રીરત્ન ઠરાવ્યું. તથા હસ્તિરત્ન, અશ્વરત્ન પ્રમુખ તે અલ્પ બુદ્ધિના ધણીએ પોતાની બુદ્ધિએ કલ્પી લીધા.

હવે કોણિક ભરતક્ષેત્રને સાધતો, નવાનવા મનોરથ કરતો અનુક્રમે વૈતાઢયની તમિસ્રા ગુફા સુધી મહાપરાક્રમ ફોરવતો પહોંચ્યો. ત્યાં પોતાની શક્તિને ન જાણતો ઉન્મત્તપણે તેણે દંડે કરી ગુફાનાં બારણાં ઉઘાડવા માટે ત્રણ વાર તાડના કરી. ત્યારે કૃતમાલ નામનો ગુફાનો

અધિષ્ઠાયક દેવ બોલ્યો કે મરવાની ઇચ્છા કરતો એવો કોણ ગુફાના બારણા ઠોકે છે ? કોણિક બોલ્યો કે હું અશોકચંદ્ર નામે ચક્રવર્ત્તી ઉપન્યો છું, તે ભરતક્ષેત્રને જીતતો જીતતો આવ્યો છું. મને તું નથી ઓળખતો શું ? ત્યારે કૃતમાલ દેવ બોલ્યો કે ચક્રવર્ત્તી તો બાર થવાના હતા. તે સર્વ થઇ ગયા. માટે અપ્રાર્થ્યની પ્રાર્થના કરનારા એવા હે રાજા ! તું તહારે ઠેકાણે જા. તુજને કલ્યાણ થાઓ ? કોણિક બોલ્યો, હું તેરમો ચક્રવર્ત્તી પુણ્યે ઉપજ્યો છું. જે માટે પુણ્ય વડે શું દુર્લભ છે ? મારૂં પરાક્રમ નથી જાણતો ? માટે ગુફા ઉઘાડ. અન્યથા તું પણ રહીશ નહિ. એવા અસંબદ્ધ વચન સાંભળી દેવતાને કોણિક ઉપર ક્રોધ ચડયો. તેથી તેણે તેને બાળીને ભસ્મ કર્યો. મરીને છઠ્ઠી નરકે ગયો.

એ અતિલોભથી મરીને નરકે ગયો. ॥ એ કથા શ્રી વીરચરિત્રમાં કહી છે ॥

અહીં કોઇક એમ કહે છે કે સર્વ ચક્રવર્ત્તી જ્યારે તમિસ્રા ગુફાના બારણા ઉઘાડે, ત્યારે તેનો સેનાની બાર યોજન ઘોડો પાછો હઠાવે. નહિ તો બાળી નાંખે. પણ એ વાત અનાગમિક છે. આવશ્યકની ટિપ્પણમાં પણ ના કહી છે. તથા જંબુદ્વિપપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે, સેનાની હાથે ગુફા ઉઘાડે. તથા ટીકામાં પણ આવશ્યક ટિપ્પણની સાખે ના કહી છે.

॥ ઇતિ કોણિક કથા ॥

ઇતિ શ્રી સકલસભાભામિની ભાલસ્થલતિલકાયમાન પંડિત શ્રી ઉત્તમવિજય શિષ્ય શ્રી પદ્મવિજયગણિકૃત બાલાવબોધે શ્રી ગૌતમ કુલક પ્રકરણે તૃતીય ગાથાયાં ચત્વાર્યુદાહરણાનિ સમાપ્તાનિ ॥૩॥

પૂર્વે ફલદ્વારે ક્રોધાદિક વર્ણવ્યા, હવે એ ક્રોધાદિકનું સ્વરૂપ કહે છે. અથવા પૂર્વે જે કહ્યું તેજ ફરી દેશથી ઉપમા દેખાડી કહે છે અથવા ત્રીજી ગાથાને અંતે કહ્યું કે લોભવંત નરકે જાય અને નરકના ભવ તો કડવા કહ્યા છે. "पच्छा कडुआ विवागा" इति उत्तराध्ययनवचनात् ॥ તે કડવું તે વિષ હોય, તે માટે ચોથી ગાથાની આદિમાં વિષ પૂછે છે. એટલે વિષ તે શું કહીએ ? એ સંબંધે ચોથી ગાથા કહે છે.

कोहो विसं किं अमयं अहिंसा,
माणो अरि किं भय हिप्पमाओ ॥
माया भयं किं शरणं तुं सच्चं,
लोहो दुहो किं सुहमाह तुठि ॥१॥

અહીં ગુરુ પ્રત્યે શિષ્યે પૂછયું કે હે સ્વામિન્ ! (विसं किं के०) વિષ શું ? ત્યારે ગુરુ બોલ્યા હે શિષ્ય ? (कोहो के०) ક્રોધ તે જ વિષ જાણવું. તે વિષ ઉપર ખંધક આચાર્યની કથા કહે છે.

સાવત્થી નગરીને વિષે જિતશત્રુ રાજાની ધારણી નામે પટ્ટરાણી છે. તેની કૂખે સ્કંધક નામે પુત્ર થયો. તેને પુરંદરજસા નામે ભગિની છે. તેને કુંભકાર કટક નગરે દંડકરાજા સાથે પરણાવી છે. તે દંડકરાજાનો પાલક નામે પુરોહિત છે. એક દિવસ દંડક રાજાએ કાંઈક કામ ઉદ્દેશીને પાલકને પોતાના સસરા પાસે મોકલ્યો. છે. ત્યાં જિતશત્રુરાજાની સભામાં કાંઈ વાર્તાવશે કરી પાલકે ધર્મચર્ચા કરવા માંડી. તે ચર્ચા કરતાં પાલક પોતે નાસ્તિકમતિ છે, તેથી તેણે નાસ્તિક મત સ્થાપ્યો. ત્યારે પાસે બેઠેલા સ્કંધકકુમાર જૈનધર્મના તત્ત્વના જાણ હતા તેણે જૈનમાર્ગમાં કહેલી યુક્તિએ કરી પાલકને નિઃસ્પૃષ્ટ વ્યાકરણ કરી માનભ્રષ્ટ કરી મૂકયો. તેથી પાલક ક્રોધે ભરાણો, પણ કાંઇ ચાલ્યું નહીં. પછી જે કામે આવ્યો હતો તે કામ કરીને પાછો પોતાની નગરીએ આવ્યો.

એક દિવસે વીશમા તીર્થંકર, હરિવંશમાં ઉપજેલા, જગદ્ગુરુ શ્રી મુનિસુવ્રત પરમેશ્વર વિહાર કરતાં સાવત્થીનગરીએ સમોસર્યા. તેમને સ્કંધકકુમાર વાંદવા આવ્યા. પ્રભુજીએ દેશના દીધી, તે સાંભળીને સ્કંધકકુમાર વૈરાગ્ય પામી પાંચશે પુરુષની સાથે દીક્ષા લઇ ઉગ્રવિહાર કરતા હતા. તેમ સમસ્ત સિદ્ધાંતોનો સાર ગ્રહણ કર્યો. પ્રભુજીએ એમને પાંચસો સાધુના આચાર્ય કર્યા. એક દિવસે સ્કંધકાચાર્યે આવીને પ્રભુજીને વિનંતિ કરી કે, હે ભગવન્ ! જો તમારી આજ્ઞા હોય તો પુરંદરજસા બહેન તથા દંડક બનેવી પ્રમુખને પ્રતિ-

બોધવા જાઉં ? ત્યારે પ્રભુજી મૌન રહ્યાં. વળી એક વાર પૂછયું, ત્યારે પ્રભુ બોલ્યા કે, ત્યાં તમને પ્રાણાંત ઉપસર્ગ થશે. તે સાંભળી સ્કંધક અણગાર બોલ્યા કે, તારા વિના તહારા શિષ્ય સર્વે આરાધક છે. સ્કંધક અણગાર બોલ્યાં કે, હું શું ન પામું ? એમ કહી પ્રભુને વંદના કરી પાંચસો અણગાર સાથે કુંભકારકટક નગરે પહોંચ્યા.

તે વાત સાંભળીને સ્કંધકના આવતાં પહેલાંજ જ્યાં સાધુને ઉતરવાનું ઉદ્યાન છે ત્યાં પાલકે અનેક શસ્ત્રો દટાવ્યાં, તે સ્થાનકે સ્કંધકાચાર્ય પણ ઉતર્યા. તેમને દંડકરાજા નગરના લોકસહિત વાંદવા આવ્યા. ગુરૂએ દેશના દીધી. ભવની અનિત્યતા દેખાડી. તે સાંભળીને સહુ હર્ષ પામ્યા. પછી રાજાને એકાંતમાં બોલાવીને પાલક કહેવા લાગ્યો કે હે મહારાજ ! એ સ્કંધક તો પાખંડી છે, આચારભ્રષ્ટ છે, એમાં સાધુપણું નથી, એ પાંચસો સાધુ જે એની સાથે આવ્યા છે તે સર્વ સહસ્ત્રયોધી સુભટ છે. તે તમારૂં રાજ્ય લેવા આવ્યા છે રાજા બોલ્યા કે તેં કેમ જાણ્યું ? પાલક બોલ્યો કે, એનું કપટ હું તમને દેખાડીશ. એમ કહી સાધુઓને કોઈક કાર્ય ઉદ્દેશીને બીજા વનમાં ઉતાર્યા. પછી ધરતીમાં દાટેલા સર્વ શસ્ત્ર તે પાલકે રાજાને દેખાડયાં. શસ્ત્ર દેખીને રાજાનું ચિત્ત ચંચળ થયું. તે જ વેળા પાલકને આજ્ઞા કરી કે તું અને તહારે ગમે તેમ કરજે, એમ કહી રાજા ઘેર ગયો.

પછી પૂર્વનો દ્વેષ રાખીને પાલક પુરોહિતે પુરુષ પિલાય એવુ યંત્ર થાપીને તે સાધુઓને ઘાણીના યંત્રમાં નાંખવા માંડયા. તે વારે સ્કંધકાચાર્યતો સહુની પાસે રહીને પ્રત્યેકને ઉપદેશ દેવા લાગ્યા, કે હે મુનિઓ ! તમે પર સ્વભાવમાં પ્રવેશ કરશો નહીં. આત્મ સ્વભાવમાં રહેજો. એ પાલક તમારો શત્રુ નથી, પણ તમને સિદ્ધિ સાધતાં સાહાય્યકારી મલ્યો છે. જે કર્મ ઘણે કાળે કરી ક્ષય થાય, તે કર્મ અલ્પકાળમાં ક્ષય થશે. માટે મરણથી ડરશો નહીં. સમાધિમરણને તો મુનિરાજ વાંછે છે માટે વેદનાથી બીશો નહીં. એવી વેદનાઓ તો આ આત્મા સમતા વિના અનંતીવાર ભોગવી આવ્યો. તે માટે સમતામાં રહેજો, ધૈર્ય ચૂકશો નહીં. સર્વ જીવ પોતાનાં કર્મો કર્યા ભોગવે છે. યતઃ ॥....

सव्वो पुव्वकयाणं, कम्माणं पावए फल विवागं ।
अवराहेसु गुणेसु य, निमित्तमित्तं परो होइ ॥१॥

તે માટે એક પોતાનું આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા માટે શુદ્ધ ધ્યાનમાં રહેજો. ઇત્યાદિક ગુરુના વચન સાંભળી તે મહાત્મા પણ સકલકર્મનો અભાવ કરીને સિદ્ધિ સિમંતિનીને વર્યા. અર્થાત્ મોક્ષસુખને પામ્યા. એમ અનુક્રમે ચારસો નવાણું મુનિરાજો તો સકલ કર્મો રૂપી ઇંધણાં બાળી શુક્લધ્યાન ધ્યાયીને અંતગડ કેવલી થઈ મોક્ષે ગયા.

હવે એક લઘુશિષ્ય શેષ રહ્યો છે, તેને પણ તે પાપીએ પીલવા માંડયો. ત્યારે સ્કંધકાચાર્ય બોલ્યા, રે પાલક, ! પ્રથમ મને પીલ, પછી તહારે ફાવે તેમ કરજે. એમ કહે થકે પણ તે દુષ્ટાત્માએ સર્વનું દુઃખ આચાર્યને દેખાડવા માટે પ્રથમ લઘુ શિષ્યને પીલ્યો. તે પણ ક્ષપકશ્રેણી માંડીને કેવલજ્ઞાન પામીને અવ્યાબાધ સુખનો ભોગી થયો. એવું તેનું કૃત્ય દેખીને આચાર્યે વિચાર્યું કે અહો ! એ દુરાત્માએ મહારૂં એટલું વચન પણ ન માન્યું. તેથી આચાર્યને મહાક્રોધાનલ વ્યાપ્યો. તેણે કરી ગુણરૂપી ઇંધણ બાળી નાખ્યાં, અહો ! મહારાં દેખતાં એ પાપીએ શું કર્યું ? એ દુષ્ટ પાપી તથા દુષ્ટરાજા અને નગરના લોક પણ મહા નિર્દયી દેખાય છે. એ રીતે ક્રોધાધ્માત થકા સ્કંધકાચાર્યે પાલકને ઉદ્દેશીને કહેવા માંડયું કે 'રે પાપી ! આ તપને જ પ્રભાવે હું તમારો વધ કરનારો થાઉં ! એવું નિયાણું કર્યું. એટલે તેણે સ્કંધકાચાર્યને પણ ઘાણીમાં પીલ્યાં. તે સ્કંધકાચાર્ય વિરાધિત સંયમી થઈને અગ્નિકુમાર નિકાયમાં જઇ દેવતાપણે ઉપન્યાં.

એવા અવસરમાં સ્કંધકાચાર્યનું રજોહરણ રૂધિરે ખરડાયેલું, માંસની ભ્રાંતિએ કોઇક પંખીએ ઉપાડયું. તે પંખીના મુખમાંથી છૂટીને સ્કંધકાચાર્યની બહેન પુરંદરજસાના મુખ આગળ પડયું. તે રજોહરણ તેની બહેને ઓળખ્યું. અને લોકોને મુખે સર્વ વૃત્તાંત સાંભળ્યું. તે વારે તે પુરંદરજસા રાજા પાસે આવીને કહેવા લાગી કે 'રે પાપી ! દુરાત્મા ! દુર્નીતિના કરનાર ! આ કુકર્મ તેં આ શું

કર્યું ? તેં સાધુહત્યા કરી તેથી તહારૂં નરક વિના બીજું કોઇ ઠેકાણું નથી. આ સાધુહત્યા મહાઅનર્થકારી છે.” એમ વારંવાર નિર્ભ્રંછના કરીને સંસારથી પરાંગમુખ થઇને વૈરાગ્યવાળી થઈ. એટલે શાસનદેવતાએ તેણીને પરિવાર સહિત ઉપાડીને શ્રી મુનિસુવ્રતસ્વામીની પાસે મૂકી, ત્યાં તેણીએ દીક્ષા અંગીકાર કરી પોતાનું આત્મકાર્ય સાધ્યું.

હવે સ્કંધકાચાર્ય અગ્નિકુમાર દેવતાપણે ઉપન્યાં. એટલે અવધિજ્ઞાને કરી ઉપયોગ દીધો કે તત્કાળ કષાય જાગ્યો. તેથી ક્રોધે કરીને પાલક સહિત દંડક રાજાનો દેશ બાળીને ભસ્મ કર્યો. ત્યારથી તે દેશનું દંડકારણ્ય એવું નામ પડ્યું. એ રીતે ક્રોધ સ્કંધકાચાર્યને વિષરૂપ થયો. એ કથા ઉપદેશમાળાની વૃત્તિમાં છે.

इति स्कंधकाचार्य कथा।

હવે વિષનું પ્રતિપક્ષી અમૃત છે, માટે અમૃત વિષે પૂછે છે. અહીંયા પણ કિં શબ્દ લેવો. એટલે ગુરુપ્રત્યે શિષ્ય પૂછે કે હે સ્વામિન્! (अमयं किं के०) અમૃત તે શું ? ત્યારે ગુરુ કહે છે કે (अहिंसा के०) સર્વ જીવની દયા પાલવી, તે જ અમૃત જાણવું. જે કારણ માટે સર્વ જીવ જીવવાને ઇચ્છે છે. यतः –

सव्वे जीवा वि इच्छंति, जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंतिणं ॥१॥

તે ઉપર ભીમકુમારનું દૃષ્ટાંત કહે છે, ભરતક્ષેત્રને વિષે કમલપુર નગરે હરિવાહન રાજા રાજ્ય કરે છે. તેને મદનસુંદરી નામે પટરાણી છે. તેણીએ સિંહસ્વપ્ને સૂચિત મહાતેજવંત પુત્ર પ્રસવ્યો. તેનું કુલક્રમાગત ભીમકુમાર એવું નામ દીધું. અનુક્રમે તે પાંચ ધાવે લાલન પાલન કરાવતો મહોટો થયો. તે રાજાને બુદ્ધિસાગર નામે પ્રધાન હતો. તેને મતિસાગર નામે પુત્ર હતો. તે કુમારનો મિત્ર થયો છે. તે કુમારને ઘણો ઇષ્ટ (વલ્લભ) છે. તેથી ક્ષણ માત્ર પણ તેનો વિયોગ ન ખમાય. એક દિવસ પુત્રસહિત રાજા આસ્થાન સભામાં બેઠો છે. એવામાં વનપાલકે આવી વધામણી દીધી કે હે રાજન્ ! આપણા ઉદ્યાનને વિષે દેવચંદ્ર

નામે આચાર્યા પધાર્યા છે. તે સાંભળીને રાજા હર્ષિત થઇ એક મુકુટ વિના બીજા પોતાના સર્વ અલંકાર વનપાલકને દેતો હવો. પછી રાજા પરિવાર સહિત કુમારને તેડીને વંદન કરવા ગયો. ત્યાં વંદના કરી યથાયોગ્ય સ્થાનકે બેઠો. ગુરૂએ પણ ધર્મલાભ દઇને ધર્મદેશના દેવા માંડી. અને કહ્યું કે રે ભવ્ય પ્રાણીઓ ! દશ દૃષ્ટાન્તે કરી મનુષ્યભવ પામવો દુર્લભ છે, માટે મનુષ્યભવ પામી મોક્ષમાર્ગને વિષે યત્ન કરવો. તે દેશના સાંભળીને રાજાએ સમકિત મૂલ બાર વ્રત અંગીકાર કર્યા. અને ભીમકુમાર પણ દેશના સાંભળી શ્રદ્ધાવંત થયો. ત્યારે મુનિએ યોગ્ય જાણી ભીમને કહ્યું કે હે ભીમ ! તું દયાવ્રત ચોખ્ખું પાળજે. બીજા સર્વ વ્રત પ્રથમ વ્રતની વાડરૂપ છે. દયા સર્વ ધર્મની માતા છે. માટે કોઈ નિરપરાધી જીવને હણીશ નહીં. આહેડો પ્રમુખ સર્વથા ત્યજી દેજે. એવું સાંભળીને ભીમે નીરપરાધી જીવને નહીં. હણુવાના પચ્ચખ્ખાણ કર્યા. સમકિત પણ અંગીકાર કર્યું. વળી મુનિ બોલ્યા કે તને ધન્ય છે. જે માટે તેં બાળક હોવા છતાં પણ વૃદ્ધન. જેવી મતિ કરી. પછી તેને સ્થિર કરવા માટે મુનિએ એક ઉદાહરણ કહ્યું.

તે કહે છે–

કોઇક ગામમાં છ પુરુષ ઘાત કરવાને અર્થે ગયા. તેમાં એક બોલ્યો કે, દ્વિપદ, ચતુષ્પદ જે આવે તેને મારો. બીજો બોલ્યો, કે, પશુને માર્યે શું થાય ? માટે મનુષ્યને જ મારો. ત્રીજો બોલ્યો, મનુષ્યમાં પણ સ્ત્રીને મારશો નહિ. પણ પુરુષને જ મારશો. ચોથો બોલ્યો, પુરૂષમાં પણ હથીયાર બંધને મારજો, પણ બીજાને મારવાનું શું કામ છે ? પાંચમો બોલ્યો કે જે કોઇ આપણને મારવા આવે તેને મારજો, પણ બીજાએ આપણું શું બગાડ્યું છે ? ત્યારે છઠ્ઠો બોલ્યો, કોઇને મારશો નહિ. આપણું કામ સર્યાથી કામ. એ છએ પુરુષ અનુક્રમે છએ લેશ્યાના પરિણામી જાણવા. તે માટે હે ભીમકુમાર ! તું ઉત્તમ શુક્લ લેશ્યાનો ધણી થજે. તેં બાળક છતાં ભલો નિયમ લીધો છે. તે સાંભળી ભીમકુમાર બોલ્યો. હે સ્વામિન્ ! તમે આવી તરૂણ વયમાં ચારિત્ર કેમ

લીધું છે ? તેનું કારણ કૃપા કરીને કહો.

ત્યારે મુનિ બોલ્યા, સાંભળ.

કોંકણ દેશમાં સિદ્ધપુર નામે નગરે ભુવનસાર નામે રાજા છે. તે રાજા એક દિવસ સભામાં બેઠો થકો દક્ષિણ દેશથી કોઈ અદ્‌ભૂત નાટકીયા આવ્યા છે. તેનું નાટક જુએ છે તેમાં એકાગ્ર મન કરી બેઠો છે. એવામાં એક નિમિત્તિયો આવ્યો, તેને જોઇ રાજાએ કહ્યું કે, આ અવસરે નિમિત્તયાને શું કરીએ ? ત્યારે પ્રધાન બોલ્યો કે હે રાજન્ ! નાટકીયા તો વલી મળશે, પણ જ્ઞાની પુરુષ મલવા દોહિલા છે. તે માટે સર્વ વાત પડતી મૂકી જ્ઞાનીને આદર કરી બોલાવો. ત્યારે રાજાએ પણ તેને આદર કરી બોલાવ્યો. નિમિત્તિયો પણ આવ્યો. ત્યારે રાજાએ પ્રણામ કર્યો. નિમિત્તિયો પણ આશિર્વાદ દઈને યથાસ્થાનકે બેઠો. રાજાએ કહ્યું કે હે નિમિત્તિયા ! અમારે કુશળ છે ? ત્યારે દીનવચને નિમિત્તિયો બોલ્યો, હે સ્વામિન્ ! કુશલ તો એવું છે કે જે મુખે કહી ન શકીએ. ત્યારે રાજા શંકા પામીને બોલ્યો કે શું આકાશ તૂટી પડશે કે શું થનાર છે ? નિમિત્તિયો બોલ્યો, કે તમે કહો છો તેમજ થશે. ત્યારે રાજા ભયભ્રાંત થઇને પૂછવા લાગ્યો હે નિમિત્તિયા ! તમારા જ્ઞાનમાં આવ્યું હોય તે સાચું કહે. ત્યારે નિમિત્તિયો બોલ્યો કે હે રાજન્ ! હમણાં બે ઘડી પછી મુશળધારાએ મેઘ વરસશે. જેથી ઘરબાર સર્વ એકાકાર થશે. તે સાંભળીને આસ્થાનસભાના સર્વ લોક ભયભ્રાંત થયા. એવામાં ઉત્તર દિશાને વાયરો વાયો, અને ક્ષણેકમાં તો માત્ર કચોળા જેટલું વાદળ થયું. તે જોઇ નિમિત્તિયો બોલ્યો, ભો લોકો ! આ જુઓ ! આ આવડું વાદળું છે તે સર્વત્ર પ્રસરી જશે. એમ કહેતા તો તે વાદળું વ્યાપી ગયું. આસ્થાનસભાના લોક સર્વ પોતપોતાના ઘેર ગયા. નાટક પણ વિસર્જ્યું. એટલે ગાજવીજ થવા લાગી, પછી મુશળધારાએ વર્ષાદ વરસવા લાગ્યો. ક્ષણેકમાં જોતાં જોતાં પાણી વિસ્તાર પામ્યું. નગરમાં હાહાકાર થઇ ગયો. લોકો ઘણાં બુંબારવ કરવા લાગ્યા. પાણી સમાય નહીં. પછી રાજા, પ્રધાન અને નિમિ-

ત્તિયો એ ત્રણે સાત ભૂમિના મહેલ ઉપર ચઢયા. રાજા નગરના લોકોનો આક્રંદ સાંભળતો ઘણું દુઃખ ધરવા લાગ્યો. પાણી તો ક્ષણેકમાં સાત-ભૂમિએ ચઢી ગયું. તે દેખીને રાજા બોલ્યો કે અહો ! મેં વિષયમાં આસક્ત ચિત્તે શ્રી જિનેશ્વર ભાષિત ધર્મ કર્યો નહીં અને હવે મરણ તો ઢુંકડું આવ્યું. માટે હવે શી ગતિ થશે ? હા હા ! હું ફોગટ ભવ હાર્યો. યતઃ—

आयुर्वर्षशतं नृणां परिमितं, रात्रौ तदर्धं गतं,
तस्यार्द्धस्य परस्य चार्द्धमपरं, बालत्ववृद्धत्वयोः ।
शेषं व्याधि-वियोग-दुःखकलितं, चायुः परिक्षियते,
जीवे वारितरंगचंचलतरे सौख्यं कुतः प्राणिनाम् ॥३॥

હવે શું કરૂં ? કયાં જાઉં ? હવે તો અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચારનું શરણ મહારે છે. એમ બુંબારવ કરે છે ત્યાં તો પાણી ઢૂંકડું આવી ગયું.

એવામાં એક જહાજ આવતું દીઠું, પ્રધાન બોલ્યો, આ પ્રવહણ કોઈક દેવતા તમારી ઉપર પ્રસન્ન થઈને લાવે છે, તે માટે એ પ્રવહણ ઉપર બેસજો. હવે તે પ્રવહણ ઢૂકડું આવ્યું અને તેના ઉપર પગ મૂકવા જાય છે. એટલામાં મેઘ પણ ગયો, ગાજવીજ પણ ગઇ અને પૂર્વની જેમ નાટક જુએ છે, કચેરીના લોક સર્વ બેઠા છે, એવું દીઠું, ત્યારે રાજાએ નિમિત્તયાને પૂછયું કે આ આશ્ચર્ય તે શું ? નિમિત્તિયો બોલ્યો, હે- રાજન્ ! આ ઇન્દ્રજાલની વિદ્યાના બલે મેં તમને તમાસો દેખાડયો. તે સાંભળી રાજાને રીઝ થઈ, નિમિત્તિયાને દાન દઈ વિસર્જન કર્યો. હવે રાજા ચિત્તમાં વૈરાગ્ય પામ્યો થકો વિચરે છે કે જેવું ઇન્દ્રજાળ, તેવું આ રૂપ, યૌવન, સ્નેહ, આયુષ્ય, સંપદા પ્રમુખ સર્વ અસ્થિર છે. હું આ અપવિત્ર કાયામાં મગ્ન થયો છું, ઇત્યાદિક વિચારતાં વળી ચિંતવે છે કે, મહારા પૂર્વજોએ જે ધર્મ આચર્યો છે તે હું પણ આચરૂં. એવો નિશ્ચય કરીને હરિવિક્રમ પુત્રને રાજ્યે સ્થાપી પોતે તિલકાચાર્ય નામે આચાર્યની પાસે ચારિત્ર લીધું. તે ભુવનસાર હું પોતે જ છું એ મહારા વૈરાગ્યનું કારણ તુજને જણાવ્યું.

તે માટે હે ભીમ ! તેં જે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત લીધું છે તેમાં સાવધાન થજે. નિશ્ચલ રહેજે. ભીમ બોલ્યો, હે સ્વામિન્! તમારૂં વચન પ્રમાણ છે. પછી વંદના કરી સહુ પોતાને સ્થાનકે ગયા. ભીમ પણ યુવરાજ પદ ભોગવતો, ધર્મ નિયમ કરતો વિચરે છે. એક દિવસ તે કુમાર મિત્ર સાથે વાતો કરે છે. એવામાં એક કાપાલિક આવ્યો. તે કુમારને આશીર્વાદ દઇને કુમારને એ રીતે જઇ કહેવા લાગ્યો, હે ભીમ ! તું પરોપકારી છે, માટે સાંભળ. મ્હારી પાસે ભુવનક્ષોભિણી નામે વિદ્યા છે, તેને બાર વર્ષ સાધતા મેં પૂર્વસેવા તો કરી છે પણ ઉત્તરસેવામાં કાલીચૌદશને દિવસે સ્મશાનમાં જઇને સાધીશ તે વારે તું મારો ઉત્તરસાધક થાય તો મ્હારી વિદ્યા સિદ્ધ થાય. તે સાંભળીને કુમાર વિચારે છે કે, આ અસાર શરીરે કરીને કોઇને ગુણ થાય તો ઘણુંજ રૂડું. એમ ચિંતવીને કુમારે તેનું વચન માન્યું. તે વારે કાપાલિક બોલ્યો, કાલીચૌદશને આવવાને દશ દિવસ બાકી છે ત્યાં સુધી હું તમારી પાસે રહીશ. તે પણ કુમારે માન્યું. હવે તે યોગી કુમાર સાથે ખાય, પીએ, એકાંતમાં વાતો કરે, એમ કરતાં એક દિવસ મંત્રિ-પુત્ર બોલ્યો, હે કુમાર ! તમારે આ પાખંડી સાથે ગોષ્ઠી કરવી સારી નથી. જે માટે દુર્જનની સંગતિ અનર્થકારક છે. કુમાર બોલ્યો કે હે મિત્ર! તમે સાચું કહ્યું, પણ મેં દાક્ષિણ્યતાએ હા કહી છે, તેથી હવે નાકારો કેમ કહેવાય ? વળી મંત્રિપુત્રે ઘણું વાર્યો તો પણ કુમાર ન રહ્યો. અનુક્રમે કાલીચૌદશને દિવસે નિર્ભયપણે શ્મશાનમાં ગયાં. ત્યાં કાપાલિકે મંડળ આલેખી કોઈક દેવતાને સંભારીને ભીમની શીખા-બંધ કરવા માંડી, ત્યારે ભીમ બોલ્યો, મારી શિખાએ બંધ શ્યો ? મ્હારૂં સત્વ છે તે જ શિખાબંધ છે. એમ કહી હાથમાં ખડ્ગ લઇને સાહસિક થકો ઉભો થયો. કાપાલિકે વિચાર્યું કે શિખાબંધનને છલે તો એ ન છલાય, હવે પરાક્રમે એનું મસ્તક લઉં. એમ વિચારીને આકાશ સરખું પોતાનું રૂપ કરીને મહાગર્જારવ કરતો, કોપે ભરાણો થકો ભીમને કહેવા લાગ્યો કે રે બાળક ! તહારૂં મસ્તક પરાક્રમે

લઇશ. પણ જો તું તહારી મેલે આપે તો આગલા ભવે દેવતા થઇશ. ત્યારે ભીમ બોલ્યો કે રે ચાંડાળ ! પાખંડી, માયાવી ! તને હું શત્રુની જેમ મારીશ, એમ કહે છે એવામાં પાખંડીએ શસ્ત્રઘાત કર્યો. તે ઘાત ભીમે વચમાંથી બચાવીને હાથમાં તલવાર હતી તે સહિત કાપાલિકને ખંધે ચઢી બેઠો, અને મનમાં વિચારે છે કે એને મારૂં કે નહીં ? વલી વિચાર્યું કે જીવતો સેવા કરે તો કોણ મારે ? એમ ચિંતવે છે. એવામાં તો તે પાખંડીએ ભીમને પકડીને આકાશમાં ઉછાળ્યો. ત્યાંથી પડતાં એક યક્ષિણીદેવી તેને કરસંપુટમાં રાખી પોતાના મંદિરમાં લઈ ગઈ. ત્યાં રત્નમય સિંહાસન ઉપર બેસાડીને યક્ષિણી કહેવા લાગી કે હે સુભગ ! આ વિંધ્યાચલ પર્વતપર વૈક્રિય ભુવન બનાવી ક્રીડાને અર્થે વસું છું. હું કમળા નામે યક્ષિણી છું. આજે પરિવાર સહિત અષ્ટાપદે જઇને ત્યાંથી પાછી વળતાં તને પડતો દેખીને હું અહીંઆ લઈ આવી છું. હું મહાકંદર્પે કરીને પીડાઉં છું. અને તું દયાવંત છે. હું તહારે શરણે આવી છું. તે માટે મને પીડા પામતી રાખ. આ મહારો પરિવાર તે તહારા ચાકર રૂપે જાણજે. તે માટે મહારી સાથે દિવ્યભોગ ભોગવ. તે સાંભળીને ભીમ બોલ્યો, હું ભૂમિગોચર અને તમે દેવાંગના છો તેથી આપણો સંગમ કેમ થાય ? વળી પણ મારી વાત સાંભળ, જે વિષય તે આગળ મહા દારૂણ વિપાક આપે છે. વિષયાસક્ત થતાં થકાં જીવ નરક નિગોદને વિષે ભમે છે.

યતઃ सल्लं कामा विषं कामा, कामा आसीविसोवमा ॥
कामे पच्छेयमाणा, अकामा जंति दुग्गइं ॥१॥

તે માટે તમે મારે માતા બરોબર છો. તો એવી વાત ન કહેશો. એમ કહીને પગે લાગ્યો. ત્યારે યક્ષિણી બોલી કે તું સાહસિક છો. માટે કાંઈક માંગ ? કુમાર બોલ્યો મારે સર્વ છે. એક શ્રી જિનેશ્વરનું શરણ છે. તે ઉપરાંત મારે બીજું કાંઈ જોતું નથી. દેવી બોલી, મારે પણ આજ પછી શ્રી જિનેશ્વર વીતરાગ તે જ શરણ છે.

એ રીતે બંને જણ પરસ્પર વાતો કરે છે. એવામાં અકસ્માત્ મધુર ધ્વનિ સાંભળીને કુમારે પૂછયું કે આ ધ્વનિ કયાં થાય છે? દેવી બોલી એક સાધુ ઉપવાસ કરીને ચોમાસુ રહ્યાં છે. તે સજ્ઝાય કરે છે. તેનો એ શબ્દ છે. ભીમ બોલ્યો, તેમને વાંદીને જન્મ સફળ કરીએ. એમ કહી કુમાર તેની સાથે ચાલ્યો. યક્ષિણી પણ પરિવાર સહિત માર્ગ દેખાડતી ચાલી. બંને મુનિ પાસે આવી વંદના કરીને મુનિ સજ્ઝાય કરે છતે સાંભળે છે અને અનુમોદના કરે છે.

એવામાં આકાશથી એક ભુજા આવતી જોઈ. તે અકસ્માત્ કુમારની પાસે આવી પડી. ભીમે વિચાર્યું કે આ શું કરશે? એટ-લામાં તો તે ભુજા ભીમનું ખડ્ગ લઇ ચાલવા માંડી. કુમારે વિચાર્યું કે આ લાંબી કાળી કોની ભુજા છે અને એ કયાં જશે? એવું વિચારી કૌતુક સહિત ઉછળીને તે ભુજા ઉપર ચડી બેઠો. ભુજા આકાશમાર્ગે ચાલી, માર્ગમાં અનેક પર્વત, નદી, વન દેખતો કાલિકાનું ભુવન ધરતી ઉપર છે ત્યાં આવ્યો. તે ભુવન કેવું છે? જેને નાના પ્રકારના હાડકાંની તો ભીંત છે, મનુષ્યના મસ્તકના તો કોશીષા છે, હસ્તિના દાંતના તોરણ છે, કેશપાશની ધ્વજા છે, વાઘના ચામડાનો ચંદરવો છે, રૂધિરે કરી રક્ત પૃથ્વીનું તળું છે. તે ભુવનને વિષે મસ્તકની માલાની ધર-નારી ક્રૂર નેત્રની ધણિયાણી, પાડાનું જેને વાહન છે એવી કાલિકાની મૂર્તિ જોઇ. તેના મુખ આગળ એક દુષ્ટ, ધૃષ્ટ, પાપિષ્ઠ, પાખંડી જોયો. જેણે વામહસ્તમાં એક પુરુષ પકડયો છે. એવો એક કાપાલિક બેઠો હતો તે જોયો. તેનો જમણો હાથ તે જેના ઉપર ભીમ બેસીને આવ્યો તેજ છે. તેને જોઇને ભીમ મનમાં વિચારે છે કે એના હાથમાં પુરુષ છે તેને આ શું કરશે? તે તમાસો જોઉં. એમ વિચારીને તે હાથ ઉપરથી ઉતરીને કયાંય છાનો ઉભો રહ્યો. હવે તે કાપાલિક હાથમાં ખડ્ગ લઇને તે વામ હાથમાં પકડેલા પુરુષને કહેવા લાગ્યો, રે રાંક! તું તહારા ઇષ્ટ દેવને સંભાર. હું આ ખડ્ગે કરી તહારું મસ્તક છેદીને દેવતાની પૂજા કરીશ. ત્યારે તે પુરુષ બોલ્યો, જગત્જીવના ઉપગારી એવા એક

શ્રી વીતરાગદેવનું જ મ્હારે શરણુ હોજો. વલી પરોપકારી, પુણ્યવંત, મને પ્રાણ થકી અધિક, દયાવંત, ધર્મનો રસિયો એવો જે ભીમકુમાર જેને મેં વાર્યો તો પણ તે કાપાલિકની સાથે શું જાણું ક્યાંય ગયો? તેનું મ્હારે શરણુ હોજો. એમ કહી પછી પાખંડીને કહ્યું કે હવે તહારે જે કરવું હોય તે વહેલું કર. પાખંડી બોલ્યો, તે ભીમકુમારને તો લક્ષણવંતો જાણી હું દેવતાની પૂજાને અર્થે લાવ્યો હતો, પણ તે શું જાણે ક્યાંય નાશી ગયો. હવે તેને સ્થાનકે તને લક્ષણવંતો જાણીને લાવ્યો છું, માટે તેને સંભાર્યા થકી શું વળવાનું? તે તો શ્વેતભિક્ષુ પાસે બેઠો છે. તે વાત સાંભળીને ભીમકુમાર બોલ્યો રે પાપિષ્ઠ! મહારા મિત્રને વિટંબના પમાડે છે તે હુંજ ભીમકુમાર સર્વ જીવની રક્ષા કરવાને સૌમ્ય છું, પણ તહારો સંહાર કરવાને ભીમ છું. ત્યારે કાપાલિક મંત્રીપુત્રને મૂકીને ભીમ શ્હામો ચાલ્યો. ભીમકુમાર અવસર પામી સાહસિક થઇ તે કાપાલિકના બે પગ પકડી તેને હેઠો નાંખી છાતી પર પગ મૂકી તાડના તર્જના કરવા લાગ્યો. એટલે દેવી આકુળ વ્યાકુળ થઇને બોલી. રે ભીમ! એને નહિ માર. એ મહારી સેવાનો કરનાર છે. મનુષ્યના મસ્તકરૂપ કમલે કરી મહારી પૂજાનો કરનાર છે. એ મને જ્યારે એકસો ને આઠ મસ્તક ચઢાવશે, ત્યારે હું એને પ્રત્યક્ષ થઇશ. અને જે માંગશે તે હું આપીશ. પણ હમણા તો તહારૂં પરાક્રમ દેખીને હું તહારી ઉપર સંતુષ્ઠ થઇ છું. માટે કાંઈક માંગ. ત્યારે ભીમ બોલ્યો, જો મારા પર સંતુષ્ઠ થઇ હોય, તો મને-વચને અને કાયાએ કરીને તું અહિંસા મૂકી દે. હે માતા! સર્વ ધર્મનું બીજ તો દયા છે. દયા હોય તો સર્વ મનવાંછિત મળે. ફળે અને હિંસાએ તો ઘણો સંસાર ભમીએ. ॥યતઃ॥

कृपानदी महातीरे, सर्वे धर्मास्तृणांकुराः ॥
तस्याः शोषमुपेतायां, कियन्नन्दन्ति ते चिरम् ॥१॥

તે માટે હિંસા તજો અને સમતા ભજો. એવું સાંભળીને દેવી

કહેવા લાગી હે વત્સ ! આજ થકી હું સર્વ જીવને મારા જીવ સરખા જાણીશ. હવે કોઇને નહિ મારૂં. એમ કહી દેવી અદૃશ્ય થઇ.

હવે અવસર પામીને મંત્રીપુત્ર બોલ્યો હે કુમાર ! તમારી સ્ત્રી વાસભવનમાં પ્રથમ પ્રહરે ગઇ ત્યારે તમને ન જોયા. તેણીએ ચોકીદારને પૂછ્યું. તેને પણ તું ન જડયો. ત્યારે રાજાને કહ્યું. રાજાએ પણ શોધ કરાવવા માંડી, પણ તું ન જડયો. ત્યારે રાજા-રાણી સર્વ મૂર્ચ્છા ખાઇને ધરતી ઉપર પડયાં. વળી ચેતન વળ્યું. ત્યારે પ્રધાન, પાગિયા સર્વ ચિંતાતુર થઇને બેઠા. એવામાં એક દેવી આવીને કહેવા લાગી, કે હું તમારી કુળદેવી છું. ભીમકુમારની ચિંતા ન કરો. પછી તેને મૂળથી માંડીને સર્વ ચરિત્ર કહી દેખાડયું. અને કહ્યું કે કેટલેક દિવસે ભીમકુમાર ઘણી ઋદ્ધિ લઇને અહીં આવશે. એમ કહીને અદૃશ્ય થઈ. તે સાંભળીને હું સ્મશાનમાં તમને શોધવા નીકળ્યો, એટલે આ કાપાલીકે ઉપાડીને મને અહીં આણ્યો. મેં પુણ્યયોગે તમને દીઠા. તે સાંભળીને કાપાલિક બોલ્યો. હે સાત્વિક ! તેં કાલિકાને દયાધર્મ કહ્યો તે મેં પણ અંગીકાર કર્યો. તું આજથી મારો ધર્મગુરુ છો. અને હું તારો સેવક છું. તારા કેટલા ગુણ વર્ણવું ? તું ગુણે કરી પરિપૂર્ણ ભર્યો છે.

એવામાં પ્રાતઃકાલ થયો. ત્યારે પર્વત સરખી કાયાવાળો સપ્તાંગ પ્રતિષ્ઠિત એવો એક હાથી ત્યાં આવ્યો. તે હાથી મંત્રીસહિત કુમારને ઉપાડીને પોતાની પીઠે આરોપીને આકાશમાં ઉડયો. ત્યારે કુમાર કહેવા લાગ્યો કે પૃથ્વી ઉપર એવા પણ હાથી હોય છે કે જે આકાશમાં ઉડે. ત્યારે મંત્રીપુત્ર જૈનધર્મે વાસિત થકો બોલ્યો કે હે કુમાર ! એ હાથી નથી. તમારા પુણ્યનો પ્રેર્યો કોઇ દેવતા છે. માટે આપણને જ્યાં લઈ જાય ત્યાં લઈ જવા દો. સર્વ સ્થાનકે પુણ્યથી સારૂં થશે. હવે બે જણ સહિત તે હાથી ગગનથી હેઠો ઉતરીને એક ઉજ્જડ નગરને દરવાજે તે બંનેને મૂકીને પોતે ક્યાંય જતો રહ્યો. ત્યારે કુમાર મંત્રીને

બહાર મૂકીને પોતે કૌતુકને લીધે તે નગરમાં ગયો. ત્યાં ઋદ્ધિએ પરિપૂર્ણ, મનોહર પરંતુ મનુષ્યે કરી શૂન્ય એવા ઘર, હાટ જોતો જોતો ચાલ્યો જાય છે. તેવામાં એક સિંહે પોતાના મુખમાં મહાન પુરુષ લીધો છે. તેને કુમારે જોયો. તે દેખી વિચારવા લાગ્યો કે આ કોઇ દેવાનુભાવ છે. એમ ચિંતવી વિનયપૂર્વક સિંહને કહેવા લાગ્યો. હે સિંહ ! એ પુરુષને મૂક ? સિંહ પણ તે પુરુષને પોતાના પગમાં વચ્ચે ઘાલીને શંકિત થઇ ભીમને કહેવા લાગ્યો, હે સત્પુરુષ ! હું ક્ષુધાથી છું. ઘણે કાળે ભક્ષ મળ્યું છે, તે કેમ મૂકું ? કુમાર બોલ્યો તમે કોઈ દેવતા છો, પણ કોઇક કારણે સિંહનું રૂપ કર્યું જણાય છે. પણ સાંભળો ! દેવતાને પણ હિંસા ન ઘટે. દેવતા કવલાહારી હોય નહીં. તથાપિ જો તમારે માંસની ઇચ્છા હોય, તો હું મારા શરીરનું માંસ આપું. તે સાંભળી સિંહ બોલ્યો, હે કુમાર ! તેં સાચી વાત કહી. પણ એણે મને પાછલે ભવે ઘણું દુઃખ આપ્યું છે જે મુખેથી કહી શકાય નહિ. માટે એ પાપીને હું સો સો ભવ સુધી મારૂં તો પણ મારો ક્રોધ જાય નહિ. કુમાર બોલ્યો, હે ભદ્ર ! એ તો દીન દેખાય છે. તો દીન ઉપર એવડો શ્યો ક્રોધ ? વળી ક્રોધ કરવાથી પોતાનો ભવ બગડે. માટે ક્રોધ મૂકો. ઇત્યાદિક યુક્તિએ કહ્યું. પણ તે સિંહે માન્યું નહિ. ત્યારે કુમારે વિચાર્યું કે દુષ્ટ હોય તે તો આક્રોશ કર્યે થકે જ પાધરા થાય. એમ ચિંતવી હાથમાં ખડ્ગ લઇને સિંહની સન્મુખ દોડયો. સિંહ પણ તે પુરુષને પીઠ ઉપર સ્થાપીને મુખ વિકસ્વર કરીને કુમાર સન્મુખ આવ્યો. એટલે કુમાર ખડ્ગ લઇને સિંહના મસ્તક ઉપર ભમાડવા લાગ્યો. ત્યારે સિંહ તે નરને ત્યાં જ મૂકીને અદશ્ય થઇ ગયો.

હવે કુમાર અને તે પુરુષ બેઉ જણા સાથે રાજમંદિરમાં ગયા. ત્યાં સર્વ શૂન્ય દેખતાં એક સાત ભૂમિના મહેલમાં ચઢયાં. તેમાં એક કાષ્ટની પૂતલી છે. તેણીએ સુવર્ણમય આસન ઘણાં આદર સહિત કુમારને આપ્યું. ભીમ પણ વિસ્મય પામીને ત્યાં બેઠો. ક્ષણેક થઇ

એટલે સ્નાનની સામગ્રી લાવીને કહેવા લાગી કે હે પ્રભુ! સ્નાન કરો. ભીમ બોલ્યો, મ્હારો મિત્ર મતિસાગર નામે બહાર છે, તેને ઇહાં લાવો, એટલે તે મિત્રને પણ ત્યાં લાવી, તે મિત્ર સહિત સ્નાન કરીને ભોજન કરાવ્યું. સુંદર શય્યા પાથરી આપી. ત્યાં સૂતા. એમ સવિસ્મય-પણે કુમાર ત્યાં રહ્યો છે, એવામાં ચલિતાકુંડલાભરણવાળો એક દેવતા પ્રત્યક્ષ થઈ કહેવા લાગ્યો, હું તહારા ધૈર્યથી તુષ્ટમાન થયો છું. માટે વર માગ. કુમાર બોલ્યો કે તુષ્ટમાન થયો છો તો કહે તું કોણ છે? અને આ નગર શૂન્ય કેમ છે? દેવતા બોલ્યો, આ હેમ-પુર નગરમાં હેમરથ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ચંડ નામે પુરોહિત હતો, તે લોકને ઘણુ પીડે. રાજા પણ કાનનો કાચો તે થોડા અપરાધે ઘણો દંડ કરે. એકદા પુરોહિતનો જુઠો અપરાધ કોઈ પુરુષે રાજા આગળ કહ્યો. રાજાએ રૂષ્ટમાન થઇને અણુવિચાર્યે ઉષ્ણુતેલ છાંટીને તેને માર્યો. તે અકામ નિર્જરાએ મરીને હું રાક્ષસ થયો છું. મેં પાછલા ભવનું વૈર સંભારીને સર્વ નગરીના લોકને પ્રચ્છન્ન કર્યા છે. તથા સિંહરૂપ કરી રાજાને મુખમધ્યે લીધો હતો તેને તેં મૂકાવ્યો. પછી તાહરી સ્નાનાદિક સર્વ સામગ્રી મેં કરી. તહારી અનુવૃત્તિએ લોક પણ સર્વ પ્રગટ કર્યા છે. તે સાંભળી કુમાર જુએ છે તો નગર લોકે કરી વસતું દીઠું.

એવામાં સુરાસુરે સ્તવના કરાતા એવા એક ચારણમુનિરાજ આકાશમાર્ગે ત્યાં આવ્યા. અનુક્રમે નગર બહાર ઉતર્યા, તેને કુમારે દીઠા. પછી કુમાર રાજાને કહેવા લાગ્યો, આ મુનીશ્વરના ચરણકમલો વાંદીને ભવ સફલો કરો. કહ્યું છે કે...

जिनेन्द्र प्रणिधानेन, गुरुणां वंदनेन च ।
न तिष्ठति चिरं पापं, छिद्रहस्ते यथोदकम् ॥६॥

એમ સાંભળીને ગોખથી હેઠા ઉતરી કુમાર, મંત્રી, રાક્ષસ અને હેમરથ રાજા એ સર્વ મુનિ પાસે ગયા. નગરના લોક પણ આવ્યા,

વંદના કરીને યથોચિત સ્થાનકે બેઠા. મુનિએ ધર્મદેશના આપી કે, હે ભવ્ય પ્રાણિઓ! ક્રોધ ન કરીએ, ક્રોધ મહાદારૂણ છે, પોતાના આત્મા તથા પરને તપાવે અને જન્મની પ્રીતિનો ક્ષણેકમાં વિધ્વંસ કરે.

સિદ્ધાંતેપ્યુક્તમ્ ।। યતઃ ।।

परुस वयणेण दीणतवं, अहिखिवंतोअ हणइ मासतवं ।
वरिस तवं सेवमाणो, हणइ हणंतो अ सामन्नं ।।७।।

ઈત્યાદિક દેશના સાંભળીને રાક્ષસ બોલ્યો, હે ભગવન્! આ કુમારના પ્રભાવે ગામના લોક ઉપરથી તથા રાજા ઉપરથી મેં ક્રોધ મૂકયો, એવામાં ગજારવ કરતો એક હાથી ત્યાં આવ્યો. તેને દેખીને પર્ષદા બીવા લાગી. એટલે તે ગજરૂપ મૂકીને ચલિતાકુંડલાભરણ થઇ દિવ્યરૂપ ધરી યક્ષ થઇને બેઠો, ત્યાં મુનિ બોલ્યા, હે યક્ષ! તમારો પુત્ર હેમરથરાજા તેને રાખવા માટે તમે અતિથીના રૂપે ભીમકુમારને ઉપાડી લાવ્યા. યક્ષ બોલ્યો, હા સ્વામી! તમે સાચું કહ્યું. આ હેમરથરાજા મહારો પુત્ર છે, મેં પરભવના સ્નેહથી આ કામ કર્યું. પૂર્વે સમકિત અંગીકાર કરીને કુસંસગે વિરાધ્યું. તે દોષે હું વ્યંતર થયો. માટે હે સ્વામિન્! મને ફરી સમકિત ઉચરાવો. ત્યારે મુનિરાજ એનો આગ્રહ જાણી રાક્ષસ અને રાજા પ્રમુખ સર્વને વિધિપૂર્વક સમ્યકૃત્વ દેતા હવા.

હવે તે સર્વ મુનિને વંદના કરીને યક્ષાદિક સર્વ રાજાને ઘેર આવ્યા, ત્યારે હેમરથ રાજા કુમારને વિનંતિ કરતો હતો કે હે કુમાર! આ સર્વે સંપદા તમારી છે. હું તમારી આજ્ઞાનો કરનાર છું. તમે મહારી પુત્રી મદાલસા કન્યાનું પાણિગ્રહણ કરો, કુમાર પણ અતિ આગ્રહ કર્યે થકે તે કન્યાને પરણે છે. એવામાં તે કાલિકાદેવી વીશભુજાને ધારણ કરી, પરિવાર કુમાર સહિત વિમાન ઉપર બેસીને ત્યાં આવી. કુમારને પ્રણામ કરીને કહેવા લાગી કે હે ભીમ! આ મહારો હાર તું લે. એ હારમાં નવરત્ન છે. તેને પ્રભાવે તું ત્રણખંડનો સ્વામી થઈશ. તથા

એથી આકાશમાર્ગે ગમન થશે, સર્વ રાજા તમારી આજ્ઞા પ્રમાણે વર્તશે. વળી સાંભળ, હું વિમાને બેસી તહારા નગર ઉપર થઈને જતી હતી, ત્યાં તહારા માતા-પિતા-ઘણાં વિલાપ કરે છે, તે સાંભળી મેં તેમને કહ્યું કે, બે દિવસમાં ભીમકુમારને હું તેડી લાવું છું. માટે હે ભીમ! તમે ચાલો, તે સાંભળી ભીમકુમાર પોતાના નગર ભણી જવાને ઉજમાળ થયો. એટલે યક્ષ વિમાન વિકુર્વીને કહેવા લાગ્યો, હે કુમાર! આ વિમાનમાં બેસીને પોતાના નગરે જાઓ. ત્યારે હેમરથ રાજાએ પણ ઘણાં હાથી, ઘોડા, આભરણ, રત્ન પ્રમુખ કુમારને આપ્યું.

પછી ઘણાં આગ્રહથી હેમરથ રાજાની આજ્ઞા લઈને વિમાનમાં બેસી કન્યા અને મંત્રી સહિત કુમાર પોતાની નગરી ભણી ચાલ્યા. હાથી, ઘોડા, પાયક પ્રમુખ સર્વ ભોંયપર ચાલતા હતા. અનુક્રમે ઘણાં આડંબરથી કમલપુરના વનમાં પહોંચ્યાં ત્યાં ચૈત્યને વિષે યક્ષ રાક્ષસાદિક સહિત ભીમકુમાર પરમેશ્વરની સ્તવના કરીને પાદવિહારે પિતાને નમવા ચાલ્યો. પિતાને પણ વનપાલકે વધામણી દીધી કે હે સ્વામિન! ભીમકુમાર આવ્યા છે. તે સાંભળી રાજાએ પોતાનાં આભરણ સર્વ વનપાલકને આપ્યાં. સર્વ નગર શણગાર્યું. પ્રધાન પ્રમુખ સર્વ સામા આવ્યા, ભીમ પણ તે સર્વને આવતા દેખી માતા પિતાને ચરણે નમ્યો. સહુને હર્ષ થયો, સર્વ સ્થાનકે પહોંચ્યા. ભોજન કર્યાં. મંત્રીએ સર્વ વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યો. રાજા ઘણો ખુશી થયો. પછી ઘણી રાજકન્યાઓ કુમારને પરણાવી. અનુક્રમે કુમારને રાજ્યાભિષેક કરીને હરિવાહન રાજાએ ગુરુ પાસે દીક્ષા લીધી. ભીમરાજા જૈન શાસનનો ઘણો પ્રભાવક થયો. અનુક્રમે તે ત્રણખંડનો ભોક્તા થયો. પછી તે દેવતાની જેમ સુખ ભોગવતાં પાંત્રીશ હજાર વર્ષ વ્યતીક્રમ્યાં.

એક દિવસે વનપાલકે આવી રાજાને વધામણી દીધી કે હે રાજન્! ક્ષમાસાગર નામે આચાર્ય ચાર જ્ઞાનના ધણી ઘણાં સાધુએ પરિવરેલા થકા આપણા સહસ્રામ્ર વનને વિષે પધાર્યા છે. રાજાએ પણ વધામણીયાને

શીખ આપીને પરિવાર સહિત વંદના કરવા આવ્યો. ગુરુને વાંદી યથોચિત સ્થાનકે બેસી સર્વ ધર્મ સાંભળવાને ઇચ્છતા હતા. ગુરુ પણ ધર્મદેશના દેતા હતા. યતઃ—

स्वर्णस्थाले क्षिपति स रजः पादशौचं विधत्ते,
पीयूषेण प्रवरकरिणं वाहयत्यैन्धभारम् ॥
चिन्तरत्नं विकिरति कराद्वायसोड्डायनार्थं ।
यो दुष्पापं गमयति मुधा, मर्त्यजन्म प्रमत्तः ॥८॥
अपारे संसारे कथमपि समासाद्य नृभवं,
न धर्मं यः कुर्याद्विषयसुखतृष्णातरलितः ।
बुडन् पारावारे प्रवरमपहाय प्रवहणं,
स मुख्यो मुर्खाणामुपलमुपलब्धुं प्रयतते ॥ ९ ॥

ઇત્યાદિ દેશના સાંભળીને રાજા હાથ જોડીને પૂછતો હતો કે હે ભગવન્ ! મેં પાછલે ભવે શું પુણ્ય કર્યું હતું કે, જેથી આટલું સુખ પામ્યો, ગુરુ બોલ્યા, સાંભળ,

પ્રતિષ્ઠાનપુર નગરને વિષે દેવદત્ત અને સોમદત્ત એ નામે બે ભાઈ વસે છે, પણ તે માંહેમાંહે દ્વેષ ધરે, અમર્ષ વહે, તેમાં મોટાભાઈને પુત્ર ન થવાથી ઘણી સ્ત્રીયો પરણ્યો, પણ પુત્ર ન થયો. તે એક દિવસ કોઈક ગામે ઉઘરાણી જાય છે, વાટમાં દાવાનળ જોયો. તેમાં એક સર્પ બળતો આકુલ વ્યાકુલ થતો દીઠો, ત્યારે દેવદત્તના મનમાં દયા આવી કે, જો એ- સર્પ ઉગરે તો હું, સર્વ પામ્યો કારણ કે સર્વ પ્રાણીને જીવિતવ્ય વહાલું છે. એમ વિચારીને પોતાના જીવિતવ્યની અપેક્ષા કર્યા સિવાય તેણે દાવાનળમાંથી સર્પને કાઢયો. તે વેળા તેણે આકરૂં પુણ્ય ઉપાર્જન કર્યું. યતઃ

क्रीडाभूः सुकृतस्य दुष्कृतरजः संहारवात्याभ्रमा,
दुपरिं व्यसनाग्निमेघपटली, संकेतदूतिश्रियाम् ।
निःश्रेणीस्त्रिवौकसः प्रियसखी, मुक्तेः कुगत्यर्गला,
सत्वेषु क्रियतां कृपैव भवतु, क्लेशैरशेषैः परैः ॥ १० ॥

વળી એક દિવસ ભોજન કરવા બેસતાં માસખમણના પારણાથી મુનિઓ ત્યાં પધાર્યા. તેમને ઘણાં હર્ષે કરી પ્રતિલાભ્યા. અનુક્રમે આયુષ્યના ક્ષયે મરણ પામીને તું અહીંયા રાજા થયો છે. પૂર્વભવે સર્પને કષ્ટથી મૂકાવ્યો, તે કારણથી તહારૂ કષ્ટ ગયું, અને રાજ્ય પામ્યો. તથા પૂર્વભવનો ભાઇ સોમદત્ત તે હમણાં કાપાલિક થયો છે. તે પાછલા ભવના અભ્યાસથી તહારા ઉપર પ્રેમ ધરતો રહ્યો, તે માટે હે ભીમ ! તું દયા પાળજે અને હિંસાનો ત્યાગ કરજે. એવું સાંભળીને ભીમરાજાને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પૂર્વભવ જોયો. ગુરુ ઉપર પ્રતીત આવી. ત્યારે વૈરાગ્ય પામીને ગુરૂને વિનંતિ કરી હે ભગવન્ ! કૃપા કરીને અહીં ચોમાસુ રહો તો ઘણો લાભ થશે. ગુરુ પણ લાભ જાણીને ત્યાં ચોમાસુ રહ્યા. રાજાએ સમસ્ત દેશને વિષે અમારીનો પડહ વજડાવ્યો. નવા જિન ચૈત્યો કરાવ્યાં. નિરંતર વ્યાખ્યાન સાંભળતા ચોમાસાના અંતે ભીમકુમારે ચારિત્ર અંગીકાર કર્યું. હવે ભીમ મુનિ ગુરુ સાથે વિહાર કરતાં, નિરતિચાર ચારિત્ર પાળતાં, અનેક જીવને પ્રતિબોધ આપતાં કેવળજ્ઞાન પામી પરમાનંદ પદ પામ્યાં. ઇતિ ભીમકુમારની કથા શ્રી પાર્શ્વનાથ ચારિત્રમાં વિશેષ છે.

હવે આગલા પદમાં વિષ તથા અમૃત સપ્રતિપક્ષે ઉદાહરણ સહિત કહ્યા, તે જ માટે શત્રુ તથા મિત્ર સપ્રતિપક્ષે દેખાડે છે.

॥माणो अरि किं ? એટલે અહીં ગુરૂ પ્રત્યે શિષ્ય પૂછે છે કે હે સ્વામિન્ ! (अरि किं के०) શત્રુ તે કોણ ? ત્યારે ગુરુ કહે છે કે (माणो के०) માન એટલે એ ભાવ જે માન છે તે આત્માને શત્રુ તુલ્ય છે. ॥माणेण अहमा गइ ॥ ઇતિ વચનાત્ ॥ તે માનના આઠ પ્રકાર છે

जाति लाभ कुलैश्वर्य, बलरूप तपश्रुतैः ॥
कुर्वन् मदं पुनस्तानि, हीनानि लभते जनः ॥ १ ॥

**ત્યાં પ્રથમ જાતિમદ ઉપર હરિકેશીના પાછલા ભવનું દૃષ્ટાંત કહે છે.**

મથુરા નગરીને વિષે શંખરાજા રાજ્ય કરે છે. તે રાજા ઘણો ન્યાય નિપુણ છે. એક દિવસે તે શંખરાજા ગુરુ પાસે ધર્મદેશના સાંભળી વૈરાગ્ય પામી ચારિત્ર લેતા હવા. તે તપસ્યા કરતાં ઘણાં લબ્ધિપાત્ર થયા, એકદા ભિક્ષાર્થે હસ્તિનાપુર નગરમાં ગયા. ત્યાં માર્ગને નહિ જાણવાથી કોઈ સોમદેવ નામે પુરોહિત હતો તેને માર્ગ પૂછયો. પણ તે પુરોહિત મુનિવેષનો દ્વેષી છે. વળી તે નગરમાં બે માર્ગ છે. તેમાં એક માર્ગ વ્યંતર અધિષ્ઠિત છે. તેથી જે કોઈ તે માર્ગે જાય તે બળીને રાખ થઇ જાય. એવી ઉષ્ણ ધરતી તેણે વિકુર્વી છે. બીજો માર્ગ પાધરો છે. પણ પુરોહિતે મુનિને વ્યંતરાધિષ્ઠિત માર્ગ દેખાડયો. મનમાં જાણ્યું કે એ બળીને ભસ્મ થાય તો કૌતુક જોઇએ.

હવે સાધુ તો તે માર્ગે ચાલ્યા, ત્યારે તે વ્યંતર પણ સાધુના તપતેજથી નાઠો. તેથી માર્ગ શીતલ થયો. શંખરાજર્ષિ તો ઇર્યાસમિતિએ હળવે હળવે ચાલ્યા જાય છે. ત્યારે સોમદેવ પુરોહિતે ગોખમાં બેઠા વિચાર્યું કે, અહો ! એ ધર્મ મોટો છે. જેથી એવો માર્ગ તે પણ શીતળ થયો. આ મુનિના પ્રભાવે. તે માટે તે વેષને ધન્ય છે. અને એ માર્ગને પણ ધન્ય છે. એમ ચિંતવી ગોખેથી હેઠો ઉતરી સાધુને પગે લાગી કહ્યું કે, હે સ્વામિન્ ! મેં અજ્ઞાનપણે મહાપાપ કર્યું. મારો અપરાધ ખમો. સાધુએ પણ યોગ્ય જાણી ધર્મ કહ્યો. તે સાંભળીને પુરોહિત પ્રતિબોધ પામ્યો. મનમાં વિચાર્યું કે, એ મુનિરાજ મહાઉપગારી છે. જે માટે મેં અપરાધ કર્યો, તો પણ એણે મને ધર્મ સમજાવ્યો, અને ઉપગાર કર્યો. પછી કહ્યું કે હે સ્વામિન્! સંસાર સમુદ્રમાં ચારિત્ર રૂપ પ્રવહણ દઇને મને તારો ! ગુરુએ પણ તેને ચારિત્ર અંગીકાર કરાવ્યું. તે નિરતિચાર ચારિત્ર

પાળે, પણ બ્રાહ્મણ જાતિ માટે જાતિમદ ઘણો કર્યો તેથી નીચગોત્ર કર્મ બાંધ્યું. બહુકાળ ચારિત્ર પાળ્યું, પણ અંતે મદ કર્યો તે આલોચ્યો નહિ. પછી કાળ કરીને દેવતા થયો ત્યાં ઘણો કાળ સુધી દેવતાના ભોગ ભોગવીને નીચગોત્ર નામ કર્મને ઉદયે તે સોમદેવ પુરોહિતનો જીવ ગંગાને કાંઠે બલકોટ નામે ચંડાળ રહે છે. તેની ગૌરી નામે ભાર્યાની કૂખે આવી ઉપન્યો. એથી આગળ એ કથા

"अभूषणो सोहइ बंभयारी"ત્યાં લખાશે. ઈતિશ્રી ઉત્તરાધ્યયન સૂત્ર વૃત્તૌ એ જાતિમદ ઉપર કથા કહી.

## હવે લાભમદ ઉપર સુભૂમ ચક્રવર્તીની કથા કહે છે.

વસંતપુરનગરે જેનો સર્વ વંશ ઉચ્છેદ પામ્યો છે એવો એક છોકરો હતો. તે દેશાંતર ભમતો એક તાપસની પલ્લિમાં ગયો. તે તાપસનું જમ એવું નામ છે. તે તાપસે છોકરાને મ્હોટો કર્યો. અનુક્રમે જમનો પુત્ર માટે જમદગ્નિ નામ કહેવાણું તે પણ ઘોર તપસ્યા કરવા લાગ્યો. તેથી લોકમાં પ્રસિદ્ધિ પામ્યો. એવા અવસરમાં એક વિશ્વાનર દેવતા જે શ્રાવક છે, અને બીજો ધન્વંતરિ નામે દેવતા જે તાપસનો ભક્તિવંત છે, એ બેહુ દેવોને માંહોમાંહે વિવાદ થયો. એકે કહ્યું. સાધુ દઢધર્મી હોય, અને બીજાએ કહ્યું કે તાપસ દઢધર્મી હોય પછી બેહુજણે વિચાર કર્યો કે તાપસ તથા સાધુની પરીક્ષા કરીશ, ત્યારે શ્રાવક દેવતા બોલ્યો કે અમારો સર્વમાં નવો જે સાધુ હોય. તેની પરીક્ષા કરીએ અને તમારો સર્વમાં પ્રધાન મુખ્ય જે તપસ્વી હોય તેની પરીક્ષા કરીએ એવો ઠરાવ બેહુ જણે કર્યો.

એવા અવસરમાં મિથિલા નગરીને વિષે તાજો ધર્મ પામેલો એવો પદ્મરથ નામે રાજા છે તે ચંપાનગરીમાં શ્રી વાસુપુજ્ય સ્વામીની પ્રતિમા પાસે ચારિત્ર લેવા જાય છે. તે રાજાની પરીક્ષા કરવા માટે દેવતાએ તેના ચાલવાના માર્ગમાં દેડકીઓ વિકુર્વ્યા. તે દેખીને મેઘકુમારના જીવ હાથીની પરે તે રાજાએ પોતાનો પગ ઉંચો રાખી

મૂક્યો. પણ આગળ ન ચાલ્યો. અહીં કોઇ કહે છે કે દેવતા સિદ્ધ પુત્રનું રૂપ કરી રાજા પાસે ગયા. અને ચમત્કારની વાતો દેખાડીને કહ્યું કે 'તું એ ધર્મ હમણાં મ કર. તારૂં આયુષ્ય ઘણું છે.' ત્યારે રાજા બોલ્યો, જો ઘણું આયુષ્ય હશે, તો ઘણો ધર્મ સધાશે. ઈત્યાદિક ઘણા પ્રકારે છળ કરતાં પણ તે દેવો રાજાને ચળાવી ન શકયા.

પછી જમદગ્નિ તાપસ પાસે ગયા. ત્યાં પંખીનું રૂપ કરી તાપસની દાઢીમાં માળો કર્યો. અને પંખી પંખીણીને કહેવા લાગ્યો, હે ભદ્રે ! હું હિમવંત પર્વત ઉપર જાઉં છું. ત્યારે તે પંખીણી તેને જવા ન દેતાં, કહેવા લાગી કે; તમે પાછા નહીં આવો. ત્યારે પંખીએ સમ ખાધા તો પણ ન માન્યું. ત્યારે ગોહત્યા, બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા અને બાલહત્યાનું પાપ કબૂલ કર્યું. તો પણ ન માન્યું, પછી પંખી-ણીએ કહ્યું, જો તું જમદગ્નિનું પાપ તારે માથે લે તો હું તને જવા દઉં. તે સાંભળીને જમદગ્નિ રૂઠયો. બેહુ હાથે બે પંખીને પકડીને કારણ પૂછવા લાગ્યો. ત્યારે તે બોલ્યા, તમારે પુત્ર નથી, અને પુત્ર વિના ગતિ નથી.

યત : अपुत्रस्य गतिर्नास्ति, स्वर्गो नैव च नैव च ॥
तस्मात् पुत्रमुखं द्रष्टवा, स्वर्गं गच्छंति मानवाः ॥१॥

તે સાંભળીને તાપસ ક્ષોભ પામ્યો, અને વિચાર્યું કે એ સાચું કહે છે. તેથી તપ મૂકીને મૃગકોષ્ટ નગરે ગયો. અહીં તે બે દેવતા-માંથી મિથ્યાત્વી હતો તે દેવતા સમકિત પામ્યો.

હવે તે નગરમાં જિતશત્રુ રાજા રાજ્ય પાલે છે. તેની પાસે ગયો. રાજા પણ પગે લાગી કહેવા લાગ્યો કે, તમને શું આપું ? ત્યારે તાપસ બોલ્યો કે તારે સો કન્યા છે તેમાંથી એક કન્યા મને આપો. રાજા પણ શાપથી બીનો થકો બોલ્યો કે, જે કન્યા તમને ઇચ્છે તે કન્યા તમે લ્યો. તે સાંભળી તાપસ અંતેઉરમાં ગયો. તેને દેખીને સહુ કન્યાએ થુથુકાર કર્યો. એવી તે કન્યાઓની નિર્ભર્ત્સના

જોઇને તાપસે સર્વને શાપ દઇ કુબડિઓ કરી મૂકી. એવામાં એક લઘુ કન્યાને ધૂળમાં રમતી દેખીને એક ફળ આપ્યું. તે ફળ કન્યાએ લીધું. ત્યારે તાપસે રાજાને કહ્યું કે આ બાલકન્યા મને ઇચ્છે છે. એમ કહીને તેને અંગીકાર કરી. એટલે કુબડિ કન્યાઓએ પ્રાર્થના કરી. તેને સાલીઓ જાણીને સાજી કરી. અનુક્રમે તે કન્યાને આશ્રમે લાવી પાણિગ્રહણ કર્યું.

હવે ઋતુ અવસરે સ્રીને કહેવા લાગ્યો કે તારે માટે બ્રાહ્મણ સંબંધી ચરૂ મંત્ર્યો છે, તે જમવાથી તારે ઘણો સુંદર પુત્ર થશે. ત્યારે તે સ્ત્રી બોલી કે, મારી ભગિની હસ્તિનાપુર નગરમાં અનંતવીર્ય રાજાની ભાર્યા છે. તેને માટે એક ક્ષત્રિય સંબંધી ચરૂ પચાવો. જેથી મારી ભગિની રૂડો પુત્ર પ્રસવે. તે સાંભળીને તેણે બે ચરૂ પચાવીને સ્રીને આપ્યા. સ્ત્રીએ વિચાર્યું કે જો હું બ્રાહ્મણ સંબંધી ચરૂ જમીશ, તો જેમ હું વનમાં રઝળું છું તેમ મારો પુત્ર પણ રઝળશે. એમ ચિંતવીને ક્ષત્રિય સંબંધી ચરૂ પોતે ખાધો, ને બીજો ચરૂ ભગિનીને મોકલ્યો. અનુક્રમે તેને રામ નામે પુત્ર થયો. તથા બેનને કૃતવીર્ય નામે પુત્ર થયો. પછી તે તાપસપુત્ર રામ યૌવન પામ્યે થકે ત્યાં એક વિદ્યાધર આવ્યો. તે અકસ્માત્ માંદો પડયો. રામે તેની ઘણી ચાકરી કરી, ત્યારે તે વિદ્યાધરે પરશુની વિદ્યા આપી. રામે તે વિદ્યા સાધી. તેથી પરશુરામ એવે નામે વિખ્યાત થયો. હવે તે પરશુરામની માતા બનેવીને ઘેર પોતાની બહેનને મળવા ગઇ છે. ત્યાં અનંતવીર્ય નામે બનેવી સાથે વ્યભિચાર સેવ્યો, તેથી એક પુત્ર થયો. તે જોઈ જમદગ્નિને ક્રોધ ચઢયો, તે છતાં તે રેણુકાને પુત્ર-સહિત ત્યાંથી લાવતો હવો. તે વાત જાણીને પરશુરામે પરશીએ કરી અનંતવીર્યને માર્યો. ત્યાર પછી અનંતવીર્યનો પુત્ર કૃતવીર્ય રાજ્ય ઉપર બેઠો, કૃતવીર્યે પણ પરશુરામથી પોતાના પિતાનું મરણ જાણીને જમદગ્નિને માર્યો. ત્યારે પરશુરામને રીસ ચઢી, તેણે જાજવલ્યમાન પરશુ લઇને સંગ્રામમાં કૃતવીર્યને મારી પોતે તેના

રાજ્ય ઉપર બેઠો, કૃતવીર્યની રાણી નાસીને તાપસને આશ્રમે ગઈ. ત્યાં ભયવિહ્વલ થવાથી પુત્ર પ્રસવ્યો. તેનું સુભૂમ નામ પાડ્યું. તે તાપસને આશ્રમે મહોટો થયો.

હવે પરશુરામની પરશુ ક્ષત્રિયની સમીપે જાય, એટલે જ્વલી ઉઠે. એક દિવસ તાપસના આશ્રમની પાસે થઈને જતાં પરશુરામની પરશુ જ્વલવા લાગી, ત્યારે પરશુરામ બોલ્યો કે, અહીં કોઇ ક્ષત્રિય છે. તે સાંભળી તાપસો બોલ્યા કે અહીં તો અમે ક્ષત્રિય છીએ. ગમે તો માર. ત્યારે તેની શંકા ટળી, એમ અનુક્રમે પરશુરામે સાત વાર નિઃક્ષત્રિય પૃથ્વી કરતાં ક્ષત્રિયની દાઢાએ કરીને થાળ ભર્યો. હવે પરશુરામે નિમિત્તિયાને પૂછ્યું કે, મારૂં મરણ કોનાથી છે ? નિમિત્તિયો બોલ્યો, જે તારા સિંહાસનને વિષે બેસશે. અને જેનાં દેખતાં આ દાઢીઓની ખીર થઇ જશે, તે ખીરને જે ખાશે તેનાથી તારૂં મરણ જાણજે. તે સાંભળીને તેને જાણવા નિમિત્તે પરશુરામે દાનશાળા મંડાવી, સિંહાસન મંડાવ્યું, અને તેની આગળ દાઢાઓનો થાળ મૂક્યો.

એવામાં વૈતાઢય પર્વત ઉપર મેઘનાદ નામે વિદ્યાધર છે, તેણે નિમિત્તિયાને પુછ્યું કે, મારી પદ્મશ્રી નામે પુત્રીનો ભર્તાર કોણ થશે ? નિમિત્તિયો બોલ્યો, સુભૂમ ચક્રવર્તી થશે. તે દિવસથી મેઘનાદ વિદ્યાધર નિત્ય સુભૂમની સેવા કરે, એવામાં સુભૂમ યૌવનમાં આવ્યો, થકો ભોંયરામાં રહે છે. માટે માતાને પૂછે છે કે શું લોક આટલો જ છે ? ત્યારે માતાએ સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળતા જ અહંકાર કરીને તે હસ્તિનાગપુરે ગયો. ત્યાં દાનશાળાને શોભના પમાડતો પૂર્વોક્ત સિંહાસને બેઠો. એવામાં થાળમાં ભરેલી દાઢાઓ સર્વ ખીર થઇ ગઈ. તે જોઇ ચાકર લોક સુભૂમને મારવા લાગ્યા. તેને મેઘનાદે તાડના કરી દૂર કર્યા. સુભૂમ સ્વસ્થ થઇને તે ખીર ખાઇ ગયો. ચાકર લોકે પરશુરામને ખબર કહી. તેણે પણ સન્નદ્ધ થઇ સુભૂમની ઉપર

પરશુ મૂકી, તે જેમ સૂર્યની આગળ દીવો ઓલાઈ જાય, તેમ સુભૂમની આગળ પરશુ ઓલાઇ ગઇ. સુભૂમ પણ ધરતી પર પગ પછાડી ઉભો થયો. તે જ થાળ હાથમાં લીધો. એટલે થાળ તે ચક્ર થઈ ગયું. તે ચક્રે કરી પરશુરામનું મસ્તક છેદીને સુભૂમ પોતે રાજ્યનો ધણી થયો.

હવે તે સુભૂમે અહંકારે કરી તથા રોષે કરી એકવીશ વાર નિર્બ્રાહ્મણી પૃથ્વી કરી. તે મેઘનાદ વિદ્યાધરની પુત્રી પરણ્યો. અનુક્રમે છ ખંડ સાધીને ચક્રવર્તીની પદવી પામ્યો. વળી પોતાની ઈશ્વરતા ઠકુરાઈ દેખી અહંકારે ભરાઈ વિચાર્યું કે છ ખંડ તો સર્વ ચક્રવર્તી સાધે છે. તો મારી એ ઋદ્ધિનો શ્યો વિશેષ ? માટે હું ધાતકી ખંડના છ ખંડ સાધું. એમ ચિંતવી અંત અવસ્થાએ છ ખંડની ઋદ્ધિ લઇને લવણ સમુદ્ર મધ્યે ચર્મરત્ન ઉપર બેઠો. ત્યારે ચર્મરત્નના એક અધિષ્ઠાયિકે વિચાર્યું, જે હું એક ચર્મ નહિ ઉપાડું તો ચાલશે કારણકે બીજા ઘણા દેવતાઓ ઉપાડનારા છે. એમ સમકાલે હજારો દેવતાઓએ વિચારીને ચર્મરત્ન મૂકી દીધું. તેથી છ ખંડની ઋદ્ધિ સહિત સુભૂમ સમુદ્રમાં બુડી મર્યો. મરીને સાતમી નરકે ઉપન્યો. ઈત્યાદિ કટુક ફળ પામ્યો. એ રીતે એને અહંકાર તે જ શત્રુ થયો. 'ઇતિ આવશ્યક નિર્યુક્તિ.'

સમુદ્રમાં બુડયા એ અધિકાર સર્વ વડેરી સજ્ઝાય પ્રમુખમાં આવે છે એથી લખ્યો છે. અન્યથા ગ્રંથોક્ત નજરમાં નથી આવ્યો, પણ પડઘોષ સાચો છે. નહિ તો વડેરા લાવે નહિં.

## હવે ત્રીજા કુલમદ ઉપર મરીચિનું દૃષ્ટાંત કહે છે. યથા—

॥ શ્રી ઋષભદેવ સ્વામીના પુત્ર ભરત મહારાજા, તેનો મરિચિ નામે પુત્ર, શ્રી વીર સ્વામીના સ્થૂળ સત્તાવીશ ભવની અપેક્ષાએ ત્રીજા ભવે ઉપન્યો. તેણે શ્રી ઋષભદેવ સ્વામીની પાસે દેશના સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. સ્થવિર પાસે અગીઆર અંગ ભણ્યો. એક દિવસ ઉષ્ણકાળ આવ્યો, ત્યારે તાપાદિકે પીડા પામતો ચિંતવવા લાગ્યો કે,

સંયમભાર તો દુઃખે વહેવાય. હું તો નિર્વાહ કરી ન શકું, અને ઘેર જવું તે પણ રૂડું નહીં. એવું વિચારીને એક નવો વેષ પેદા કર્યો કે, સાધુ તો ત્રણ દંડથી વિરમ્યા છે, અને હું તો નથી વિરમ્યો, તે માટે મહારે ત્રિદંડનું ચિહ્ન હો. તથા સાધુએ દ્રવ્યથી કેશનો લોચ કર્યો છે, અને ભાવથી ક્રોધાદિક મુંડાવ્યા છે, અને હું તો એવો નથી, માટે હું ક્ષુરમુંડન અને શીખા રાખીશ. તથા સાધુ પ્રાણાતિપાતથી વિરમ્યા છે, અને હું નથી વિરમ્યો, માટે મુજને સ્થૂલથી તે હો. તથા સાધુ શીલ-સુગંધી છે અને હું તેવો નથી, માટે મહારે ચંદનાદિકે વિલેપન હો. તથા સાધુ તો મોહરહિત છે, અને હું મોહે ઢાંક્યો છું. તે માટે મહારે છત્ર હો. તથા સાધુના પગે ઉપાનહ નથી, અને મહારે ઉપાનહ હો. તથા સાધુ કષાયરહિત છે અને હું તેવો નથી, માટે મહારે કષાયિક વસ્ત્ર હો. વળી સાધુ તો સ્નાન થકી વિરમ્યા છે, અને મહારે તો પરિમિત જલે સ્થાન સ્નાન થાઓ. એમ પોતાની બુદ્ધિએ પરિવ્રાજકનો વેષ લીધો.

પછી લોક નવો વેષ દેખીને ધર્મ પૂછે, તેને મુનિનો ધર્મ સંભળાવે. દેશના શક્તિએ અનેક રાજપુત્ર પ્રમુખને પ્રતિબોધીને પ્રભુને શિષ્યપણે આપે. પ્રભુની સાથે જ વિહાર કરે. પછી એક દિવસને વિષે પ્રભુજી અયોધ્યા નગરીએ સમોસર્યા, ભરત રાજા વંદન કરવા આવ્યા, ભરતે પૂછ્યું કે, હે ભગવન્! આ પર્ષદામાં કોઇ એવો જીવ છે કે જે આ ભરતમાં આ ચોવીશીમાં તીર્થંકર થાય? પ્રભુ બોલ્યા, હે ભરત! તહારો મરીચિ નામે પુત્ર આ ચોવીશીમાં ચોવીશમો તીર્થંકર થશે. વળી મહાવિદેહને વિષે મૂકા રાજધાનીમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થશે. તથા આ જ ભરતમાં ત્રિપૃષ્ઠ નામે પ્રથમ વાસુદેવ થશે. એવું સાંભળીને ભરત ચક્રી હર્ષ પામતો મરીચિની પાસે આવી ત્રણ પ્રદક્ષિણા દઈ વંદના કરીને કહેવા લાગ્યો, હે મરીચિ! જેટલા જગતમાં લાભ તેટલા તુંજ પામ્યો છે. જે માટે તું તીર્થંકર, તથા ચક્રવર્તી તેમજ વાસુદેવ થઇશ. વળી હું તહારા પરિવ્રાજકપણાને નથી વાંદતો, પણ

તીર્થંકર થઇશ માટે વાંદુ છું. એમ વારંવાર સ્તવના કરી ભરત પોતાના સ્થાનકે ગયા. મરીચિ પણ તે સાંભળીને હર્ષના ઉદ્વેગ થકી ત્રિપદી આસ્ફોટન કરી નાચતો થકો એમ કહેવા લાગ્યો કે, હું પહેલો વાસુદેવ થઈશ, ચરમ તીર્થંકર થઈશ, અને મૂકા નગરીએ ચક્રવર્તી પણ થઈશ. તે માટે મ્હારૂં કુળ ઉત્તમ છે. વળી નવ વાસુદેવમાં પ્રથમ વાસુદેવ હું, તથા બાર ચક્રવર્તીમાં પ્રથમ ચક્રવર્તી મ્હારા પિતા, વળી ચોવીશ તીર્થંકરમાં પણ પ્રથમ તીર્થંકર મ્હારા પિતામહ (બાપના બાપ) શ્રી ઋષભદેવજી થયા, માટે મ્હારૂં કુળ ઉત્તમ છે. એ રીતે મદ કરવાથી તે મરીચિએ નીચગોત્ર કર્મ બાંધ્યું.

जातिलाभकुलैश्वर्य, बलरुपतपः श्रुतैः ।
कुर्वन् मदं पुन स्तानि, हींनानि लभते जनः ॥१॥

એ કર્મ મરીચિને ભવે બાંધ્યું. તે શ્રી વીરસ્વામિના ભવમાં પણ અચ્છેરાભૂત બ્રાહ્મણને કુલે પ્રભુ ઉપન્યા.

એ કથા હેમચંદ્રાચાર્યકૃત શ્રી વીરચરિત્રમાં છે.

## હવે ચોથા ઐશ્વર્ય મદ ઉપર દશાર્ણભદ્ર રાજાનું દૃષ્ટાંત કહે છે.

દશાર્ણપુર પાટણને વિષે દશાર્ણભદ્ર રાજા રાજ્ય કરે છે. ત્યાં એકદા શ્રી વીરસ્વામી દશાર્ણ પર્વતને વિષે આવી સમોસર્યા. વનપાલકે રાજાને વધામણી દીધી. તે સાંભળી હર્ષ પામીને રાજાએ આસનથી ઉઠી ઉત્તરાસંગ કરી પરમેશ્વરની સન્મુખ સાત આઠ પગલાં ભરીને શ્રી વીતરાગને વિધિ પૂર્વક વંદના કરી. પાછા સિંહાસને બેસી વધામણી આપનારને મહાદાન આપીને વિચાર્યું કે, પ્રભાતે જગદ્ગુરુને જેમ પૂર્વે કોઇએ ન વાંદ્યા હોય તે રીતે હું વાંદીશ. એવું ચિંતવી રાત્રિને વિષે નગર શણગાર્યું. પતાકાઓ ઉભી કરી; હાટે શોભા કરી, સુગંધી પાણીએ ધરતીને વિષે છંટકાવ કરાવ્યો, રત્નનાં તોરણો બંધાવ્યા. પુતલિયો સહિત એવા મંચાતિમંચની શ્રેણી વિરાજિત કરી, સ્થાને સ્થાને

કૃષ્ણાગરૂ પ્રમુખની ધૂપઘટી પ્રકટ કરાવી. સ્થાનકે સ્થાનકે નાટક મંડાવ્યા.

પ્રાતઃકાલે શણગાર કરી રાજા ગંધહસ્તિ ઉપર બેસી સર્વ સામંતે પરિવર્યો. સર્વ ઋદ્ધિ સહિત તથા જેણે રૂપે કરી ઇંદ્રાણી સરખીને પણ જીતી છે એવી પાંચસે અંતેઉરી, પ્રત્યેકે શિબિકારૂઢ થકી સાથે ચાલતી, તથા અઢાર હજાર હાથી, ચોવીશ લાખ ઘોડા, એકાણું ક્રોડ પાયદળ અને એકવીશ હજાર રથ ઇત્યાદિક પરિવારે પરિવર્યો, સર્વ જગતને તૃણ બરોબર ગણતો, નગરમાંથી શ્રી મહાવીર પરમ ગુરુને વાંદવા નીકળ્યો. પગલે પગલે વાજિંત્ર, ગીત અને નાટક જોતો થકો, યાચકોને યથેચ્છાએ દાન દેતો, અનુક્રમે દશાર્ણ નામે પર્વતની પાસે પહોંચ્યો. પ્રભુને દેખી હાથી થકી હેઠો ઉતરી સમવસરણમાં પેસવાની વિધિએ પ્રવેશ કરીને ત્રણ પ્રદક્ષિણા દઇને વીતરાગને નમસ્કાર કરી યથોચિત સ્થાનકે બેઠો.

એવા અવસરે સૌધર્મેન્દ્ર જ્ઞાને કરી તેને દેખીને ચિત્તમાં ચમત્કાર પામ્યો થકો વિચારે છે કે, અહો ! વિશ્વપૂજ્યને પૂજવાનો એ રાજાને અત્યંત રાગ છે. પણ હા ઇતિ ખેદે ! માને કરી દૂષિત છે. ? જે કારણ માટે સર્વ સુરાસુરના ઇન્દ્ર મળીને પોતાની સર્વ ઋદ્ધિએ કરી સમકાલે પૂજા કરે, તો પણ શ્રી પરમેશ્વર દેવ અનંતગુણી ન પૂજાય. કારણકે ગુણ અનંત અને પૂજા તો માનોપેત છે, તે માટે એ રાજાનું માન મૂકાવવાનો યત્ન કરૂં.

આ પ્રમાણે ચિંતવી ઐરાવણ દેવતા પાસે ચોસઠ હજાર ચાલતા પર્વત સરખા હાથી કરાવ્યા. તે એકેક હાથીને પાંચસે ને બાર મસ્તક છે, એકેક મુખે આઠ આઠ દંતૂશલ છે. સર્વ મલી એક હાથીના (૪૦૯૬) દંતૂશલ થાય. તે એકેક દંતૂશલે આઠ આઠ વાવડિયો કરી. તે વાવડિયો (૩૨૭૬૮) થઈ. એકેક વાવડીને વિષે આઠ આઠ કમલ છે, તે કમલ સર્વે (૨૬૨૧૪૪) થયાં, એક એક કમલને વિષે લાખ લાખ પાંખડી, તે પાંખડીયો સર્વે (૨૬૨૧૪૪૦૦૦૦૦) છવીશશે ક્રોડ, એકત્રીશ ક્રોડ ને ચુમ્માલીશ લાખ થાય. તે કમલના વચમાં કણુકા

તે ઉપર એકેકો પ્રાસાદ, તે પ્રાસાદને વિષે ઈંદ્ર મહારાજ આઠ અગ્રમહિષી યુક્ત બેઠા થકા કમલના પત્ર પત્રને વિષે જે નાટક થાય છે તે જુએ છે. એ એક હાથીની રીતિ કહી. એ રીતે ચોસઠ હજાર હાથીને પરીવારે ઈંદ્ર આવ્યા. તે ચોસઠ હજાર ને પાંચસે બારે ગુણતાં (૩૨૯૬૮૦૦૦) મસ્તક થાય, તેનાં દંતૂશલની સંખ્યા (૨૬૨૧૪૪૦૦૦) તથા (૨૦૯૭૧૫૨૦૦૦) બસે કોડ, નવ કોઠ એકોતેર લાખ બાવન હજાર એટલી વાવડી થાય, તથા (૧૬૭૭૭૨૧૬૦૦૦) સોલસે સીત્તોતેર કોડ બોંતેર લાખ ને સોલ હજાર એટલી કમલ સંખ્યા જાણવી, અને કમલ જેટલી જ ઈંદ્રની સંખ્યા પણ જાણવી, તેથી વળી ઈંદ્રાણીની સંખ્યા આઠગુણી જાણવી, ઈત્યાદિક રિદ્ધિએ કરી ઈંદ્ર મહારાજ શ્રી જિનરાજને નમસ્કાર કરવા આવ્યા, તે ઈંદ્ર હાથી ઉપર બેઠા થકા પરમેશ્વરને પ્રદક્ષિણા દઈ વાંદતા હાથીના આગલા બે પગ પત્થરમાં મગ્ન થયા, તે કારણે ગજાગ્રપદ એવા નામે તે તીર્થ કહેવાણું.

હવે દશાર્ણભદ્ર રાજા સૌધર્મેન્દ્રને દેખીને ચિંતવવા લાગ્યો કે, અહો ઈંદ્રનું રૂપ! અહો રુદ્ધિ! અહો ઈંદ્રાણીનો સમુહ! અહો ભક્તિ! અહો શક્તિ! જે વસ્તુ દેખીએ છીએ, તે સર્વે આશ્ચર્યકારી છે, હૈ હૈ! ધિક્કાર પડો મને! કૂવાના દેડકાની પેઠે મેં ફોકટ રુદ્ધિનો અહંકાર કર્યો તેથી હું લઘુતા પામ્યો તે માટે એ અનર્થની દાયક લક્ષ્મીએ સર્યું. એમ વિચારી તે રાજાએ પંચમુષ્ટિ લોચ કરી શ્રી મહાવીર પાસે દીક્ષા લીધી.

તે વારે ઈંદ્ર મહારાજે વિચાર્યું કે, હું હાર્યો. મહારાથી એ ચારિત્ર ન લેવાય. એમ ચિંતવી દશાર્ણભદ્રમુનિને નમસ્કાર કરી બોલ્યો, હે રાજર્ષિ! તમે ધન્ય છો, દુઃખે કરી પૂરાય એવી તમે પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી! એમ વારંવાર સ્તવના કરીને સૌધર્મેન્દ્ર સ્વર્ગે પધાર્યા, દશાર્ણભદ્ર રાજર્ષિ પણ ચારિત્ર પાળી ઘાતિ કર્મ ક્ષય કરી મોક્ષે પધાર્યા ॥ પતિ વૃંદારુવૃત્તૌ ॥ એ ઐશ્વર્યમદની ઉપર કથા ॥

હવે પાંચમા બલમદ ઉપર શ્રેણિક રાજાનું દ્રષ્ટાંત કહે છે.

જેમ શ્રેણિક મહારાજે સગર્ભા મૃગલી બાણે કરી હણી, અને પોતાના બળનો ગર્વ કર્યો. તેથી નરકનું આયુષ્ય બંધાયું. એ કથા પડઘોષથી સાંભળીને લખી છે. પણ કથાવાળો ગ્રંથ સાંભરતો નથી. અથવા બળના મદથી શ્રી વીરસ્વામીના જીવે નિયાણું કર્યું કે, મારા તપફળે કરી હું મહાવીર્યવાળો પરાક્રમી થાઉં. તેથી ત્રિપૃષ્ઠ વાસુદેવ થઇ તેઓ નરકે ગયા.

॥ ઇતિ બલમદ ॥

## હવે રૂપમદ ઉપર સનત્કુમાર ચક્રવર્તીની કથા કહે છે.

थोवेणवि सप्पुरिसा, सणंकुमारुव्व केइ बुज्झंति ॥
देहे खण परिहाणी, जंकिर देवेहिं से कहियं ॥ ९ ॥

કુરુદેશને વિષે હસ્તિનાગપુરે કુરુવંશનો અશ્વસેન રાજા રાજ્ય કરે છે. તેને સહદેવી નામે પટરાણી ઘણી શીલવંતી, સૌભાગ્યવંતી હતી. એકદા તેની કૂખે ગર્ભ રહ્યો. તેના યોગે રાત્રીમાં ગજવૃષભાદિ ચૌદ સ્વપ્ન દીઠાં. અનુક્રમે સંપૂર્ણ માસે પુત્રજન્મ થયો. તેનું સનત્કુમાર નામ સ્થાપન કર્યું. સાડી એકતાલીશ ધનુષ શરીરમાન, ત્રણ લાખ વર્ષનું આયુષ્ય, મહારૂપવંત, જગતમાં એવું ઉત્કૃષ્ટ રૂપ કોઇનું નથી. અનુક્રમે છ ખંડ સાધ્યા. ચૌદ રત્ન, નવ નિધાન, બત્રીશ હજાર દેશ, ચોરાશી લાખ હાથી, ચોરાશી લાખ ઘોડા, ચોરશી લાખ રથ, છન્નુક્રોડ પાયદળ અને ચોસઠહજાર સ્ત્રિયો. ઇત્યાદિક મહાચક્રવર્તીની પદવી પામ્યો, ત્યારે રાજ્યાભિષેકનો અવસર થયો.

એવા સમયને વિષે સૌધર્મેન્દ્રે ઉપયોગ મૂક્યો કે સનત્કુમારને રાજ્યાભિષેકનો અવસર છે. અને એ તો પૂર્વભવે મારા સરખા

સૌધર્મેન્દ્ર હતા. એવો ચિત્તમાં રાગ આણીને વૈશ્રમણ દેવને બોલાવી કહ્યું કે સનત્કુમાર મારો બાંધવ છે; માટે એના રાજ્યાભિષેકને અર્થે હાર, વનમાલા, છત્ર, મુકુટ, ચામરયુગ્મ, કુંડલયુગ્મ, પાદપીઠ સહિત સિંહાસન અને પાદુકા એટલાં વાનાં લઈ જઇ ભેટણું મૂકીને કહેજો કે, શક્ર તમને સુખશાતા પૂછે છે. તે વચન વૈશ્રમણ દેવ પ્રમાણ કરીને હસ્તિનાગપુરે આવ્યો. વળી ઇંદ્રે અભિષેક મહોત્સવને અર્થે અપ્સરાઓ પણ મોકલી.

હવે વૈશ્રમણ દેવ ભેટણું મૂકીને સનત્કુમારને કહેવા લાગ્યો, હે સ્વામિન્ ! તમારા રાજ્યાભિષેકને અર્થે શક્રે મને મોકલ્યો છે. તે વાત ચક્રવર્તીએ અંગીકાર કરી. ત્યારે વૈશ્રમણ દેવે યોજન પ્રમાણ મણિપીઠ રચ્યું. તે ઉપર રત્નમય મંડપ રચ્યો. તેના મધ્યભાગે મણિમય પીઠિકા રચી, તે ઉપર સિંહાસન રચ્યું, ત્યાં બેસાડીને ખીરસમુદ્રના પાણીએ–રત્ન કનકના કળશો ભરી જય જય શબ્દ થતે માંગલિકના ગીત ગાતે, બહુ વાજિંત્ર વાજતે, અભિષેક કર્યો. રંભા, તિલોત્તમાએ પણ સર્વ અલંકારે વિભૂષિત કર્યા. પછી ઘણા આડંબરે ગજપુરમાં પ્રવેશ કરાવ્યો, ત્યાં તે ચક્રવર્તી મનુષ્ય સંબંધી પંચ-વિષયસુખનો અનુત્તર ભોગી થયો થકો કાલ ગુમાવે છે.

એકદા સૌધર્મ સભાને વિષે સૌધર્મેંદ્ર સિંહાસન ઉપર બેસી દેવાંગનાના નાટક જોતા થકા વિચરે છે. એવા અવસરે એક સંગમ નામે દેવતા ઈશાન દેવલોકનો વસનારો સૌધર્મેંદ્ર પાસે આવ્યો. તે દેવતાની કાંતિએ કરી સર્વ દેવતાનું તેજ નાશ પામ્યું. જેમ સૂર્યની પ્રભાએ ગ્રહગણ અને તારા નિસ્તેજ થાય, જેમ ગમે તેવા તાર્કિક હોય પણ જૈન આગળ નિસ્તેજ થાય, તે રીતે સર્વ દેવતાઓ ઝાંખા થઇ ગયા. હવે સંગમ દેવ ત્યાંથી ગયા બાદ બીજા દેવતાઓ સૌધર્મ દેવને પૂછે છે, કે હે સ્વામિન્ ! આ દેવનું આટલું તેજ કેમ છે ? ત્યારે ઈન્દ્ર બોલ્યા, એણે પાછલા ભવે આયંબિલ વર્ધમાન તપ

મુનિરાજ પણે કર્યું હતું. તેના પ્રભાવથી એવી રૂપસંપદા એ પામ્યો છે. તે સાંભલી સર્વ દેવતાએ ફરી પૂછ્યું કે, હે સ્વામી ! હમણા એવો સંપૂર્ણ રૂપવાન કોઇ બીજો છે કે નથી ? ત્યારે ઇન્દ્ર બોલ્યા કે, હસ્તિનાગપુર નગરે સનત્કુમાર નામે ચક્રવર્ત્તીનું તેજ અને રૂપ દેવતાથી પણ અધિક છે. તે મારા સરખાથી પણ વચને કહેવાય તેમ નથી.

તે ઇન્દ્રની વાતને બે દેવતા સૌધર્મદેવના વચન ઉપર શ્રદ્ધા ન રાખતા બ્રાહ્મણનાં રૂપ કરી ચક્રીનું રૂપ જોવા આવ્યા. તેમને પ્રતિહારે રોકયા, પછી ચક્રીની આજ્ઞા લાવીને અંદર પ્રવેશ કરવા દીધો. તે વેળાએ ચક્રવર્ત્તી સ્નાનને અર્થે સુગંધી દ્રવ્યે, સુગંધી તેલથી મર્દન કરાવે છે. સર્વ આભરણ અલંકાર ઉતાર્યા છે. તો પણ રૂપ અથાગ છે. તે રૂપ દેખી દેવતા ઘણા વિસ્મય પામ્યા. ચક્રીએ પૂછ્યું, રે બ્રાહ્મણો ! શ્યા પ્રયોજને અહીં તમારે આવવું થયું ? ત્યારે વિપ્ર બોલ્યા, તમારૂં રૂપ ત્રિભુવનમાં વર્ણવવા યોગ્ય સાંભળ્યું હતું. તે માટે જોવાના કૌતુકે આવ્યા હતા. પણ જેવું સાંભળતા હતા, તેથી અધિકે દીઠું, ત્યારે ચક્રીએ અતિરૂપના ગર્વે કરી બ્રાહ્મણોને કહ્યું, ભો ભો વિપ્રો ! તમે શું મારૂં રૂપ જોયું ? જો રૂપ જોવું હોય તો થોડીવાર થોભો ! હું જયારે નાહીને અલંકાર પહેરી સભામાં બેસું ત્યારે મારૂં રૂપ જોજો. તે સાંભળી વિપ્રે વિલંબ કર્યો. રાજા પણ શીઘ્ર સ્નાન કરી અલંકાર આભરણ પહેરી સિંહાસને બેઠા. તે વખતે બ્રાહ્મણોને બોલાવ્યા. ત્યારે તે બ્રાહ્મણો ચક્રીનું શરીર દેખી ખેદ પામતા છતાં મુખે બોલવા લાગ્યા. અહો ! મનુષ્યના રૂપ, લાવણ્ય, યૌવન ક્ષણમાત્ર તો રૂડા દેખીએ, પણ ક્ષણમાં તો નહિં જેવા થઈ જાય.

એવા વચન સાંભળી ચક્રીએ પૂછ્યું, રે વિપ્રો ! તમે એટલો ખેદ કેમ કરો છો ? અને મારૂં શરીર કેમ નિંદો છો ? વિપ્ર બોલ્યા, હે રાજન્ ? દેવતાના રૂપ અને યૌવન છે તે તો દેવતા જયારે શય્યામાં

ઉપજે ત્યાંથી માંડીને છ માસ આયુષ્ય બાકી રહે ત્યાં સુધી તેમનું તેમ રહે. પછી હાની પામે છે. અને મનુષ્યને તો મધ્ય અવસ્થા થાય, ત્યાં સુધી તેજ તથા યૌવન વૃદ્ધિ પામે, અને પછી હાનિ પામે પરંતુ તમારા રૂપમાં તો વળી વિશેષ આશ્ચર્ય જોયું. કે હમણાં જ રૂપ દીઠું અને હમણાં જ હાનિ પામ્યું. ત્યારે રાજા બોલ્યા, રે વિપ્રો ! તમે કેમ જાણો છો ? ત્યારે દેવોએ શક્રપ્રશંસા પ્રમુખ સર્વવૃત્તાંત કહીને વળી કહ્યું કે, હે ચક્રિન્ ? તારા શરીરને વિષે સાત મહારોગ પ્રગટ થયા છે.

(ઉક્તંચ યોગશાસ્ત્રવૃત્તૌ)

कुष्ठशोषज्वरश्वासा रूचिकुक्ष्यक्षिवेदना : ॥
सप्ताधिसहे पुण्यात्मा, सप्तवर्षशतानि सः ॥ १ ॥

શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર ટીકાનો પણ એજ અભિપ્રાય છે. તથા ઋષિમંડળ ટીકામાં તો વળી આ પ્રમાણે સાત રોગ કહયા છે તે કહે છે.

॥ यतः ॥ कंडु अभत्तसद्धा, निव्वा वेअणाओ अच्छिकुच्छिसु ॥
कासं सासं च ज्वरं, अहियासइ सत्त वाससाण ॥१॥

ઈતિ ॥ તથા મરણસમાધિપયન્ના મધ્યે તો ॥ યતઃ ॥

सोलस रोगायंका, सहिया सहचक्किणा चउछेण ॥
वास सहस सत्तउ, सामन्नधुरं उवगएणं ॥ १ ॥

એ રીતે સાત હજાર વર્ષ સુધી સોળ રોગ સહયા, તથા ઉત્તરાધ્યયનની દીપિકા મધ્યે તો

सप्तवर्ष सहस्त्राणि—अष्टादश रोगानधिसेहे—॥ એ રીતે સાત હજાર વર્ષ પર્યંત અઢાર રોગ સહન કર્યા. ઈત્યાદિક પાઠનું તત્વ તો બહુશ્રુત જાણે, એમ ચક્રવતીને માત્ર રૂપનો મદ કરતાં જ કર્મઉદય થઇ ગયું. માટે રૂપમદ ન કરવો. અહીંયા એટલીજ કથાનું પ્રયોજન છે. તથાપિ પ્રસંગાગત વિશેષ કથા પણ આગળ લખીએ છીએ.

હવે ચક્રી પોતાનું શરીર વિચ્છાય દેખીને ચિંતવવા લાગ્યો કે, અહો અનિત્યતા સંસારની, ! અહો અસારતા સંસારની ! જે એટલી વારમાં શરીર વિનાશ પામ્યું. તે માટે એને વિષે પ્રતિબંધ કરવો તે અયુક્ત છે. રુપ-યૌવનનો અભિમાન કરવો એ મ્હોટી મૂર્ખાઈ છે. માટે હવે એનો ત્યાગ કરીને પરલોકનું સાધન કરૂં. એમ વિચારી પુત્રને રાજ્યે સ્થાપ્યો. તે જોઈ બે દેવતા પણ બોલ્યા કે, અહો ધીર પુરુષ ! તમે પૂર્વ પુરુષનો ભલો માર્ગ અંગીકાર કર્યો. એમ પ્રશંસા કરી તે દેવતા દેવલોકે ગયા.

હવે ચક્રી પણ સર્વસંગ ત્યાગ કરી ચારિત્ર અંગીકાર કરતા હતા. ત્યારે સ્રીરત્નપ્રમુખ ચૌદરત્ન, નવનિધાન, યક્ષદેવતા, તથા લશ્કર પ્રમુખ જે પરિવાર હતો તે તે સર્વ સાથે થયો. ઘણા વિલાપ કરતા, ચારે તરફ વિંટાઈ રહયાં. સનત્કુમાર ઋષિ છઠને પારણે ગોચરીએ નીકળ્યાં ત્યાં ચણાના ફોતરા અને બકરીના દુધની છાશ મલી તે વાપરીને વળી બીજો છઠ કર્યો, ત્યારે સર્વ રોગ બહાર નીકળ્યાં, તેની મહાવેદના ભોગવતા હતા. એમ તપ કરતાં થકાં, આમોસહિ, ખેલોસહિ-વિપ્પોસહિ પ્રમુખ સાત લબ્ધિઓ ઉત્પન્ન થઈ. તો પણ શરીરની શુશ્રૂષા કાંઇ પણ કરે નહીં.

વળી એકદા સૌધર્મેન્દ્ર સભામાં બેઠા પ્રશંસા કરતા હતા કે, અહો ! સનત્કુમાર મુનિની ધીરતા જૂઓ કેવી છે. કે, રોગે કદર્થના પામે છે, તો પણ તેનો ઉપચાર કરતા નથી. તે વાત નહિ માનતા બે દેવતા શબર વૈદ્યના રૂપ કરીને ત્યાં આવ્યાં, અને કહેવા લાગ્યા કે, હે ભગવન્ ! તમારા રોગનું ઔષધ કરીએ, રોગ શમાવીએ, તો પણ મુનિ બોલ્યા નહીં. ફરી મુનિને પૂછ્યું ત્યારે મુનિ બોલ્યા કે, તમે દ્રવ્યરોગ ટાળશો કે ભાવરોગ ટાળશો ? ત્યારે વૈદ્ય બોલ્યા કે ભાવરોગની દવા તો અમે જાણતા પણ નથી. ત્યારે ચક્રીએ પોતાનું થૂંક લઈ અંગુલિએ ચોપડયું. એટલે કનકવર્ણી કાયા થઈ ગઈ. તે દેખાડીને કહ્યું કે હે વૈદ્યો ! આ દ્રવ્યરોગ તો હું પણ ટાળી શકું છું. પરંતુ સંસારરૂપ ભાવરોગ ટાળવા સમર્થ હો તો ટાલો.

તે સાંભળી દેવતા વિસ્મય પામીને કહેવા લાગ્યા કે, આ ભાવરોગ ટાળવાને તો પરમવૈદ્ય તો તમેજ છો. એમ પ્રશંસા કરી શક્રનો વ્યતિકર સંભળાવીને ચલિતાકુંડળાભરણ થઈ, દેવતાનું રૂપ પ્રગટ કરી, પ્રણમીને સ્વસ્થાનકે ગયા. સનત્કુમાર પણ પચાસ હજાર વર્ષ લગી કુમારપણે રહ્યા. પચાસ હજાર વર્ષ લગી માંડલિક રાજા રહ્યા. એક લાખ વર્ષ ચક્રવર્તીપણે રહ્યા. લાખ વર્ષ સાધુ પર્યાય પાળ્યો. અન્તે સમેત શિખરને વિષે અનશન કરી, આલોચના કરી, પડિક્કમી, સમાધિમાં કાળ કરીને સનત્કુમાર નામે ત્રીજા દેવલોકે દેવતાપણે ઉપન્યાં. ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રને વિષે મોક્ષે જશે. ॥

॥ ઇતિ સનતકુમાર ચક્રવર્તીની કથા શ્રી ઉત્તરાધ્યયન સૂત્રને વિષે છે.

## હવે તપમદ ઉપર નંદિષેણ મુનિની કથા કહે છે.

કોઈક ગામને વિષે કોઈક બ્રાહ્મણે યજ્ઞ માંડયો, ત્યાં તેણે એક ચાકર રાખ્યો. તે ચાકર કહેવા લાગ્યો કે, જે બાકી ભાત વધે તે મને આપો તો હું રહું અન્યથા ન રહું. તે વાત બ્રાહ્મણે કબુલ કરીને તેને યજ્ઞપાટકમાં રાખ્યો. ત્યાં તે ચાકર જે અન્ન વધે તે પોતે લઇને સાધુઓને પડિલાભે. તે પુણ્યોદયે કરીને દેવતાનું આયુષ્ય બાંધ્યું. તે દાસ મરીને દેવતા થયો.

ત્યાંથી ચ્યવીને રાજગૃહ નગરને વિષે શ્રેણિક રાજાનો નંદિષેણ નામે પુત્ર થયો. યજ્ઞકારક બ્રાહ્મણ તો ઘણી યોનિને વિષે ઘણા ભવ ભમીને સેચનક હાથી થયો. અનુક્રમે તે હાથી શ્રેણિક રાજાએ પકડયો. અને તેને આલાનમૂલે બાંધ્યો, ત્યાંથી તે હાથી નાઠો ત્યારે બહુ લશ્કર મળી તેને પકડવા ગયા, પણ પકડાયો નહિ. પરંતુ ત્યાં તે હાથી નંદિષેણના વચન સાંભળીને શાંત થયો. તે અવધિજ્ઞાને પાછલો ભવ જાણતો હતો. માટે આલાનમૂલે બાંધ્યો થકો રહ્યો. તે હાથી રાજા શ્રેણિકનો પટ્ટહસ્તી થયો.

એકદા ભગવંત, જગદ્ગુરુ, ત્રિલોકીનાયક એવા શ્રી વીર વર્ધમાન-

સ્વામી રાજગૃહ નગરીને વિષે આવીને સમોસર્યા. તેમને રાજા તથા નંદિષેણ પ્રમુખ વાંદવાને ગયા. ભગવંતની દેશના સાંભળીને નંદિષેણ પ્રતિબોધ પામ્યો. પછી તે ઘણા આગ્રહે કરી માતા-પિતાની આજ્ઞા લઇ દીક્ષા લેવા ચાલ્યો. ત્યારે આકાશમાં દેવવાણી થઇ કે, રે વત્સ! અકાળે ચારિત્ર લેવા કેમ ઉજમાળ થાય છે? હજી તને ભોગકર્મ ફળ ઘણા છે. માટે થોડો કાળ ઘરમાં રહે. કર્મક્ષય થયા પછી દીક્ષા લેજે. કાલ વિના ક્રિયા ફળે નહિ. તે સાંભળીને નંદિષેણ વિચારવા લાગ્યો કે, સાધુને સંગતે રહેતા મને ભોગકર્મફળ શું કરશે? એમ ચિંતવી પ્રભુજી પાસે ગયો. પ્રભુએ અટકાવ્યો છતાં પણ પરાણે દીક્ષા અંગીકાર કરી. છઠ્ઠ-અઠ્ઠમ પ્રમુખ તપસ્યા કરતો ભુવનગુરુ સાથે ગ્રામ-પુર-નગરાદિકને વિષે વિચરે છે. તે સૂત્ર અને અર્થ ભણતો, ભાવના ભાવતો, પરિષહ સહેતો થકો રહે છે.

તેને ભોગકર્મના ઉદયથી ભોગની ઇચ્છા તો થાય, તો પણ બલાત્કારે રોકી રાખે. તપસ્યાએ કરી શરીર અતિ દુર્બલ કરે, ઇન્દ્રિયોના વિકાર ટાળવાને નિરંતર સ્મશાનાદિકને વિષે જઈ ઘોર આતાપના લે, તો પણ વિષય વિકાર ઘણો જાગે. ત્યારે વ્રતભંગના ભયથી શરીરબંધ બાંધવા માંડયો. તે બંધ દેવતાએ તોડી નાખ્યો. વળી શસ્ત્રે કરી આત્મઘાત કરવા માંડયો, ત્યારે દેવતાએ શસ્ત્ર ઠૂંઠા કરી નાંખ્યાં. વિષ ખાવા માંડયું ત્યારે દેવતાએ વિષશક્તિ હરી લીધી. વળી અગ્નિમાં પેસી મરવા માંડયું, ત્યારે દેવતાએ અગ્નિ શીતળ કરી નાંખ્યો. વળી પર્વત ઉપર ચઢી ઝંપાપાત કરવા માંડયો, ત્યારે દેવતાએ ઝડપી લઇને કહ્યું કે, મારૂં વચન સંભાર! ભોગકર્મફળ ભોગવ્યા વિના તીર્થંકર સરખા પણ છૂટે નહિ, તો તું શું ફોગટ વિકલ્પ કરે છે? એમ સાંભળી એકાકી વિહાર કરતો એક દિવસ છઠ્ઠને પારણે ગોચરી કરવા ચાલ્યો. અનાભોગ થકી વેશ્યાના ઘરમાં જઇ ધર્મલાભ દીધો, ત્યારે વેશ્યા બોલી, અમારે ધર્મલાભનું તો પ્રયોજન નથી, પણ અર્થલાભ જોઇએ છે. એવું હાસ્ય વચન સાંભળીને નંદિષેણે વિચાર્યું કે, એ બાપડી રાંક મને હસે છે. એમ ચિંતવી છાપરેથી એક તરણું તાણ્યું એટલે લબ્ધિએ

કરી રત્નની વૃષ્ટિ થઇ. ત્યારે વેશ્યાને કહ્યું કે, તમારે અર્થલાભ થયો. એમ કહી તેના ઘરમાંથી બહાર નીકળ્યાં, ત્યારે વેશ્યા પણ સંભ્રમ સહિત પાછળથી દોડતી આવીને કહેવા લાગી કે, હે તપસ્વિ! એ વ્રત મૂકો. અને મારી સાથે ભોગ ભોગવો. નહિ તો હું નિશ્ચે પ્રાણત્યાગ કરીશ. એમ વારંવાર તે વેશ્યાની પ્રાર્થનાથી ભોગના કટુક ફળ જાણતો છતાં ભોગકર્મના વશથી વેશ્યાનું વચન અંગીકાર કર્યું. ત્યાં વેશ્યાને ઘેર રહેતા છતાં પણ એવી પ્રતિજ્ઞા કરી કે, મારે પ્રતિદિન દશ જણને પ્રતિબોધ કરવો. જો દશને પ્રતિબોધી ન શકું, તો ફરી દીક્ષા લેવી. એમ કરી સાધુનો વેષ મૂકી વેશ્યાને ત્યાં રહ્યો. પણ દેવતાએ કહેલું દીક્ષાનું નિષેધ વચન તથા પ્રભુજીનું વચન સંભારે, વેશ્યા સાથે ભોગ ભોગવે, અને નિત્ય દશ જણને પ્રતિબોધીને પ્રભુજી પાસે મોકલે. એમ કરતા બાર વર્ષ વીત્યાં

એક દિવસ નવ જણને પ્રતિબોધ્યા પછી દશમો એક સોની આવ્યો, તે બૂઝે નહિ. એવામાં રસોઇ તૈયાર થઇ. ત્યારે વેશ્યાએ વિનંતિ કરી કે હે પ્રભુ! જમવા ઉઠો. રસોઈ ટાઢી થાય છે. તેને નંદિષેણે કહ્યું કે, મારો અભિગ્રહ પૂરો થયો નથી. એમ કહી વળી સોનીને વિવિધ પ્રકારનાં વચને પ્રતિબોધે છે, એટલામાં વળી વેશ્યા આવીને કહેવા લાગી કે, એક રસોઈ તો બગડી ગઇ. વળી નવી રસોઈ તૈયાર કરી છે. માટે હવે વિલંબ ન કરો! નંદિષેણ બોલ્યા કે દશમો પુરુષ પ્રતિબોધ્યો નથી માટે આજ દશમો હું પોતે જ દીક્ષા લઇશ. એમ કહી દીક્ષા લીધી.

અંથાંતરે વેશ્યાએ કહ્યું કે, ઉઠો આજ તમે જ દશમા થાઓ! એવું વેશ્યાનું વચન સાભળી ઊઠયા. વેશ્યાએ ઘણા વિલાપ કર્યા પણ તે ગણુતિમાં લાગ્યા નહિ. અને પોતે શ્રી વીરસ્વામી પાસે ચારિત્ર લઇ, આલોઈ, પડિક્કમી, દેવલોકે પધાર્યા. એ નંદિષેણના બાર વર્ષમાં પ્રતિબોધેલા જીવ સર્વ મળી. (૪૩૧૯૯) થાય.

॥ ઇતિ નંદિષેણ કથા શ્રી વીરચરિત્રાદિ ગ્રંથને વિષે છે. ॥

## હવે શ્રુતમદ ઉપર સ્થૂલિભદ્રજીની કથા કહે છે.

પાટલિપુર નગરે ત્રણ ખંડ ધરતીનો સ્વામી એવો નવમો નંદ નામે રાજા હતો. તે રાજાને મહાબુદ્ધિનો નિધાન કલ્પકના વંશમાં ઉપન્યો, એવો શકડાલ નામે મંત્રીશ્વર હતો. તેની લક્ષ્મીવતી નામે શીલવંતી સ્ત્રી હતી. તેને એક સ્થૂલિભદ્ર અને બીજો સિરિઓ એવે નામે બે પુત્ર થયા. તે નગરમાં જેણે રૂપે કરી ઈંદ્રાણીને પણ જીતી છે અને જગતના ચિત્તને વશ કરનારી એવી એક કોશ્યા નામે વેશ્યા વસે છે તે વેશ્યા સાથે શ્રી સ્થૂલિભદ્રજી નિત્ય ભોગ ભોગવતો ત્યાં રહે છે. એમ તે ઘેર રહેતાં બાર વર્ષ વહી ગયાં.

એવા અવસરે એક કવીશ્વર, મહાવાદી, વૈયાકરણ શિરોમણી એવો વરરુચિ નામે બ્રાહ્મણ નિત્ય એકસો આઠ નવાં કાવ્ય કરીને નંદરાજાની ઓલગ કરે. તે સાંભળી રાજા મંત્રી સામું જુએ. પણ મિથ્યાત્વી જાણીને મંત્રી તેની પ્રશંસા કરે નહિ. ત્યારે રાજા પણ તુષ્ટિદાન દે નહિ. તે અભિપ્રાય બ્રાહ્મણે જાણ્યો. ત્યારે તે બ્રાહ્મણ મંત્રીશ્વરની સ્ત્રીની સેવા કરવા લાગ્યો. તેથી લક્ષ્મીવતીએ સંતુષ્ટ થઇને એક દિવસે તેને પૂછ્યું, ત્યારે વિપ્રે કહ્યું. તમારો સ્વામી મારા કાવ્યની પ્રશંસા કરે, તો હું દાન પામું. ત્યારે સ્ત્રીએ ભર્તારને તેના કાવ્યની પ્રશંસા કરવા કહ્યું. પ્રધાન બોલ્યા. હું મિથ્યાત્વીની પ્રશંસા કેમ કરૂં ? તો પણ સ્ત્રીએ ઘણો આગ્રહ કરવાથી પ્રધાને માન્યું. કારણ કે અંધ. સ્ત્રી, બાલ અને મુર્ખ એ ચારનો આગ્રહ બલવંત હોય છે.

પછી તે વિપ્રે રાજાના મુખ આગળ કાવ્ય કહ્યાં. ત્યારે મંત્રીશ્વર બોલ્યા કે, એ સુભાષિત રૂડા છે. તે સાંભળી રાજાએ એકસો આઠ દીનાર આપ્યા. તે દિવસથી માંડીને નિરંતર એકસો આઠ સોનૈયા તેને રાજા આપે. એક દિવસ મંત્રીએ રાજાને પૂછયું. કે, હે રાજન્ ! આ સોનૈયા તમે કેમ આપો છો ? રાજાએ કહ્યું કે તમે પ્રશંસા કરી માટે આપું

છું. અન્યથા પૂર્વે કેમ ન આપ્યા ? મંત્રી બોલ્યા મેં એની પ્રશંસા કરી તો નથી, મેં તો માત્ર પૂર્વનાં કાવ્ય વખાણ્યાં હતાં; એ તો પૂર્વ પુરુષોના જોડેલા કાવ્ય છે. તે તેણે પોતે જોડેલા છે એવું જુઠું અભિમાન ધરીને તમારી આગળ કહે છે રાજા બોલ્યો એ વાત કેમ મનાય ? મંત્રી બોલ્યો, મારી દિકરીઓને પણ એ કાવ્ય આવડે છે. તેની પરીક્ષા તમોને પ્રાતઃકાળે કરી દેખાડીશું.

હવે તે મંત્રીશ્વરને સાત પુત્રીઓ છે. ॥ યતઃ ॥

जक्खा य जक्खदिन्ना, भूआ तह चेव भूअदिन्ना य ॥

सेणा वेणा रेणा, भयणीओ थूलिभद्दस्स ॥ १ ॥

તેમાં પહેલી છોકરી કોઈ પણ કાવ્ય જો એક જ વાર સાંભળે તો તેને મુખપાઠ થઇ જાય. એવી ડાહી છે. બીજીને બે વાર સાંભળે એટલે આવડે, ત્રીજીને ત્રણ વાર સાંભળે એટલે આવડે, એમ સાતમીને પર્યંતને સાત વાર સાંભળે એટલે આવડે. પછી પ્રધાને તે સાતે પુત્રીયોને પર્યંતને આંતરે રાજસભામાં બેસાડી. અને જે વખતે વરરુચિએ એકસો આઠ કાવ્ય નવા જોડીને કહ્યાં; તે વખતે યક્ષાએ તે તુર્ત કહી દેખાડયા. પછી બીજીએ કહયાં, પછી ત્રીજીએ કહ્યાં. એમ અનુક્રમે સાતમીએ કહયાં, તે સાંભળી રાજાને રીસ ચઢી, ત્યારે નિષેધ કર્યો કે. બ્રાહ્મણને કાંઈ આપશો નહિ. હવે વરરુચિએ ગંગામધ્યે જઇને યંત્ર કર્યું, તેમાં એકસો આઠ સોનૈયાની પોટલી બાંધી મૂકે. પ્રાતઃકાળે ગંગાની સ્તુતિ કરી પોતાને પગે આક્રમ કરે; એટલે પોટલી પાણી ઉપર આવે ત્યારે તે પોતે તેને ઉપાડી લે. એમ નિત્ય કરે, તે જોઈ સર્વ લોક વિસ્મય પામ્યા. તે વાત રાજાએ સાંભળી મંત્રીને કહી, ત્યારે મંત્રીશ્વર બોલ્યા, જો એ વાત સત્ય છે, તો પ્રાતઃકાળે જોવા જઇશું. રાજાએ પણ માન્યું.

હવે મંત્રીશ્વરે છાનો દૂત મૂકયો. તે સરને થાંભલે છુપાઈને પંખીની જેમ રહયો. જ્યારે તે બ્રાહ્મણે સોનૈયાની ગ્રંથિ ઘાલી, ત્યારે તે ચરપુરુષે જોઈ. તે બ્રાહ્મણ ગયો ત્યારે તે ગ્રંથિ ચરપુરુષે કાઢીને છાની માની જઈ મંત્રીને આપી.

પ્રાતઃકાળે મંત્રીશ્વર રાજાને તેડી ગંગાને કાંઠે જોવા ગયા. વરરુચિએ પણ પ્રાતઃકાલે આવી ગંગાની સ્તવના કરી, પગે કરીને યંત્રચાલના ઘણીએ કરી પણ ગ્રંથિ આવી નહીં.!! ત્યારે હાથ ઘાલી ખોલવા લાગ્યો, પણ જડી નહીં. તેથી મૌનપણે રહ્યો. તે જોઇ પ્રધાન બોલ્યો કે આજ ગંગાજી કેમ સોનૈયા આપતાં નથી? હે ભૂંડા! આગળથી ગંગામાં ગ્રંથિ ઘાલી તે તો મારી પાસે છે. માટે હવે શું ખોલે છે? લે આ તારી ગાંઠડી ઓળખ? એમ કહીને ગાંઠડી આપી. તે દેખીને તેને મરણ થકી પણ વધારે દુઃખ લાગ્યું. પ્રધાન રાજાને કહેવા લાગ્યો કે હે મહારાજ! લોકને ઠગવાને માટે આગલા દિવસની સાંજે ગ્રંથિ ગંગામાં ઘાલી જાય છે, અને સવારે આવી કાઢે છે. રાજાએ કહ્યું કે, તેં ભલું કપટ જાણ્યું. પછી સૌ પોતપોતાને ઘેર આવ્યા.

હવે વરરુચિ હૃદયમાં ઘણો દ્વેષ રાખે, મંત્રીનાં છિદ્ર ખોલે, મંત્રીશ્વરના ઘરની વાત દાસી પ્રમુખને પૂછયાં કરે, એક દિવસ દાસીએ કહ્યું કે, મંત્રીના પુત્ર સિરિયાનો વિવાહ છે. માટે રાજા જમવા આવશે. તેને ભેટ કરવા માટે શસ્ત્રાદિક ઘડાય છે. તે વાત સાંભળી વિપ્રને છળ જડયું. ત્યારે નાના છોકરાંને ચણા પ્રમુખ ખાવા આપીને ભણાવતો હતો. કે જે શકડાળ કરે છે તે નંદરાજા જાણતો નથી. શકડાળ તો રાજાને મારી સિરિયાને રાજા કરશે. તે છોકરાં પણ ઠેકાણે ઠેકાણે એમ કહેતાં ફરે. અનુક્રમે પરંપરાએ એ વાત રાજા સુધી આવી, ત્યારે રાજા વિચારવા લાગ્યો કે, બાળક બોલે તે સાચું થાય. ॥ યતઃ ॥

बालका यच्च भाषन्ते, भाषन्ते यच्च योषितः
औत्पातिकी च या भाषा, सा भवत्यन्यथा नहि ॥ १ ॥

હવે તેની પ્રતીત કરવા માટે મંત્રીશ્વરને ઘેર ખબર કાઢવા એક પુરુષ રાજાએ મોકલ્યો. તે પુરુષે પાછો આવીને જેવું જોયું તેવું

કહ્યું. તે વાત રાજાએ ધારી રાખી. જ્યારે મંત્રીશ્વર રાજા પાસે સલામ કરવા આવ્યો, ત્યારે રાજા અવળું મુખ કરીને બેઠો. એવો રાજાનો ભાવ જાણીને મંત્રી ઘેર આવ્યો. સિરિયાને બોલાવી કહ્યું કે, રાજાને કાને કોઈ વેરી લાગ્યો છે. માટે રાજાનો આપણા ઉપર દ્વેષ થવાથી આપણા કુલનો ઉચ્છેદ કરવા તત્પર થયો છે. માટે તું જો મારૂં વચન માને તો હું કહું તેમ કર. જ્યારે હું રાજાને મુજરો કરૂં, ત્યારે તું તરવારે કરી મારૂં મસ્તક છેદી નાંખજે. જ્યારે રાજા ઠપકો દે ત્યારે કહેજે કે, સ્વામીનો અભક્ત તે પિતા પણ શ્યાં કામનો? અને હું તો ઘરડો છું, ચાર દિવસ રહીને પણ મરવું તો છે જ, પરંતુ આમ કરીશ તો આપણું કુટુંબ સર્વ જીવતું રહેશે. તે સાંભળી સિરિયો ગદ્‌ગદ્ વચને રોતો થકો કહેવા લાગ્યો કે, હે તાત ! એ ઘોરકર્મ ચંડાલ પણ ન કરે, તો હું પણ કેમ કરૂં ? પ્રધાન બોલ્યો, એવો વિચાર કરીશ તો સર્વ કુટુંબ ઘાણીમાં પિલાશે, અને વેરી હસશે. તે માટે કુલ રાખતાં મ્હારો ક્ષય તે રૂડો છે.

त्यजेदेकं कुलस्यार्थे, ग्रामस्यार्थे कुलं त्यजेत् ॥
ग्रामं जनपदस्यार्थे, आत्मार्थे सकलं त्यजेत् ॥ १ ॥

તથા હું ગલે તાલપુટ બાંધીને મુજરો કરીશ, એટલે તને પિતા માર્યાનું પાપ પણ નહી લાગે. એમ કહ્યું ત્યારે સિરિયે તે વચન અંગીકાર કર્યું. અને પિતાનું મસ્તક છેદ્યું. એટલે રાજાએ કહ્યું હે ભૂંડા ! એ કામ શું કર્યું. ? સિરિયો બોલ્યો, સ્વામીદ્રોહી જાણ્યો માટે માર્યો. સ્વામીના અનુયાયી કામ કરે તે સેવક કહીએ.

પછી સિરિયાએ પ્રધાનનું મૃતકાર્ય કર્યું. રાજા સિરિયાને કહેવા લાગ્યા. કે, તમારા બાપની મંત્રીમુદ્રા તમે લ્યો. ત્યારે સિરિયો બોલ્યો મહારાજ ! મારો મોટોભાઈ જે સ્થૂલિભદ્ર છે તે મારા પિતા બરોબર છે. તે અમારા પિતાના હેતથી બાર વર્ષ થયા કોશ્યાને ઘેર ભોગ ભોગવતો સુખે રહે છે. તે ભાઈ સાથે હું વિચાર કરૂં. તેને રાજાએ કહ્યું કે, આજનો આજ વિચાર કરો ! ત્યારે સ્થૂલિભદ્રને

બોલાવી સર્વ વાત માંડીને કહી. સ્થૂલિભદ્રજી અશોકવાડીમાં જઇ વિચાર કરવા લાગ્યા કે, રાજકાજમાં શયન–ભોજન પ્રમુખ વખત ઉપર કરી શકીએ નહિં. સ્ત્રીના સુખ પણ ભોગવી શકીએ નહિ. તથા રાજાના કામકાજ કરતાં ચાડિયા લોક ઉપદ્રવ કરે. વળી પોતાનું દ્રવ્ય તથા પોતાનું શરીર વ્યય કરીને રાજાનો સ્વાર્થ સાધવાને યત્ન કરવો પડે. ત્યારે પોતાના જ આત્મસાધનને અર્થે યત્ન કાં ન કરીએ ? એમ ચિંતવીને શ્રી સ્થૂલિભદ્રજીએ પોતેજ પોતાના હાથે મસ્તકનો લોચ કર્યો. રત્નકંબલની દશીઓનો ઓઘો કર્યો. પછી રાજાની સભામાં જઈ ધર્મલાભ દઈને રાજાને કહ્યું કે મેં વિચાર્યું. પછી જેમ ગુફામાંથી સિંહ નીકળે, તેમ રાજસભામાંથી નીકળ્યો. રાજાએ મનમાં વિચાર્યું કે, એ કપટ કરીને પાછો વેશ્યાને ઘેર જશે, તે માટે રાજા ગોખમાં બેસીને જોવા લાગ્યા કે, એ કયાં જાય છે ?

હવે સ્થૂલિભદ્રે વાટે જતાં દુર્ગંધિ સ્થાનકે પણ નાસિકા મરડી નહી. તે દેખીને રાજા માથું ધુણાવતો હતો અને મનમાં ચિંતવવા લાગ્યો કે, અહો ! એ તો ભગવાન વીતરાગ થયા દેખાય છે ! મેં માઠું ચિંતવ્યું. ! સ્થૂલિભદ્રે પણ શ્રી સંભૂતિવિજય આચાર્ય પાસે જઈને દીક્ષા અંગીકાર કરી. પછી રાજાએ સિરિયાનો હાથ પકડીને બલાત્કારે મંત્રિમુદ્રા આપી.

સિરિયો પણ રાજકાજ ચલાવતો જાણે નવા શકડાલ મહેતાજ આવ્યા હોય નહીં ! તે સિરિયો મહાવિનીત સ્થૂલિભદ્રના સ્નેહથી નિત્ય કોશ્યાને ઘેર જાય, ભાઈની સ્ત્રી જાણીને તેનું બહુમાન કરે, કોશ્યા પણ સ્થૂલિભદ્રના વિયોગથી સિરિયાને દેખીને રૂએ, ત્યારે સિરિયો કહે કે, શું કરીએ ! વરરુચિ બ્રાહ્મણે અમારો પિતા મરાવ્યો, અને સ્થૂલિભદ્ર ભાઈનો તમને તથા અમને વિયોગ કરાવ્યો, તે વરરુચિ તહારી બેન જે ઉપકોશ્યા છે તેની સાથે હમણાં રક્ત છે. તે માટે કાંઇક વૈરનિર્યાતનનો ઉપાય વિચારો અને ઉપકોશ્યાને કહીને એને મદિરાપાન કરાવો તો રુડું થાય.

કોશ્યાએ પણ ભર્તારના વિયોગથી અને સિરિયાના મોહદાક્ષિણ્યથી ઉપકોશ્યાને શીખવીને વરરુચિને મદિરાપાન કરાવ્યું. સ્રીનો વશવર્તી પ્રાણી શું શું અકાર્ય ન કરે.? વલી તે વરરુચિથી અમાત્યનો અભાવ થયો. તે દિવસથી સિરિયો પણ રાજાની સેવામાં તત્પર રહે છે. એક દિવસ પ્રાતઃકાલે ઉપકોશ્યાએ આવી કોશ્યાને કહ્યું કે, આજે વરરુચિને મદિરા પાઈ છે. તે વાત સિરિયે-સાંભળીને વિચાર્યું કે, હવે પિતાનું વૈર લઇશું.

વરરુચિ પણ નિરંતર સભામાં આવે, તેને રાજા, હાલી, મવાલી, સર્વ ઘણો આદર કરે. એકદા રાજા મંત્રીશ્વરના ગુણ સંભારવા લાગ્યો, અને સિરિયાને ગદગદ વાણીએ કહેવા લાગ્યો કે, મહારો મંત્રીશ્વર શકડાલ ઘણો ભક્તિવંત, ઘણો શક્તિવંત, ઈંદ્ર અને બૃહસ્પતિ સરખો હતો. તે સ્હેજે જેમ તેમ માર્યો ગયો. ! હા-હા-દૈવ ! આ તેં શુ કર્યું ! અહો ભાઇ ! શકડાલ વિના સર્વ સૂનું દેખું છું. ત્યારે સિરિયો બોલ્યો, હે મહારાજ ! હું શું કરૂં ? એ સર્વ મદિરાનો પાન કરનાર વરરુચિ પાપી તેનાં કામ છે. તે સાંભળી રાજા બોલ્યો કે, શું વરરુચિ મદિરા પીએ છે ? એ વાત સાચી છે. ? ત્યારે સિરિયો બોલ્યો, રાજન્ ! એ વાત કાલે દેખાડીશ. પછી સિરિએ પોતાના માણસને શીખવી મૂક્યું કે, કચેરી મળે તે વેળાએ તું એકેકું કમળ સહુને આપજે. તે વારે તે પુરુષે તેમજ કર્યું. ત્યારે રાજા પ્રમુખ કહેવા લાગ્યા કે અહો ! આ અદ્ભુત સુગંધ ક્યાંથી લાવ્યા. ? એમ કરી નાસિકાગ્રે દીધાં, વિપ્રે પણ સુંઘ્યું, તેથી તેણે રાત્રિએ ચંદ્રહાસ મદિરા પીધી હતી એટલે વમન કર્યું તે જોઈ સહુએ વરરુચિને ધિગ્ધિગ્ કરી સભામાંથી કાઢયો. વરરુચિએ એક વિપ્ર પાસે જઇ પ્રાયશ્ચિત્ત માંગ્યું. તેને વિપ્રે કહ્યું કે, તપાવ્યું તરૂવું પાન કરે તો એ પાપ ટળે. વરરુચિએ પણ તેમજ લોકલાજે તરુવું પીધું તેથી મરણ પામ્યો.

હવે સ્થૂલિભદ્ર પણ શ્રી સંભૂતિવિજય આચાર્ય પાસે ચારિત્ર

પાલતાં શ્રુતસમુદ્રના પારગામી થયા. જ્યારે ચોમાસું આવ્યું, ત્યારે એક મુનિએ ગુરુને પ્રણમીને એવો અભિગ્રહ લીધો કે, હું ચાર માસ લગી સિંહગુફાને બારણે ઉપવાસ કરી કાયોત્સર્ગે રહીશ. બીજો સાધુ બોલ્યો કે, હું દૃષ્ટિવિષ સર્પના બિલ્લની ઉપર ચાર મહિના ઉપવાસ કરીને કાયોત્સર્ગે રહીશ. ત્રીજો સાધુ બોલ્યો કે, હું ઉપવાસ કરીને કૂવાના ભારવટીયાની ઉપર કાયોત્સર્ગે રહીશ. એવું સાંભળી ગુરુએ પણ યોગ્યતા જાણી તે ત્રણેને આજ્ઞા આપી. એટલે સ્થૂલિભદ્રજી ઉઠી વંદના કરીને બોલ્યા કે, હું કોશ્યા નામે વેશ્યાને ઘેર ચિત્રશાલાની યાચના કરીને તેમાં રહીશ. પણ તપસ્યા કરીશ નહિં. ષટ્રસ ભોજનનો આહાર કરતો ચાર માસ પર્યંત અભિગ્રહ લઈને રહીશ. ત્યારે ગુરુએ ઉપયોગ દઈને યોગ્ય જાણી તેને આજ્ઞા આપી.

એમ તે ચારે મુનિ આજ્ઞા લઇને સ્વસ્થાને ગયા. તે મુનિ શીતલ, તીવ્રતપસ્યાવંત દેખીને ત્યાં વનના સર્પ, સિંહ અને અરહટ્ટના બેડુ પ્રમુખ સર્વ જીવ શાંત થયા. સ્થૂલિભદ્ર પણ કોશ્યાને ઘેર આવ્યા. તેને જોઈ કોશ્યા પણ હાથ જોડી સામી આવી ઉભી રહી. મનમાં વિચાર્યું કે એણે વ્રત તો લીધું પણ નિર્વાહ ન થયો. માટે અહીં આવ્યા છે. એમ ચિંતવીને કહેવા લાગી કે, હે સ્વામિન્ ! આજ્ઞા કરો, હુકમ ફરમાવો ! તે હું કરૂં. આ શરીર, ધન, પરિવાર સર્વ તમારૂં છે. ત્યારે સ્થુલિભદ્રજી બોલ્યા, મને ચોમાસુ રહેવા માટે તમારી ચિત્રશાલા આપો. વેશ્યા બોલી સ્વામી ! સુખે રહો. પધારો ! એમ કહી વેશ્યાએ ચિત્રશાળા તૈયાર કરી આપી એટલે શ્રી સ્થૂલિભદ્રજી પણ કામના ઘરમાં બલિયો થઈને જેમ ધર્મ પ્રવેશ કરે તેમ ચિત્રશાલામાં પ્રવેશ કર્યો.

ત્યાં તે વેશ્યા ષટ્રસ ભોજન મુનિને વહોરાવે. ત્યાર પછી સોળે શણગાર સજી મુનિને ક્ષોભ પમાડવા આવે. પૂર્વલા કામભોગ સંભારી ને નવનવા કામ વિલાસ જે પ્રમાણે શાસ્ત્રમાં કહ્યા છે તે પ્રમાણે કરે તો પણ તે મુનિરાજ ક્ષોભ ન પામે. એમ નિરંતર ક્ષોભ પમાડતાં

મુનિને તો ઉલટી ધ્યાનધારા વધતી રહી. એવું મુનિનું નિર્વિકારપણુ દેખીને વેશ્યા પગે લાગી. સ્થૂલિભદ્રજીની દ્રઢતા દેખીને વેશ્યાએ શ્રાવિકાપણું અંગીકાર કર્યું. અને એવો અભિગ્રહ લીધો કે, કદાચિત્ રાજા કોઈની ઉપર સંતુષ્ટ થઈ મારે ઘેર મોકલે તો તે પુરુષ છૂટો, પણ બીજો પુરુષ મારે ન કલ્પે.

હવે ચોમાસું ઉતરતા તે ત્રણે મુનિ ગુરુપાસે આવ્યા. તેમાં પ્રથમ સિંહ–ગુફાવાસી સાધુને ગુરુએ કહ્યું. અહો "દુક્કર કારક" તમે સુખેથી આવ્યા ? એમ કહી કાંઇક આસન ઉંચું કર્યું. વળી બીજા બે સાધુને પણ ગુરુએ એમજ કહ્યું. પછી જયારે શ્રી સ્થૂલિભદ્ર સાધુ આવ્યા ત્યારે ગુરુ ઉભા થઇને બોલ્યા કે અહો ! દુક્કર કાર ! દુક્કર કાર ! તમે સુખ-શાતાએ આવ્યા ? એવું સાંભળી પૂર્વના ત્રણે મુનિ વિચારવા લાગ્યા કે અહો ! આ મંત્રિપુત્ર છે માટે એનું ગુરુ કેટલું બહુમાન કરે છે ? જે માટે ષટ્રસ આહારનું ભોજન કરી લષ્ટ પુષ્ટ થકો આવ્યો, તેને ગુરુ કેટલા વાના કરે છે ? તથાપિ કાંઈ ફીકર નહીં. એ સર્વ આવતે ચોમાસે જાણીશું. એમ ધારી અમર્ષ ધરતાં આઠ માસ કાઢયાં. ફરી ચોમાસું આવ્યું. ત્યારે સિંહગુફાવાસી મુનિ ગુરુની પાસે આવી પ્રતિજ્ઞા કરે છે કે, કોશ્યા નામે વેશ્યાને ઘેર ષટ્રસ આહાર ભોજન કરીને હે ભગવન્ ! હું ચોમાસું રહીશ. ત્યારે ગુરુએ જ્ઞાનના ઉપયોગે વિચાર્યું કે, એ સ્થૂલિભદ્રજી ઉપર ઇર્ષ્યા લાવીને બોલે છે. પણ એનાથી નિર્વાહ નહીં થાય. એમ ચિંતવી ગુરુ બોલ્યા, હે વત્સ ! એ અભિગ્રહ દુષ્કર દુષ્કર છે. માટે ન કરો. સ્થૂલિભદ્રજી મેરુની પેઠે એ અભિગ્રહ પાળવાને સ્થિરતાવંત હતા. ત્યારે તે સાધુ બોલ્યો કે, મારે દુષ્કર નથી. તો દુષ્કર દુષ્કર કેમ કહો છો ? માટે હું અવશ્ય કરીશ. ગુરુ બોલ્યા કે, પૂર્વલા તપનો પણ ભંગ થશે. કારણ કે શક્તિ વિના ઘણો ભાર ઉપાડીએ તો શરીર ભાંગી પડે. તો પણ તે ગુરુનું વચન અપમાનીને વેશ્યાને ઘેર ગયા.

વેશ્યાએ વિચાર્યું કે શ્રી સ્થૂલિભદ્રજીની સ્પર્ધાએ એ મહાત્મા આવ્યા છે. પણ એને સંસારમાં પડતો રાખું. એમ વિચારી ઉઠીને પ્રણામ કર્યાં. મુનિએ રહેવા માટે ચિત્રશાળા યાચી, વેશ્યાએ પણ જગ્યા આપી. એટલે મુનિ ત્યાં રહયાં, ષટ્રસ ભોજન આહારની સામગ્રી વેશ્યાએ તૈયાર કરી, તે ભોજન સાધુએ કર્યું.

હવે મધ્યાહ્ન સમયે તેની પરીક્ષા કરવા વેશ્યા સોળ શણગાર સજીને આવી. મુનિ તો દેખતાં માત્રમાં ક્ષોભાયમાન થઈ ગયા. તેવી સ્ત્રી, અને તેવું ભોજન તે કોને વિકાર ન કરે. તે સાધુ કંદર્પે વ્યાકુલ થયો થકો વેશ્યાને ભોગની પ્રાર્થના કરવા લાગ્યો. વેશ્યા બોલી કે અમે તો ધન હોય તો વશ થઇએ, મુનિ બોલ્યા, અમારી પાસે દ્રવ્ય ક્યાંથી? વેશ્યા બોલી કે, નેપાલ દેશનો રાજા મુનિને રત્નકંબલ આપે છે. તે લાવો. મુનિ પણ નેપાલ દેશમાં રત્નકંબલને માટે ચાલ્યા. ચોમાસાનો કાળ છે. માર્ગમાં કચરા પાણી ઘણાં છે. તો પણ તે સાધુ જેમ અંતરથી પોતાના વ્રતમાં ખરડાયા તેમ બાહ્યથી પણ પગે પગે ખરડાતા ચાલ્યા, એમ કરતાં ત્યાં રત્નકંબલ પામ્યાં. તેને વાંસની લાકડીમાં ગોપવી રસ્તે પાછા આવતાં ચોરની પલ્લીમાં એક સૂડો હતો તે બોલ્યો, "લક્ષમાયાતિ" એટલે લક્ષ્ય દ્રવ્ય આવે છે. ત્યારે પલ્લી-પતિએ કોઈ ચાડીયો પુરુષ ઝાડ ઉપર બેઠો હતો, તેને પૂછ્યું કે શું આવે છે? તે પુરુષ બોલ્યો કે, એક ભિક્ષુક આવે છે, એવામાં સાધુ ત્યાં આવ્યા. તેને પલ્લીપતિએ તપાસી જોયું પણ કાંઇ દેખાયું નહિ. ત્યારે મુનિને મૂકી દીધા. તે જોઇ પંખી બોલ્યો "લાખ જાય છે" તે સાંભળી ફરીથી તે પલ્લીપતિએ સાધુને પકડીને પૂછ્યું કે, સાચું બોલ, અમારો પંખી જૂઠું બોલે નહિ. સાધુએ પણ જેવું હતું તેવું કહ્યું. પલ્લીપતિએ દયા લાવી જવા દીધા. અનુક્રમે પાટલીપુર આવીને રત્નકંબલ વાંસમાંથી કાઢી વેશ્યાને આપ્યું. તે વેશ્યાએ લઇને ખાળમાં

નાખી દીધું. મુનિ બોલ્યો રે ભૂંડી ! ઘણો કલેશ પામીને બહુ મૂલ્યનું રત્નકંબલ હું લાવ્યો, તેને તું અપવિત્ર કચરામાં શું નાંખી દે છે? વેશ્યા બોલી, રે મૂઢ ! તું રત્નકંબલની શોચના કરે છે? પણ ગુણરૂપ રત્નમય પોતાનો આત્મા તે નરકરૂપ કચરામાં પડે છે. તેને કેમ નથી શોચતા? તે સાંભળી મુનિને સંવેગ આવ્યો, ત્યારે તે કહેવા લાગ્યો કે, હે વેશ્યા ! સંસારમાં પડતાં તેં મને બચાવ્યો. હવે અતિચાર પંક શોધવાને માટે હું ગુરુ ચરણે જઇશ. હે નિષ્પાપ ! તને ધર્મલાભ હો ! કોશ્યા પણ કહેવા લાગી કે, મેં બ્રહ્મચારી થકાં તમને ખેદ પમાડયો. તે મને મિચ્છામિદુક્કડં હો ! મેં તમને પ્રતિબોધવા નિમિત્તે એટલાં વાનાં કર્યાં. તે હે ઋષીશ્વર ! તમે ક્ષમજો ! અને હવે ઉતાવળા ગુરુ પાસે જાઓ. અને ગુરુવચનનું પાલન કરો. મુનિ પણ તે વચન પ્રમાણ કરી શ્રી સંભૂતિવિજય ગુરુ પાસે ગયા; ત્યાં પ્રાયશ્ચિત્ત આલોવીને તપ અંગીકાર કર્યો.

હવે શ્રી સંભૂતિવિજયજી પણ અનશન કરી દેવલોકે પધાર્યા. એક દિવસ રાજા કોઈ રથિક પુરુષની ઉપર સંતુષ્ટ થયો, ત્યારે તેના માંગવાથી તેને રાજાએ કોશ્યાને ઘેર ઉતારો આપ્યો. હવે કોશ્યા તો એક સ્થૂલિભદ્ર સિવાય અન્ય કોઇ પુરુષને ઇચ્છતી નથી. તે માટે રથકાર પુરુષની આગળ પણ શ્રી સ્થૂલિભદ્રજીના ગુણવર્ણન કરતી હતી. રથકારે પણ ઘરની વાડી મધ્યે ઢોળીએ બેસીને વેશ્યાનું ચિત્ત રીઝવવા માટે પોતાનું વિજ્ઞાન દેખાડવા આંબાની લુંબ બાણે વીંધી. પછી તે બાણના પૂંછને વિષે બીજું બાણ સાંધ્યું. વળી બીજા બાણે તે સાંધ્યું. તેથી બેઠાં થકાં જ આમ્ર વૃક્ષની લુંબ તોડી કોશયાને આપી, ત્યારે કોશ્યા પણ પોતાનું વિજ્ઞાન દેખાડવા માટે એક સરસવનો ઢગલો કરી તે ઉપર સૂઈ મૂકી પુષ્પપત્રે તે સૂઇ ઢાંકીને તે ઉપર નાટક કરતી હતી. પણ સૂઈ વિંધાણી નહીં. તે જોઈ રથકાર પુરુષ કહેવા લાગ્યો કે, તારી દુષ્કર કરણી જોઇને હું સંતુષ્ટ થયો છું, માટે કાંઈક માંગ ! તે તને આપું. ત્યારે કોશ્યા બોલી, શું મારી દુષ્કર કરણી જોઇ? જે

જોઇને તું મારી ઉપર રીઝયો? અભ્યાસીને શું દુષ્કર છે? એ તારી તથા મારી બંનેની કરણી કાંઇ પણ દુષ્કર નથી; પણ જે સ્થૂલિભદ્રે કર્યું તે દુષ્કર છે. કારણકે બાર વર્ષ મારે ત્યાં રહી મારી સાથે ભોગ ભોગવ્યા. તે જ ચિત્રશાળામાં અખંડ વ્રત રાખીને ગયા. વ્રતે રહ્યા. સ્ત્રીની પાસે એક દિવસ પણ રહી ન શકાય તે શ્રી સ્થૂલિભદ્ર ચાર માસ પર્યંત અખંડ વ્રતે રહ્યાં, વળી ષટ્રસ ભોજનનો આહાર કરતા તથા કામને જાગૃત કરનારી ચિત્રશાળીમાં રહેતા, પોતાની સ્ત્રીની પાસે વસ્યા. ઉપરાંત વર્ષાકાળ, યૌવનાવસ્થા, પૂર્વનો રાગ એટલા વાનાંમાંથી એક વાનું છતું થાય તો લોઢાનું શરીર હોય તે પણ ગળી જાય. તો સર્વકારણની શી વાત ?

यतः—न दुक्करं अंबय लुंबतोडणं, न दुक्करं सरिसवनच्चियाए ॥
तं दुक्करं तं च महानुभावं, जे सो मुनि पमयवणंमि वुच्छो ॥१॥

॥कवयोऽपि॥

गिरौ गुहायां विजने वनान्तरे, वा संश्रयन्तो वशिनः सहस्रशः ॥
हर्म्येऽतिरम्ये युवति जनान्तिके, वशीश एकः शकडालनन्दनः ॥१॥

योऽग्नौ प्रविष्टोऽपि च नैव दग्धः, छिन्नो न खड्गाग्रकृतप्रचारः ॥
कृष्णाहिरन्ध्रेऽप्युषितो न दृष्टो, नाक्तो जनांगारनिवासकोऽपि ॥१॥

वेश्या रागवती सदातदनुगा, षड्भिरसैर्भोजनं,
शुभ्रं धाम मनोहरवपुरहो, नव्यो वयः संगमः ॥
कालोऽयं जलदाविलस्तदपि यः कामं जिगायादरात्,
तं वंदे युवति प्रबोधकुशलं, श्री स्थूलिभद्रं मुनिम् ॥१॥

रे कामवामनयना तव मुख्यमस्त्रं, वीरा वसन्तपिक पंचम चन्द्रमुख्याः ॥
त्वत् सेवका हरिविरंचि महेश्वराद्या, हा हा हताश मुनिनापि कथं
हतस्त्वम् ॥१॥

श्री नंदिषेण रथनेमि मुनिश्वरादि,
बुध्या त्वया मदन रे मुनिरेष दृष्टः ॥
ज्ञातं न नेमिमुनि जम्बु सुदर्शनानां,
तुर्यो भविष्यति निहत्य रणांगणे माम् ॥१॥
श्री नेमितोऽपि शकडाल सुतं विचार्य,
मन्यामहे वयममुं भटमेकमेव ॥
देवोऽद्रि दुर्गमधिरुह्य जिगाय मोहं,
यन्मोहनालयमयं तु वशी प्रविश्य ॥१॥

ઈત્યાદિક શ્રી સ્થૂલિભદ્રજીના ગુણવર્ણન સાંભળીને રથકાર પુરુષ બોલ્યો રે સ્ત્રી! તે સ્થૂલિભદ્ર મહાસત્વનો ધણી છે, તે કોણ છે? જેના તું એટલા ગુણ વર્ણન કરે છે? ત્યારે વેશ્યા બોલી, રાજાનો પ્રધાન શકડાલ નામે હતો તેનો પુત્ર સ્થૂલિભદ્ર છે તેને હું વર્ણવું છું. તે સાંભળી સંભ્રાત થયો થકો રથકાર બોલ્યો, રે સ્ત્રી! તે મહામુનિનો હું કિંકર છું. એમ સાંભળી વેશ્યાએ તેને સંવેગમાં આવ્યો જાણી, ધર્મદેશના દઇને તેની અનાદિકાલની મોહનિદ્રા ટાળી, ત્યારે રથકાર બોલ્યો કે, હે ભદ્રે! તેં મને ભલો પ્રતિબોધ કર્યો. હું પણ તે મુનિને માર્ગે ચાલીશ. તેં મને આજ માર્ગ દેખાડયો. તારૂં કલ્યાણ થાઓ! તું તારો અભિગ્રહ દૃઢ રાખજે. એમ કહી સદ્‌ગુરુ પાસે જઇને રથકારે પણ પ્રવ્રજ્યા અંગીકાર કરી.

ભગવાન્ શ્રી સ્થૂલિભદ્રજી પણ તીવ્ર વ્રત પાળતાં બાર વર્ષ દુષ્કાળ પડયો. તે મહા વિકરાળ દુકાલને વિષે સાધુનો સમુદાય મળી સમુદ્રને કાંઠે જઇને રહ્યો. તેઓ ભૂખે કરી સૂત્ર ન ગણી શકે. તેથી સર્વ સૂત્ર વીસરી ગયાં.

॥ यतः ॥ अगणिज्जंति नासे विज्जा,
दंडिज्जंति नासे पज्जा ॥
कुट्टिज्जंति नासे भज्जा,
बहु बोलंति नासे लज्जा ॥१॥

હવે દુકાલને અંતે પાટલિપુર નગરને વિષે સાધુ સમુદાય એકઠો થયો. તે વખત જે સાધુની પાસે અંગ, અધ્યયન, ઉદ્દેશાદિક જે કાંઇ કંઠાગ્ર હતું તે લીધું, ત્યારે અગીયાર અંગ તો મળ્યાં, પણ દૃષ્ટિવાદ પૂર્વ મધ્યે કાંઈક ન જડયું. ત્યારે સર્વ સંઘ ભેગો થઇને પૂર્વ વિદ્યા મેળવવાના નિમિત્તે ચિંતા કરવા લાગ્યો.

તે અવસરે નેપાલ દેશના માર્ગ મધ્યે રહેલા એવા શ્રી ભદ્રબાહુ સ્વામી પૂર્વધર હોવાથી તેમને તેડવા માટે શ્રી સંઘે મળી બે સાધુને મોકલ્યા. તે સાધુ ત્યાં જઇ શ્રી ભદ્રબાહુસ્વામીને નમસ્કાર કરી હાથ જોડીને એમ કહેતા હતા કે શ્રી સંઘે તમને તેડવા માટે અમને મોકલ્યા છે. ગુરુ બોલ્યા કે મેં તો મહાપ્રણિધાન માંડયો છે. તે બાર વર્ષે પૂરો થાશે. ત્યાં સુધી મારાથી અવાશે નહીં. એ મહાપ્રણિધાન પૂર્ણ થયા પછી જો કોઈ કાર્ય આવ્યું હોય તો સર્વ પૂર્વસૂત્રને અર્થ સહિત અંતર્મુહૂર્તમાં સંપૂર્ણ ગણી શકાય.

હવે તે મુનિએ પાછા જઇને શ્રી સંઘને તે વાત કહી. ત્યારે શ્રી સંઘે વળી બીજા બે સાધુને મોકલ્યા. તેમને કહેવરાવ્યું કે, તમે ગુરુને પૂછજો કે શ્રી સંઘની આજ્ઞા ન માને તેને શ્યો દંડ થાય ? તે કૃપા કરી કહો. ત્યારે ગુરુ કહેશે તેને સંઘ બહાર કરવો. ત્યારે તમે સારી પેઠે કહેજો કે, એ દંડ યોગ્ય તમે છો. તે સાધુએ પણ ત્યાં જઈને તેમ જ કહ્યું. ત્યારે આચાર્ય બોલ્યા કે, શ્રી સંઘ એમ કરી શકે તે વાત મારે પ્રમાણ છે. પણ શ્રી સંઘ મારા ઉપર પ્રસાદ કરીને બુદ્ધિવંત સાધુને જો અહીં મોકલે તો હું તેમને નિત્ય સાત વાચના આપીશ. તેમાં એક વાચના ગોચરીથી આવીને આપીશ, ત્રણ વાચના કાળ વેળાએ આપીશ, તથા ત્રણ વાચના સાંજના પ્રતિક્રમણ પછી આપીશ. એ રીતે પણ સંઘકાર્ય થશે. અને મારૂં કાર્ય પણ નહિ સીદાય. પછી તે મુનિએ આવીને સંઘને તે પ્રમાણે જ વિનંતિ કરી. શ્રી સંઘે પણ સ્થૂલિભદ્ર પ્રમુખ પાંચસો ભણનારા બુદ્ધિવંત મુનિઓને

જોઈને મોકલ્યા. આચાર્ય પણ સહુને ભણાવતા હતા. પણ તે સાધુ થોડી વાચના માટે ભણતા ઉદ્વેગ પામ્યા. એક શ્રી સ્થૂલિભદ્રજી ટકી રહ્યા. તે ભણતાં ભણતાં આઠ વર્ષે આઠ પૂર્વ ભણ્યાં. પછી આચાર્યે પૂછ્યું કે, ઉદ્વેગ કેમ પામો છો ? ત્યારે સ્થૂલિભદ્રજી બોલ્યા, હું ઉદ્વેગ નથી પામ્યો, પણ વાચના થોડી છે. ત્યારે આચાર્ય બોલ્યા; હવે પ્રણિધાન પ્રાયઃ પૂર્ણ થયું છે. પછી તમારી ઈચ્છા પ્રમાણે વાચના આપીશું સ્થૂલિભદ્ર બોલ્યા કે, હું કેટલું ભણ્યો ? અને કેટલું બાકી છે ? ગુરૂ બોલ્યા, તું એક બિંદુ જેટલું ભણ્યો છું. અને સમુદ્ર જેટલું બાકી છે,

હવે ધ્યાન પૂરૂં થયે થકે બે વસ્તુ ઉણા દશપૂર્વ સ્થૂલિભદ્રજીએ સંપૂર્ણ કર્યા. એટલે વિહાર કરતાં કરતાં પાટલીપુર નગરને વિષે ભગવાન્ શ્રી ભદ્રબાહુ સ્વામી ઉદ્યાનમાં પધાર્યા. ત્યારે યક્ષાદિક સ્થૂલિભદ્રજીની બહેનો સાધ્વીઓ થઈ છે તે વંદના કરવા આવી. તેણીએ ગુરુને વાંદીને પૂછયું કે, હે પ્રભુ ! સ્થૂલિભદ્રજી કયાં છે ? ગુરૂ બોલ્યા, નાના દેવકુલમાં છે. તે સાંભળી દેવકુલ તરફ ચાલી. એટલે બેનોનો ચમત્કાર દેખાડવા શ્રી સ્થૂલિભદ્રજી સિંહનું રૂપ કરી બેઠા. તે રૂપ દેખી બેનો બીની, એટલે પાછી આવી, ગુરુને કહેવા લાગી કે, મોટા ભાઇને તો સિંહ ભક્ષણ કરીને ત્યાં બેઠો છે. તે સાંભળી આચાર્યે ઉપયોગ દીધો, અને ફરી કહ્યું, તમારા મોટાભાઈ છે, પણ સિંહ નથી માટે જઇને વંદન કરો. ત્યારે તે સાધ્વીઓએ ફરી ત્યાં જઈ ફરી મૂલ રૂપે વંદન કર્યું. પછી પોતાની કથા કહેવા લાગી. આપણા ભાઈ સિરિયે અમારી સાથે દીક્ષા લીધી. પરંતુ એકાસણું કરવાને અસમર્થ હોવાથી એક દિવસ પર્યુષણ પર્વને દિવસે મેં કહ્યુ કે, આજે પોરિસિ કરો, તે તેમણે કરી, પહોર પૂર્ણ થયો ત્યારે મેં કહ્યું કે આ પર્વ દોહિલું છે માટે પુરિમડ્ઢ કરો ! તે પણ કર્યું. પછી અવસરે વળી પણ મેં અપરાર્ધનું પચ્ચખ્ખાણ કરાવ્યું, મેં કહ્યું એટલો કાળ તો સુખે જશે, તે પણ કર્યું. પછી અવસરે વળી પણ મેં કહ્યું કે હવે રાત્રિ ટુંકડી છે. ઉંઘમાં રાત્રિ જશે, માટે ઉપવાસ કરો. ત્યારે ઉપવાસ પણ

કર્યો. રાત્રિએ દેવ-ગુરુને સંભારતા ક્ષુધાએ પીડયો થકો મરીને દેવલોકે ગયો. માટે મને ઋષિઘાતનું પાપ લાગ્યું, તેનો પશ્ચાત્તાપ કરતી શ્રી સંઘપાસે પ્રાયશ્ચિત્ત માંગ્યું. ત્યારે સંઘે કહ્યું કે, તમારો શુદ્ધ ભાવ છે. તેથી પ્રાયશ્ચિત્ત ન આવે. મેં કહ્યું કે, જો સાક્ષાત્ પરમેશ્વર મને કહે તો શાતા થાય. અન્યથા નહિ. તે સાંભળીને સંઘે કાઉસ્સગ્ગ કર્યો. શાસનદેવતા આવ્યા; તેણે સંઘને કહ્યું કે કહો શું કરૂં ? સંઘે કહ્યું કે યક્ષાજીને શ્રી જિનેશ્વર પાસે લઈ જાઓ ! ત્યારે શાસનદેવી બોલી કે, હું નિર્વિઘ્ન પણે જઈ શકું, માટે તમે કાઉસ્સગ્ગમાં રહેજો. એ વાતની સંઘે હા કહી. ત્યારે શાસનદેવી મને સીમંધરસ્વામી ભગવાન પાસે લઈ ગયા. મેં શ્રી પરમેશ્વરજીને વંદના કરી. પ્રભુજી બોલ્યા કે, ભરતક્ષેત્રથી આ આર્યા આવ્યા છે, તે નિર્દોષ છે. તે સાંભળીને મારો સંદેહ ટળ્યો. શ્રી સંઘની સમક્ષ કૃપા કરીને પ્રભુજીએ મને ચાર અધ્યયન આપ્યા. શાસનદેવતા પાછા મને મારા સ્થાનકે લાવ્યા, એક ભાવના અધ્યયન, બીજું વિમુક્તિ અધ્યયન, ત્રીજુ રતિકલા અધ્યયન અને ચોથું વિવિક્તમર્યા અધ્યયન, એ ચારે અધ્યયન મેં એક વાચનાએ ગ્રહ્યા. શ્રી સંઘની આગળ વાત કહીને એ ચારે અધ્યયન કહી દેખાડયા. તેમાંના બે અધ્યયન શ્રીઆચારાંગજીની ચૂલિકાપણે સ્થાપ્યા. અને બે અધ્યયન શ્રી દશવૈકાલિકજીની ચૂલિકા પણે સ્થાપ્યા. એવું કહે થકે સ્થૂલિભદ્રજીએ આજ્ઞા આપી. એટલે સાધ્વીજી પોતાને ઠેકાણે આવ્યા.

હવે સ્થૂલિભદ્ર પણ ગુરુ પાસે વાચના લેવા આવ્યા. ગુરુ બોલ્યા કે તું વાચનાને અયોગ્ય છે. તે સાંભળીને સ્થૂલિભદ્રજીએ પણ દીક્ષા દિવસથી માંડીને પોતાનો અપરાધ વિચાર્યો, પણ કોઇ અપરાધ જોયો નહીં. ત્યારે ગુરુને કહ્યું કે, સ્વામી ! મારો અપરાધ તો મારી નજરમાં આવતો નથી. ગુરુ બોલ્યા કે અપરાધ કરીને વળી માનતો નથી. ત્યારે સ્થૂલિભદ્ર સિંહરૂપ સંભારીને ગુરુના ચરણે મસ્તક મૂકી

કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! હવે ફરી એવું નહીં કરૂં, એ મારો અપરાધ ક્ષમા કરો ગુરૂ બોલ્યા હવે તું ન કરજે પણ એ કામ કર્યું તેથી વાચના નહીં આપું. એમ કહે થકે સ્થૂલિભદ્રજીએ સંઘને વિનંતિ કરી ગુરૂને કહેવરાવ્યું કારણકે મોટા કોપ્યા તેને મોટા જ પ્રસન્ન કરવા સમર્થ હોય ? સૂરિ બોલ્યા, હવે બીજા પણ આજ પછી મંદ સત્વના ધણી થશે. માટે યોગ્યતા નથી. બાકીના પૂર્વ મારીજ પાસે રહો ! એનો દંડ તો બીજાને શિક્ષા માટે છે. તે સાંભળી સંઘે ઘણો આગ્રહ કર્યો, ત્યારે ગુરૂએ ઉપયોગ દીધો. તેથી જાણ્યું કે મહારેથી પૂર્વ વિચ્છેદ નહીં જાય, એમ જાણી હવે કોઇને ભણાવશો. નહીં એમ સ્થૂલિભદ્રજીને અભિગ્રહ કરાવીને બાકીના પૂર્વ તેમને ભણાવ્યા. કોઈ કહે છે કે, સૂત્રથી ચાર પૂર્વ ભણાવ્યા. પણ અર્થ ન આપ્યો. અનુક્રમે આચાર્ય પદ ભદ્રબાહુસ્વામીએ સ્થૂલિભદ્રને આપ્યું. એ રીતે સ્થૂલિભદ્ર જેવા મુનિ પણ શ્રુતમદ કરવાથી ભણવાને અયોગ્ય થયા તો બીજાની શી વાત ? માટે શ્રુતમદ ન કરવો. એ આઠમા મદ ઉપર કથા શ્રી પરિશિષ્ટ પર્વની મધ્યે છે. ઇતિ ॥

## હવે સામાન્ય માન ઉપર બાહુબલીનુ દૃષ્ટાંત કહે છે

શ્રી ઋષભદેવજીએ દીક્ષા લીધી ત્યાંરે, ભરતને વિનીતાનું રાજ્ય આપ્યું, બાહુબલીને બહુલી દેશનું રાજ્ય આપ્યું. તથા બીજા અઠ્ઠાણુ પુત્રને અંગવંગાદિ દેશ વહેંચી આપ્યા. પ્રભુને દીક્ષા લીધા એક હજાર વર્ષ થયા. ત્યારે ભરતને ચક્રરત્ન ઉપજ્યું છ ખંડ સાધ્યા, બીજા અઠાણું ભાઇને આજ્ઞા મનાવતાં તેઓ રાજ્ય છાંડી શ્રી ઋષભસ્વામી પાસે દીક્ષા લઇ કેવળજ્ઞાન પામ્યા.

ભરતચક્રી છ ખંડ સાધી, વિનીતાએ આવ્યા, પણ આયુધશાળામાં ચક્ર આવે નહિ. ત્યારે પ્રધાને કહ્યું કે, તમારો ભાઈ બાહુબલી તમારી આણ માનતો નથી. માટે આયુધશાળામાં ચક્ર આવતું નથી. ભરતે ભાઇ ઉપર દૂત મોકલ્યો. તે બહુલિ દેશને વિષે ગયો. ત્યાંની સ્ત્રીઓએ પૂછ્યું. તું કોણ છે ? દૂતે કહ્યું, હું ભરતનો દૂત છું.

બાહુબલી પાસે જાઉં છું. ત્યારે સ્ત્રીએ કહ્યું ભરત તે કોણ છે? ભરત તો અમારે કાંચલિએ છે. તે સાંભળી દૂતે ચિંતવ્યું કે અહીંના લોક એવા દુર્દમ છે, તો તેનો રાજા કેવો હશે? એમ વિચાર કરતો તક્ષ-શિલા નગરીએ પહોંચ્યો. ત્યાં બાહુબલી રાજા સભા ભરી બેઠા છે. તેના ત્રણ લાખ પુત્ર છે તેમાં મોટો સોમયશા છે. તેને વળી ચોરાશી હજાર સ્ત્રી છે. તેના શ્રેયાંસ પ્રમુખ બહોંતેર હજાર પુત્ર છે. એમ પુત્ર પૌત્રાદિકે પરિવર્યો સૂર્યની પેરે દેદીપ્યમાન બાહુબલીને દેખી ભયભ્રાંત થકો દૂત બોલ્યો, હે મહારાજા! તમારા ભાઈએ તમને જુહાર કહ્યો છે. અને કહ્યું છે કે, ચક્રરત્ન આયુધશાલાને વિષે આવતું નથી. માટે મારી આણ-દાણ માનજો. તે સાંભળી ભ્રકુટી ચઢાવી, રાતા લોચન કરી, બાહુબલી બોલ્યા, અરે દૂત! ભરતને હજી લાજ નથી? કારણકે અઠાણુ ભાઈનું રાજ્ય લઈ છ ખંડનો ધણી થયો, તો પણ તેને તૃપ્તિ ન થઇ? કે જેથી હજી તે મારૂં રાજ્ય લેવા માંગે છે. તે દહાડા વિસરી ગયા કે, નાનપણમાં રમતાં દડાની પેઠે ઉંચો ઉછાળીને પડતો ત્યારે હું ઝાલી લેતો, હું તેનો તે જ છું. માટે રાજ્યનો ખપ હોય તો વહેલો આવે એમ કહેજે. પણ આણ તો શ્રી તાતની જ માનીશ. એમ કહી દૂતને નિર્ભંછી કાઢયો. દૂતે આવી સર્વ વાત ભરતને કહી. ત્યારે ભરત ચક્રવર્તીને ક્રોધ ચઢયો. પછી પોતાના સવાક્રોડ પુત્ર છે. તેમાં મોટો પુત્ર આદિત્યયશા છે. તેના વળી મહાજસા પ્રમુખ સવાલાખ પુત્ર છે તે સહિત પોતાની ઋદ્ધિ લઇ બહુલિદેશની સમીપે આવ્યા. બાહુબલી પણ પોતાનું કટક લઈ સામા આવ્યા. એમ યુદ્ધ કરતા બાર વર્ષ થયા. ત્યારે ઇન્દ્રે આવી બે ભાઈને સમજાવી દ્રષ્ટિયુદ્ધ, વચનયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, બાહુયુદ્ધઅને દંડયુદ્ધ એ પાંચ યુદ્ધ કરવા ઠરાવ્યાં, તે પાંચે યુદ્ધમાં ભરત હાર્યા. ત્યારે ક્રોધને વશ થઇને ભાઈ ઉપર ચક્ર મૂકયું. તે ચક્ર પણ બાહુબલીને પ્રદક્ષિણા દઇ પાછુ ભરત પાસે ગયું. કારણકે સગોત્રીને ચક્ર લાગતું નથી.

ભરતે વિચાર્યું કે અમોઘ શસ્ત્ર પણ પાછું ફર્યું તેથી નિશ્ચય

એ મારૂં રાજ્ય લેશે. હવે ભરતે ચક્ર મૂકયાથી બાહુબલીને પણ ક્રોધ ચઢયો. કે જ્યારે એણે મસ્તક છેદવાનું કર્યું તો હું પણ ચક્રને અને ચક્રવર્તીને મુષ્ટિએ કરી ચૂર્ણ કરૂં. એમ ચિંતવી, ક્રોધ ચઢાવી મુષ્ટિ ઉપાડી, એટલે ભરત પણ સામો થયો. તે વખતે બાહુબલીને વિચાર ઉપન્યો કે હા હા ! ભુંડું થશે ? એ મુષ્ટિએ ભરત મરશે ? ? છ ખંડ રંડાશે, ઋષભના વંશને કલંક લાગશે ! ! ! લોકમાં હાહાકાર થશે ! ! ! ! ! પણ મેં મુષ્ટિ ઉપાડી તે નિષ્ફળ કેમ જાય ? એમ ચિંતવી તે મુષ્ટિએ મસ્તકનો લોચ કર્યો, એટલે દેવતાએ વેષ આપ્યો. જય જય શબ્દ થયો. ભરત પણ પગે લાગી, અપરાધની ક્ષમા માગી પોતાને સ્થાનકે ગયો.

બાહુબલીએ વિચાર્યું કે મારા અઠાણું ભાઈ દીક્ષા લઇ કેવળી થયા છે. તેથી મારે નાના ભાઇઓને વંદન કરવું પડે, માટે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી પછી ભગવાનના સમવસરણમાં જાઉં, તેથી એમને વંદન ન કરવું પડે. એવું અભિમાન રાખી ત્યાંજ કાઉસ્સગ્ગ કરી રહ્યા. વરસ દિવસ સુધી ભૂખ તૃષા ખમી, પગે ડાભ ઉગ્યા, વૃક્ષની જેમ વેલડીએ વિંટાણા, કાનમાં પંખીએ માળા ઘાલ્યા, ટાઢતાપ ખમતા રહ્યા. વરસ દિવસને અંતે બ્રાહ્મીને શ્રી ઋષભદેવ સ્વામીએ મોકલી. તેણે આવી કહ્યું કે હે વીરા ! ગજ થકી હેઠા ઉતરો. એ વચન સાંભળી બાહુ-બલીએ વિચાર્યું કે, હું તો ગજ ઉપર નથી ચઢયો; અને એ મહા. સતીનું વચન પણ જૂઠું ન હોય, એવું વિચારતાં મનમાં જ્ઞાન ઉપન્યું કે, હું અભિમાન રૂપ હાથીએ ચઢયો છું. કારણકે નાના ભાઇઓ તો પરમગુણી થયા; કેવળી થયા, વીતરાગ થયા, રત્નત્રયી રૂપ ગુણે કરી તે પરમ વડેરા છે. ત્રિભુવનને વાંદવા યોગ્ય છે, તો અભિમાન કરવાથી મને આશાતના લાગી, માટે ત્યાં જઇને તેમને વંદના કરૂં. એમ વિચારી પગ ઉપાડે છે કે તુર્ત જ એજ ભાવનાએ ક્ષપકશ્રેણી માંડી, ઘાતિકર્મ ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા. અનુક્રમે કેવળી પર્યાય મુક્તિ પામ્યાં. માટે માન વડે ધર્મ ન હોય.

यत: धम्मोमएण हुंतो, तो नवि सीउण्हवाय विष्मडिओ ॥
संवच्छर मणसिओ, बाहुबली तह किलिस्संतो ॥१॥

કારણકે વરસ દિવસ સુધી માને કેવળજ્ઞાન અટકાવ્યું. માટે માનથી વળી બીજો શત્રુ કોણ છે ? ॥ ઇતિ શ્રી ઉપદેશમાલાયામ્ ॥ હવે માનને વૈરી કહ્યો, માટે વૈરીનો પ્રતિપક્ષી હેતુ છે. માટે હેતુ પૂછે છે.

અહીં "हियमप्पमाओ" એ પદનો અર્થ કહે છે. શિષ્ય પૂછે છે કે હે સ્વામિન્ ! વૈરી તો માનને કહ્યો ત્યારે (हियं किं के.) હિત તે શું ? અહીં किं શબ્દ પાછળ છે તે લેવો. ગુરુ બોલ્યા હે શિષ્ય ! (अप्पमाओ के.) અપ્રમાદ તે જ હિત છે. કારણકે થોડા પણ માઠા અધ્યવસાય કરવા તે પ્રમાદ રૂપ જ છે. માટે તે ન કરવા તેનું નામ જ અપ્રમાદ. તે અપ્રમાદના દૃષ્ટાન્ત તો ગૌતમ, સુધર્મ, જંબુ, પ્રભવ અને વયરસ્વામી પ્રમુખ ઘણાનાં છે. તે જાણવા. અહીં તો વ્યતિરેક ચંદા અને સર્ગ. માતા પુત્રનું દૃષ્ટાંત કહે છે. કારણકે થોડો પ્રમાદ પણ મહાઅનર્થનું મૂળ છે.

આજ જંબુદ્વિપમાં દક્ષિણાર્ધ ભરતને વિષે ઉત્તરાપથ દેશમાં વર્ધમાનપુર નગરમાં અજિતવર્ધન નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં સદ્ધ એવે નામે ગાથાપતિ રહેતો હતો. તેની ચંદા નામે ભાર્યા અને સર્ગ નામે પુત્ર હતો. તે પૂર્વકૃત કર્મે કરી નિર્ધન છે. અનુક્રમે તે સદ્ધ મરણ પામ્યો. કેટલોએક કાળ ગયા પછી આજીવિકા પણ દુઃખે પુરાય એવો વખત આવ્યો. તેથી ચંદા ઉદરભરણ નિમિત્તે પરઘર વિષે કામ કરે. સર્ગ પણ સાગ પ્રમુખના ઈંધણ લાવી આજીવિકા કરે. યતઃ ॥

किं किं न कयं को को, न पच्छिओ का कह कह न णामियं सीसं ॥
दुप्भरउयरस्स कए, किं न कयं किं न कायव्वं ॥२॥

એમ કરતાં એક દિવસે તેના પાડોશી ઇશ્વરશેઠને ઘેર તેનો જમાઈ આવ્યો છે. સર્ગની પણ ઘેર આવવાની વેળા થઈ છે. એવે અવસરે ઇશ્વર શેઠે પાણી ભરવા માટે ચંદાને બોલાવી: ત્યારે ચંદા

પણ પુત્ર ભૂખ્યો આવશે એવું જાણી તેને સારૂં શીંકે ભોજન મૂકી. કૂતરા પ્રમુખના ભય થકી બારણે કડી ચડાવીને ત્યાં ગઈ. થોડી વાર પછી સર્ગ આવ્યો. તેણે ઇંધણા મૂકી માતાને શોધી પણ મળી નહિ. શીંકે જોયું નહિ. એટલે ભૂખ તરસ વડે ચીડાવાથી ક્રોધવંત થયો.

હવે ચંદા પાણી તો ભરી રહી, પણ શેઠના માણસ કામકાજમાં વ્યગ્ર હતા. તેવી તેને કાંઇ આપ્યું નહિ. ચંદાના મનમાં ઘણો ખેદ ઉપન્યો, પછી ઘેર આવી એટલે ક્રોધથી સર્ગ બોલ્યો. અરે તને ત્યાં શુલિયે ચડાવી હતી? કે શું ? જેથી મારી ભોજનવેળા વીસરી ગઇ ? હું ભૂખે પીડા પામું છું. ત્યારે તે પણ દુઃખી હતી. તેથી બોલી કે શું તારા હાથ કપાણા હતા ? કે શીંકેથી લઇને ખાધું નહિ ? એવી રીતે બે જણને તથાવિધ વચન ઉચ્ચારતાં હીણાં કર્મ બંધાયા.

એકદા કોઈ કર્મ વિચિત્રતાએ અગર ભાવિભાવના યોગે, વિશિષ્ટ ફળ થનાર છે તેથી માનતુંગ નામે આચાર્ય પાસે તે બન્ને જણાએ જૈન ધર્મનો બોધ પામી શ્રાવકપણું અંગીકાર કર્યું. તેને ઘણાં કાળ પાલી વૃદ્ધાવસ્થાએ શુભ પરિણામે બંને જણાએ ચારિત્ર લીધું. અંતે સંલેખણા કરી સમાધિએ મરણ પામી દેવલોકે ઉપન્યાં. ત્યાં આયુષ્ય પૂર્ણ થયે સર્ગનો જીવ ચ્યવીને જંબુદ્વિપના ભરતમાં તામ્રલિપ્તિ નગરીએ કામદેવ શેઠને ઘેર તેની જીંજુઆ નામની ભાર્યાની કુક્ષીથી પુત્રપણે ઉપન્યો. તેનું નામ અરૂણદેવ પાડયું. તે અનુક્રમે યૌવનાવસ્થા પામ્યો.

ચંદાનો જીવ પણ દેવલોકથી ચ્યવીને પાડલાપથ નગરે જસાદિત્ય નામે શેઠની ઇલુઆ નામની ભાર્યાની કુક્ષીએ સ્ત્રીપણે આવીને ઉપન્યો. તેનું દેઇણી એવું નામ પાડયું. તે મોટી થઇ ત્યારે ભાવિભાવના યોગે અરૂણદેવને આપી. તેને પરણ્યા પહેલા જ વ્યાપાર માટે સમુદ્ર ગમન કર્યું. તે મહાકડાહ દ્વીપે ગયો. ત્યાંથી પાછાં વળતાં કર્મપરિણામની વિચિત્રતાએ જહાજ ભાંગ્યું. પોતે અને એક મહેશ્વર નામે બીજો પુરૂષ એક પાટીએ વળગ્યા. પાટીયું અનુક્રમે તરતું તરતું સમુદ્ર

કાંઠે આવ્યું. તે કાંઠે પાડલાપથ નગરનું ઉદ્યાન હતું ત્યાં આવ્યા. પછી મહેશ્વર બોલ્યો, હે કુમાર ! અહીં તમારૂં સાસરૂં છે. માટે ગામમાં જઈએ ! ત્યારે અરૂણદેવ બોલ્યો, હે આર્ય ! આ અવસ્થાએ સાસરે જવું યુક્ત નથી. મહેશ્વર બોલ્યો, જો એમ છે તો તમે આ દેવકુલમાં બેસો, હું ચૌટામાંથી કાંઇક ભોજન લઇ આવું. એમ કહી મહેશ્વર ગામમાં ગયો. પાછળથી અરૂણદેવને માર્ગના ખેદે દેવકુલમાં ઊંઘ આવી ગઈ.

એવા અવસરમાં દેઇણીએ પાછલા ભવે પુત્રને કહ્યું હતું કે, "તહારા હાથ કપાણા હતા કે ? તે વચનના કર્મનો તેને ઉદય આવ્યો. તે ભવનના ઉદ્યાનને વિષે રહી છે, ત્યાં તેને તસ્કરે ગ્રહી તેના હાથમાં મહામૂલ્ય માણિકયના કટકયુગલ હતાં. તે અર્ધ કાઢયાં. પણ ઘણાં આકરાં હતાં તેથી પૂર્ણ કાઢી ન શકાયા. તેથી તેનું મુખ બંધ કરી, છરીથી હાથ કાપી, કટકયુગલ લઇને નાસવા માંડયું. તેને ઉદ્યાનપાલકે દીઠો. તેણે બૂમ પાડી, એટલે કોટવાલ આવ્યો. તે ચોરની પાછળ દોડયો. ચોર પણ ઉતાવળે ચાલવાથી શ્વાસે ભરાઇ ગયો. શક્તિ ક્ષીણ થઈ ગઈ અને જાણ્યું કે, હવે આગળ ચાલી નહિ શકું. એટલે પૂર્વે દેવકુલ ધારી મૂકયું હશે તેથી જ્યાં અરુણદેવ સુતો છે તેજ દેવકુલમાં પેઠો, એવા અવસરે અરુણદેવ પણ પૂર્વભવે બોલ્યો હતો કે તને શૂલિયે દીધી હતી કે શું ? ઈત્યાદિક વચનનું કર્મ ઉદય આવ્યું તેથી ચોરે વિચાર્યું કે, હવે બીજો કોઈ ઉપાય નથી તેથી કટકયુગલ અને છરી એ બે વસ્તુ અરુણદેવની પાસે મૂકી પોતે શિખરમાં સંતાઇ ગયો.

હવે અરુણદેવ જાગ્યો, દૈવયોગે કડાં અને છરી બંને પોતે લીધા અને વિચાર્યું કે કોઈ દેવતાએ સંતુષ્ટ થઈને મને આપ્યાં હશે, માટે ફાંટમાં ઘાલ્યાં. પણ વળી શંકા ઉપની કે, દેવે આપેલામાં છરી કેમ હોય ! એમ ચિંતવે છે એવામાં કોટવાળ આવ્યો, તેને દેખી મનમાં ક્ષોભ પામ્યો. કોટવાળ બોલ્યો કે રે દુષ્ટ દુરાચારિ ! હવે કયાં જઈશ ? એવું સાંભળતાં હાથમાંથી છરી હેઠી પડી. તેને કોટવાળે પકડયો ત્યારે

અરુણદેવ બોલ્યો કે, હું કડાંની વાત જાણતો નથી. એટલે કોટવાળને રીસ ચઢી, ને તેને મારવા લાગ્યો. ભયે કરી પૂરાં ગોપવ્યાં ન હતાં તેથી કડાં હેઠા પડયા. તે કોટવાળે લીધાં અને નિશ્ચય કર્યો કે એજ ચોર ! પછી રાજા પાસે લાવ્યા, સર્વ વ્યતિકર રાજાને સંભળાવ્યો. રાજાને કાંઇ પણ શંકા રહી નહીં. તેથી હુકમ કર્યો કે એને શૂળીએ ચડાવો. રાજ્યપુરુષોએ વધસ્થાનકે લાવી તેને શૂળીએ ચડાવ્યો.

એવામાં મહેશ્વર ભોજન લઇને આવ્યો. દેવકુળમાં જોયું તો અરુણદેવને દીઠો નહીં, પછી ઢૂંકડો આવી સર્વ ઠેકાણે જોયો, પણ ન જડયો. મહેશ્વર આકુળ-વ્યાકુળ થયો. પછી દેવકુલની સમીપે માલી પ્રમુખને પૂછયું કે અરે પુરુષો ! તમે એવા પ્રકારના શેઠના પુત્રને દેવકુલમાંથી જતો આવતો દીઠો ? ત્યારે તે- બોલ્યા, ભાઈ ! કોઇને દીઠો નથી, પણ હમણાં એક ચોર માર્યો ગયો. તિહાં કદાપિ કૌતુક જોવા ગયો હોય તો હોય. ત્યારે મહેશ્વર ક્રોધ પામી બોલ્યો, રે ભદ્ર ! કયાં તે સ્થાનક આવ્યું ? ત્યારે માળીએ માર્ગ દેખાડયો, શૂન્ય હૃદય થકી મહેશ્વર ત્યાં ગયો. તેણે શૂળી ઉપર શરીર ભેદાવાથી મહાદારૂણ અવસ્થા ભોગવતો અરુણદેવને દીઠો.

હવે મહેશ્વર પણ હે શ્રેષ્ઠિપુત્ર ! હે શ્રેષ્ઠિપુત્ર ! એમ કહેતો મૂર્છા ખાઈ ભૂમિએ પડયો. ત્યાં જે લોક જોવા આવ્યા હતા તે લોકે કૌતુક અને અનુકંપાએ આશ્વાસના કરી પૂછયું, હે આર્ય ! એ શ્રેષ્ટિપુત્ર કોણ છે ? ત્યારે ગદ્ગદ્ વાણીથી મહેશ્વર બોલ્યો, અરે ભાઇ ! એ કથા શી પૂછો છો ? એ કથા તો હવે પૂરી થઈ. એ તો તામ્રલિપ્તિ નગરીને વિષે તિલકભૂત એવો કુમારદેવ નામે શેઠનો પુત્ર છે અને આ નગરમાં વસનારા જસાદિત્યનો જમાઇ છે. તેનું જહાજ ભાંગ્યું. એટલે પરિવારથી વિયોગ પામીને આજે જ ઇહાં આવ્યો છે, મેં કહ્યું કે અહીંયા તહારૂં સાસરૂં છે. ચાલો આપણે તેને ઘેર જઇએ. ત્યારે એણે કહ્યું કે આ અવસ્થાએ સાસરે કેમ જઈએ ? ત્યારે મેં કહ્યું આ દેવકુળને વિષે તમે રહો. હું ચૌટેથી ભોજન લાવું. એમ કહીને હું

ભોજન લેવા ગયો, હું પાપકર્મા ભોજન લઇને આવ્યો ત્યારે સઘળે જોયું પણ મેં તેને ન દીઠો. અનુક્રમે માળીને પૂછવાથી તેણે કહ્યું કે, હમણાં ચોર માર્યો ગયો, તે ત્યાં જોવા ગયો હોય તો કોણ જાણે ? એ જોવા હું અહીંઆ આવ્યો. એટલે તેને આ સ્થિતિમાં દીઠો. એમ કહેતો કહેતો વળી પૃથ્વીપર પડયો. તે જેમ તપાવેલી વેલુમધ્યે મચ્છ તરફડે તેમ તરફડવા લાગ્યો. વળી તે ઉઠી શિલાવડે પોતાનો વધ કરવા લાગ્યો. એટલે લોકોએ તેને પકડી રાખ્યો. એ વાત સર્વ પ્રસિદ્ધ થઈ. જસાદિત્યે પણ એ વ્યતિકર જાણ્યો, ત્યારે તેજ વેળા દેઇણીને લઇને ત્યાં આવ્યો. તે પણ અરુણદેવને શૂળીએ દેખી વિલાપ કરવા લાગ્યો, અહો ! માહરી અધન્યતા ! એમ કહેતાં દેઇણી સહિત મૂર્છા ખાઇને ધરતીએ પડયો. પરિજને આશ્વાસના કરી, પછી જસાદિત્ય બોલ્યો કે કાષ્ટ લાવો, મહારે બળી મરવું છે. આ શોક સંતાપ મહારાથી ખમાય નહી. પરંપરાએ આ વાત રાજાએ પણ સાંભળી. રાજા કોટવાળ ઉપર કોપાયમાન થયો. કોટવાળ બોલ્યો, મહારો કાંઇ વાંક નથી. મેં ચોરને મુદ્દા સહિત પકડયો છે. હું કાંઇ જ્યોતિષિ નથી. આથી રાજાને પ્રતીતિ થઇ, રાજા પણ કહેવા લાગ્યો શેઠને કે રે ભદ્ર ! અહીંઆ અમારો વાંક નથી, દૈવનો વાંક છે માટે મરવાનો વ્યવસાય ન કરો. દૈવપરિણતિ એવી જ હોય છે. એમ કહી અરુણદેવને શૂળીએથી ઉતાર્યો.

એવા સમયે ચાર જ્ઞાનના ધણી અમરેશ્વર નામે આચાર્ય ઘણા જીવને પ્રતિબોધ દેવાનો અવસર જાણીને ઘણા સાધુ, ઘણા દેવતાએ પરિવર્યા થકાં ત્યાં પધાર્યા. તેમના પ્રભાવે જ મહેશ્વરાદિકના શોકનો અનુબંધ વિલય થયો. અહો ! અપૂર્વ દર્શન થયું. આ ભગવંત પ્રશાંત ને દેવતાએ પૂજિત છે માટે ધર્મ સાંભળીયે. એવી બુદ્ધિ થઇ. દેવતાએ પણ ધરતી શુદ્ધ કરી, સુગંધી પાણી વરસાવીને સુગંધી કુસુમની વૃષ્ટિ કરી. સુવર્ણકમળ રચ્યું. તે ઉપર બેસી ગુરુએ ધર્મદેશના આપી. " ભો ભો દેવાણુપ્રિયા, મોહનિદ્રા છાંડો, ધર્મ જાગરણે જાગો, પ્રાણા-

તિપાત પ્રમુખ અઢાર પાપસ્થાનક પરિહરો, ક્ષમાપ્રમુખ ગુણ અંગીકાર કરો, ભાવશત્રુ પ્રમાદને છાંડો. પ્રમાદરસે વાહ્યો જીવ થોડા પણ અનાચાર દોષે ઘણાકાલ દારૂણ વિપાક વેદવા યોગ્ય કર્મ બાંધે. તેને વિપાકે અરૂણ દેવ અને દેઈણીની જેમ શરીર સંબંધી અને મન સંબંધી ઘણાં દુઃખ ભોગવે.' ત્યારે રાજા પ્રમુખે પૂછ્યું કે હે ભગવન્! એણે શું દુષ્કૃત કર્યું હતું, એટલે ગુરુએ પૂર્વનું સર્વ કથાનક કહ્યું. તે સાંભળી અહો! એટલા દુષ્કૃતના એવા વિપાક! તો બીજાની શી વાત? એવું વિચારી પર્ષદા વૈરાગ્યવંત થઈ.

એવામાં અરૂણદેવ અને દેઈણી મૂર્છા પામી, ફરી ચેતના પામ્યાં. જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. હૃદયથી સંકલેશ ગયો. અને શુભ પરિણામ વધ્યા, તેથી તે કહેવા લાગ્યો કે, "હે ભગવન્! જેમ તમે કહ્યું તેમ અમે સાક્ષાત્ દીઠું. જિનધર્મ અચિંત્ય ચિંતામણીરત્ન સરખો પામ્યાં, અમે સારી પેઠે જાણ્યું છે કે, કર્મપરિણતિ એવી જ હોય છે. તેથી અમારૂં સર્વ આર્તધ્યાન ગયું. અમને પરમ સંવેગ ઉપન્યો છે. તે માટે હવે અમને અનશનના પચ્ચખ્ખાણ કરાવો. અને જન્મ-જરા-મરણ–શોકના ભય ટાળો.' આચાર્ય ભગવાન બોલ્યા, એ યોગ્ય છે, એમ જ ઘટે છે. આ અવસ્થાએ વિશુદ્ધ પચ્ચખ્ખાણ આવશ્યક છે, તે ભવની પરંપરાને ટાળે, દુર્ગતિ દૂર કરે, સદ્ગતિએ પહોંચાડે, મનુષ્યના અને દેવતાના સુખને, સધાવે, અને અનુક્રમે પરમ નિર્વાણ પદ પમાડે. એમ કહી રાજા અને શેઠની સમ્મતિ લઇ તે બંનેને પચ્ચખ્ખાણ અણુસણના કરાવ્યા. તેણે અમરેશ્વર આચાર્યની ઘણી સ્તવના કરી કે, હે ભગવન્! અમારૂં મનુષ્યપણું સુલબ્ધ થયું કે, જેથી તમે ધર્મસારથી મળ્યા. વિચિત્ર કર્મપરિણામને વશ જે પ્રાણી થયા છે, તેના તમે પરમ વૈદ્ય સમાન છો. હવે ભગવન્! અમારે શું કરવું? ગુરુ બોલ્યા કે, "જે કરવાનું હતું તે કર્યું. વળી વિશેષે સર્વ ભાવને વિષે જે મમત્વ છે તે દુઃખનું મૂળ છે. તેને ટાળો. વળી પરમપદનું

કારણ એવું જે મૈત્રિપણું તે સમસ્ત જીવ ઉપર ભાવો! પૂર્વે દુષ્કૃત કર્યાં હોય તેની વિશુદ્ધ ભાવે દુર્ગંછા કરો, તીર્થંકરની પ્રરૂપેલી જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયીનું બહુમાન કરો, પ્રમાદ પરિહરીને પરમપદનું સ્વરુપ ચિંતવો, તે સર્વ તેમણે યથાશક્તિ કરવા માંડ્યું.

એ અવસરે રાજા પરમ સંવેગ કરી બોલ્યા, હે ભગવન્! એટલા પાપે તેના એવડા વિપાક આવ્યા તો અમને શું નિપજશે? ઉદ્દામ પ્રમાદને વશ થઇ અણુવિચાર્યાં કામના કરનારા અમારા સરખા પ્રાણીની શી ગતિ થશે? ગુરુ બોલ્યા, હે રાજન્! કર્મ પરિણુતિ એવી જ છે. એ રીતે થોડા પ્રમાદથી ઉત્પન્ન થયેલા કર્મનાં એવા અથવા એથી પણ આકરા વિપાક ઉદય આવે. અને ઘણાં અધિક કર્મ સંચ્યા હોય તો તેથી વળી નારકી તિર્યંચના તીવ્ર દુઃખ પણ જીવ ભોગવે. તે પણ ઘણા કાળ સુધી ભોગવવા પડે. તે માટે જગદ્ગુરુએ કહ્યું છે કે, સુખ ઇચ્છનારે થોડો પણ પ્રમાદ ન કરવો. વળી ઝેર ખાવું તે સારૂં, વ્યાધિયે શરીર તપાવવું તે સારૂં, અગ્નિમાં ઝંપલાવવું તે સારૂં, શત્રુની સંગત કરવી તે ભલી, ભુજંગ ભેગા વસવું તે શ્રેષ્ઠ પણ પ્રમાદ કરવો તે સારો નહિ. તેને તો મહા દુ:ખદાયી જાણવો. પૂર્વે સર્વ વિષ પ્રમુખ કહ્યાં. તે તો માત્ર એક જ ભવે દુઃખના દેનારા છે. અને પ્રમાદ તો ઘણા ભવ સુધી દુ:ખદાયક છે. વળી પ્રમાદના સામર્થ્યથી જીવ આત્મકાર્ય ન દેખે, રભસ્ વૃત્તિયે પ્રવૃત્તો, અનાગત કાળ ન દેખે, ગુરુ લાઘવ ન વિચારે, ગુરુનું બહુમાન ન કરે, અનુક્રમે પાપકર્મ બાંધીને તેના વિપાકે નરકાદિકને વિષે જાય, ત્યાં એવું કોઇ સંક્લેશ-સ્થાનક નથી કે જે પ્રમાદી પ્રાણી ન પામે. ત્યારે રાજા બોલ્યો, હે ભગવન્! એ પ્રમાદ સેવ્યો તેનો હવે શું ઉપાય? ગુરુ બોલ્યા, સર્વ આરંભ અને પરિગ્રહ ત્યાગ કરીને ચારિત્ર અંગીકાર કરવું. એ અપ્રમાદનું જે આરાધન છે તે હે રાજન્! એકાંતે કર્મ વ્યાધિનું ઔષધ છે. સર્વ લોકમાં અનિંદિત, પંડિત લોકને આનંદનું ઉપજાવનાર, આ ભવ અને પરભવને વિષે વિઘ્નકષ્ટનું ટાળનાર છે, મિથ્યાત્વને દૂર કરનાર છે.

જ્ઞાન પરિણતિને વધારનાર છે, સકલ કલ્યાણનું સાધન છે, પરમ આરોગ્યતાના સુખને ઉપજાવનાર છે. એ અપ્રમાદથી શીઘ્ર, નિરતિચાર ચારિત્ર પાળવા વડે પૂર્વના મહા પ્રમાદે કરી એકઠાં કરેલા જે પાપ તે ક્ષય થાય અને સ્વભાવે તેવા કારણને અભાવે નવાં કર્મ ન બાંધે ત્યારે હે દેવાનુપ્રિય ! કર્મજાળ ખપાવી, કેવળજ્ઞાન પામી, અપુનરાગમને સિદ્ધિ વરે. જ્યાં જન્મ નહીં, જરા નહીં, રોગ નહીં, શોક નહીં, સંયોગ નહીં, વિયોગ નહીં, એવું નિરુપમ સુખ પામે.

ત્યારે રાજા બોલ્યા, હે સ્વામી ! શું એણે અપ્રમાદ ન હોતો સેવ્યો કે એટલો લગારેક પ્રમાદ તે એવડા દુઃખનો દાતાર થયો ? ત્યારે ભગવંતે કહ્યું કે અપ્રમાદ તો સેવ્યો હતો, પણ કર્મ પરિણતિ વિચિત્ર છે. માટે અપ્રમાદ માત્રથી સકળ કર્મ ખપે. કિન્તુ ઉત્કૃષ્ટો અપ્રમાદ સેવે ત્યારે જ ખપે. વળી હે રાજન્ ? સાંભળ. એટલા અપ્રમાદથી પણ એણે ઘણાં કર્મ ખપાવ્યા. વળી આગલે એની સંતતિ પરંપરા ત્રુટી. ઉત્કૃષ્ટા અપ્રમાદનું બીજ વાવ્યું. માત્ર એક ભવ ભોગવવા રહ્યું હતું તે ભોગવ્યું, માટે અપ્રમાદીને ધન્ય છે. તેથી જ પરમેશ્વરે કહ્યું છે "સમયં ગોયમ ! મા પમાયએ" તે માટે પૂર્વલા દુષ્કૃતની નિંદા કરીએ; ગુરુ પાસે વૈરાગ્યે કરીને આલોઇએ, વિધિપૂર્વક પ્રાયશ્ચિત્ત અંગીકાર કરીએ એ રીતે શુભ પરિણામ રૂપ અગ્નિએ કરી કર્મબીજ બળે થકે નિયમા વિપાકરૂપ અંકુરાની ઉત્પત્તિ ન હોય. તે માટે અપ્રમાદની સામગ્રી મળ્યે પ્રમાદ ન સેવવો. તે સાંભળી રાજા પ્રતિબોધ પામ્યો. બંદીખાના મૂકાવ્યાં, દાન દઈ ચારિત્ર અંગીકાર કર્યું. જસાદિત્યે તથા મહેશ્વરે પણ દીક્ષા લીધી. એ સાંભળી કડાના ચોરને પશ્ચાત્તાપ થયો. ત્યારે તે ગુરુ પાસે પ્રગટ થઈ કહેવા લાગ્યો કે, તે પાપકર્મા હું છું. મહા નિર્દયકામ મેં અંગીકાર કર્યું. ઘણું શું કહું ? અવશ્ય મારે હવે મરવું છે. માટે મારે યોગ્ય હોય તે બતાવો, ત્યારે ગુરુએ વિચાર્યું કે, એને લૌકિક સુંદર પણું આવ્યું છે. તેથી એને

ગુણભાજન તો કરી શકીએ નહીં, તો પણ તેને અનશન કરાવ્યું, નવકાર દીધો, ચોરે પણ તેમ અંગીકાર કર્યો. ગુરુને વાંદ્યા, પછી આયુષ્યના ક્ષયે અરુણદેવ અને દેઇણી તથા ચોર એ ત્રણે મરીને દેવલોકે ગયા. તે માટે અપ્રમાદ તે પ્રાણીનો હેતુ છે, ॥ઇતિ સમરાદિત્ય ચરિત્રે ॥

## હવે ભય તથા શરણ પૂછે છે.

અહીં શિષ્ય ગુરુ પ્રત્યે પૂછે છે કે, ભગવન્ ! (भयं किं. के०) ભય તે શું ? ગુરુ બોલ્યા કે, હે શિષ્ય ? (माया के.) માયા તે જ ભય. એટલે પરને માયા કપટ કરી ઠગવું, આળ દેવું તે ભય કહીયે. તે ઉપર સર્વાંગસુંદરનું દૃષ્ટાંત કહે છે.

વસંતપુર નગરને વિષે જિતશત્રુ નામે રાજા રાજ્ય કરે છે. તે નગરમાં ધનપતિ અને ધનાવહ નામે બે ભાઈ વસે છે. તેને ધનશ્રી નામે બહેન છે. પણ તે બાળપણથી રાંડેલી છે. પરલોક સાધવાની અર્થી છે. એવામાં શ્રી ધર્મઘોષ નામે આચાર્ય ત્યાં પધાર્યા. માસકલ્પ રહ્યા. તે આચાર્ય પાસે ધનશ્રી પ્રતિબોધ પામી. ભાઇ પણ ધર્મ સાંભળીને સમજ્યા. પછી ધનશ્રીએ ભાઇ પાસે દીક્ષાની આજ્ઞા માગી, પણ સંસારના સ્નેહે કરી ભાઇએ આજ્ઞા આપી નહીં.

તે ધનશ્રી ધર્મમાં ઘણો ધનવ્યય કરે, તેથી ભોજાઇઓ કલકલાટ કરવા લાગી. તે જોઈ ધનશ્રીએ વિચાર્યું કે, ભાઇનો અભિપ્રાય જોઉં કે, ભાઈને મારા ઉપર કેવો રાગ છે ? ભોજાઇથી મારે શું પ્રયોજન છે ? એમ ચિંતવીને માયાએ આલોચ કરી એકદા તેણે સૂતી વખતે એક ભોજાઇને ધર્મોપદેશ કહેવા માંડયો. તે ધર્મ કહીને પછી જેમ તેનો ભર્તાર સાંભળે તેમ તેને કહ્યું કે, ઘણું કહે શુ થાય ? સાડી સંભાળી રાખીએ. તે સાંભળીને ભાઇએ વિચાર્યું કે, એ મારી સ્ત્રી નિશ્ચે દુશ્ચારિણી દેખાય છે. તેથી જ મારી બહેને એને શીખામણ દીધી.

અને ભગવાને અસતીનું પોષણ કરવાની ના કહી છે. તેથી હું એ સ્ત્રીનો ત્યાગ કરૂં. પછી તે સ્ત્રી જ્યારે પલંગ ઉપર બેસવા આવી ત્યારે, તેણે નિષેધ કર્યો. તે જોઇ સ્ત્રીએ વિચાર્યું કે આ શું? વળી ભર્તારે કહ્યું કે, મારા ઘરમાંથી નીકળ. સ્ત્રીએ ચિંતવ્યું કે મેં શું દુષ્કૃત કર્યું? વિચાર કરતાં તેણે પોતામાં હીણું આચરણ તો કાંઇ જોયું નહિ. ત્યારે ત્યાંજ ધરતી ઉપર મહાકષ્ટે રાત્રિ ગમાવી. પ્રભાતે આમણદુમણી થકી બહાર નીકળી ત્યારે તેની નણંદ ધનશ્રીએ પૂછયું કે, તું આમણદુમણી કેમ છે? તે રોતી રોતી કહેવા લાગી કે, મારો શો અપરાધ છે? તે હું જાણતી નથી. તમારા ભાઇએ મને ઘરમાંથી કાઢી મૂકી. ત્યારે ધનશ્રીએ કહ્યું કે, તું ધૈર્ય રાખ. હું એ વાતની ખબર કાઢીશ. પણ ધનશ્રીએ પોતાના ભાઇને પૂછયું કે તારી સ્ત્રી દિલગીર થાય છે. તેનું શું કારણ? ભાઇએ કહ્યું કે એ કુશીલા સ્ત્રીથી સર્યું. બહેને કહ્યું કે તેં એને કુશીલા કેમ જાણી? તે બોલ્યો કે, તેં ધર્મદેશના દેતા નિવારણ કર્યું તે મેં સાંભળ્યું. ત્યારે ધનશ્રી બોલી કે અહો! કેવું તારૂં પંડિતપણું અને વિચારદાક્ષિણ્ય? મેં તો તેને ધર્મોપદેશ દેતાં એવું કહ્યું કે, દુઃશીલ તે બહુ દોષમય છે- માટે સાડી સંભાળી રાખીએ. એટલા માટે તારી સમજ પ્રમાણે તે દુઃશીલણી થઇ ગઈ? તે સાંભળીને ભાઈ લાજ્યો, મિચ્છામિ દુક્કડં દેવરાવ્યું; ત્યારે ધનશ્રીએ વિચાર્યું કે, એ ભાઈ તો કાળું-ધોળું જે કાંઈ હું કરીશ તે સર્વ માનશે.

પછી ધનશ્રીએ બીજા ભાઇની પરીક્ષા પણ એમ જ કરવા માંડી, તેમાં એટલું વિશેષ કે, તેની વહુને ધર્મોપદેશ દેતાં કહ્યું કે, હાથવશ રાખીએ. તે ભાઈએ પણ તેમજ કર્યું. તે સર્વ પૂર્વે કહેલાં પહેલા ભાઇની જેમ જાણવું. ત્યારે ધનશ્રીએ જાણ્યું કે એ ભાઈ પણ કાળું-ધોળું જે કહીશ તે સર્વ માનશે.

એ રીતે માયાવડે આળ દેવાના દોષથી તીવ્ર કર્મ બાંધ્યું, પછી કર્મ

આલોવ્યા વગર, પડિક્કમ્યા વગર ભાવથકી પોતાના બે ભાઇ અને બે ભોજાઇઓની સાથે ધનશ્રીએ દીક્ષા લીધી. તે પાંચે જણ દીક્ષા પાળીને દેવલોકને વિષે ઉત્પન્ન થયા. ત્યાં આયુઃ પૂર્ણ થયે બે ભાઇ આગળથી ચ્યવ્યા. તે સાકેતપુર નગરે અશોકદત્ત નામે શેઠના સમુદ્રદત્ત અને વરદત્ત નામે બે પુત્ર થયા. બહેનનો જીવ પણ ચ્યવીને ગજપુર નગરે શંખ નામે શ્રાવકની પુત્રી પણે આવી ઉપન્યો. તે રૂપાળી અને સર્વાંગસુંદર હતી. તેથી તેનું સર્વાંગસુંદરી એવું નામ પાડ્યું. બે ભોજાઇના જીવ પણ દેવલોકથી ચ્યવીને કોશાલપુર નગરે નંદન શેઠની શ્રીમતી અને કાંતિમતી નામે પુત્રીઓ થઇ. અનુક્રમે તે સર્વ યૌવન અવસ્થા પામ્યા.

એકદા અશોકદત્ત શેઠ કાંઈ કામ ઉદ્દેશીને ગજપુર નગરને વિષે આવ્યા, તેણે સર્વાંગસુંદરીને જોઇ, ત્યારે કોઇકને પૂછ્યું કે એ કોની કન્યા છે ? તેણે સર્વ વાત કહી, તે સાંભળીને પોતાના સમુદ્રદત્ત પુત્રને માટે શંખશેઠ પાસે તેને માંગી. શંખશેઠે હાંકારો ભણ્યો. અનુક્રમે સમુદ્રદત્ત અને સર્વાંગસુંદરી પરણ્યા. ત્યાર પછી અન્યદા જમાઇ સસરાને ઘેર આવ્યો. સસરાએ આદર સત્કાર દીધો. નિવાસ ઘર સજ્યું એવા અવસરમાં તે સર્વાંગસુંદરીને પ્રથમનું માયાબદ્ધ કર્મ ઉદય આવ્યું ત્યારે ભર્તારે વાસઘરને વિષે રહેતાં કોઈ દેવવાણી અને કોઇ પુરુષની છાયા જોઈ. ત્યારે ભર્તારને શંકા ઉપજી કે, મારી સ્ત્રી કુશીલણી છે. એને કોઇક જોઇને ગયો. પછી તે સ્ત્રી વાસભવનમાં આવી; પણ ભર્તારે બોલાવી નહિ. ત્યારે દુઃખાર્ત થઇને તેણે પૃથ્વી ઉપર જ રાત્રી ગુમાવી. પ્રભાતે કોઇ સજ્જનને વિના પૂછે જ એક બ્રાહ્મણને કહીને સમુદ્રદત્ત સાકેતપુર નગરે ગયો. પછી કોશલપુરને વિષે નંદની દીકરી પૂર્વભવની સ્ત્રી શ્રીમતીને પરણ્યો, અને એનો નાનો ભાઇ પણ તે શ્રીમતીની બહેન અને પાછલા ભવની પોતાની સ્ત્રી કાંતિમતીને પરણ્યો. તેના કુટુંબને સર્વાંગસુંદરીને વિષે ઘણી અધૃતિ ઉપની. પછી જવું આવવું પણ ટળ્યું. ત્યારે સર્વાંગસુંદરી ધર્મને વિષે તત્પર થઈ. અનુક્રમે કોઈક સાધ્વી પાસે દીક્ષા લીધી. કાળાંતરે વિહાર કરતી ગુરુણી

સાથે સાકેતપુર ગઇ. ત્યાં પૂર્વભવની ભોજાઇઓ તો ઉપશાંત ચિત્તવાળી શ્રાવિકાઓ થઇ છે, પણ એ ભાઇઓ ધર્મ પામ્યા નથી.

તે અવસરે બીજું માયાબદ્ધ કર્મ તે આર્યાને ઉદય આવ્યું. તેથી પારણાને દિવસે ગોચરી ગયા, ત્યાં શ્રીમતી વાસઘરમાં રહી થકી હાર પરોવે છે, એવામાં એને ઘેર સાધ્વી આવ્યા. તેને જોઇ શ્રીમતી ઉઠીને ઉભી થઇ, ને હાર પડતો મૂકી ભિક્ષા આપવાને અર્થે ઘરમાં અન્ન લેવા ગઇ. એવામાં ચિત્રામણનો મોર ઉતરીને હાર ગળી ગયો તે સાધ્વીએ ઉભા ઉભા જોયો, અને વિચાર્યું કે આ અચરજ તે કેવું ? એવામાં સાડીને છેડે ઢાંકી ભિક્ષા લઇ શ્રીમતી આવી, તે લઇને સાધ્વી ત્યાંથી ચાલતી થઈ. પાછળથી શ્રીમતીએ હાર જોયો પણ જડયો નહિ. ત્યારે તેણે મોટા આશ્ચર્યપૂર્વક પરિજનને પૂછયું. પરિજને કહ્યું કે એ આર્યા સિવાય આજે બીજું કોઇ અહીં આવ્યું નથી. તેણીએ સ્વજનને ઠપકો દીધો કે, એ શી વાત બોલ્યાં ? કાંઈ આર્યાજી હાર લે નહીં. પછી તો વાત ફુટી. આર્યાએ પણ પોતાની ગુરુણીને મોરનો વ્યતિકર કહી સંભળાવ્યો. ત્યારે ગુરુણીએ કહ્યું કે, કર્મની પરિણતી વિચિત્ર છે. પછી તે સાધ્વી ઉગ્ર તપ કરવા લાગી. તે જોઈ શ્રીમતી અને કાંતિમતીના ભર્તાર હસ્યા, પણ સાધ્વી ધર્મથી ચૂકી નહિ. તેથી પૂર્વે જે કર્મ બાંધ્યું હતું તે પાતળું પડયું.

એકદા શ્રીમતી ભર્તાર સહિત વાસઘરમાં બેઠી છે. એવામાં ચિત્રામણના મોરે હેઠે ઉતરીને હાર વમન કર્યો. તે જોઇ સ્ત્રી ભર્તાર બેઉ વૈરાગ્ય પામ્યા, અને વિચારવા લાગ્યાં; કે અહો ! કેવું સાધ્વીજીનું ગંભીરપણું ? અહો ! કેવું મહોટું સાહસીકપણું ? કે તે પોતે જાણતા હતા પણ કહ્યું નહિ !! એમ વિચારીને તે ખમાવવા જાય છે, એવા અવસરે ત્યાં સાધ્વીજી કોઈ તથાવિધ ભાવનાએ કરી ધ્યાનારૂઢ થઇને ક્ષપકશ્રેણી માંડી કેવળજ્ઞાન પામ્યાં, તેનો દેવતા મહોત્સવ કરવા આવ્યા. સ્ત્રી ભર્તાર પણ ખમાવીને પૂછવા લાગ્યા, કે આ શો વિપાક ! ત્યારે કેવળી ભગવાને સર્વ પૂર્વભવનો વ્યતિકર કહ્યો અને કહ્યું કે,

કોઈ માયા કરશો નહિ. તે સાંભળી સ્ત્રી ભર્તારે વૈરાગ્ય પામી ચારિત્ર અંગીકાર કર્યું. એવી માયા દુઃખાવહ છે.

॥ ઈતિ આવશ્યકે અરિહંત વર્ણનાધિકારે ॥

## હવે ભયનું પ્રતિપક્ષી શરણ છે, માટે શરણ કહે છે

શિષ્ય ગુરુ પ્રત્યે પૂછે છે કે હે ભગવન્ ? (सरणं तु किं ? के०) શરણ તે શું ? ત્યારે ગુરુ બોલ્યા કે, હે શિષ્ય ! (सच्चं के०) સત્ય જ શરણ જાણવું.

॥ यतः ॥ विश्वासायतनं विपत्तिदलनं,दैवैः कृताराधनं,
मुक्तेः पथ्यदनं जलाग्नि शमनं व्याघ्रोरगस्तंमनम् ॥
श्रेयः संवननं समृद्धि जननं सौजन्य संजीवनं,
कीर्तेः केलिवनं प्रभावभवनं सत्यं वचः पावनम् ॥१॥

તે કાલિકાચાર્યની જેમ જાણવું.

## હવે કાલિકાચાર્યનો સંબંધ કહે છે

તુરમિણી નામે નગરીમાં જિતશત્રુ નામે રાજા છે. ત્યાં એક કાલિક નામે બ્રાહ્મણ વસે છે. ભદ્રા નામે બહેન છે. તે બહેનનો દત્ત નામે પુત્ર છે, એકદા કાલિક બ્રાહ્મણે પોતાની મેળે પ્રતિબોધ પામી ચારિત્ર લીધું. અનુક્રમે તે આચાર્યપદ પામ્યાં. તેમનો દત્ત નામે ભાણેજ નિરંકુશ થવાથી વ્યસને પરાભવ પામ્યો. રાજાની સેવા કરતાં કર્મયોગે રાજાએ તેને મંત્રિપદ દીધું.

હવે સત્તા મળતાં તેણે રાજાને પણ બહાર કાઢી પોતે રાજ્ય લઇ લીધું. રાજા પણ તેના ભય થકી નાસી છાનો રહેવા લાગ્યો. હવે તે દત્ત રાજા મહાક્રૂરકર્મા મિથ્યાત્વમોહિત અનેક યાગ કરાવે. ઘણાં પશુઓનો ઘાત કરે. એકદા ત્યાં કાલિકાચાર્ય પધાર્યા. ત્યારે દત્ત પણ પોતાની ભદ્રા માતાના આગ્રહ થકી આચાર્યને વાંદવા આવ્યો. ગુરુએ દેશના દીધી.

॥ यतः ॥ धर्मात् धनं धर्मत एव कामा,
कामेभ्य एव सकलेंद्रियजं सुखं च ॥

कार्यार्थिना हि खलु कारणमेषणीयं,

धर्मो विधेय इति तत्वविदो वदंति ॥ १ ॥

એમ સાંભળી દત્તરાજાએ યાગનું ફળ પૂછયું, ત્યારે ગુરુ બોલ્યો કે, જ્યાં હિંસા ત્યાં ધર્મ ન હોય.

॥ यतः ॥ कृपानदी महातीरे, सर्वे धर्मास्तृणांकुराः,

तस्यां शोषमुपेतायां, कियन्नंदंति ते चिरम् ॥ १ ॥

दमो देवगुरुपास्ति, दानमध्ययनं तपः ।

सर्वमप्येतदफलं, हिंसां चेन्न परित्येजत् ॥ १ ॥

એમ ગુરુએ કહે થકે રાજાએ ફરી યાગનું ફલ પૂછયું. ત્યારે ગુરુ બોલ્યા, હિંસા તે દુર્ગતિનું કારણ છે.

॥ यदुक्तम् ॥

पंगुकुष्टिकुणित्वादि, दृष्ट्वा हिंसाफलं सुधीः ॥

निरागस्त्रसजंतूनां, हिंसां संकल्पतस्त्यजेत् ॥ १ ॥

ત્યારે ફરી દત્તે કહ્યું કે, એવો યદ્વા તદ્વા ઉત્તર કેમ દ્યો છો? જેમ હોય તેમ સત્ય કહો! ત્યારે કાલિકાચાર્યે વિચાર્યું કે, યદ્યપિ એ રાજા યાગના ધર્મમાં રક્ત છે, માટે જેમ થનાર હોય તે થાઓ, પણ જુઠું બોલવું તે મંગલિક ભણી ન થાય.

॥ यतः ॥ यशो यस्मात् भस्मीभवति वन वह्नेरिव वनं ॥

निदानां दुःखानां यदवनिरुहाणां जलमिव ॥

न यत्र स्याच्छाया तप इव तपः संयम कथा ॥

कथं चिन्तन्मिथ्या वचनमभिधत्ते न मतिमान् ॥ १ ॥

એમ વિચારીને ગુરુ બોલ્યા કે, હે દત્ત? નિશ્ચે યાગનું ફલ તે નરક ॥

॥ यदुक्तम् ॥ यूपं कृत्वा पशून् हत्वा, कृत्वारुधिरकर्दमं ॥

यद्येवं गम्यते स्वर्गे, नरके केन गम्यते ॥ १ ॥

ત્યારે દત્ત બોલ્યો કેમ જણાય કે યાગનું ફલ નરક? ગુરુ બોલ્યા કે, આજથી સાતમે દિવસે ઘોડાની ખુરીએ વિષ્ટા ઉછળશે,

તે તારા મુખમાં પડશે. પછી લોહની કુંડીમાં તું પડીશ. એ વાત જો મારી તો તે અનુમાને એ સત્ય જાણજે કે, તારે નરકે જવું છે, ત્યારે દત્ત બોલ્યો કે, તમારી શી ગતિ થશે ? આચાર્ય બોલ્યા, અમે ધર્મના પ્રભાવે સ્વર્ગે જઇશું. એમ સાંભળીને દત્તને ક્રોધ ઉપજ્યો. તેણે મનમાં ચિંતવ્યું કે, જો એ સાત દિવસમાં એ વાત નહિ બને તો એ આચાર્યને અવશ્ય મારીશું એમ વિચારીને આચાર્યની પાસે સુભટોની ચોકી મૂકી, પોતે નગરમાં આવીને નગરના સઘળા માર્ગમાંથી અશુચિ પ્રમુખ કઢાવી શુદ્ધ કરાવીને સર્વ ઠેકાણે સાત દિવસ ફુલ પથરાવવાનો હુકમ કરી પોતે અંતેઉરમાં જઇને બેઠો.

જ્યારે છ દિવસ ગયા ત્યારે આઠમા દિવસની ભ્રાંતિએ સાતમે દિવસે ક્રોધ કરીને અશ્વ ઉપર બેસી જેવામાં ગુરુને મારવા આવે છે, એવા અવસરે કોઇક ઘરડો માળી વડીનીતિની બાધાએ પીડા પામવા લાગ્યો, તેણે માર્ગ વચ્ચે ફુલ પાથરતાં ખાડામાં વડીનીતિ કરીને ઉપર ફુલ ઢાંકીને ગયો. તે વિષ્ટા ઉપર દત્તરાજાના ઘોડાનો પગ પડયો, તેમાંથી વિષ્ટાનો છાંટો ઉછળ્યો, તે રાજાના મુખમાં પડયો. રાજાને વિશ્વાસ આવ્યો એટલે પાછો વળ્યો. ત્યાં એકાંત સ્થળ જોઇને રાજપુરુષોએ તેને દુષ્ટ જાણીને પકડી લીધો. જિતશત્રુ રાજાને રાજ્યે સ્થાપ્યો. પછી સામંત પ્રમુખે વિચાર્યું કે એ જીવતો રહેશે તો વળી પણ દુઃખદાયી થશે. એમ જાણીને લોઢાની કોઠીમાં ઘાલ્યો. ઘણા દિવસ સુધી મહાકષ્ટ ભોગવતો, વિલાપ કરતો, પોકાર કરતો તે દત્ત મરીને સાતમી નરકે ગયો. અને શ્રી કાલિકાચાર્ય ચારિત્ર પાળી સ્વર્ગે ગયા. એ રીતે પ્રાણાંતે પણ જુઠું ન બોલવું.

॥ ઈતિ ઉપદેશમાલાયામ્ ॥

હવે જે લોભ છે તેજ દુઃખ છે તે દેખાડે છે.

અહિં શિષ્ય ગુરુને પૂછે છે કે હે સ્વામિન્ ! (दुहं किं के०) દુઃખ તે શું ? ત્યારે ગુરુ બોલ્યા હે શિષ્ય ! (लोहो के०) લોભ તેજ દુઃખ. કારણકે લોભ ઉપરાંત બીજુ કાંઈપણ દુઃખ નથી. ॥યતઃ॥

यद्दुर्गामटवी मटंति विकटं क्रामंति देशांतरं,
गाहंते गहनं समुद्रमतनुकलेशां कृषिं कुर्वते ॥
सेवंते कृपणं पतिं गजघटासंघट्ट दुस्तरं ।
सर्पन्ति प्रधनं धनाँधिनाधिय स्तल्लोभविस्फुर्जितम् ॥

તે ઉપર મમ્મણશેઠની કથા

રાજગૃહ નગરે મહાન્યાયવંત, સમકિતયુક્ત. શ્રેણીક રાજા રાજ્ય કરે છે. તેને શીલવંતી, સમ્યક્ત્વવંતી, અને પતિ ચિત્તાનુવર્તી એવી ચેલણા નામે રાણી હતા. તથા તે રાજાને ચાર બુદ્ધિના નિધાન, સકલ કલાસંપન્ન, એવો અભયકુમાર નામે મંત્રી હતો. તે નગરમાં અનેક કોટિ દ્રવ્યનો ધણી અનેક વ્યાપારનો કરનાર, પરંતુ કયારે પણ રુડા વસ્ત્ર પહેરે નહિં. દાન સન્માનમાં સમજે નહીં. સર્વ કૃપણમાં શિરોમણી, જો કદાચિત્ પાડોશીને ઘેર પ્રાહુણો આવ્યો હોય તો પણ તે શેઠના પેટમાં દુઃખવા આવે, તથા યાચક જનને સ્તવના કરતાં સાંભળે તો અવળુ મુખ કરી દે, તથા કોઇ માણુસ દાન દેતો હોય તો અથવા રૂડું ભોજન કરતો હોય તો તેને દેખીને મનમાં ખેદ ઉપજે એવો મમ્મણ નામે શેઠ વસે છે.

તે શેઠ કૃષિ, વાણિજ્ય, પાઠિયા, અને શકટ પ્રમુખ વહેવરાવી અનેક પ્રયત્ન કરી રત્નના પુંજ ભેગા કરી તેનો એક રત્નમય વૃષભ કરાવીને પોતાના ઘરના ઉપરલા માળે સ્થાપ્યો છે અને બીજો પણ રત્નમય વૃષભ કરવા માંડયો છે. પણ તેનું શીંગડું અધુરુ છે. તે સંપૂર્ણ કરવાને અનેક વ્યાપાર કરે છે.

એકદા ચોમાસાનો કાલ આવ્યો છે. જલવટ, થલવટ, ના માર્ગ ચાલતા નથી. દેશાવર પ્રમુખને વિષે વાણોતર વ્યાપરનાં કામ ચલાવે છે. અને પોતે નકામો છે. તેથી મનમાં વિચાર્યું કે હું તો નકામો બેઠો છું. માટે આજ નદીમાં પૂર આવવાથી લાકડા તણાઇ જતા હશે, તેનો ભારો બાંધી લાવું. તો પાંચ પૈસા કમાઉ એમ ચિંતવી વર્ષાદ વરસતે,

એક કૌપીન પહેરી શીતલ વાયરે શરીર કંપતે થકે, અંધારે કરી એકાકી, દિશાઓ ઢંકાઇ ગઇ છે. એવા માર્ગે ચાલતો નદીએ આવ્યો. તેણે તેમાં પેસી કાષ્ટ કાઢવા માંડયા.

એ અવસરે ચેલણા રાણીએ ગોખે બેઠા થકાં મહાદુઃખીયા ને મહા દરિદ્રી રૂપે તે શેઠને જોયા. ત્યારે રાજા પાસે આવીને તે કહેવા લાગી. રાજેન્દ્ર તુમ સરખા છે. તે ભર્યાને ભરે પણ આવા દુઃખીયાને કોઇ ન આપે, યતઃ ॥ आकड्ढीउण नीरं, रेवा रयणायरस्स अप्पेइ ॥ तह गच्छइ मरुदेशे, सव्वं भरोय भरिस्संति ॥ તે માટે હે રાજન્ ! ભરેલાને ભરવું તે વૃથા છે. યથા ॥ वृथा वृष्टि समुद्रेषु : वृथा तृप्तेषु भोजनं, ॥ घृथा दानं धनाढयेषु, वृथा दीपो दिवापि च ॥ હે રાજન્! જે અનાથ, દુઃખીયા, ને દરિદ્રી હોય તેને ઉપગારના કરનારા થોડા હોય છે. એવા રાણીના વચન સાંભળીને રાજાને દયા આવી, તેવારે પોતાના પુરુષોને મોકલી શેઠને તેડાવી પૂછયું. કે હે ડોસા ! આ વેળાએ નદીમાંથી લાકડા કાઢે છે. તેનું શું કારણ ? ત્યારે તે બોલ્યો હે રાજેન્દ્ર ! મારે ઘેર એક વૃષભ છે. અને બીજો જોઈયે છે. માટે ધનઉપાર્જવાની ઈચ્છાએ મેં વિચાર્યું. કે આજ વર્ષાકાલે નવરા બેઠા કાંઈ કરીયે. વલી આજ ઇંધણ મોંઘા છે. એમ જાણીને આ કામ કરું છું. ત્યારે રાજા સંતુષ્ટ થઇને પોતાની ગમાણીમાં મહાબલવંતા, ધુરંધર અને મનોહર એવા વૃષભ અનેક દેખાડયા અને કહ્યું. આમાંથી તારે જે ગમે તે લઇ જા, પેલા શેઠને એકે વૃષભ ન ગમ્યો, ત્યારે રાજાએ તેને પૂછયું કે તારે કેવો વૃષભ જોઇએ છે ? ત્યારે શેઠ બોલ્યો, રત્નજડિત સુવર્ણમય છે. તે સાંભળી રાજા, રાણી, અભયકુમાર વિગેરે એ વૃષભને જોવા ગયા. તે વૃષભ દેખી રાજા વિગેરે વિસ્મય પામ્યા. તે બળદમાં એકેક રત્ન એવું છે કે રાજાના ભંડારમાં પણ તેવું છે, ત્યારે રાજાએ શેઠને ઠપકો દીધો કે શું આ કષ્ટ અને કૃપણાઇ કરે. છે ? એ કાંઈ તારી સાથે નહીં આવે.

તોપણ તે શેઠના મનમાં ન આવ્યું. યતઃ ॥ उपदेशो हि मूर्खाणां, प्रकोपाय न शान्तये, पयःपानं भुजंगानां, केवलं विषवर्धनम् પછી રાજા પ્રમુખ તેની નિંદા કરતાં પોતાના ઘેર આવ્યા-મમ્મણ શેઠ પણ અનંતાનુબંધી લોભના ઉદયથી મરીને સાતમી નરકે ગયો. ત્યાંથી નીકળી તે વલી અનંતો સંસાર રઝળશે. ઇતિ आवश्यक निर्युक्तौ ॥ તે માટે લોભ ઉપરાંત બીજું કાંઈ દુઃખ નથી.

હવે દુઃખનું પ્રતિપક્ષી સુખ છે માટે તે પૂછે છે.

અહિં ગુરુ પ્રત્યે શિષ્ય પૂછે છે કે હે સ્વામિન્ (सुहं किं के०) સુખ તે શું ? ત્યારે ગુરુ બોલ્યા. કે હે શિષ્ય ! (तुठी के०) સંતોષ તેજ સુખ છે. સંતોષ ઉપર કપિલ કેવલિનું દષ્ટાંત કહે છે. કોશાંબી નગરીમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરે છે. ત્યાં કાશ્યપ નામે બ્રાહ્મણ વસે છે. તે ચૌદ વિદ્યાનો પારગામી રાજાનો પુરોહીત, રાજ્ય માન્ય છે. તેને જસા નામે ભાર્યા, કપિલ નામે પુત્ર છે. તે બાળક હતો ત્યારે તેનો પિતા મરણ પામ્યો. પુરોહીતની પદવી રાજાએ બીજાને આપી. એકદા તે નવા પુરોહીતને ઘોડે બેસી છત્ર ધરાવતો માર્ગે ચાલ્યો જતો દેખીને જસા રડવા લાગી. ત્યારે કપિલે પૂછ્યું. કે હે માતા ! તું શા માટે રડે છે ? ત્યારે જસા બોલી. તારા બાપ આવી રીતે ઋદ્ધિથી નીકળતા, કારણકે તે વિદ્યાવંત હતો. યથાઃ ॥

विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छनगुप्तंधनं,
विद्याभोग करी यदाः सुखकरी, विद्या गुरूणां गुरुः ।
विद्या बंधुजनो विदेशगमने विद्यापरं दैवतं ॥
विद्या राजसु पूज्यते नहि धनं विद्याविहिनः पशुः ॥

ત્યારે કપિલ બોલ્યો કે હું પણ વિદ્યા ભણીશ. તેને માતાએ કહ્યું કે અહિં મત્સરે કરી તને કોઇ ભણાવે નહિં. તે માટે જો ભણવાની ઇચ્છા હોય તો સાવત્થી નગરી જા. ત્યાં તારા બાપનો મિત્ર ઇંદ્રદત્ત નામે પંડિત છે તે તને ભણાવશે. એમ સાંભળીને કપિલ ત્યાં ગયો. જઇને

ઇંદ્રદત્તને પગે લાગ્યો. તેણે પૂછયું તું કોણ છે ? ત્યારે કપિલે સર્વ વૃત્તાંત કહ્યો. હાથ જોડીને કહ્યું કે હું વિદ્યાર્થી છું. મારા માતાપિતા અને તમારામાં કાંઇ ફેર નથી. માટે હું તમારા ચરણે આવ્યો છું. તો તમે મને ભણાવીને પસાય કરો. ત્યારે ઉપાધ્યાય બોલ્યા કે તું મારા પુત્ર સમાન છે. તને વિદ્યા ભણાવવાનો ઉદ્યમ કરવો યુક્ત છે. યતઃ ॥ श्लोकार्धं श्लोकपादं वा, समस्तं श्लोकमेव वा ॥ अवंध्वं दिवसं कुर्या, दानाध्ययनयकर्मसु ॥ १ ॥ વિદ્યા રહિત પુરૂષ તે પશુ સરખો જાણવો. તે માટે તું સુખે ભણ. પણ ભોજનની સામગ્રી મારે ઘેર નથી. હું નિર્ધન છું. અને ભોજનના સુખ વિના ભણાય નહિં. યતઃ ॥

आचार्य पुस्तकनिवाससुसंग भिक्षा,
बाह्‌या इमे पठन पंचगुणा भवंति ॥
अरोग्यबुद्धिविनयोद्यम शास्त्ररागा-
अभ्यंतरा: पठनपंचगुणा भवंति ॥

તે સાંભળી કપિલ બોલ્યો કે ભિક્ષાવૃત્તિએ ભણીશ. ઉપાધ્યાય બોલ્યા કે ભિક્ષાને અને ભણવાને બનશે નહિં. તે માટે તું ચાલ. તારા અર્થે કોઇક શેઠને પ્રાર્થના કરીયે, પછી તે બેહુ જણ મલી શાલિભદ્ર નામે શેઠના ઘેર ગયા. ॥ ॐ भूर्भुवस्वःतत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि इत्यादि ॥ ત્યારે શેઠે પ્રયોજન પૂછયું. ઉપાધ્યાય બોલ્યા કે મારા મિત્રનો પુત્ર કૌશાંબી નગરીથી ભણવા માટે આવ્યો છે. તેને તમે ભોજનનો આશ્રય આપો તો સુખે વિદ્યા ભણે. તમને મોટું પુન્ય થશે. શેઠે તે વાત માનીને દાસીને કહ્યું કે એ વિદ્યાર્થી છે. તેને તું નિરંતર જમાડજે અને એની ખબર રાખજે.

હવે તે કપિલ નિત્ય ભણે અને શેઠને ઘેર જમવા જાય, પણ કપિલને સહેજે જ હાંસિનો ઢાલ ઘણો છે. યૌવન પણ વિકારનું ઘર છે. કંદર્પ પણ દુર્જય છે. તેથી દાસી સાથે રક્ત થયો. દાસી પણ કપિલ સાથે અનુરક્ત થઇને બોલી કે તુંજ મારો જ ભર્તાર હો.

પણુ તારી પાસે કાંઇક દ્રવ્ય નથી. હુ તો વસ્ત્ર પ્રમુખની લાલચે બીજા સાથે વસુ છું. તું કબુલ કરે તો કોઇની પાસે ન જાઉં. કપિલે તેનું વચન કબુલ કર્યું.

પછી તે કપિલ દાસી સાથે રમતાં કાલ કાઢે છે. એક દિવસે દાસી મહોત્સવ આવ્યો. તેવારે દાસી શોકાતુર થઈને બેઠી છે. કપિલે પૂછ્યું. તું આજ શોકાતુર કેમ છે ? ત્યારે દાસીએ કહ્યું. આજ દાસી મહોત્સવ છે, મારી પાસે વસ્ત્ર, ફુલ, તંબોલ, આભરણુ કાંઇપણુ વસ્તુ લાવવાને દ્રવ્ય નથી. માટે સખી મધ્યે મારી હાંસી થશે. તે સાંભળી કપિલ દુહવાણો. દાસી કહેવા લાગી, તું દુહવાઇશ નહિં. આજ નગરમાં ધન નામે શેઠ વસે છે. તેને પ્રથમ જે કોઈ આશીર્વાદ દે તેને બે માસા સુવર્ણ આપે છે. માટે તું પણ વહેલો જઇ આશીર્વાદ દે. કપિલે તેનું કહ્યું માન્યું. હવે કપિલે વિચાર્યું કે, રખેને શેઠની પાસે મારાથી આગળ કોઈ જાય તો મને સોનું મળશે નહીં. માટે ઘણો વહેલો નીકળ્યો. માર્ગમાં કોટવાળ પુરુષે તેને પકડયો, બાંધ્યો. અને પ્રભાતે રાજા પાસે લાવ્યા. રાજાએ વાત પૂછી ત્યારે આદ્યથી માંડી જેવી હતી તેવી કહી દેખાડી. સાચું જાણી રાજા સંતુષ્ટ થયો ને કહેવા લાગ્યો. માંગ, માંગ, જે માંગે તે આપું. ત્યારે કપિલે કહ્યું એકાંતે જઇ આલોચી આવું, એમ કહી અશોકવાટીકામાં જઇ આલોચવા બેઠો. ત્યાં વિચારે છે કે બે માસે વસ્ત્ર, આભરણુ નહીં થાય. માટે સો સોનૈયા માંગું. વળી વિચાર્યું કે, યાનવાહનાદિ સર્વ સો સોનૈયામાં શું થાય ? માટે હજાર માંગું ? વળી હજાર પણ પરણવું પ્રમુખ કરતાં નહીં પહોંચે. કોડી કિંવા, સોકોડી, કિંવા હજાર કોડી માંગુ, ઇત્યાદિક ચિંતા કરતાં શુભ કર્મનાં ઉદયથી શુભ પરિણામ થયો. સંવેગ પામ્યો અને વિચારવા લાગ્યો કે અહો ! લોભનો વિલાસ કેવો છે ? કારણુકે હું બે માસા સોનાને અર્થે નીકળ્યો હતો. અને લાભ દેખીને કોડી સુધી ચઢયો. પણ લોભ પુરો ન થયો. વળી વિદ્યા ભણવા માટે પરદેશ આવ્યો છું. મેં માતાને પણ ન સંભારી, ઉપાધ્યાયનો ઉપદેશ પણ

લેખે ન ગણ્યો. કુલ પણ ન વિચાર્યું. આ દાસીને નીચ જાણતો છતાં પણ તેમાં મુંઝાણો. માટે એ સુવર્ણ સર્યું. એ વિષય સંગે સર્યું. એ સંસારનાં પ્રતિબંધે સર્યું. ઇત્યાદિક ભાવનાએ જાતિસ્મરણજ્ઞાન ઉપન્યું. ને સ્વયંબુદ્ધ થયો. પછી પોતાની મેળે લોચ કરીને દેવતાએ આપેલો વેષ લઇને રાજા પાસે ગયો. રાજાએ પૂછયું. શું વિચાર્યું? ત્યારે કપિલ મુનિએ સર્વ વૃત્તાંત કહ્યો. યથા ॥ जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ ॥ दो मासाकणयकज्जं, कोडिएवि न निठियं ॥ રાજા હર્ષ પામ્યો થકો બોલ્યો. કે કોડી પણ આપું. મુનિ બોલ્યા મારે ખપ નથી. મેં સર્વ સંગ તજ્યો. હે રાજન્! સંતોષમાં સુખ છે. તું પણ રૂડા કામ કરજે. એમ કરી વિહાર કર્યો. તે માટે સંતોષ તેજ સુખ છે. અહિં તો એટલું પ્રયોજન છે. પણ પ્રસંગે આગળ કથા કહીયે છીએ.

હવે કપિલ મુનિએ ધર્મલાભ દઈ વિહાર કર્યો. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, ઘોર તપવંત, ઉગ્ર બ્રહ્મચારી, નિર્મમ, નિરહંકારી, અસખલિત પંચ મહાવ્રતના ધરનાર એવા શ્રી કપિલમુનિને છ મહિને કેવલજ્ઞાન થયું, એવા અવસરે રાજગૃહ નગરને અંતરે અઢાર યોજનની અટવીમાં બલના, ઉત્કટ, આદિ નામવાલા પાંચસે ચોર વસે છે. કપિલ મુનિએ જ્ઞાને કરી જાણ્યું, કે ચોર બુઝશે. માટે બીજો માર્ગ મુકીને અટવીને માર્ગે ચાલ્યા. અનુક્રમે તે સ્થાનકે પહોંચ્યા. ચોરે વેગલેથી જાણ્યું કે કોઇક આવે છે. તે જ્યારે ઢુકડા આવ્યા ત્યારે શ્રમણ જાણીને સૌ એ મળી પકડયા. અને સેના સમીપે લાવ્યા. સહુએ વિચાર્યું કે એ શ્રમણની સાથે ખેલ કરીએ. તેથી કહ્યું કે તું નાચ. કેવલી બોલ્યા, હું નાચુ, પણ તાલ કોણ આપશે? ત્યારે પાંચસો ચોર મળી તાળીઓ પાડવા લાગ્યા. મુનિ પણ ગાવા લાગ્યા.

યથા ॥ अधुवे असासयंमि, संसारंमि उ दुखपउराए ॥ किं नाम होआ तं कम्मयं, जेणाहं दुग्गयं न गच्छिइज्जा ॥ इत्यादिक શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં છે. તે કાપિલીય નામે આઠમું અધ્યયન પ્રરૂપ્યું.

તે સાંભળી કોઈક પહેલી વારે બુઝયા. કોઇક બીજી વારે એમ અનુક્રમે પાંચસોને બુઝવીને દીક્ષા આપી. માટે સંતોષ ઉપરાંત કાંઈ સુખ નથી. इति श्री उत्तराध्ययन सूत्रे ॥

इति सकलसभाभामिनिभालस्थलतिलकापमान पंडित श्री उत्तमविजय गणी शिष्य पंडितपद्मविजयगणि कृत बालावबोधे श्री गौतमकुलके प्रकरणे चतुर्थ गाथायां षोडशोदाहरणानि समाप्तानि ॥

હવે સંતોષ ઉપરાંત સુખ નહીં. એમ કહ્યું, અને જે સંતોષી હોય તે પ્રાયે વિનયવંત હોય. માટે પાંચમી ગાથાની આદિમાં વિનય કહે છે. એ સંબંધે આવી પાંચમી ગાથા તેનું સૂત્ર....

बुद्धी अचंडं भयए विणीय, कुद्ध कुसीलं भयए अकित्ति ॥
संभिन्नचित्तं भयए अलच्छी, सच्चे ठियंसं भयए सिरीय ॥५॥

અર્થ: बुद्धी अचंडं भयए विणीयं ॥ જે પ્રાણી વિનયવંત હોય, તથા સૌમ્ય પરિણામી હોય, તેને વિદ્યા ભજે. એટલે સેવે. અર્થાત્ જે પ્રાણી વિનયવંત સૌમ્ય પરિણામી હોય, અકષાયી વિનયવંતને જ્ઞાન આવે. इति भावः અહિં અકષાયી ઉપર રાજઋષિનું દૃષ્ટાંત કહે છે.

વિશાલા નામે નગરી અનેક જૈન પ્રસાદે મંડિત મહાઋદ્ધિએ ભરેલી છે. ત્યાં જય નામે મહાન્યાયવંત, પ્રજાને પાળનાર, દુષ્ટને નિગ્રહ કરનાર, અને શિષ્ટને પાલનાર છે. તેને ગર્દભિલ્લ નામે પુત્ર છે. અણુલ્લિકા નામે પુત્રી છે. દીર્ઘપૃષ્ઠ નામે મહામંત્રી છે. એક દિવસે રાજા પાછલી રાતે જાગ્યો. તેના ચિત્તમાં ચિંતા ઉપજી કે મેં પૂર્વે દાનાદિક શુભ કરણી કરી છે. તો સમુદ્ર પર્યંત આજ્ઞા અખંડ પ્રવર્તે છે. મારે ચતુરંગી સેના શોભાયમાન છે. મારા દેશ મધ્યે દુર્ભિક્ષ વિગેરે ઉપદ્રવ, રોગને ભય નથી, સર્વ લોક દેવતાની પેઠે સુખ ભોગવે છે. પણ એ સર્વ પૂર્વની પૂંજી વાપરું છું. માટે હવે આવતા ભવનું સંબલ કરું. એમ વિચારતાં પ્રાતઃકાલ થયો ત્યારે સભામધ્યે જઈ. કચેરી ભરી બેઠો. તે અવસરે વનપાલકે આવી વિનંતિ કરી કે હે રાજન્! બહાર ઉદ્યાનમાં સદ્દગુરુ પધાર્યા છે. તે સાંભળી રાજા હર્ષ

પામ્યો. મુકુટ સિવાય સર્વ આભૂષણુ આપી દીધા. નગરમાં ઉદ્ઘોષણા કરાવી, રાજા ગુરૂને વંદના કરવા ગયા. લોક પણુ હર્ષ પામ્યા. મનગમતું ને વૈદે કહ્યું– રાજા પટહસ્તિ પર બેસી, સહુ લોકથી પરિવર્યો યાચકાદિને દાન દેતો, જિનશાસનની પ્રભાવના કરતો, ચાલતા અનુક્રમે પંચાભિગમ સાચવીને ગુરુને વંદના કરી, ઉચિત સ્થાનકે બેઠો. સદ્‌ગુરુએ મોક્ષમાર્ગની દેખાડનારી ધર્મ દેશના આપી. રાજ્યલક્ષ્મી તે પત્ર છે. સ્વર્ગાદિકનાં સુખ તે ફૂલ છે. મોક્ષસુખ તે ફળ છે, એવો ધર્મરુપ કલ્પવૃક્ષ જયવંતો છે. સંસાર સમુદ્ર જન્મ, જરા, મૃત્યુરૂપ કલ્લોલે સહિત છે. તેમાં જહાજરૂપ ધર્મ તે પુન્યયોગે પામીયે. તે ધર્મ સાધુ શ્રાવક યોગ્ય વિવિધ કહ્યો છે. તે બેમાં જોકે સાધુપણું દુષ્કર છે. તથાપિ તે નિર્વાણુ સુખ શીઘ્ર આપે. માટે ભૂજાએ સમુદ્ર તરવો. એક હાથે મેરુ પર્વત તોલવો. એકલાએ કર્મશત્રુનું મહાસૈન્ય જીતવું. ખડ્ગધારા ઉપર ચાલવું. વેલુના કોળિયા ભરવા એવી જ દીક્ષા પાલવી કઠણુ છે. અને શ્રાવકધર્મ તે સમકિતમૂલ બાર વ્રતરૂપ છે. એવી દેશના સાંભળી રાજા પણુ હાથ જોડી ગુરુને વિનંતિ કરી કે હે ભગવન્! હું પુત્રને રાજ્ય સ્થાપી તમારી પાસે ચારિત્ર લઈશ. ગુરુ બોલ્યા કે પ્રમાદ ન કરો. ભાગ્ય હોય તો આવા ભાવ થાય.

રાજાએ પણુ ગુરુનું વચન પ્રમાણુ કરી ઘેર આવી પુત્રને રાજ્ય થાપીને શીખામણુ દીધી કે હે પુત્ર! તમે પ્રજાને પુત્ર પેઠે પાળજો, કારણુ કે દાન ભોગાદિકે કરી લક્ષ્મી ક્ષય પામે છે. વલી અન્યાય ટાળજો. પ્રજાને સંતાપ આપશો નહીં. ન્યાય પાળજો, નિરંતર ધર્મ ચુકશો નહીં. તમે મારી જેમ અંતે રાજ્ય છોડી ચારિત્ર લેજો, અન્યથા રાજ્ય નરકે પહોંચાડશે, એ રીતે શીખામણુ દઈ, પ્રજાની આજ્ઞા માંગી, શાસનની પ્રભાવના કરી દીક્ષા લીધી, યતઃ ॥ स्वर्णाद्रिस्तावदुत्तंग पारावारश्चदुस्तरः ॥ कष्टा कार्यगतिर्यावत् न धीरः प्रतिपद्यते ॥ પછી ગર્દભીલ્લરાજા તથા અમાત્ય અને નગરનાં લોક વંદના કરી સ્વસ્થાને ગયા.

હવે જય રાજર્ષિ ગુરુ સાથે વિહાર કરતાં વિનય, વૈયાવૃત્ત કરતાં તથા ક્ષમાતપસ્યાં કરતાં વિચરે, સર્વ સિદ્ધાંતનો સાર એવો જે પંચપરમેષ્ઠિ નમસ્કાર તેને સંભારતા અપ્રમત્ત થકાં વિચરે છે. પણ ભણતા નથી, તેમને ગુરુએ કહ્યું, હે વત્સ ! તમે ભણો, મોક્ષમાર્ગ દેખાડવાને જ્ઞાન તે ત્રીજુ નેત્ર છે. ત્યારે જયઋષિ બોલ્યા કે હે સ્વામિન્ ! મારાથી વૃદ્ધાવસ્થાએ ભણાતું નથી. માટે તમારા ચરણ કમળથી સેવા કરીશ અને દુસ્તર તપ કરીશ એમ કરતાં કેટલાક કાળે જ્ઞાનવંત ગુરુએ લાભ જાણી આજ્ઞા કરી કે વિશાલા નગરીએ પુત્રને પ્રતિબોધવા નિમિત્તે જાઓ ત્યાં બીજા પ્રાણીને પણ પુન્યનો લાભ મળશે, તે ગુરુવચન પ્રમાણ કરી ચલ્યા. કારણકે ગુરુની આજ્ઞા એ મુખ્ય માર્ગ છે.

હવે જયઋષિ માર્ગે ચાલતા ચિત્તમાં ચિંતવે છે, કે મને કાંઇ આવડતું નથી. માટે પુત્રને શો ઉપદેશ દઈશ ? અને ઉપદેશ વિના બીજા પ્રાણી પણ કેમ પ્રતિબોધ પામશે ? એવા અવસરને વિષે એક જવનું ખેતર છે. ત્યાં એક ગર્દભ છે. તે અહિંતહિં દષ્ટિ નાંખતો જવ ખાવાનું મન કરે છે. તે દેખીને ક્ષેત્ર રક્ષકે એક ગાથા કહી, કારણકે પૂર્વકૃત કર્મે કરી વિજાતીયને પણ વિદ્યા હોય છે.

ગાથા ॥ ऊहावसीं थोहावसी ममं चेव निरिखसि ॥ लखिउ ते अभिप्पाउ जवं पच्छेसि गद्दहा ॥ વ્યાખ્યા :– उहावसि थोहावसि (અરહો આવે છે. પરહો જાય છે.) ममं મનેજ દેખે છે. ते अभिप्पाउ (તે તારો અભિપ્રાય છે) लखिउ (ઓળખ્યો) (गदह) હે ગર્દભ ! તું (जवं पच्छेसि) જવની પ્રાર્થના કરે છે. આ ગાથા સાંભળીને જવ-ઋષિ વિસ્મય પામીને તે ગાથા ગોખવા લાગ્યા. તે જાણે અમોઘ શાસ્ત્ર પામ્યા એમ માનતા હતા. વિદ્યા પામ્યાની પેઠે માર્ગમાં તે ગાથાને ગોખતા આગળ ચાલ્યા, એવામાં નાના બાળક મોઇદાંડીયે રમે છે. તેમાં એક છોકરે કાષ્ટ ખંડ રૂપ અણુલ્લિકા (મોઇ) ઉછાળી.

તે ક્યાંક જતી રહી. ધણીએ ખોળી પણ ન જડી ત્યારે પૂર્વભવના અભ્યાસી એક બાળકે ગાથા કહી. યથા ॥ अउ गया तउ गया, जोइजंति न दीसई ॥ अम्हे न दिढा, तुम्हे न दीठा ॥ अगडे बुढा अणुलीआ ॥ ઈહાંથી ગઈ, તિહાંથી ગઈ. જોતા થકાં પણ નથી દેખાતી અમે ન દીઠી, તમે પણ ન દીઠી, તે માટે કુવામાં નાંખી, અણુલિકા શબ્દે કાષ્ટ ખંડ રૂપ મોઈ કહીયે. તે સાંભળી જયઋષિ તે ગાથા પણ ભણવા લાગ્યા. તેણે વિચાર્યું કે જેવુંતેવું પણ ભણવુ સારું છે. એમ કરતાં કેટલેક દિવસે વિશાલા નગરીએ પહોંચ્યા ત્યાં કુંભારની શાલાએ ઉતર્યા. ત્યાં કુંભારની શાળામાં ઉંદરડા વારંવાર ઘણો ખખડાટ કરે છે. તે સાંભળી કુંભારે પણ એક ગાથા કહી. યથા ॥ सुकुमाल कोमल भद्दलया, तुम्ह भत्ति हिडणसीलणया ॥ अम्ह पसाउ नथ्ठि भयं, दिहपीडाउ तुम्ह भयं ॥ સુકોમલ, સુવાળુ, ભદ્રવંત રૂડા રાત્રે રાત્રે ચાલવાની શીલ એટલે આચાર છે. જેને એવા તમને અમારા પસાયથી ભય નથી. પણ દીર્ઘપૃષ્ઠ જે સર્પથકી તમને ભય છે, આ ગાથા સાંભળીને મુનિએ વિચાર્યું કે કામધેનુ, ચિંતામણી, કલ્પવૃક્ષ એ ત્રણ હું પામ્યો. એવા અવસરે ત્યાં રાજાની બહેનને, દીર્ઘપૃષ્ઠ મંત્રીશ્વરે છાની લાવીને ભૂમિગૃહ મધ્યે રાખી છે. તથા હરકોઇ ઉપાય કરી એ રાજાને મારીને મારા પુત્રને પરણાવીશ. મારાપુત્રને રાજ્યે બેસાડીશ ! એવો દીર્ઘપૃષ્ઠ મંત્રીએ નિશ્ચય કર્યો, કારણકે દુર્જન ને સર્પ એ બે કાંઇ કોઇનો ઉપકાર નથી કરતાં.

રાજાએ પોતાની ભગિનિ શોધવા માણસો મુકયા. તો પણ જડી નહીં. પ્રધાને સાંભળ્યુ કે જવઋષિ કુંભારને ત્યાં ઉતર્યા છે. દુષ્કર તપ કરી જ્ઞાનને મેળવ્યું છે. માટે એમને મુખે વૃત્તાંત સાંભળીને મારી વાત સાંભળશે તો મને કુટુંબ સહિત મારી નાંખશે. માટે હું તેનો આગળથી ઉપાય કરું. પાપી હોય તે પોતાના પાપે પોતેજ

શંકા પામે. હવે મંત્રી રાજા પાસે ગયો, તેને રાજાએ પૂછ્યું. કે તમે આ રાત્રિની વેળાએ કેમ આવ્યા ? મંત્રીપણ છલભેલા જાણી બોલ્યો કે, તમારા પિતા લગ્ન પરિણામી થઈ કુંભારને ઘેર આવ્યા છે. ને પ્રભાતે તમારું રાજ્ય લેશે. ત્યારે રાજા બોલ્યો, જો પિતા રાજ્ય લેતો મારું ભાગ્ય છે. હું ચાકર થઇને પિતાના ચરણકમલ સેવીશ. તેને મંત્રીએ કહ્યું. હે રાજન્! રાજ્ય તો બલાત્કારે લઇયે પણ પામ્યું રાજ્ય ન ખોઈયે. માટે આજ પિતાને રાત્રે મારો. પછી નિર્વિઘ્ને રાજ્ય પાળો, તે રાજાએ સાચું માન્યું. રાજાને કાંઇ વિચાર હોય નહિં. કારણકે પાણીની નીક અને રાજા જ્યાં વાળીએ ત્યાં વળે.

હવે રાત્રે સર્વ લોક સૂતા, તે વેળાએ રાજા એકલો હાથમાં ખડ્ગ લઇને કુંભારને ઘેર ગયો. ત્યાં પિતા સૂતા છે કે જાગે છે. એવુ છિદ્ર કરી જોવા માંડયું. એટલે મુનિએ ક્ષેત્ર પાલક પાસે સાંભળેલી ગાથા ગણી ને ગાથામાં જવ શબ્દે ધાન્ય હતું. અને અહિં જવ શબ્દે જવરાજા સમજયો. તથા ત્યાં ગધહા શબ્દે ગર્દભ હતો. અહિં ગર્દભિલ્લ એવો અર્થ સમજાણો. તે ગાથા સાંભળી રાજા વિચારવા લાગ્યો કે પિતાને જ્ઞાન ઉપન્યું દેખાય છે. કારણકે મેં ફ્રુર આડુઅવળુ જોયું", તે એમણે જાણી લીધુ, તો પણ એ ખરા જ્ઞાની ત્યારે ગણાય કે મારી બહેનની ખબર કહે, એમ રાજા ચિંતવે છે. એટલામાં તો મુનિ બીજી ગાથા બોલ્યા. તેમાં અણુલ્લિકા શબ્દે કુમરીનું નામ છે. અગડ શબ્દે ભૂમિગૃહ જાણ્યું, તે સાંભળી રાજાએ વિચાર્યું કે જ્ઞાને જાણીને જે વિચારું છું. તેનો જવાબ દે છે. અહો ! જ્ઞાન મોટું છે હવે જે શત્રુએ રાખી છે તેનું નામ કહે તો સારું. ત્યાં ગુરુએ ત્રીજી ગાથા ભાખી તે ગાથામાં દીહપીઠ એટલે દીર્ઘપૃષ્ઠ નામે પ્રધાનથી તને ભય છે. એવું સમજાયું. મારા મનના સંદેહ સર્વે જાણે છે. અને સંદેહ ટાળે પણ છે, એમ વિચારીને રાજા દ્વારમાં પેઠો આંખે આંસુ રેડતો, મને ધિગ્ ધિગ્ હો, કારણકે એક તો પિતા

વળી સંયમી, જ્ઞાનવંત તેને હું મારવા આવ્યો છું. એમ પોતાની નિંદા કરતો પગે લાગીને કહેવા લાગ્યો કે હે પિતાજી, પુત્ર, કુપુત્ર થાય, પણ પિતા કુપિતા ન થાય. જો સર્પને દુધ પાઇયે તો પણ ઝેર મુકે નહીં, તે સર્પ સરખો હું થયો. અને તમે રાગદ્વેષ રહિત છો યતઃ शत्रौ मित्रे रणे स्तैणे, स्वर्णेऽश्मनि मणौ मृदि ॥ मोंक्षे भवे भिदा नास्ति निर्विशेष मनः सताम् ॥ તમે તો જ્ઞાનવંત છો. અનુક્રમે મોક્ષ પામશો, પણ હું તમારો પુત્ર થઇને ધિક્કાર થાઓ. મને દુષ્ટ થયો અથવા દીપથકી પણ ધૂપ હોય છે, એમ રાજાએ કહ્યું, છતાં મુનિ બોલ્યા નહિં કારણકે પરમાર્થ અજાણતાને મૌન રહેવું સારું છે. રાજા પણ મહાત્માને ખમાવતો, આત્માની નિંદા કરતો, શેષ રાત્રિ ત્યાં કાઢી પ્રભાતે સ્થાને ગયો. પ્રાતઃકાળ દીર્ઘપૃષ્ઠ પ્રધાનનું સર્વત્ર ઘર ખોળતા ત્યાં ભોંયરામાંથી રાજાએ પોતાની બહેનને શોધી. તે વારે રાજાએ પ્રધાનના ઘરબાર લુંટી લઇને તેને દેશ બહાર કાઢી મૂકયો. લોકોએ પ્રધાનની નિંદા-તિરસ્કાર કર્યો.

પછી રાજા સમસ્ત પરિવાર સાથે મુનિને વંદન કરવા આવ્યો, અને સભા મધ્યે સ્તવના કરવા લાગ્યો. કે હે સ્વામિન્ ! તમે જે ગાથા કહી તેનાથી કુમંત્રીથી મને બચાવ્યો. પછી મુનિએ ધર્મ કહ્યો. તે સાંભળી બધા પ્રતિબોધ પામ્યા. મુનિએ વિચાર્યું ક્ષેત્રપાલક, છોકરા, કુંભારની ગાથા વડે હું જ્ઞાનીની જેમ પૂજાયો. તો તે પ્રાણીને ધન્ય છે કે નિરંતર શ્રદ્ધાથી સિદ્ધાંત ભણે છે. એમ ચિંતવીને નિર્માયી બની ભણવા માંડયું. જેમ જેમ ભણે તેમ તેમ આત્માને કૃતાર્થ માનતા હતા. વસ્ત્ર, પાત્ર, અશનાદિકનો લોભ તજીને એક સ્વાધ્યાય, વિનયાદિકમાં તત્પર થયા થકા ભણવા માંડયું. ઘણું ભણ્યા તો પણ ભણવાની ઇચ્છા નિવર્તી નહીં. એમ કરી તપ તપી, ઘણી સમતા કરી, સદ્‌ભાષ્યરૂપ, અમૃતનું પાન કરી, ગુરુની સેવા વૈયાવચ્ચ કરી. અનુક્રમે કાળ કરી દેવલોકે વિષે દેવતા થયા. એમ જે ક્રોધ રહિત હોય તેને

વિદ્યા આવે. તે ઉપર જવરાજાનું દ્રષ્ટાંત કહ્યું. હવે વિનયવંતને વિદ્યા ભજે તે ઉપર દ્રષ્ટાંત કહે છે.

કોઈક સિદ્ધપુત્રનાં બે શિષ્ય હતા. તે નિમિત્ત ભણ્યા. એક દિવસને વિષે તૃણકાષ્ટ નિમિત્તે બહાર નિકળ્યા. એવામાં હાથીના પગલા દીઠા. તેમાં એક બોલ્યો. હાથણીના પગલા છે. બીજાએ કહ્યું તેં કેમ જાણ્યું ? તેણે કહ્યું મેં લઘુનીતિથી જાણ્યું. વળી કહ્યું કે હાથણી કાણી છે. બીજાએ કહ્યું તમે કેમ જાણ્યું ? એણે એકેક દિશાના પાદડાં ખાધા છે. તે ઉપરથી જણાય છે. વળી કહ્યું કે એ હાથણી ઉપર સ્ત્રી અને પુરુષ બેઠા જણાય છે. બીજાએ કહ્યું શેનાથી જાણ્યું ? તેણે કહ્યું. બંને નીચે ઉતરીને લઘુનીતિ કરી છે. એટલે વળી બોલ્યો. સ્ત્રી ગર્ભવતી છે. બીજાએ પૂછ્યું. તેં કેમ જાણ્યું ? તેણે કહ્યું કે હાથનો ઓઠંભો દઇને ઉઠી તેથી જાણ્યું. વળી કહ્યું ગર્ભમાં પુત્ર છે. બીજાએ પૂછ્યું. તે કેમ જાણ્યું ? તેણે કહ્યું. જમણો પગ ભારે છે, વળી કહ્યું રાતા રાતા વસ્ત્ર પહેર્યાં છે બીજાએ પૂછ્યું. શેનાથી જાણ્યું તેણે કહ્યું. વસ્ત્રના તાંતણા વૃક્ષને લાગ્યા છે તેથી જાણ્યું એમ કરવાં નદીના કાંઠે ગયા. ત્યાં એક ડોશીનો દીકરો પરદેશ ગયો છે. તેની ચિંતાથી ડોશીએ પૂછ્યું. મારો દિકરો ક્યારે આવશે; એમ પૂછતા ડોશીનો ઘડો પડી ગયો. તે ઘડો ભાંગ્યો ત્યારે એક બોલ્યો, યતઃ ।। तज्जायेण तज्जायं तन्नभिमेणं तन्निभं य तन्निभं तारुवेण तारुवं ।। सरिसं य वीणिदिसे ।। એ રીતે ચૂડામણી ગ્રંથમાં કહ્યું છે. એ શ્લોકનો અર્થ ચિંતવીને બોલ્યો કે તારો દીકરો મરણ પામ્યો છે. એમ કહ્યુ ત્યારે બીજો બોલ્યો, રે ડોશી ! તારો દીકરો ઘેર ગયો છે. તે સાંભળી ડોશી ઘેર ગઈ. દીકરાને ઘેર આવેલો જોયો તેજ વખતે બે રૂપિયા લઇને સિદ્ધપુરુષનો સત્કાર કર્યો. તે જોઇ પહેલાએ બીજાને પુછ્યું. કે તેં કેમ જાણ્યું ? કે ઘેર આવ્યો ? તેણે

કહ્યું કે तझजायेण ॥ એ શ્લોકનો અર્થ વિચાર્યો, જે ભૂમિ થકી ઘર થયો અને ફુટીને ભૂમિને મળ્યો. તેથી તે દીકરો પણ ડોશીને મળવો જોઇયે. ત્યારે તેણે ગુરુને ઠપકો દીધો. કે મને અર્થ કેમ ન ભણાવ્યો ગુરુ બોલ્યા. વિનિતને યથાર્થ પરિણમે. અને વિનય રહિતને યથાર્થ ન પરિણમે તેમાં મારો શો દોષ છે ? इति आवश्यके ॥ માટે વિનય વંતને વિદ્યા ભજે છે. હવે વિનયી હોય તે અચંડ એટલે અક્રોધી હોય એમ કહ્યું.

તેથી વિપરીત તો ક્રોધી તથા કુશીલ હોય તે કહે છે.

અર્થ :– क्रुद्धं सुशीलं भयए अकित्ति ॥ ક્રોધી તથા કુશીલીયાને અકીર્તિ ભજે. એટલે ક્રોધી તથા કુશીલતાનો અપજશ થાય. તેમાં પ્રથમ ક્રોધી ઉપર કુલવાલકની કથા છે. તે પૂર્વે એજ ગ્રંથમાં લોભ ઇચ્છક પ્રાણીનાં દ્રષ્ટાંતે કોણીક રાજાની કથા આવી છે. તેની અંતરભૂત એ કથા છે. ત્યાંથી જોઇ લેવી. હવે કુશીલીયાને અપકીર્તિ ભજે તે ઉપર મુંજરાજાની કથા. ધારા નગરીમાં ભોજરાજાનાં ભાઈ મુંજરાજા ચૌદશે ચુમ્માલીશ હાથીની ઠકુરાઇ ભોગવે છે. તેને અનુક્રમે કોઇ પ્રત્યંતર રાજાએ સંગ્રામ કરતાં બાંધી લઇને નજરકેદ રાખ્યો. તેને જમવા સારૂ નિત્ય દાસીની સાથે પાણી મોકલે એમ કરતાં મુંજરાજા તે દાસીની સાથે વિષય સેવવા લાગ્યો.

પછી ભોજરાજાએ સુરંગ દેવરાવીને મુંજરાજાને જણાવ્યું કે આ ઠેકાણે બારણું છે. તે માર્ગે થઇને આપણા નગરમાં આવો. ત્યારે મુંજે દાસીને જણાવ્યું કે આ સુરંગ માર્ગે થઇને હું તો જઇશ. તારે આવવું હોય તો તું પણ ચાલ. ત્યારે દાસીએ કહ્યું કે હું આભરણ લઇને આવું ત્યાં સુધી તમે રહો. એમ કહી. આભરણ લેવા ગઈ તેને કાંઈક વાર લાગી, તેવારે મુંજે વિચાર્યું કે દાસીને ઘણીવાર થઇ માટે કોઇને ખબર પડી જશે. એમ ચિંતવી પોતે ચાલવા માંડયો. એટલે દાસી આવી. તેમણે મુંજને જતો દેખ્યો. તેથી તેણે પોકાર

કર્યો કે મુંજ ચાલ્યો. તે સાંભળી રાજાનાં માણસો. આવ્યા. તેણે મુંજ-રાજાનું માથું પકડ્યું. અને નીચેથી પગ પકડયા. એમ ખેંચતાણ વધી તે વારે મુંજે પોતાના માણસોને કહ્યું કે તમે પગ ખેંચશો તો વૈરી ઉપરથી મસ્તક છેદશે તે માટે તમે મને મુકી દો. એ સાંભળી માણસો જતા રહ્યા. પછી મુંજને પકડીને ગામ મધ્યે ભીખ માંગવા ફેરવ્યો. એવામાં કોઇક ઘરમાં કોઈક સ્ત્રી રેંટીયો કાંતતી હતી તે રેંટીયો ચરડ ચરડ બોલતો હતો. ત્યાં જઇને મુંજે કહ્યું. કે હે માતા ! ભિક્ષા આપો. એમ કહ્યું તો પણ તેણે સાંભળ્યું નહિં. ત્યારે મુંજે એક શ્લોક કહ્યો. યત: ॥

रे रे यंत्रक–मा रोदीर्यंदहं भ्रामितोऽनया, रामरावण मुंजायाः ॥ त्रिभिः के के न भ्रामिता ॥ એમ કહી આગળ ચાલ્યો. બીજે ઘેર કાંઈક પ્રક-રણ છે. તેણે માંડા તૈયાર કર્યા છે. ત્યાં જઈને બોલ્યો કે ભિક્ષા દો. ત્યારે સ્ત્રીએ અર્ધો માંડો ફાડીને ઘીએ ટીંપા પડતાં લાવીને આપવા માંડયો. ત્યારે મુંજ રાજા બોલ્યો. यतः ॥ रे रे मंडक मा रोदीर्यं दिहं त्रोटितोऽनया ॥ रामरावणमुंजाद्याः स्त्रिभिः के के न त्रोटिता ॥ એમ કહી વળી આગળ ચાલ્યો. ત્યાં એક ગૃહસ્થના ઘરે સ્ત્રી છાણપુંજો કરે છે. કોઈક પશુને છોડે છે. કોઇક પશુને બાંધે છે. એવામાં મુંજે જઇને કહ્યું, ભિક્ષા દો. ત્યારે સ્ત્રી બોલી. ભિક્ષા કયાં છે? હાથ નવરા નથી. તે સાંભળી મુંજ બોલ્યો. गाथा ॥ रे मोली मम गव्व करी देखवि गभरोआंहिं ॥ चउदहसे चउआलसा, मुंज गइंद गवाईं ॥ વળી આગળ ચાલ્યો. એવામાં કોઈ ધનવંતી, સ્ત્રી મુંજરાજાને ભીખ માંગતો દેખીને હસવા લાગી. ત્યારે મુંજરાજા બોલ્યો. काव्यं ॥ आपद्गतं हससि किं द्रविणांधमूढे, लक्ष्मी : स्थिरा न भवतीति किमत्र चित्रम्, दृष्टं सखे भवति यद्जालयंत्र मध्ये, रिक्तोः भृतच्च भवति भरितच्च रिक्तः ॥ એ રીતે નગરમાં ફેરવી લોક મુખે અપયશ બોલતિ મુંજને મારી નાંખ્યો. इति ॥ એનો વિસ્તાર યુક્ત સંબંધ મુંજ પ્રબંધથી જાણવો. માટે કુશીલીયાને અપકીર્તિ ભજે. હવે એ કુશીલનું ચિત્ત સ્થિર ન હોય માટે આગળ પદ કહે છે.

અર્થ:-સંમિન્ન ચિત્તં મયણ અલચ્છી ॥ ભગ્ન ચિત્તવાળાને અલક્ષ્મી એટલે નિર્ધનપણું ભજે એટલે અસ્થિર ચિત્તવાળા પ્રાણીને દરિદ્રપણું આવે. તે ઉપર શૂર બ્રાહ્મણની કથા એજ ગ્રંથમાં ત્રીજી ગાથાની આદ્યમાં ક્રોધ વ્યાપ્ત જીવના દૃષ્ટાંત ઉપર કહી છે. ત્યાંથી વાંચવી, અહીં ફરી લખી નથી.

હવે અલક્ષ્મી ભજે એમ કહ્યું. માટે તેની પ્રતિપક્ષી લક્ષ્મી ભજે તે કહે છે.

સચ્ચે ઠિયંસં મયણ સિરીય ॥ સત્યને વિષે રહેલા પુરુષને લક્ષ્મી ભજે, એટલે સેવે અર્થાત્ સત્ય ભાષકને લક્ષ્મી ભજે. તે ઉપર મકરધ્વજ રાજાની કથા કહે છે. આજ જંબુદ્વીપને વિષે દક્ષિણ ભરતાર્ધે મધ્ય ખંડને વિષે કાંતિ નામે નગરી છે. તેમાં મકરધ્વજ નામે લઘુપુત્ર છે. ત્યાં વૈરીદમન નામે રાજા રાજ્ય કરે છે. તે રાજાને ઘણા પુત્ર છે. મકરધ્વજ લઘુપુત્ર છે. તે વિનય, ઔદાર્ય, ગાંભીર્ય, આર્જવ, સૌભાગ્યાદિ ગુણે કરી મોટો છે. એક દિવસે વનમાં વસંતઋતુ ફુલી છે. ત્યારે વનપાલકે આવી રાજાને વિનંતિ કરી કે હે મહારાજ! વસંત ફુલ્યો છે. તેની શોભા જોવાને પધારો. એવામાં રાજાએ પોતાના મસ્તકે ધોળો વાળ જોયો, તેથી વિચાર્યું કે હું તો હવે ધર્મ કરવા યોગ્ય થયો છું. માટે મારે જવું ન ઘટે. એમ ચિંતવીને પુત્રોને વસંતોત્સવ કરતાં યાચકને કોઇયે લાખ આપ્યા. કોઇએ બે લાખ, કોઇયે ત્રણ લાખ, કોઇયે ચાર લાખ, સોનૈયા આપ્યા, અને મકરધ્વજે મહા ઉદાર થઇને કોડી સોનૈયા દાન આપ્યું,

બીજા સહુ કુમારોએ મલીને પચાશ લાખ સોનૈયા આપ્યા. એ સ્વરૂપ ભંડારીયે રાજાને કહ્યું. રાજાએ મકરધ્વજ કુમારને પૂછ્યું, રે કુમાર! એટલા સોનૈયા દાનમાં આપ્યા તો જ્યારે દુર્ભિક્ષ હોય અથવા કોઈ સાથે સંગ્રામ કરવો પડે, ત્યારે ભંડાર વિના કેમ નિર્વાહ થાય? મારા દેશમાં ત્રીશ ક્રોડ સોનૈયા વર્ષે વર્ષે ઉપજે છે. તેમાં સોલ

ક્રોડ અંતેઉરના ખરચમાં વપરાય છે. યાચકનાં દાનમાં ચાર ક્રોડ સોનૈયા વપરાય છે. ત્રણ કોડી સોનૈયા ભંડારમાં આપુ છું, માટે તું એકલોજ એક દિવસ એક કોટી સોનૈયા ખરચ કરી આવીશ. ત્યારે થોડા દિવસમાં મારો ભંડાર ખાલી થઇ જશે.

તે સાંભળી મકરધ્વજકુમાર બોલ્યો. જેને પુન્ય પ્રબલ છે તેને દાન દેતા પણ ધન વૃદ્ધિ પામે છે. જો ભાગ્યહીન હોય તો ભંડાર ખાલી થાય. તે સાંભળી રાજા બોલ્યો. જો તારે પુન્ય પ્રમાણ છે તે જે ક્રોડ સોનૈયા દાનમાં આપ્યા તે લાવી આપ નહિંતો તારું મસ્તક છેદી આપ એવું રાજાએ ક્રોધ વચન કહ્યું, તે સાંભળી મકરધ્વજ અભિમાન સહ સભામાંથી ઉઠી પૂર્વ દિશાના દરવાજે ગયા, એટલે જમણો ખર થયો. ત્યારે દક્ષિણ દ્વારે ગયો. એટલે જમણો ઘુવડ થયો. ત્યાંથી ઉત્તર દિશાએ ગયો ત્યારે ડાબી ભૈરવ ઉતરી. એ સર્વ અપશુકન ને જાણીને પાછો વળ્યો. તે વેળા દરવાજાના મુખે શિવાશબ્દ થયો. તે શિવા શબ્દે વંશજાળમાં ચાર રત્ન વંશયષ્ટિમાં રહ્યો છે. એવું શકુનજ્ઞાને જાણી વંશજાલી છેદી વંશને ભેદીને તેમાંથી ચાર રત્ન લીધા. અને એ સર્વ પુન્ય પ્રભાવ છે. એમ મનમાં વિચારીને ઘર તરફ ચાલવા માંડયું, એવામાં દિવ્ય ગીતધ્વનિ સાંભળે તે શબ્દ અનુસારે ચાલ્યો. આગળ એક યક્ષનું મંદિર જોયુ, ત્યાં એક મુનિરાજની આગળ દિવ્ય નાટક થાય છે. તેને કુમાર જુવે છે. એટલામાં તો દેવતાએ નાટક સંહર્યું. પછી કુમારે મુનિને પ્રણામ કરીને પૂછયું, કે એ દેવતા કોણ છે ? મુનિ બોલ્યા. હે કુમાર ! એ દેવતાનો પાછલો ભવ કહું છું. તે તું સાંભળ. એ પૂર્વે કોઈક નગરને વિષે શેઠ હતો. તેણે સાધુનાં પરિચયે કરીને મૃષાવાદ બોલવાનું પચ્ચખ્ખાણ કર્યું. પછી એકદા લોભે પરાભવ પામ્યો. તેણે પારકી થાપણ ઓળવી. તે પાપે કરી અલ્પઋદ્ધિવાળો યક્ષ થયો છે. જો વ્રત ભંગ ન કરત તો વૈજ્ઞાનિક દેવતા થાત તે માટે હે કુમાર ! પ્રાણજતે

પણ જુઠું ન બોલીયે. તે સાંભળી મકરધ્વજ કુમારે બીજુ અણુવ્રત અંગીકાર કર્યું. પછી સંતોષે કરી તુષ્ટાત્મા થતો કુમાર ઘર ભણી ચાલ્યો. ત્યાર પછી યક્ષે સાધુને પૂછ્યું. હે મહારાજ ! એ મકરધ્વજ કુમાર પણ મારી પેઠે વ્રત ખંડશે, કિંવા રાખશે, ? સાધુ બોલ્યા, હે યક્ષ એ કુમાર પ્રાણાંતે પણ વ્રત નહિં ખંડે. તે સાંભળી તેની પરીક્ષા કરવા માટે તે યક્ષ કાપડીનો વેષ લઇ રાજદ્વારે આવી તૃણનો પૂળો લઇ પોકાર કરવા લાગ્યો, કે હે રાજન્ ! મારા ચાર રત્ન વંશની જાળમાં મુકયા હતા. તે કોઈક ચોર લઇ ગયો. માટે જે કોઇ ચોરી કબુલે તેનો નિગ્રહ કરજો. પણ બીજાનું નામ લેશો નહીં. તે સાંભળી રાજાએ ઢંઢેરો ફેરવ્યો. તે સાંભળી કુમારે આશંકા આણી ચારે રત્ન આણી આપ્યા. લોકોએ ઘણો સમજાવ્યો પણ જુઠું બોલ તો પણ પ્રાણાંતે જુઠું ન બોલ્યો, ત્યારે દેવતા પ્રગટ થઈને કુમારની પૂજા કરી. નમસ્કાર કર્યો. સુવર્ણની વૃષ્ટિ કરીને ચાર રત્ન પાછા આપ્યા. પુણ્યપ્રભાવ પ્રગટ થયો, સર્વ લોક ચમત્કાર પામ્યા, દેવતા ઠેકાણે ગયો. વૈરીદમન રાજા પણ મકરધ્વજનો પુન્યપ્રભાવ દેખીને અપરાધ ખમાવ્યો અને બોલ્યો કે હે કુમાર ! તેંજે પુન્યની વાત કહી હતી તે સાચી છે, પછી કુમારને રાજ્યે થાપી રાજા પોતે દીક્ષા લઈ તેને રૂડી રીતે પાળીને સ્વર્ગે ગયો.

મકરધ્વજ રાજાએ અનેક જીર્ણોદ્ધાર કરાવ્યા. નવા જિનપ્રાસાદ કરાવ્યા. મહાધર્મિષ્ઠપણે ન્યાયે રાજ્ય પાળી સદ્ગુરુ પાસે દીક્ષા લીધી. તે રાજા ઉગ્ર તપસ્યા કરી આઠમે દેવલોકે દેવતા થયા ત્યાંથી મનુષ્યાવતાર પામીને દીક્ષા લીધી. અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત-વીર્ય, અનંત સુખમયી થશે. તે માટે સત્ય બોલવુ. यतः ॥ नेंदुरश्मि-निचयो न नंदनं, नो सुधापि न च हारयष्टयः ॥ निर्वृत्तिं मनसि तन्वते तथा, सत्यवादिवचनं श्रुतं यथा ॥ पुनः ॥ विश्वासायतनं

विपत्तिदलनं दैवैः कृताराधनं, मुक्तेः पथ्यंयनं जलाग्नि शमनं व्याघ्रोरगस्तंभनम् ॥ श्रेयः संवननं समृद्धिजननं सौजन्य संजीवनं, कीर्ते केलिवनं प्रभावभवनं सत्यं वचः पावनम् ॥ इति मकरध्वज कथा ॥ इति सकलसभाभामितिभालस्थलतिलकायमानपंडित उत्तमविजय गणि शिष्य पंडितपद्मविजयगणीकृत बालावबोधे श्रीं गौतमकुलकप्रकरणे पंचम· गाथायां षड्उदाहरणाननि समाप्तानि।

હવે છઠ્ઠી ગાથા કહે છે–તેનો પૂર્વલી ગાથા સાથે એ સંબંધ છે કે પૂર્વ ગાથામાં એમ કહ્યું કે સત્ય બોલે તેને લક્ષ્મી આવે અને તેથી વિપરીત એટલે અસત્ય બોલનાર પ્રાયે કૃતઘ્ન હોય. માટે કૃતઘ્નનું લક્ષણ કહેવાને સંબંધે આવી એ છઠ્ઠી ગાથા તે કહે છે.

चयंति मित्ताणि नरं कयग्घं, चयंति पावार मुणिं जयंतं ॥
चयंति सुक्काणि सराणि हंसा, चएइ बुद्धी कुवियं मणुस्सं (१)

चयंति मित्ताणि नरं कयंग्घं ॥ કૃતઘ્ન એટલે કરેલા ગુણને હરનાર, એવા પુરુષ તેને મિત્ર હોય, તે પણ છોડે છે. ત્યજે છે. એટલે કૃતઘ્ન પુરુષને મિત્ર હોય તે પણ દીર્ઘરાજાની જેમ છાંડે છે. તે દીર્ઘરાજાની કથા કહે છે.

કાંપિલ્લપુર નામે નગરમાં બ્રહ્મ નામે રાજા રાજ્ય કરે છે. તેને ચુલણી નામે રાણી છે. તેનો પુત્ર બ્રહ્મદત્ત નામે બારમો ચક્રવર્તી થયો. તે કુમારપણામાં જ તેનો પુત્ર મરણ પામ્યો. ત્યારે બ્રહ્મરાજાના ચાર મિત્રો હતા. તે વારાફરતી તેનું રાજ્ય સંભાળવા લાગ્યા. એમ કરતાં તે ચાર માંહેલો એક દીર્ઘરાજા ચુલણી રાણીથી લુબ્ધ થયો. તેની સાથે વિષય ભોગવવા લાગ્યો, એમ તે કૃતઘ્ન થયો ત્યારે બીજા ત્રણ મિત્રોએ તેને ઉવેખી મૂકયો. અહિં તો એટલી જ વાતનું પ્રયોજન છે. એ કથા વિસ્તારથી સાતમી ગાથાના આદ્યમાં બ્રહ્મદત્ત ચક્રિને અધિકારે આવશે ત્યાંથી જોઇ લેવી.

હવે અહીં ત્યજવાના અધિકાર માટે વળી કહે છે.

चयंति पावाइ मुणिं जयंतं।। યત્નવંત મુનિને પાપ જે છે તે ત્યજે છે. એટલે યતનાવંત મુનિને જે હોય તેને પાપ તજે છે. यतः ॥ जयं चरे जयं चिठे, जयं मासे जयं सए । जयं सए भुंजंतो, भासंतो पाव कम्मं न बंधइ ॥ તે ઉપર મેતાર્ય મુનિનું દ્રષ્ટાંત જાણવું. તે કથા આગળ ત્રીજા ભાગમાં ઉપશમને અધિકારે પૃષ્ઠ ૨૦૮માં સવિસ્તર આવી છે. ત્યાંથી વાંચવી પણ તેમાં મેતાર્યના પૂર્વલા પુરોહીતના ભવમાં એટલું વિશેષ છે કે દીક્ષા લીધા પછી દુર્ગંચ્છા કરતાં તપસ્યા કરી છે. પણ ચારિત્રદુષ્કર પાળવું. અહીં સંક્ષેપે લખીયે છીયે.

જેમને સોનીએ લીલુ વાધર મસ્તકે બાંધી વચમાં કિલિકા ઘાલી. તે વાધર સૂકાયા તેથી મુનિનાં નેત્ર તડતડાટ કરી તૂટી પડયા. મુનિ પણ તે વાધરને ફુલની માળા સરખું માનતા એમ ધ્યાવતા હતા કે હે આત્મન્ ! તેં ઘણું સુકૃત કામ કર્યું. કારણ કે તે પંખીને અભય-દાન દીધું. પ્રાણ તો ભવભવને વિષે પામવા સહેલા છે, પણ પોતાના પ્રાણ જતે દયાપાળવી દોહીલી છે. यतः ॥ भवंति शतशो मर्त्याः सुस्थावस्था सुकृत्कराः, ॥ द्वित्रास्त एव ये प्राण–प्रयाणे पि कृपालवः ॥ ધનધાન્યાદિકનાં દેનારા સુલભ છે. પણ અભયદાન દેનારા થોડા છે. તે માટે રે આત્મા ! તે આ જીવદયા કરી તેથી તેં સુકૃત્ય ન કર્યું ? ઈત્યાદિક મૈત્રીભાવના ભાવતા ક્ષપકશ્રેણી ચઢતાં ઘાતિકર્મ ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા. અને આઉખુ પૂર્ણ થયું. એટલે મોક્ષે ગયા. એ કથા પ્રશ્નોત્તરરત્નમાલા વૃત્તિમાં છે. તે માટે મેતાર્ય મુનિની જેમ યતનાવંત પાપ તજે છે.

વળી તજવાના અધિકાર માટે દ્રષ્ટાંતે કરી ત્યજવું જ બતાવે છે.

चयंति सुक्काणि सराणि हंसाः ॥ સુકાઈ ગયેલા સરોવરને હંસ પક્ષીઓ ત્યજે છે. અહિં દષ્ટાંત રૂપે એ પદ જોડીયે, જેમ હંસ સુકા સરોવરને તજે છે. તેમ અહીં આત્મા જાણવો, તે સર શબ્દે શરીરરુપ તલાવ તે આઉખારૂપ પાણી ખૂટવાથી જેવારે સુકાય

ત્યારે તેને આત્મારુપ હંસ ત્યાગીને ગત્યંતરે जायइति भावः ॥ એટલે આયુષ્ય અસ્થિર છે. માટે ધર્મ કરો, એમ સૂચવ્યું, તે ઉપર સમુદ્રદત્તાદિકની કથા છે. એ કથા એ જ પુસ્તકના પહેલા ભાગમાં ગૌતમપૃચ્છા ગ્રંથમાં આઠમા પ્રશ્ને અલ્પાયુ બાંધવાના અધિકારે પૃષ્ઠ ૨૯૦ માં આવી છે. તોપણ તેમાં અને એમાં ફેરફાર હોવાથી પાછી અહિં લખી છે.

આ જ ભરતક્ષેત્રને વિષે ઉજ્જયિનિ નગરીમાં સમુદ્રદત્ત નામે વાણીયો વસે છે. તેને ધારિણી નામે સ્ત્રી છે. અને શિવ નામે પુત્ર છે, તે વાણિયાને એક યજ્ઞદત્ત નામે ચાકર છે. પ્રાયે તે સર્વમાં દયાનું નામ નથી. એકદા તે સમુદ્રદત્ત મરણ પામ્યો, તેના દીકરાએ મરણકાર્ય કર્યું. તેની સ્ત્રી ધારિણીએ તો કેટલાક દિવસ ગયા પછી યજ્ઞદત્ત ચાકરને મહારુપવંત જાણીને ભર્તાર કર્યો–લોકમાં ઘણો અપવાદ થયો. શિવે પણ જાણ્યું यतः ॥ चंद्रकला छुरिमुंडिअं, चोरिअरमियं च थीजणे मंतं ॥ एए गोविज्जंता, जंति दिणे पायडा हुंति ॥ એક દિવસ ધારિણીએ એકાંતે યજ્ઞદત્તને કહ્યું. શિવને તું મારી નાંખ, આગળ જતાં તે મારો પુત્ર વધતો આપણને દુઃખદાઈ થશે, કારણકે વૈરીને રોગ બેઉને વધવા દેવા નહીં.

યક્ષ બોલ્યો. એ કુમાર તારો પુત્ર થાય, અને મારો સ્વામિ થાય, એના પ્રસાદે આપણે સર્વ સુખી છીએ. માટે વિચાર કર કે એમ અનર્થ કેમ કરીયે ? ફરી ધારિણી બોલી. હે મૂઢ ! જો મને તથા તને પોતાના કુશલ ઇચ્છે તો એને મારી નાંખ. અહો; સ્ત્રીના ચિત્તની વૃત્તિ, यतः ॥ मारेइ पिय भत्तारं, हणइ सुअं तह विणासए अच्छं ॥ नियगेहंपि पलीवइ, नारी रागाउरा पावा ॥ એમ ઘણે કષ્ટે તેને હાકારો ભણાવ્યો. અને તેણે અંગીકાર કરી કે એને હું મારીશ, સ્ત્રીએ પ્રેરેલો પુરુષ શું શું નથી કરતો ? यतः ॥ अनत्वा यत्र हेषंते पर्वणि मुंडितं शिरः ॥ तत्किं न कुर्यात् न किं हन्यात् स्त्रिभिरभ्यर्थितो नरः १॥ सुवंशजोप्यकृत्यानि, कुरुते प्रेरितः स्त्रिया॥ स्नेहलं दधि मथ्नाति, पश्य मंथानको ॥

અન્યદા ધારિણીને રડતી દેખીને શિવે પૂછયું, હે માતા ! તમે રુદન કેમ કરો છો ? તે બોલી હે વત્સ ! શું કરીયે ? કોઇ ગાયોનો સંભાળ કરનાર નથી માટે ગોકુલ વિનાશ પામશે. તે સાંભળી શિવે વિચાર્યું કે અહો ! સ્ત્રીના કપટની ખબર ન પડે. સ્ત્રી વિજળી થકી પણ અત્યંત ચપલ હોય છે. વંશજાલની પેઠે અતિવક્ર હૃદયવાળી હોય. માટે એનો વિશ્વાસ કોણ કરે ? તો પણ હું સ્વાત્મ રક્ષા કરીશ. એમ ચિંતવી શિવ બોલ્યો. હે માતા ! હું પણ જાણું છું. પણ શું કરું ? ગોવાળીયા ગાયો સંભાળતા નથી. સામો કલેશ કરે છે. ત્યારે માતા બોલી. હે વત્સ ! એ તેં સાચું કહ્યું, તો પણ તું યજ્ઞદત્ત સાથે ગોવાળીયા પાસે જા ત્યારે શિવ અને યજ્ઞદત્ત બે જણ હાથમાં તલવાર લઇ ચાલ્યા. માર્ગમાં આગળ પાછળ ચાલતા એક ખાડ આવી. ત્યાં છાયા વધતી દેખીને શિવને આશંકા ઉપજી. ત્યારે ઉતાવળો ચાલ્યો. તેથી યજ્ઞદત્ત ગારી ન શકયો. અનુક્રમે બંને ગોકુળમાં પહોંચ્યા. તેને આવ્યા જાણી ગોવાળીયા હરખાયા. તથા તેની આજ્ઞામાં તત્પર થયા. બેહું જણને દધિ, દૂધે, જમાડયા, રાત્રે પાડામાં લાવી બેહુ જણને સૂવા માટે જુદી જુદી શૈયા કરી. તેની ઉપર બેહુ સૂતા. તે વારે શિવે ઉઠીને પોતાના દેહ પ્રમાણે કાષ્ટ લાવીને શૈયામાં મુકી તેની ઉપર એક વસ્ત્ર ઢાંકયું. અને પોતાના હાથમાં તરવાર લઇને કોઇ સ્થાને જઈ છાનોમાનો બેસી ગયો. એવામાં યજ્ઞદત્ત જાગ્યો. તેણે શિવની શૈયા પાસે આવીને વિચાર્યું કે એ તો ઉંઘે છે. ત્યારે ખડ્ગ કાઢીને જેવો તેને મારવાને ધાયો તેવામાં શિવે આવીને તેનું મસ્તક છેદી નાંખ્યું. પછી કાષ્ટખંડ બીજે સ્થાનકે મુકીને પોતાનો અપયશ ટાળવાને પોકાર કર્યો કે અરે રે; ગોપો ઉઠો, કોઇક ચોર મારી જાય છે. એ રીતે શોરબકોર કર્યો. તે સાંભળી ગોવાળીયા પણ ચોરને શોધવા માટે દોડયા. પણ ચોર ન મળ્યો.

પ્રાતઃકાળે યજ્ઞદત્ત મૂએલો, જાણી શિવ બોલ્યો. અહો ! એ શું થયું; એમ માયા કપટે લગારેક વિલાપ કરી તેનું મરણકાર્ય કરીને કહેવા લાગ્યો. રે રે ગોપાલો ! યજ્ઞદત્ત વિના હું રહી શકતો નથી માટે હું મારે ઘેર જાઉં છું. એમ કહીને ઘેર આવ્યો. તે વારે માતાએ વિચાર્યું એ તો જીવતો આવ્યો. યજ્ઞદત્ત મૂર્ખાએ એને માર્યો નહીં. એમ વિચારી પુત્રને કહેવા લાગી. હે વત્સ ! યજ્ઞદત્ત ગોકુલમાંથી કેમ ન આવ્યો ? ત્યારે શિવ બોલ્યો. હે માતા યજ્ઞદત્ત પાછળથી પાછો વળ્યો. એમ કહીને શિવ વિચારવા લાગ્યો, અહો ! દૈવ આ શો વિલાસ છે ? કે માતા પણ મારા પ્રાણ લેવા તૈયાર થઈ છે. એવામાં ધારિણીની નજર તરવાર પર પડી. તે ઉપર કીડીઓ પેસીને નીકળતી હતી. ત્યારે આશંકા આવી અને વિચાર્યું કે યજ્ઞદત્તને આણે મારી નાંખ્યો લાગે છે. અને મારા મનોરથ નિષ્ફળ ગયા. એમ ચિંતવી મ્યાનમાંથી તલવાર કાઢી તે લોહીથી ખરડાયેલી હતી. તે વેળાએ રોષે કરીને તેના નેત્ર રક્ત થયા. અને વિચાર્યું કે મારા સ્વામીને આણે માર્યો. તો હું પણ એને મારૂં પછી તેજ તલવારે પુત્રનું મસ્તક છેદ્યું, તે જોઇને શીવની ધાવમાતાએ સ્નેહે કરી ઝુભલુ લઇને ધારીણીને માર્યું, તે પણ તત્કાળ મરણ પામી. અને ધાવમાતાને એક દાસીએ તેને મારી તેથી તે પણ મરી ગઈ. વળી દાસીને બીજા કોઇએ મારી એમ તે બધા મરણ પામ્યા. તે જોઈ આઉખું અસ્થિર જાણી ત્યાં ઘણા ધર્મી લોકોએ ધર્મ કરવા ચારિત્ર લીધું. એ કથા પ્રશ્નોત્તરરત્નાવલીમાં છે. ઇતિ સમુદ્રદત્ત કથા ॥ એ કથા ગૌતમપૃચ્છા પહેલા ભાગમાં આવેલી છે, વલી તજવાના અધિકારે તજવું બતાવે છે.

चएइ बुद्धी कुवियं मणुस्सं ॥ કોપવંત થયેલા મનુષ્ય પ્રત્યે બુદ્ધિ તજે છે. એટલે કષાયવંત મનુષ્યને પક્ષિઘાતક રામને બુદ્ધિ તજે છે. તેની કથા કહે છે. કોઇક નગરનો રાજા એકદા રયવાડીયે રમવા ગયો. તે વક્રશિક્ષિત અશ્વ ઉપર બેસીને ચાલ્યો. જેમ જેમ રાજા

લગામ ખેંચે તેમ તેમ દોડે. પણ ઉભો રહે નહિ. એમ કરતા અટવીમાં ગયા. રાજા પણ તરસ્યો થયો. તેથી વિશાળ છાયાવાળા એક વૃક્ષ હેઠળ ઉભો રહ્યો. ઘોડો પણ ઉભો રહ્યો. એવામાં તે વૃક્ષના કોટર-માં રહેલા અજગરના મુખ થકી નીકળતું ગરલ દેખીને પાણીની ભ્રાંતિથી રાજાએ પત્રનો દડીયો કર્યો. અનુક્રમે તે ગરલથી દડીયો ભરાયો. તે દડીયો લઈને રાજા પીવાને તૈયાર થયો ત્યારે વૃક્ષની ઉપર એક પક્ષી બેઠો હતો. તેણે તે સર્વ વ્યતિકર જાણ્યો અને વિચાર્યું કે રાજા ઘણા લોકનાં પાલનહાર છે. એ પીશે તો મરશે. એમ ચિંતવીને રાજાનું હિત ઇચ્છી તેણે ઝપટ મારી દડીયો ઢોળી કાઢયો. એમજ બીજીવાર ત્રીજીવાર કર્યું. રાજા ક્રોધે ભરાણો. અકારણ દુષ્ટપણું જાણી જલપીતા રોકનાર પક્ષીને ખડ્ગે કરી મારવા તૈયાર થયો. ત્યાં રાજાનું સૈન્ય આવ્યું. આહાર કર્યો. સ્વસ્થ થયો. પછી રાજા વટનાં કોટરમાં જોવા લાગ્યો. ત્યાં અજગરનાં મુખમાંથી ગરલ પડતું જોયું. અને વિચારવા લાગ્યો કે અહો ! આ તો વિષ દેખાય છે. આ પંખી નિઃકારણ ઉપ-કારી ને મારા જીવને ખાતર પંખીના પ્રાણ લીધા. માટે હું પાપી બન્યો. એ રીતે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. મહાશોક કરતો, ચંદનના કાષ્ટે કરી પંખીના શરીરને સંસ્કાર કર્યો. અનુક્રમે નગરીમાં ગયો. કાલાંતરે શોક રહિત થઈ રાજ પાળતો હતો. એ રીતે કષાયીને બુદ્ધિ છોડે છે. માટે બુદ્ધિજીવોએ કષાય ન કરવો. ઇતિ પક્ષિઘાતક રાજાની કથા ॥

सकलसभाभामिनि भालस्थलतिलकायमान पंडित श्रीउत्तमविजयगणी शिष्य पंडित पद्मविजयगणीकृत बालावबोधे श्री गौतकुलकप्रकरणे षष्ठ-गाथायां चत्वार्युदाहरणानि समाप्तानि ॥

હવે સાતમી ગાથા કહે છે. તેનો છઠી સાથે એ સબંધ છે કે પૂર્વની ગાથાના અંતે જે કહ્યું કે ક્રોધીને બુદ્ધિ છાંડે, અને બુદ્ધિ વિના જે કરવું તે વિલાપ તુલ્ય જાણવું, તે માટે સાતમી ગાથામાં વિલાપ દેખાડે છે.

अरोइ अच्छं कहिए विलावो, असंपहारे कहिये विलावो ।
विखित्तचित्तो कहिये विलावो, बहु कुसिसे कहिए विलावो ॥१॥

अरोइ अच्छं कहिए विलावो ॥ અરુચિવાળ'ને પરમાર્થની વાત કહેવી તે વિલાપ રૂપ છે. નિરર્થક જાણવી, તે માટે સાંભળવાની રૂચિ હોય તો જ કહેવું. નહિં તો બ્રહ્મદત્ત અને ચિત્રમુનિની પેઠે વિલાપ સરખું નિરર્થક જાય इति भाव તે બ્રહ્મદત્તની કથા કહે છે.

સાંકેતનગરને વિષે ચંદ્રાવતંસક રાજા હતો. તેનો પુત્ર મુનિચંદ્ર નામે હતો. તે કામભોગથી વિરમ્યો થકો પુત્રને રાજ્ય સ્થાપીને પોતે સાગરચંદ્ર મુનિરાજ પાસે દીક્ષા લીધી, એક દિવસ ઉગ્ર તપસ્યા કરતા ગુરુ સાથે વિહાર કરતાં કોઈક ગામે ગોચરી ગયા. સાથ હતો તે જતો રહ્યો. ગુરુને પણ વિસ્મરણ થયું. તેથી ગુરુ સાથે ચાલ્યા ગયા. પાછળથી સાગરચંદ્ર પોતે એકલા અટવીમાં આવ્યા. ક્ષુધાતૃષાએ બાધા પામતા ત્રીજે દિવસે હોઠ, કંઠ, તાળુ સુકાઇ ગયા. તેથી મૂર્છા પામી વૃક્ષ નીચે પડયા. એવામાં ગોવાળીયાનાં ચાર બાળકે આવી તેમની સેવા કરી. તે ચારે બાળકને મુનિએ પ્રતિબોધ કર્યો. દીક્ષા લીધાં. તેમાં બે જણ તો ચારિત્રની દુર્ગંચ્છા કરી અણઆલોઈ સમકિત ગુણે કરી દેવલોક ગયા. તથા બીજા પણ બે જણ દેવલોકે ગયા. પણ તેનો અધિકાર અહીં નથી.

અન્યદા દશપુર નગરે સંભીલ નામે બ્રાહ્મણની જશમતી નામે દાસી હતી. તેની કુક્ષિએ પહેલા બે જણ જોડલાપણે ઉપન્યા. અનુક્રમે યૌવન પામ્યા. એકદા ખેતરની રખવાલી કરવા અટવીમાં ગયા. ત્યાં રાત્રે એક વડ હેઠળ સૂતા. એવામાં વડનાં કોટરમાંથી એક સર્પ નીકળ્યો. તે બેમાંથી એકને ડંસ્યો. બીજાએ સાપને ખોળવા માંડયો. એટલે બીજાને પણ તેજ સાપ કરડયો. ત્યાં બને મરણ પામીને કાલિંજર ગામના પર્વતમાં મૃગલીની કુક્ષીએ યુગલપણે ઉપન્યા. અનુક્રમે પૂર્વની પ્રીતિએ પાસે ચરતાં જોઈ ત્યાં કોઈ વ્યાધે એક જ બાણે બંનેને માર્યા. મરીને ગંગા કાંઠે બેહુ જણ હંસલીની કુખે ઉપન્યા. એટલે હંસ થયા. તેને

પણ એક મચ્છબંધકે પાસમાં નાંખી ડોક મરડીને મારી નાંખ્યા મરીને વાણારસી નગરીએ મહાધનવંત ભૂતદિન્ન નામે ચંડાલને ઘેર પુત્રપણે ઉપન્યા. ત્યાં પણ પૂર્વની પેઠે પરસ્પર બહુ જણને પ્રીતિ થઇ. એકનું નામ ચિત્ર. બીજાનું નામ સંભૂતિ. એજ સમયે તેજ વાણારસી નગરીમાં શંખ નામે રાજા રાજ્ય કરે છે. તેને નમુચિ નામે મંત્રી છે. એક દિવસ મંત્રી અપરાધી હોવાથી રાજાએ ભૂતદિન્ન ચંડાલને હુકમ કર્યો કે એ મંત્રીને છાનો મારજે. ચંડાલે પણ મારતી વેળાએ મંત્રીને કહ્યું કે જો તું ભોંયરામાં રહી મારા પુત્રને ભણાવીશ તો તને જીવતો રાખું. મંત્રીએ પણ જીવિતવ્યતાના લોભે ભણાવવાની હા પાડી.

હવે તે છોકરાને ભણાવતાં કેટલોક કાલ ગયો. ત્યાં તે શ્રી મંત્રી ભૂતદિન્ન સાથે લપટાણો. તે વાત ભૂતદિન્ને જાણી. તે વારે તેને મારવા માંડયો.

પણ ચિત્ર અને સંભૂતિએ ભણાવનાર ઉપકારીને નસાડી મૂકયો. ત્યાંથી નીકળી હત્થિણાઉર નગરમાં સનત્કુમાર ચક્રવર્તિને મળ્યો. ત્યાં તે મંત્રીપદ પામ્યો.

હવે તે ચિત્ર સંભૂતિ ચંડાલપુત્રો રૂપ, યૌવન, લાવણ્ય, ગીત, નાટકની કલા કરી તથા વીણા બજાવવા કરી વાણારસી નગરીનાં લોકના ચિત્ત હર્યાં. એક દિવસ વસંત ઋતુને અનેક લોકો, યુવાન સ્ત્રીઓનાં નાટક થવાથી ક્રીડા કરવા લાગ્યા. તેવામાં ચંડાલ પણ પોતાના પરિવાર સહિત ક્રીડા કરવા આવ્યો. ત્યાં ચિત્ર સંભૂતિપણ ગીત ગાન કરવા લાગ્યા. તેમનાં મનોહર સ્વર સાંભળી સર્વ નગરીનાં લોક એને જોવા મળ્યા. તેમાં સ્ત્રીઓ વિશેષ ભેગી થઇ. તે દેખીને ચતુર ડાહ્યા લોકે રાજાને વિનંતિ કરી. કે હે દેવ! સર્વ લોકને એ ચંડાળે વટલાવ્યા. તે સાંભળી રાજાએ પણ ચંડાલને નિવાર્યા. વળી કેટલોક કાળ ગયો. અન્યદા કૌમુદીમહોત્સવ આવ્યો. ત્યારે પૂર્વલી શિખામણ વિસારી પોતાની ભૂમિકા અવગણીને બે જણ નગરીમાં પેઠા. ત્યાં કૌતુકરસે ગીત

ગાન સાંભળી પોતે ગાવા લાગ્યા તે જોવા લોકો ભેગા થયા. તેમણે પૂર્વલી વાત સાંભળીને મારમાર કરતાં પ્રહાર કરવા લાગ્યા. અને કાઢી મૂકયા. ત્યારે ઉદ્યાનમાં ખેદ કરીને વિચારવા લાગ્યા કે અમારુ રુપ, લાવણ્ય, યૌવન, સૌભાગ્ય, કલા તથા કુશલપણાને ધિક્કાર છે. કારણકે ચંડાલનાં કુલ માત્રથી કલંકરૂપ થયું છે. ત્યાં તેઓ વૈરાગ્ય પામ્યા. સ્વજન કુટુંબને કહ્યા વગર મરવાનો નિશ્ચય કરીને દક્ષિણ દિશામાં ચાલ્યા. ત્યાં દૂર પર્વત દીઠો. તે ઉપર ચઢતાં એક શિલા ઉપર ચઢયા. ત્યાં દુર્બલ શરીરે ધ્યાન કરતાં, આતાપના લેતા. કાઉસગ્ગે રહેલા મુનિને દીઠા. તે દેખી તેઓ હર્ષ પામ્યા. ત્યાં જઇ વંદના કરી. મુનિએ ધ્યાન પૂર્ણ કરી ધર્મલાભ દીધો. અને પૂછ્યું. તમે કયાંથી આવ્યા છો ? તેણે પોતાનો વૃત્તાંત જણાવ્યો. હવે અમે આ પર્વત ઉપરથી પડીને મરશું. ત્યારે ઋષિ બોલ્યા. એમ પામરની પેઠે મરવું તમને ન ઘટે. તમને તો શારીરિક અને માનસિક એવા બે પ્રકારનાં દુઃખનો ક્ષયકારક એવો શ્રી જિનેશ્વરનો પ્રરૂપ્યો ધર્મ કરવો ઘટે.

તેમણે મુનિ વચન અંગીકાર કરી દીક્ષા લીધી. અનુક્રમે ગીતાર્થ થયા. છટ્ઠ, અટ્ઠમ, દશમ, દુવાલસ, માસ અને અર્ધમાસાદિક વિચિત્ર તપસ્યાએ આત્માને ભાવતા ગ્રામાનુગ્રામ વિચારતા, અન્યદા હસ્તિણાઉર નગરનાં ઉદ્યાનમાં આવ્યા. એકદા માસક્ષમણને પારણે સંભૂતિમુનિ તે નગરમાં ગોચરી માટે ભમે છે. તેવા સમયે રાજમાર્ગે ભમતાં તેને નમુચિ પ્રધાને ઓળખ્યા. કે એ ચંડાલનો દીકરો છે. રાજા પ્રમુખને મારી વાત જણાવશે. એવા ભયથી તેણે પોતાના માણસો મોકલી મરાવ્યા અને કદર્થના કરાવી. તે અવસરે મુનિને નિરપરાધ મારે છે તે માટે કોપ થયો. તેણે કરી મુખમાંથી તેજોલેસ્યા નીકળવા માંડી. ધૂમનો સમૂહ નગરમાં વ્યાપ્યો. ધૂમડાના ગોટેગોટા નીકળ્યા. આકાશ તેથી છવાઈ ગયુ. અંધકાર થઈ ગયો. તે ભય અને કૌતુકે કરી નગરનાં લોક જોવા આવ્યા. મુનિને દેખી વંદના કરી. પ્રસન્ન કર્યા. સનતૃચક્રી પણ

વંદન કરવા આવ્યા. ક્ષમાપના માંગી. અમરો અપરાધ ક્ષમા કરો. તપ તેજ સંહરો. અમને જીવિતવ્ય આપો. ફરી એવું નહિ કરીયે. તો પણ મુનિ પ્રસન્ન ન થયા

હવે ધૂમાદિક દેખીને લોકોના મુખેથી વાત સાંભળી ચિત્ર સાધુ ત્યાં આવ્યા. અને કહેવા લાગ્યા. હે સંભૂતિમુનિ ! કષાય અનલ શમાવો. સમતા કરો. અપરાધીનું પણ માઠું ન ચિંતવે. ક્રોધ સંયમનો ઘાતક છે, ક્રોધ દુર્ગતિએ લઇ જાય છે. ક્રોધ પૂર્વ કોડીનું ચારિત્ર બાળીને ભસ્મ કરે. તે વચન સાંભળી સંભૂતિમુનિનો ક્રોધ ઉપશમ્યો. વૈરાગ્યમાં વ્યાપ્ત થઇ પાછા ઉદ્યાનમાં આવ્યા. લોક પોતપોતાના સ્થાને ગયા. મુનિએ વિચાર્યું કે સંલેષણા તો કરી પણ હવે અણસણ કરીયે. એમ ચિંતવી અણસણ કર્યું.

હવે સનત્કુમારે નમુચીનો સર્વ વ્યતિકર જાણ્યો. ત્યારે નમુચિને દૃઢ રજ્જુ બંધને બાંધીને મુનિ પાસે લાવ્યા, મુનિએ તેને મુકાવ્યો. તે સમયે સુનંદા નામે ચક્રવર્તીની સ્ત્રીરત્ન તે સંભૂતિમુનિને પગે લાગી. તેવામાં તેની વેણીનો ફરસ સંભૂતિ મુનિને થયો. તેથી સંભૂતિએ નિયાણું કરવા માંડયું, ત્યારે ચિત્રમુનિએ વિચાર્યું કે અહો ! દુર્જયેન્દ્રિય અહો ! વિષય ઉન્માદ જેથી કરીને એવો તપસ્વી જિનવચનનો જાણ છતાં સ્ત્રીના વાલાગ્ર ફરસવાથી એવા અધ્યવસાયવાળો થયો. એમ ચિંતવીને તેને પ્રતિબોધ કરવા માંડયા. હે સંભૂતિ ! એવા અશુભકર્મોથી નિવર્તો. એ કામભોગ અસાર છે. પરિણામે દારુણ છે. સંસાર ભમવાના હેતુ છે. પરમાર્થે દુઃખરૂપ છે. સુખનું તો અભિમાન માત્ર છે. उक्तं च ॥ जह कच्छुल्लो कच्छु, कंडूअमाणो दुहं मुणइ सुखं ॥ मोहाउरा मणुस्सा, तह कामदुहं सुहं बिंति ॥ કેવલ અશુચિએ ભર્યું મનુષ્યનું શરીર, વિષયનો કોથળો. એમાં શી ભલેવાર ? વળી વસ્ત્ર, ફુલ, ગંધ, વિલેપન હોય તો પણ શરીર ગંધ મારે છે. વિણસી જાય છે. દાંતમાં દુર્ગંધ, મુખમાં અશુચિ, નાસિકામાંથી અપવિત્ર પદાર્થ નિત્ય વહે છે. વળી રોગનું ઘર એવા શરીરને વિષે હે મુનિરાજ ! તમે મુંઝાવો નહિં.

જે માટે નિયાણાથી ઘોર તપ અનુષ્ઠાનો કર્યા હોય તો પણ ફળવંત થતા નથી, ઈત્યાદિ વચન કહ્યા તો પણ પ્રતિબોધ ન પામ્યા. અને નિયાણુ કર્યું કે જો એ તપનું ફલ હોય તો જન્માંતરે હું ચક્રવર્તી થાઉં, અનુક્રમે મરણ પામી સૌધર્મ દેવલોકે બેહુભાઈ દેવતા થયા. ત્યાંથી ચિત્રનો જીવ ચ્યવીને પુરિમતાલ નગરે શેઠનો પુત્ર થયો. અને સંભૂતિનો જીવ ચ્યવીને કંપિલપુર નગરમાં બ્રહ્મ નામે રાજાની ચુલણી નામે રાણીનાં ઉદરને વિષે ચૌદ સ્વપ્ન સૂચિત પુત્ર થયો. એનું બ્રહ્મદત્ત નામ પાડયું. અનુક્રમે મોટો થયો. બહોતેર કલા ભણ્યો.

હવે બ્રહ્મરાજાને ઉત્તમ વંશનાં ચાર રાજા મિત્ર છે. તેમાં એક તો કાશી દેશનો ધણી કનક નામે રાજા છે. બીજો ગજપુરનો ધણી કણેરદત્ત નામે રાજા છે. ત્રીજો કોશલદેશનો ધણી દીર્ઘ નામે રાજા છે. ચોથો ચંપાનો ધણી પુષ્પચૂલ નામે રાજા છે. તે ચારે માંહોમાંહે સ્નેહે કરી એકબીજાના વિરહને અણ ઇચ્છતા અનુક્રમે એકેક વર્ષ ભેગા રહે. અને વિચિત્ર ક્રીડા કરતાં કાલ ગુમાવે છે. અન્યદા તે ચારે બ્રહ્મરાજાને ઘેર રહ્યા છે. એકદા તે બ્રહ્મરાજાને મસ્તકે રોગ ઉપન્યો. ત્યારે તેણે પોતાના પુત્રને ચારે મિત્રને ખોળે મૂક્યો. પછી બ્રહ્મરાજા મરણ પામ્યો. તેનું મૃતકાર્ય કરીને ચારે જણે વિચાર્યું કે જ્યાં સુધી બ્રહ્મદત્ત રાજ્ય ચલાવવાને સમર્થ ન થાય ત્યાં સુધી રાજ્ય નિર્વાહ આપણે કરવો. એમ વિચારી ચાર જણમાંથી એક દીર્ઘરાજાને રાજ્ય સોંપીને ત્રણ રાજા પોતાના સ્થાને ગયા, પછી તે દીર્ઘરાજા સકલ સામગ્રી સહિત રાજ્ય નજરે જોઈ ભંડારમાં પેઠો. અંતેઉર પણ જોયું, હવે ઇન્દ્રિયો દૂર નિવાર છે. માટે બ્રહ્મની મિત્રાઇ પણ ન ગણી, લોક નિંદા પણ ન ગણી, તે ચુલણી રાણીના પ્યારમાં પડયો. કેટલોક કાળ ગયો. તે વારે ધનુ નામે પ્રધાને તે વૃત્તાંત યથાર્થ જાણી પોતાના વરધનુ પુત્રને કહ્યું કે ચુલણી કુશીલીણી થઇ છે. માટે એ વાત કુમારને જણાવ, તેણે તેમજ કર્યું.

બ્રહ્મદત્ત પણ માતાનું દુચરિત્ર સહી ન શકયો. માટે કાગડો અને કોયલ બે પક્ષીયોને પકડી અંતેઉરમાં જઇ તેમનો સંયોગ કરાવતો જાય. અને કહેતો જાય કે જે કોઇ આ રીતે કરશે તેને નિગ્રહ કરીશ. ઇત્યાદિ ચેષ્ટા કરતો દેખીને દીર્ઘરાજાએ ચુલણીને કહ્યું કે કાગડો અને કોયલનો સંયોગ કરાવીને બાલકની પેઠે જેમતેમ બોલતો આપણને સમજાવવા માટે મને કાગડો કહ્યો અને તેને કોયલ કહી ઠરાવે છે. એમ નિશ્ચય જાણજે. માટે જો તું એને માર તો આપણે નિર્વિઘ્ને રહી શકીયે. અને હું છું તો તને ઘણા દીકરા થશે. તે સાંભળી સ્નેહવશે થઇ તેણીએ હા ભણી उक्तं च ॥ मारइ पियभर्तारं, हणइ सुयं तहय नासए अच्छं ॥ नियगेहं पि पलीवइ, नारी रागाउरा पावा ॥ પછી મારવા માટે કુમારનો વિવાહ માંડયો. અનેક સ્થંભ સહિત લાખનું ઘર કરાવ્યું, ત્યારે વરધનુ પ્રધાને ગંગાને કાંઠે દાન દેવાના મિષે દાનશાલા મંડાવી. ત્યાંથી વિશ્વાસી પુરુષો પાસે સુરંગ ખોદાવીને લાખના ઘર સુધી લાવ્યા. હવે વિવાહ થયો. છેવટે લોક ઘેર ગયા. વરવહુ લાખના ઘરમાં આવ્યા. વરવહુ અને વરધનુ ત્રણે બેઠા છે. બે પહોર રાત્રિ ગઇ. એટલે ચારે તરફ આગ લાગી, હાહાકાર થયો. કુમારને કાંઇ સૂઝે નહીં. ત્યારે મંત્રિપુત્રને પૂછવા લાગ્યો કે આ શું ? તે બોલ્યો કે રાજ્યકન્યા પરણવાની હતી તેને તો અમે પત્ર લખીને નિષેધ કર્યો. માટે આ તો અન્ય કોઇ સ્ત્રી મોકલી છે. તેથી એ સ્ત્રી ઉપર પ્રતિબંધ કરશો નહિં. તમે આ સ્થાનને પ્રહાર કરો. જેથી આપણે નીકળી જઇયે. કુમારે તેમજ કર્યું. બેહુ જણ બહાર નીકળ્યા. સુરંગની બહાર નીકળ્યા. ત્યાં પૂર્વ સંકેતિત વિશ્વાસુ બે પુરુષ અશ્વ લઇ ઉભા છે. તે અશ્વ ઉપર બેસી આગળ ચાલ્યા. અહીં બ્રહ્મદત્તનું સર્વ વૃત્તાંત કહેવું. અનુક્રમે ચૌદરત્ન, નવ નિધાન, ચોરાશી લાખ હાથી, ચોરાશી લાખ ઘોડા, ચોરાશી લાખ રથ, અને છન્નુ ક્રોડ, પાયદલ, ચોસઠ હજાર અંતેઉરી ઇત્યાદિક સર્વ ચક્રવર્તીની સામગ્રી સહિત કંપિલપુર નગરે આવ્યા. તે વારે ચુલણીએ ભયથી ચારિત્ર લીધું. અને દીર્ઘરાજાએ સંગ્રામ કર્યો.

બ્રહ્મદત્તે ચક્ર મૂકયું તેથી દીર્ઘરાજા મરણ પામ્યો. પછી સર્વ રાજા મળી બ્રહ્મદત્તને ચક્રવતીંપદે અભિષેક કર્યો. તે કંપિલપુર રાજ્યે બેઠા. એમ ચક્રવર્તીપણું ભોગવતા રહે છે. અહીં વિસ્તારના અર્થીએ બ્રહ્મદત્ત ચરિત્ર જોવું.

હવે અન્યદા બ્રહ્મદત્તની હજુર નાટકીયે નાટક માંડયું. પાછલો પહોર છે. એવામાં એક દાસી ફુલની માળા તથા દડા પ્રમુખ લાવી રાજા પાસે મુકી. તે કુસુમ તથા નાટક જોતા રાજાને વિકલ્પ થયો કે એવું નાટક મેં કયાંક જોયું છે. એવો ફુલનો દડો પણ કયાંક સુંઘ્યો છે. એમ વિચારતા જાતિસ્મરણજ્ઞાન ઉપન્યું, ભોંયે પડયો. મૂર્છા આવી, સામંત પ્રમુખે ચંદનના છાંટણા છાંટયા. શીતલવાયુ નાંખ્યો. એટલે ચેતન આવ્યું. ત્યારે પાછલે ભવે પદ્મગુલ્મ વિમાનમાં પોતે સૌધર્મ દેવલોકે હતો. ત્યાંના નાટક, સુગંધ, ફુલ પ્રમુખ સાંભર્યા, પણ ભાઇ કયાં ઉત્પન્ન થયો છે. તે ખબર નથી. માટે તેની ખબર કાઢવાં સારુ દોઢ શ્લોક ગુપ્ત કરી વરધનુ પ્રધાનને આપ્યો, તેની મારફત નગરમાં ઉદ્‌ઘોષણા કરી કે કોઇ પાછળના બે પદ પૂરે તેને ચક્રવર્તી અર્ધું રાજ્ય આપશે. તે સાંભળી સહુ શ્લોક ભણે પણ બે પદ પૂર્ણ કરતા નથી. તે દોઢ શ્લોક આ છે. दासा दसन्ने आसी, मिया केलिंजरे नगे ॥ हंसा य गंगतीराइं सोवागा कासी भूमणा (१) देवाय देवलोएसु, आसीं अम्हे महठिया ॥ इति ॥

એવા અવસરે પુરિમતાલ નગરમાં પૂર્વલા ભવે બ્રહ્મદત્ત રાજાના ભાઇ ચિત્ર નામે હતા, તે શ્રેષ્ઠીપુત્ર થયા છે, તે જાતિસ્મરણ પામી ચારિત્ર લઇ બ્રહ્મદત્તનાં નગરમાં મનોરમ ઉદ્યાને આવી કાઉસગ્ગે રહ્યા. ત્યાં કોઇ અરહટ્ટનો ખેડુત પૂર્વોક્ત દોઢ શ્લોક ભણે છે. તે સાંભળી જ્ઞાન ઉપયોગે ભાઇનું સર્વ સ્વરૂપ જાણ્યું. મુનિએ બીજા શ્લોકનું પશ્ચાર્ધ પૂર્યું. યથા ॥ इमाणे बठिया जाइ अन्नामणेण जाविणा ॥ તે સાંભળતા અરહટ્ટ ખેડુત, સર્વ કામ પડતાં મુકી હર્ષ પામતો રાજા પાસે ગયો. જઇને સંપૂર્ણ બે શ્લોક કહ્યા. તે સાંભળીને રાજા ભાઇના

સ્નેહે મૂર્છા પામ્યો. તે વેલા રાજા સભા ક્ષોભ પામી. પાસે ઉભેલા બે સેવકોએ અરહટ્ટ ખેડુતને ચપેટાએ હણવા માંડયો. મારતા થકા તે બોલ્યો. એ બે પદ મેં નથી પૂર્યા. પણ વનમાં રહેલા મુનિએ પૂર્યા છે. એમ વિલાપ કર્યો તે વારે તેને મૂકી દીધો. તે પોતાના ઠેકાણે ગયો. ચક્રવર્તીને પણ મૂર્છા વળી તે વારે તે વૃત્તાંત સાંભળીને જાણ્યું કે ભાઇ આવ્યા છે. તે સ્નેહે કરી બ્રહ્મદત્ત ચક્રી પરિવાર સહિત ઉદ્યાનમાં વાંદવા નીકળ્યા. ત્યાં મુનિને દેખી તેને વંદના કરી બેઠા મુનિએ પણ દેશના દીધી. સંસારની અસારતા જણાવી. કર્મબંધનના હેતુ દેખાડયા. મોક્ષમાર્ગ વર્ણવી દેખાડયો. તે સાંભળી પર્ષદાને વૈરાગ્ય થયો. બ્રહ્મદત્ત તો અભાવિત થઇ બોલ્યા, હે ભગવાન્! જેમ તમે પોતે મને મળવાથી આનંદ ઉપજાવ્યો. તેમ હવે રાજ્ય લઇ આનંદ ઉપજાવો. મારે આવાસ છે. ગીત, નાટક, વાજિંત્ર સ્ત્રિયો છે. તેના તમે ભોગ ભોગવો. પ્રવજ્યા તો મહા દુઃખરૂપ છે. મેં તપ કર્યું તેનું ફળ પામ્યો છું. અને તમે તો તેવાને તેવા જ રહ્યા. મુનિ બોલ્યા. હે રાજન્! તેં નિયાણુ કર્યું હતું તે વિપાકે આપણ બેઉનો વિયોગ થયો. તારે જેમ રાજઋદ્ધિ છે. તેમ મારે ઘેરપણ ઘણી ઋદ્ધિ છે. પણ મેં જિનવચન સાંભળીને તેનો ત્યાગ કર્યો. વળી હું ગીત તે વિલાપ જાણું છું. નાટક તે વિટંબના જાણુ છું. સર્વ આભરણ તે ભાર જાણું છું. કામભોગ તે મહાદુઃખદાઇ છે. જે કોઇ મુનિ કામભોગથી વિરમ્યા, તપોધન થયા, શીલગુણમાં રંગાણા તે મુનિને જે સુખ છે તે તારા કામભોગમાં નથી. યતઃ ।। सव्वं विलवियं गीयं, सव्वं नट्टं विडंबणा ॥ सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ।।१॥ बालाभिरामेसु, दुहावहेसु, न तं सुहं कामगुणेसु, राया ।। विरत्तकामाण तवो धणाणं, जं भिखुणो सीलगुणे रयाणं ।।२॥

તે માટે હે રાજન્! આપણે સર્વથી નીચ નિંદનીક એવી ચંડાલની જાતિમાં હતા. અને અહીં એવા કામભોગ પામ્યા. તે સર્વ સંયમ, તપ કર્યા તેના ફલ છે. એવું જાણી પ્રમાદ ન કરો. એ અશા-

શ્વતા ભોગ છોડીને ઘરમાંથી ચારિત્ર લેવા નીકળો. એ જીવિત અશાશ્વતુ છે. તેમાં જે પ્રાણી ન કરે તે પ્રાણી ધર્મ કર્યા વિના મરણ ઢુકડું આવે ત્યારે પરલોકને વિષે ઘણો શોચ કરે. જેમ સિંહ હોય મૃગને લઇ જાય, તેમ અંતકાલે મૃત્યુ આવી પ્રાણીને લઈ જાય. તે વખત માતા-પિતા ભાઇ પ્રમુખ કોઇપણ સખા ન થાય. વળી સ્વજન, મિત્ર, પુત્ર, બાંધવ પ્રમુખ કોઇ દુઃખ પણ વહેંચી શકે નહિં, એકલો જીવ પોતે ભોગવે. કારણકે કર્મ તે કર્તાની સાથે જાય. એ સર્વ દ્વિપદ, ચતુષ્પદ, ક્ષેત્ર, ધન, ધાન્યાદિકને મૂકી પરભવે કર્યા શુભાશુભ કર્મ લઇ જાય, વળી પોતે મરે ત્યારે તેની ભાર્યા, પુત્ર પ્રમુખ તેના શરીરને બાળી નાંખે, કેટલાક દિવસ શોક કરીને પોતાનો સ્વાર્થ પોતે પૂરો પાડે, માટે હે રાજન્ ! તું ભારે કર્મ ન કર. ચક્રી બોલ્યા. હે મુનીશ ! તમે કહો છો તે હું જાણું છું. મેં પૂર્વે હત્થિણાઉર નગરીને વિષે ચક્રવર્તીની ઋદ્ધિ દેખીને કામભોગમાં ગૃદ્ધ થઇને અશુભ નિયાણુ કરીને પછી પડિક્કમિયુ નહિં. તેના એ ફલ છે માટે ધર્મના જાણતા છતાં પણ હું કામભોગમાં મુંઝાણો છું. જેમ હાથી હોય તે ઘણો કચરો અને થોડું પાણી જે સ્થળે હોય તેમાં પેઠો થકો સ્થલને દેખે નહિં, તેમ હું કામભોગના કચરામાં મગ્ન થઇ નીકળી શકતો નથી. સાધુનો માર્ગ લઇ શકતો નથી. મુનિ બોલ્યા. ભોગ અનિત્ય છે, તેને છોડતા અસમર્થ છે તો પણ ગૃહાવસ્થામાં રહી અર્થકામ કરજે. જો ધર્મ કરી અનુકંપા કરીશ તો પણ વૈમાનિક દેવતા થઈશ યતઃ ॥जरतंसि भोए चइउं असत्तो, अज्जारकम्माइ करेहिरायं ॥ धम्मे ठियं सव्व हियाणुकंपि तं होहीसी देवइओ विउव्वी ॥ તને ભોગ છોડવાની શક્તિ નથી અને આરંભ પરિગ્રહમાં ગૃદ્ધ છે. તેથી એટલીવાર વિપ્રલાપ કર્યો તે વ્યર્થ થયો. માટે હે રાજન્ ! હવે હું જાઉં છું. યતઃ न तृप्त भोगे चइउण बुद्धि गिध्धोसि आरंभपरिगहेसु ॥ मोहो कउ एत्तिउ विप्पलावो गच्छामि रायं अममाति उंसि ॥ એમ કહી મુનિએ વિહાર કર્યો. અનુક્રમે ઉગ્ર ચારિત્ર પાળીને તેજ ભવે મોક્ષે ગયા. બ્રહ્મદત્તો પણ કામભોગ ન છોડયા

તે ઉત્કૃષ્ટ કામભોગ ભોગવીને સાતમી નરકે નારકીપણે જઇ ઉપન્યો. તે માટે અરુચિવંતને જે કહેવું તે સર્વ વિલાપ જાણવો. इति ब्रह्मदत्त कथा ॥ શ્રી ઉત્તરાધ્યયને.

હવે કોઈક પ્રતમાં अइउं अच्छे कहिये विलावो એ પાઠ છે. ત્યાં એમ અર્થ કરવો કે ગઈ છે વસ્તુ જેથી તે અતીતાર્થ કહીયે. તેથી પાસે કહ્યું એટલે માંગ્યું. તો પણ વિલાપ જાણવો. એટલે પોતાની પાસે નથી તે પરને શું આપે ? યતઃ ॥ યોગશાસ્ત્રે ॥ परिग्रहारंभगना स्तारयेयुः कथं परान् ॥ स्वयं दरिद्रो न पर मीश्वरी कर्तुमीश्वर ॥१॥ અહીં શ્રી કૃષ્ણ અને વીરા સાલવીનું દૃષ્ટાંત કહે છે. દ્વારિકા નગરીએ શ્રીનેમિનાથજી સમોસર્યા. કૃષ્ણ વંદના કરવા ગયા. પ્રભુજીએ દેશના દીધી. દેશનાને અંતે શ્રી કૃષ્ણજીએ પૂછયું હે સ્વામિન્ સાધુ ચોમાસામાં વિહાર કેમ ન કરે ? પ્રભુ બોલ્યા હે કૃષ્ણ ! ચોમાસામાં જીવની ઉત્પત્તિ ઘણી હોય તેથી વિહાર કરતાં જીવની વિરાધના થાય. માટે સાધુ વર્ષાકાલે વિહાર ન કરે. તે સાંભળી. કૃષ્ણએ પ્રતિજ્ઞા કરી કે સોલ હજાર મુકુટબંધ રાજાઓ જતાં આવતાં ઘણી હિંસા થાય. માટે કચેરી ચોમાસામાં ભરવી નહીં. એમ કહીને ઘેર આવ્યા. અને સહુને નિષેધ કર્યો. ચોમાસામાં કોઇ આવશો નહિં, તે દિવસથી લોકોમાં દેવસૂતિ અગિયારસ કહેવાય છે.

હવે કૃષ્ણનો ભક્તિવંત વીરા નામે સાલવી છે. તે કૃષ્ણનું મુખ જોયા વિના જમતો નથી. માટે નિત્ય બારણે આવી પૂજા કરીને જાય. એમ ચાર મહિના ભૂખ્યો રહ્યો. ચોમાસુ વ્યતિક્રાંત થયું ત્યારે વીરો આવ્યો. તેને કૃષ્ણે પૂછયું. તું દુબળો કેમ દેખાય છે ? ત્યારે પાસે બેઠેલાએ સર્વ વાત કહી. તે સાંભળી કૃષ્ણે વિચાર્યું કે એની મારા ઉપર ભક્તિ છે. માટે એને કોઇ રોકશો નહિ.

હવે કૃષ્ણ મહારાજને પ્રતિજ્ઞા છે કે પોતાની કન્યાને પરણાવવી નહીં. જે કન્યાને શણગાર કરાવીને તેની માતા રાજસભામાં મોકલે

કન્યાને કૃષ્ણ પૂછે કે તમે રાણી થશો કે દાસી થશો ? ત્યારે કન્યા કહે કે રાણી થઇશું. તો કૃષ્ણ કહે કે રાણી થવાની ઇચ્છા હોય તો પ્રભુ પાસે જાવ. અને ચારિત્ર અંગીકાર કરો. ત્યારે તે વાત પ્રમાણ કરીને ચારિત્ર લહે. એમ કરતાં એક દિવસ રાણીએ પોતાની દીકરીને શીખવી મૂક્યું કે તને રાણી થશો કે દાસી ? ત્યારે તમારે કહેવું મારે દાસી થવું છે. ત્યારે કૃષ્ણે એમ ચિંતવ્યું કે બીજીવાર એવું ન કરે એમ વિરા સાલવીને એકાંતે તેડીને પૂછ્યું કે તારા ભવમાં શી કરણી કરી છે ? ત્યારે તે બોલ્યો. કે બોરડી ઉપર બેસીને મેં પત્થરે કરી કાકીડો માર્યો હતો તથા પાંજણી કરવાની ઘેંશની કલશીમાં માખીઓ ભરાણી હતી ત્યારે મેં તેની ઉપર હાથ દીધો હતો. તેથી મક્ષિકા ગણગણાટ શબ્દ કરવા લાગી. વળી ચોમાસામાં રથ ચાલવાના માર્ગ મધ્યે પાણી ચાલ્યું જતું હતું. ત્યારે મેં આડો ડાબો પગ દીધો હતો. તેથી પાણી રોકાઇ ગયું.

તે સાંભળી શ્રી કૃષ્ણ રાજા તખ્તે બેસી સભામાં કહેવા લાગ્યા કે સાંભળો. વીરો સાલવી એવો બલીયો છે. यतः ॥ जोय रक्तफणो नागो, वसंतो बदरींवणे (पाठांतरे) आहुउ पुढवीसच्छेणं ॥ पच्छरसच्छेर हुउ, वेमइणाम खत्तिउ (१) जेण घोसवइ सेणा, वसंती कलुसी उरइ ॥ धारीया वामहच्छेणं, वेमई खत्तिउ ॥ (२) માટે હું એને આ કન્યા આપું છું એમ કહી કૃષ્ણે કન્યા આપી. વીરા સાલવીએ તેને ઘેર લાવી તખ્તે બેસાડી સેવા કરવા માંડી. એમ કેટલાએક દિવસ થયા. કૃષ્ણે પૂછ્યું રે વીરા ! ઘરનું કામ કરાવે છે કે નહિં ? વીરો બોલ્યો કે મહારાજ ! હું ચાકરની જેમ પૂજા કરૂં છું. કુષ્ણજી બોલ્યા. જો ઘરનાં સર્વ કામ એની પાસે નહિં કરાવે તો તારી વાત તું જાણે. સાંભળીને વીરો ઘેર આવી સ્ત્રીને કહેવા લાગ્યો. કે ઉઠ ! ઘેંશ રાંધ, પાંજણી કર. તે સ્ત્રીએ કહ્યું, કોલિકા તારી જાતિ વિચાર, એવુ સાંભળી

વીરો સાલવી તાડના, તર્જના કરવા લાગ્યો. ત્યારે તે રોતી રોતી માતાને કહેવા લાગી. મને મારો ધણી મારે છે. તે સાંભળી રાણીએ કૃષ્ણને વાત કરી. કૃષ્ણ બોલ્યા. રે સ્ત્રી ! મારો શો વાંક છે? એણે પોતે દાસીપણું માંગ્યું. તે સાંભળી રાણી બોલી કે જવા દે એ દીક્ષા લેશે. કૃષ્ણે કહ્યું. વીરા સાલવીને પૂછીયે. વીરાને પૂછીને મહોત્સવથી દીક્ષા લેવરાવી.

વળી એકદા નેમનાથ સમોસર્યા. તેમને કૃષ્ણ વંદના કરવા ગયા. ત્યાં દ્વાદશાવર્ત વંદના કરી અઢાર હજાર સાધુને વંદના કરવા માંડી, ત્યારે બીજા પણ ઘણા રાજાએ વંદન કર્યા. અનુક્રમે સર્વ થાકયા. વીરા સાલવીએ કૃષ્ણની સાથે સર્વેને વંદન કર્યા, કૃષ્ણે પ્રભુજીને પૂછ્યું. હે સ્વામિન્ ! આજે થાક ઘણો લાગ્યો. પૂર્વે ઘણા સંગ્રામ કર્યા ત્યારે આટલો થાક નથી લાગ્યો. ત્યારે પ્રભુએ કહ્યું. હે કૃષ્ણ ! તમારો થાક ઉતર્યો. કારણ કે સાતમી નરકનાં દળિયાં ત્રોડી ત્રણ નરકના કર્યા. જિનનામકર્મ ઉપાર્જ્યું. તથા ક્ષાયિક સમકિત પ્રાપ્ત કર્યું. તે સાંભળી કૃષ્ણ બોલ્યા. ફરીથી વંદના કરું. જેથી શેષ ત્રણ નારકીના દળીયા ત્રુટે. પરમેશ્વરે કહ્યું. તે ભાવ હવે ન આવે. ત્યારે કૃષ્ણે પૂછ્યું, હે સ્વામિન્ ! વીરાને શો લાભ થયો ? પ્રભુ બોલ્યા. એક તો તેં રુડું માન્યું. બીજુ કાયકલેશ કર્યો. એ બે સિવાય કાંઈ લાભ વીરાને થયો નથી. ઈત્યાદિક અધિકાર શ્રી આવશ્યકનિર્યુક્તિમાં છે. વીરા સાલવીએ કૃષ્ણની ભક્તિ ઘણી કરી પણ કાંઈ ફલ ન પામ્યો. કેમકે કૃષ્ણ પોતે જ આરંભ પરિગ્રહે મગ્ન હતા. પોતાની પાસે ચારિત્ર ન હતું. તો વીરાને સંસારને પાર કેમ ઉતારે ? એમ ઉપનય સમજવો.

અસંપહારે કહિયે વિલાવો ॥ અનિશ્ચિત અર્થ એટલે પરમાર્થ સમજ્યા વિના જે અર્થ કહેવો. તે ગામડીયા પુરુષની પેઠે વિલાપ તુલ્ય જાણવો. તેની કથા કહે છે.

એક ગામને વિષે કોઇક મૂર્ખ હતો. તે દૈવયોગે સમસ્ત રાગ, રાગિણીની જાણ એવી કન્યા પરણ્યો. પછી તે સ્ત્રીનું આણું કરવા

ગયો. સાસરે તે મૂર્ખના સાળા હતા તેમણે વિચાર કર્યો કે આપણે પ્રભાતે પંચમ રાગ ગાઈશું. તે વિચાર તેની ભગિનિએ સાંભળ્યો. તેણે ભર્તારને કહ્યું કે તમને મારા ભાઈ રાગની વાત પૂછે તો કહેજો કે એ પંચમ રાગ થયો. પછી પ્રભાતે સાળાએ તેમને પૂછ્યું, ત્યારે મૂર્ખે કહ્યું કે પંચમ રાગ છે. તે સાંભળી સાળાએ મનમાં વિચાર્યું કે શૃંગ, પૂંછ વિનાનો પશુ છે. પણ કાંઇક ઘરનો ભેદ મળ્યો છે. એમ ચિંતવી નગર બહાર જઇને અરે કાને વિચાર કર્યો કે આપણે પ્રાતઃ કાલે ધન્યાશ્રીરાગ ગાવો યતઃ ॥ षट्कर्णे भिद्यते मंत्रं, चतुष्कर्णो न भिद्यते ॥ द्विकर्णस्य तु मंत्रस्य, ब्रह्माप्य तं न गच्छति ॥ સવારે ધન્યાશ્રી રાગ ગાયો. અને પૂછ્યું. કયો રાગ ગાયો ? તેણે કહ્યું. છઠ્ઠો રાગ છે. બધા હસવા લાગ્યા. ત્યારે મૂર્ખ બોલ્યો કે કાલે પાંચમો રાગ ગાયો તો આજે છઠ્ઠો રાગ જ હોય ને ? પછી સ્ત્રીએ દૂરથી ધાન્યની હાંડલી દેખાડી તો તે બોલ્યો. તોલ્લડ રાગ ગાયો. બધા તાળા દઇને હસવા લાગ્યા. એ કથા ગૌતમકુલકની વૃત્તિમાં છે. विखित्त चित्ते कहिये विलावो ॥ વ્યાક્ષેપવંત ચિત્તવાળાને જે કહેવું તે સર્વ વિલાપ તુલ્ય જાણવું. તે ઉપર બટુકની કથા કહે છે.

કોઇક ગામમાં બ્રાહ્મણ કથા કહેતો હતો. તેને જ્યારે બે ઘડી થઇ ત્યારે બ્રાહ્મણે પૂછ્યું. કે કાંઇ સમજ્યા ? બટુક બોલ્યો કે તમારો હડીયો ગળાની નીચેનો ભાગ હાલતો હતો. વિપ્ર બોલ્યો આતે તેં શું ધાર્યું ? કાંઇ કહું છું તેમાંથી પ્રમાણ કર. બટુક બોલ્યો. ફરી કથા કહો તો પ્રમાણ કરૂં. ત્યારે વિપ્રે ફરી કથા કહી. વળી ઘડી થઇ પછી પૂછ્યું કાંઇ સમજ્યો ? ત્યારે બટુક બોલ્યો. આ દરમાંથી ૯૦૯ કીડીઓ નીકળી અને સાતસે સાત પેઠી. વિપ્ર બોલ્યો ભૂડા ! એમાં શું પ્રમાણ કર્યું. હું કહું તે વાત ધાર. બટુક બોલ્યો. બીજી કથા કહો વિપ્રે ફરી કથા કહી ? હું કહું તે વાત ધાર. બટુક બોલ્યો તમને કથા કહેતા ઘણીવાર થઇ હવે કયારે મુકશો ? વિપ્રે વિચાર્યું મેં ફોગટ વિલાપ કર્યો, માટે વિક્ષિપ્ત ચિત્તવાળાને ન કહેવું, આ કથા ઉપદેશરત્નાકરમાં છે.

बहु कुसीसे कहिए विलावो ॥ કુશિષ્યને ઘણું કહેવું તે યુગપ્રધાન કાલિકાચાર્યનાં શિષ્યોની પેઠે વિલાપ જાણવો, તેની કથા કહે છે.

કાલિકાચાર્યને સર્વ શિષ્ય આળસુ મળ્યા, ગુરુ ઘણી શિક્ષા દે તો પણ વેલાસર પ્રતિક્રમણ, પડિલેહણ ન કરે, આંખો ચોળતા અસુરા ઉઠે, એક દિવસ આચાર્યે વિચાર્યું કે હું એમને કેટલી શિક્ષા દઉં. તે બધુ અલેખે જાય છે. એમ ચિંતવી પ્રાતઃકાળે પ્રતિક્રમણ તથા પાડિલેહણ કરીને શૈયાતર શ્રાવકને જણાવ્યું કે અમુક ગ્રામે સાગરાચાર્ય પાસે જઉં છું. કદાચિત્ અતિ આગ્રહ કરે તો જ બતાવજો. એમ કહીને ગયા પછી કેટલીક વેળાએ શિષ્યો ઉઠયા, ત્યારે ગુરુને ન જોયા. ખોળતા પણ જડયા નહીં. ત્યારે વિચાર્યું કે શૈયાતર શ્રાવકને કહીને ગયા હશે ? માટે શૈયાતરી શ્રાવકને જઈ પૂછયું, કે ગુરુજી કયાં ગયા ? તે બોલ્યો. પાંચશે શિષ્યો મળી એક ગુરુને સાચવી ન શકયા ? ગુરુને ખોઈ બેઠા, તેને શિષ્યોએ કહ્યું તમને કહીને જ ગયા હશે ? માટે અમને બતાવો. શૈયાતરી બોલ્યો. તમારા દુઃખે જ ગયા છે. નિત્ય તમને ઠપકો દેતા પણ તમે માનતા ન હતા. ત્યારે ગુરુજી શું કરે ? હારીને જતા રહ્યા. તે સાંભળી શિષ્યો બોલ્યા, હવે અમે ફરી નહિં કરીયે, હમણા અમને બતાવો, શૈયાતરીએ કહ્યું, સાગરાચાર્ય પાસે ગય. તે સાંભળી શિષ્યોએ વિહાર કર્યો, લોક પૂછે આ કોણ શિષ્યો જાય છે ? ત્યારે કહે કાલિકાચાર્ય જાય છે, પૂર્વે કાલિકાચાર્યે પણ સાગરાચાર્ય પાસે જઇ ઉપાશ્રયની જગ્યા માંગી, એકાંતે ઉતર્યા. તે સાગરાચાર્ય કાલિકાનાં શિષ્યનાં શિષ્ય છે, પણ તેણે પોતાના દાદાગુરુને ઓળખ્યા નહિં. પણ લોકનાં મોઢે સાંભળ્યું કે કાલિકાચાર્ય આવે છે, તેથી મનમાં હોંશ થઈ કે મારા દાદાગુરુ આવશે તેમને વાંદીશું, એમ કરતાં સંઘાડો પૂછતાં પૂછતાં ત્યાં આવ્યા, અને પૂછવા લાગ્યા કે હે સાગરાચાર્ય અહીં ગુરુજી આવ્યા છે, ? સાગરાચાર્ય બોલ્યા અહિં ગુરુજી નથી આવ્યા પણ એક ડોસો

પ્રાહુણો આવ્યો છે, અરે ભલા આદમી એજ આપણા ગુરુજી છે. ત્યારે સાગરાચાર્ય શરમાયો, કારણકે એ દાદાગુરુજીને ઓળખ્યા નહિં. બીજા પ્રાહુણા જાણીને વાચના, વ્યાખ્યાન પ્રમુખ ઉત્કર્ષથી ઘણું લરકાથી કર્યું. વળી એમ પણ પૂછયું હતું કે હે ડોસા ! વ્યાખ્યાન-વાચના અવલ રીતે થાય છે કે નહીં ? ત્યારે ડોસાએ કહયું હતું કે રૂડીરીતે થાય છે. એવી વાતો કરી હતી. માટે લાજયા. અને પશ્ચાત્તાપ કરવા લાગ્યા. અહો ! જ્ઞાનના સમુદ્રની આગળ મેં મારો કેટલો ઉત્કર્ષ કર્યો ? એ મોટા ખેદની વાત થઇ. એમ વિચારતાં સર્વે આવ્યા, વંદન કર્યા. આહાર કરી મહાન ભૂમિકાએ ગયા, ત્યાં ચેલાઓ-ને કહયું કે મોટું ભાજન ભરીને વેલુ લાઓ તેઓ વેલુ લઈ આવ્યા. ત્યાં ચાલણી મંગાવી. વેળુ ચાલણીએ ચાળી. તેમાંથી કચરાનો ઢગલો અળગો કર્યો. પછી તે ઝીણી વેળુ ચેલાઓ પાસે ઉપડાવી, બીજો ઢગલો, ત્રીજો ઢગલો કરાવ્યો એમ કરતાં થોડીથોડી વેલુ ઉડી જતાં બધી રેતી ખપી ગઇ ત્યારે ચેલાએ પૂછયું, સ્વામિ એ શું કરો છો ? આચાર્ય બોલ્યા. હે શિષ્ય ! પૂર્વે ચેલાએસુધર્મસ્વામીએ જંબુને શ્રુત આપ્યુ. જંબુએ પ્રભવસ્વામિને આપ્યું. પ્રભવસ્વામિએ સયંભવસૂરિને આપ્યું, એમ એકના કોઠાથી બીજાનાં કોઠામાં આવતા સૂક્ષ્મજ્ઞાન રહ્યું. એમ જતા જતા સ્થૂલ કાંકરા સરખું આજ જ્ઞાન રહ્યું છે. તેમાં વલી અહંકાર કરવો શું ? ત્યારે સાગરા-ચાર્યે વિચાર્યું અહો ! ગુરૂજીએ મને શીખામણ દીધી એમ ચિંતવી ગુરૂજીને ખમાવ્યા. ઇત્યાદિ. માટે ઘણા કુશિષ્યો કરવા તે વિલાપ જાણવો. એમ ઉત્તરાધ્યયન સૂત્ર મધ્યે ગર્ગાચાર્યનાં શિષ્ય પણ જાણવા ઈતિ.

श्री सकलसभाभागिनिभालस्थलतिलकायमानपंडितश्रीउत्तमविजयगणि शिष्य पंडितपद्मविजयगणिकृतबालावबोधे श्री गौतमकुलकप्रकरणे सप्तमगाथायां पंचोदाहरणानि समाप्तानि ॥ (७)

હવે આઠમી ગાથા કહે છે. તેને પૂર્વ ગાથા સાથે એ સંબંધ છે કે

પૂર્વે હીણા શિષ્યાદિ મળે તે વિલાપ જાણવા માટે અહીં કહે છે કે જે હીણા રાજા હોય તે દંડ કરવાને તત્પર હોય, એ સંબંધી આઠમી ગાથા કહે છે.

दुठाहिवा दंडपरा हवंति, विज्जाहरा मंत परा हवंति ॥
मुक्खा नरा कोवपरा हवंति, सुसाहुणो तत्तपरा हवंति ॥ (८)

અર્થ :- दुठाहिवा दंडपरा हवंति ॥ દુષ્ટરાજા હોય તે પ્રજાને દંડવાને તત્પર હોય છે. અર્થાત્ હીનરાજા હોય તે પ્રજાને દુઃખ આપે છે. તે ઉપર બલરાજાની કથા કહે છે.

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં બલ નામે રાજા રાજ્ય કરે છે- તે શત્રુને વિષે બલદેવનો લઘુભાઈ જ ન હોય એવો બળિયાના પણ બળને ટાળનારો છે- અન્યદા ઘણો વર્ષાદ આવ્યો. નગર બહાર નદી છે. તેમાં પૂર આવ્યું, પૂર જોવા નગરનાં લોકો આવ્યા. ત્યાં કોટવાળ પણ જોવા આવ્યો. તે પૂરમાં એક મોટું બીજોરું તણાતું આવ્યું. ત્યાં કોટવાળે જોયું, ત્યારે નદીમાં પેસી તે બીજોરું કાઢી લઇને બલરાજાને જઈ આપ્યું, તે બીજોરાનો વર્ણ પણ ઘણો સુંદર, સુગંધ પણ ઘણી, સ્વાદ પણ ઘણો, પૌષ્ટિકતા પણ ઉત્કૃષ્ટ, એવું બીજોરું આસ્વાદન કરીને રાજા ઘણો હર્ષવાળો થયો. કોટવાળને આદર દઇને પૂછવા લાગ્યો. બીજોરું કયાંથી લાવ્યો ? કોટવાળ બોલ્યો, નદીના પૂરમાં તણાતું આવતું મળ્યું. રાજા બોલ્યો. એ બીજોરાની મૂળ ઉત્પત્તિ ખોળી કાઢો. ત્યારે તે ખોળવા લાગ્યા. ત્યાં આગળ જતાં તેણે એક વન દીઠું. તે વનમાં પેસવા માંડયું. એટલે ગોવાળીયા બોલ્યા, રે ભાઇ ! જે કોઇ ફળ લે તે નિશ્ચય મરણ પામે છે. માટે વિચારી કારજ કરજો. તે સાંભળી કોટવાળ પાછો ફર્યો. કારણકે मरण समं नष्ठि भयं ॥ તેણે આવીને રાજાએ કહ્યું. રાજાએ પણ સર્વ મર્યાદા મૂકીને એમ કહ્યું કે આપણા નગરમાં વાંધો નથી. નિત્ય એકેક મનુષ્ય જઇને બીજોરું લાવે, તે સાંભળીને કોટવાળ નિત્ય સર્વ લોકની પાસે ચિઠ્ઠિ કઢાવે. તેમાં જેના નામની ચિઠ્ઠિ નીકળે તે જમરાજાની દૂતી સરખી લોકને લાગે. અને

પુરુષ બીજોરું તોડે એટલે મરી જાય, તે બીજોરું કોટવાળ લાવીને નિરંતર રાજાને આપે. એ રીતે લોકોનો ક્ષય થતો હતો. સર્વનગરનાં લોકો ભયભ્રાંત થતા કે આજ મરવાનો વારો આવશે. કે કાલે આવશે.

હવે એક દિવસ જિનદાસ નામે શ્રાવકની ચિઠ્ઠિ નીકળી. ત્યારે તે શ્રાવકે ઘરદેરાસરમાં પૂજા કરી. ઘરમાં સ્વજન કુટુંબને ખમાવીને આગારી પચ્ચખ્ખાણ કર્યું. પછી તે શ્રાવક અદીન મનથી જાણે લીલાવનમાં પેસતો હોય તેવો. તે વનમાં બીજોરું લેવા ગયો. ત્યાં ધીર, વીર, પુરુષ ગાઢ સ્વરે નમો અરિહંતાણં કહેતો વનમાં પેઠો. તે સમયે વનનો અધિષ્ઠાયક દેવ વ્યંતરદેવ પૂર્વભવે વ્રત વિરાધીને ઉપન્યો છે. તેને નમસ્કાર સાંભળી પાછલો ભવ સાંભર્યો. તત્કાલ પ્રતિબોધ પામ્યો. હાથ જોડી પ્રત્યક્ષ થઈ શ્રાવકને નમસ્કાર કરી ઘણી ભક્તિ પૂર્વક કહેતો હતો કે જિનદાસ! તમે મારા ગુરુ છો. સદા પૂજવા યોગ્ય છો. તમે મને ધર્મ પમાડયો. પાપથી વાર્યો. માટે આજથી ઘેર બેઠા હું તમને બીજોરું આપીશ. જિનદાસ શ્રાવક કૃતકૃત્ય થઈ પાછા ફર્યા. રાજાને સર્વ વાત કરી. હવે વ્યંતર બીજોરુ આપે. તે લઇને શેઠ રાજાને નિરંતર આપે. રાજા જિનદાસની ઘણી સ્તવના કરે. જૈનધર્મ પ્રમાણે. એમ શાસનની ઉન્નતિ થઈ. શેઠ રાજાને માનીતો થયો. સકલ લોકને હર્ષ થયો. લોકે નવો જન્મ માનતા ઘેર ઘેર ઉત્સવ માંડયો. એ કથા વૃંદારુવૃત્તિમાં છે. રાજાએ રસેન્દ્રિયનો લોલુપી થઈ સર્વ નગરની હત્યા પણ હિસાબમાં ન ગણી, નગર દંડયુ, માટે દુષ્ટરાજા એવો હોય.

विज्जाहरा मंतपरा हवंति ॥ વિદ્યાધર હોય તે મેઘરથની જેમ મંત્ર સાધવાને તત્પર હોય, તે કથા કહે છે.

આ ભરતક્ષેત્રને વિષે વૈતાઢ્ય નામે પર્વત, તે ભરતને ફરશીને છે. તેમાં વલ્લભ નામે નગર હતું, ત્યાં વિદ્યાધર બે સગાભાઇ તરુણવય-વાળા, માંહોમાંહે પ્રીતિવાળા, મેઘરથ અને વિદ્યુન્માળી નામે હતા. તે બેજણ નીચકુલની કન્યાને પરણ્યા એક વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળવું. તે વિધિ પ્રમાણે વિદ્યા સાધવા માટે ગુરુ પાસે આજ્ઞા માંગી. આપણે એ

વિદ્યા સાધવા ભૂચર મનુષ્ય પાસે જઈએ. ત્યાં આપણી વિદ્યા સિદ્ધ થશે. પછી તેઓ દક્ષિણ ભરતમાં વસંતપુર નગરમાં ચંડાલનો વેષ કરીને ચંડાલને ત્યાં પાડામાં આવ્યા, ત્યાં બુદ્ધિ પ્રપંચે કોઈક બુદ્ધિવંત ચંડાલ સાથે પ્રીતિ કરી, એકદા માતંગ બોલ્યો. તમને આવ્યા ઘણા દિવસ થયા, માટે તમે ક્યાંથી આવ્યા? અને કેમ આવ્યા, તે વાત કહો. ત્યારે બંને વિદ્યાધરે પોતાનો સદ્‌ભાવ ગોપવીને કહ્યું, અમે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરથી આવ્યા. અમને અમારા માતાપિતાએ કુટુંબ બહાર કાઢી મૂકયા. તેમ રીસે અમે પણ નીકળી ગયા. ફરતા ફરતાં અમે અહિં આવ્યા. માતંગ બોલ્યો. સુખેથી રહો. જો તમારી ઈચ્છા હોય તો મારી કન્યા પરણાવું. પણ કન્યાનું પાણિગ્રહણ કરો તો ઉચિત અનુષ્ઠાન સર્વ કરવું પડશે. વિદ્યાધરોએ પણ એમ કરશું. તે વેળા ચંડાલે પણ પોતાની કાંણી અને દંતુર એવી બંને કન્યાઓ પરણાવી.

હવે વિદ્યુન્માળી તો ચંડાળની કન્યા ઉપર ઘણો રાગ રાખે. કુરુપી ઉપર પણ મોહી ગયો. તેથી વિદ્યાસાધન કરે નહીં. એમ કરતાં અનુક્રમે તે વિદ્યુન્માલીની સ્ત્રી ગર્ભવતી થઇ. અને વર્ષ પણ સંપૂર્ણ થયું. એટલે મેઘરથ તો સાધવા માંડેલી વિદ્યા સિદ્ધ કરીને સિદ્ધ વિદ્યાવંત થયો. તે વારે તેણે ભાઇને કહ્યું, હે ભાઈ! આપણને વિદ્યા સિદ્ધ થઇ હવે ચંડાલકુલ મૂકી વૈતાઢયમાં જઈ વિદ્યાધરનાં સુખ ભોગવીયે. તું ચંડાલણીને તજી દે. હવે આપણને વિદ્યાધરની કન્યાઓ સ્વયંવરાએ આવશે. તે સાંભળી લજ્જાથી નીચુ મુખ કરી વિદ્યુન્માળી બોલ્યો. હે ભાઇ! તું તો કૃતકૃત્ય થયો. વ્રત રાખી સિદ્ધ થયા. માટે તમે સુખેથી જાવો. હું તો અધમ હોવાથી મેં નિયમરુપ વ્રત ભાંગ્યું. એટલે મને વિદ્યા સિદ્ધ ક્યાંથી થાય? વળી તમે સુવિદ્યાવંત અને હું અવિદ્યાવંત છું. માટે તમારી સાથે આવતા લાજ આવે છે. વળી મારી સ્ત્રી ગર્ભવતી છે. તેને કેમ તજાય? તે માટે તમારું કલ્યાણ થાઓ. હું વિદ્યારહિત એવો કુટુંબને મુખ કેમ દેખાડું? મેં પ્રમાદે પોતાના આત્માને ઠગ્યો છે. હવે ઉદ્યમવંત થઈ વિદ્યાને સાધીશ. એક વર્ષ પછી

સ્નેહથી મને તેડવા આવજો. હું તમારી સાથે આવીશ. એમ મેઘરથ ચંડાલણીનો સ્નેહ છોડી પોતે એકલો વૈતાઢયે ગયો. તેને કુટુંબે પૂછયું, એકલા કેમ આવ્યા? તમારો ભાઈ કયાં ગયો? ત્યારે તેણે વિદ્યુન્માલીની કથા કહી.

હવે વિદ્યુન્માળી પણ કુસ્વાનની પેઠે વિદ્યાધરનાં સુખ છોડી ચંડાલણીએ પુત્રને જન્મ આપ્યો તે દેખીને હર્ષ પામ્યો. વિદ્યુન્માળીની સ્ત્રીએ ફરી ગર્ભધારણ કર્યો. હવે મેઘરથથી ભાઈનો વિયોગ ખમાતો નથી. માટે વિચારવા લાગ્યો કે હું દેવાંગના સરખી સ્ત્રી સાથે સુખ ભોગવું છું, અને મારો ભાઇ કાંણી, દંતૂર ચંડાલણી ભોગવે છે. હું સાત ભૂમિની આવાસે રહું છું. ત્યારે ભાઈ મસાણ સરખા ઘરમાં રહે છે. હું વિવિધ વિદ્યા સહિત છું. અને ભાઈ તો જુના વસ્ત્ર પહેરે છે. કદન્ન આહાર ખાય છે. એમ ચિંતવતો ક્રમે કરીને એક વર્ષ કાઢયું અને વિદ્યુન્માલી પાસે આવી કહેવા લાગ્યો કે ભાઈ ચાલો. વૈતાઢય પર્વતે જઇ વિદ્યાધરનાં સુખ ભોગવીયે. તે સાંભળી વિદ્યુન્માળી વિલખો થઈ બોલ્યો. ભાઈ મારી સ્રી ગર્ભવાળી છે. હું આવું તો એનો કોણ આધાર? હું તારી જેમ કઠોર હૃદયવાળો નથી. માટે ભાઇ તમે જાઓ. અવસરે દર્શન આપજો. હમણાં હું અહીંજ રહીશ. મારા ઉપર રીસ કરશો નહીં. મેઘરથ ભાઇને પ્રતિબોધ કરીને થાકીને છેવટે ગયો. કારણકે જડને ગમે તેવો ઉપદેશ આપે તો લાગે નહીં. હવે તે વિદ્યુન્માળીને પણ બીજો દીકરો આવ્યો, ત્યારે સ્વર્ગથી પણ અધિક સુખ બાળકને રમાડીને માને છે. બાળક ખોળામાં વડીનીતિ, લઘુનીતિ કરે તો ગંગાસ્નાન માને, ચંડાલણી તર્જના કરે તો દાસની પેઠે ખમે. સ્નેહ બંધે મેઘરથ વારંવાર બોલાવવા આવે નહિં, છેવટે કહ્યું, હવે હું નહિં આવું. એમ કહીને મેઘરથ ગયો, પછી પિતાનું રાજ્ય ઘણા કાળ ભોગવી અવસરે પોતાના પુત્રને રાજ્ય આપી સુસ્થિત નામે અણગાર પાસે ચારિત્ર લીધું. તપ તપી સ્વર્ગે ગયો. એમ જે વિદ્યાધર હોય તે

મેઘરથની જેમ મંત્ર સાધવા તત્પર થાય. એ કથા પરિશિષ્ટ જંબુસ્વામિ અધિકારે છે.

मुक्खा नरा कोवपरा हवंति ॥ મૂર્ખ નર જે હોય તે ક્રોધ કરવામાં તત્પર હોય છે. તે ઉપર આહિર અને આહિરણીનું દૃષ્ટાંત.

કોઇક આહિર પોતાની ભાર્યા સાથે ઘીનું ગાડુ ભરીને વેચવા માટે પાસેના ગામનાં ચૌટામધ્યે આવ્યા. ઘી વેચવાનું મૂલ્ય ઠરાવ્યું. તે ઘીને ઉતારવા માટે ભર્તાર ગાડી ઉપરથી ઘડો આપે તે આહિરણી હેઠળ ઉભી રહીને લે. એમ કરતાં આપતા અથવા લેતા અણઉપયોગથી એક નાનો ઘડો આહિરણીના હાથમાંથી નીચે પડયો. તે ભાંગી ખંડો ખંડ થયો. ત્યારે ઘીની હાની થઈ. આહિરનું મન દુહવાણું. માટે ઓલંભા દેવા માંડયો. ભાર્યાને કર્કશ વચન કહેવા લાગ્યો. કે હે પાપિણી! દુશીલા! તું કામે વિડંબના પામી થકી, કોઇ રુપવંત તરુણ પુરુષ સામે જોતી રુડી રીતે ઘડો લેતી નથી. ત્યારે તે સ્ત્રી કઠોર વચન સાંભળીને મહાકષાયવંત પ્રગટ થતાં હોઠ ફફડાવતી, સ્તન કંપાવતી, પાંપણ ચઢાવતી, કાળા કટાક્ષ મહાવિકરાલ નેત્ર કરીને બોલી. રે અધમ ગામડીયા! તું ઘીનો ઘડો આપે છે. ત્યાં ચિત્ત રાખતો નથી. પણ મદોન્મત્ત કામિનીના મુખકમળ જોતો રહે છે. અને સામા મને કઠોર વચન કહે છે. એ સાંભળી આહિર પણ ક્રોધાયમાન થયો. જેમતેમ બોલવા લાગ્યો. એમ પરસ્પર વલગ્યાં. ઝુમાઝુમી થઈ. કેશે કેશ પકડયા. મારામારી થઈ. એટલે પગ આઘાપાછા થતાં ઘી બધું ઘડામાંનું ઢોળાઈ ગયું. કોઈ કુતરા ચાટી ગયા. ગાડીમાં રહ્યું હતું તે ચોરોએ લઇ લીધું.

હવે એની સાથે જે બીજા બે યુગલ હતા તે વેચીને ઘરભણી જવા તૈયાર થયા અને આ બંનેને લડતા શેષ સ્વલ્પ સમય હતો તેમાં ઘી વેચ્યું. અને યુદ્ધ શમ્યું. અને બંને ઘરે જવા તૈયાર થયા. રસ્તામાં અંધારું થયું. ત્યારે ચોરોએ આવીને વસ્ત્ર, બળદ, દ્રવ્ય લઇ ગયા. એમ જે મૂર્ખ હોય તે ક્રોધ કરે ને દુઃખ ભોગવે, એ કથા ઉપદેશરત્નાકરમાં છે.

सुबाहणो तत्तपरा हवंति ॥ ભલા ઉત્તમ જે સાધુમુનિરાજો છે તે

તત્ત્ર જે પરમાર્થ વિષે તત્પર હોય છે. તે ઉપર આર્યસુહસ્તિ અને આર્યમહાગિરિની કથા કહે છે.

શ્રી સ્થુલીભદ્રજીનાં એક આર્યમહાગિરિ અને બીજા આર્યસુહસ્તિ નામે બેશિષ્ય દશ પૂર્વના ધણી થયા. તે પૃથ્વીતલને વિષે ભવ્ય જીવને ઉપકાર માટે વિચરે છે. એમને બાળક થકા યક્ષા આર્યાએ માતાની પેઠે પાળ્યા, અનેક વાચનાએ કરી ઘણા શિષ્ય કરી નીપજાવી પોતાનો ગચ્છ પરિવાર આર્યસુહસ્તિને સોંપી પોતે જિનકલ્પ વિચ્છેદ થયો માટે ગચ્છની નિશ્રાએ રહેતા થકા જિનકલ્પવૃત્તિએ મનથી એકલા વિચરે છે. એકદા તે પાદલિપ્ત પુરે આવ્યા. ત્યાં વસુભૂતિ નામે શેઠને આર્ય સુહસ્તિએ પ્રતિબોધ કર્યો. જીવાજીવાદિક તત્ત્વનો જાણ શ્રાવક કર્યો. તે શેઠપણ આચાર્યને અનુસારે કુટુંબને ધર્મદેશના દે. પણ કોઈ પ્રતિબોધ પામે નહિ. તે શેઠે ગુરુને કહ્યું. મહારાજ મારો પ્રતિબોધ લાગતો નથી. માટે તમે પ્રતિબોધ કરો. તે સાંભળી આર્યસુહસ્તિ શેઠને ઘેર આવી દેશના દે છે. એવામાં આર્યમહાગિરિ ભિક્ષાર્થે પધાર્યા, ત્યાં આર્યસુહસ્તિએ ઉભા થઈ નમસ્કાર કર્યો. તે જોઈ શેઠ બોલ્યા. તમને જગત વાંદવા યોગ્ય છે. તો તમારા પણ ગુરુ છે ? કારણકે તમે નમસ્કાર કરો છો. આર્યસુહસ્તિ બોલ્યા. એ આચાર્ય મારા ગુરુ છે એ સર્વદા નાંખી દેવા જેવો આહાર લે છે. એ નિરંતર ઉપવાસી છે. એમના પગની રજ મારા સરખાને પગે લાગવા યોગ્ય છે. એમ આર્યમહાગિરિની સ્તવના કરી. શેઠના કુટુંબને પ્રતિબોધ દઈને પોતાના સ્થાને આવ્યા. શેઠે પણ મહા ભક્તિવંત થઈને કુટુંબને કહી રાખ્યું કે ગુરુમહારાજ ભિક્ષા લેવા આવે ત્યારે નાંખી દેવાનો આગ્રહ કરી વહોરાવવું જેથી મહાફલ થશે.

બીજે દિવસે આર્યમહાગિરિ પધાર્યા. તે વારે શેઠના કુટુંબે રુડું અન્ન નાંખી દેવાનું છે. એમ દેખાડી અન્ન, પાણી અમારે ખપ નથી. માટે તમે લ્યો. એમ આગ્રહથી વહોરાવવા લાગ્યા, પણ ઉપયોગથી અકલ્પ્ય જાણીને પાછા ફર્યા. આવીને આર્યસુહસ્તિને કહ્યું કે તમે મારો વિનય કર્યો જેથી બધું અશુભ થયું. તે સાંભળી. આર્યસુહસ્તિ બોલ્યા

કે ફરી એવું નહિં કરું. આર્યમહાગિરિનાં પગમાં પડી અપરાધ ખમાવ્યો.

એકદા ઉજ્જયિનીમાં બેહુ મુનિ પધાર્યા. ત્યાં જીવિતસ્વામિનિ રથયાત્રા છે. તેથી યદ્યપિ પરિવાર ઘણો હોવાથી ભિન્ન ભિન્ન સ્થાને ઉતર્યા. તોપણ યાત્રામાં બધા ભેગા નીકળ્યા. એવામાં રાજમાર્ગે સંપ્રતિ રાજાએ તેમને દીઠા. ત્યારે રાજાએ વિચાર્યું કે એવું મેં કંઇક જોયું છે ? એમ ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. ત્યારે ગુરુ પાસે આવી, પગે લાગી રાજા કહેવા લાગ્યા કે હે ભગવંત ! જૈન ધર્મનું શું ફલ ? ગુરુ બોલ્યા. સ્વર્ગ તથા મોક્ષ. ફરી પૂછયું. સ્વામિન્ ! સામાયિકનું ફલ શું ? ગુરુ બોલ્યા, અવ્યક્ત સામાયિકનું ફળ રાજયાદિક પદવી જાણવી એમ સાંભળ્યું એટલે રાજાને પ્રતીતિ ઉપની. તેવારે રાજા બોલ્યો. મને ઓળખો છો ? મારું શું નામ ? ત્યારે ગુરુએ ઉપયોગ મૂકી બોલ્યા. હું રુડી રીતે તને ઓળખું છું ? તારો પાછલો ભવ સાંભળ. એકદા અમે બેહુ ગુરુભાઇ કોશાંબી નગરીએ આવ્યા. ત્યાં વસ્તી સાંકળી છે. અને અમારો પરિવાર ઘણો હતો. માટે અમે જુદા જુદા સ્થાને ઉતર્યા. વલી તે કાળે દુષ્કાળ હતો. પણ લોકોને આહાર પાણી આપવાની ભક્તિ અમારા ઉપર ઘણી હતી.

એક દિવસ એક શેઠનાં ઘરમાં એક સાધુ ગોચરીએ પેઠા. પછવાડેથી એક રાંક પેઠો. સાધુને તો ઇચ્છા પ્રમાણે શ્રાવકે આહારાદિ વહોરાવ્યા. તે રાંકે દીઠા. ભિક્ષા લઇને સાધુ વળ્યા. ત્યારે રાંક સાધુની પાછળ આવીને ભિક્ષા માંગવા માંડયો. સાધુ બોલ્યા. અમારાથી ન અપાય. અમારા ગુરુ પાસે માંગ. ત્યારે તેણે પણ સાધુની પાછળ જઈ ગુરુ પાસે ભિક્ષા માંગી ત્યારે અમે જ્ઞાન ઉપયોગ કરી તેને ભાવિ શાસનનો ઉદ્યોતક જાણીને કહ્યું. તમે દીક્ષા લો તો આહાર આપીયે. તે સાંભળી રાંકે વિચાર્યું કે કષ્ટ તો હમણા પણ નિરંતર સહન કરું છું તો તે કરતાં વ્રત કષ્ટ સહન કરું તે સારું. એમ વિચારીને દીક્ષા લીધી. ભૂખ્યો હતો. માટે મોદક પણ યથારુચિ પ્રમાણે વાપર્યા. પેટ ભરી ખાધા કે શ્વાસોશ્વાસ વાયુ પણ ન પેસી શકે. તેથી તેજ રાત્રિએ

એ સર્વ વાત આર્યસુહસ્તિ જાણે છે, પણ શિષ્યનો રાગ બલવત્તર છે. માટે બોલે નહિં. ત્યારે આર્યમહાગિરિ બોલ્યા કે અરે! તમે અશુદ્ધ જાણતા થકા શા માટે આહાર લો છો? આર્યસુહસ્તિ બોલ્યા. યથા રાજા તથા પ્રજા, જેમ રાજા રાગે ભક્તિ કરે છે, તેમ લોક પણ તેના અનુયાયીપણે ભક્તિ કરે છે. એ વાત સાંભળી મહાગિરિજી આર્યસુહસ્તિ પર કોપ્યા, અને કહ્યું કે તું માયા કરે છે, માટે આજથી મારે અસાંભોગિકપણું છે, આહાર પાણીનો સંબંધ નથી, આપણી ભિન્ન સામાચારી થઇ, તેથી તમારો, મારો પંથ જુદો જાણજો, તે સાંભળી આર્યસુહસ્તિ બાળકની જેમ કંપતા પગે લાગી હાથ જોડી, કહેવા લાગ્યા, હે ભગવાન્! હું અપરાધી છું, મને મિચ્છામિ દુક્કડં હો, મારો અપરાધ ખમો. ફરી એવુ નહિં કરું. ત્યારે આર્યમહાગિરિ બોલ્યા, તારો શો દોષ છે? પૂર્વે વીર પરમાત્મા કહી ગયા છે કે, મારા શિષ્યની પરંપરામાં શ્રી સ્થૂલીભદ્રજી પછી સામાચારી હાનિ થશે. અને સ્થૂલીભદ્રજીની પછવાડે તો તીર્થના પ્રવર્તનાર આપણે બેહુ થયા. તે માટે તે પ્રભુનું વચન ખરૂં કર્યું. એમ કરી ભિન્ન સામાચારી, અસાંભોગિકપણું થાપી, ઉજ્જયિનિને વિષે જીવિતસ્વામિની યાત્રા કરીને, ગજાગ્રપદ, પર્વતને વિષે અનશન લઇ સ્વર્ગે ગયા. સંપ્રતિરાજા પણ શ્રાવકવ્રત પાલી દેવતા થયો. અનુક્રમે મોક્ષે જશે. આર્યસુહસ્તિ પણ અનુક્રમે અવંતિસુકુમાલને પ્રતિબોધી, પ્રધાન શિષ્યને ગચ્છ સોંપી અનશન કરીને સ્વર્ગે પધાર્યા. એ કથા પરિશિષ્ટપર્વમાં છે. એ રીતે સાધુ હોય તે તત્ત્વને વિષે તત્પર હોય ॥

इति सकलसभाभामिनीभालस्थलतिलकायमानपंडीतश्रीउत्तमविजयगणिपंडितश्री पद्मविजयगणी विरचिते श्री गौतमकुलकबालावबोधे अष्टमगाथायां चत्वायुदाहरणानि समाप्तानि ॥

હવે નવમી ગાથાનો પ્રારંભ કરીએ છીએ, તેને પૂર્વે ગાથા સાથે એ સંબંધ છે કે પૂર્વ ગાથાને કહ્યું કે જે સુસાધુ હોય તે તત્વને વિષે તત્પર હોય. તે સુસાધુ તપસ્યાવંત પણ હોય. તે તપ કરીને ક્ષમા કરે તો શોભા થાય તે માટે શોભાની વાત નવમી ગાથામાં કહે છે.

सोहा भवे उग्गवतस्स खंती, समाहिजोगो पसमस्स सोहा
नाणं सुझ्झाणं चरणस्स सोहा, सीसस्स सोहा विणए पवित्ति ॥

अर्थः– सोहा भवे उग्गतवस्स खंती (उग्गतवस्स के०) ઉગ્ર તપસ્યાવંતને (खंति के०) ક્ષમાથકી (सोहाभवे के०) શોભા હોય એટલે ઉગ્ર તપ કરે તેની શોભા શી ? એમ શિષ્ય પૂછે થકે ગુરૂ બોલ્યા કે જો ક્ષમા સહિત તપ કરે તેજ શોભે તે ઉપર સુકોશલમુનિની કથા કહે છે.

અયોધ્યા નગરીમાં શ્રી ઋષભદેવસ્વામિનાં વંશમાં કીર્તિધર નામે રાજા થયો. તે એકદા મહેલમાં બેઠા સૂર્યનું ગ્રહણ થતું દેખીને વૈરાગ્યભાવનાએ વિચારવા લાગ્યો. કે જેમ સૂર્યની ક્ષણિકમાં આ અવસ્થા થઇ તેમ સર્વ જગત એજ રીતે અનિત્ય છે. માટે ચારિત્ર લેવું. તે સારૂં. એવો વિચાર કરી તેણે પોતાનો અભિપ્રાય મંત્રીને કહ્યો. મંત્રી બોલ્યો. પુત્રને રાજ્ય સ્થાપીને સંયમ લ્યો. તે રાજાને માન્યું. અનુક્રમે સુકોશલા રાણીને સુકુમાલ નામે પુત્ર આવ્યો. તેને રાજ્યતિલક કરીને કીર્તિધર રાજાએ ચારિત્ર લીધું. તે મુનિ શ્રુતાભ્યાસ કરતાં બહુશ્રુત થયા. અનુક્રમે એકલવિહારી થઇ તપ સંયમ પાળતા ગ્રામાનુગ્રામે વિચરતા છઠ્ઠ અટ્ઠમ, દશમ, માસક્ષમણ ચારમાસી પ્રમુખ તપ કરતાં, ગિરિ ગુફાને વિષે રહેતા, અનુક્રમે અયોધ્યા નગરીએ પધાર્યા. માસક્ષમણને પારણે નગરી મધ્યે ગોચરીએ નીકળ્યા.

તે અવસરે સુકોશલા રાણીએ ભર્તારને આવતાં દેખીને મનમાં વિચાર્યું કે જો મારો કુમાર એને દેખશે તો એના કુલની રીત પ્રમાણે એ પણ કદાપિ પોતાના બાપ સાથે જતો રહેશે ! એમ ચિંતવી સુભટો મોકલ્યા. તે સુભટે જઇ ગળુ પકડીને મુનિને કાઢવા માંડ્યા. તે જોઇ કુમારની ધાવમાતાને મૂર્છા આવી. ધરતી ઉપર પડી. તેને શીતલ

માધ્યસ્થ ભાવે પરિણામે કાલ કર્યો. મરીને કુણાલ રાજાનાં પુત્રપણે ઉત્પન્ન થયા. તે સાંભળી રાજા બોલ્યો. તમારા પસાયે હું રાજ્ય પામ્યો. તમે દીક્ષા ન લીધી હોત તો જૈનધર્મ ન ફરસ્યો હોત. તો મારી શી ગતિ થાત ? માટે આ ભવના અને પરભવનાં તમે ઉપકારી છો. માટે હવે તમે આજ્ઞા કરો. જેથી આપ કહો તે કરીને અનૃણી થાઉં, ગુરુ બોલ્યા. આ લોક અને પરલોકને વિષે સુખદાયી એવો જૈનધર્મ છે તે તું અંગીકાર કર. રાજા બોલ્યો. અરિહંત દેવ, સાધુ, ગુરુ અને અરિહંતે ભાખ્યો તે ધર્મ એ મારે પ્રમાણ છે. પછી પાંચ અણુવ્રત, સાતશિક્ષાવ્રત, ધરતો સંપ્રતિ રાજા શ્રાવક થયો. તે ત્રિકાળ પૂજા કરે. સ્વામિવાત્સલ્ય કરે, જીવદયા પાળે, વર્ષોવર્ષ સંઘસહિત શ્રી જિનેશ્વર પૂજે, રથયાત્રા કરે, દીન અનાથને દાન દે. ત્રણ ખંડનો ભોક્તા થઇને ભરત ક્ષેત્રને જૈન પ્રસાદથી મંડિત હતો.

આર્યસુહસ્તિએ ત્યાંજ રહેતા કોઇક વર્ષે સંઘ સહિત દહેરાનો યાત્રોત્સવ માંડયો, ત્યાં નિરંતર સંઘયાત્રા નીકળે, ત્યારે આર્યસુહસ્તિ મંડપની મધ્યમાં બેસે. તેમની આગળ સંપ્રતિ રાજા બેસે, ચૈત્યની અંતે રથયાત્રા કરવા માંડી તે વખતે સુવર્ણ, માણિક્ય, સૂર્યનો રથ સરખો દશે દિશાએ અજવાળુ કરતો, એવા રથમાં શ્રી અરિહંતની મૂર્તિ થાપીને નીકળ્યા. ત્યાં પૂજાની વિધિ જાણકાર શ્રાવકો સ્નાત્ર ભણાવતા, દ્રવ્યથી પ્રતિમાને પૂજતા, અનેક પ્રકારનાં વાજિંત્ર વાગતા, હાટ, હાટ, ઘર, ઘર પ્રત્યે નિત્ય પૂજા થતી અનુક્રમે સંપ્રતિ રાજાનાં મંદિરે રથ આવ્યો. ત્યારે રોમરાજી વિકસ્વર થઇ, અષ્ટપ્રકારી પૂજા કરી, ઘણા આનંદ પૂર્વક રાજાએ સામંતોને બોલાવીને કહ્યું કે જો તમે સાર પદાર્થની ઇચ્છા રાખતા હો તો સમ્યક્ત્વ ગ્રહણ કરો, જો મને સ્વામિ પણે માનો છો. તો શ્રમણનાં ઉપાસક થાવો, એટલે મારું સર્વ મનોવાંછિત કર્યું માનીશ એમ કહીને સર્વને પોતાના સ્થાને વિદાય કર્યા, એકદા રાત્રિએ સંપ્રતિરાજાએ વિચાર્યું કે અનાર્ય દેશમાં સાધુને વિહાર કરાવું. પછી અનાર્ય દેશના રાજાઓને બોલા-

વીને કહ્યું કે જેમ મને કર આપો છો તેમ મારા જે પુરુષો આવે તે કહે તેમ કરજો, એમ કહી પોતાના પુરુષોને સાધુ વેષ પહેરાવીને અનાર્ય દેશમાં મોકલ્યા. તે ત્યાં જઇ અનાર્ય લોકોને કહેવા લાગ્યા કે અમને બેંતાલીશ દોષ રહિત વસ્ત્ર, પાત્ર, અન્નપાણી આપો તથા જૈનનાં શાસ્ત્ર ભણો, ઈત્યાદિક અમારું કહ્યું કરશો તો સંપ્રતિરાજા ઘણું રીઝશે. અન્યથા નહિં. એ રીતે રાજપુરુષોએ કહ્યું તે પ્રમાણે તે સર્વ કરતા હતા.

પછી રાજાએ ગુરુને પૂછ્યું. આર્યદેશની જેમ અનાર્ય દેશમાં વિહાર કેમ નથી કરતા ? ગુરુ બોલ્યા. અનાર્ય દેશમાં અજ્ઞાને કરી રત્નત્રયીનો વધારો થાય નહીં. રાજા બોલ્યા, અનાર્ય દેશમાં સાધુને વિહાર કરાવો તો તેની ચતુરાઈ માલમ પડે, એમ રાજાના આગ્રહથી કોઈક સાધુને આંધ્ર, દ્રવિડ, દેશે વિહાર કરાવ્યો, ત્યાં તે લોકો પણ સંપ્રતિરાજાના પુરુષ આવ્યા છે જાણી એમને અશનપાનાદિક શુદ્ધમાન આપતા હતા. એવું અનાર્યદેશમાં નિર્વેદ્ય શુદ્ધ આહાર મળતો દેખી તે સાધુઓ ગુરુની આગળ વિસ્મયથી વાત કરતા હતા. એ રીતે સંપ્રતિરાજાએ પણ અનાર્ય દેશમાં સાધુને વિહાર યોગ્ય કર્યો, વળી રાજાએ પાછલા ભવનું રાંકપણું સંભારીને ગામના દરવાજે દાનશાલા મંડાવી, ત્યાં પોતાના પરનો વંચો નથી, ત્યાં સહુ રાંક પ્રમુખને ભોજન કરાવતા. જે ઉગરે તે રાંધણીયા તથા ચાકર વહેંચી લે, એક દિવસ રાજાએ પૂછ્યું, કે થયેલું ભોજન કોણ લે છે ? રાંધણીયા બોલ્યા કે અમે લઈયે છીયે, રાજા બોલ્યા. જે અન્નપાણી વધે તે નિર્વદ્ય આહાર લેનાર મુનિને વહોરાવજો, તેનું દ્રવ્ય તમને આપીશ. તે પણ રાજાના કહ્યા મુજબ મુનિને આપતા હતા. મુનિ પણ શુદ્ધ જાણી લેતા હતા. વલી રાજાએ કંદોઈ, તેલ વેચનારા, દહિં વેચનારા, વસ્ત્ર વેચનારાને બોલાવીને કહ્યું કે જે કાંઈ સાધુને જોઇએ તે આપજો. તેનું મૂલ્ય હું આપીશ. કાંઇ પણ શંકા લાવશો નહિં. ત્યારે તેઓ-પણ હર્ષ પામતા અને તેમ કરતાં, કારણકે વાણિયાને તો વસ્તુ વેચાય એટલે હર્ષ થાય.

ઉપચારે કરી કુમારે સાજા કરી. તે વારે આંસુ રેડવા લાગી. એટલે સુકોશલ રાજા વિનંતિ કરવા લાગ્યો. હે માતા ! એવડું દુઃખ તમે શા માટે કરો છો ? તમને કોણે દુહવ્યા ? ત્યારે તે બોલી, હે વત્સ ! નગરમાં મોટું પાપ થાય છે. તેથી મને દુઃખ લાગ્યું. જેમ પહાડ તૂટી પડે, અથવા સમુદ્ર પૃથ્વીને રેલછેલ કરે એવું પાપ નગરમાં વર્તે છે. કુમાર કહેવા લાગ્યો, હે માત ! એવું શું પાપ વર્તે છે ? ધાવ માતા બોલી, તારા પિતા કીર્તિધર રાજર્ષિ આ નગરમાં ગોચરી કરવા આવ્યા હતા. તેને દેખીને રાણી ઉપદ્રવ કરીને કઢાવે છે. એવા ધાવના વચન સાંભળીને સુકોશલ રાજાના મનમાં ઘણો ખેદ ઉપજ્યો. તેજ વેળાએ આંખમાંથી આંસુ રેડતો ઉઘાડે પગે ચાલતો નગર બહાર જઇ મુનિને મલ્યો. સુભટોને હાંકી કાઢયા. તે પણ જેમ સિંહને દેખી શિયાળ નાશે તેમ નાઠા. સાધુનો ઉપસર્ગ ટાળ્યો. પછી સુકોશલ રાજા વિનંતિ કરવા લાગ્યો, હે સ્વામિન્ નગર મધ્યે ગોચરીને અર્થે પધારો. પરંતુ મુનિએ તો બીજુ માસક્ષમણ કર્યું. તેથી વહોરવા આવ્યા નહીં. પણ પુત્રને ધર્મદેશના દીધી. તે સાંભળી પુત્રને પણ વૈરાગ્ય ઉપજ્યો. તે વારે પોતાની પત્નીને ગર્ભ હતો, તે ગર્ભનેજ રાજ્યે થાપીને પોતે ચારિત્ર અંગીકાર કર્યું.

તે પિતાપુત્રની જોડી સંયમમાર્ગ પાલતાં, ઉગ્ર તપસ્યા કરતાં; મોહ ભટ સાથે સંગ્રામ કરતાં, કહેણી તથા કરણી બેહુ સરખી રાખતા, ઇર્યાસમિતિ શોધતાં પગલા દઇ ધરતીને પવિત્ર કરતાં વિચરે છે, મુનિ માર્ગે સાવધાન રહે છે. એવા અવસરે જે વેળાએ સુકોશલે ચારિત્ર લીધુ. તે વેળાએ રાગે કરીને તેની માતા સુકોશલાએ મહેલ ઉપરથી ઝંપાપાત કર્યો. તે અશુભધ્યાને મરણ પામીને વાઘણ થઇ. મુનિ પણ વિચરતા ચિત્રકૂટ પર્વતે આવી ઘોર તપ કરતાં ચોમાસું રહ્યા. અનુક્રમે પારણાને માટે નગર ઉદ્દેશીને બેહુ ગોચરી ભણી ચાલ્યા, તે સમયે તે વાઘણે પણ તરત અપત્ય પ્રસવ્યા છે. એવામાં તે બે મુનિને જોયા. ભૂખી થયેલી વિકરાલ થઇ ચારે દિશામાં જુવે છે. મુનિએ પણ વાઘણ

દીઠી, ત્યારે કીર્તિધર રાજર્ષિ સુકોશલ મુનિને કહેવા લાગ્યા, હે વત્સ ! એ વાઘણ ઉછળતી ફાળ મારતી આવે છે. તે ઉપસર્ગ અમારે સહેવો છે માટે તમે પછવાડે રહો. અમે આગળ થઈશું. સુકોમલ મુનિ બોલ્યા હે તાત ! તમે ઉભા રહો. મારા ઉપર કૃપા કરો. તો હું મારું કાર્ય સાધુ. ત્યારે કીર્તિધર મુનિ બોલ્યા, હે વત્સ ! તમે બાળ છો. વાઘણ વિકરાલ છે. માટે એ પરિષહ તમે કેમ જીતી શકશો ? સુકોશલ મુનિ બોલ્યા કે નાના મોટાનું શું કારણ છે ? મન દઢ કરવું જોઇયે. તે કારણે પારણામાં એ સુખડી મને આપો. એમ કહીને પોતે આગળ નીકળ્યા. વાઘણ પણ ભૂખી થકી ફાળ દેતી આવી. તે વેળાએ સુકો-શલ મુનિએ ચાર આહારનાં પચ્ચખ્ખાણ કરીને ચોરાશી લાખ જીવા-યોનિ ખમાવી. જેમ શૂર સુભટ સંગ્રામમાં ચઢે તેમ પરિષહની ફોજને મોઢે જઇને અડયા. વાઘણ પણ મુનિને થાપો દઈ હેઠા પાડી ચટચટ ચામડી ચૂંથવા લાગી. તડતડ નસાજાલ તોડવા લાગી, ફટફટ હાડકા ફૂટવા મંડયા. રુધિર વહેવા લાગ્યું, સુકોશલ મુનિ પરમ સંવેગ સમતાએ પરિણમ્યા છતા પોતાનાં કર્મ અહિંયા સતા હુવા, કીર્તિધર પિતા પણ નિજામણા કરતા રહ્યા. અનુક્રમે સુકોશલ મુનિ શુકલ ધ્યાને કરી, ક્ષપક-શ્રેણી માંડી, ઘનઘાતિ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા. યોગ નિરોધ કરી ચૌદમે ગુણઠાણે શૈલેશી કરણ કરીને પરમાનંદ પદ પામ્યા. એ કથા રામચરિત્રમાં છે.

હવે વાઘણ પણ મુનિ માંસભક્ષણ કરતી, ઘણું ઘણું રાચતી માચતી, મુનિના મુખ સુધી ખાવા આવી. ત્યાં સોનાની રેખા દાંતે ઝલકતી દેખી, તે પૂર્વ પરિચિત દેખીને જાતિસ્મરણ પામી. ત્યારે પશ્ચાત્તાપ કરવા લાગી. કે હા ! હા ! મેં આ શું કુકર્મ કર્યું : ? કારણકે મેં મારા પુત્રને માર્યો. માથુ પટકાવા લાગી. અરે ! એ કર્મથી કેમ છુટીશ ? એમ ચિંતવવા લાગી તે અનુમાને કીર્તિધર મુનિએ જાણ્યું. કે એ કોઇક જાતિસ્મરણાદિકે સમજી દેખાય છે. એમ જાણીને મુનિ બોલ્યા, રે વાઘણ ! એમ કરે શું થાય ? હવે ચાર શરણ કરી, ચારે

આહારનાં પચ્ચખ્ખાણ કર, કે જેથી કર્મ તૂટે. તે સાંભળી વાઘણ પણ અનશન કરીને અનુક્રમે દેવલોકે ગઈ. કીર્તિધરજી પણ અનુક્રમે કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. માટે ઉગ્રતપની શોભા તે ક્ષમા છે.

समाहिजोगो पसमस्स सोहा ॥ સમાધિયોગ જે છે તેજ ઉપશમની શોભા છે. તે ઉપર સુવ્રતમુનિનું ઉદાહરણ કહે છે.

સુદર્શનપુર નગરમાં સુભાગનામે ગૃહપતિ વસે છે. તેને સુજસા નામે ભાર્યા છે. તે સ્ત્રી ભર્તાર બંને શ્રાવક છે. સ્ત્રીએ સુવ્રત નામે પુત્ર પ્રસવ્યો. અનુક્રમે તે મોટો થયો. તે યૌવન અવસ્થાએ કોઈ મુનિની દેશના સાંભળીને પ્રતિબોધ પામ્યો. ત્યારે તેણે વગર પરણ્યે માતપિતાને પૂછીને ઘણા આગ્રહથી દીક્ષા લીધી. અનુક્રમે ગીતાર્થ થયો. ઘણો સમતાવંત થયો. એકલ વિહાર પડિમા અંગીકાર કરી. એવા મહા સમતાવંત, ધૈર્યવંત મુનિને દેખીને સૌધર્મેન્દ્રે દેવતાની સભા મધ્યે પ્રશંસા કરી કે સુવ્રતમુનિ પોતાના સમાધિ યોગથી કોઈના ચળાવ્યા ચલે નહિં તે સાંભળીને બે દેવતા અણમાનતા પરીક્ષા કરવા આવ્યા, તેમણે પ્રથમ તો અનુકુળ ઉપસર્ગ કરવા માંડયા, તેમાં એક દેવતા બોલ્યો, ધન્ય છે સુવ્રત અણગાર ! જે તમે કુમાર થકા બ્રહ્મચારી પણે દીક્ષા લીધી. બીજો દેવ બોલ્યો, એને શું વખાણો છે ? એણે તો કુલસંતાનનો ઉચ્છેદ કર્યો, માટે અધન્ય છે. એવું સાંભળ્યું તોપણ તે મુનિ સમાધિયોગમાં રહ્યા, વળી દેવતાએ તે મુનિનાં માતપિતાને વિષયને વિષે આસક્ત રહેલા દેખાડયા, તોપણ સમાધિયોગમાં રહ્યા. વલી દેવતાએ માતપિતાએ મારવા માંડયા, ત્યારે માતપિતા કરુણ સ્વરે રોવા મંડયા. તોપણ મુનિ સમાધિમાં રહ્યા. પછી દિવ્ય સ્ત્રી વિકુર્વિને વિલાસ સહિત મુનિને જોવા માંડયું, દીર્ઘ નિસાસા નાંખીને મુનિને આલિંગન દેવા માંડયું. તોપણ પોતાના સમાધિયોગથી ચલ્યા નહિં. એમ સમાધિયોગમાં રહેતા કેવલજ્ઞાન પામ્યા, અનુક્રમે મોક્ષે ગયા, इति आवश्यकनिर्युक्तौ योगसंग्रहे कथा ॥

नाण सुझाणं चरणस्स सोहा। જ્ઞાન તથા શુભધ્યાન તેજ પુષ્પભૂતિ આચાર્યની પેરે ચારિત્રની શોભા છે. તે પુષ્પભૂતિ આચાર્યની કથા કહે છે. સિંધુવર્ધન નગરને વિષે મુંભિવક નામે રાજા હતો. ત્યાં પુષ્પભૂતિ નામે આચાર્ય બહુશ્રુત મહાગુણવંત હતા. તે આચાર્યે રાજાને પ્રતિબોધીને શ્રાવક કર્યો, તે આચાર્યને પુષ્પમિત્ર નામે શિષ્ય છે. તે બહુશ્રુત છે. પણ ક્રિયાવ્યવહારે શિથિલ છે. માટે આચાર્યથી જુદો રહે છે. સુખમાં કાલ ગુમાવે છે. એક દિવસે તે આચાર્ય શુકલધ્યાનમાં બેસવાની ઇચ્છા કરે છે. પણ તે મહાપ્રાણ ધ્યાન સરખું છે. તે ધ્યાનમાં રહ્યા થકા ચેતના છે. કે નથી, એવું પણ જાણવામાં ન આવે. એવું તે પ્રબલ ધ્યાન છે. વળી તે આચાર્યની પાસે જેટલા શિષ્ય છે તે સઘળાઓ અબહુશ્રુત છે. માટે આચાર્યે પુષ્પમિત્ર શિષ્યને બહુશ્રુત જાણીને બોલાવીને કહ્યું કે મારે ધ્યાનમાં પ્રવેશ કરવો છે. માટે તું પાસે રહે તો પ્રવેશ કરું. તે ચેલાએ પણ અંગીકાર કર્યું. પછી એકાંતે ઓરડામાં બેસી આચાર્યે ધ્યાન કરવા માંડ્યું. જે કોઈ આવે તેને તે પુષ્પમિત્ર માંહે આવવા ન દે, અને કહે કે તમે અહિં રહીને જ આચાર્યને વંદન કરો. આચાર્યજી તો કાર્યમાં વ્યાકુલ છે. એમ કેટલાક દિવસ ગયા પછી સાધુ માંહોમાંહે વિચારવા લાગ્યા કે પૂજ્યજી શું કરતા હશે ? તેમાં એક સાધુએ જઈને જોયું પણ આચાર્ય અંશમાત્ર ચાલે નહિં. અને બોલે પણ નહિં. તે જોઇ તેણે આવી સર્વ સાધુને સંભળાવ્યું. તે સર્વે રુઠયા પણ પુષ્પમિત્રને કહેતા હુવા કે ભો ભો ! આચાર્ય તો કાલ પામ્યા છે. તેમ છતાં તું અમને કેમ નથી કહેતો ? પુષ્પમિત્રે કહ્યું, આચાર્ય કાળ પામ્યા નથી. પણ ધ્યાનમાં છે. માટે આચાર્યને ધ્યાનમાં વ્યાઘાત ન કરો. ત્યારે તે બોલ્યા એ તારું ધૂર્તપણું છે. કારણકે આચાર્ય લક્ષણવંતા છે. તેને તું વૈતાલ સાધના કરનારો મળ્યો છે. અને તું અમને ઠગે છે. એ રીતે સર્વ સાધુ તે પુષ્પમિત્ર સાથે કલેશ કરવા લાગ્યા, અનુક્રમે રાજાને તેડી લાવ્યા અને કહ્યું કે હે રાજન્ !

જોવો. આચાર્ય કાલ પામ્યા છે તેને પરઠવવા દેતા નથી. રાજાએ પણ આચાર્યને રુડી રીતે જોયા. એને નિર્ધાર કર્યો કે આચાર્ય કાળ પામ્યા છે. તે વારે પુષ્પમિત્રની અવજ્ઞા કરીને શિબિકા બનાવી, હવે આચાર્યે પૂર્વે પુષ્પમિત્રને કહી મૂકયું છે કે અગ્નિપ્રમુખનો મહા ઉપદ્રવ થયો જાણે તો મારો અંગુઠો સ્પર્શજે, તે સંકેત સંભારીને આચાર્યનો અંગુઠો ફરસ્યો. એટલે આચાર્ય જાગૃત થઈ બોલ્યા, મને ધ્યાનમાં વ્યાઘાત કેમ કર્યો ? પુષ્પમિત્ર બોલ્યો કે, તમારા શિષ્યોએ વ્યાઘાત કર્યો છે. ત્યારે તે આચાર્યે શિષ્યોને ઠપકો દીધો કે તમે રુડુ ન કર્યું. ઇત્યાદિ કથા આવશ્યકનિર્યુક્તિમાં છે. માટે ચારિત્રની શોભા જ્ઞાનધ્યાને છે.

सीसस्स सोहा विणए पवित्ति ।। જે વિનયગુણમાં પ્રવૃત્તિ કરવી તેજ શિષ્યની શોભા છે. એટલે વિનયને વિષે પ્રવર્ત્તવું તેજ શિષ્યની શોભા જાણવી. માટે શ્રી ઉત્તરાધ્યયન મધ્યે પ્રથમ વિનય અધ્યયને ઉદાહરણ કહયું છે

ઉજ્જયિનિ નગરીને વિષે અંબરુષિ નામે બ્રાહ્મણ વસે છે. તેને માલુંગા નામે ભાર્યા છે. તે બેહુ શ્રાવક છે. તેને નિંબક નામે પુત્ર છે. અનુક્રમે માલુંગાએ કાલ કર્યો. તે જોઈ પિતાપુત્ર બેહુને વૈરાગ્ય ઉપજ્યો. તે વારે બેહુ જણે કોઇક આચાર્ય પાસે દીક્ષા લીધી, પણ તેમાં દિકરો દુર્વિનિત છે, માટે સમાધિ લઇ બે વેલાની જગાને કાંટે કરી ખોદે, કાલગ્રહણની ક્રિયા કરતાં છીંકે, એમ કાલ ગુમાવે, સર્વ સામાચારી વિચરિત આચરે, ત્યારે સર્વ સાધુએ મલી આચાર્યને વિનંતિ કરી કે તમે એ નિંબકને રાખો અથવા અમને રાખો. કારણ નિંબક રહેશે તો અમે સર્વ ચાલ્યા જશું, તે સાંભળી આચાર્યે નિંબકને કાઢી મૂકયો. પિતા પણ પુત્રના રાગે સાથે નીકળ્યો. તે બેહુ કોઈ બીજા આચાર્યની પાસે જઇને રહ્યા. ત્યાં પણ છોકરાને અપલક્ષણો જાણી કાઢી મૂકયો. એમ ઉજ્જયિનિમાં પાંચસે સંઘાડામાં તે બેહુ પિતાપુત્ર ફર્યા. પણ કયાંઇ ટકી શકયા નહિં. એક દિવસ

પિતાપુત્ર બાહીર ભૂમિકાએ ગયા છે. ત્યાં પિતા રૂદન કરવા લાગ્યા, ત્યારે પુત્ર બોલ્યો. મેં સાર્થક નામ કર્યું. તારા દુષ્કૃતે કરી હું પણ કયાંઇ સ્થાનક પામતો નથી. હવે આચાર્ય પાસે પણ જઈ ન શકાય, ત્યાં પણ કોઇ વિશ્વાસ ન કરે. ત્યારે પુત્ર બોલ્યો કે- હે પિતા ! હવે એકવાર કોઇક સ્થાનકે જગ્યા ગવેશો. તે સાંભળી બાપ બોલ્યો, જો તું વિનિત થાય તો હું જગ્યા ખોળું, નિંબક બોલ્યો, હવે હું વિનિત થઇશ, તે સાંભળી તેઓ મૂળ આચાર્ય પાસે આવ્યા, એટલે સર્વ સાધુ ક્ષોભ ના પામ્યા, તેમને તેના પિતાએ કહ્યું કે હવે એ મારો પુત્ર અન્યાય નહિં કરે, તો પણ તે સાધુ માને નહિં, ત્યારે આચાર્ય બોલ્યા કે, હે આર્યો એમ ન કરો, હાલ તો એ આપણી પાસે પ્રાહુણા તરીકે રહેશે, તે આજકાલ બે દિવસ રહીને જશે. એમ કરીને બેહુ-જણા રહ્યા.

હવે તે ચેલો પડિલેહણ વેળાએ પડિલેહણ કરે, ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિકા બહાર પડિલેહે. ઇત્યાદિક સર્વ સિદ્ધાંતોક્ત સામાચારી કરતો સર્વ સાધુને રીઝ ઉપજાવી. અનુક્રમે ઉજ્જયિનિ નગરી માંહેલા પાંચસો ઉપાશ્રયના સર્વ સાધુઓ મલીને નિંબકને અમૃતનાં આંબા સરખો માને. જયાં જાય ત્યાંથી નીકળવા ન દે. એવો મહર્ધ્ય થયો, મહા વિનયવંત થયો. ઘણી યશકીર્તિવાળો થયો. એમ શિષ્યની શોભા વિનયમાં પ્રવૃત્તિ કરવાથી થાય. इति निंबक कथा आवश्यक वृत्तौ योगसंग्रहे, इति सकलसभाभामिनिभालस्थलतिलकायमान पंडित उत्तमविजय गणी शिष्य पंडित पद्मविजय गणी विरचिते श्री गौतम कुलक बालावबोधे नवमगाथायां चत्वार्युदाहरणानि समाप्तानि (९)

હવે દશમી ગાથાનો પ્રારંભ કરીયે છીએ. તેનો પૂર્વગાથા સાથે એ સંબંધ છે. જે પૂર્વે ચાર પ્રકારની શોભા કહી, અને અહીં પણ જે ગુણે કરી શોભે, તે ગુણ બતાવે છે. એ સંબંધે કરી આવી જે દશમી ગાથા કહે છે.

अभूसणो सोहई बंभयारी, अकिंचणो सोहई दिक्खधारीं;
बुद्धिजुओ सोहई रायमंती, लज्जाजुओ सोहई एगपत्ति ॥ (१०)

अर्थः-अभूषणो सोहई बंभयारी जे ब्रह्मचारी छे. ते भूषण एटले आभरण तेणे करी रहित होय तो पण शोभे छे. एटले ब्रह्मचारी पुरुष आभूषण विना पण शोभे छे. ते उपर हरिकेशी अणगारनुं उदाहरण कहे छे.

मथुरा नगरीनां शंखनामे राजाए धर्म सांभळी चारित्र लीधुं, ते एकदा विहार करतां गजपुर नगरे गया. नगरीनां मार्गनी वचमां आव्या, त्यां स्वभावे ज धरती अत्यंत उज्जवल छे. जेथी चाली न शकाय, ते पण साधु अणजाणतां सोमदेव नामे पुरोहीतने मार्ग पूछता हता, त्यारे पुरोहीते हांसीमां तेज मार्ग बताव्यो. साधु ते मार्गे आव्या. साधुनां तपनां प्रभावे मार्ग शीतल थयो. ते व्यतिकर पुरोहीते गोखे बेठा जोयो, त्यारे विचारवा लाग्यो के में साधुनी आशातना करी, पछी उद्यानमां जई साधुने कहेवा लाग्यो, स्वामिन्! में पापकर्म कर्युं तेथी केम छुटीश? साधु बोल्या, दीक्षा लेवाथी. ते सांभळी तेणे दीक्षा लीधी. दीक्षा पाळी, परंतु जातिमद कर्यो, तेथी मरण पामीने देवलोक पाम्यो. त्यांथी च्यवीने मृतगंगाने कांठे बलकोटे हरिकेशी चंडालनो स्वामि छे. तेने गोरी तथा गंधारी नामे बे भार्या छे, तेमां गोरीनी कुक्षीए उत्पन्न थयो. गोरीए स्वप्नमां वसंतमास दीठो, फुल्यो फाल्यो आंबो दीठो. प्रभाते स्वप्नपाठकोने तेनुं फल पूछ्युं, ते बोल्या के तारे महात्मा पुत्र थशे, अनुक्रमे पुत्र आव्यो. पूर्वभवना मदने कारणे शरीरे काळो महाविरूप थयो, बल एवुं नाम पाड्युं. क्लेश करे, कोईनुं कह्युं करे नहिं.

एकदा वसंतनो कांईक उत्सव छे, तेथी सहु भेगा थई जमे छे. मदिरा प्रमुख पीवे छे. बलने उद्धंड जाणीने वेगळो काढी मूक्यो. ते पण वेगळो जईने बेठो. एवामां सहसात्कारे सर्प नीकळ्यो, तेने सर्व मळीने मार्यो. एवामां वळी बीजो भारंड पक्षी नीकळ्यो, तेने

સહુએ નિર્વિષ જાણીને જીવતો મૂક્યો, તે દેખીને બલને વિચાર થયો કે અહો ! પોતાના દોષે કરીને જીવ કલેશનો ભાગી થાય માટે ભદ્રક થવું, એજ રુડું છે. જે ભદ્રક હોય તે ભદ્ર પામે. કારણકે વિષ સહિત સર્પ હતો તે હણાયો, અને બીજો સર્પ હતો તે નિર્વિષનાં કારણે જીવતો મૂકી દીધો.

યતઃ—भद्दए णेव होयव्वं, पावइ भद्दाणि भद्दउ। सविसो हणई सप्पो भेरूडो तत्थ मुंचई (१) એમ વિચારતો પોતાની મેળે પ્રતિબોધ પામ્યો. જાતિસ્મરણજ્ઞાન પામ્યો, ત્યારે દીક્ષા લીધી. વિહાર કરતાં વાણારસી નગરીને વિષે તિંદુક નામે ઉદ્યાને પહોંચ્યા, ત્યાં છઠ્ઠ, અઠ્ઠમાદિક તપ કરતાં મંડિક નામે યક્ષને દહેરે રહ્યા. તપનાં પ્રભાવે તે યક્ષ અત્યંત મુનિનો રાગી થયો. એકદા ત્યાં બીજો પ્રાહુણો યક્ષ આવ્યો. તેણે મંડિકને કહ્યું, મારા વનને વિષે તમે હમણાં કેમ નથી આવતા ? મંડિક યક્ષ બોલ્યો, હું મુનિની સેવામાં છું. એમના ગુણે આવર્જ્યો થકો બીજે ઠેકાણે જઈ શકતો નથી, તે સાંભળીને પ્રાહુણો યક્ષ મુનિનો રાગી થયો. પ્રાહુણા યક્ષે મંડિકને કહ્યું, એવા મુનિ તો મારા વનમાં ઘણા ઉતર્યા છે. ચાલો, ત્યાં જઇને સેવા કરીયે. એમ કહીને બેહુ જણ ત્યાં ગયા, ત્યાં રહેલા મુનિને વિકથા કરતાં તથા પ્રમાદને વિષે તત્પર દીઠા, તે કારણે તે મુનિથી વિરક્ત થઇને તે યક્ષ પાછો ફરી હરિકેશી બલમુનિ પાસે આવી પ્રણામ કરીને નિરંતર સેવા કરતો રહ્યો. એકદા વાણારસીનાં ધણી કૌશલીક રાજાની ભદ્રા નામે દીકરી છે. તે અનેક પરિવારે પરવરી, પૂજાની સામગ્રી લઇને ત્યાં આવી, તેણે તે યક્ષની પ્રતિમાને પૂજીને પછી પ્રદક્ષિણા દેતાં જેનું શરીર મલિન અને વસ્ત્ર પણ મલિન એવો મહાકુરુપી મુનિ દીઠો, તે દેખીને થુથુકાર કર્યો, યક્ષે વિચાર્યું કે મુનિનો તિરસ્કાર કરે છે. માટે એને શિખામણ દેવી જોઇએ, પછી તેજ વેલા યક્ષ તેનાં શરીરમાં પેઠો, તેથી તે કન્યા અસમંજસ બોલવા લાગી, તેને દાસીઓ ઉપાડીને ઘેર લાવી, રાજાએ

ઘણા જ મંત્રવાદી તથા વૈદ્ય બોલાવ્યા, તેણે આવી અનેક ઔષધી ઉપચાર કર્યા, પણ ગુણવિશેષ કાંઇ ન થયો.

હવે તેને મુખે યક્ષ સંક્રમીને સ્પષ્ટપણે બોલ્યો, એણે મારા દેશમાં રહેલા મુનિની નિંદા કરી છે. સાધુનું પાણિગ્રહણ કરે તો એનાં શરીરમાંથી નીકળું, રાજાએ વિચાર્યું કે ઋષિપત્ની થઇને પણ જો જીવતી રહે તો સારું, તેથી રાજાએ તે વચન અંગીકાર કર્યું, ત્યારે કુંવરી સાજી થઈ. હવે રાજા પણ કુંવરીને સર્વ અલંકાર પહેરાવી વિવાહનાં ઉપકરણ લઇ ઘણા આડંબર સહિત યક્ષને દહેરે લાવ્યા, ત્યાં મુનિને પગે લગાડીને વિનંતિ કરવા લાગ્યા કે હે મુનિ! મારી કન્યાનું પાણિગ્રહણ કરો. મુનિ બોલ્યા, હે ભદ્ર ! એ નિંદિત વાતે સર્યું ! સાધુ તો સ્ત્રી સાથે એક વસતિમાં પણ વસે નહિં, વળી સિદ્ધિરુપ નારીનો રાગી એવો સાધુ તે અશુચીએ પૂર્ણ શરીરવાળી એવી સ્ત્રીને કેમ ઇચ્છે ?

પણ તે યક્ષે ઋષિનું શરીર ઢાંકીને નવું શરીર વિકુર્વિ કન્યાનું પાણિગ્રહણ કર્યું, સંપૂર્ણ રાત્રિ ત્યાં રહી, પ્રભાતે યક્ષ દૂર થયો, ત્યારે સ્વભાવિકરૂપે કન્યા દેખીને તે મુનિ બોલ્યા, હે ભદ્રે ! હું સંયમી. મન, વચન, કાયાએ સ્ત્રીનો સંગ ન કરું. મેં તારું પાણિગ્રહણ કર્યું નથી, પણ મારો ભક્તિવંત યક્ષ વિડંબના કરે છે, તે યક્ષ હમણાં દૂર ગયો છે, માટે તું ચાલી જા, તે સાંભળી તે ભદ્રા પરણવાની વાતને સ્વપ્નની પેઠે માનતી, ખેદ કરતી ઘેર ગઈ. રાજાને સર્વ વ્યતિકર કહ્યો, તે વેલાએ રાજા પાસે રૂદ્રદેવ નામે પુરોહીત બેઠો હતો તે બોલ્યો કે હે રાજન્ ! એ ઋષિપત્ની યતિએ મુકી માટે બ્રાહ્મણને આપો. ત્યારે રાજાએ પુરોહીતને જ આપી, તે સાથે વિષયસુખ ભોગવતાં કેટલોક કાળ ગયો. હવે યજ્ઞ કરવાનો ઇચ્છુક થઇ પુરોહીતે તેને યજ્ઞપત્ની કરી તે યજ્ઞમંડપે દેશાંતર થકી ઘણા વિપ્ર ભેગા થયા છે. તેના માટે ભોજન સામગ્રી તૈયાર કરી છે. તે અવસરે તે મુનિ પણ ગોચરીયે ભમતાં યજ્ઞમંડપે આવ્યા, ત્યારે પુરોહીતે હરિકેશીબલને કહયું કે

રે! અહિં કયાં આવ્યો? અતિ બિહામણો, વર્ણે કાળો, દેખીતો વિકરાલ, ધૂળથી ખરડાયેલા શરીરવાળો, દર્શન કરવાને અયોગ્ય એવો તું શી આશાએ અહિં આવ્યો છે? જા નજરથી આગળ, કેમ ઉભો રહે છે? ત્યારે તે યક્ષ ભક્તિએ બોલ્યો કે, હું શ્રમણ સંયતિ; બ્રહ્મચારી, પરિગ્રહથી નિવર્ત્યો રાંધવું પ્રમુખ ન કરું, પરને અર્થે જે અન્ન નીપજ્યું હોય તેમાંથી વધ્યું હોય તેની ભિક્ષા લઉં, એવો હું અન્નને અર્થે અહીં યજ્ઞવાડામાં આવ્યો છું. વળી દીન અનાથને આપો છો. ઘેબર, શાલી, દાળ પ્રમુખ પ્રત્યક્ષપણે તૈયાર છે. અને હું યાચીને જ આજીવિકા કરું છું. એવું જાણીને અંતપ્રાંત આહાર મને તપસ્વીને આપો. ત્યારે વિપ્ર બોલ્યા, આ અવલ સુંદર ભોજન બ્રાહ્મણે પોતાના અર્થે રાંધ્યો છે. તે માત્ર બ્રાહ્મણને જ આપીયે પણ બીજા કોઇને આપતા નથી અને ઉત્તમ અન્ન તને કેમ આપીયે? માટે કેમ ઉભો છે? તું તારે માર્ગે જા, સાધુ બોલ્યા, કર્ષણી ધાન્ય વાવે છે. તે નીચી ધરતીમાં સરખા છે. તો પણ મને ઉંચી ધરતી જાણીને આપો અને પુણ્યક્ષેત્ર જાણીને આરાધો. બ્રાહ્મણ બોલ્યા, પુણ્યક્ષેત્ર અમે જાણીયે છીયે. જયાં વાવ્યું થકુ ઘણું નીપજે, તે તો બ્રાહ્મણજાતિ વિદ્યાએ સહિત છે તેજ ક્ષેત્ર ઘણું મનોહર છે. તેને આપવાથી ઘણું ઉગે. ત્યારે મુનિ વળી બોલ્યા, જેને ક્રોધ હોય, માન હોય, હિંસા હોય તથા જુઠુ બોલે, વગર આપ્યું લે, પરિગ્રહ રાખે, તે બ્રાહ્મણ જાતિ વિદ્યાહીન જાણવા, તે બ્રાહ્મણને પાપક્ષેત્ર જાણવા. ભો બ્રાહ્મણો! તમે તો વેદનો માત્ર ભાર વહો છો. અર્થ નથી જાણતા, અને વેદ ભણો છો. માટે ઉંચનીચ ઘેર ફરીને ભિક્ષા લે છે, તે મુનિ ઉત્તમ ક્ષેત્ર છે, ત્યારે વિદ્યાર્થી બ્રાહ્મણ બોલ્યા, અરે! અમે પાસે રહ્યા થકા પણ તું અમારા ઉપાધ્યાયનાં સામુ બોલે છે? માટે આ અન્નપાણી સર્વ વિણશી જાય, પણ તને નહિં આપીયે. મુનિ બોલ્યા, હું પાંચ સમિતિ સમિતો, ત્રણ ગુપ્તે ગુપ્તો, સમાધિવંત પાંચ ઇન્દ્રિય જીતનારો છું, જો તમે દોષ રહિત અન્નપાણી નહિ આપો તો આ યજ્ઞનું ફલ શું પામશો?

હવે ઉપાધ્યાય બોલ્યો. અરે કોઇ છાત્ર અધ્યાપક અગ્નિ પાસે બેઠો હોય તે એ યતિને વાંસની લાકડીએ તથા કોઠ પ્રમુખ ફલે કરી મારીને ગળે પકડીને કાઢી મૂકો. અધ્યાપકનાં વચન સાંભળીને ઘણા યુવાન કુમારો દંડે કરી, વેત્રે કરી, કોરડે કરીને તે યતિને તાડના કરવા લાગ્યા. એવા અવસરે ભદ્રા નામે રાજકુમારી તે મુનિને મારતા દેખીને ક્રોધમાં આવેલા કુમારોને ઉપશમાવવા માટે કહેવા લાગી કે દેવતાના બળાત્કારે રાજાએ એને આપી હતી, પણ એણે મને છાંડી દીધી, ઇચ્છા પણ નહીં. એવો એ ઋષિ છે. એ ઉગ્રતપનો ધણી, મહાત્મા, જીતેન્દ્રિય, સંયમી, બ્રહ્મચારી, મહાયશવંત, મહા હિમવંત, ઘોરવ્રતી. દુષ્કરવ્રતવંત, ઘોર પરાક્રમી, કષાયાદિકને જીતનારો, છે. એની હેલના ન કરો, એવા ભદ્રાનાં વચન સાંભળીને યક્ષઋષિનું વૈયાવૃત્ત કરવાને અર્થે ઘણા દેવતાને પરિવરેલા ઉપસર્ગને કરનારા કુમારને નિવારતો હતો. તે યક્ષનાં કિંકરદેવો આકાશમાં બિહામણાં રૂપે રહ્યા થકા કુમારોને લોહી વમતાં કરતા હતા. તે દેખીને ભદ્રા બ્રાહ્મણ પ્રત્યે કહેતી હતી કે અરે ! નખે કરીને પર્વતને હણો છો ? દાંતે કરીને લોઢું ચાવો છો ? પગે કરીને અગ્નિને હણો છો ? આ ભિક્ષુને અપમાન દેતા એટલા વાના કરો છો વળી એ આશીવિષ સર્પ જેવા છે. જેથી મરણ પામીયે, જેમ પતંગીયાની શ્રેણી અગ્નિમાં ઝંપાપાત કરે અને મરણ પામે તેમ તમે ભિક્ષુને ભોજન અવસરે દંડ કરો છો. તેથી મરણ ઢુકડુ કરો છો. માટે જો ધન, જીવિતવ્યની ઇચ્છા હોય તો સર્વ પરિવાર સહિત મસ્તક નમાવીને એ ઋષિનું સ્મરણ કરો. નહિં તો એ કોપ્યો થકો સર્વ લોકોને બાળીને રાખ કરશે. હવે ત્યાં સઘળા કુમારો વાંકાચૂકા થઈ હાથ પહોળા કરી પડયા છે. આખો ફટકાર્યા કરે છે, મુખે લોહી વમે છે. મુખ ઉંચા રહી ગયા છે, જીભ તથા આંખો બહાર નીકળી છે, બાંહો લાંબી કરી પડયા છે, હાલતા ચાલતા નથી. એવા કુમારોના હાલ દેખીને તે બ્રાહ્મણ ચિંતાવંત, વિમનસ્ક, મહાખેદવંત થયો. અહો એ કેમ સાજા થશે ? એમ વિચારીને ભાર્યા સહિત ઋષિને

સંતોષ ઉપજાવતો હતો. તે ઋષિને કહેવા લાગ્યો, હે ભગવન્ ! એ છાત્ર સર્વ બાળ છે. એમણે મૂઢપણે કરીને તથા અજ્ઞાનપણે કરીને તમારી હેલના કરી છે. નિંદા કરી તે ખમો, ઋષિ તો મહાપ્રસાદવંત હોય, પણ ક્રોધ કરવા તત્પર ન હોય. તે સાંભળી મુનિ બોલ્યા, પૂર્વે પણ મારામાં ક્રોધ ન હતો. અને હમણા પણ નથી. તેમ હવે ક્રોધ કરીશ પણ નહિં પરંતુ મારી વૈયાવૃત કરનારા યક્ષે એ કુમારોને હણ્યા છે. તે સાંભળી ઉપાધ્યાય પ્રમુખ બોલ્યા, શાસ્ત્રાર્થના જાણ તથા રુડી રીતે યતિધર્મનાં પાલક થકા કોપ કરો નહીં, તમે મહાપ્રજ્ઞાવંત છો. તે કારણથી તમારા ચરણે સર્વ મલીને આવ્યા છીયે. તમે પૂજવા યોગ્ય છતાં અમે તમને પૂજયા નહીં. માટે અમારો અપરાધ ખમીને શાલિ, શાલણા પ્રમુખ અત્રે ઘણું અન્ન છે તે અમારા ઉપકારનાં અર્થે વહોરો એવો તેનો આગ્રહ જાણીને માસક્ષમણને પારણે તે મહાત્મા ભાતપાણી લેતા હતા. તે વેળા સુગંધી પાણીની તથા સુગંધી ફૂલની વૃષ્ટિ થઇ વળી વસુધારા (સોનૈયાની) વૃષ્ટિ થઇ, દેવતાએ દેવદુંદુભી વગાડી, આકાશને વિષે "અહો દાણું, મહા દાણુ" એવા શબ્દ થયા. તે જોઇ બ્રાહ્મણ હર્ષ પામીને કહેતા હતા કે આ સાક્ષાત્ તપનો મહિમા દેખાય છે. જાતિનો વિશેષ કાંઈ દેખાતો નથી, કારણકે હરિકેશીબલ ચાંડાલ નો પુત્ર તેની આવી સાક્ષાત્ ઋદ્ધિ દેખીયે છીએ.

હવે મુનિ કહે છે, હે બ્રાહ્મણો ! તમારે યજ્ઞ કરતાં અગ્નિનો આરંભ કરવો યુક્ત નથી. તથા પાણી વડે શુદ્ધ થાવ છો તે બાહ્ય શુદ્ધિ છે. તે બાહ્ય શુદ્ધિને તત્ત્વનાં જાણ નથી માનતા. વળી ડાભ, યજ્ઞનો થંભ, તૃણ, કાષ્ટ જે ભેગા કરો છો સાંજે અને પ્રભાતે પાણીનાં કોગળા કરો છો. તે સર્વ પ્રાણીભૂતની હિંસા કરો છો. એમ કરતાં ફરી પાપ કરો છો. તે સાંભળી બ્રાહ્મણ પૂછે છે કે ત્યારે અમે યજ્ઞને અર્થે કેમ કરીયે ? અમે પાપ થકી વેગળા કેમ થઇયે ? હે યક્ષપૂજીતમુનિ ! તત્વનાં જાણ ! તમે રીઓ યજ્ઞ કેવી રીતે થાય તે કહો. મુનિ બોલ્યા, જે છકાયનો આરંભ ન કરે, મૃષા ન બોલે, અદત્ત ન લે, સ્ત્રીનો સંગ

ન કરે, પરિગ્રહ ન રાખે, ક્રોધ, માન, માયા અને લોભ ન કરે, ઇન્દ્રિયો દમીને યજ્ઞને અર્થે પ્રવર્તે, વળી સર્વ આશ્રવને સંવરે. જીવવાની આશા અણકરતા જે પોતાની કાયાને વોસરાવે, ઉપસર્ગ સહિત શરીરની શુશ્રૂષા અણકરતા, કર્મ શત્રુને હણે એવો યજ્ઞ તે ઉત્તમ યજ્ઞ છે. માટે તે યજ્ઞ તમે કરો.

ત્યારે તે વિપ્રો પૂછતા હતા કે તમારે એ યજ્ઞમાં અગ્નિ કયો છે? તથા અગ્નિ થાપીયે તે સ્થાનક કયું છે? ત્યારે હોમ કરતાં ચાટુડીથી ઘી પ્રમુખ સિંચવાને ચાટુડી પ્રમુખ કઇ છે? તમારે અગ્નિ સંધ્રુકવાને છાણનો ગોર કયો છે? તમારે ખીજમાં પ્રમુખનાં ઈંધણ કયા છે? તમારે શાંતિ કોણ છે? કે જેણે કરી ઉપદ્રવ ટળે: તમારે હોમવાનો વિધિ શો છે? તે સર્વ કહો.

મુનિ ઉત્તર કહે છે. અમારે બાર ભેદનું તપ તે અગ્નિ છે. અગ્નિનું સ્થાનક તે જીવ છે. મન, વચન, કાયાના યોગ તે ચાટુડી છે. શરીર તે ગોર છે. કર્મ તે ઇંધણ છે. સંયમયોગ તે શાંતિ છે. એ વિધિએ યજ્ઞ કરીયે છીયે.

વળી બ્રાહ્મણ અભ્યંતર સ્નાન શુદ્ધિ પૂછે છે. હે મુનિ! તમારે સ્નાન કરવાનો દ્રહ કોણ છે? તમારે સંસાર સમુદ્ર તરવાને તીર્થ કોણ છે? પાપ ઉપશમાવે એવું પુણ્યક્ષેત્ર, શાંતિ તીર્થ કોણ છે? શાને વિષે નાહયાથકા કર્મરૂપ રજ પરિહરો છો? એ વાત અમે સાંભળવા ઇચ્છિયે છીયે માટે કહો.

મુનિ ઉત્તર કહે છે. હિંસારહિત ધર્મ તે અમારે દ્રહ છે. બ્રહ્મચર્યરૂપ શાંતિ તે તીર્થ છે, તે તીર્થ એવું છે કે મિથ્યાત્વાદિકે ડહોળ્યું નથી, જીવને વિષે જે નિર્મળ લેશ્યા તેણે કરી છે. જેને વિષે નહાયો છે. જીવ, નિર્મળ, વિશુદ્ધિએ કલંક રહિત પરમ શીતલભૂત થઈને સર્વ દોષને છાંડે, એ સ્નાન તીર્થ કહ્યું છે. મુનિને એ સ્નાન ઘણું પ્રશસ્ત છે. એને વિષે સ્નાન કરી મહાઋષિ શુદ્ધ નિર્મળ થઈને ઉત્તમસ્થાનને વિષે પહોંચ્યા. એટલે કે સિદ્ધિ વર્યા.

એ હરિકેશી મુનિને રૂપ પણ ન હતું, ભૂષણ પણ ન હતા, પરંતુ બ્રહ્મચારી પુરૂષ હોવાથી ઘણું શોભતા હતા, એ કથા શ્રી ઉત્તરાધ્યયન-સૂત્રનાં બારમા અધ્યયને છે.

अकिंचणो सोहई दिक्खधारी ॥ જે દીક્ષાધારી સાધુ તે, અકિંચન એટલે પરિગ્રહ રહિતપણે કરીને શોભે છે. તે ઉપર કરકંડુ પ્રત્યેક બુદ્ધની કથા કહે છે. યતઃ-करकंडू कलिंगेसु, पंचालेसु य डुम्मुहो ॥ नमिराया विदिहेसु, गंधारेसु य निग्गइ ॥ (१) वसमे य इंदकेउ, वलए अंबेय पुप्फिये बोही । करकंडू दुम्मुहस्सा, नमिस्स गंधार रणोअ ॥ (२) એનો અર્થ કથાથી જાણવો. ચંપાનગરીનો દધિવાહન રાજા હતો. તેને પદ્માવતી નામે રાણી હતી. તે ચેડા મહારાજાની પુત્રી છે. એકદા તેને ગર્ભના પ્રભાવે દોહદ થયો કે રાજાનાં વસ્ત્ર હું પહેરૂં. રાજા મને છત્ર ધરે, અને ઉદ્યાનમાં ક્રીડા કરું. રાજા તે દોહદ પૂરવા માટે રાણીને હાથી ઉપર બેસાડીને ઉદ્યાનમાં ચાલ્યો. એવામાં વર્ષાનો પ્રારંભ થયો. તેના યોગે માટીની ગંધ આવવાથી હાથી મદોન્મત્ત થયો. હાથી ઘણો દૂર અટવીમાં ગયો. એવામાં વેગળેથી એક વડ દેખીને રાજા રાણી પ્રત્યે કહેતો હતો કે હાથી વડતલે થઈને જશે. માટે વડની શાખા પકડી લેજો, જયારે વડ આવ્યું ત્યારે રાજાએ તો શાખા પકડી લીધી પણ રાણી શાખાને પકડી ન શકી તેથી રાણીને જયાં કોઇ મનુષ્ય પણ ન મળે તેવી અટવીમાં હાથી લઈ ગયો. એવામાં તે હાથીએ એક દ્રહ દીઠો. ત્યારે તૃષાવંત થયો થકો જલકેલી કરવા લાગ્યો. રાણી પણ હળવે હળવે ઉતરીને માર્ગ નહિં જાણવાથી સાગારી પચ્ચખ્ખાણ કરીને એક દિશા-ભણી ચાલી, આગળ જતાં રાણીને એક તાપસ મળ્યો, તે તાપસ ચેડા રાજાનો ગોત્રિજ હતો, માટે રાણીને આશ્વાસન આપ્યું, વનફળ ખાવાને લાવી આપ્યા, કેટલાક દિવસ ત્યાં રહ્યા, પછી તાપસે રાણીની સાથે ચાલીને તે અટવી ઉલ્લંઘાવી, પછી તાપસ બોલ્યો. હવે હળે ખેડેલી ધરતી આવી માટે મારાથી ચલાય નહિં, એ અમારો આચાર નથી, માટે તમે એ માર્ગે ચાલ્યા જજો, આગળ દંતપુર નગર આવશે. તે

સાંભળીને રાણી દંતપુર નગરે ગઇ. ત્યાં સાધ્વી પાસે દીક્ષા લીધી. પણ ગર્ભની વાત સાધ્વીજીને નહીં કરી, પરંતુ સાધ્વીજીએ ઉધાનની વાત જાણીને રાણીને એકાંતમાં રાખી, અનુક્રમે પુત્ર આવ્યો, ત્યારે રાત્રિએ તે બાળકનાં કંઠે નામાંકિત મુદ્રા સ્થાપી રત્નકંબલે વીંટીને શ્મશાને મૂકયો. તે બાલકને શ્મશાનના રખવાળ ચંડાળની સ્ત્રીને આપ્યો. રાણીએ સાધ્વીજીને કહ્યું કે પુત્ર મુએલો આવ્યો માટે પરઠવ્યો છે.

એમ સમજાવીને પોતે ચંડાલણી સાથે સખીપણું કરીને નિત્ય પુત્રને જોવા જાય.

તે બાળક વધતો થકો બાળકો સાથે રમતાં રમતાં એમ કહે કે હું તમારો રાજા છું. માટે મને કર આપો, તે દંડમાં જે મને ખરજ આવે તે ખરજ ખણો. તેથી કરકંડૂ એવું નામ પાડયું. સાધ્વીનો તે બાળક ઉપર રાગ ઘણો હતો, તેથી સુંદર મોદક ભિક્ષામાં લાવીને બાળકને આપે, એમ કરતા તે યુવાન થયો, એટલે શ્મશાનની રખવાળી કરવા જાય.

એવામાં એક દિવસે બે સાધુ ત્યાં આવી ચઢયા, તેણે ત્યાં વંશની જાળીમાં એક વંશ ઉભો દીઠો. ત્યારે તે બેમાં એક સામુદ્રિક લક્ષણનો જાણ છે. તે લઘુ સાધુને કહેવા લાગ્યો કે જે આ બાળક વંશના દંડને ચાર આંગળ વધવા દઈને પછી લે તો રાજા થાય. તે વચન કરકંડૂએ સાંભળ્યું, તથા એક બ્રાહ્મણે પણ સાંભળ્યું. તે બ્રાહ્મણ મુનિનું વચન માનતો ઉતાવળો ચાર આંગળ ધરતી ખોદી દંડ કાપીને લઇ ગયો. તે દેખીને કરકંડૂએ એ બ્રાહ્મણ પાસેથી લાકડી ઝુંટાવી લીધી, ત્યારે તે બ્રાહ્મણ નગરીમાં પંચાયટીયાને એકઠા કરીને કહેવા લાગ્યો કે મારી લાકડી ચંડાલપુત્ર પાસેથી અપાવો. બાળકે કહ્યુ, મારી શ્મશાન ભૂમિ છે, માટે હું નહિં આપું. પંચાતીઆએ કહ્યું, હે વિપ્ર ! તું બીજી લાકડી લઇ લે. વિપ્રે કહ્યું કે મારે તો એજ લાકડીનો ખપ છે. કાર-

ણીયા બાળકને પૂછવા લાગ્યા, તું લાકડી કેમ નથી આપતો ? બાળક બોલ્યો કે આ દંડના પ્રભાવથી હું રાજા થઈશ. તે સાંભળી કારણીયા હસીને બોલ્યા કે જ્યારે તને રાજ્ય મલે ત્યારે એ બ્રાહ્મણને એક ગામ આપજે. તે બાળકે અંગીકાર કર્યું. પછી બ્રાહ્મણે બીજા બ્રાહ્મણો એકઠા કરીને કુમારને મારવાનો ઉપાય કર્યો, તે વાત ચંડાલે સાંભળી. ત્યારે તેનાં માબાપ છોકરાને લઈને નાઠા, અનુક્રમે કાંચનપુર આવ્યા. નગરની બહાર તે ચંડાલપુત્ર સૂતો હતો, હવે ત્યાં અપુત્ર રાજા મરણ પામ્યો, તેથી પંચે મળી અશ્વ અધિવાસ્યો. તેણે જ્યાં બાળક સૂતો છે ત્યાં આવીને હેષારવ કર્યો, ત્યારે લક્ષણનાં જાણનાર પુરુષે આવીને જોયું તો લક્ષણવંતો બાળક જાણ્યો. જય જય શબ્દ થયો. બાળક ઉઠયો, તેને ઘોડા ઉપર બેસાડયો, પણ ચંડાલ જાણીને બ્રાહ્મણોએ તેને નગરમાં પેસતા અટકાવ્યો. ત્યારે કરકંડૂએ વજ્રની પેઠે તે વાંસનાં સ્થંભને હાથમાં લીધો. એટલે તે દંડ અગ્નિ જેવો જાજવલ્યમાન દીપવા લાગ્યો. તે જોઈ સર્વ બ્રાહ્મણ બીઈને નાશી ગયા, કરકંડૂને સહુએ મલી રાજ્યે બેસાડયો ત્યાં વાસવસ્થાનકવાસી જે ચંડાલો હતા, તે સર્વને રાજાએ બ્રાહ્મણ કર્યા, જે માર્ગ રાજા ચલાવે તે ચાલે. ॥यतः॥ दधिवाहनपुत्रेण राज्ञा च करकंडुना ॥ वाटस्थानकवास्तव्या चंडाला ब्राह्मणी कृताः ॥ (१)

હવે કરકંડૂ રાજ્ય પામ્યો સાંભળી પેલો બ્રાહ્મણ આવી ગામ માંગવા લાગ્યો, રાજા બોલ્યો, તારી ઇચ્છા આવે તે ગામ માંગ. વિપ્ર બોલ્યો, મારું ઘર ચંપાનગરીમાં છે. માટે ત્યાં એક ગામ આપો. ત્યારે કરકંડૂ રાજાએ ચંપાપુરીના રાજા પોતાના પિતા હતા તેને લખ્યું કે એ બ્રાહ્મણને મોટુ ગામ આપજો. અને તેને બદલે તમે કહો તે ગામ અથવા નગર મારી ધરતીમાંથી તમને આપું કારણ કે દેતા લેતા સ્નેહ ઘણો વધે. ॥ યતઃ ॥ ददाति प्रतिगृह्णाति, गुप्तमायाति जल्पति ॥ भुंक्ते भोजयते चैव, षड्विधं प्रीति लक्षणम् (१) તે લેખ વાંચીને દધિવાહન રાજા કોપ્યો થકો બોલ્યો કે એ ચંડાલને પોતાની

આત્માની ખબર નથી, અને મારી ઉપર કાગળ લખ્યો છે. તે સાંભળી દૂત પાછો જઈને કરકંડુને સંભળાવતો હતો, કરકંડુ પણ સર્વ લશ્કર લઇ અહંકારે જઈને ચંપાનગરી વિંટતો હતો.

બેહુ રાજાને ઘોર યુદ્ધ થવા લાગ્યું ત્યારે સાધ્વી કરકંડુ પાસે જઇ એકાંતે તેડીને કહેવા લાગી કે એ રાજા તારો પિતા છે. તે સાંભળી કરકંડુએ ચંડાલ મા-બાપને પૂછયું, તેણે પણ યથાર્થ વાત કહી. નામાંકિત મુદ્રા તથા રત્નકંબલ દેખાડયું, તે જોઇને સાધ્વીને કહેવા લાગ્યો, હે માતા ! હું અહંકારથી પાછો ન વળું, ત્યારે સાધ્વીજી ચંપાપુરીએ રાજાના મહેલમાં ગયા. તેમને સહુએ ઓળખ્યા. નમસ્કાર કર્યો. દાસીઓ રોવા લાગ્યા. તે સાંભળી રાજા પણ ત્યાં આવ્યા. સાધ્વીને ગર્ભની વાત પૂછી. સાધ્વી બોલ્યા. જેણે આ નગરીનો રોધ કર્યો છે તે તારો પુત્ર છે. તે સાંભળી રાજા હર્ષિત થયો. પુત્રને મળ્યો. મહોત્સવ કર્યો. પછી રાજા બેહુ રાજ્ય કરકંડુને આપીને પોતે ચરિત્ર લીધું.

તે કરકંડુ રાજાને પ્રાયે ગોકુલ ઘણા પ્રિય હતા. તેણે એક દિવસ શરત્કાલે એક વાછડો ઘણો સુંદર ઉજ્જવલવર્ણે દીઠો, તે વેળાએ હુકમ કર્યો કે એ વાછડાની માતાને દોશો નહિં. સર્વ દૂધ વાછડાંને પીવડાવજો, તેમ બીજુ દૂધ પણ એને પીવડાવજો, રાજા દેખીને ઘણો હરખ્યો, એકદા ઘણા કાળે ગોકુલ જોવા ગયો. અનુક્રમે તે બળદ ઘણો દૂધર થયો. ત્યાં તે વૃષભનો બીજા પાડા પરાભવ કરતાં દેખીને રાજાએ ગોવાળને પૂછયું. કે તે વૃષભ કયાં છે ? ગોપાલે દેખાડયો. તેણે ઘરડો થયેલો જોયો. તે દેખીને રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. જાતિસ્મરણ જ્ઞાન થયું. यदाह भाष्यकार : सेयुंसुजायं सुविहित्तसंगं, जो पासिया वस्सभं गोठमषे ॥ रिद्धि अरिद्धिं समुपेहियाणं, कलिंगराया विसमिक्ख धम्मं ॥ १ ॥ गोठंगणमन्ये ढंकिय सद्देण जस्स भद्दंति ॥ भोदित्ता विदरिय वसभा. सुतिक्खसिंगा समुद्दठा वि (२) पोराया गयदप्पो, गलंतनयणो चलंतवसुतुठो ॥ सो चेव इमोवसभो, पहुय परिघटणं सहई ॥ ३ ॥

१५

અર્થ :- શ્વેત, ઉજ્જ્વલ, સુગત, ગર્ભદોષે રહિત, રૂડા વહેંચ્યા બરોબર શીંગમાં છે જેનાં, એવો વૃષભ તેને ગોષ્ઠ મધ્યે, ગોકુલ મધ્યે, દેખીને રાજા ચિંતવણા કરે છે. કે જેવાં ઢંકીત શબ્દ સાંભળીને બીજા દર્પવંતા તીક્ષ્ણશૃંગવાળા એવા સમર્થ બળદ પણ નાસતા હતા, તે બળીવર્દ પુરાણીક ઘરડો ગતદર્પ એટલે ગયો છે મદ જેનો, તથા નેત્ર ગળતા છે અને હોઠ ચલતા છે એવો થકો પાડાના પરાભવ સહે છે. એ રીતે ઋદ્ધિ પણ વિપરીત છે. ધિક્કાર પડો સંસારને. સર્વ પ્રાણીની એજ સ્થિતિ જ છે. માટે સંસારથી સર્યું. એમ વિચારી કરકંડુ પ્રતિબોધ પામીયા, દીક્ષા લઇને વિહાર કરતા રહ્યા. હવે બીજા દ્વીમુખ પ્રત્યેકબુદ્ધની કથા કહે છે.

પાંચાલ નામે દેશને વિષે કાંપીલપુરમાં દ્વિમુખ નામે રાજા હતો. તેણે એકદા લોકથી પૂજાતો એવો ઇંદ્રધ્વજ અનેક લઘુ ધ્વજાએ પરિવર્યો દીઠો. વળી તેજ ઇન્દ્રધ્વજ પડયો થકો તેના ઉપર લોકોથી લઘુનીતી વડીનીતી કરતાં દુર્ગંધ સહિત દીઠો. તેથી દ્વિમુખ રાજાને પણ વૈરાગ્ય ઉપજયો, જાતિસ્મરણજ્ઞાન પામી દીક્ષા લઇને વિચરતા રહ્યા, ॥ ૨ ॥ तदाह भाष्यकारः ॥ जो इंदकेउ सुअलंकियंतं यह पयंतं पविलुप्पमाणं ॥ रिद्धिं अरिद्धिं समुपेहियाणं, पंचालराया विसमिक्ख धम्मं ॥ १ ॥

હવે ત્રીજો પ્રત્યેકબુદ્ધ નમિ નમિ રાજા હતો. એકદા તેના શરીરે મહા દાહ રોગ ઉપજયો. તે દાહની ઉપશાંતિના અર્થે રાણીઓ ચંદન ઘસવા લાગી, ઘસતાં થકા તેના કંકણનો ખડખડાટ થાય તે રાજાના કાને ખમાય નહીં. ત્યારે રાણીઓએ વલય ઉતારીને માત્ર એકેકુ વલય રાખ્યું તેથી ખખડાટ મટી ગયો. રાજાએ પૂછયું કે હવે ખખડાટ કેમ નથી થતો ? ત્યારે પાસે બેઠેલા જનોએ કહ્યું કે હે મહારાજ ! રાણીઓએ એકેકુ વલય રાખીને બીજા વલય સર્વ ઉતારી મૂકયા છે. તે સાંભળી રાજાને એકત્વ ભાવના આવી, તેણે વિચાર્યું કે એકાકીપણામાંજ સુખ દેખાય

છે. બહુમાં ખખડાટ થાય છે એમ ચિંતવતા જાતિસ્મરણજ્ઞાન ઉપન્યું. તેથી વૈરાગ્ય પામી દીક્ષા લઇને વિચરતા રહ્યા, यदाह भाष्यकारः ॥ बहुयाण सदयं सुच्चा, एकस्स असद्दयं ॥ बलयाण नमीराया, निक्खंतो महिलहिवो ॥ ३ ॥

હવે ચોથા પ્રત્યેકબુદ્ધની કથા કહે છે.

ગંધાર દેશને વિષે સિંહપુર નામે નગરમાં નિગ્ગઇ નામે રાજા હતો. તે એકદા રાજપાટીયે નીકળ્યો છે. ત્યાં તેણે એક ફાલ્યો ફુલ્યો આંબો દીઠો, તેમાંથી એક માંજર લીધી, પછવાડે લશ્કર આવ્યું, તેણે પણ કોઇયે પાત્ર, માંજર, લીધી, એમ અનુક્રમે પછવાડે લાકડાનું ઠુંઠું રહ્યું, રયવાડીથી પાછા વળતાં રાજાએ સેવકોને પૂછયું, કે એ આંબો કયાં ગયો ? મંત્રી બોલ્યો. હે રાજન્ ! તમે એક માંજર લીધી, ત્યાર પછી સેનાના લોકોએ લીધી, પત્રાદિક લેતા લેતા એઓ કષ્ઠનાં થંભભૂત આંબો રહ્યો. રાજા વિચારવા લાગ્યા, રાજ્ય પણ એ રીતનું છે. જ્યાંસુધી ઋદ્ધિ હોય ત્યાંસુધી શોભે, એમ વૈરાગ્ય પામી વ્રત અંગીકાર કરી નિર્મમ થકા વિહાર કરતા રહ્યા, तथा चाह भाष्य· सुधांभोनिधिकारः ॥ जो चूअरुक्ख तु मणाभिरामं, समंलरी पल्लव पुप्फचितं ॥ रिद्धिं अरिद्धिं समुपेहीयाणं, गंधरराया विसभिरक धम्मं ॥ १ ॥

એ રીતે ચાર સાધુ વિહાર કરતાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં ચાર દ્વારનું દેવકુલ છે, ત્યાં આવી ચડયા. પૂર્વદિશિદ્વારે કરકંડુ પેઠા, દક્ષિણદિશિ દ્વારે દ્વિમુખ પેઠા, પશ્ચિમ દિશિ દ્વારે નમિરાજર્ષિ પેઠા, ઉત્તરદિશિ દ્વારે નિગ્ગઇ પેઠા, દેવતાએ વિચાર્યું કે એકે ઋષિને પૂંઠ કેમ દઉં ? એમ વિચારીને તેણે ચાર મુખ કર્યાં. હવે તે કરકંડુને બાલ અવસ્થાથકી ખણુજ ઘણી છે, માટે તેને ખણુવાને અર્થે એક પંખો રાખ્યો તેણે કરી કાનખણી પાછો ગોપવ્યો. તે દેખીને દ્વિમુખ સાધુ કરકંડુને કહેતા રહ્યા, यत; यतः रज्जां परियझ्झं, पुरं अंतेउरं

तहा ॥ लठमेयं परिचइजा, संचयं किं करासिमं ॥ १ ॥ अर्थ :- જો રાજ્ય, પુર, અંતેઉર, સર્વ છાંડયુ તો આના સંચય શી કરો છો? તેને પણ તજી દો, તે સાંભળીને કરકંડુએ જવાબ દીધો નહિં. એટલે નમિરાજર્ષિ દ્વિમુખ પ્રત્યે બોલ્યા यतः ॥ जया ते पेइए रक्षे, कया किच्चंकश बहु ॥ तेसिं किच्चं परिचइजां अज्ञजा कइजा· परोभव ॥ अर्थ :- જ્યારે પિતા સંબંધીયા રાજ્યને વિષે કામના કરનારા ઘણા ચાકર હતા, તે સર્વનો ત્યાગ કરીને આજ નિરર્થક અન્ય દોષ ચિંતક તમે શામાટે થાવ છો ? ॥ इति ॥ ત્યારે ગંધાર દેશના વાસી નિગ્ગઈ નામે મુનિ નમિરાજર્ષિ પ્રત્યે બોલ્યા. ॥ यत; ॥ जया सव्वं परिचइजा, सुखाय घमसी भवं ॥ परं गरिहसी कीस अत्तनिस्स सकारणा (१) अर्थ :- જો સર્વ તજીને મોક્ષને અર્થે ઉજમાળ થયા છો ત્યારે આત્માને નિઃશ્રેયસ જે મોક્ષ તેના કારક એવા જે તમે તે પારકી ગર્હા જે નિંદા તે શા માટે કરો છો ? એ ત્રણ મુનિનાં વચન સાંભળી કરકંડુ બોલ્યા ॥ यतः ॥ मुक्खमग्गं पवन्नेसु, साहुसु बंभयारीसु ॥ अहियच्छं निवारंते, न दोसं वक्तुमरिहिसि (१) अर्थ :- મોક્ષમાર્ગને પામ્યા એવા બ્રહ્મચારીને વિષે અહિત અર્થને નિવારતાં દોષ કહેવા યોગ્ય નથી. ॥ रुसउ वा परों मा वा, विसं वा परियत्तउ ॥ भासियव्वा हिया भासा, सपरक्क गुणकारिया अर्थ :- અન્ય રુસો અથવા ન રુસો અથવા વિષ પરાવર્ત થાવો, પણ હિતકારી, આત્માને ગુણકારી એવી ભાષા કહેવી, ઇત્યાદિક કહેતા કરકંડુએ પણ સર્વ પરઠવ્યું. એમ ગુરુ મુખે સાંભળીયે છીયે. માટે કાંઈ ન રાખવું, એ સાધુની શોભા છે.

इति श्री आवश्यक निर्युक्तौ योगसंग्रहे ॥

अर्थ :— बुद्धिलुउ सोहइ रायमंतीं ॥ રાજાનો મંત્રી એટલે પ્રધાન, તે બુદ્ધિએ કરી યુક્ત હોય, ત્યારેજ શોભે છે એટલે બુદ્ધિ-

યુક્ત પ્રધાને કરી રાજા શોભે છે. તે ઉપર અભયકુમારાદિક અનેકની કથાઓ તે પ્રસિદ્ધ છે, માટે અહિં કલ્પકનું દ્રષ્ટાંત લખીયે છીયે.

પાટલીપુર નગરને વિષે ઉદાયિ રાજા રાજ્ય કરે છે. પણ તે વર્ષોવર્ષ કડકાઈ કરે ત્યારે સર્વ રાજાને તેડાવે. તે માટે સર્વ રાજા ખેદ પામ્યા થકા મનમાં વિકલ્પ કર્યો કે કેમ કરી ઉદાયિ રાજા મરે તો ઠીક થાય, એવા અવસરે કોઇક રાજાનો અપરાધ થયો. એટલે ઉદાયિ રાજાએ તેનું રાજ્ય હરી લીધું. ત્યારે તે રાજાનો દીકરો નાસતો ઉજ્જયિનિ જઈ ચંડપ્રદ્યોત રાજાની સેવા કરતાં તે કુબુદ્ધિનો ધણી રાજાને કહેવા લાગ્યો કે ઉદાયિને હું મારું. પણ તમે સખાઈ થજો. ચંડપ્રદ્યોતે અંગીકાર કર્યું. ત્યારે તે પણ પાટલીપુર નગરે ગયો. મારવાના ઘણાએ છિદ્ર જુવે પણ છિદ્ર પામે નહિં. પરંતુ સાધુને રાજાની પાસે જતાં દેખીને પણ કપટી સાધુ થયો, તેણે સર્વ સાધુને વિનયાદિક કરવા વડે સર્વને વશ કર્યા, ઉદાયિ રાજા આઠમ ચૌદશે પૌષધ કરે છે. ત્યારે આચાર્ય પણ ધર્મ કથા સંભળાવે છે. રાજા પાસે જવું છે એવું સાંભળીને તત્કાળ તેણે ઉપધિ લઈને કંક લોહની પાલી પણ સાથે રાખી. આચાર્ય રાજકુલે ગયા, ધર્મકથા કહી. અનુક્રમે પોરસી ભણાવીને આચાર્ય તથા રાજા સહુએ સૂતા છે. તે વખતે ચેલો ઉઠીને રાજાનાં ગળે છરી મૂકી બહાર નીકળી ગયો. ચોકીયાતે પણ સાધુ જાણી રોકયો નહિં. તેથી કપટી યતિ જતો રહ્યો.

અનુક્રમે ઉદાયી રાજાના શરીરનું રુધિર ગુરુનાં સંથારે આવ્યું. ગુરુએ ઉઠીને રાજાને જોયા, રાજા મરણ પામ્યા, જાણીને ગુરુ વિચારવા લાગ્યા, કે હું જીવતો રહું તો લોકમાં કહેવાશે કે ગુરૂએ રાજાને મરાવીને ચેલાને નસાડી મૂકયો. એમ શાસનમાં ઉડ્ડાહ થશે. તે વેળા ગુરુએ આલોઇ પડિક્કમી સર્વ જીવને ખમાવી તેજ પાલી પોતાના ગળે મૂકી. પ્રાતઃકાળે રાજા તથા ગુરુ બેહુ જણ મરણ પામ્યા દેખીને લોકો વિચારતા હતા કે કોઈક ઘાતક પુરુષ છલે કરી બેહુને મારી ગયો પછી બેહુનો સંસ્કાર કર્યો. રાજા અપુત્ર છે માટે રાજ્ય યોગ્ય પુરૂષ

પામવા અશ્વને અધિવાસના કરીને નગર મધ્યે તથા નગર બહાર ફેરવે છે. તે અવસરે એક નાપિતે પ્રાતઃકાલે એવું સ્વપ્ન દીઠું કે મારે આંતરડે કરી પાટલીપુર નગર વીંટયું છે, તેણે તે સ્વપ્ન ફલ સ્વપ્નનાં જાણ ઉપાધ્યાયને પૂછયું. ઉપાધ્યાયે પણ તેને પોતાને ઘેર લાવીને નવરાવ્યો. પછી પોતાની દીકરીને પરણાવી દીધી.

હવે તે અશ્વ પણ ભમતો ભમતો જયાં નાપિત છે, ત્યાં આવ્યો. તે નાપિત સામો રહીને હેષારવ કરવા લાગ્યો. ત્યારે પ્રધાન લોકો તે નાપિતને દીપતો દેખીને રાજયને વિષે થાપતા રહ્યા, પણ રાજલોક તેને નાપિત જાણીને અમર્ષે કરી તેનો વિનય ન કરતા રહ્યા, તે જોઈ તે નાપિતનંદ સુભટોને કહેવા લાગ્યો કે અહો સુભટો ! એ લોકને પકડો, એવું સાંભળીને તે સુભટો પરસ્પર સામુ જોઇને હસતા રહ્યા, ત્યારે નંદનાપિત રાજાએ લેપ્યમયી એટલે ભીંતે ચિત્રિત બે પુરુષોની સામું જોયું, કે તત્કાલ તે લેપ્યમય બે પુરુષ હાથમાં ખડ્ગ લઈ સામા થયા. તેને જોઈ કોઇક નાસી ગયા ને કોઈક મરાઈ ગયા, તે દેખીને સર્વ પ્રધાન પાગીયા રાજાને ખમાવીને વિનય બહુમાન કરતા રહયા. હવે તે રાજાને પ્રધાન કોઈ નથી, તેને શોધે છે. એવા અવસરે તે નગરની બહાર એક કપિલ નામે બ્રાહ્મણ વસે છે. એક દિવસે સાંજે સમયે કોઈ સાધુ વિહાર કરતાં ત્યાં આવ્યા. અસુર વેળા હોવાથી ગામમાં જવાય નહીં, એમ જાણી તે સાધુ કપિલ અગ્નિ ક્ષેત્રનાં ઘરને વિષે જ રહ્યા, ત્યાં બ્રાહ્મણે વિચાર્યું કે કાંઇક પ્રશ્ન પૂછુ કે જે એ કાંઈ સમજાવે. એમ જાણી જે જે પ્રશ્ન પૂછયા તે તે સર્વનાં ઉત્તર સાધુએ કહ્યા. ત્યારે કપિલ શ્રાવક થયો. એમ કેટલાક દિવસ ગયા, પછી સાધુએ વિહાર કર્યો, એકદા બીજા સાધુ એને ઘેર ચોમાસુ રહ્યા. એવામાં કપિલને એક પુત્ર આવ્યો. તેને જન્મતાં જ વ્યંતરી વળગી. એવામાં સાધુ પાત્રાને કાપ દેતા હતા, તે પાણીનાં હેઠળ કપિલે છોકરો લાવીને ધર્યો. તેના પ્રભાવે વ્યંતરી

નાઠી, તે જોઈ કપિલ પણ ધર્મમાં સ્થિર થયો. પછી જે કારણે પિતા ધર્મે સ્થિર થયા તે કારણે કરી તે પુત્રનું નામ કલ્પક એવું દીધું. અનુક્રમે તેનાં માત પિતા કાળધર્મ પામ્યા, કલ્પક મોટો થયો, ચૌદ વિદ્યાનો જાણ થયો. એવામાં ત્યાં એક બ્રાહ્મણ વસે છે. તેને એક પુત્રી છે. તે જલોદર રોગિણી છે. તેથી તેને વર મળતો નથી. તે બ્રાહ્મણે કોઇક ઉપાયે કલ્પકને તે કન્યા આપવા માટે આંગણે કુવો ખોદી તેમાં કન્યાને મૂકી.

એવામાં કલ્પક માર્ગમાં ચાલ્યો જાય છે. તેને જોઈ બ્રાહ્મણે પોકાર કર્યો, ભો કલ્પક ! કન્યા કુવામાં પડી છે. માટે જે કાઢે તેની એ કન્યા, તે સાંભળી તે કલ્પક દયાએ કરી દોડતો આવીને તે કન્યાને ખેંચી કાઢતો રહ્યો. ત્યારે બ્રાહ્મણે કહ્યું, એ કન્યા તમારી થઈ, માટે તમે પરણો. કલ્પક પણ લોકનાં અપવાદથી બીતો થકો તે કન્યાને પરણ્યોઃ પછી ઔષધને યોગે રુપે રતિ સરખી ને નિરોગી કરી દીધી.

હવે કલ્પક મહા સંતોષી, કોઇનું દાન ઇચ્છે નહીં. વિદ્યાર્થી આવે તેને ભણાવે, એમ અનેક છાત્રે પરિવર્યો ચાલે તે વાત રાજાએ સાંભળી કે કલ્પક મહાબુદ્ધિવંત છે, માટે તેડાવીને કહ્યું કે તું મંત્રી પદવી લે, કલ્પકે કહયું કે મંત્રીને તો લોભને વશે પાપ કરવા પડે, અને હું તો ભોજન તથા વસ્ત્ર ટાળી અધિક પરિગ્રહ પણ રાખતો નથી. એ વાત સાંભળીને રાજાએ વિચાર્યું કે એ કાંઈક વાંકમાં આવશે તો મારી વાત માનશે, પછી રાજા તેનાં છિદ્રો જોવા લાગ્યો. પણ પ્રાયે મોટા પુરુષનાં છિદ્રો હોય નહિં, માટે છિદ્ર જડયું નહિં. ત્યારે રાજાએ કલ્પકના વસ્ત્રોનો ધોનારો ધોબી હતો. તેને બોલાવીને કહ્યું કે કલ્પકનાં વસ્ત્ર ધોઈને પાછાં આપીશ નહિં, ધોબી પણ રાજાની આજ્ઞા પ્રમાણ કરીને ઘેર ગયો. એકદા કૌમુદી મહોત્સવ ઢુકડો આવ્યો. ત્યારે કલ્પકની સ્રીએ કલ્પકને કહ્યું, રાજાના ધોબી પાસે

મારું વસ્ત્ર ધોવરાવી આપો, જેથી તે ચોકૂખા વસ્ત્ર થાય. તે ધૂપીને કૌમુદી મહોત્સવનાં પર્વમાં પહેરું. તે સાંભળી કલ્પકે વિચાર્યું કે ધોબી ભાડાનાં લોભે કૌમુદીમહોત્સવમાં વસ્ત્ર જલ્દી નહિં આપે તો હાથે કરીને કલેશ વેચાતો લેવો પડશે. એમ ચિંતવી 'સ્ત્રીનું વચન ઉવેખી મૂક્યું, જે પંડિત લોક હોય તે સ્ત્રીને આધિન ન રહે. તથાપિ સ્ત્રીએ અતિ આગ્રહ કરવાથી કલ્પકે તે ધોબીને વસ્ત્ર ધોવા આપ્યા. કારણકે સ્ત્રીઓનો, બાળકનો, રાજાનો અને મૂર્ખનો કદાગ્રહ બલવંત હોય છે. હવે પર્વ દિવસ આવ્યો, ત્યારે કલ્પક ધોબીને ઘેર વસ્ત્ર લેવા ગયો. પણ ધોબીને રાજાની આજ્ઞા નથી, માટે આપે નહીં. તે કહે કે આજ તો જાઓ કાલે આવજો, એ રીતે વાયદા કરે. એમ જેમ લેણીયાત દેણીયાતને ઘેર જાય તેમ નિત્ય ધોબીને ઘેર જાય, એમ કરતાં બે વર્ષ વહી ગયા, પણ ધોબી વસ્ત્ર આપે નહીં. કલ્પકે વિચાર્યું કે અતિ ક્ષમા તે પરાભવનું કારણ થાય છે, ભય વિના પ્રીતિ ન હોય, એમ વિચારીને ત્રીજે વર્ષે ધોબીને ઘેર જઇને કલ્પક બોલ્યો. તું ચોર છે. મારા વસ્ત્ર તું દેતો નથી, પણ જો તારા રુધિરે રંગીને વસ્ત્ર ન પહેરું તો મારું નામ કલ્પક નહિં. અન્યદા રાતના સમયે કલ્પક વિદ્યાસાધક પુરુષની પેઠે સાહસિક થકો ગુપ્ત છરી રાખીને ધોબીને ઘેર ગયો, ભ્રકુટિ ચડાવીને મહા કોપવંત થઇને ધોબીને કહેવા લાગ્યો કે રે! દુષ્ટ તારે ઘેર મેં ચાકરની પેઠે ફેરા ખાધા, હવે વસ્ત્ર આપે છે કે નહીં? તે ધોબી પણ કલ્પકને રાક્ષસ સરખો ભયંકર દેખીને પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે એનાં વસ્ત્ર આપ. તેમ ધોબણે પણ વસ્ત્ર પ્રગટ કરી દેખાડયા, ત્યારે કલ્પકે છરી કાઢી ધોબીનાં પેટમાં મારી, જેમ કોશે કરી ધરતીને વિદારીયે તેમ ધોબીનું પેટ વિદાર્યું. તેનાં રુધિરે કરી વસ્ત્ર રંગી દીધા, તે જોઇ ધોબણ બુમાબૂમ કરતી બોલી, અરે અમને શું મારે છે? અમે તો રાજાની આજ્ઞાથી આટલા દિવસ તને વસ્ત્ર નહિં આપ્યા, તે સાંભળીને કલ્પક સંભ્રાંત થકો વિચારવા લાગ્યો, અહો! રાજાનું

વચન મેં ન માન્યું. માટે એ શ્યો પ્રપંચ રાજાએ કર્યો, હવે મેં ધોબીને માર્યો એ અપરાધે રાજાનાં પુરુષ મને લઈ જશે, માટે તેની પહેલા જ હું રાજાની પાસે જાઉં, એમ વિચારી રાજાની પાસે ગયો, તેને નંદરાજાએ ઘણા અભિલાષ સહિત જાણીને આદર આપ્યો. ઈંગિતાકારનો જાણ હોવાથી અમાત્ય પદવી લો. કલ્પકે પણ પોતાના અપરાધનું ઔષધ જાણીને રાજાનું વચન માન્યું. કારણકે બુદ્ધિવંત હોય તે અવસરનાં જાણ હોય. હવે નંદરાજા પોતે કૃતકૃત્ય માનતો કલ્પક સાથે વાતો કરતો થકો સંદેહની વાતો પૂછે છે, કલ્પક પણ રાજાના સર્વ સંદેહ ભાંગે છે. એવામાં ત્યાં ધોબીઓ સર્વ એકઠા મળી પોકાર કરતા આવ્યા, તેણે કલ્પકને ગૌરવતા સહિત રાજાની પાસે બેઠેલો જોયો, તે જોઈ ધોબી પોતપોતાને ઘેર ગયા, રાજાએ પૂર્વલા સર્વ અમાત્ય ટાળીને એક કલ્પકને મહામંત્રી કર્યો–કલ્પક પણ અનેક ઉપાય કરીને નંદરાજાને ધરતી અને લક્ષ્મી અપાવતો રહ્યો, રાજાનો પણ જશવાદ ઘણો થતો રહ્યો, હવે પૂર્વના મંત્રી કલ્પક ઉપર ઘણો દ્વેષ ધરે, કલ્પકના છલ શોધે, તે દુષ્ટ મંત્રીઓએ કલ્પકનાં ઘરની દાસીને વસ્ત્રાદિક આપીને વશ કરી લીધી, તેને કલ્પકના ઘરની ખબર નિત્ય પૂછે. દાસી પણ લોભે કરીને બધી વાત કરતી.

હવે કલ્પકને ઘણા પુત્ર છે. કારણકે જૈનશાસનીને પ્રાયે ઘણા પુત્ર થાય, એકદા કલ્પકને પુત્રનું વિવાહમંગલ કરવું છે. માટે રાજાને અંતેઉર સહિત ઘેર તેડવાની ઇચ્છા છે. તેણે રાજાને આપવા સારું મુકુટ, છત્ર, ચામરાદિક કરાવવા માંડયા છે. બીજી પણ યોગ્ય વસ્તુ કરાવે છે. તે સર્વ દાસીએ પૂર્વલા મંત્રીઓ આગળ કહી. તેણે પણ છળ પામીને રાજાને કહયું, હે સ્વામિન્! તમારા લેખે અમે કશાકામના નથી, તોપણ અમે સ્વામિના ભક્તિવંતા છીયે, કુલવંત છીએ માટે હિતની વાત કહીયે છીયે. તમારા વાલા મંત્રીશ્વર કલ્પકે જે વાત માંડી છે તે સાંભળો. તેણે પોતાને ઘેર છત્ર ચામરાદિક રાજયાલંકાર કરાવવા

માંડયા છે. એટલી વાત તો અમે કહી. તેનો આશય તો તમે મહારાજ જાણો, કારણકે બુદ્ધિવંત પુરુષને એક સિક્ટ જોવામાં આવે તો સર્વ શંખ્યાની ખબર પડી જાય, અમે મહારાજનું લુણ ખાઈને સર્વ મોટા થયા છીયે માટે કહીયે છીયે, પણ કલ્પકની ઈર્ષા નથી કરતાં. કદાચિત્ આપ એમ જાણો કે એ મત્સરે કહે છે તો ચરપુરુષ મુકીને ખબર કઢાવો.

તે સાંભળી રાજાએ પણ ચરપુરુષને જોવા મોકલ્યા. તેણે તેમજ દીઠું. આવીને રાજાને સર્વ કહયું, તેવારે રાજાએ પણ કલ્પકને કુટુંબ સહિત અંધારા કુવામાં ઉતાર્યો. તેને ખાવા માટે એક સેઈ કોદ્રવા અને એક નેકરવો પાણીનો કુવામાં મૂકયો, ત્યારે થોડું અન્ન દેખીને કલ્પક બોલ્યો, આપણને એક સિક્ટ સિક્ટ ભાગે આવશે, પરંતુ કોળીયાની વાત શી ? પણ કવલ તો શત સંખ્યાએ હોય ત્યારે ઉદર પૂર્ણ થાય, અને સિક્ટ પ્રમાણ ખાતા તો સર્વ મરી જઇશું. તે માટે જે કોઇ મંત્રીપદનું વૈર વાળવા સમર્થ હોય તે એક જ જણ એ અન્ન પાણી વાપરે, ત્યારે સર્વ કુટુંબ મલી કહેવા લાગ્યું કે એ વૈર વાળવા તો તમે એક જ સમર્થ છો. બીજો કોઈ નથી માટે તમે એકલા વાપરો.

તે સાંભળી કલ્પક વાપરે. બીજા સર્વ કુટુંબીઓ અનશન કરીને દેવલોકે ગયા, તે અવસરે સામંત રાજાએ જાણ્યું કે કૂપમાં રહેલા કલ્પકનો અભાવ થયો હશે, માટે નંદને ઉઠાવી પાટલીપુર લઈ લઈયે. એમ વિચારી પાટલીપુર નગરને સર્વસામંત રાજાએ મળી વીંટી લીધું, નંદરાજાએ દરવાજા બંધ કર્યા, લોક પણ ભયભ્રાંત થયા. નંદરાજા પણ શત્રુ સાથે લડવા અસમર્થ થયો થકો બેસતા, સૂતા, ખાતા, પીતા, કોઈ સ્થાનકે પણ દાહજ્વર પીડિતની જેમ રતિ ન પામતો રહ્યો. ત્યારે તે વિચારવા લાગ્યો કે જયાંસુધી કલ્પક મંત્રીશ્વર હતો. ત્યાંસુધી સિંહની ગુફાની પેઠે કોઇ પાટલીપુર સામુ જોઇ ન શકયું, અને કલ્પક વિના નગરીની આ અવસ્થા થઇ. રખવાલ વિના

ઉપવનને પંથી લોક પણ પરાભવ કરે. તે માટે જો કલ્પક જીવતો હોય તો સર્વને ભગાડી મૂકે. બીજા સર્વ મંત્રી તો જોઇ રહ્યા છે. પણ કોઇને કંઇ સૂઝતું નથી, કારણકે પ્રાયે હાથીને ભાર તો હાથી જ ઉપાડે, એમ વિચારી કારાગારનાં અધિકારીને તેડીને પૂછ્યું તો તે બોલ્યો, સ્વામિન્ ! આજ સુધી કોઇક કોદ્રવ તો લે છે. એમ કહી તેજ વખતે કુવામાં માંચી મૂકી, તે માંચી ઉપર બેસાડીને જેમ નિધાન કાઢે તેમ કલ્પકને બહાર કાઢયો, કલ્પકને સર્વ હકીકત કહી. સંભળાવી, કલ્પક બોલ્યો. મને કોટની શંગે ચારે દિશાએ ફેરવીને શત્રુની નજરે પાડો. ત્યારે રાજાએ કલ્પકને શિબિકા ઉપર બેસાડીને પાકા વૃક્ષનાં પત્ર સરખો ચારે દિશાએ કોટ ઉપર ફેરવ્યો, તે દેખીને વૈરીઓ વિચારવા લાગ્યા કે નંદરાજા ઘણો નિર્બલ છે, તે કારણથી કુટકલ્પક દેખાડીને બીવરાવે છે. એમ ચિંતવી ઘણો ઉપદ્રવ કરવા લાગ્યા. તે જાણીને કલ્પકે દૂત મોકલી વૈરીઓને કહેવડાવ્યું છે. કે તમે સર્વને માન્ય એવો મંત્રી પ્રમુખ જે હોય તેને નાવમાં બેસાડીને તમે ગંગા મધ્યે આવો. હું પણ નાવમાં બેસીને આવું છું આપણે વિચાર કરી જેમ તમને ગમશે તેમ કરીશું.

એવું દૂતનું વચન સાંભળીને તે સંધિ કરનારા પુરુષો નાવમાં બેસીને આવ્યા. કલ્પક પણ નાવમાં બેસીને ગંગામાં સામો આવ્યો. ત્યાં કોઈકનાં હાથમાં શેલડી હતી. તે દેખીને કલ્પકે આંગળીની સંજ્ઞાએ બતાવ્યું કે એ શેલડીનું મૂલ અને ઢેફા કાપી નાંખીયે ત્યારે શું રહે ? એમ કહે થકે તે સંધિવિગ્રહિક પુરુષોમાં ઘણા બુદ્ધિવંત હતા. ઘણા ડાહ્યા હતા, પણ કલ્પકનાં કહ્યાનો આશય ન સમજ્યા. કલ્પકનો આશય એ હતો કે જેમ શેલડી મૂળે વધે તેમ પ્રાંતે વધે તેમ બેહુ સંધિ સરખી હોય. ત્યારે ક્ષત્રિયની સંતતિ વધે, પણ એક સત્ય સંધિ વાળો હોય. અને બીજો માયા સંધિવાળો હોય તે કેમ ચાલે ? તે માટે સત્ય સંધિવાળો હોય, તે નંદ છે. અને માયાસંધિવાળા તમે છો, તેથી તમારૂં કાંઈ ન ચાલે. વળી તે સ્થાનકે એક આહીરણીને

માથે દહિંની હાંડી દેખીને કલ્પકે હસ્તસંજ્ઞાએ દેખાડીને કહ્યું કે આ દંડે કરી જો એ હાંડી ભાંગી નાંખીયે તો શું થાય ? એ આશય હતો કે તમારું લશ્કર તે હાંડી સરખુ છે. તે મારા વીર્યરૂપે દંડે હણ્યું થકું તમારું લશ્કર દહિંની પેઠે વેરાઈ જશે. ફોદે ફોદા થઈ જશે. વળી કલ્પકે પોતાનું નાવડું શત્રુનાં નાવડાની વચમાં ઘાલીને ત્રણ પ્રદક્ષિણા દીધી, તેનો અભિપ્રાય પણ તે સંધિવિગ્રહક પુરુષો ન સમજયા પણ તે કલ્પકનો અભિપ્રાય એ હતો કે જેમ મારી નાવે તમારી નાવને આવરી, તેમ મારું તેજ તમને આવરશે. એ ત્રણ સંજ્ઞા કરી. પણ એકે સંજ્ઞાનો ભાવાર્થ અણજાણતા તે સંધિકારકો વિચાર સમુદ્રમાં પડયા, તેઓ જેમ કાગડાનું બાળક મુખ વિકસ્વર કરી રહે તેમ રહ્યા. કલ્પક તો વગર બોલ્યો પાછો ફર્યો. અને સ્થાનકે ગયો. સંધિવિગ્રહક પુરુષો તો ભાવાર્થ અણજાણતાં વિલખા થઈને પોતાનાં લશ્કરમાં ગયા. તેમને સામંત રાજાએ પૂછયું કે કલ્પકે તમને શું કહ્યું ? તે કહેવા લાગ્યો કે કલ્પક તો અસંબંધ પ્રલાપી લબાડી છે. તો પણ સંધિ કરવાનો જવાબ ન મલવાથી સામંત રાજા ફરી ફરી તેમને પૂછવા લાગ્યા. ત્યારે તે લાજ પામીને બોલ્યા કે અમે તો કલ્પકનો અભિપ્રાય સમજી શકયા નથી. તે સાંભળી સર્વ વૈરી રાજાએ વિચાર્યું કે કલ્પકે એને દ્રવ્યાદિકથી લોભવ્યા લાગે છે, નહિં તો સાચુ કેમ ન બોલે ? તો રખેને એ માંહેલા ભેળા થઇને આપણને મરાવે. તેથી અહિં રહેવા જેવું નથી. એમ જાણીને સર્વ લશ્કર સહિત નાસવા લાગ્યા, તે જોઈ કલ્પકે નંદરાજાને કહ્યું કે, હવે અસ્વારી કરીને જેમ તમને ગમે તેમ લૂંટો. કોઇ આડા હાથ કરનાર નથી તે સાંભળીને નંદરાજા એ પણ ચઢાઈ કરી. તે રાજાઓના હાથી, ઘોડા, રથ, રત્નભંડાર પ્રમુખ ઘણા લૂંટી લીધાં. નંદરાજાનું રાજય સ્થિર થયું, નંદરાજા પણ પૂર્વલા દુષ્ટ મંત્રીનો કલ્પકનો દુઃખદાયક, અનર્થકારક જાણીને નિગ્રહ કરતો રહ્યો, ને કલ્પક ન્યાયનીતિએ કરી દ્રવ્ય ઉપાર્જિને રાજાનો ભંડાર ભરતો રહ્યો. એ

કલ્પકની કથા પરિશિષ્ટ પર્વની છે. માટે કલ્પક જેવા મંત્રી હોય તો રાજા શોભે. અભયકુમારે કરી જેમ શ્રેણિક રાજા શોભતો હતો, તેમ સકલ કલામાં કુશલ એવા કલ્પક મંત્રીએ કરીને નંદરાજા શોભતો હતો.

અર્થ :–लज्जालुओ सोहई बंभयारी અથવા लज्जालुओ सोहइ एगपत्नी લજ્જાયુક્ત પતિવ્રતા સ્ત્રી એટલે શીયલવંતી સ્ત્રી શોભે છે, અથવા સતી સ્ત્રી હોય તે લાજ મુકીને જેમતેમ ન બોલે, તો ઘણું શોભે. અહિં જિનમતીનું દ્રષ્ટાંત કહે છે.

એક અદ્ભૂત નગર હતું, ત્યાં પ્રબલ શત્રુને મર્દન કરે એવો જનાર્દન નામે રાજા રાજ્ય કરે છે. ત્યાં રાજાને ઘણો માનીતો, મહાજનમાં મુખ્ય, પરોપકાર કરવા તત્પર, એવો વસુમિત્ર નામે શેઠ વસે છે. તે શેઠને નિર્મલ ગુણવંતી, યશોમતી નામે ભાર્યા છે. તે સ્ત્રી ભર્તારને સમસ્ત મનોરથ પૂર્ણ થતે કાલ જાય છે, પણ પુત્ર નથી તેનું ઘણું દુઃખ ધરે છે. તે શેઠે કુલદેવતાને આરાધ્યો, તેણે તુષ્ટમાન થઇ વર આપ્યો. તેથી પુત્ર આવ્યો. વધામણા કર્યા, વરદત્ત એવું નામ દીધું. તે અનુક્રમે મોટો થયો. સર્વકલા ભણ્યો, યૌવન અવસ્થા પામ્યો, તેને એક સાગર નામે બાલમિત્ર છે. પણ તે વક્ર છે, અને વરદત્ત પોતે સરલ છે. અન્યદા કોઈ કન્યાને પોતાના ઘરની નીચે કંદુકક્રીડા કરતી દેખીને વરદત્તે વિચાર્યું કે અહો ! જુવો જેનું રૂપ, લાવણ્ય અને કાંતિ કેવી છે ? એમ ચિંતવી પોતાના સાગર નામે મિત્રને પૂછયું. કે એ કોની પુત્રી છે ? મિત્ર બોલ્યો. એજ ગામનો વસનારો બંધુદત્ત નામે શેઠ તેની બંધુમતી નામે ભાર્યા, તેની એ જિનમતી નામે પુત્રી છે. તે સાંભળીને વરદત્ત રીઝયો. એવામાં જિનમતીએ પણ તીર્છી આંખે તેને જોયો.

વરદત્ત પોતાના મિત્ર સહિત ઘેર આવ્યો. પણ બીજો સર્વ વ્યાપાર મૂકી તે સ્ત્રીને ચિત્તમાં ધ્યાતો શૈયામાં સૂતો. ત્યાં તપ્તશિલા તલે જેમ મચ્છ તરફડે તેમ તે તરફડે છે, લાંબા નિસાસા નાંખે છે. તે વાત તેના પિતાએ જાણીને સાગરને પૂછયું કે વરદત્તને શી અશાતા

છે ? ત્યારે સાગરે સર્વ વાત કહી. વસુમિત્ર શેઠે બંધુદત્તને યાચના કરી કે તમારી પુત્રી મારા પુત્રને આપો. બંધુદત્ત બોલ્યો, તમે યુક્ત વાત કહી. તમારાથી ઉત્તમ કોણ છે ? પણ મારો નિયમ છે કે શ્રાવક વિના બીજાને પુત્રી આપવી નહિં, તે સાંભળી શેઠે ઘેર આવીને પુત્રને વાત કરી. વરદત્તે પણ કન્યા પરણવાની ઇચ્છાએ મુનિ પાસે જઈને શ્રાવકપણું અંગીકાર કર્યું. તે તેને ભાવથકી પરિણમ્યું, તે વાત બંધુદત્તે જાણીને પોતાની પુત્રી વરદત્તને પરણાવી, તે સ્ત્રી ભર્તારને માંહોમાંહે ઘણો રાગ થયો, વિશ્વાસ થયો. બેહુ વિષયસુખ અનુભવતાં કાલ ગુમાવે છે.

અન્યદા વરદત્ત બહાર ગયો. જોઈને સાગર જિનમતી પાસે આવ્યો. તે જિનમતીને કહેવા લાગ્યો કે રુદ્રદેવ શેઠની વહુ સાથે તમારો ભર્તાર એકાંતે કાંઇક વિચાર કરતા હતા. તે વાત તમે જાણો છો કે નહિં ? તે સાંભળી સરલસ્વભાવી જિનમતી બોલી, તે વાત તો તે જાણે અથવા તમે તેના મિત્ર છો તે તમે જાણો. સાગર બોલ્યો. હું જાણું છું. પણ....પૂછયા વિના કેમ કહું ? જિનમતી બોલી. તમે કહો શું કાર્ય હશે ? સાગર બોલ્યો, મારે તમારી સાથે કામ છે. જિનમતી બોલી, મારી સાથે તમારે શું કામ છે ? સાગર બોલ્યો. તારો પતિ મૂઢ છે. જે તારા સરખી સ્ત્રી મૂકીને બીજી સ્ત્રી પાસે જાય છે. પણ વિષયરસના આસ્વાદનો જાણ હોય તેને તારો ખપ કેમ ન હોય ? એવું ઘણું જ દુર્વચન તે જિનમતીને કર્ણકટુક લાગ્યું, ત્યારે કોપે ભરાણી, તિરસ્કાર કરતી કહેવા લાગી રે, નિર્લજ્જ ! રે અનાર્ય ! તું એવું પાપ ચિંતવે છે ? અથવા જેવું ચિંતવે તેવું વચન પણ નીસર્યું જણાય છે, માટે ધિક્કાર હો. તને અને તારા ચરિત્રને પણ ધિક્કાર હો. તેં મારા ભર્તારને કલંક દીધું માટે અહીંથી દૂર જા. તારુ દર્શન પણ મહા પાપકારી થાય.

તે સાંભળીને સાગર ચોરની પેઠે ત્યાંથી નીકળતો સામો આવતાં વરદત્તે દીઠો. ગોહત્યાકારકની પેઠે મલિનમુખથકો દેખીને તેને વરદત્તે પૂછ્યું, તમને શો ઉદ્વેગ છે ? શા કારણે આમણાદુમણા દેખાવ છો ?

સાગર નિસાસા નાંખીને બોલ્યો, શું ઉદ્વેગની વાત પૂછો છો ? એ વાત પ્રકાશી ન શકીયે તેમ ગોપવી પણ રખાય નહીં, જેમ કુસ્થાનકે ગુમડું થયું હોય તેની પેઠે એ જાણજો. એમ કહેતો આંસુની ધાર રેડતો કપટે કરી છાનો રહ્યો, તે સાંભળી વરદત્તે વિચાર્યું, કે એના મનમાં મોટો ઉદ્વેગ દેખાય છે. વરદત્ત બોલ્યો, કહેવા જેવું હોય તો ઉદ્વેગનું કારણ કહો. હું દુઃખનો સંવિભાગ કરીને તમારું દુઃખ ઓછું કરીશ, તમે જાણો છો કે, તમે મારા પવિત્ર મિત્ર છો, તમારાથી મારે છાનું શું હોય ? નારી અનર્થનું કારણ છે. જેમ હિંસા સર્વ દુઃખનું કારણ છે તેમ વરદત્ત બોલ્યો કે, આજ મહા ઝેરવંતી સાપણી સરખી સ્ત્રીનાં સંકટમાં પડયા લાગો છો ? સાગર બોલ્યો, જિનમતીએ મને નિર્લજ્જ કર્યો. ઘણા કાળ સુધી કંદર્પના વિકાર અસમંજસપણે મને એણીએ દેખાડયા. તેમ મુખથી પણ વિષય સેવવા કહ્યું ખરું. તથાપિ મેં જાણ્યું કે એ આજકાલ પોતાની મેળે ઠેકાણે આવશે. એમ વિચારીને આટલો કાળ કાઢયો, પણ નિત્ય નિત્ય અધિકાધિક અસતીના ચાળા કરતી વચન કહેવા લાગી, પરંતુ કહેતી રહી નહીં. પણ આજ હું તેને જોવા માટે ઘેર આવ્યો હતો, ત્યારે તેણે રાક્ષસીની પેઠે છળ જોઇને મને રુંધી નાંખ્યો, પણ જેમ હરિણ, વાઘરી, કે પારધી થકી છુટીને નાસે તેમ જિનમતીથકી હું મારા આત્માને મૂકાવીને ભયે બીનો-થકો નાઠો. એવામાં તમે મળ્યા, મેં મનમાં વિચાર્યું કે જીવ આપવા વિના મને છુટકો નથી, તે માટે મરું તો રૂડું, વળી વિચાર્યું કે મરવું તો યુક્ત નથી, વળી જિનમતી ભર્તારની આગળ કાંઇક કહે, તે કદાપિ પરોક્ષને માટે મારો મિત્ર સાચું પણ માને, તેથી મિત્રને સર્વ વાત યથાર્થ કહું. જો એના ચરિત્ર મિત્ર જાણે તો એનો વિશ્વાસ ન કરે. રખે મિત્રને કાંઇક આપદામાં નાંખે ! વળી મેં વિચાર્યું કે એ પણ ન ઘટે. કારણકે એક તો મેં એની આશા પૂરી ન કરી, બીજું વળી એનું કુશીલપણું પ્રગટ કરવું એ તો ચાંદા ઉપર ખાર ચોપડયા જેવું થાય, એવી વિચિત્ર ચિંતા ચિંતવતો થકો મને તમે દીઠા. માટે હે મિત્ર ! મારા ઉદ્વેગનું કારણ જે હતું તે કહ્યું.

એવા તે પાપી મિત્રનાં વચન સાંભળીને વરદત્તને ઘણો રોષ થયો. તે ઘેર ગયો એટલે જિનમતી તેનાં પગ પખાળવા પાણી લાવીને તેના મુખ આગળ આવી ઉભી. તેવારે તેણે રીસ કરી છરી લઈને નાક જિનમતીનું કાપી નાંખ્યું, તેથી હાહાકાર થઇ ગયો. સર્વ કુટુંબીઓ ભેગા થયા, સહુએ વરદત્તને ઠપકો દીધો. રે પાપી! નિઃકરુણ! કુલમાં કલંક પણ ન વિચાર્યું, સજ્જનસ્નેહ ન ગણ્યો, આ લોકને વિષે અને પરલોકને વિષે દુઃખદાઇપણું ન વિચાર્યું? એ જિનમતી સમસ્ત ગુણવંતી છે. તલતુષ માત્ર પણ જેમાં દોષ નથી, કારણ કે ઉત્તમકુળ, ઉત્તમ જાતિ, મનોહર રૂપ, મધુર વાણી, વિનયવંતી, પર પુરુષ સામું પણ જુવે નહિં, લજ્જાવાળી, એના ગુણે કરી સકલ કુટુંબ એને વશ થઇ રહ્યું છે. રે ભદ્ર! એ સ્ત્રીએ તારો શું અપરાધ કર્યો છે? ચંદ્રમા સરખું નિર્મળ શીલ છે, તેને તેં શું કર્યું? એવો કોલાહલ સાંભળીને રાજપુરુષ આવી વરદત્તને પકડી રાજા પાસે લાવ્યા. રાજાએ પૂછ્યું, રે ભદ્ર! એ સ્ત્રીએ તારો શો અપરાધ કર્યો? તે માટે રાજકુલે જણાવ્યા વિના તેં તારા હાથે જ નિગ્રહ કર્યો? વરદત્ત બોલ્યો, મારો સાગર મિત્ર છે, તે એનો સર્વ અપરાધ જાણે છે. રાજાએ અનુચરોને કહ્યું કે જાવ સાગરને તેડી લાવો. તે સાંભળી કોટવાળ તેને ખોળવા ગયો. ખોળતા થકા કોઇ વનમાં નાસતો પકડયો, અને બાંધીને રાજા પાસે લાવ્યા, રાજાએ પૂછ્યું, રે દુરાચારી, એ મહાસતીએ શો અપરાધ કર્યો? સાગર ધ્રુજતો થકો કાંઇ બોલ્યો નહીં, ત્યારે કોરડાના પ્રહારે માર માર્યો, પછી જેવો હતો તેવો વૃત્તાંત કહ્યો. રાજાએ બેહુને અન્યાય કરનાર જાણી બંદીખાને નાંખ્યા.

કુલવંતી સ્ત્રીને ભર્તાર ગમે તેવી ભૂલ કરે, તો પણ ભર્તાર ઉપર માઠું ન ચિંતવે. જેમ શેલડીને પીલે તેમ મધુર રસ આપે તેમ જિનમતીએ ભર્તાર ઉપર અથવા સાગર ઉપર લેશ પણ દ્વેષ ન કર્યો. જૈનમતની વાસનાએ વાસિત થકી એમ ચિંતવે છે કે મેં ભવાંતરે દુષ્ટ કર્મ કર્યાં હશે, એના પાપે મને ફળ ઉદયમાં આવ્યા છે. ॥યતઃ॥

सव्वो पूव्वकयाणं, कम्माणं पावए फलविवागं ॥ अवराहेसु गुणेसु य, निमित्तमित्तं परो होई वळी ते विचारे छे के मारी नासिका छेदाणानुं तो कांई दुःख नथी. कारणके कर्मने वशे जीव शी शी विटंबना नथी पामतो ? पण मारा निर्मळ कुळने में कलंक लगाड्युं, बीजुं जैनधर्मनी में लघुता देखाडी, ए मने महा दुःख लागे छे. एम कहेती घरनां देरासर मध्ये जइने जिनप्रतिमा आगळ एकाग्र मने काउसग्गे रही, एवा समये जिनमतीनुं अखंड शीयळ देखी शासनदेवी घणुं रीझ पाम्या थका जिनमतीनी नासिका सुंदर, सरस स्वरूपवाळी निपजावी, ज्यां जिनमती सरखी सतीओ वसे छे. त्यां आकाशथी पुष्पनी वृष्टि थइ. देवदुंदुभी वागी. जैन शासन जयवंतु छे, अने जिनमती सती छे. एवा घोष कर्यो. ए सर्व सतीनुं अद्भूत स्वरूप सांभळीने राजा पोते त्यां आवीने जिनमतीनां गुण वर्णन करवा लाग्यो, के हे सती! तुं धन्य छे. तुं कृतपुण्य छे. तारो जन्म सफळ छे. तारा शीलनो महिमा अद्भूत छे.

हवे जिनमतीए हाथ जोडीने कह्युं के, हे राजन्! मारा भर्तारने तथा सागरने छोडी मूको. त्यारे राजाए तेना वचनथी बंनेने छोडी मूकया, जिनमती पण संसार असार जाणीने दीक्षा लेवा तैयार थइ. ते तीव्रतप तपी चारित्र पाळी सद्गतिए गई. वरदत्त पण लोकनी निंदा सांभळी कोइने मुख पण न देखाडी शकयो. पश्चात्ताप पण घणो कर्यो. ए रीते एक पत्नी लज्जावंतथकी शोभे छे. इति जिनमती कथा श्री सुमतिनाथचरित्रे प्राकृतप्रबंधे पूर्वभवे ॥इति॥ श्री सकलसभाभामिनीभालस्थलतिलकपंडितश्रीउत्तमविजयगणीशिष्य पंडितपद्मविजय गणी विरचिते श्री गौतमकुलकप्रकरणबालावबोधे अष्टमगाथायां चत्वार्युदाहरणानि समाप्तानि ॥

हवे अग्यारमी गाथा कहे छे. तेने पूर्वली गाथा साथे ए संबंध छे. गाथाने अंते एम कह्युं के एक पत्नी सती लज्जावंत होय ते

શોભે તે સતીપણું તો જો આત્મા સ્થિર હોય તો થાય. અને સ્થિરનું પ્રતિપક્ષી અસ્થિરપણું છે. માટે એમાં અસ્થિરપણું કહે છે. એ સંબંધે કરી આવી જે અગ્યારમી ગાથા તે કહે છે.

अप्पा अरी होई अणवट्ठीयस्स, अप्पा जसो सीलमओ नरस्स;

अप्पा दुरप्पा अणवट्ठीयस्स, अप्पा जिअप्पा शरणं गईय ॥ (११)

अप्पा अरी होई अणवट्ठीयस्स । અનવસ્થિતસ્ય એટલે જેવા યોગ્ય ઠેકાણે ન હોય, તેને પોતાનો આત્મા જ વૈરી સમાન હોય. એટલે ચપલ ચિત્તવાળાને શેઠની સ્ત્રીની પેઠે પોતાનો આત્મા તેજ વૈરી જાણવો, તે કથા કહે છે.

શ્રીપુર નગરને વિષે વસુનામે શેઠ વસે છે. તેને ગોમતી નામે સ્ત્રી છે. અને ધનપાલ નામે પુત્ર છે. અનુક્રમે પિતા મરણ પામ્યો. તેના મૃતકાર્ય કર્યા. કાળે કરી શોક ટળ્યો. પછી ગોમતી પુત્રની વહુ સાથે નિરંતર ક્લેશ કરે. પુત્રે કહ્યું. હે માતા ! તમારે સંબંધી ચિંતા કરવાનું શું પ્રયોજન છે ? તમે બેઠા થકા ધર્મ કરો. હું તમારી આજ્ઞા કારી છું. તમે આજ સુધી ઘરનાં વ્યાક્ષેપે કરી ધર્મ સાંભળ્યો નથી, અવધાર્યો નથી. માટે ધર્મ સાંભળો. એમ કહીને કોઇક શાસ્ત્રનાં વાંચનારને તેડી લાવ્યો. તેને શાસ્ત્ર વાંચવા માંડયું. ગોમતી સાંભળવા બેઠી. તે વાંચનાર બોલ્યો કે ભીષ્મ ઉવાચ. એટલે ખડકીમાં અરધો પેઠો કુતરો દીઠો. ત્યારે દૂરથી હાડ હાડ એમ કહેતી તે ગોમતી ઉઠી ઉભી થઈ. તે ખડકીના રખેવાળ ઉપર રુઠી. તેને કાંઈક ઠપકો દીધો. થોડીક વારે આવીને વળી સાંભળવા બેઠી. વળી વાંચનાર બોલ્યો. ભીષ્મ ઉવાચ. એટલું કહ્યું. રસોડાની હુંકડીમાં બિલાડી દીઠી, ત્યારે વેગળેથી છિરી છિરી એમ કહેતી ઉઠી, રાંધણીયા ઉપર રુઠી. રીસ કરી વળી પાછી બેઠી, વળી પુસ્તકનો વાંચનાર બોલ્યો. ભીષ્મ ઉવાચ. એટલે વાછડો છુટયો. તે જોઈ ઉઠીને પોકારવા લાગી કે અરે ! વાછડો છુટયો. એમ કરતી વાછડાના પાલક ઉપર રીસ કરતી બેઠી. વળી વાંચનાર બોલ્યો ભીષ્મ ઉવાચ. એટલે કાગડા કાંઉ કાંઉ કરવા લાગ્યા. ત્યારે મુખ વાંકુ કરીને ચાકર

ઉપર રીસ કરવા લાગી. એમ યાચક પ્રમુખનાં આવવાથી વારંવાર ઉઠ બેસ કરી એકપ્રહર થયો. એટલે પુસ્તકનો વાંચનારો થાકીને ઘેર ગયો. વળી દિવસે પ્રાતઃકાલે વાંચનાર આવ્યો. ત્યારે પણ સાંભળવાની જે રીત હતી તેની તેજ રીત રહી. વાંચનારો થાકીને ઘેર ગયો ॥યતઃ॥ अणवट्ठियस्स धम्मं, मा हु कहिज्जा सुहु वि पियस्स ॥ विल्लायां होइ मुहं, विम्भायग्गिधम्मं तसि ॥ १ ॥ पुनः ॥ अप्पुल्ल सद्‌धुदिध निधिः प्रबोधयेत्, बहूपदेशैरपिकोऽनवस्थितम् ॥ भेत्तुं तडिन्द्दहिन गलं न पुष्करा, वर्तोऽपीधाराशत लक्षकोटिभि ॥ २ ॥ इत्युपदेशरत्नाकरे. હવે બીજા પદનો અર્થ કહે છે. શીલવંત જે પુરુષ હોય તેનો આત્મા તેજ શીલવંતની પેઠે જશ પામે.

અહીં શીલવતીની કથા એ મૂલ એ ગ્રંથમાં લગભગ (૨૨૫) શ્લોક જેટલી સંક્ષેપથી લખેલી છે. પરંતુ એ ૧૫ ભાગ માંહેલો ચોથો ભાગ છપાઇ બહાર પડી ચૂકયો છે. તેમાં ચોથા શીલવ્રતની ઉપર દ્રષ્ટાંત ઉપર પૃષ્ઠ મધ્યે શ્લોક જેટલી એ કથા છપાઈ ગયેલી છે. માટે અહીં લખી નથી. ત્યાંથી વાંચી લેવી. એ કથા શ્રી સુમતિનાથ ચરિત્રમાં વિસ્તારે છે. તથા એ શીલવતીનો રાસ પણ મારી પાસે ૩૦૦૦ને આસરેનો છે.

શીલવતીની સાસુનું નામ યશશ્રી છે. તેને બદલે ચોથા ભાગમાં શ્રી એવું છપાઈ ગયેલું છે. તેમજ શીલવતીના શ્વસુરને પહેલા જે વારે પુત્ર ન હતો. તે વારે યશશ્રીએ પુત્રની પ્રાપ્તિ માટે પોતાના ભર્તારને કહ્યું છે કે આર્યપુત્ર ! આપણા નગરનાં ઉદ્યાનને વિષે અજિતનાથ ભગવાનના દેરાસરનાં દ્વારદેશે અજિતબાલા દેવી છે. તે અપુત્રિયાને પુત્ર આપે. નિર્ધનિયાને ધન, રાજ્યરહિતને રાજ્ય, અવિદ્યાવંતને વિદ્યા, દુઃખિયાને સુખ, આંધળાને આંખ, રોગીયાને, નિરોગીપણું આપે છે. માટે તમે પણ ઉદ્વેગ કરવો પડતો મૂકીને તે દેવીની યાચના કરો તો મનોવાંછિત પૂર્ણ થાય. તે વારે શેઠ બોલ્યો, હે સ્ત્રિ ! તેં ભલી યાદ આપી. એમ કહી નાહી. ઉજ્જવળ વસ્ત્ર પહેરી પૂજાના ઉપકરણ લઇને, જિનેશ્વરના દેહરે ગયા. શ્રી અજિતનાથસ્વામિની પ્રતિમાની પૂજા

ભાવના,ચંદન, બરાસ, કસ્તૂરી, અગર, ફૂલ, સ્નાત્ર અર્ચના કરી. પછી અજિતબાળા દેવાની આગળ આવ્યા. તેની પૂજા પણ તેજ રીતે કરીને શેઠ, બોલ્યા હે ભગવતિ! તમારા પસાયે મારે પુત્ર થશે, તો હું જૈન ધર્મને વિષે તત્પર થયો છું. તમારી મોટી ભક્તિ કરીશ. એમ કહી ઘરે ગયો. એટલી વાત માંહેલો કેટલોક ભાગ છપાયો નથી. પરંતુ બીજી વાત તો આ પ્રત ચાર ગુણી વિસ્તારે તેમાં છપાઇ છે. તે જાણવી.

હવે ત્રીજા પદનો અર્થ કહે છે. જેનું ચિત્ત ધર્મને વિષે અનવસ્થિત એટલે અસ્થિર છે. તેને પોતાનો આત્મા જ દુરાત્મા જાણવો એટલે જેનો આત્મા ગંગા પાઠકની પેઠે ધર્મને વિષે ન રહ્યો. મોહે મુંઝાયો થકો વસ્તુતત્વ ન સમજે, અને વસ્તુનું સ્વરૂપ કોઇ કહે તો પણ માને નહિં. તેજ દુરાત્મા જાણવો. તે ગંગા પાઠકની કથા કહે છે.

લાટદેશને વિષે ભરુચ નગરે ગંગા નામે પાઠકે ઘણા બાળક નિશાળીઓને ભણાવી ભણાવીને ઘણું ધન એકઠું કર્યું. પછી વૃદ્ધાવસ્થાએ પરણ્યો. સ્ત્રી તરુણ હોવાથી તેને વિષય શમાવવો વિષમ થઈ પડયો. તેથી નર્મદાનદીના પહેલે કાંઠે કોઇક પુરુષ સાથે રંગાણી છે. માટે નિરંતર રાત્રિએ ઘડાએ કરી નર્મદા નદી ઉતરીને પાર જાય. ત્યાં વિષય સેવીને પાછી આવે. ઘણી માયા કરી પતિને રીઝવે. દિવસે કાગડાને બલી નાંખવા જાય. ત્યારે ભર્તારને કહે કે હું કાગડાથી બીહું છું. ભર્તાર પણ સત્ય માનતો તેની રક્ષા કરવા પોતાના છાત્રોને મોકલે. કોઇક અવસરે તેને ભર્તારે કહ્યું કે અમુક મનુષ્યને અમુક કાર્ય માટે નિત્ય તેડી લાવજે. સ્ત્રીએ કહ્યું કે હું પુરુષ સાથે બોલી જાણું નહિં. ત્યારે પાઠક પોતે બોલાવી લાવે, તે દેખી એક છાત્રે વિચાર્યું કે એ સરલનાં લક્ષણ નહિં,

યતઃ ॥ अत्याचारमनाचारमत्यार्जवमनार्जवम् ॥
अतिशौचमशौचं, षड्विधं कूटलक्षणम् ॥

એમ વિચારીને એના ચરિત્ર જોવા લાગ્યો, તે જોતા જોતા રાત્રિએ તેને નર્મદા નદી ઉતરતી દીઠી, એવામાં સામા આવતા ચોર કુતીર્થે

ઉતર્યા, તે ચોરને મગરે પકડયા. તે દેખીને તે સ્ત્રી બોલી, કુતીર્થે શા માટે ઉતર્યા ? તો પણ ભલુ થયું, હજું કાંઈ ગયું નથી. તમે એ મગરમત્સ્યની આંખો કાઢી નાંખો એમ કહ્યું, તે છાત્રે સાંભળીને વિચાર્યું. કે અહો ! જુવો સ્ત્રીનું સાહસપણું કેવું છે ? યતઃ

अनृतं साहसं माया, मूर्खत्वमविलोभता ॥
अशौचं निर्दयत्वं च, स्त्रीणां दोषाः स्वभावजाः ॥

વળી એક દિવસ બલિ નાંખવા અવસરે કાગડાથી રક્ષા કરવા માટે પાઠકના આદેશથી તેજ છાત્ર સ્ત્રીની સાથે આવ્યો. બલિ નાંખતા તે છાત્ર બોલ્યો. उक्तं च ॥

दिया कागडा बीहेसीं, रत्तिं तरिसि नम्मयं ॥
कुतिठाणि य जाणसि, अछीणं ढंकणाणि य ॥

તે સાંભળી સ્ત્રીએ વિચાર્યું કે મારી વાત એ જાણતો દેખાય છે. તે વારે તે બોલી, કે લોક સ્વભાવ એવો જ હોય છે. માટે મૌન કરો. આજથી નર્મદા તરવું મૂકયું. ત્યાર પછી ચંચલપણે કરી તેજ છાત્ર સાથે સંયોગ થયો.

એક દિવસ દેશાંતર જવા માટે તેજ છાત્રને ઘર ભળાવી પાઠક દેશાંતર ગયા, પાછળથી ઘરમાં એક મૃત કલેવર રાખી રાત્રે અગ્નિ સળગાવીને તે છાત્રની સાથે સ્ત્રી નીકળી ગઈ. પ્રાતઃકાળે પાઠક ઘેર આવ્યો, ઘર બળ્યું તે સંબંધી સર્વ સ્વરૂપ જાણ્યું, ત્યારે હા પ્રિયા ! મરી ગઈ. એમ ઘણો ખેદ કરતો મૃતકારજ કરી તે સ્ત્રીનાં હાડકા લઈને ગંગાભણી માર્ગે ચાલ્યો જાય છે, તે સ્ત્રીને પણ છ માસ પર્યંત છાત્ર સાથે રમ્યા પછી કોઈક વાતને લીધે રુસણું થયું છે. ત્યારે તે સ્ત્રીને પશ્ચાત્તાપ ઉપજ્યો કે ભર્તાર મૂકીને હું અહિં કયાં આવી ? એવું પોતાનું સ્વરૂપ જાણીને ભર્તાર ત્યાં આવી પહોંચ્યો, તેને કહ્યું, ત્યારે પાઠક બોલ્યો. તું સ્ત્રી સરખી દેખાય છે ખરી, પણ તે તો તું નથી, તેનાં અસ્થિ તો આ મારી ગાંઠે બાંધ્યા છે. ત્યારે સ્ત્રીએ તેને પૂર્વલી

અનેક પ્રકારની નિશાનીઓ બતાવી, તો પણ તે હાડકા બતાવે પણ માને નહિં, ત્યારે સ્ત્રીએ છાત્ર બતાવ્યો, તેને જોઇ પાઠકે કહ્યું કે એ મારા છાત્ર સરખો દેખાય છે. પણ તે સ્ત્રીના હાડ મારા હાથમાં છે. ત્યારે તે સ્ત્રી ખેદ પામીને ભર્તારને તજતી હતી, એવા પાઠક સરખા પુરુષ કોઈનું કહ્યું સાંભળે નહિં, ધર્મને વિષે ઉજમાળ થાય નહિં. તેનો આત્મા દુરાત્મા જાણવો. એ કથા આવશ્યકનિર્યુક્તિ તથા ઉપદેશરત્નાકરમાં છે.

હવે ચોથા પદનો અર્થ કહે છે, अप्पा जिअप्पा शरणं गईय ॥ આત્મા જયારે ઇન્દ્રિયો જીતી મનને વશ કરે, ત્યારે જિતાત્મા થાય અને તેવો, આત્મા, તેજ સંસારથી બીતા એવા પ્રાણીઓને આશ્રયભૂત થાય છે. એટલે તે થાવચ્ચા મુનિની પેઠે દુઃખી પ્રાણીને સુખને અર્થે થાય. તે થાવચ્ચા મુનિની કથા કહે છે.

તે કાલે તે સમયને વિષે દ્વારિકા નગરી હતી. તે પૂર્વપશ્ચિમચ બાર યોજન લાંબી અને ઉત્તર દક્ષિણ નવ યોજન પહોળી છે. ધનદે નીપજાવી છે. સુવર્ણનો કોટ છે. નાનાવિધ પંચવર્ણમણિના કોશિશા છે. ધનદની અલકા નગરી સરખી છે. જેમાં હર્ષવંત ક્રીડાવંત લોક વસે છે. તે નગરી પ્રત્યક્ષ દેવલોક સરખી છે. તે દ્વારિકાને બહાર ઇશાન ખૂણે ગિરનાર પર્વત છે. તે ઉંચો ગગનથી વાતો કરતો, અનેક પ્રકારની વનસ્પતિએ મંડિત, હંસ, મૃગ, મયૂર, ક્રૌંચ, સારસ અને ચક્રવાક, પ્રમુખ પક્ષીઓ વડે શોભિત છે. અનેક દેવતા તથા દેવાંગનાના મિથુન, ચારણ, વિદ્યાધર, એણે કરી સંકિર્ણ છે. તે ગિરનારને ઢુંકડું નંદનવન નામે ઉદ્યાન છે. તે સર્વઋતુના ફલ ફુલે સહિત ઘણું રમણીય છે. તે ઉદ્યાનને મધ્યભાગે સૂરપ્રિય નામે યક્ષનું દેવળ છે. તે દ્વારિકામાં કૃષ્ણ નામે વાસુદેવ વસે છે.તે સમુદ્રવિજય પ્રમુખ દશે દશાર, બલદેવ પ્રમુખ પાંચ મહાવીર પુરૂષ, ઉગ્રસેન પ્રમુખ, સોલ હજાર રાજા, પ્રદ્યુમ્ન પ્રમુખ સાડા ત્રણ ક્રોડ કુમાર, સાંબ પ્રમુખ, સાંઠ હજાર દુર્દાંત કુમાર, વીરસેન પ્રમુખ, એકવીશ હજાર વીર પુરૂષ, છપ્પન હજાર બલદેવનાં પુરૂષ,

રુક્મણી પ્રમુખ હજારો સ્ત્રીઓ, અનંગસેના પ્રમુખ અનેક હજાર ગણિકાઓ ઇત્યાદિક તથા વૈતાઢયગિરિ પર્યંત ત્રણ ખંડ ભરતાર્ધનું અધિપતિપણું કરતાં વિચરે છે, તે નગરીને વિષે થાવચ્ચા નામે પુત્ર થયો. તે આઠ વર્ષનો થયો જાણીને ઉત્તમ મુહૂર્ત જોઇને કલાચાર્ય પાસે ભણવા મૂક્યો. અનુક્રમે મોટો થયો ત્યારે સર્વ ભોગ સમર્થ જાણીને એકે દિવસે બત્રીશ કન્યાનું પાણિગ્રહણ કર્યું, તે સાથે પાંચે ઇન્દ્રિનાં વિષયસુખ ભોગવતો વિચરે છે.

એકદા દશ ધનુષની કાયા, શ્યામવર્ણે શોભિત, સંયમ તપસ્યાવંત, એવા અરિહા શ્રી અરિષ્ટનેમિ અઢાર હજાર મુનિરાજ, ચાલીશ હજાર આર્યાજીને પરિવારે પરિવર્યા, યથાપ્રતિરૂપ અવગ્રહ ગ્રહીને દ્વારિકાની બહાર ગીરનારની પાસે નંદનવન ઉદ્યાનને વિષે પરિવર્યા. સૂરપ્રિયયક્ષનાં દેહરાની ઢુકડુ અશોકવૃક્ષ છે. ત્યાં સમોસર્યા, સંયમને વિષે આત્માને ભાવતા થકા વિચરે છે. પર્ષદા પરમેશ્વરને વંદન કરવા નીકળી, તે પ્રભુજીને આવ્યા જાણીને વાસુદેવની સુધર્મા સભા મધ્યે કૌમુદિકીભેરી રહે છે, તે વજડાવતા હતા, તે શબ્દ દ્વારિકાને માંહે તથા બહાર સઘળે વ્યાપતો હતો. તે સાંભળીને સર્વ લોક હર્ષ પામ્યા, સહુ લોક નાહી, બલિકર્મ કરી, વસ્ત્રાભૂષણ પહેરી, કોઈ હાથી ઉપર, કોઇ ઘોડા ઉપર, કોઇ રથને વિષે, કોઇ શિબિકાએ, કોઇ હીંડતા થકા, પુરુષનાં સમૂહે પરિવર્યા થકા કૃષ્ણ પાસે આવ્યા. ત્યારે કૃષ્ણ વાસુદેવે સર્વ સામગ્રી સજ્જ કરી જાણીને ચતુરંગી સેના તૈયાર કરી, વિજય નામે ગંધહસ્તિ શણગારી, અનુક્રમે પ્રભુજીને વાંદવા નીકળ્યા, પંચાભિગમ સાચવી પ્રભુજીને વંદના કરી, થાવચ્ચા પુત્ર પણ તે વાત સાંભળી વાંદવા આવ્યા, અનુક્રમે પ્રભુજીએ ધર્મદેશના દીધી, તે ધર્મ દેશના સાંભળી હર્ષ પામી થાવચ્ચાકુમાર બોલ્યા, હે સ્વામિન્! જેમ તમે કહ્યું તેમ જ છે. મારે તમારી પાસે ચારિત્ર લેવાનું મન છે. પણ માતાની આજ્ઞા લઇ આવું, પ્રભુજી કહે સુખ ઉપજે તેમ કરો. એ વાતમાં પ્રતિબંધ કરશો નહિં.

અનુક્રમે માતા પાસે આવીને કહ્યું, હે માતા! મેં પ્રભુજીની

દેશના સાંભળી તે મને રુચી, માતા કહે, તું ધન્ય કૃતાર્થ થયો, ત્યારે માતાને કહ્યું કે જો તમારી આજ્ઞા હોય તો હું ચારિત્ર અંગીકાર કરું. તે સાંભળી માતા બોલી, મૂર્છા પામી , ચિત્ત વળ્યા પછી માતાએ ઘણા વિષયનાં અનુકુળ, પ્રતિકુળ વચન કહીને ચારિત્રની દુષ્કરતા દેખાડી. પણ થાવચ્ચા પુત્ર તે વચનમાં ન મુંઝાયા. માતાની ઇચ્છા વિના દીક્ષાની આજ્ઞા માંગી, તેવારે થાવચ્ચાગાથાપતિણી, મોટાને યોગ્ય મોટું ભેટણું લઈને સજ્જને પરિવરી થકી કૃષ્ણ વાસુદેવ પાસે આવી, મુખ આગળ ભેટણું મૂકી એમ કહેવા લાગી, હે દેવાનુપ્રિય! મારે થાવચ્ચા નામે પુત્ર એક જ છે. ઘણો ઇષ્ટ છે, તે સંસારનાં ભયથકી ઉદ્વેગ પામ્યો છે. અરિહા અરિષ્ટનેમિ પાસે પ્રવ્રજ્યા લેવા ઉજમાળ થયો છે. તે માટે દીક્ષામહોત્સવ કરું, ત્યારે કૃષ્ણ વાસુદેવ બોલ્યા. એ વાતની તમે ફિકર ન કરશો. તમે સુખશાતામાં રહો, હું પોતે થાવચ્ચાપુત્રનો દીક્ષા મહોત્સવ કરીશ, એમ કહી કૃષ્ણજી ચતુરંગી સેના સહિત વિજય નામે હસ્તિ ઉપર બેસીને થાવચ્ચા પુત્ર ગાથાપતિણીને ઘેર આવી એમ કહ્યું, હે દેવાનુપ્રિય! તમે દીક્ષા ન લો. મારી બાહુ છાયાએ સુખી રહો. એક તમારા શરીર ઉપર વાઉકાય સ્પર્શે તેને હું વારી ન શકું. પણ બીજો કોઈ તમને જો બાધા, પીડા ઉપજાવે તો તે સર્વ ઉપદ્રવ હું નિવારીશ, ત્યારે થાવચ્ચાપુત્ર બોલ્યા, જો તમે જીવિતવ્યના અંતનો કરનાર એવો જે મૃત્યુ તે નિવારો, અથવા રુપરંગની હાનિ કરે એવી જે જરા, તેને આવતી નિવારો, તો તમારી બાહુ છાયાયે રહીને મનુષ્ય સંબંધી વિપુલ કામભોગ ભોગવતો હું વિચરું. ત્યારે કૃષ્ણવાસુદેવ બોલ્યા. હે દેવાનુપ્રિય! એ તો દુર્તિક્રમણીય છે, એને તો મહાબળીયા દેવ, દાનવ, પણ નિવારી શકયા નથી, એક પોતાના કર્મક્ષય થાય, તોજ જરા મરણ ટળે, ત્યારે થાવચ્ચાપુત્ર બોલ્યા. હે દેવાનુપ્રિય! એટલા જ માટે હું અજ્ઞાન, મિથ્યાત્વ, અવિરત, કષાયે કરીને સંચેલા જે કર્મસંચય તેનો ક્ષય કરવાને ઇચ્છું છું, તે સાંભળીને કૃષ્ણવાસુદેવે કોટુંબીક પુરુષને બોલાવીને એમ કહ્યું કે દ્વારિકા નગરી મધ્યે શીંગોડાના

આકારે માર્ગ હોય, ત્રણ માર્ગ હોય, ચાર માર્ગ પડતા હોય, ઈત્યાદિક માર્ગને વિષે, તમે હાથી ઉપર બેસીને ઢંઢેરો ફેરવો, અને કહો કે, થાવચ્ચાપુત્ર સંસારનાં તાપથી ઉદ્વેગ પામ્યા છે. જન્મ, જરા, મરણથી બના છે. તે અરિહા અરિષ્ટનેમિ પાસે ચારિત્ર લેવા ઉજમાળ થયા છે. તે માટે, હે દેવાનુપ્રિય ! રાજા અથવા યુવરાજનાં કુમાર, ઈશ્વર, તલવર, કૌટુંબીક, માંડલીક, ઇભ્ય, શેઠ, સેનાપતિ, સાર્થવાહ પ્રમુખ જે કોઈ થાવચ્ચાપુત્રની સાથે પ્રવ્રજ્યા લે તેને કૃષ્ણ મહારાજા આજ્ઞા આપે છે, તેને પછવાડે મિત્ર, જ્ઞાતિ પ્રમુખ જે આતુર હોય, દ્રવ્યવાન ન હોય, તેના ઘરનો નિર્વાહ કૃષ્ણ મહારાજા કરશે. એજ રીતે કૌટુંબીક ઉદ્‌ઘોષણા કરી ત્યારે હજાર પુરુષ ઉપાડે એવી શિબિકા ઉપર પ્રત્યેક, પ્રત્યેક બેસીને એક હજાર પુરુષ દીક્ષા લેવા માટે થાવચ્ચાપુત્રને ઘેર આવ્યા. તે દેખીને કૃષ્ણવાસુદેવે મોટે વિસ્તારે દીક્ષા મહોત્સવ કર્યો, અનુક્રમે અરિહા અરિષ્ટનેમિ છત્રાતિછત્ર દેખીને સર્વે શિબિકાથી હેઠા ઉતર્યા, પછી કૃષ્ણવાસુદેવે થાવચ્ચાપુત્રને આગળ કરીને પ્રભુજી પાસે આવ્યા, ત્યાં થાવચ્ચાપુત્રે આભૂષણ ઉતાર્યા, તે થાવચ્ચા ગાથાપતિણી હંસ લક્ષણ પટ્ટસાડીમાં લઈ, છિન્ન મુક્તાવલીનાં હાર સરખા આંસુ મુકતી એમ બોલી હે વત્સ ! સંયમને વિષે યત્ન કરજો, પરાક્રમ ફોરવજો, એ અર્થને વિષે પ્રમાદ ન કરશો. એમ કહીને જેમ આવ્યા હતા તેમ ગયા, ત્યાર પછી થાવચ્ચાપુત્ર હજાર પુરુષ સાથે પંચમુષ્ટિ લોચ કરી, અનુક્રમે અણગાર થયા, સ્થવિર પાસે સામાયિકાદિ દઈ ચૌદ પૂર્વનાં ભણનાર થયા. ઘણા ચોથ, છઠ્ઠ, અટ્ઠમાદિક તપ કરતા વિચરે છે. પ્રભુજીએ તે હજાર પુરુષ થાવચ્ચાપુત્રને શિષ્યપણે સોંપ્યા.

એકદા પ્રભુજીને વંદના નમસ્કાર કરીને થાવચ્ચાપુત્ર કહેતા હતા કે હે ભગવન્ ! તમારી આજ્ઞાએ સહસ્ર અણગાર સહિત બીજે દેશે વિહાર કરવા ઇચ્છું છું. પ્રભુએ કહ્યું, હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો. ત્યારે થાવચ્ચાપુત્ર અણગાર બહાર દેશને વિષે વિહાર કરતાં વિચરે છે.

એવા અવસરને વિષે સેલંગપુર નામે રાજા તેની પદ્માવતી નામે રાણી છે. તેનો મંડુક નામે કુમાર યુવરાજ છે. તે સેલંગ રાજાને પંથક આદિ દઇને ચાર બુદ્ધિના જાણ, રાજ્યધુરાના ચિંતવનારા, એવા પાંચસો મંત્રી છે, ત્યાં થાવચ્ચાપુત્ર સમોસર્યા, રાજા વંદના કરવા નિકળ્યા. ગુરુએ ધર્મકથા કહી. તે સાંભળી રાજા તથા પાંચસે મંત્રી સર્વે શ્રાવકપણું અંગીકાર કર્યું. ત્યાંથી થાવચ્ચાપુત્ર અણગારે વિહાર કર્યો, એવા અવસરને વિષે સૌગંધિકા નામે નગરી હતી, ત્યાં નીલાશોક નામે ઉદ્યાન હતું, ત્યાં સુદર્શન નામે નગર શેઠ વસે છે. તે મહાઋદ્ધિવંત છે. એવા અવસરે શુક નામે પરિવ્રાજક ચાર વેદનો પારગામી, પાંચ યમ, પાંચ નિયમ, સહિત, શૌચમૂલ, દશ પ્રકારે પરિવ્રાજક ધર્મ પાળતો તથા દાન ધર્મ કરવો, તીર્થવિષે સ્નાન કરવું એવું પ્રરૂપતો એકદા ભગવાં વસ્ત્ર પહેરી, દંડ, કુંડિકા, છન્નાલય, અંકુશ, અંગુલી, પ્રમુખ રાખતો હજાર તાપસે પરિવર્યો થકો, સૌગંધિકા નગરીને વિષે જ્યાં પરિવ્રાજકની વસતી છે, ત્યાં આવી ઉપકરણ મૂકી સાંખ્ય સમયમાં આત્માને ભાવતો થકો વિચરે છે.

અન્યદા તે વાત નગરીમાં પ્રસિદ્ધ થઈ. અનુક્રમે સર્વ લોક તેને પણ પગે લાગવા આવ્યા. સુદર્શન પણ નીકળ્યો, તે સુદર્શનને સાંખ્યમતનો ધર્મ સંભળાવતો હતો. કે હે સુદર્શન ! અમારે શૌચમૂલ ધર્મ કહ્યો છે, તે શૌચ બે પ્રકારે છે. એક દ્રવ્યશૌચ, બીજો ભાવશૌચ. ત્યાં દ્રવ્યશૌચ તે પાણી અને મૃત્તિકા, તથા ભાવશૌચ તે ડાભ પાણી મંત્રી કરીને થાય. તેથી જે કાંઇ અપવિત્ર હોય તે પવિત્ર થઇ જાય. એમ કરતાં નિર્વિઘ્ને સ્વર્ગે જાય, તે સાંભળી સુદર્શનશેઠે શૌચમૂલ ધર્મ અંગીકાર કર્યો, અનુક્રમે શુક પરિવ્રાજક પણ સૌગંધિકા નગરીથી નીકળી બીજે ગામ ગયા.

અન્યદા તે થાવચ્ચાપુત્ર અણગાર પણ સૌગંધિકા નગરીએ સમવસર્યા, પર્ષદા વાંદવા આવી. સુદર્શન શેઠ પણ આવ્યા. વંદન કરીને એમ પૂછતા હતા કે હે સ્વામિન્ ! મૂલધર્મ કયો ? ત્યારે થાવચ્ચાપુત્ર

બોલ્યા. વિનય મૂળધર્મ કહ્યો છે. તે વિનય બે પ્રકારનો છે. એક ગૃહસ્થવિનય અને બીજો મુનિવિનય, તેમાં ગૃહસ્થવિનય તે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત, અને શ્રાવકની અગ્યાર પ્રતિમારૂપ કહ્યો છે. મુનિવિનય તે પાંચ મહાવ્રત કહ્યા છે. વળી અઢાર પાપસ્થાનકનું વોસિરાવવું. દશ પ્રકારના પચ્ચખ્ખાણ કરવા, બાર ભિક્ષુ પ્રતિમા આરાધવી, એવો વિનયમૂલ ધર્મ આરાધીને અનુક્રમે આઠ કર્મ ખપાવીને જીવ લોકનાં અગ્રભાવે સિદ્ધિ વરે. પછી થાવચ્ચાપુત્ર અણગારે સુદર્શન શેઠને પૂછ્યું, તમારો શો મૂલધર્મ છે ? શેઠ બોલ્યા, અમારો શૌચધર્મ મૂલ છે. યાવત્ એથી સ્વર્ગે જઇયે.

ત્યારે થાવચ્ચાપુત્ર બોલ્યા, હે સુદર્શન ! રુધિરે ખરડ્યું વસ્ત્ર હોય તેને રૂધિરે ધોઇયે તો શુદ્ધ થાય ? સુદર્શન બોલ્યા, શુદ્ધ ન થાય, થાવચ્ચાપુત્ર બોલ્યા, તેમ તમારે પણ પ્રાણાતિપાત પ્રમુખ અઢાર પાપસ્થાનક સેવતાં શુદ્ધિ ન થાય.

વળી હે સુદર્શન ! રૂધિરે ખરડયા વસ્ત્રને સાજીખારે લીપી અગ્નિએ ચઢાવી પછી શુદ્ધ પાણીએ ધોઇયે ત્યારે તે વસ્ત્ર શુદ્ધ થાયે ? શેઠ બોલ્યા, હા ! શુદ્ધ થાય, એ રીતે હે સુદર્શન ! અમારે પ્રાણાતિપાતનું વિરમણ પ્રમુખ અઢારે પાપસ્થાનકના વિરમણ હોવાથી અમારો આત્મા શુદ્ધ થાય છે, તે સાંભળી સુદર્શન શેઠ, બુઝયા, થાવચ્ચાપુત્રને વંદના કર્યા, જીવ અજીવનાં જાણ થયા, ઇત્યાદિક શ્રાવક બારવ્રતધારી થયા અને શ્રાવકનાં સર્વ ગુણ અંગીકાર કર્યા.

એમ સુદર્શન શેઠે, શૌચધર્મ છોડીને વિનયમૂળ ધર્મ આદર્યો, તે સાંભળીને શુક પારિવ્રાજકે વિચાર્યું કે હું પાછો જઈને શૌચધર્મ અંગીકાર કરાવું, એમ ચિંતવી એક હજાર પરિવ્રાજક સહિત સૌગંધિકા નગરીને વિષે આવ્યા. પરિવ્રાજકની વસ્તીમાં ઉપકરણ મૂકી ધાવડી વસ્ત્ર પહેરી થોડા પરિવ્રાજકને સાથે લઇને સુદર્શન શેઠને ઘરે ગયો, સુદર્શન શેઠ પણ પરિવ્રાજકને આવતો જાણીને ઉભા ન થયા. વંદના પણ ન કરી, સામા પણ ન ગયા, મૌનપણે બેસી રહ્યા.

ત્યારે શુક પરિવ્રાજક બોલ્યો. આગળ હું આવતો ત્યારે તું ઉભો થતો. સામો આવતો. અને હમણાં તો ઉભો પણ ન થયો, એવો વિનયમૂળ તેં અંગીકાર કર્યો છે ? ત્યારે શેઠ બોલ્યા, હે દેવાનુપ્રિય ! અરિહા અરિષ્ટનેમિનાં અંતેવાસી થાવચ્ચા નામે અણગાર અહીં આવ્યા છે. તે નિલાશોક ઉદ્યાનમાં વિચરે છે. તેમની પાસે મેં વિનયમૂલ ધર્મ અંગીકાર કર્યો છે. ત્યારે શુક બોલ્યો, હે સુદર્શન ! ચાલો થાવચ્ચાપુત્રની પાસે જઇયે. હું અર્થ, હેતુ પ્રશ્ન પુછું, તેનો જો મને ખરો ઉત્તર આપશે તો હું પણ વંદન, નમસ્કાર કરીશ, તથા ખોટો ઉત્તર મને આપશે તો હું તેને હેતુ પ્રશ્ને નિઃપૃષ્ટવ્યાકરણ કરીશ, એમ કહી તે શુક પરિવ્રાજક એક હજાર સંઘાતે સુદર્શન શેઠને તેડી થાવચ્ચાપુત્ર પાસે ગયો. આવીને પૂછતો હતો, કે તમારે યાત્રા છે ? યાપનિકા છે ? અવ્યાબાધ છે ? પ્રાશુક વિહાર છે ?

થાવચ્ચાપુત્ર બોલ્યા કે એ મારે ચારે વાના છે જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ સંયમાદિકનાં યોગે મારે યતના વર્તે છે. તે મારે યાત્રા છે, તથા યાપનિકા બે પ્રકારની છે. એક ઇન્દ્રિયયાપનિકા, બીજી નોઇન્દ્રિયયાપનિકા છે. તેમાં ઇન્દ્રિયયાપનિકા તે પાંચે ઇન્દ્રિય મારે છે. તે વશવર્તિં છે. અને નોઈન્દ્રિયયાપનિકા તો ક્રોધ, માન, માયા, લોભ એ ચારે ક્ષીણ. ઉપશાંત છે. તને મને ઉદય આવતા નથી, તથા અવ્યાબાધ તે મને વાત, પિત્ત, શ્લેષ્મ, સન્નિપાત, વિવિધ પ્રકારનાં રોગાંતક તે પણ હમણા ઉદીરાતા નથી, તથા પ્રાશુક વિહાર તે આરામને વિષે, ઉદ્યાનને વિષે, દેવકુલને વિષે, સભાને વિષે, સ્ત્રી, પશુ, પંડક રહિત વસતીને વિષે, પાદવિહાર, પીઠ ફલક, શૈયા, સંથારો, ગ્રહીને વિચરૂં છું. એમ ચારેનો ઉત્તર આપ્યો, એટલે શુક પરિવ્રાજક બોલ્યો કે, પ્રાકૃત ભાષાએ "સરિસવયા" એ તમારે ભક્ષવા યોગ્ય છે કે અભક્ષ ? થાવચ્ચાપુત્ર બોલ્યા, સારિસવયા બે પ્રકારે છે, તેમાં એક મિત્રરૂપ, બીજો ધાન્યરૂપ, છે ત્યાં મિત્ર

સરિસવય ત્રણ પ્રકારે છે. એક સાથે જન્મ્યા, બીજા સાથે મોટા થયા, ત્રીજા સાથે ધૂળમાં રમ્યા, એ ત્રણે સાધુને ભક્ષવા યોગ્ય નથી, અને બીજા ધાન્ય સરિસવય જે છે તે બે પ્રકારે છે. તેમાં એક તો શસ્ત્રે પરિણમેલાં છે. બીજા શસ્ત્રે પરિણમેલા નથી, તેમાં જે શસ્ત્રે પરિણમેલા નથી તે અકલ્પ્ય છે. અને જે શસ્ત્રે પરિણમેલા છે. તે બે પ્રકારે છે. એક પ્રાસુક, બીજો અપ્રાસુક. તે અપ્રાસુક સાધુને કલ્પે, અને પ્રાસુક છે તે બે પ્રકારે, એક યાચના કરી લાવેલા અને બીજા અયાચિક હોય છે. તેમાં અયાચેલા તો સાધુને અભક્ષ છે અને જે યાચિને લાવેલા તે બે પ્રકારે, એક શુદ્ધમાન, બીજા અશુદ્ધમાન, તેમાં જે અશુદ્ધમાન તે ન કલ્પે, અને જે શુદ્ધમાન છે તે બે પ્રકારે છે, એક દાતારે આપેલા, અને બીજા દાતારે નથી આપેલા. તેમાં જે દાતારે ન આપેલા તે ખાવા યોગ્ય નથી. અને જે દાતારે આપ્યા છે, તે શ્રમણનિર્ગંથને ખાવા યોગ્ય છે.

અહીં પૂછનાર પરિવ્રાજકનો એ આશય હતો કે એ સરિસવયા ખાવા યોગ્ય કહેશે તો હું એને છલમાં નાંખીને કહીશ કે તમારે મિત્ર પણ ખાવા યોગ્ય દેખાય છે, પણ એમ તો થાવચ્ચાપુત્ર ન છળ્યા.

ત્યારે વળી શુક પરિવ્રાજક છલ કરીને પૂછે છે. કે તમારે કુલછી ખાવા યોગ્ય છે કે નથી ખાવા યોગ્ય? થાવચ્ચાપુત્ર બોલ્યા કુલછી બે પ્રકારે છે. એક કુલવંતી સ્ત્રી તે કુલછી કહેવાય છે. બીજી કુલછી તે ધાન્ય વિશેષ, ત્યાં કુલછી સ્ત્રીનાં ત્રણ ભેદ, એક કુલપુત્રી, બીજી કુલછી માતા, ત્રીજી કુલવધૂ, એ ત્રણ ખાવા યોગ્ય નથી, અને ધાન્ય કુલછી તે સરિસવની જેમ જાણવી. એ પ્રશ્નમાં પણ થાવચ્ચાપુત્ર ન છળાયા.

ત્યારે વળી છળ કરીને શુક પરિવ્રાજક પ્રશ્ન પૂછે છે કે તમારે માંસ ખાવા યોગ્ય છે કે નહિં? થાવચ્ચાપુત્ર બોલ્યા, કે માંસ ત્રણ પ્રકારનાં છે. એક કાલમાસ, બીજા અર્થમાસ, ત્રીજા ધાન્ય

માસ, તેમાં કાલમાસ તે શ્રાવણથી માંડી અષાઢ સુદી બાર પ્રકારનાં છે. તે સાધુને ખાવા યોગ્ય નથી, બીજા અર્થમાસ તે એક માસો, બે માસા પ્રમુખ જેથી સોનું રૂપુ તોલાય, તે અર્થમાસ કહીયે. તે પણ સાધુને ખાવા યોગ્ય નથી, ત્રીજા ધાન્યમાસ તે અમદ કહેવાય છે. તે સરસવની પેઠે ખાવા યોગ્ય ન, ખાવા યોગ્ય, કહેવાય, એ પ્રશ્નમાં પણ થાવચ્ચાપુત્ર ન છળાયા, ત્યારે વળી પ્રશ્ન પૂછે છે કે તમે એક છો કે બે છો ? થાવચ્ચા બોલ્યા, હું એક પણ છું. અને બે પણ છું. અક્ષય છો કે અવ્યય ? કે અવસ્થિત છો ? કે અનેક ભૂત, ભાવિ, સ્વભાવ છો ? થાવચ્ચા બોલ્યા. અનેકભૂતભાવિસ્વભાવ પણ છે, ત્યાં અસંખ્યાત પ્રદેશની અપેક્ષાએ અક્ષય છું. અવ્યય છું. અવસ્થિત છું. ઉપયોગની અપેક્ષાએ અનેકભૂતભાવિસ્વભાવ હું છું. એટલે નિત્યાનિત્ય બેહુ પક્ષ સૂચવ્યા. કોઈ રીતે છલાયા નહિં. ત્યારે શુક પરિવ્રાજક બુઝયા. થાવચ્ચાપુત્રને વંદન નમસ્કાર કર્યા. અને પછી કહ્યું કે હે સ્વામિન્! તમારી પાસે કેવલીએ પ્રરૂપેલો ધર્મ સાંભળવા ઈચ્છું છું. થાવચ્ચાપુત્રે ધર્મકથા કહી, તે સાંભળી ઘણો હર્ષ પામ્યો, અને પછી કહ્યું. કે હું તમારી પાસે સહુ પરિવ્રાજક સાથે મુંડ થઈને પ્રવ્રજ્યા લેવા ઇચ્છુ છું. થાવચ્ચાપુત્ર બોલ્યા. સુખ ઉપજે તેમ કરો. તે વેળાએ ઇશાન ખૂણે દંડ પ્રમુખ એકાંતે મૂકી પછી શિખા ઉપાડી લોચ કર્યો, અનુક્રમે સહુયે પ્રવ્રજ્યા લીધી. સામાયિકાદિ દઈ ચૌદ પૂર્વના ભણનારા થયા, થાવચ્ચાપુત્ર તે હજાર પરિવ્રાજકને શુકને શિષ્યપણે સોંપીને પોતે સોગંધિકા નગરીથી વિહાર કર્યો. અનુક્રમે સિદ્ધાચલજીને વિષે આવી, એક માસનું પાદપોગમન અનશન પાળી કેવલજ્ઞાન પામીને, હજાર પુરુષ સંઘાતે સિદ્ધિ વર્યા, ત્યાર પછી શુક પરિવ્રાજક વિહાર કરતાં સેલંગપુર નગરને વિષે સમોસર્યા. પર્ષદા વાંદવા આવ્યા. સેલંગરાજા પણ વાંદવા નીકળ્યા, ધર્મ સાંભળીને સેલંગરાજા બોલ્યા. હે સ્વામિન્! હું પંથક

પ્રમુખ પાંચસે પ્રધાનને પૂછી. મંડુક કુમારને રાજ્યે સ્થાપીને તમારી પાસે ચારિત્ર લઇશ. શુક મુનિ બોલ્યા, જેમ સુખ ઉપજે તેમ કરો, ત્યારે સેલંગ રાજાએ ઘેર આવી, પાંચસે પ્રધાન મંત્રીઓને બોલાવીને પૂછયુ, હે દેવાનુપ્રિય ! મેં શુક મુનિ પાસે ધર્મ સાંભળ્યો, તે ગમ્યો, રુચ્યો. સંસારનાં ભયથકી ઉદ્વેગ પામ્યો છું. માટે દીક્ષા લેવાનું મન છે. તમે શું કહો છો ? તમે હિતેચ્છુ છો. તે સાંભળી મંત્રી બોલ્યા, જો તમે દીક્ષા લો છો. તો અમારે બીજા કોનો આધાર ? અમે પણ સંસારનાં ભયથી ઉદ્વેગ પામ્યા છીયે, માટે તમારી સાથે દીક્ષા લઈશું જેમ અમારે સંસારમાં તમે વડેરા છો. તેમ દીક્ષા લીધા પછી પણ અમારા તમે જ વડેરા છો.

ત્યારે રાજાએ મંત્રીશ્વરને કહ્યું, તમે તમારા વડા પુત્રને કુટુંબનો ભાર સોંપીને, સહસ્ર પુરુષ ઉપાડે એવી શિબિકાએ બેસીને, મારી પાસે આવો, તે મંત્રીઓ પણ તેમજ અનુક્રમે રાજા પાસે આવ્યા. રાજા પણ મંડુક કુમારને રાજ્યભિષેક કરીને, સેલંગપુર શણગારાવીને, પાંચસો મંત્રી સાથે દીક્ષા લઈ, અનુક્રમે અગ્યાર અંગનાં ભણનારા થયા. સેલંગ રાજઋષિને પાંચસે મંત્રીને શિષ્યપણે સોંપીને અન્યદા શુક મુનિ પરિવારે સહિત અન્ય દેશને વિષે વિહાર કરતા હતા, અનુક્રમે હજાર મુનિને પરિવારે પરિવર્યા થકા શ્રી સિદ્ધાચલ ઉપર અનશન કરી મોક્ષે પધાર્યા.

હવે સેલંગરાજઋષિને પણ તુચ્છ, લૂખા, અરસ, વિરસ, ટાઢા, ઉના, કાલાતિક્રાંત, પ્રાણાતિપ્રાંત, એવા આહાર, પાણી, કરતાં સુકોમલ શરીરે રોગ પ્રગટ થયો. ઘણી વેદનાવાળો કંડુ, દાઘ, પિત્ત, જ્વર શરીરે વ્યાપ્યો, શરીર ઘણું સુકાઈ ગયું, અન્યદા વિહાર કરતા થકાં સેલંગ પુરે પધાર્યા, મંડુકરાજા વંદના કરવા નીકળ્યો. વંદના કરીને પિતાના શરીરે રોગ ઉપન્યો દેખીને સેલંગઋષિને એમ કહેતો હતો કે તમે મારી યાનશાલાએ આવી ઉતરો. હુ વૈદને તેડીને તમારા

રોગની ચિકિત્સા કરું. સેલંગ અણગારે તે વચન માન્યું, મંડુકરાજા પોતાના સ્થાનકે આવ્યા. સેલંગ પણ બીજે દિવસે પાતઃકાળે પાંચસે અણગારની સાથે મંડુકરાજાની યાનશાલાએ પ્રસુક પીઠફલાદિક યાચીને રહ્યા. વેદ તેડાવીને પ્રાસુક સેષણીક ઔષધે કરી તથા મદ્યપાને કરી સાજા થયા, ત્યાર પછી અશનાદિકમાં મદ્યપાનમાં મૂર્છાયા, પીઠફલક શૈયા સંથારામમાં પ્રમત્ત થયા. ગૃદ્ધ થયા. પાસત્થા થયા. કુશીલ થયા, સંસક્ત થયા, તે પીઠફલાદિકને જેમની પાસેથી યાચી લાવ્યા હોય, તેને પાછા આપતા મન ચાલે નહિં. અન્યદા પાંચસે પ્રધાન શિષ્યમાંહેલો એક પંથક ટાલીને બીજા અણગારોને પાછલી રાતે જાગરિકાએ જાગતા એવો વિકલ્પ ઉપજયો. જે સેલંગરાજા એ રાજ્ય છાંડી દીક્ષા લીધી, હવે પ્રમાદમાં પડયા થકા રસગૃદ્ધિ છાંડી શકતા નથી. તે સાધુને ન કલ્પે, માટે પ્રાતઃકાળે સેલંગઋષિને પૂછી, પીઠફલકાદિક આપીને, એક પંથક મુનિને વૈયાવચ્ચમાં થાપીને આપણે બહાર ઉગ્ર વિહાર કરવો કલ્પે, એમ ચિંતવી અનુક્રમે સહુયે વિહાર કર્યો.

હવે પંથક મુનિ પણ શૈયા, સથારો, ઉચ્ચાર, એલ, ઔષધ, ભેષજ, ભાત, પાણીએ કરી, અગિલાનપણે વૈયાવચ્ચ કરે. એમ કરતાં એકદા કાર્તિક ચોમાસીને દિવસે સેલંગ રાજઋષિ વિપુલ અશનાદિક આહાર કરી, મદ્યપાન કરી પાછલે પહોરે સુખે સૂતા છે. તેવામાં પંથક મુનિએ ચોમાસી પ્રતિક્રમણ કરવા માંડયું, તિવારે ચોમાસી ખામણા ખામતા ગુરુનાં મસ્તકે પગ ફરસ્યો. તે થકી સેલંગ કષાયમાં આવ્યા, રીસ ચઢી, ઉઠીને બેઠા થયા. અને એમ કહેવા લાગ્યા કે કોણ આપ્રાર્થ્યાનો પ્રાર્થનારો. હીણી ચૌદશનો ઉપન્યો, જે મને સુખે સૂતાને સંઘટે છે ? તે વચન સાંભળીને પંથકજી ભય પામ્યા. ત્રાસ પામ્યા. હાથ જોડી કહેવા લાગ્યા કે હે સ્વામિન્ ! હું પંથક દેવસિક પ્રતિક્રમણનો કાઉસગ્ગ કરીને ચોમાસી ખામણા ખામું છું. તેમાં હે દેવાનુપ્રિય ! તમને વંદના કરતા તમારા

પગને મસ્તક ફેરવ્યું, તે મારો અપરાધ ખમો. તમે ખમવા યોગ્ય છો. એમ વારંવાર કહેવા લાગ્યો. પંથકજીના એવા વચન સાંભળીને સેલગ રાજર્ષિને વિકલ્પ ઉપજ્યો. મેં રાજ્યભાર છાંડયો. હવે અહિં અશનાદિકમાં ગૃદ્ધ થઈને વિચરું છું. તે ન ઘટે. માટે પ્રાતઃ કાળે મંડુક રાજાને પૂછીને, પડિહાર, પીઠ, ફલક, શૈયા, સંથારો પાછો આપીને, પંથક અણગાર સંઘાતે ઉગ્ર વિહારે બહાર વિહાર કરીશું પછી જેમ વિચાર્યું તેમ કરી વિહાર કર્યો, તે વાત ચારશેં નવ્વાણુ અણગારે સાંભળી, તેવારે માંહોમાંહે કહેવા લાગ્યા. રે સાધુઓ! સેલગઋષિએ બહાર વિહાર કર્યો, તો હવે આપણે પણ સેલગ રાજઋષિ સાથે વિચરવું ઘટે, એમ વિચારી સેલગઋષિ પાસે આવ્યા, તે સર્વે ઘણા વર્ષ સુધી ઘણા તપ કરતાં અનુક્રમે સિદ્ધાચલજી આવ્યા. પાદપોપગમન અનશને કેવલજ્ઞાન પામીને સિદ્ધિ વર્યા. इति श्री ज्ञातासूत्रपंचमाध्ययने ॥

અહીં થાવચ્ચામુનિના પ્રસંગે બીજો અધિકાર પણ કહ્યો. આ જ્ઞાતાસૂત્રમાં શ્રી શત્રુંજય મહાતીર્થનું નામ આવ્યું. માટે એ તીર્થ-વંદનીય છે. ઋષભકૂટની પેઠે શાશ્વતુ છે. અહિં ગ્રંથ વધે માટે ચર્ચા લખી નથી, જો થાવચ્ચા અણગાર જિતાત્મા થયા તો પોતાનો આત્મા તથા બીજા પ્રાણીને પણ શરણભૂત થયો. इति श्री थावच्चा-पुत्रअणगारकथा ॥ इति श्रीसकलप्रभाभामिनिभालस्थलतिलकायमान पंडितश्रीउत्तमविजयगणीशिष्यपंडित पद्मविजयगणीकृते श्रीं गौतमकुलकप्रकरणे बालावबोधे एकादशगाथायां चत्वार्युदाहरणानि समाप्तानि ए અગ્યારમી ગાથા કહી. (૧૧)

હવે બારમી ગાથા કહે છે. તેને પૂર્વ ગાથા સાથે એ સંબંધ છે કે પૂર્વે ગાથામાં અંતે જિતાત્મા તે ગતિ શરણ થાય એમ કહ્યું, તો અહીં જે ધર્મી હોય તેજ જિતાત્મા થાય, તે અધિકારે આવી જે બારમી ગાથા તે કહે છે.

न धम्मकज्जा परमत्थि कज्जं, न पाणिहिंसा परमं अकज्जं;
न प्रेमरागा परमत्थि बंधो, न बोहिलाभा परमत्थि लाभो, ॥ (११)

न धम्मकज्जा परमत्थि कज्जं ॥ ધર્મકાર્ય સમાન બીજું પરમ અર્થ એટલે ઉત્કૃષ્ટ કાર્ય નથી, એટલે એ ભાવ કે જગતનાં જીવોએ ખાવુ, પીવું, પહેરવું, ઉઠવું, ઘરબાર સ્વજન, કુટુંબ, પરિવાર, છૈયા, છોકરા, ધણીયાણી, પ્રમુખનું કાર્ય, તે પોતાનું કરી માન્યું છે. પણ તે અજ્ઞાનપણાનો વિલાસ છે. પરંતુ પરમાર્થે તો એક ધર્મકાર્ય કરવું જ યોગ્ય છે. તે ઉપર મુગ્ધભટ્ટનું દ્રષ્ટાંત કહે છે.

કૌશાંબી નગરીને વિષે દુડક શાલી નામે ગામ છે. તેમાં દામોદર નામે ભટ્ટ રહે છે. તેની સોમા નામે ભાર્યા છે. તેને મુગ્ધભટ્ટ નામે પુત્ર છે. તેને સુલક્ષણા નામે ભાર્યા છે. તે સ્ત્રીભર્તારને સુખે રહેતા કેટલોક કાલ ગયો, અનુક્રમે માતાપિતા મરણ પામ્યા. અનંતર પિતાની લક્ષ્મી ચાલી ગઇ. યતઃ ॥ इंदिरामंदिरेन्यस्य, कथं स्थैर्यं विधास्यति ॥ या स्वसद्मनि पद्मेपि, संधावधि विजृंभते ॥ १ ॥ ત્યારે નાના પ્રકારની આપદાનું સ્થાનક એવું દરિદ્રી પણું આવ્યું. ॥ યતઃ ॥ निद्रव्यो ह्रियमेति ह्रिपरिगत : प्रभ्रश्यते तेजसां, निस्तेजा परिभूयते परिभवान्निर्वेदमागच्छति ॥ निर्विन्नः शुचिमेति शोक सहितो बुध्धे परिभ्रश्यति, निबुद्धिः क्षयमेत्यहो निधनता सर्वापदामास्पदम् (१) તે મુગ્ધ ભટ્ટ લજ્જાએ કરી સ્ત્રીને પણ વગર પૂછયે રાત્રિને વિષે છાનો નગર બહાર નીકળ્યો. ધનનો અર્થી થકો બાર વર્ષ સુધી પરદેશે ભમતો પાછો ઘેર આવ્યો, ત્યારે પોતાની સ્ત્રીને અત્યંત વિનયવંત દેખીને પૂછતા લાગ્યો. હે સ્ત્રી! તેં બાર વર્ષ સુધી એકલી થકી કેમ નિર્વાહ કર્યો? ત્યારે બોલી! હે પ્રાણપ્રિય! વિમલા નામે જૈનમતી પ્રવર્તિની પર ઉપકારીણી છે. તેણે વિશિષ્ટ તત્વરસનો ઉપદેશ કર્યો. તેમાં મગ્ન થઈ થકી મેં બાર વર્ષ દિવસની પેઠે કાઢયા, તે સાંભળીને બ્રાહ્મણ ઘણો વિસ્મય પામ્યો, તે હસતે મુખે કહેવા લાગ્યો કે તત્ત્વની વાત

મને પણ કહે. જેથી હું સુખી થાઉં ત્યારે તેણે પણ જીવાજીવાદિક નવ તત્ત્વની રુડી રીતે વાત કરી, તેવારે બ્રાહ્મણ શ્રાવક થયો.

હવે તે ગામના વસનારા અન્ય બ્રાહ્મણો તે સ્ત્રી ભર્તારને ઘણો આક્રોશ કરે. પણ તે જૈન ધર્મમાં દૃઢ રહ્યા. જાણે કે જૈનધર્મ ઉપરાંત બીજુ કાંઈ નથી. એકદા મહા માસની ટાઢ વાતે થકે પુત્રને લઇને તાપવાને અર્થે અંગીઠી કરીને જ્યાં સર્વ બ્રાહ્મણ તપે છે. ત્યાં મુગ્ધભટ પણ આવ્યો. એટલે સર્વ બ્રાહ્મણ મળી તેનો તિરસ્કાર કર્યો- હે પાપિષ્ટ, દુષ્ટ ! અહીંથી દૂર જા. તે સાંભળીને ભટ્ટ વિલખો થયો થકો બોલ્યો કે ભાઇ ! એક જૈન ધર્મ જ સત્ય છે. બીજુ સર્વ અસત્ય છે. જો જિનધર્મ અસત્ય હોય તોઆ મારો પુત્ર બળી જાવો એમ કહીને સહસાત્કારે ધૈર્ય ધરીને સળગેલી અંગુઠીમાં પુત્રને મૂકયો. તે જોઈ સર્વ બ્રાહ્મણ હાહાકાર કરવા લાગ્યા. ત્યાં તત્કાળ ઉપયોગવંત શાસનદેવતાએ પાસે થકાં અગ્નિ શીતલ કરી નાંખ્યો. તે શાસન દેવતાએ પ્રગટ થઇને જિનધર્મની પ્રશંસા કરી. તે શાસનદેવતાએ પાછલા ભવે ચારિત્ર લઇને વિરાધ્યું હતું. તેથી મરીને વ્યંતર થઇ છે તે વ્યંતરીએ કેવલીને પૂછયું હતું કે હું સુલભબોધી કે દુર્લભબોધી ? કેવલીભગવંતે કહ્યું કે તેં પૂર્વભવમાં સંયમ વિરાધ્યું હતું. તેથી આ ભવમાં કોઇને કષ્ટ પડે ત્યારે તેને સહાય કરજે. શાસન પ્રભાવના કરીશ તો સુલભબોધી થઇશ. તે સાંભળીને તે દેવી પણ ઠામઠામ જિનશાસનની પ્રભાવના કરતી ત્યાં આવી ચઢી. તેણે મુગ્ધભટ્ટને પણ સહાય કરી. તે મહિમા દેખી બ્રાહ્મણો વિસ્મય પામ્યા. શ્રી જિનધર્મની પ્રશંસા કરતા હતા. પછી ભટ્ટ ઘણો હર્ષ પામતો પોતાન ઘેર આવ્યો પોતાની સ્ત્રીને પાત કહી. સ્ત્રીએ ઉલટો ઠપકો આપ્યો. કે તમે ભોળાપણુ કેમ કર્યું''? કદાચિત્ દેવતાની સહાય ન થઈ હોય તો બાળભ્રષ્ટ થઇ જાત. અને ધર્મભ્રષ્ટ થઈ જાત. લોકમાં ધર્મની નિંદા થાત. તે માટે એમ ન કરીયે. અનુક્રમે તે સ્ત્રીભર્તારે શ્રી અજીતનાથ પાસે ચારિત્ર અંગીકાર કર્યું. સંયમ, તપ કરી કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા. બ્રાહ્મણ પ્રમુખ

પણ પ્રતિબોધ્યા इति आचारप्रदीपे मुग्धभट्ट कथा ॥ તે માટે ધર્મકાર્ય ઉપરાંત બીજું કોઇપણ ઉત્કૃષ્ટ કાર્ય નથી.

હવે બીજા પદનો અર્થ કહે છે. न पाणिहिंसा परमं अकज्जं । પ્રાણીની હિંસાથી કોઈપણ ઉત્કૃષ્ટ અકાર્ય નથી. એટલે જીવહિંસાથી ઉપરાંત કોઈપણ અકાર્ય નથી. તે ઉપર દેવપ્રસાદ, સામદેવ, અને વામદેવની કથા કહે છે.

આ જંબુદ્વીપનાં ભરતક્ષેત્રને વિષે પાંચાલ દેશે કાંપિલ્લપુર ગામ છે. ત્યાં જયવર્મ નામે રાજા રાજ્ય કરે છે. તેને જયાવલી નામે રાણી છે. તેની સાથે વિષય સુખ ભોગવતો રાજા કાલ ગુમાવે છે. એકદા રાણીયે એવું સ્વપ્ન જોયું કે કોઈક દુષ્ટે રત્નજડિત મુકુટે કરી દેદીપ્યમાન એવું રાજાનું મસ્તક છેદ્યું. તે મસ્તક મારા ખોળામાં પડયું. રાણી સંભ્રમ પામને જાગી. રાજાએ જાણ્યું ત્યારે પૂછયું કે શું છે ? રાણી શોકે કરી રોવા લાગી. રાજાએ તેને આશ્વાસન આપ્યું. વળી અવસરે પૂછયું તેણે જેમ હતું તેમ કહ્યું. રાજા બોલ્યો. શોક કર્યે શું થાય ? મુકુટનો ધરનાર મહારાજા તારે પુત્ર થશે. વળી રાજાએ ચિત્તમાં ચિંતવ્યું. કે મારું મરણ ઢુંકડુ છે. એવું એ સ્વપ્ન સૂચવે છે. તોપણ ઉદ્યમ મુકવો નહીં. એમ કેટલોક કાળ ગયો. હવે રાણીને ગર્ભ રહ્યો. એવા અવસરે શૂરસેન નામે એનો ગોત્રિય પ્રધાન હતો. તેણે સામંત પ્રમુખને વશ કરીને તેમની સાથે નગર રુંધ્યું ત્યારે રાજાએ પોતાનું નિર્બલ પણું જાણીને રાણીના ઘરથી સુરંગ ખોદાવીને શ્મશાન સુધી કાઢી. તે રાણીને દેખાડીને કહ્યું કે વૈરી પ્રબલ છે. કાર્યની ગતિ વિષમ છે. કોણ જાણે શું થશે. માટે અવસર જાણો તો આ સુરંગમાંથી નીકળજો. એમ કરતાં શત્રુએ નગરભંગ કરવા માંડયું. ત્યારે જયવર્મરાજા લડવાને સામો નીકળ્યો. તે યુદ્ધમાં મરણ પામ્યો.

કોલાહલ સાંભળી તે સુરંગે થઈને રાણી નાઠી. એવામાં ભયે કરીને રાણીને પ્રસવ થયો. તે બાળકને રાજાની મુદ્રા સહિત કંબલરત્ને

વીંટીને મસાણમાં મૂકયો. પોતે વેગળી લત્તાને અંતરે જઇને બેઠી, એવા અવસરે તેજ નગરમાં ભદ્ર શેઠ રહે છે. તેની સુભદ્રાનામે ભાર્યા છે. પણ તે મુવા બાળકને જણે છે. તથી શેઠે કુલદેવી આરાધી, તેણે તુષ્ટમાન થઇને કહ્યું કે તું જ્યારે મુવા બાળકને પરઠવવા જાય ત્યારે ત્યાં કોઇક બાળકને દેખે તો ઉપાડી લેજે. એજ રીતે શેઠે બાળકને લીધો. તેને લેતો દેખીને રાણી આગળ ચાલતી થઇ. મનમાં ઘણો વૈરાગ્ય ધરતી તાપસણી થઇ. હવે શેઠે પણ તે વાત પોતાની ભાર્યાને કહી. પરંતુ આપણો બાળક તો જીવે છે. એમ કહીને પાછો પોતાની સ્ત્રીને આપ્યો. એક માસ થયો ત્યારે વધામણું કર્યું. દેવપ્રસાદ એવું નામ દીધું. મોટો થયો. કળાઓ ભણ્યો-યૌવન પામ્યો. ઘણા શેઠોની કન્યા આવે પણ કુમાર સરખી ન હોવાથી શેઠ પરણાવે નહીં. એકદા એક નિમિત્તિયો આવ્યો. લોકોના મુખથી વખાણ સાંભળીને તેને શરસેન રાજાએ બોલાવ્યો મુષ્ટિ પ્રશ્ન પ્રમુખ પ્રશ્ને રૂડો જાણ્યો. ત્યારે રાજાએ એકાંત પૂછયું એ રાજ્ય મારા વંશમાં રહેશે કે નહીં ? નિમિત્તિઓ બોલ્યો. ખેદ કરશો નહિં. હું તો શાસ્ત્રના કહ્યા મુજબ કહીશ. રાજા બોલ્યો. ખેદનો શો અવસર છે ? નિમિત્તિયો બોલ્યો. તમારા વંશમાં તો નહિં રહેશે. રાજાએ પૂછયું તો કોણ રાજ્ય કરશે ? નિમિતિયો બોલ્યો. આજથી પંદર દિવસે ગાયના ગોકુળને ભિલ્લ લઇ જતા દેખીને જે પુરુષ ગોકુળને પાછું વાળશે તથા તમારા પુત્રની આજ્ઞા નહિં માનશે. તથા રત્નપુરનો પૂર્ણચંદ્ર રાજા છે. તેની દીકરીઓને જે પરણશે તે તમારું રાજ્ય ભોગવશે, તે વચન રાજાએ માન્યું. અને નિમિત્તિયાને કહ્યું કે કોઇ આગળ આ વાત કરશો નહિં, એમ કહી પૂજીને નિમિત્તિયાને વિસર્જ્યો. શુરસેન રાજાએ પોતાના પુત્રોને ગોકુળમાં મૂકયા. અને શીખવ્યું કે એક માસ સુધી ત્યાં રહીને ગોકુલ જાળવજો, તે પણ અનાદર થકી પરિવાર વિના ત્યાં ગયા. અર્ધમાસ ગયો, તે સઘળા રાજકુમાર પ્રમાદમાં રહ્યા. અને ભિલ્લે ગોકુલ હર્યું, એવામાં દેવપ્રસાદ સજ્જનના વિવાહ કાર્યે ગયો હતો. તેણે માર્ગની વચમાં ગોકુલ

હરી જતાં ભિલ્લોને દેખીને પરાક્રમ ફોરવી ગોકુળ પાછુ વાળ્યું એ વ્યતિકર સાંભળીને રાજાએ જાણ્યું કે રાજ્યનો ધણી શેઠ પુત્ર થશે. હવે રાજપુત્રે પણ નગરમાં પડહ વજડાવ્યો કે જે યુવાન પુરુષ રમવા નીકળશે તેને રાજકુમાર પ્રસાદ કરશે. અને જે રમવા નહિં આવે તેનો અપરાધ રાજકુમાર ખમશે નહીં. એમ સાંભળી નગરના ઘણા કુમાર નીકળ્યા. પણ દેવપ્રસાદ ન નીકળ્યો. માતાપિતાએ કહ્યું કે હે વત્સ! રાજપુત્રનો ઉત્સવ જુવો. રાજાની આજ્ઞા વિષમ છે. કુમાર બોલ્યો મારૂં માથું દુઃખે છે. તે માટે બોલશો નહિં સ્નેહે કરી માતા પણ ન બોલ્યા.

એવામાં દેવપ્રસાદે વચન સાંભળ્યું કે રત્નપુર નગરને વિષે પૂર્ણ ચંદ્રરાજાની લક્ષ્મીવતી અને કાંતિવતી નામે બે દીકરીઓ છે તે ગંધ-દ્રવ્યનાં સંયોગ રૂડા જાણે છે. તે એમ કહે છે કે અમે ગંધદ્રવ્ય ભેગા કરી છીયે. તેનો વિશેષ જે જાણે તેમે પરણવું. પણ બીજાને ન પરણવું. એમ નિર્ધારી તે ગંધ દ્રવ્ય ભેગા કરીને ઘણા રાજપુત્રોને દાસીના હાથે દેખાડે છે. પણ કોઇને વિશેષ માલમ પડતુ નથી. એ વ્યતિકરે રાજા ઘણો દુઃખીયો છે. પણ કોઇને વિશેષ માલુમ પડતું નથી. તેથી નગરમાં પડહો વજડાવ્યો. જે પુરુષ કુમારીકા ગંધનો વિશેષ કહે તેને હું અર્ધુ રાજ્ય અને કન્યા આપીશ. તે સાંભળીને દેવપ્રસાદ ત્યાં જવાની ચિંતા સહિત ઉદ્યાનમાં આવ્યો. અને ઉત્સવમાં ન આવ્યો. એ વાંક કાઢીને દેવપ્રસાદને તેડવા પુરૂષ મોકલ્યા. પુરુષે આવીને શેઠને કહ્યું, કે દેવપ્રસાદ કયાં ગયો? રાજાની આજ્ઞાનો લોપક, દુષ્ટ મહાપાપી ક્યાં છે? રાજાની આજ્ઞાએ અમારે તેને મારવો છે. શેઠ બોલ્યા, એતો ગઇ કાલે રત્નપુર નગરે મામાને ઘેર પ્રાહુણે ગયો છે. માટે હું રાજા પાસે આવું છું. એમ કહી શેઠે, એક પુરુષને શીખવી કુમાર પાસે મોકલ્યો. તેણે જઇને કુમારને કહ્યું કે તમારા પિતાએ કહેડાવ્યું છે કે રત્નપુર નગરે મામાના ઘરે ગયો છે.

પછી શેઠ પણ રાજા પાસે ગયા. રાજાને સર્વ હકીકત કહી. રાજાએ વિચાર્યું કે નિમિત્તિયાનું વચન સાચુ છે. તેમ પણ મીઠું વચન બોલીને ઉપાય કરવો તે શ્રેષ્ઠ છે. એમ ચિંતવી શેઠને કહ્યું. પુત્રને વહેલો બોલાવો, શેઠે કહ્યું. આપનું વચન પ્રમાણ છે. એમ કહી શેઠ પોતાના ઘેર આવ્યો. કુમાર પણ રત્નપુર નગરે બંધુદત્ત-નામે મામાને ઘેર પહોંચ્યો ત્યાં ઉચિત કૃત્ય કરી મામાને કહ્યું, મને ગંધ દેખાડો, મામાએ કુંવરીની દાસીને તેડાવી ગંધ દ્રવ્ય દેખાડયું, દેવપ્રસાદે પણ પરીક્ષા કરીને સર્વ દ્રવ્ય જુદા જુદા કહી દેખાડયા, અનુક્રમે સર્વ પ્રતીત કરાવી, તે જાણીને કુંવરીઓ હર્ષ પામી રાજા-ને જણાવ્યું, પૂર્ણચંદ્ર રાજાએ. વિચાર્યું કે ધનવંત તો ખરો પણ વાણીયો છે. અને એવો ઉદાર વિજ્ઞાનવંત વાણીયો ન હોય, તેમ રાજકન્યાને પણ એ વણિયા ઉપર પ્રેમ કેમ હોય ? એવો વિચાર કરે છે, એવામાં દેવપ્રસાદનો કૃત્રિમ મામો કંબલરત્ન તથા જયવર્મ રાજાની નામાંકિત મુદ્રા લઇને રાજા પાસે આવ્યો. તેણે રાજાને કહયું, હે રાજન્ ! મારા બનેવીએ કંપિલપુર થકી માણસને મોકલ્યો છે. તે માણસે મને એમ કહયું કે, શૂરસેન રાજાએ તમારા બનેવીને વગર વાંકે પકડયા છે. તે આપદામાં કહેડાવ્યું છે કે દેવપ્રસાદ જયવર્મ રાજાની નામાંકિત મુદ્રા સહિત મસાણમાંથી લીધો છે. તે મુદ્રાએ અમે જાણ્યું કે એ જયવર્મ રાજાનો પુત્ર છે. પણ ભયે કરી અમે કોઇને કહયું નહિં. અમે મોટો કર્યો-બીજુ તો અમે કાંઈ જાણતા નથી, વળી બીજી વાત કરું છું તે સાંભળો, શૂરસેન રાજાને એ કુમારની ઉપર ઘણો દ્વેષ છે. એને પકડતાં અમે જુઠું મિષ કરીને બોલ્યા કે મેં તમારે ત્યાં મોકલ્યો છે. માટે એને શુરસેન રાજાનાં દ્વેષ રૂપ ભયથી રાખજો. એવી વાત કહીને મુદ્રા તથા રત્નકંબલ રાજાની આગળ મુકયા. રાજાએ વિચાર્યું, અહો ! જયવર્મ પુત્ર મારો ભાણેજ છે. એમ જાણી હર્ષ પામ્યો. શેઠને કહેવા લાગ્યો. રે શેઠ ! તમારા બનેવીને કહેવડાવો કે તમે રુડું કર્યું કે કુમારને અહીં મોકલ્યો

અને સમાચાર જણાવ્યા, હવે શૂરસેનની અંશમાત્ર પણ બીક રાખશો નહીં. એમ કહી દેવપ્રસાદને બોલાવ્યો, રાજાએ તેનું મુખ જોઇને કહયું, અહો ! આ તો જયવર્મ રાજા સરખો જ છે. એમ આનંદ પામીને સર્વ લોકને વાત સંભળાવી, તેને બેહુ કન્યા પરણાવી દીધી.

એકદા શૂરશેન રાજાએ મારનારા પુરુષને મોકલ્યા, તે કુમારને મળ્યા, કુમારે તેમને પાડયા. કુમારે જમણી ભૂજાએ પ્રહાર આપ્યો. તે સાંભળીને રાજા ત્યાં આવ્યો. તેણે અર્ધમુવેલા મારનારાને પકડયા, કુમાર બોલ્યો, એ મુવાને મારવાને ઘટતું નથી. એમ અભયદાન દેવરાવીને પૂછયું કે ખરું કહો તમને કોણે મોકલ્યા છે ? તેઓ બોલ્યા, શુરસેન રાજાએ મોકલ્યા છે. કુમાર પોતાના બાપનો વૈરી જાણીને કોપાયમાન થયો. પૂર્ણચંદ્ર રાજાને વિનંતિ કરતો હતો. કે મને લશ્કર આપો. તો મારા પિતાનું વૈર લઉં. રાજા બોલ્યો, લશ્કરનું શું કામ છે ? હું સાથે આવું છું. એમ કહી રાજા પોતે નીકળ્યો, તે નિરંતર પ્રયાણે કરી કંપિલપુર નગરે પહોંચ્યા, દૂતમુખે કહેડાવ્યું કે હે શુરસેન તું રાજ્ય મુકીને ધર્મ કર. તે વચન શુરસેને ન માન્યું અને સંગ્રામ કર્યો, ત્યાં ઘણા ઉદ્યમે શૂરસેનને જીત્યો, તેને ગાઢ પ્રહાર લાગ્યા. જેથી અનુક્રમે મરણ પામ્યો. દેવપ્રસાદ રાજયે બેઠો, પૂર્વની નિતિઓ થાપી પ્રજાલોક સર્વે આનંદ પામ્યા. સહુ સામંતરાજા વશ કર્યા, દેવપ્રસાદ મહારાજા થયો, સ્વભાવે જ દયાવંત હોવાથી તે કોઈ જીવની હિંસા કરતો નથી.

એક દિવસે દેવપ્રસાદે ઉગતા સૂર્ય સરખું ઈશાન ખૂણે અજવાળુ દીઠું. રાજાએ ખબર કાઢવા પ્રતિહારને મોકલ્યો. પ્રતિહાર આવીને કહેવા લાગ્યો કે, હે મહારાજા ! આજ કુસુમ કરંડક નામે ઉદ્યાનમાં દમસાર મુનિને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે. દેવતા ઉત્સવ કરવા આવ્યા છે. તેનું એ અજવાળુ છે. રાજાએ વિચાર્યું કે પ્રભાતે કેવલીનાં ચરણકમલ વાંદીશ. એમ ચિંતવતા રાત્રિ ગઇ. સવારમાં રાજા હાથી ઉપર બેસી છત્ર ધરાવતે, ચામર વિંઝાવતે, વંદના કરવા બહાર નીકળ્યો, એવામાં જે ચાલી શકતો નથી, મેશ સરખો કાળો છે.

ભૂખે કુખ પણ ઉણી છે. દાંત બહાર નીકળ્યા છે. હાથ, પગ સુકાયેલા છે. કોઢે કરીને કીડા પડયા છે. શરીર વીણશી ગયું છે. અગણિત માખીએ શરીર ઢાંકયું છે. એવા પ્રત્યક્ષ પાપનાં પુંજ સરખા એક ભીખારીને દેખીને રાજાને કરુણા આવી. તે વિચારવા લાગ્યો કે અહો ! પૂર્વભવે પાપ કર્યા તેનું ફળ આ રાંક ભોગવે છે. અનુક્રમે ઉંદ્યાનમાં પહોંચ્યા, છત્ર, છડી, પ્રમુખ રાજચિન્હ મુકયા, કેવલીને નમસ્કાર કરી ઉચિત સ્થાનકે બેડા. રાજાએ પૂછયું, હે ભગવાન્! મેં માર્ગમાં એક ભિખારી દીઠો તેનો પૂર્વભવ શો છે? તે કૃપા કરીને કહો. તેવારે કેવલી બોલ્યા.

ધનપુર નગરમાં જયપાલ નામે રાજા હતો. ત્યાં સામદેવ અને વામદેવ નામે બે ભાઈ વસે છે. એકદા દુકાલ પડવાથી ત્યાં વામદેવે સામદેવને કહ્યું. ભોજન મલતું નથી તો દુકાલ કેમ ઉતરશું ? માટે આપણે આહેડો કરીને આજીવિકા કરીયે. એમ નિર્ધારી બેહુ અટવીમાં ગયા અને પારધીકર્મ કરવા લાગ્યા. એક હરણને દેખી સામદેવે બાણ મુકયું તે બાણ હરણને ન લાગ્યું. પણ ભવિતવ્યતાના યોગે એક ઝાડને અંતરે નાસિકાગ્રે દૃષ્ટિ થાપી લંબાયમાન હાથ કરીને એક મુનિરાજ કાઉસ્સગ્ગે રહ્યા છે. તેમના મુખ આગળ પડયું, તે બાણ ખોળતા ખોળતા ત્યાં પડેલુ દીઠું. તેમ દેખીને તે સામદેવનું મુખ શ્યામ થઇ ગયું.

તે વિચારવા લાગ્યો કે અહો ! મેં અકાર્ય કર્યું, જો સાધુને એ બાણ વાગ્યું હોત તો મને નરકમાં પણ રહેવાનું ઠેકાણુ ન પડત. પછી મુનિને પગે લાગીને ખમાવતો હતો. મુનિ પણ યોગ્યતા જાણી કાઉસ્સગ્ગ પારીને ધર્મકથા કહેવા લાગ્યા. કે જીવની હિંસા કરવી તે મહાદુઃખદાયી છે. જેથી નરકે જઇયે. यतः ॥ सव्वे जीवावी ईच्छंति, जीविउं न मरिज्जीउं ॥ तम्हा पाणवहं घोरं, निग्गंथा वज्जयंति णं ॥ जो कुणई परस्स दुहं, पावई तं चेव सो अणंतगुणं ॥ लपंति अंब पाईं न हु, निंब तरुमिव विवियंमि ॥ २ ॥ जो जीववहं काउं, करेई ण खण मित्तमत्तणो तिष्ठिं ॥ छेयण भेयण पमुहं नरयदुहं सो

चिरं ठहरं ॥ जं दोहग्गमुदग्गं तु जं जणलोए दुहावहं रुवं, जं अरस्ससूलखय, खास सासकुठाईणो, रोगा ॥ जं कन्नामास करचलण, कत्तण जं च जिविय तुष्ठं । तं पुखतुरिविय जीव, दुख रुखस्स फुरई फलं ॥ भवजल हीतरितुल्लं, महल्ल कल्लाणंदुमअमउकुलं, संजणिय शिवसुखं समुदयं कुणह जीवदयं ॥ ६ ॥

ઇત્યાદિક ઉપદેશ સાંભળીને આમદેવે ગુરુ પાસે નિરપરાધી જીવને હણુવો નહીં. એવી વિરતિ લીધી, પછી ગુરૂએ કહ્યું. એ વ્રત રૂડી રીતે પાળજો. કારણુકે વ્રત ભંગ કરવું તે મહા અનર્થકારી છે. તે સ્પષ્ટ સમજાવતા, અહીં કુંદનામે કર્મકરનું ઉદાહરણ કહે છે.

સોરઠ દેશમાં અણીમંજુપુર નગરે એક કુંદ નામે કર્મકર વસે છે તેને મંજુરીયા નામે ભાર્યા છે. કુંદ પ્રકૃતિએ દાણો ભદ્રક વિનિત છે. એકદા મેઘઘોષ નામે આચાર્ય વનને વિષે પધાર્યા. નિરવદ્ય સ્થાનકે ઉતર્યા છે. એવામાં કુંદ પણ કાષ્ટાદિક લેવા નિમિત્તે વનમાં ગયો. તેણે વનમાં આચાર્યને દીઠા. ત્યારે અહો ! ધન્ય છે એમને એવું બહુમાન આચાર્યની ઉપર ઉપજ્યું. તે વખતે ભક્તિ સહિત વંદના કરી. ગુરુએ યોગ્યતા જાણી દેશના દીધી, તે સાંભળી કુંદ પ્રતિબોધ પામ્યો. કાંઈક વ્રત લઉં, એવી ઈચ્છાએ મદ્યમાંસની વિરતિ કરીને ઘેર ગયો. ત્યારે પોતાનો સાળો પ્રાહુણો આવ્યો છે. તેને માટે માંસ રાંધ્યું છે. તે એને પણુ પીરસ્યું, ત્યારે એણે નિષેધ કર્યો. તો પણ પોતાની સ્રીના આગ્રહથી ઘણો વિકલ્પ કરતાં માંસ ખાધું. પછી ઘણો પશ્ચાત્તાપ કરે છે. એવામાં રાત પડી, સ્ત્રીએ પૂછ્યું નિસાસા કેમ નાંખો છો ! તે વારે એણે વ્રત ભંગનું વૃત્તાંત કહ્યું, કે મને મોટો સંતાપ છે. હે ભૂંડી ! તેં મારો વ્રત ભંગ કરાવ્યો. તે વચન સાંભળીને સ્ત્રીને પણ ઉદ્વેગ થયો. તે બોલી, તમે મને વ્રતનું કેમ ન કહ્યું, અહોહો ! તમે મને પણ પાપમાં નાંખી, હવે પ્રભાતે ગુરૂને પૂછી જે યુક્ત હશે તેમ કરશું કુંદે પણ વચન માન્યું. પ્રભાતે લજ્જાવંત છે તોપણ સ્ત્રીને સાથે તેડી ગુરુ પાસે ગયો. પણ લાજે કરી બોલ્યો નહિ. ગુરુ બોલ્યા, એ રીતે

તું આમણદુમણો કેમ દેખાય છે ? તે બોલ્યો નહિં. ગુરુ બોલ્યા કેમ દુભાય છે ત્યારે તે બોલ્યો હે ભગવાન્! હું પાપી છું. હું બોલવા યોગ્ય નથી ગુરુ બોલ્યા. કુંદ શા માટે! પછી સર્વ વૃતાંત કહ્યો. ગુરુએ વિચાર્યું, એ ઘણા રૂડા છે, પરિણામ પણ સારા છે. એમ ચિંતવીને કહ્યું કે, તમે ખેદ શા માટે કરો છો ? શું તુટ્યું તંતુ ન સંધાય ? શું વિષ્ટાએ ખરડયો પગ ન ધોઇએ ? તેમ પણ પશ્ચાત્તાપે કરી અલ્પ બંધ થાય. ઇત્યાદિક દેશના દીધી. તેમ બહું જણને વૈરાગ્ય ઉપન્યો. મદિરા માંસના વ્રત લીધા તે ભાવથકી પાળી આયુષ્યને ક્ષયે કરી મરીને શ્રીકંઠ નામે દેશને વિષે જયંતિ કુંદ નામે નગરી ત્યાં કુરુચંદ્ર નામે રાજા, મંગલા નામે રાણી તેની કુંખે નામે પુત્ર થયો. તેજ રાત્રિને વિષે રાજહંસ મુખમાં પેસતો સ્વપ્નમાં રાણીયે જોયો. તે જાગી ત્યારે ભર્તારને વિધિપૂર્વક સંભળાવ્યું, રાજા બોલ્યો હે સુંદરી ! તારે રાજહંસ જેવો પુત્ર થશે. રાણીયે પણ તદુક્તિ કહી અંગીકાર કર્યું અનુક્રમે જિનેશ્વરની તથા મુનિની સેવા કરૂં. એવો દોહલો થયો. રાજાએ દોહલો પૂર્ણ કર્યો. અનુક્રમે પુત્રનો જન્મ થયો—વધામણા કર્યા. શકુનને અનુસારે રાજહંસ નામ પાડયું. નિમિત્તે કહ્યું આ મોટા રાજ્યનો ધણી થશે. અનુક્રમે પિતા મરણ પામ્યે. ત્યારે રાજહંસને બાળક જાણીને તેના કાકા શ્રી ચંદ નામે હતો રાજ્યે તે બેઠો. રાજહંસને યુવરાજ પદવી આપી. એવામાં પૂર્વભવે જે વ્રતભંગ કર્યું છે. તે દોષે કરી તેની ઓરમાન માતા રક્ષા નામે હતી. તેણે વિચાર્યું કે આ મારા પુત્રનો વૈરી છે. કારણકે એ જીવતા મારા પુત્રને રાજ્ય ન મળે. એમ વિચારી તેણે રાજહંસની ઉપર કામણ કર્યું—તેથી થોડા દિવસમાં તેને જલોદર રોગ થયો. રાજાએ ઔષધ ઉપચાર કર્યો, પણ રોગ ન ગયો. એવામાં શત્રુ રાજાએ પોતાનો દેશ પરાભવ જાણીને રાજ્ય ધાડ લઈને તે ઉપર ચઢયો. તેથી તેનો કાકા શ્રીચંદ ત્યાંજ વિનાશ પામ્યો.

હવે ઓરમાન રાણીના બળે કરી પરિવાર પણ રાજહંસને કાયર ગણે છે ત્યારે રાજહંસે વિચાર્યું કે મારું ઘર પરદેશ જેવું છે. તેથી પરદેશ જવું સારું. એમ ચિંતવીને ઘેરથી છાનો નીકળી ગયો. મહાકષ્ટ સહેતો, ગ્રામાનુંગ્રામે ફરતો, ઉજ્જયિની નગરીએ ગયો. રોગે અત્યંત ગ્રહવાણો, ચાલી પણ શકે નહીં. એવો એક દેવકુલને વિષે રહ્યો. ત્યાં દયાએ કરી લોકો ખાવાનું આણી આપે. એમ મહાકષ્ટે દિવસ પસાર કરે છે. એ અવસરે એની પૂર્વભવની ભાર્યા મંજરી નામે હતી તે પણ આયુષ્યને પૂર્ણ કરી મરણ પામી આ જ ઉજ્જયિની નગરીમાં મહાસેન રાજાની સેના નામે રાણી છે. તેની કુખને વિષે દેઇણી નામે પુત્રી થઈ. તેને પણ પૂર્વનાવ્રત ભંગના દોષે કરી રોગ ઉપજ્યો. ઔષધો કરી પણ રોગ ન ગયો. અનુક્રમે યૌવન પામી. એવામાં કાંઇક રોગ પોતાની મેળે પતળા થયા. એ અવસરે મહાસેન રાજા સેવકોને પૂછે છે કે તમે કોના પુન્યે ખાવ છો? તે બોલ્યા, હે સ્વામિન્ તમારા પુન્યે વિલસીએ છીએ. તે સાંભળી રાજાએ હર્ષથી બધાને વિસર્જ્યા.

એ સાંભળી દેઈણી હસતી થકી બોલી કે! જુવો રાજા મુગ્ધતાએ કરી બધાને ઠગે છે. તે તેની શોક માતાની દાસીએ સાંભળ્યું ત્યારે દાસીએ દેઇણી કુમારીને પૂછ્યું. હે સ્વામિનિ! એમાં શું ખોટું છે? દેઈણી બોલી! પારકે પુન્યે લક્ષ્મી કોઈ ભોગવે નહિં. ત્યારે તે દાસીએ જઈ રાજાને વાત કરી. રાજા કોપ્યો દેઇણીને બોલાવી કહ્યું કે, તું કોને પુન્યે લક્ષ્મી ભોગવે છે? દેઇણી બોલી! હે રાજન્! પરમાર્થે પોતાના પુન્યે ભોગવું છું. કારણકે સર્વ પ્રાણી સુખદુ:ખ ભોગવે છે. તે પોતાના કર્મ અનુસારે. પર તો નિમિત્તમાત્ર છે. એવું સાંભળીને રાજાએ અધિક કોપને વશ થઇ કોટવાળને બોલાવીને કહ્યું કે અત્યંત જે અહિં દુ:ખી હોય તેને તેડી લાવો. કોટવાળ પણ રાજાનું વચન પ્રમાણ કરી દેવકુલમાં રાજહંસ મહાદુ:ખી છે. તેને લાવ્યા. અને દેઇણીને તેની સાથે પરણાવી. તે વરવહુને દેશ નિકાલ દઇને વળી દેઇણીને વિશેષે કહ્યું કે હવે

તમારું પુન્ય ભોગવો. કુમારીએ કહ્યું કે પ્રમાણ છે. પછી તેઓ કલેશે કરી નગરી બહાર નીકળ્યા. માર્ગમાં ઉત્તરાપથ ગામી સાર્થ દીઠો. દેઈણીએ સાર્થવાહ પાસે જઇને પોતાનું વૃત્તાંત કહ્યો. અને કહ્યું કે હું મારા પિતાનો દેશ મૂકું છું. ત્યાં સુધી મારા ભર્તારને લઈ ચાલો. તે સાર્થવાહે અંગીકાર કર્યું. એક પાડો બેસવા આપ્યો. અનુક્રમે એક દેશ મૂકી બીજા દેશે પહોંચ્યા. સાથ અટવીમાં ઉતર્યો. દેઇણીએ પણ ભર્તારને લઇને ઝાડતળે વૃક્ષનાં પત્રનો સાથરો કર્યો. ત્યાં રાજહંસ બેઠો, અને દેઈણી પણ ભર્તારનું શરીર જોતી થકી બેઠી.

એવામાં કુમારની માતા મંગલા રાણી મરણ પામી. તે સ્થાનકે વ્યંતરી થઇ છે. તેણે રાજહંસને દીઠો. તેની ઉપર રાગ ઉપન્યો. ત્યારે દિવ્ય શરીર શક્તિએ ઇંદ્રજાળ વિકુર્વી. તથી ઉદેહીના શીખરમાંથી એક કાળો સર્પ નીકળ્યો. અને કુમારનાં મુખમાંથી એક ઉજ્જવળ સર્પ નીકળ્યો. તે સર્પ એકબીજાના મર્મ બોલવા લાગ્યા. તેમાં કાળો સર્પ બોલ્યો. અરે દુરાત્મા! તું આ રાજકુમારનાં ઉદરમાં રહીને શા માટે તેનો વિનાશ કરે છે? કારણ કે અહિં કોઇ જાણ પુરુષ નથી. નહીં તો રાઈ વાટી તક્ર સાથે એને પીવડાવશે તો તું મરણ પામીશ. ત્યારે મુખમાંથી નીકળેલો સર્પ બોલ્યો કે, તે કોઇ જાણશે તો તારો બિલ ખોદીને દ્રવ્ય લઈ લેશે. તે સર્વ વાત દેઇણીએ સાંભળી. આ રાજપુત્ર છે. એ દેઇણીએ જાણ્યું જેથી હર્ષ થયો. તે ચિંતવવા લાગી કે અહો! એણે સત્ય કહ્યું. ॥ યતઃ ॥ परस्परं च मर्माणि, ये रक्षंति मानवाः ॥ तव लव निधनं यांति, बल्मीकोपरि सर्पवत् ॥ તે માટે મને રોગ મટાડવાનો ઉપાય મળ્યો. પણ તાતનો દેશ મૂકયો છે. તો અહિં જ રહીને કાંઇ ક્રિયા કરું. હવે ખોળતા ખોળતા એક ગોકુળ જડયું. તે ગોકુળનાં સ્વામીને વાત કરીને પ્રાર્થના કરી. તેણે પણ અંગીકર કર્યું. દેઈણીને દીકરી તરીકે રાખી ત્યારે તેઓ સાર્થવાહને પૂછીને ત્યાં રહ્યા. રાઇ વાટી તક્ર સાથે આપવાથી થોડા દિવસમાં સાજો થયો. વિદ્યાધર સરખું શરીર થયું. દેઈણી હર્ષ પામી. વિશિષ્ટ ગોરસે

કરી તે પણ શરીરે પુષ્ટ થઈ. એકદા દેઈણીએ પતિને પૂછયું. તમે કોણ? અને કયાંના વાસી છો? રાજહંસે યથાર્થ વાત કહી. તે સાંભળીને દેઈણીએ વિચાર્યું કે એનો વિધાતા અનુકુળ થયો છે. માટે પોતાના દેશ જવું યુક્ત છે. પછી ભર્તારને કહ્યું. આપણે પોતાના દેશ જઇએ. રાજહંસ બોલ્યો. જઇએ તો ખરા. પણ ગોકુલનાં ધણીને ઉપકાર કર્યા વિના જવું નથી. દેઇણીએ વિચાર્યું કે મહા સત્વવંત છે. માટે સંપદા-પાત્ર થશે. પછી નિધાનનો વ્યતિકર સંભળાવ્યો. તેણે પણ સર્પનું સ્થાનક ખોદીને માંહેથી દ્રવ્ય કાઢયું. તે ગોકુલપતિને આપીને અનુક્રમે જયંતી નગરીએ પહોંચ્યા. બહાર ઉદ્યાનમાં આંબાની છાંયડીએ બેઠા. ત્યાં રાજહંસને નિદ્રા આવી. એવા અવસરે તે નગરીનો શ્રીચંદ નામે અપુત્રિયો રાજા મરણ પામ્યો. નવો રાજા શોધવાને પંચદિવ્ય અધિ-વાસના કરીને નાકળ્યા છે. ફરતાં ફરતાં નગર બહાર રાજહંસ પાસે આવ્યા. જુવે તો આંબાની છાંય શમો નથી. કુમારના માથે કળશ ઢાળ્યો. હર્ષે કરીને નગરમાં લાવ્યા. સર્વે મળી રાજ્યાભિષેક કર્યો. પુન્યના બળે સામંતાદિકને માન્ય થયો. ત્યાં રાજ્ય ભોગવતાં કેટલોક કાળ ગયો.

એકદા ઉજ્જયિનીનાં મહાસેન રાજાએ સાંભળ્યું કે રાજહંસ ચંપા નગરીનો રાજા થયો છે. ત્યારે દૂત મોકલીને કહેવડાવ્યું કે સર્વ ધનભંડાર મારી પાસે મોકલી દેજે. નહિં તો યુદ્ધ કરવા સજ્જ થજે. સાંભળીને રાજહંસ બોલ્યો, હે દૂત ! તારો સ્વામિ મોટો છે. તે માટે પ્રથમથી કહું છું કે હું કાંઈ નહિં કરું. અને યુદ્ધ પ્રારંભ્યા પછી તો વગર બોલ્યો તત્કાલ જે ઉચિત લાગશે તે કરીશ, એમ કહીને દૂતને વિસર્જ્યો. દૂત ઉજ્જયિએ ગયો. સર્વ વાત મહાસેન રાજાને કહી સંભળાવી, રાજા તે સાંભળીને કોપાયમાન થયો. તેજ દિવસે પ્રયાણ કર્યું. અનુક્રમે દઇણીએ એ વાત સાંભળી. રાજહંસ રાજાને કહેવા લાગી કે તમે સામા નીકળો. એમ સાંભળી. રાજહંસ પણ બમણે પ્રમાણે

પોતાના દેશની સીમા મૂકીને મોટા સૈન્યની સાથે જઇને પડાવ કર્યો. બીજે દિવસે સંગ્રામ થયો. ઘણા સંગ્રામે મહાસેન રાજાને પાડીને બાંધી દીધો. પછી દેઇણીને બોલાવીને પૂછ્યું, કે હવે શું કરવું યુક્ત છે? દેઇણી બોલી કે, સત્કાર કરીને વિસર્જવું એ સજ્જનને યુક્ત છે. રાજાએ પણ એમ જ કર્યું. પ્રહાર ભગાવ્યા, વ્રણને વિષે પાટા બાંધ્યા, તે અવસરે દેઇણી આવીને પ્રણામ કરીને બોલી કે હે તાત! તમે પ્રસાદ કરીને મને ભર્તાર આપ્યો. તે મારું પુન્ય જુવો. તે સાંભળી રાજાએ દેઇણીને ઓળખી, પણ બીજો ભર્તાર કરીને રાજા લાજ્યો. દેઇણીએ સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળી સામંતાદિક સર્વ હર્ષ પામ્યા, કે કુરુચંદ્ર રાજાનો પુત્ર છે. અને કુમારી પણ મહાસેન રાજાની છે. માટે સરખો યોગ મળ્યો છે. રાજા પણ વિચારવા લાગ્યો કે અહો મેં! રૂડું ન કર્યું, કારણ સર્વ કોઇ પોતાનું જ પુન્ય ભોગવે છે. એમ દેઇણીએ જે કહ્યું હતું તે સત્ય છે. હવે રાજાને વ્રણ રુઝાયા, એટલે વિસર્જન કર્યો. તે રાજા એમ કહેતો ગયો કે હું વનમાં જઉં છું, મારા પુત્ર તમારા ચાકર છે. તેની સંભાળ કરજો. એ રીતે રાજહંસ રાજાધિરાજ થયો. અનુક્રમે દેઇણીને પુત્ર થયો. રાજમૃગાંક નામ પાડ્યું. એકદા રાજાને એવી ચિંતા થઈ કે મને શા કર્મનો વિપાક હશે? એ અવસરે પ્રતિબોધવાનો સમય જાણી ચાર જ્ઞાનના ધરનાર શ્રી જ્ઞાનભાનુ આચાર્ય ત્યાં પધાર્યા, પુરોહીતે આચાર્યનું આગમન જણાવ્યું, રાજા પણ દેઇણી સંઘાતે વંદન કરવા ગયો. ધર્મ સાંભળ્યો. પૂર્વ યોગે કરી ધર્મ પરિણમ્યો. તેણે સૂરિને પૂછ્યું, મેં શા પૂર્વે પુણ્યપાપ કર્યા હશે? કે જેથી હું સુખ તથા દુઃખ પામ્યો? તેને ગુરુએ પાછલો સંબંધ કહ્યો. તે સાંભળી રાજાને જાતિસ્મરણ જ્ઞાન થયું. ત્યારે તે કહેવા લાગ્યો કે હે ભગવંત! જેમ તમે કહ્યું તેમ જ છે. પરિજનને પણ સંભળાવ્યું. વ્રતભંગનો અધિકાર સાંભળીને ઘણા લોક પ્રતિબોધ પામ્યા. સિદ્ધાંત સાંભળવાની ઇચ્છા થઇ, અણુવ્રત અંગીકાર કર્યા, ધર્મના અધિકાર ઘણાં કર્યા ઘણા કાળ સુધી શ્રાવકપણું પાળ્યું. પુત્રને રાજ્ય સોંપી દેઇણી તથા પ્રધાન પરિજનની

સાથે રાજહંસે ચારિત્ર લીધું, સાધુપણું પાળીને સ્ત્રી ભર્તાર બન્ને બ્રહ્મદેવલોકે ગયા, અનુક્રમે સિદ્ધિ વર્યા.

એમ વ્રતભંગનાં વિપાક સાંભળીને સામદેવ બોલ્યો, હે ભગવન્! હું પ્રાણ જાય પણ વ્રત ભંગ નહિં કરું. એવો નિયમ લઈ ઘરે ગયો. વામદેવ તો કર્મના દોષે કરી ગુરુ વચન પંડિવજીને પણ પ્રાણીનો વધ કરવામાં પ્રવર્ત્યો. માંસ ભક્ષણ કરવા લાગ્યો. એવું દેખીને સામદેવ તેનાથી જુદો રહ્યો. ત્યારે વામદેવ તેના ઉપર કોપ્યો. અને જયપાલ રાજા પાસે ગયો. તે રાજાને પારધી કર્મ વહાલું છે. તેને વામદેવ કહેવા લાગ્યો હે રાજન્! સામદેવ કહે છે કે જે પુરુષ પારધી કર્મ કરે તે મહાપાપી જાણવો. તે સાંભળી રાજા કોપ્યો. સામદેવને બોલાવીને પારધીકર્મ કરાવવા સાથે લઇ ગયો. રાજાએ કહ્યું, જો તું પારધીકર્મ કરે તો પસાય કરું. સામદેવ બોલ્યો, પ્રાણીની હિંસાએ ઋદ્ધિ પામીએ તે રિદ્ધિથી સર્યું. તે સાંભળી રાજાએ ચાકર પુરુષોને કહ્યું કે એના હાથમાં શસ્ત્ર આપો. જો એ હરણાદિકને નહિં મારે તો એને મારો. ચાકર પુરુષો પણ તેમજ સામદેવને મારવા લાગ્યા તો પણ તેણે કોઈ પ્રાણીનો ઘાત કર્યો નહિં. ત્યારે રાજાએ વિચાર્યું કે એ લોભથી કિંવા ભયથી પણ જીવ નથી મારતો. તે માટે એ અંગરક્ષક ઘણો જ રૂડો છે. એમ ચિંતવતો અનુક્રમે રાજા પણ જીવ વધથી વેગળો થયો.

એ રીતે નિરતિચાર વ્રત પાળીને સામદેવ દેવલોકે દેવતાપણે ઉપન્યો. વામદેવે પારધીકર્મ કરતાં કેઈક કાલે નિરપરાધી સૂઅરને માર્યો. સૂઅરે પણ રોષે રાતો થઈને વક્ર દાઢાએ કરી તેની જંઘાઓ છેદી નાખી; એટલે ભૂમિએ પડયો. સૂઅરે તેનું પેટ ચીર્યું. વામદેવ રૌદ્રધ્યાને મરણ પામીને પ્રથમ નારકીએ ગયો. સામદેવનો જીવ દેવલોકથી ચ્યવીને હે રાજન્! તું અહિં રાજાપણે ઉત્પન્ન થયો. અને વામદેવનો જીવ નરકમાંથી નીકળીને દ્રુમક થયો, એ માટે જ એને દેખીને તને લગારપણ સ્નેહ ન થયો. એના અતિ ઉત્કૃષ્ટ પાપે કરીને તેં એનો કાંઈ પણ ઉપચાર ન કર્યો. હજીપણ તે પાપના પ્રભાવે દીર્ઘ સંસારમાં રઝળશે.

તથા તેં પૂર્વભવે હિંસાની વિરતિ કરી, તેથી રાજા થયો. તે સાંભળી રાજાને જાતિસ્મરણજ્ઞાન થયું, જે કહ્યું તે પ્રત્યક્ષ દેખ્યું. હવે પસાય કરી મને સર્વ જીવના વધની વિરતિ કરાવો. તે સાંભળી ગુરુ બોલ્યા, હે રાજન્! સર્વ જીવની વિરતિ તો ચારિત્ર અંગીકાર કરો ત્યારે થાય. રાજા બોલ્યા, હે સ્વામિન્! રાજ્ય સ્વસ્થ કરીને દીક્ષા લઈશું. ત્યાર પછી રાજાએ, જયકુમારને રાજ્ય સોંપી વિજયકુમારને યુવરાજ પદવીએ થાપી અને પોતે દમસાર કેવલી પાસે દીક્ષા લીધી. તે તીવ્ર તપ તપીને સ્વર્ગે ગયા. અનુક્રમે મોક્ષે ગયા. ॥ એ હિંસાની ઉપર દેવપ્રસાદ, સામદેવ અને વામદેવની કથા શ્રી સુમતિનાથ ચરિત્રમાં છે.

હવે ત્રીજું પદ કહે છે. न प्रेमरागा परमष्ठि बंधो. પ્રેમરાગ એટલે સ્નેહરાગ ઉપરાંત કોઇ ઉત્કૃષ્ટ બંધન નથી, એટલે સ્નેહરાગ તે મોટું બંધન છે. તે ઉપર આર્દ્રકુમારનો સંબંધ કહે છે.

સમુદ્ર મધ્યે આર્દ્રપુર નામે નગર છે. ત્યાં આર્દ્ર નામે રાજા રાજ્ય કરે છે. તેને આર્દ્રા નામે ભાર્યા છે. તેને આર્દ્રકુમાર નામે પુત્ર થયો. તે રાજાને એક દિવસ શ્રેણીક રાજાએ ભેટણું મોકલ્યું. તે ભેટણું દેખીને આર્દ્રકુમારને પૂછ્યું, એ ભેટણું કોનું આવ્યું છે? રાજા બોલ્યો, મારો મિત્ર શ્રેણીક રાજા છે. તેણે મંત્રી સાથે ભેટણું મોકલ્યું છે. ત્યારે કુમારે તે મંત્રીને પૂછ્યું. કે તમારા રાજાને કોઈ ગુણવાન પુત્ર છે? મંત્રી બોલ્યો. અભયકુમાર છે. તે સાંભળી અભયકુમારને યોગ્ય ભેટણું મોકલ્યું. તથા પત્ર આપ્યો. અભયકુમારે વિચાર કર્યો કે મારી સાથે મિત્રાઇ કરવા ઇચ્છે છે. અને મારી સાથે જે મિત્રાઇ બાંધે તે અવશ્ય સમકિત પામે છે. એમ પ્રભુજીએ કહ્યું છે. તે માટે કોઇ આસન્નસિદ્ધિયો લઘુકર્મી જીવ દેખાય છે. પણ પાછલે ભવે વ્રત વિરાધિને આવ્યો છે. તેથી અનાર્ય દેશમાં ઉપન્યો છે. ઇત્યાદિક વિચારીને આભરણ, ઉપકરણ, સહિત એક ઋષભદેવની પ્રતિમા પેટીમાં મૂકીને પોતાના પુરુષ સાથે પ્રતિબોધવા માટે આર્દ્રકુમારને મોકલી. આર્દ્રકુમારે પણ એકાંતે જઈ અપૂર્વ ભેટ જાણીને પેટી ઉઘાડી. ત્યારે તે જિન પ્રતિમા દેખીને વિચારવા

લાગ્યા, આ કેવું આભરણ ? એમ કહી કાને, કોટે પ્રમુખ પોતાના અંગે માંડી જોઈ. પણ શોભે નહિં. છેવટે થાકીને મુખ આગળ માંડી, ત્યારે શોભવા લાગી. વારંવાર સામું જોતા ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું, તેણે પાછલો ભવ દીઠો. તે આવી રીતે-વસંતપુર નગરે સામાયિક નામે કુટુંબી હતો. તેને બંધુમતી નામે સ્ત્રી હતી, એક દિવસ ધર્મ સાંભળી સ્ત્રી ભર્તાર બેહુએ દીક્ષા લીધી. ભિન્ન ભિન્ન વિહાર કરતાં એક નગરમાં ભેગા થયા, ભાર્યાને આર્યા પણે દેખીને રાગ ઉત્પન્ન થયો. તે વાત આચાર્યે જાણી. પ્રવર્તિનીને કહેવડાવ્યું કે બંધુમતી આર્યાને વધુ બહાર નીકળતા દેશો નહિં. તે કારણ બંધુમતીએ જાણ્યું, ત્યારે વિચાર્યું. કે અહો ! ધિક્કાર પડો મારા રૂપને કે જે દેખીને મારા ભર્તારના ચારિત્રમાં પણ પરિણામ બગડયા. એમ ચિંતવી આર્યાએ અનશન કર્યું. અનુક્રમે કાળ કરી દેવલોકે ગઇ. તે વાતની સામાયિક નામે સાધુને ખબર પડી. તેણે પણ અણસણ કર્યું. કાલ કરી દેવલોકે દેવતા થયો, ત્યાંથી ચ્યવી હું અનાર્યમાં ઉપન્યો છું. એવું જ્ઞાન દેખીને અહો ! અભયકુમાર વિના મને અનાર્ય દેશમાં કોણ પ્રતિબોધે ? એનો ઘણો ઉપકાર જાણ્યો. પણ અભયકુમારને મળવા માટે પિતાએ આજ્ઞા આપી નહિં. પિતાએ તેને વૈરાગ્યવંત જાણીને પાંચસો સુભટ રખવાળા મૂકીને કહ્યું કે, કુમારને નજરમાં રાખજો. આર્દ્રકુમાર બહાર રમવા જાય. ઘોડા દોડાવવા જાય. એક પાટી પોતાનો ઘોડો આગળ કાઢે. એમ કરતાં કોઇ વેળા ઘડી પછી આવે, કોઈ વેળા બે ઘડી પછી. એમ વિશ્વાસ પમાડીને એક દિવસ સહુને વંચીને દરિયા કાંઠે ગયો. ત્યાં જહાજ ઉપર બેસીને બીજા સર્વ જહાજ સાથે હંકારીને પરકાંઠે પહોંચ્યો. કાંઠે ઉતરીને ત્યાંથી આર્યક્ષેત્રે આવી દીક્ષા લીધી. તે વખતે દેવતાએ વાર્યો. હજી તારે ભોગાવલી કર્મ બાકી છે. તો પણ ન માન્યું. અને દીક્ષા લીધી. તે વિચરતાં વસંતપુર નગરે પહોંચ્યા. ત્યાં કોઇ યક્ષને દહેરે કાઉસગ્ગમાં રહ્યા. એવા સમયે પૂર્વભવની ભાર્યા દેવલોકથી ચ્યવીને એ નગરમાં શેઠને ઘેર શ્રીમતી નામે પુત્રી થઈ. તે સખીઓની

સાથે વિહાર ક્રીડા કરવા લાગી. ત્યાં સર્વ કુમારીઓ પોતે પકડેલા થાંભલાને ભર્તાર કરી માને છે. એવી ક્રીડા કરે છે. તેમાં શ્રીમતીનાં હાથમાં મુનિનો પગ આવ્યો. તેણે સહસાત્કારે કહ્યું. કે આ મારો વર છે. તે વેળા દેવતાએ સોનૈયાની વૃષ્ટિ કરી. મુનિ તો પગ છોડાવીને ચાલતા થયા. તે દ્રવ્ય રાજાએ લેવા માંડયું. દેવતાએ નિષેધ કર્યો. તે સર્વ દ્રવ્ય દેવતાને વચને શેઠને ઘેર અનામત રાખ્યું. કન્યા પણ બોલી કે મારે આ ભવમાં એક જ વર હો. બીજો નહિં. પછી તે વર પામવા માટે દાનશાલાએ દાન દેવા લાગી. એમ બાર વર્ષ થયા. તે વારે મુનિ પણ દૈવયોગે તેજ નગરમાં આવ્યા. મુનિએ જાણ્યું કે તેજ નગરી છે. તથાપિ વિચાર્યું કે તેને તો બાર વર્ષ થઈ ગયા. માટે હવે કોણ ઓળખશે? એમ જાણી નગરમાં ફરતા તેના ઘરે ગોચરી આવ્યા.

ત્યાં તે સ્ત્રીએ પણ મુનિના પગે પદ્મ ઝળકતું ધારી મૂકયું છે. તે નીશાનીએ ઓળખ્યા. અનુક્રમે રાજા અને શેઠ પ્રમુખે ઘણો આગ્રહ કર્યો. ત્યારે મુનિએ વિચાર્યું કે અંગીકાર ન કરું તો મરણ પામશે. તથા દેવતાએ પણ દીક્ષા લેવાની ના પાડી છે. એવું જાણીને પાણિગ્રહણ કર્યું. અનુક્રમે પુત્ર થયો. તેને નિશાળે ભણવા મૂકયો.

હવે આર્દ્રકુમાર દીક્ષા લેવાને ઉજમાળ થયા. તે સાંભળીને શ્રીમતી રેંટીયો લઈને કાંતવા બેઠી. નિશાળેથી પુત્ર આવ્યો. તેણે પૂછયું. રે માતા! આ શું માંડયું? માતા બોલી રે વત્સ! તું નાનો છે. અને તારો બાપ દીક્ષા લે છે. તો મારે રેંટીયો જ આધાર છે. ત્યારે પુત્ર બોલ્યો. હે માતા! તમે ચિંતા ન કરો. પિતાને દીક્ષા નહિં લેવા દઉં. બાંધી રાખીશ. એમ કહીને સૂતરની કોકડી તાણી હતી તે લઈને પિતાના પગે વિંટવા માંડયો, કોઈક ગ્રંથમાં ખાટલા ઉપર બેઠા હતા. તે માટે ખાટલાના ચારે સૂતરનો તાંતણો વીંટતો જાય છે. અને કહેતો જાય કે પિતાને બાંધી રાખું એમ કહ્યું છે. એવા મર્મવચન સાંભળી આર્દ્રકુમારે વિચાર્યું કે જો જઈશ તો બાળક દુહવાશે, દિલગીર

થશે. માટે જેટલા તંતુ હોય તેટલા વર્ષ રહીશ. એવામાં સૂતર બાંધ્યા પછી બાળક બોલ્યો. જો મેં બાંધી રાખ્યાને ? હવે કયાં જશો ? ત્યારે તંતુ ગણ્યા તો બાર થયા. આર્દ્રકુમારે સ્ત્રીને કહ્યું, હજુ હું બાર વર્ષ રહીશ. તે પણ અનુક્રમે પૂર્ણ થયા એટલે પાછું ચારિત્ર લીધું.

હવે રખવાળી કરનાર પાંચસો સુભટોએ વિચાર્યું કે આપણે રાજાને શું મુખ દેખાડીયે ? એમ ચિંતવી આર્યક્ષેત્ર આવી ચોરી કરી, વાટ પાડુ થઈ પેટ ભરે છે. ત્યાં આર્દ્રકુમાર આવી ચઢયા. તેને ઓળખીને પાંચસો સુભટો આવી પગે લાગ્યા. ઋષિએ ધર્મદેશના સંભળાવી, પાંચસેને પ્રતિબોધી દીક્ષા આપી. તે પાંચસેને પરિવરેલા રાજગૃહી નગરીએ પ્રભુ આવ્યા જાણી ત્યાં જવા નીકળ્યા, માર્ગમાં જતાં ગોશાળો મળ્યો. તે કહેવા લાગ્યો કે તમે કયાં જાવ છો ? મુનિ બોલ્યા, અમે મહાવીર પાસે જઈએ છીએ. ગોશાળો બોલ્યો. તે વીર નથી. જે ઉગ્ર તપ કરતા, વનમાં એકાંતે રહેતા, કોઈ સાથે બોલતા નથી. તે સર્વ લોકને ઠગવા માટે કરતા હતા. તેણે સર્વને ઠગ્યા. હવે નિત્ય આહાર કરે છે. સ્ત્રીઓની વચમાં બેસે છે. લાખો ગમે લોકોને એકઠા મેળવે છે. ચામર વંઝાવે છે. છત્ર ધરાવે છે. રૂપું સોનું તથા રત્નના ગઢમાં સિંહાસને બેસે છે. માટે તું જાણતો હોઇશ. કે તે વીર છે. પણ તે વીર નથી. મુનિ બોલ્યા. વીર તેવા જ છે. પૂર્વે કરતા હતા તેજ છે. કારણ કે પૂર્વે એવા કર્મ હતા કે તપસ્યા કરીને મૌન કરતા હતા. એકાંત વનવાસ વેઠે. ત્યારે જ કર્મ ખપે અને હવે એવા કર્મ છે કે છત્ર, ચામર ધરાવે, દેવતા પૂજે. મનુષ્યની પર્ષદામાં બેસે, દેશના દે, ત્યારે કર્મ ખપે ઇત્યાદિ યુક્તિએ ગોશાલાને નિરુતર કરી, આગળ ચાલ્યા. ત્યાં હસ્તિ સાંકળે બાંધ્યો હતો તે મુનિને દેખીને સાંકળ ભાંગીને છુટયો. સર્વ લોક નાઠા. હસ્તિ આર્દ્રકુમારને પગે લાગીને વનમાં ચાલ્યો ગયો. તે યશવાદ નગર વિસ્તાર પામ્યો. તે વાત રાજા શ્રેણીકે જાણી. અભયકુમારે સાંભળી, મંત્રી પ્રમુખ પરિવાર સહિત ત્યાં આવ્યા. તેઓ નમસ્કાર કરી મુનિને પૂછવા લાગ્યા. હે ભગવાન્ ! હાથીને બંધનથી કેમ મૂકાવ્યો ?

મુનિ બોલ્યા. એ સાંકળ તોડવી કઠીન નથી, પણ સૂતરનાં તાર તોડવા દુષ્કર લાગ્યા. રાજાએ પૂછ્યું. તે કેમ? મુનિએ આદ્યથી પોતાનું વૃત્તાંત કહ્યું. તે સાંભળી રાજાને ઘણો હર્ષ થયો. અભયકુમારને પણ હર્ષ થયો અને વિચાર્યું કે મેં પ્રતિમા મોકલી તેનું આ ફળ છે. ઈત્યાદિક હર્ષ પામતા ઘેર ગયા. મુનિ પણ શ્રી વીરપ્રભુ પાસે જઈ નમસ્કાર કરી, ઉગ્રતપ કરી, ક્ષપકશ્રેણી માંડી કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

इति श्री सूत्रकृतांगनिर्युक्तौ आर्द्रकुमार कथा ॥

હવે ચોથા પદનો અર્થ કહે છે. न बोहिलाभा परमत्थि लाभो ॥ સમકિત રૂપ બોધી બીજ સમાન બીજો કોઈ ઉત્કૃષ્ટ લાભ નથી. ॥यतः॥ जह चिंतामणी मणिणं, कप्पतरु तरुवराण जह पवरो, तह सम्मत्तं वुत्तं, पवरं सव्वाण वि गुणाणं (१) पखीणं परिवराउ, सुराणं इंदो गहाण जह चंदो ॥ तह समत्तं पवरं, भणियं सव्वाण वि गुणाणं ॥२॥ अमयं सव्वरसाणं, नरवराणं चक्की मुणीण गहनाहो । तह दंसणपसण्ठं, जाणह सव्वाण वि गुणाणं ॥३॥ जं संमत्तविउत्ता, निरवद्यं पालिउण जइ किरियं ॥ गेविज्जं पि हु पत्ता, पुणो वि भमिरा भवमपारं ॥४॥ नरयाइसु दुखाई, सहंति अइंदुस्सहाइं इह जीवा ॥ णय तेसिं सिवगमणं, मोतुं समत्तसंपत्ति ॥५॥

संमत्तं पुण पत्ता, अंतमुहुत्तं पि जंति मुखंमि ॥ आसायण बहुला वि हु अवड्ढपरियट्टमज्जंमि ॥६॥ तो अईयारविमुक्कं, धन्ना पालंति केई संमतं ॥ धन्नाण वि धन्नयरा, जे तं जणयंति अन्नेसिं ॥७॥ અહિં ચંપકમાલાનું ઉદાહરણ કહે છે.

જંબુદ્વીપના ભરતક્ષેત્રનાં વિશાલા ગામે નગરીનો લલિતાંગ નામે ધર્મવંત રાજા હતો. તેને શીલવંતી અને ધર્મમાં ઉજમાળ એવી પ્રીતિમતિ નામે રાણી હતી. તેનાં પાંચ પુત્ર ઉપર એક ચંપકમાલા નામે પુત્રી થઈ. તે પુત્રીને કુમુદચંદ્ર પાઠક પાસે ભણવા મૂકી અનુક્રમે તે લક્ષણ, સાહિત્ય, જ્યોતિષ પ્રમુખ શાસ્ત્ર ભણી. એકદા રાજા

સામંત અને મંત્રિમંડલ પ્રમુખ કચેરીમાં બેઠો છે. તેવામાં પ્રતિહારે આવીને કહ્યું. હે સ્વામિન્! કુણાલા નગરીનો સ્વામિ અરિકેશરી નામે રાજાધિરાજ તેને અમરગુરુ નામે પ્રધાન છે. તે અહિં આવ્યો છે. તે સાંભળી રાજાએ કહ્યું કે તેને વહેલો મોકલો. તેણે પણ તત્કાળ મોકલ્યો. રાજાએ ઉભા થઇ આલિંગન દઇને ઉચિત આસને બેસાડયો અને અરિકેશરી રાજાનું ક્ષેમકુશળ પૂછયું.

એવા અવસરમાં ચંપકમાળા પણ સખીઓની સાથે અધ્યાપક સહિત રાજા પાસે આવી. રાજાએ તેને ખોળામાં બેસાડી. પૂછયું, રે તું શું ભણી છે તે કહે. ત્યારે કુમરી કાંઈ બોલી નહિં. તે જોઇ કુમુદચંદ્ર ઉપાધ્યાય બોલ્યા હે રાજન્! એ બોલી નહી. પણ, ઘણા શાસ્ત્ર ભણી ગઇ છે. ત્યારે અમરગુરુએ વિચાર્યું કે જો એ અરિકેશરી રાજાની સ્ત્રી થાય તો ઘણું સારું. એમ વિચારીને અમરગુરુ બોલ્યા રે રાજપુત્રી! તેં ચૂડામણી ગ્રંથનો અભ્યાસ કર્યો છે? કુમારી બોલી. કાંઈક કર્યો છે? ત્યારે અમરગુરુ બોલ્યા. કહો, તમારો ભર્તાર કોણ થશે? કયારે થશે? કેટલા પુત્ર થશે? અને કેટલી પુત્રી થશે? તે સાંભળી કુમારી કાંઈ લજ્જાથી બોલી નહિં. ઉપાધ્યાય બોલ્યા. તું લજ્જાથી બોલતી નથી. પણ વિદ્યાની હેલના થાય છે. તે વિચારીને બોલી. અરિકેશરી રાજા એક વર્ષ પછી મારો ભર્તાર થશે. બાર વર્ષ સુધી રાગ રહેશે. પછી છ માસ સુધી રાગ ઉતરશે, પછી વળી રાગ થશે. બે પુત્ર થશે. એક પુત્રી થશે. એટલી વાત પૂછી તે કહી. પણ હવે કાંઈક વગર પૂછયું કહું છું તે સાંભળો.

તમારો પુત્ર આજથી દશમા દિવસ ઉપર મરણ પામ્યો છે. તેજ રાત્રિએ સ્ત્રીએ બીજો લક્ષણવંત પુત્ર પ્રસવ્યો છે. તે સાંભળી હર્ષ-વિષાદ સહિત મંત્રી પૂછવા લાગ્યો કે પુત્રને પરલોક જવાનું કોણ હતું થયું? ત્યારે કુમારી બોલી. ચૂડામણી ગ્રંથના પરમાર્થે વિશેષે વિચારીને બોલી. જયારે તમે રાજાની આજ્ઞાએ મારા પિતા પાસે આવવાને ચાલ્યા ત્યારે તમારો પુત્ર પણ તમારી સાથે નીકળ્યો. વાટમાં થાકયો, તેથી

તમે મૂકયો. તે વારે મનમાં અપમાન ધારતો પાછો ગયો. પોતાના મિત્રો સાથે ક્રીડા કરતો કાલ ગુમાવતો મંત્રિમંડલ સાથે તમારા પૂર્વ પુરુષનો ખડ્ગ લઇને ઉજાણીએ જવા માંડયું. ત્યારે માતાએ કહયું. રે વત્સ! એ ખડ્ગરત્ન પૂજ્યા યોગ્ય છે. એને હલાવીયે નહિં. એને મુકીને જાવ. તે સાંભળીને પોતાના આત્માને અપમાનતો રાત્રે સર્વ પરિવાર સહિત માતા સૂતે થકે કુમાર હળવે હળવે ઘરમાંથી નીકળીને ઉપવનમાં જઈ વાવમાં પડયો, કે તે જ વખતે પ્રાણ જતા રહ્યા. માતાએ બધે ખોળ્યો. પણ જડયો નહિં. તેથી તમારી પાસે માણસ મોકલ્યો છે. તે હમણા આવ્યો છે. એવી વાત કરે છે. ત્યાં તે માણસ આવ્યો તેણે જેમ કુમારીએ કહયું. તેમ સઘળી વાત કરી. અમરગુરુ બોલ્યા હે રાજન્! તમારે ઘેર આ સાક્ષાત્ સરસ્વતી દેવી છે. આસ્થાન સભાના લોક સર્વ કુમારીની ઘણી પ્રશંસા કરવા લાગ્યા.

હવે જયારે કુમારીએ ઉઠવા માંડયું ત્યારે રાજાએ અંગલગ્ન આભૂષણ કુમુદચંદ્રને આપ્યા. બીજા સભા લોકોએ પણ આપ્યા. બીજું લાખ સોનૈયાનું આસન આપ્યું. ચંપકમાલા અને અધ્યાપક પોતાના ઠેકાણે પહોંચ્યા, રાજા અમરગુરુને કહેવા લાગ્યા. કે રાજાએ સંદેશો કહ્યો હોય તે સંક્ષેપે કહીને ઉતાવળે ઘેર જાઉં. ત્યારે અમરગુરુ બોલ્યા. તમારા દેશની સીમાએ ગઢ છે તે અમને આપો. ત્યારે લલિતાંગ બોલ્યો. સર્વ રાજય અરિકેશરી રાજાનું છે. ગઢનો શો ભાર છે? અમરગુરુ બોલ્યા. તમારા સરખા સજ્જન કોણ હશે? કે જેણે ગઢ આપ્યો. એમ કહી તે કુણાલા નગરીએ ગયો. અરિકેશરી રાજાને લલિતાંગ રાજાનું ભેટણું આપ્યું. સર્વ વૃત્તાંત સંભળાવ્યું, કુમારીની પણ સર્વ વાત કહી. ત્યારે રાજા બોલ્યો. તારો કેટલો પ્રમાદ થયો? કારણ કે તે વેળા તેં માંગી નહિં. તેથી જો તે કોઇ અન્ય રાજાને આપશે તો મને નેત્ર આપીને ઉખાડી લીધા જેવું થશે. ત્યારે અમરગુરુ બોલ્યો. તે કન્યાએ જ એક વર્ષ પછી તમે વરશો. એમ કહ્યું. રાજા બોલ્યો. તો પણ નજરે દીઠા વિના મને તૃપ્તિ ન થાય. તે માટે વળી

પ્રાર્થના કરવાને મિષે ત્યાં જા. હું પણ મારો વેષ બદલાવીને તારી સાથે બચકાનો ઝાલનાર થઈને આવીશ. એમ નિર્ધારી અમરગુરુ પ્રધાન પોતાની સાથે લશ્કર લઇ ત્યાં ગયો. રાજા પણ સાથે ગયો. લલિતાંગ રાજાને અમરગુરુ મળ્યો. રાજાએ ઉચિત આસને બેસાડી તરત પાછા આવ્યા. માટે અરિકેશરી રાજાનું કુશળ પૂછ્યું. ફરી શીઘ્ર આવ્યાનું કારણ પૂછ્યું. ત્યારે અમરગુરુ બોલ્યા. મારા મુખે તમારી પુત્રીનાં ગુણ સાંભળી અમારા રાજાને ઘણો રાગ ઉત્પન્ન થયો છે. એક વર્ષની ઢીલ જાણી તો પણ જોવાને ઉત્સુક મન થયું છે. જો રાજા કુમારીને ન દેખે તો પ્રાણ ત્યાગ કરશે. તે માટે તમને જેમ ઘટે તેમ કરો. એવી વાત કરતાં કુમારી પણ સખીઓની સાથે આવી. પિતાને પગે લાગી. રાજાએ ખોળામાં બેસાડીને પૂછ્યું કે રે વત્સ! એ અમરગુરુ શા કારણે આવ્યા છે? કુમારી બોલી, મને જોવા માટે અરિકેશરી રાજા પોતે આવ્યા છે. પણ એના બચકાનો ઉપાડનાર તે રાજા પોતે છે. પછી કુમારીને તાતે પૂછ્યું. તારા પાણિગ્રહણનો વર્ષ દિવસનો વિલંબ શા માટે છે? કુમારી પોતાના અંગુઠા સામું જોઈને બોલે નહિં.

ત્યારે પિતાએ જ્યોતિષને બોલાવીને પૂછ્યું કે કુમારીનું લગ્ન જોઇને કહો. જ્યોતિષી બોલ્યો. આ વર્ષમાં લગ્ન રૂડું નથી. કારણ કે સૂર્યનક્ષેત્રે બૃહસ્પતિ આવ્યો છે.

॥ यदुक्तम् ॥ गुरुक्षेत्रगते भानौ, भानुक्षेत्रगते गुरौ ॥ विवाहादि न कुर्वीत, वाँछन शुभ परंपराम् ॥ तेरस मासे अहिए, गुरूस्स एगंमि होई रासिम्मि ॥ जं भुत्ति तो वरिसे, गयंमि वइसाह मासस्स ॥ એટલે વૈશાખ સુદી અગ્યારશે ઉત્તરા ફાલ્ગુનીને પહેલે પાયે હર્ષણ યોગે સૂર્યનક્ષત્રથી દશમે નક્ષત્રે શુદ્ધ લગ્ન છે. કારણ કે પાંચ ગ્રહને બલે યુક્ત સૂર્ય તથા શુક્ર ઉચ્ચ સ્થાનકે પામે છે. વાતાપાતાદિક દોષ રહિત છે. તે લગ્નદિવસ લખાવીને પુરોહિતને આપ્યો, જ્યોતિષિને આદર કરીને, સત્કાર કરીને વિસર્જ્યો. ત્યાર પછી અરિકેશરી રાજાને લક્ષપાક

તેલે મર્દન કરાવી, નવરાવી, વસ્ત્રાદિક પહેરાવી દેશસરને વિષે લાવીને કુલગંધાદિક આપ્યા. તે રાજાએ વ્યવહાર થકી જ પૂજા પ્રણામ કર્યા. પછી ભોજનશાળાએ લાવીને પરિવાર સહિત ભોજન કર્યું, ઘણું આદર સન્માન દઇ હાથી, ઘોડા, રથ, રત્ન, આભૂષણાદિ પહેરામણી કરી સિંહાસને બેસાડીને લલિતાંગ રાજાએ એમ કહયું કે હે રાજન્! મારવાડની ધરતીએ ફરતો હંસ કયાંથી આવે? અને આવે તો કેટલી વાર રહે? તેમ અમારે ઘરે તમે આવ્યા છો માટે જયારે ઘેર પધારશો ત્યારે ચંપકમાલા તમારી સાથે આવશે. તે સાંભળી રાજા બોલ્યો, ઉચિતના જાણ, કાળના જાણ, ધીર, વીર, સજજનમાં ધોરી એવા તમારો વિનય દેખીને હું તૃપ્તિ પામતો નથી. પણ ચંપકમાલા સાથે ન આવે ત્યાં સુધી ધાર્યું કાર્ય અધુરું છે. તે સાંભળીને તરત ચંપકમાળા સહિત રાજાને વિદાય કરીને પોતાના નગરે પહોંચ્યો. તેણે ચંપકમાલાને એવો પ્રસાદ આપ્યો કે પોતાના સ્થાનકે બેઠો ચંપકમાળાના દર્શન થાય, તે નિરંતર ચંપકમાળાનાં આવાસે જાય છે.

એક દિવસ રાજા અમરગુરુને સાથે લઇને રાણી પાસે ગયો. અમરગુરુ બોલ્યો. કાંઇક કલા વિચાર કહો. તે બોલી. વિવિધ પ્રકારના દર્શન છે. તેમાં તમારે કયો ધર્મ માન્ય છે. અમર બોલ્યો, એ પ્રસ્તાવ વિનાની શી વાત કહો છો? તે બોલી, પ્રસ્તાવ વિનાની કેમ કહો છો.? કારણ કે સર્વ કલામાં પ્રધાન આ લોક અને પરલોકની સાધનારી તો ધર્મકલા છે. યતઃ ॥ बावत्तरी कला पंडियावि पुरिसा अपंडिया चेव ॥ सव्व कल्लाणं पवरं, जे धम्मकलं न जाणंति અમરગુરુ બોલ્યો. એમાં કાંઇ વિચાર કરવા જેવો નથી. જેના પૂર્વ પુરુષે જે ધર્મ સેવ્યો તે તેનો ધર્મ જાણવો. તથા રોગીને ઔષધ સાથે પ્રયોજન, પણ વૈદ ગમે તેવો હોય, તેનું પ્રયોજન નથી. તેમ પોતાના ગુરુ પ્રમુખ, યક્ષ પ્રમુખ, ધર્મ જેમ કહ્યો હોય તે પ્રમાણ. બીજી ચિંતા કરવાથી શું પ્રયોજનઃ? એમ અમરગુરુ બોલ્યો. ત્યારે ચંપકમાલા બોલી. તમે કહ્યું તે ખરું હશે? પણ....તમારા સરખા પંડિતને બોલવું ઘટે નહિં,

કારણ કે ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થમાં ધર્મ પુરુષાર્થ તે પરમ પુરુષાર્થ છે. કારણ કે ધર્મથી અર્થ, અર્થથી કામ નીપજે છે, यतः ॥ धर्मात्तोऽर्थतः कामः । कामात्सुरतरुफलोदय, आत्मानं हंति तौ हत्वा यो युक्त्या न निषेवते ॥ માટે ધર્મનો વિચાર તો કરવો ઘટે. વળી તમે કહ્યું કે પૂર્વ પુરુષનો ક્રમાગત આવ્યો તે ધર્મ. તે યુક્તિ પણ ઘટે નહિં. કારણ કે પૂર્વ પુરુષ દ્રરિદ્રી હોય અથવા રોગિષ્ટ હોય ત્યારે તેનાં પુત્ર થાય. તે પણ શું રોગીષ્ટ થાય? જો માતા દુઃશીલ હોય અને તેનો પુત્ર ત્યાગ ન કરે ? તો તે માતા પુત્રને મારે. તથા ઔષધનું દષ્ટાંત દીધું તે પણ યુક્ત નથી. અહીં વૈદ સ્થાનીય-ગુરુ લેવા. તે પણ રાગ-દ્વેષ રહિત, પરમાર્થનાં જાણ એવા જોઇએ. તેવા ગુરુ તો અરિહંત પોતે છે. અથવા તેમની આણાએ ચાલતા, કાલોચિત યતનાએ વર્તતા, મત્સર રહિત, એવા ગુરુ તે સુસાધુ છે. અથવા રાગાદિકે રહિત એવા શ્રી અરિહંત દેવ છે. બીજા એવા દેવ નથી. તે સાંભળી રાજા બોલ્યો. અહિં શું પ્રમાણ દેખાડો છો ? કુમારી બોલી. સર્વ શાસ્ત્રમાં જે દેવ કહ્યા છે. તેમાં દેખીયે છીએ. કે પૂર્વ સૃષ્ટિનો સંહાર કરવો. નવી સૃષ્ટિ ઉપજાવવી, વળી સ્રીને પાસે રાખવી. શસ્ત્ર ધરવા. જાપમાળા ધરવી. ઇત્યાદિક સર્વ રાગદ્વેષનાં લક્ષણ છે. તે માટે તે દેવ નહિં. ઈત્યાદિક યુક્તિએ કરી નિરુત્તર કર્યા. ત્યારે અમરગુરુ અને રાજા સમ્યક્ત્વ પામ્યા, નિશ્ચલ ચિત્ત થયા. અમરગુરુ બોલ્યા. તેં અમને જૈનધર્મમાં થાપ્યા. માટે સંસાર સમુદ્રમાં તું અમને જહાજ સરખી થઈ.

એમ કરતાં એક વર્ષ યુગ સમાન કષ્ટે કાઢયું, પછી લગ્ન દિવસે રાજા પરણ્યો. તે સ્ત્રી સાથે દેવતાની પેઠે વિષયસુખ ભોગવતાં ગયો કાળ પણ જાણતો નથી. એકદા રાત્રિના પ્રથમ પહોરે ઉંટ ઉપર ચઢીને દક્ષિણ દિશાએ જાઉં છું. એવું સ્વપ્ન આવ્યું, એવું સ્વપ્ન દેખીને અમરગુરુ જાગ્યા. પછી તેણે વિચાર્યું કે જો એ સ્વપ્ન સાચું હશે તો મારુ આયુષ્ય અલ્પ જાણવું. એમ ચિંતવીને રાજાને કહ્યું. રાણીને

મારૂં શેષ આયુષ્ય પૂછો. ત્યારે રાજા અમરગુરુને રાણી પાસે લઈ ગયા. ગુરુએ રાજાને પૂછયું કે તમે પૂછો ? એવામાં રાણીયે વગર પૂછયે સર્વ વ્યતિકર સંભળાવીને કહ્યું કે દશ મહિનાનું આયુષ્ય છે. તે સાંભળીને ફરી પૂછ્યું, હે ધર્મમાતા ! મારા ધર્મગુરુ કયાં છે. રાણી બોલી. અહીંથી સો યોજન પુરાણપુર નગરે છે. તે સાંભળી અમરગુરુ, રાજા, રાણીને ખમાવ્યા. રાજા બોલ્યો. જે ઈહલોક તથા પરલોકનું સુખનું કારણ એવી ચંપકમાળાને તમે લાવ્યા તો તમારો વિરહ કેમ મારાથી સહન થશે. તે વેળા રાજાએ અમરગુરુના પુત્રને તેડાવીને અમરગુરુના પદે થાપ્યો. અમારી પડહો વજડાવ્યો. બંદીવાન છોડયા. દીન અનાથને દાન દીધા, અમરગુરુ પણ સાધર્મિકને સન્માન દઈ જિનમંદિરને વિષે પૂજા રચાવી, અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. ધર્મકાર્યે ઘણું દ્રવ્ય વ્યય કરી, શૂરવીર સુભટોને સખાઇ લઇ. રાજાને પૂછીને દીક્ષા લેવા નિકળ્યા. રાજા વળાવીને પાછા વળ્યા. અમરગુરૂ શ્રી સમય જલધિ નામે કેવલીની પાસે જઈ ચારિત્ર લીધું, ચારિત્ર પાળી કેવલજ્ઞાન પામ્યા મોક્ષે ગયા.

હવે રાજાની જે પૂર્વલી રાણીઓ ચંપકમાળા ઉપર દ્વેષ કરવા લાગી. તેણીએ સુલસા નામે પરિવ્રાજિકાની ઘણી સેવા કરીને કહ્યું કે હે ભગવતી ! ચંપકમાલાને કાંઈક કલંક આપો. જેથી રાજા ચંપકમા-માલાની ઉપર રાગરહિત થાય. અને એનો ત્યાગ કરે, પરિવ્રાજિકા બોલી કે રાજા ચંપકમાલાના જ્ઞાનને રીઝયો છે. અને બહુમાન કરે છે વળી રાજા મૂઢ આત્મા થકો વિચરે છે. અને જૈનધર્મ શ્રેષ્ઠ છે. તે ધર્મ એણે મને પમાડયો છે. એવું જાણી એને ધર્મભ્રષ્ટ કરૂં. ત્યારે રાજા પોતાની મેળે ચિંતવશે કે એ જેમ મુખથી કહે તેમ કરતી નથી તેથી તે તેનો ત્યાગ કરશે. માટે પહેલા એને ધર્મથી ભ્રષ્ટ કરવાનો ઉપાય કરીને પછી કલંક દેવાનો ઉપાય કરીશ. એમ રાણીને કહીને પરિવ્રાજિકા પોતાની મેડીએ ગઇ, ચંપકમાળાને જૈનધર્મથી ભ્રષ્ટ કરવા નો નિરંતર ઉપાય ચિંતવતા જાણ્યું કે એને પુત્ર નથી. માટે પ્રભાતે

જઇને એને પુત્રનો ઉપાય કહું. એમ ચિંતવી પ્રભાતે ચંપકમાળાના મહેલે ગઇ. તે આશિષ દઇને બેઠી. એકાંતે ચંપકમાલાને કહેવા લાગી કે તમારે પુત્ર નથી અને પુત્ર વિના જો ભર્તારનો ઘણો પ્રેમ હોય તો પણ પાતળો પડે. વળી પુત્ર વિના સદ્‌ગતિ ન હોય. માટે પુત્ર પ્રાપ્તિનો ઉપાય કહું તે કરો. આ મૂળી તથા મંત્રે પવિત્ર રક્ષા લઇને સ્નાન કરો. તથા તર્પણ કરીને કાલી દેવી પાસે પુત્ર માંગો એમ કરતાં પુત્ર થશે.

તે સાંભળીને ચંપકમાળા સમ્યક્ત્વમાં દૃઢ ચિત્ત રાખીને બોલી. રે ધૂર્ત ! એમ બીજા લોક ધૂતાય, પણ ધર્મભાવિત હોય, જેણે સંસારને દુઃખ રૂપ જાણ્યો હોય. તે ધૂતાય નહીં. પુત્ર વિના ભર્તારનો પ્રેમ પતળો પડે એમ જે તેં કહ્યું તે મુર્ખનું વચન જાણવું. કારણકે ચક્રવર્તીને સ્રી રત્નને પુત્ર કયાં થાય છે ? અને સ્નેહ તો આખા ભવ પર્યંત રહે છે. વળી તેં કહ્યું કે અપુત્રિયાને સદ્‌ગતિ ન હોય. તે પણ અજ્ઞાન છે. પુત્ર તો અબ્રહ્મનો હેતુ છે. માટે બ્રહ્મચર્ય તે ધર્મ છે. અને ધર્મથી સદ્‌ગતિ થાય છે. તથા પુત્રથી જો સ્વર્ગ હોય. તો ભૂંડ, શુકરી, કૂતરી, અને કુકડી પ્રમુખને સદ્‌ગતિ થવી જોઈએ તથા રક્ષાપ્રમુખે પુત્ર થતો હોય તો જગતમાં કોઈ અપુત્રિયા ન હોય. વળી કાલીદેવીની પૂજા કરો ઇત્યાદિક જે તેં કહ્યું, તે કાલી દેવી કોણ ? તે જો મદિરામાંસમાં ગૃદ્ધ હોય તો તેમાં દેવપણું પણ જે મૂર્ખ હોય તે માને, તે માટે એક જીન અને જિનમતમાં રહેલા જનો તેને ટાળીને બીજાને હું પગે ન લાગું હે ભૂંડી ! હાથી ઉપર ચઢીને ગર્દભની જેમ અસવારી કોણ કરે ? એમ યુક્તિએ નિવારી તો પણ તે ધૂતારી ઉઠી નહીં. ત્યારે તેણે તેના પ્રતિહારી પાસે બાંહ ઝાલીને કાઢી મુકાવી. તેથી તે પરિવ્રાજિકા કષાયે ધમધમતી થકી પૂર્વ સાધિત વિદ્યા સંભારતી હતી. એટલે તે વિદ્યા આવી, વિદ્યા બોલી. મને કેમ સંભારી ? પરિવ્રાજિકા બોલી. એ આપણી ચંપકમાલા પોતાના જ્ઞાને ગર્ભવંતી થકી મારી

અવજ્ઞા કરે છે. માટે જીવતી થકી માનસિક અને શારિરીક દુઃખ ભોગવતી રહે અને રાજા એનો ત્યાગ કરે. એવું કુશીલનું કલંક ચઢાવો વિદ્યાએ કબુલ કર્યું. પછી જેટલે ચંપકમાલાના ભવનમાં રાજા આવ્યો એટલે વિદ્યા દેવીએ એક પુરૂષ દેખાડયો. તેને રાજાએ સારી રીતે જોયો. એવામાં તે અદૃશ્ય થયો. ત્યારે રાજા સહસાત્કારે વિસ્મય પામ્યો અને ચિંતવવા લાગ્યો. જે એના રૂપે મોહેલા કોઇક વિદ્યાધરે પ્રાર્થના કરે થકે તેને એણીએ અંગીકાર કર્યો દેખાય છે, માટે ધિક્કાર પડો. સ્ત્રીના સ્વભાવને. સ્ત્રીને કોઈ રીતે હાથમાં લેવાય નહિં. પણ જે એના મનમાં ગમ્યું તે ખરું. જે જીનવચનને વાસિત, નિર્મલ ચારિત્ર, વળી ધૈર્યવાળી છતાં પણ જો કુશીલતા સેવે છે તો બીજી સ્ત્રીની શી વાત કરવી ? એમ વિચારીને રાજા વિરક્ત મન થકો ચિંતવે છે. કે હવે એ સ્ત્રી ભોગ યોગ્ય તો નથી. તો પણ એણીએ મને જૈનધર્મ પમાડયો એ મોટો ઉપકાર, જેનો લાખો ભવ સુધી પણ પ્રત્યુપકાર કરી ન શકીયે. માટે એની સાથે આલાપસંલાપ તો કરવો. પરંતુ કાગડે વિટાળ્યું ભોજન ખાવા કોણ ઈચ્છે ? એ રીતે તે સાથે ભોગનું મન છુપાવીને ઇંગીત આકાર ગોપવીને રાણી પાસે ગયો. રાણી પૂર્વની પેઠે ઉભી થઇ. રાજા પોતે પણ ક્ષણેક શૈયા ઉપર બેસીને ઉઠયો. એમ રાજા નિરંતર જાય, વાતવિગત કરીને ઉઠે. પણ ભોગની વાત કરે નહીં ત્યારે રાણીએ વિચાર્યું કે રાજા મંદ સ્નેહી શા માટે થયા છે. કારણકે ક્ષણિક આવીને જતા રહે છે પછી શબ્દનાં અક્ષર લઇને ચૂડામણી ગ્રંથનો ઉપયોગ દીધો. તેથી જાણ્યું કે એ પરિવ્રાજિકાનો વિલાસ છે. તો પણ પરિવ્રાજિકા ઉપર લેશમાત્ર પણ ખેદ ન ધર્યો. તેણે જાણ્યું કે મારે છ મહિના સુધી ભોગાંતરાય છે. તે કાઢવાને નિમિત્ત થઈ છે. તથા એમાં અંતરાય પણ શેનો ? એતો અજ્ઞાની જીવ છે, મોહવશે અનાદિકાલનો અભ્યાસ સેવે છે ? માટે વિશેષે ધર્મ વિષે ઉદ્યમ કરવો ઘટે છે ? જે ધર્મ સકલ સુખનું કારણ છે.

પછી તે રાણી કોઈક દિવસે મધુર કંઠે સદ્‌ભાષ કરે. કોઈક

દિવસ સુંગંધી ફુલે દેવપૂજા કરે. કોઇક દિવસ સંસાર સ્વરૂપ ભાવે, કોઇક દિવસ દેવગુરુનાં ગુણગાન કરે. એમ દિવસ કાઢે છે. વળી સખીઓ સહિત સામાયિક, પ્રતિક્રમણ કરે છે. એમ અરતિ રહિત રાત્રિ દિવસ કાઢે છે. એક દિવસ મહર્ધિંક સખીએ રાણીને પૂછ્યું, કે તમારા ઉપર રાજાને સંદેહ કેમ દેખાય છે? ચંપકમાલા બોલી, ચંદ્રમાની પેઠે સ્રીને ભર્તારનો સ્નેહ ઘટે પણ ખરો અને વધે પણ ખરો, વલી હે સખી! વાત સાંભળો, વિષયનાં સુખ કિંપાક વૃક્ષનાં ફૂલ જેવા છે. દેખાતા તો રુડા પણ અંતે પ્રાણ હરનારા છે. વળી પોતાની મેળે ન સંપજે તો તેમાં શું અયુક્ત છે? સખી બોલી એમ જ હો. પણ લોકમાં પરપુરુષના સંગમનો અપવાદ ચાલ્યો છે. તે સાંભળીને સજ્જનોનાં હૃદય બળે છે. ચંપકમાળા બોલી, લોકમાં શીરીતે વાત ચાલી? સખી બોલી. કોઇક વિદ્યાધર તમારી સાથે રમે છે. ચંપકમાળા બોલી, તેં સાચુ કહ્યું. મેં પણ ચૂડામણી ગ્રંથે જાણ્યું છે. લોકમાં અપકીર્તિ પણ પરિવ્રાજિકાએ કરી છે. તથાપિ હવે એવો ઉપાય કરીશું કે જેમ તમારા સરખા સજ્જનોનાં મુખ ઉજ્જવળ થશે. એમ સાંભળીને સખી ઉઠી, એટલે રાજા આવ્યા, ચંપકમાળા બોલી, હે રાજન્! તમે નરમાં ચૂડામણી રત્ન સમાન છો, તમારા ગુણ કોણ ગણી શકે? જેણે પ્રત્યક્ષ દોષ દેખીને પણ મારી ઉપર આટલો રાગ રાખે છે. તથા છાંડયા ભોજનની પેઠે તમે મારાથી ભોગ છાંડયો, તે મેં ચૂડામણી ગ્રંથના ઉપયોગે જાણ્યું. શય્યાને વિષે મારી સાથે રમતો પુરુષ તમે દીઠો તથા લોકમાં પણ અપકીર્તિ થઈ. તે પણ મેં જ્ઞાનથી જાણ્યું. તેથી લોક પ્રત્યક્ષ તમે મને આકરું ધીજ કરાવો, જેથી મારો અપયશ ટળે. રાજા બોલ્યો. ક્યારે કરાવીયે? તે બોલી પ્રભાતે કરાવો, રાજા બોલ્યો, શું ધીજ કરશો? તે બોલી, નગરનાં મહર્ધિંક લોક કહેશે તે કરીશ, રાજાએ હાકાર માન્યો. રાણીને પૂછીને ઉઠયો. રાજા અન્ય સ્થાનકે જઇ સૂતો, પાછલી રાતે જાગ્યો અને

વિચારવા લાગ્યો કે રાણી ધીજ કરશે. અને જો કદાચિત્ શુદ્ધ થશે નહિં તો અમને બમણી અશાતા થશે. ઈત્યાદિક ઝોલાયમાન હૃદયથકા પ્રાતઃકાળ થયો. રાજા સભા મધ્યે આવ્યો. પરિજનને અને નગરનાં લોકોને તેડાવ્યા. રાજા બોલ્યો, ચંપકમાળા કુશીલણી છે. એવો લોકમાં પડઘોષ ચાલ્યો છે. તે રાણીએ સાંભળ્યો છે. હવે તે કહે છે કે ધીજ કરીને શુદ્ધ થઈશ, તો ભોજન કરીશ, તે માટે તપ્તમાષનું ધીજ કરાવીયે, તેની સામગ્રી તૈયાર કરો. ત્યારે તે બોલ્યા, પામર લોકનાં વચને એવું કરવું ઘટે નહીં. રાજા બોલ્યા, જે અવર્ણવાદ વિસ્તર્યો તે મોટા પુરુષનો મહિમા હણે. ગામના મુખે ગરણું ન બંધાય, તે સાંભળી લોક બોલ્યા, જેમ તમને ગમે તેમ કરો, ત્યારે રાજા, દિવ્ય સ્થાનકે જઇને રાણીને તેડવા મોકલે છે. રાણી પણ પૌષધ પારીને વિધિ પૂર્વક દેવપૂજા કરી, શિબિકા ઉપર બેસીને ત્યાં આવી, દુલ્લહ દેવી પ્રમુખ અંતેઉર પણ જવનિકાને આંતરે રાજાની આજ્ઞાએ જોવા બેઠા, લોકમાં કોલાહલ મચી ગયો. આજ દેવી શુદ્ધ થશે.

હવે કારણીયા પુરુષે જાજ્વલ્યમાન અગ્નિ તૈયાર કરી તેમાં પ્રચુર તેલ ઘાલીને કઢાઈ ચઢાવી, પછી જેટલામાં અડદ નાંખ્યા એટલે સહસાત્કારે પ્રલયકાળની અગ્નિ સરખી અનલજ્વાલા ઉઠી, તડતડ કરી આકાશ વિવર પૂરી કાઢયા, ખડખડાટ કરતાં પ્રાસાદનાં શિખર તટવા લાગ્યા, માતા પુત્રને મુકી નાસતી હતી. પુત્ર માતાને મૂકી નાસવા લાગ્યો. કોઈ પ્રાસાદને અગ્રે છે. કોઈ કોટ ઉપર. કોઇ પોકાર કરે છે. કોઈ વિલાપ કરે છે. કોઇ હાહાકાર કરે છે રે પુત્ર ! રે માતા ! રે પિતા ! અહીં અમારી શી ગતિ થશે ? અમને રાખો, ઇત્યાદિક લોકનાં વચન વિતાર્યાં, એવામાં આકાશે રહી શાસનદેવીએ કહ્યું, આ હજી થોડું છે પરંતુ ચંદ્રકલા સરખી નિર્મલ સ્ત્રીનું અપયશ બોલતા એવા તમે પોતાના આત્માના વૈરી છો. માટે હવે જુવો શું થશે ? તે સાંભળી લોક ભયે બીતા થકા ચંપકમાલાને પગે લાગીને બોલ્યા,

રે દેવી! બળતી એવી આ અનાથ નગરીને બચાવો. અવિનિત લોકને પણ મોટા માણસ ઉવેખે નહિં. यतः ॥ उपजीविकेषु विमुखा, सुजना न भवंति दुर्विनीतेषु, वत्सव्यथितेऽप्युरग्नि सुरभि न संहरेत् क्षीरं ॥ १ ॥ રાજા બોલ્યો, રે રાણી ! સ્ફટિક સરખું ઉજળુ તારું શીલ તેને મૂઢ લોકોએ કલંક ચઢાવ્યું, તેજ પાપરૂપ વિષ વૃક્ષનાં ફળ અનુભવે છે. પણ તેને તારો પસાય ટાળીને બીજું કોઇ ઉપાય નથી. કોઇ શરણુ નથી. મારા મનમાં ન વસ્યો હોય, ત્યારે ચંપકમાળા બોલી, જો અરિકેશરી રાજા સિવાય બીજો કોઈ મારા મનમાં ન વસ્યો હોય, તો એ અગ્નિ ઓલવાઈ જાવો. આ સર્વ લોક બળુ બળુ કરે છે. તેને સ્વસ્થ કરો. એવુ કહયું, એટલે શાસન દેવતાએ તેમજ કર્યું, વળી જે દેવતા ભક્તિભાવથી આવ્યા હતા, તેણે જય જય શબ્દ કર્યાં. કુસુમની વૃષ્ટિ કરી, દેવદુંદુભી વગાડી, આકાશે દેવાંગનાઓ નાટક, નૃત્ય કરવા લાગી, લોક પણ પૃથ્વીને વિષે નગરમાં કુંકુમનાં છાંટણા કર્યા, ચંદનમાળાના તોરણુ બાંધ્યા, સર્વ બાળ, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ કહેતા હતા કે ચંપકમાળા ચિરંકાળ જીવો.

એવું અતિ અદ્ભૂત કૌતુક દેખીને ભયથકી બીતી એવી પરિવ્રાજિકા વિચારવા લાગી કે અહો ! મેં અનર્થનું મૂળ કર્યું, માટે હવે મને શરણુ તે મરણુ જ છે. લાખો પાપની કરનારી એવું હું પાપીણી હવે લાખો ગમે દુઃખ સહેવા પડશે. એ મહા પાપનો નિસ્તાર તો જિનમતનાં નિપુણપુરુષો અપ્રતિષ્ઠાન નરકે જ કહે છે. ત્યારે જાઉં ત્યારે થાય તોપણ મારું જે દુષ્ટ ચરિત્ર છે. તે સર્વલોક સમક્ષ કહીને એ મહાસતીનાં ચરણકમલને પગે લાગું એમ કરવાથી હું પાપે ભરાણી છું. તેથી હલકી થઇશ ને જો ત્યાં કદાચિત્ મને મરણુ આવશે તો પણ સારુ થશે. એમ ધૈર્ય અવલંબી તે પરિવ્રાજિકા ત્યાં દિવ્ય ભૂમિકાએ આવી વેગળેથી ભૂજાદંડ ઉંચા કરીને કહેતી હતી કે જિનશાસન જયવંતુ છે. એ મહાસતીના પ્રભાવે દિવ્ય પ્રાતિહાર્ય પ્રત્યક્ષ આજ પણ દેખાય છે. એમ કહીને ચંપકમાળાને પગે લાગીને

બોલી કે હે દેવી ! તારું શીલ જયવંતુ વર્તો, તું સમકિતને વિષે નિશ્ચલ છે. આજથકી તારા પસાયે મને પણ સમકિત હો. જાવજીવ સુધી જે તારા દેવ એજ મારા દેવ. જે તારા ગુરુ એજ મારા ગુરુ હો. એમ સમકિત અંગીકાર કરીને ચંપકમાળાને કલંક વિષથી ટાળવાને લોકોમાં દુષ્ટ ચરિત્ર કહી દેખાડતી હતી. કે એ દેવી સતીમાં શિરોમણી છે. મેં વિદ્યાશક્તિએ કરીને એની સાથે રમતો પુરુષ દેખાડયો અને મેંજ નગરમાં વાત ફેલાવી, તેને રાજા પૂછવા લાગ્યો, એ તને શા માટે કરવું પડયું ? પરિવ્રાજિકા બોલી. કુડકપટનો ભંડાર હું જ છું. બીજા કોણુ કારણુ હોય ? રાજા બોલ્યો, જેમ તમારું દુષ્કૃત્ય તમે કહ્યુ. તેમ તેનો હેતુ પણ કહો. નહિં તો તમારો વિનાશ થશે. પરિવ્રાજિકા બોલી, એ દુઃખ તે કેટલું થશે ? હજુ મને નરકનાં દુઃખ ઘણા ભોગવવા પડશે. રાજા બોલ્યો, રે રે સુભટો ! એની ઉપર ગરમ તેલ સીંચો, એટલે જેવા તે કામ કરવા સુભટો ઉઠયા, તેવી ચંપકમાળા બોલી, રે સ્વામિ ! વારો, વારો, એ કામ ન કરો, તમારા સરખા દયાવંત પુરુષ આવું કામ કેમ કરે ? એ પરિવ્રાજિકા પોતાના પ્રાણ ત્યાગે કરી પરનાં પ્રાણ ઉગારે છે. વળી પોતાનું દુષ્કૃત લોક મધ્યે પ્રત્યક્ષપણે કહેવું તે દુષ્કર છે, એતો જેને જિનવચન ચિત્તમાં રમ્યું હોય તેજ કહે, તે એણે કહયું, માટે એની પૂર્વ અવસ્થા તો ગઇ. હવે તો એ તમારી સાધર્મિક થઇ, માટે એનું વાત્સલ્ય કરવું ઘટે છે. યતઃ ॥ साधर्मिक वात्सल्यता, कल्पलता संपदां प्रसवे ॥ यस्मात्-तत्रैव कृतधिय कुर्वते यत्नम् ॥ રાજા બોલ્યો, એ યુક્તાયુક્ત તમે જાણો, પછી રાજા ચંપકમાળા સહિત પોતાના ઘેર આવ્યો, પરિવ્રાજિકા પણ શાંત થઇ, પશ્ચાત્તાપ સહિત નિરંતર ચંપકમાળા પાસે જઇને ગૃહસ્થ યોગ્ય ધર્મ સાંભળતી હતી.

હવે દુલ્લહદેવી પણ પ્રાણ ત્યાગ કરવા તૈયાર થઇ તે વાત ચૂડામણીના બળે જાણીને ચંપકમાળા ગઇ, અને પૂછવા લાગી, કે શું

કામ કરો છો ? રાણી બોલી. તમારાથી શું અજાણ્યું છે ? ચંપકમાળા બોલી, એ અપયશનો એ પ્રતિકાર નથી. હમણાં તમે ધર્મ કરતાં દિવસ કાઢો. પછી અવસરે ઉપાય બતાવીશ, દુલ્લહા દેવી બોલી, હે અપકાર કરે તેના ઉપર પણ ઉપકારિણી, છિદ્રની ઢાંકનારી, કુલવંતી, તને નમસ્કાર થાઓ, એમ કહી ધરણીએ મસ્તક નમાવીને ફરી બોલી, હે સતી ! તમારા ચરણ તેજ મારે શરણ છે. યતઃ ॥ निर्गुणेष्वपि सत्वेषु, दयां कुर्वंति साधवः ॥ नहि संहरति ज्योत्स्नां, चंद्रचंडालवेश्मनि ॥ એ રીતે ચંપકમાલા સાથે ઘણી પ્રીતિ ધરતી રહેવા લાગી રાજા પણ તે દેખીને ચિત્તમાં ચમત્કાર પામ્યો, અને વિચાર કરવા લાગ્યો, કે ચંપકમાળા ઉત્તમકુળમાં ઉપની છે, માટે એના ઉપર મત્સર કરવો ઘટે નહી, યતઃ ॥ वरं ज्वालाकुले वह्नी, वहनाय निहितं वपुः नपुनगुणसंपन्ने, कृतः स्वल्पोपि मत्सरः ॥ એ રીતે રાજા તેના ગુણોનું બહુમાન કરતો, જૈન ધર્મને વિષે પ્રવર્તતો, ગામ ગામને વિષે, નગરને વિષે, જિનેશ્વરનાં દહેરાસર કરાવતો હતો. તેમાં પણ પોતાનાં દેશમાં વિશેષ કરાવતો હતો. સુવિહિત જનની ભક્તિ, બહુમાન કરતો. વસ્તી પ્રદાનાદિ કરે, ઘણા સ્વામિવાત્સલ્ય કરે, બહુમાન પૂર્વક સિદ્ધાંત સાંભળે. અમારિ પડહો વજડાવે. શ્રાવક લોકનાં વ્યાપારમાં દાણ મુકી દે. રાજ્યકાર્યમાં અનવદ્યપણે વર્તે - એમ કરતાં શુભ લગ્ન, શુભ મુહુર્તે ચંપકમાલાને પુત્ર પ્રસવ્યો, પ્રિયવંદા દાસીએ રાજાને વધામણી આપી રાજાએ એક મુગટ સિવાય અંગલગ્ન સર્વ આભૂષણો દાસીને આપ્યા, અને દાસીપણું ટાળ્યું, જિનેશ્વરની પૂજા કરી. નગરેમાં ઘરે ઘરે ગીત ગવડાવ્યા, તોરણ બંધાવ્યા, એક માસ પર્યંત ઉત્સવ કરીને બાળકનું ભુવનાનંદ નામ પાડયું અનુક્રમે કરસિંહ નામે બીજો પુત્ર થયો. પછી જયસુંદરી નામે પુત્રી થઇ. એમ કાળ જતે થકે એક દિવસ ચંપકમાળાએ ભર્તારને કહયું, રે રાજન્! હવે આપને મોટાં પુરુષનો માર્ગ લેવો ઘટે. રાજા બોલ્યો, તમે સાચી વાત કરી પણ હું કર્મવશે કરીને હજી તમારું મુખ કમલ જોવાને

તૃષાવંત છું. રાણી બોલી, એવું વચન ન કહો, અને હું કહું એ રીતે પોતાના આત્માને શિખામણ આપો. જેમકે. રે આત્મા ! તું મનુષ્યનો ભવ દુર્લભ પામીને સ્ત્રીના માટે કેમ હારે છે ? સ્રીનાં શરીરમાં શું મનોહરતા છે ? જો આ શરીરની છે તે માંહે કરીયે. અને અંદર છે તે બહાર કરીયે તો એ શરીરને કાગડા, કુતરા ચૂંથે એવું છે. વળી સ્રીનું શરીર તો ચર્મ, હાડ, રુધિર, મૂત્ર, મળ, મહા દુર્ગંધી છે. જેવું તારી સ્રીને વિષે ચિત્ત રંગાણુ છે. તેવુ જિન ધર્મને વિષે ચિત્ત રંગાય તો ભવ સમુદ્ર તરી જવાય, વળી તેનો સ્નેહ વિજળી જેવો ચપળ છે. માટે તે પુરુષની રેખા ભૂષી નાંખો-તે પંડિતની જિહ્વા પણ શતખંડ થાવો. ચચા પુરૂષ સરખા તે પુરુષ જાણવા કે જે સ્ત્રીને વર્ણવે છે. રે રે ! આત્મા ! તને શું કહીયે ? તું મહાકષ્ટે જિનશાસન પામ્યો તે ફોગટ હારે છે મદોન્મત હાથીની પેઠે વિષયને વિષે રાચે છે. સુશીલ રુપ વનરાજીને ભાંજે છે. જિનવાણી રૂપ અંકુશ પ્રહાર મારતો નથી. અમૃત સરખું જિનમત પામીને વિષયરૂપ પીવે છે. તેં ધતુરો ખાધો છે. કારણકે જાણતા છતાં અજ્ઞાન મોહે કરી વિષયને વિષે સુખ માને છે. રે આત્મા ! ધિક્કાર છે તને. જે કારણે તું વિવેક પામીને વિષય સુખ ભોગવવા ઇચ્છે છે. જીવિત તો ઈંદ્રધનુષ જેવુ છે. માટે તને વિષયની તૃપ્તિ કેમ થાય ? એમ જાણીને નિરંતર જન્મ, જરા, મરણનાં દુઃખનું હરનાર સંવેગ રસાયન પામો.

એવા ચંપકમાળના વચન સાંભળીને રાજા સંવેગરસે ભાવિત થકો ચંપકમાળાને સ્નેહે કરી કહેવા લાગ્યો કે તેં મને મિથ્યાત્વનાં કચરા-માંથી બહાર કાઢયો, જેણે કરી આ ભવને વિષે અને પરભવને વિષે સુખનું કારણ એવો ધર્મનો ઉદ્યમ થયો. જો કે રાજ્યભાર ધરવાને સમર્થ એવું બીજું પુત્રરત્ન મને થયું. તો પણ હું પૂર્વભવના અભ્યાસથકી રાગદાવાનલે વિધુર છું. માટે હવે આત્મહિત કરવાને શીઘ્ર ઉદ્યમ કરું.

એવા અવસરે ચાર જ્ઞાનનાં ધણી શ્રુતજલધિનામે આચાર્ય બહુ શિષ્યે પરિવર્યા થકા સમય જાણીને નંદનવન ઉદ્યાનમાં સમોસર્યા. ઉદ્યાનપાલકે વધામણી આપી. તેને પ્રીતદાન દઇ સાત, આઠ, પગલા સામા જઇને વંદના કીધી, પછી. મંત્રીશ્વર, રાણી અને કુમારોના પરિવારે પરિવર્યો થકો, પંચાભિગમન સાચવતો તે રાજા આચાર્ય પાસે પહોંચ્યો. ચંપકમાળા તથા દુલ્લહી દેવીએ પરિવર્યો થકો આચાર્યને નમસ્કાર કરી ઉચિત સ્થાનકે રાજા બેઠો આચાર્યે પણ ગંભીર સ્વરે દેશના દીધી. તે ભવ સ્વરૂપ દેશના સાંભળી રાજાએ, બે હાથ જોડીને વિનંતિ કરી કે, હે સ્વામિન્ ! મને દીક્ષારૂપ નાવે સમુદ્રનો પાર પમાડો. ગુરુ બોલ્યા. વિલંબ ન કરો. પછી રાજાએ પોતાના કુમારને સિંહાસને બેસાડી સર્વ સમક્ષ રાજ્યે સ્થાપ્યો. પછી મંત્રી પ્રમુખને કહ્યું. કે એ ભુવનાનંદ કુમારને મારી જેમ દેખજો. એમ કહીને પોતાના કંઠથી હાર ઉતારીકુ મારના કંઠમાં પહેરાવી. પછી કુમારને કહ્યું. જેમ મેં પ્રજાને રાખી તેમ તમે રાખજો. પછી પરિજને કહ્યું કે જેમ તમે મારો આણા વહેતા હતા તેમ હવે આ રાજાની આણા વહેજો. હવે ચંપકમાળા પુત્રને કહે છે કે હે જાત ! એ રાજ્ય પામીને સમ્યક્ત્વ પામજો. હે પુત્ર લૌકિક શાસ્ત્રે ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ કહ્યા છે. તેમાં ધર્મ થકી અર્થ તથા કામ પામીયે. પરમાર્થે મોક્ષનું કારણ તે ધર્મજ છે. પણ બીજું નથી. અર્થ, સેવ્યા થકી તો કેવલ ભવદુઃખના હેતુ થાય. તે માટે હે વત્સ ! અર્થ, કામ તે પુરૂષાર્થ નહીં. ધર્મ તેજ પુરુષાર્થ છે. રાગદ્વેષ રહિત એવા જિનેશ્વરે કહ્યું છે. માટે અ પ્રમાદી થઇને આત્માને ધર્મને વિષે પ્રવર્તાવજો. તમે લોકને પણ જૈન ધર્મને વિષે પ્રવર્તાવજો. તું સકલ કલામાં કુશળ છે. તો પણ હું અપત્યનાં સ્નેહને લીધે તને જૈન ધર્મનો ઉપદેશ આપું છું. ભુવનાનંદ રાજાએ પણ દેશના અંગીકાર કરી. ઉઠીને માતાપિતાને પ્રણામ કર્યા- પછી રાજા ચંપકમાળા પ્રમુખ રાણીઓએ પરિવર્યો થકો ચારિત્ર અંગીકાર કરતો. પરિવ્રાજિકાએ પણ ચારિત્ર લીધું. આચાર્ય પણ

ચંપકમાળા આર્યાઓને આનંદશ્રી નામે આર્યાને સોંપી. ભુવનાનંદ રાજા પણ મુનિરાજને વંદના કરીને હર્ષવિષાદ સહિત ઘેર પહોંચ્યો.

જે નગરી ઘરનાં પ્રદેશ જે કાંઈ પિતાએ શોભિત હતા તે સર્વ નહિં દેખવાથી ભુવનાનંદ રાજા શોકાતુર થયો. અનુક્રમે કાલાંતરે શોક છોડીને રૂડી રીતે રાજ્ય પાળતો રિપુસમુહને આક્રમતો વિચરે છે. અરિકેશરી રાજા ઋષિ પણ રાતદિવસ સૂત્રાભ્યાસ કરતા અનુક્રમે ગીતાર્થ થયા. તેમને આચાર્યે આચાર્ય પદવી આપી. બીજો તેનો પરિવાર સાધુ, સાધ્વીનો હતો. તે પણ એમને સોંપ્યા. અનુક્રમે અરિકેશરી ઋષિ ઘનઘાતિ કર્મ ક્ષય કરીને કેવલજ્ઞાન પામ્યા. ભવ્ય જીવને પ્રતિબોધ દઇ, શૈલેશીકરણ કરી. આયુષ્યનાં અંતે પરમપદ પામ્યા. અવ્યાબાધ સુખી થયા. ચંપકમાળા પણ સાધ્વીએ પરિવરિ અગ્યાર અંગ ભણ્યા. ગુરુણીએ તેને પ્રવર્તિની પદવીએ સ્થાપી. તે વિવિધ તપસ્યા કરતાં પૃથ્વીને વિષે વિચરે છે. ઘણા ભવ્ય પ્રાણીને નરકના દુઃખ નિવારતી, ગુરુસેવા વૈયાવૃત્તાદિક અપૂર્વકરણ કરી. ક્ષપકશ્રેણી આરોહી, દુસ્તર ભવસમુદ્ર તરીને નિર્મલ કેવલજ્ઞાન પામી, એક માસનું અનશન કરીને સુસાધ્વીએ પરિવર્યા થકા ચંપકમાળા સિદ્ધિ વર્યા. શાશ્વતા સુખના ભોગી થયા. એમ સમકિતના લાભ ઉપરાંત લાભ નથી. તે ઉપર ચંપકમાળાની કથા કહી. એ કથા સુપાર્શ્વ ચરિત્રમાં છે.

॥ इति सकलसभाभामिनिभलस्थलतिलकायमानपंडितश्रीउत्तमविजय गणी शिष्य पंडित पद्‌मविजय गणी विरचिते श्री गौतमकुलक प्रकरणे बालावबोधे द्वादशगाथायां चत्वार्युदाहरणानि समाप्तानि ॥

હવે તેરમી ગાથા કહીયે છીયે. તેને પૂર્વની ગાથા સાથે એ સંબંધ છે જે પૂર્વગાથાએ ચાર વસ્તુ ઉત્કૃષ્ટ દેખાડી, હવે ચાર વસ્તુ જઘન્ય, અધમ છે. તે માટે તેનો ત્યાગ કરવો. તે દેખાડવાને સંબંધે આવી જે તેરમી ગાથા તે કહે છે.

न सेवियव्वा पमया परक्का, न सेवियव्वा पुरिसा अविज्ञा ।
न सेवियव्वा अहिमान हीणा, न सेवियव्वा पिसुणा मणुस्सा ॥

અર્થ :- न सेवियव्वा पमया परक्का ॥ પારકી સ્ત્રીને ન સેવવી તે ઉપર વીર કુમારની કથા કહે છે.

શ્રીનિલય નામે નગર છે. રિપુમર્દન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને કમલશ્રી નામે રાણી હતી. અને વીર નામે પુત્ર હતો. પણ તે શુરવીર, ગંભીર, વાદી ગુણનો જાણ, વિનયવંત, કલાનું ઘર અને કલંક રહિત છે. તે કુમાર એકદા મહા અટવીને વિષે આહેડે ગયો. પણ સસલો કે મૃગ કોઇ જનાવરને ન જોયું, ત્યારે વિસ્મય પામતો પરિવાર સહિત આગળ ચાલ્યો. એટલે એક સ્થાનકે સસલા, મૃગ, મહિષ, ગજ, વૃષભ, વાઘ, ચિતરા પ્રમુખ સર્વ ભેગા બેઠેલા જોયા. તે પરસ્પર વૈરી પણ મિત્રની પેઠે વૈર છોડીને રહ્યા છે. ત્યાં મેઘની પેઠે ગંભીર શબ્દે કરી કર્ણને વિષે અમૃત સમાન લાગે એવું શુભધ્યાન કરતા મુનિઓનો શબ્દ સાંભળ્યો. એટલે કુમારના પરિવારે નાના પ્રકારના શસ્ત્ર તિર્યંચ ઉપર નાંખ્યા, પણ તિર્યંચનાં શરીરે એકે વાગ્યું નહિં. ત્યારે કુમારે વિચાર્યું કે આ જાનવરનાં વૈર શમ્યા છે. તે ઓને શસ્ત્ર ન વાગ્યું. તે સર્વ આ મુનિનો પ્રભાવ છે. એમ જાણી મુનિના ચરણે નમ્યો. અને ઉચિત સ્થાનકે બેઠો. તે દેખીને તેના પરિવારે પણ તેમજ કર્યું. મુનિવર પણ ધર્મલાભ દઇને દેશના દેતા હતાં કે જે પ્રાણી જીવહિંસા ન કરે તે સૌજન્યતા પામે.

સર્વ પાપમાં જીવહિંસા મોટી છે. પરમ નરકનું ખાણ છે. સર્વ જીવને સદાકાલ પોતાનું જીવન વહાલું છે. જેમ મરણ પોતાને અનિષ્ટ છે. તેમ સકલ જીવને અનિષ્ટ જાણવું. યતઃ अमेधमध्ये कटिस्य, सुरेन्द्रस्य सुरालये, समानो जिविताकांक्षा, सम मृत्युभयं द्वयोः, દુર્વચન, ગાલ, ઘાત, પરાભવ, બંધન તથા મરણ એ પોતાને અનિષ્ટ છે. માટે જેને જે વહાલું હોય તેને તે દેવું. તે પરભવનું શંબલ છે. તથા વળી એક જણને એક છત્ર રાજ્ય આપે તથા કોઈ એકને જીવિત આપે, તે બેઉમાં જીવિત આપનારો વધે. વળી

ધન, બાંધવ, સ્વજન, પુત્ર, કલત્ર, સર્વ કરતાં પોતાનું જીવિત ઘણું ઇષ્ટ છે. એતો સહુને અનુભવ સિદ્ધ છે. વળી જો મનુષ્ય થઇને માંસ ખાય, રુધિર પીવે તો કાગડા, કુતરા કરતાં તેમાં શો વિશેષ ? તે માટે જીવતા અશરણ, અનાથ, જીવોને મારીને જે માંસ ખાય, રુધિર પીવે તે નરકમાં જાય છે, વળી પ્રબલ સ્વાધ્વંત જે સુખ પ્રમુખ ભોજન તેને છોડીને અશુચિ, અપવિત્ર, વસ્તુ એવું નિઃશુક નિઃકરણ પણે ખાય છે. તેમાં ચી અધિકતા દેખે છે ? ઈત્યાદિક ગુરુની દેશના સાંભળી કુમાર સમકિત પામ્યો, નિરપરાધી પ્રાણીને હણવું નહિં. તથા પરસ્ત્રી સેવવી નહિં. માંસ ભક્ષણ કરવું નહિં. તેના નિયમ લીધા. મુનિ પોતાના સ્થાનકે ગયા. કુમાર પણ ઘેર આવ્યો.

હવે એકદા રાજા બુદ્ધિની પરીક્ષા કરવા માટે સર્વ કુમારોને ભેગા કરીને પૂછે છે કે પાંચાલદેશના વિષે ફોજદાર મુકીયે છીયે. તેમાં એક તો ઘણો નિપુણ અને પ્રકૃતિએ અવંચક છે. અને એમ કહે છે કે હું દશ લાખ સોનૈયા એક વર્ષમાં ઉપજાવી આપું અને બીજો કહે છે કે હું પંદર લાખ સોનૈયા ઉપજાવી આપીશ. તે હકીકત અમે દશ લાખ ઉપજાવનારને કહી. ત્યારે કહ્યું કે; મારાથી તો દશલાખથી વધુ ઉપજે નહિ. પછી રાજાને ગમે તેમ કરે તે માટે હે કુમારો ! તમે કહો એનું શું કરવું ? તે સાંભળી સઘળા કુમાર બોલ્યા, કે જે ઘણું દ્રવ્ય ઉપજાવી આપે તેને મોકલો. ત્યારે વીરકુમારને રાજાએ કહ્યું. તું કેમ નથી બોલતો ? વીરકુમાર બોલ્યો. એ વાત મને ગમતી નથી. મને તો પ્રથમ પુરુષ કહ્યો તે કે જે અવંચક, નિપુણ, વાતને હિતકારી અને પ્રજાને પીડે નહિં તેવો છે. તેને મોકલવો યોગ્ય લાગે છે. કારણકે પ્રજા પીડાય નહિં. ત્યારે વ્યાપારી વ્યાપારાદિક સુખે કરી શકે, તેથી રાજાને ન્યાયનો દોકડો ઘણો આવે. અને વળી ન્યાયે ધન ઉપાર્જે તેથી ધર્મની વૃદ્ધિ થાય. તે માટે થોડું પણ ધન ઉપજાવે તેને અધિકારી કરવો યોગ્ય લાગે છે. બીજો પુરૂષ પન્નર લાખ અન્યાયે ઉપાર્જે, તે અન્યાયથી તમને પણ અધર્મ થશે.

તથા તમારો અપયશ થશે. વળી એક વર્ષ તો પન્નર લાખ આવશે પછી બીજે, ત્રીજે વર્ષે એક લાખ પણ નહિ ઉપજે. યતઃ ॥ ॥ अत्युपायानमर्थस्य, प्रजाभ्य पृथिविभुजां ॥ दुग्धमादाय धेनुनां मांसाय स्तनकर्त्तनम् ॥

તે સાંભળી રાજાએ વિચાર્યું કે કુમાર લઘુ વયે છે પણ બુદ્ધિએ કરી ગુરુ છે. માટે રાજ્ય ભારની ધુરી એ વહેશે. તેથી યદ્યપિ હું એના ગુણ પ્રગટ નહિં કરું. તો પણ નગરમાં એના ગુણ છાના નહિં રહે. અને સર્વ કુમારથી એ વિપરીત બોલ્યો. એટલે સહુ એના ઉપર મત્સર ધરશે. તે માટે એને અહિંથી દેશાંતર મોકલું. એમ ચિંતવીને રાજાએ કહ્યું હે કુમાર ! તારા ગુણ ઘણા છે. માટે તારે બાપની ઋદ્ધિ ભોગવવી યુક્ત નથી. તેથી તું આ ઋદ્ધિ તથા દેશ મૂકીને પરદેશ જા. તે સાંભળી તે કુમાર રાજાને પ્રણામ કરીને મતિસાગર પ્રધાનનો પુત્ર વિમલ નામે હતો. તેને સાથે લઇને નીકળ્યો તેની રખવાળી માટે પંથી લોકને મિષે છાના સુભટ મૂકયા. તેણે પરિવર્યો કોશલપુરના પરિસરે જઇને વિશ્રામ કર્યો. એવામાં ઘણો કોલાહલ થયો. ઘણા વાજિંત્ર વાગ્યા. ત્યારે પ્રધાનપુત્ર વિમલની મારફતે કુમારને પૂછાવ્યું કે અહિં શો મહોત્સવ છે ? વિમલે પણ કોઇકનાં મુખે સાંભળીને કુમારને કહ્યું, કે અહિં રણધવલ રાજાને પોતાના પ્રાણથકી પણ અતિ વહાલી એવી પુરુષદ્વેષિણી કુરુમતી નામે કન્યા છે. તેને પરણાવવા માટે તેના પિતાએ કુલદેવીનું આરાધન કર્યું. કુલદેવીએ કહ્યું કે તમારો પટ્ટહસ્તિ જેના કંઠમાં ફૂલની માળા આરોપે તે પુરુષ કુમારીનો ભર્તાર થશે. કુમારી પણ તેની ઉપર રાગ ધરશે. તે સાંભળીને રાજાએ પટ્ટહસ્તિ શણગાર્યો. તેને પૂજીને, તેની ઉપર કુમારીને બેસાડીને, અંકુશ રહિત છુટો મૂકયો છે, તે હાથીએ માલીની હાથેથી સૂંઢમાં માળા લીધી છે. હમણા તે સર્વ રાજકુલી સાથે નગરમાં ભમે છે. એવી વાત કરે છે, એવામાં ત્યાં પટ્ટહસ્તિ પણ આવ્યો.

તેણે કુમારને કંઠે માળા પહેરાવી. અને વીરકુમારને સૂંઢે કરી. પોતાના ખંધે આરોપતો હતો, તે કુમારને કંદર્પાવતાર જેવા દેખીને રાજા ઘણો હર્ષ પામ્યો. કુમારી પણ દેખી ઘણી જ હર્ષ પામી. તે વેળાએ કુમારનાં શરીરથી ધૂલ દૂર કરવા માટે દશ હાથી, એકલાખ સોનૈયા, એક હજાર ઘોડા, રાજાએ આપ્યા. છાયા લગ્નેજ કુરુમતીનું પાણિ ગ્રહણ કરાવ્યું. કરમોચન વેળાએ રાજાએ એક હજાર ગામ આપ્યા. રહેવાને પ્રસાદ આપ્યા. કુમાર ત્યાં રહી વિલાસ કરે છે. એ સર્વ વૃત્તાંત કુમારના પિતાએ છાના પુરુષ પંથીને વિષે મૂકયા હતા તેમણે જઇને સંભળાવ્યું. રાજાને આનંદ થયો.

હવે વિવાહાદિ દિવસે માંસાદિક વર્જિત ભોજન કુમારે કર્યું. ત્યારે રાજાએ તેનો હેતુ કુમારને પૂછયો. કુમાર કહેવા લાગ્યો કે પંચેન્દ્રિયનો જે વધ કરે તે નરકે જાય. ઇત્યાદિક દેશના દેતા માંસના ઘણા દોષ દેખાડયા. તે પ્રસંગે સાધુનો તથા ગૃહસ્થનો ધર્મ કહ્યો. વળી પોતે શ્રાવકનો ધર્મ અંગીકાર કર્યો. અને માંસ પ્રમુખ પરિહાર કર્યો. તે પણ કહ્યું. તે સાંભળીને રાજાને ધર્મ ઉપર બહુમાન થયું. પરમ વિશ્વાસ થયો. રાજાએ માંસ ભક્ષણ વર્જ્યું. વળી દેવ, ગુરુ અને ધર્મ ત્રણે ઉપર પ્રીતિ થઈ.

એક દિવસ સંધ્યા સમયે એક સ્રી આવીને કહેવા લાગી કે હે કુમાર ! રાજાની ભાર્યા, મંત્રીની, શેઠની, અને પ્રાતિહાર્યની સ્ત્રી એ ચારેએ તમને દીઠા છે, તેથી ચારે કંદર્પે વિહ્વલ થઇ છે. જુદી જુદી ચારે જણીએ મને મોકલી છે. પણ તે ચારે માંહોમાંહે ન જાણે તેમ તમારો સંગમ થાય તેવી કરુણા કરો. તે સાંભળી, કુમાર ચિત્તથી વિહ્વળ ન થયો. અને બોલ્યો કે આવતી કાલે રાત્ર પહેલે પહોરે પ્રાતિહારીને મોકલજે. બીજે પહોરે શેઠાણીને, ત્રીજે પહોરે મિત્રિણિ, ચોથે પહોરે રાણીને મોકલજે. તે પણ સ્ત્રી સંભાળીને હર્ષ પામતી કાર્ય સિદ્ધ થયું જાણી, સ્થાનકે જઇને સહુને વાત કરી.

હવે કુમાર રાજાને કહેવા લાગ્યો કે હે રાજન્ ! જો દીઠું અણ-દીઠું તો વાત શું કરું. રાજા બોલ્યો. તું મારે પુત્રસરખો છે. વળી તેં મને ધર્મ સમજાવી આ મારો જન્મ સફળ કર્યો છે. તે માટે તારે ગમે ત્યાં અમને જોડ. ત્યારે કુમાર બોલ્યો. આજ સંધ્યા સમયે મારા આવાસને વિષે આવજો. રાજા બોલ્યા. હું આવીશ.

હવે સંધ્યા સમયે રાજા છાનો આવ્યો. કુમારે પોતાના પલ્યંકની પાસેના પલ્યંક ઉપર રાજાને બેસાડયા. હવે હર કોઈ મિષ કરી પ્રતિહારી ઘેરથી નીકળી કુમાર પાસે આવીને બેઠી. કુમાર કહેવા લાગ્યો. રે સ્ત્રી, જે વિષય છે તે આ લોકને વિષે દુઃખ આપનારું છે. અને પરલોકને વિષે નરકને આપનારૂં છે. તે માટે કાગડાનું માંસ અને કુતરે બોટયું એ ઉખાણો સાચો છે. તથાપિ જો તૃપ્તિ ન થતી હોય તો વિષય પણ ભોગવીયે. જો મિષ્ટ ભોજન હોય તો તૃપ્તિએ છોડીયે. પણ વિષય ભોગવીયે તો પણ તૃપ્તિ ન થઇ હોય. અને પરલોકે નરકનું કારણ એ બે કૃત્ય કેમ સેવીયે ? વળી એ જીવે વિષય તો દેવતાના ભવમાં સાગરોપમની સંખ્યામાં કાલ સુધી ભોગવ્યા છતાં તૃપ્તિ ન થઇ. તો મનુષ્યના ભવમાં તુચ્છ ભોગ થોડો કાળ ભોગવે તો તૃપ્તિ કેમ થાય ? યદ્યપિ વિષય આપાતમાત્ર મનોહર લાગે છે. તો પણ કિંપાકવૃક્ષના સરખા પરિણામે દુઃખદાયી છે. તે માટે વિષયને છોડી ઇન્દ્રિય મનને દમી મોક્ષમાર્ગ સમજીને તેને વિષે ઉદ્યમ કરો, આ પ્રમાણે કહ્યું. તથા મોક્ષમાર્ગનાં સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રયિનું સ્વરુપ વિસ્તારે સમજાવ્યું. તેથી પ્રતિહારી પણ પ્રતિબોધ પામી. બીજે પહોરે શેઠાણી આવી. ત્યારે પ્રાતિહારીને જવનિકાને આંતરે બેસાડીને શેઠાણીને પ્રતિબોધ પમાડી. ત્યારે તે પણ પ્રતિબોધ પામી,

ત્રીજે પહોરે મંત્રિની ભાર્યા આવી. તેને પણ પ્રતિબોધી રુડે માર્ગે સ્થાપીને તેને પોતાની પૂંઠે જવનિકાને આંતરે બેસાડી.

ચોથે પહોરે રાજાની રાણી આવી. ત્યારે કુમારે આસનથી ઉઠીને

પ્રણામ કર્યા. રાણી બોલી હે નાથ ! શું કરો છો ? હમણા ઉભા થવાનો શો અવસર છે ? તથા પ્રણામનો શો અવસર છે ? પોતાના અંગસંગરૂપ અમૃતે કરી મને શીતલતા ઉપજાવો. વિરહાનલ અગ્નિએ કરી બળતી એવી મને ક્ષણમાત્ર પણ ઉવેખશો નહિં. જો ઉવેખશો તો મારું હૃદય ફાટી જશે. તે સાંભળીને કુમારે તેની સામે જોયું પણ નહિં. અને વિચાર્યું કે હજી એ મદોન્મત્તપણાથી ઉપદેશ યોગ્ય નથી રાણી બોલી જે સત્પુરૂષ હોય તે સત્યપ્રતિજ્ઞાવંત હોય યતઃ ॥ सकृदपि यत्प्रतिपन्नं, तत्कथमपि न त्यजति सत्पुरूषाः ॥ ઇત્યાદિ. વળી મને એકાંતે તેડીને હવે ઉપરાંઠા કેમ થઇ ગયા છો ? ત્યારે કુમાર બોલ્યો. તમને બોલાવીને જિન ધર્મને વિષે થાપી પરલોકને વિષે દુઃખ આપનારા એવા દુષ્ટ ચારિત્રથી દૂર રાખીશું. રાણી બોલી, તેમજ કરો. પણ એકવાર તમારા અંગનો સંગ કરો. પછી જેમ કહેશો તેમ કરીશ. કુમાર બોલ્યો. પાણિગ્રહણના દિવસથી માંડીને આજ દિવસ સુધી કંદર્પાવતાર રાજાનો નિરંતર સંગમ કરતાં તમને તૃપ્તિ ન થઈ તો મારો સંગમ કેમ તૃપ્તિ કરશે ? માટે એ દુર્બુદ્ધિ છોડીને નિરપરાધ સન્માર્ગ સેવો ઈત્યાદિ પૂર્વોક્ત વચનથી રાણીને સમજાવી. પણ તે સમજી નહિં.

અને કહેવા લાગી. કે હું તમારૂં સર્વ કરીશ પણ દૂતિપત્રને જે કહેવડાવ્યું હતું તે પાળો. કુમાર બોલ્યો. જે મેં દુતીને કહ્યું છે તે કરવાનું નથી. આ જન્મમાં તો તગારૂં વાંછીત પુરુ નહિ પડે. આવું તે કુમારનું અસાધારણ સત્ય દેખીને અને પોતાના દૂરારાધ્યવસાય જોઇને વૈરાગ્ય પામી. કુમારનાં ચરણે પ્રણામ કરીને બોલી ! હે બાંધવ હું પાપી ભગિનિ ! તેણીએ તને પરાભવ કર્યો. હવે એ પાપથી હું ક્યાં છુટીશ ? હું તમારી ઓરમાન માતાની પુત્રી લઘુ બહેન છું. તમે પોતાના કુલરુપ આકાશમાં ચંદ્રમા સરખા છો. તમે પરનારીને ભગિનિ કરીને ગણી છે. પણ હવે હું કલંકે સહિત પ્રાણ કેમ ધરી

શકું ? માટે મારે તમારી આજ્ઞા તેજ શરણુ છે. પછી કુમારની આજ્ઞાએ તે પોતાના સ્થાનકે ગઇ. બીજી ત્રણે સ્ત્રીઓ પણ પર પુરુષનો નિયગ કરી પોતાના સ્થાનકે ગઈ. રાજા પણ કુમારને કહેવા લાગ્યો. હે મહા જસના ધણી ! આ સંસાર નાટક દેખાડી તમે મારી ઉપર ઘણો ઉપકાર કર્યો હવે આજ્ઞા કરો તો મારા સ્થાનકે જઉ. ત્યારે કુમાર રાજાને પહોંચાડી પાછો આવ્યો.

હવે પ્રાતઃકાલે કુમાર તથા રાજા બેહુ સાથે બેઠા છે. એવામાં સહુસાત્કારે ઇશન ખૂણે અતિ અદ્ભૂત તેજનો વિસ્તાર દેખ્યો. પ્રાતિહારને પૂછ્યું. આ શું છે ? તેણે ખબર કાઢીને જણાવ્યું કે અહીં એક કેવલીભગવંત પધાર્યા છે. તેમને દેવતા વંદન કરવા આવે છે. તેની કાંતિ દેખાય છે. તે સાંભળી. રાજા, કુમારને સાથે લઇ અન્ય સર્વ કાર્ય મૂકીને સર્વ ઋદ્ધિ સહિત વંદન નિમિત્તે ગયા. ત્યાં વિધિ પૂર્વક વંદન કરી યથાસ્થાને બેઠા. કુમાર પોતાના ધર્મદાયક જાણીને બોલ્યો. હે વીતરાગ, તમે મને પવિત્ર કર્યો. ઘણો પ્રસાદ કર્યો. કારણ કે પોતાના ચરણ કમલનું દર્શન કરાવ્યું. રાજા બોલ્યા. મને પણ પવિત્ર કર્યો. સર્વ પર્ષદા ઉઠી ત્યારે રાજાએ પરિવાર સહિત કુમારને લઇને અવગ્રહ બહાર આવી. મુગટાદિક સર્વ અલંકાર કુમારને આપ્યા પછી પોતાનાં પરિવારને એમ કહ્યું. તમારો રાજા પરિવાર સહિત કુમારને પ્રણામ કરીને કેવલી પાસે દીક્ષા લેશે. એમ કહી દીક્ષા લીધી. તેમજ કુમાર તથા રાજા બેહુને પૂછીને પાપની શુદ્ધિ કરવા માટે રાણીએ પણ લીધી, બીજી રાણીઓએ પણ ચારિત્ર લીધું. કુમાર પણ વંદના કરી પોતાના સ્થાને ગયો. રાજા ન્યાયે રાજ્ય કરે છે. જિનશાસન પ્રભાવતો થકો મંત્રીશ્વરને સર્વ કાર્યમાં આગળ કરીને પોતાના સરખો કર્યો.

હવે રિપુમર્દન રાજાએ કાગળ મોકલ્યો. તે વેળાએ વિમલ મંત્રીને રાજ્ય સોંપીને કુમાર નયપુરનગરે આવ્યો. તે વીરકુમારે

પોતાના પિતાને ધર્મ સંભળાવ્યો. રાજાએ પણ ધર્મતત્વ સમજીને પુત્રને રાજ્ય સોંપીને ચારિત્ર લીધું. પાછળથી વીરરાજા પણ ઘણા કાળ સુધી રાજ્ય પાળી અંતે પણ ધવલરાજર્ષિ પાસે ચારિત્ર લઇ નાના પ્રકારનાં તપતપી ઘનઘાતી કર્મ ખપાવી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. એ રીતે પરસ્ત્રી ન સેવવી. इति वीरकुमार कथा सुपार्श्व चरित्रे ॥

હવે બીજા પદનો અર્થ કહે છે. न सेवियव्वा पुरिसा अविद्या ॥ અવિદ્યાવંત એટલે વિદ્યારહિત એવા પુરૂષ જે હોય તેને ન સેવવા, તે ઉપર અગીતાર્થની કથા કહે છે. વસંતપુર નગરને વિષે એક અગીતાર્થ સંવેગી સરખા એક આચાર્ય હતા, તેની સાથે ગચ્છ વિચરે છે. તે ગચ્છમાં એક સંવિજ્ઞ સરખા સાધુ છે. તે નિરંતર પાણી પ્રમુખથી ખરડેલે હાથે દોષ સહિત અશુદ્ધમાન આહાર, પાણી લઈ આવીને, નિત્ય આવશ્યક વેળાએ સંવેગીની પેઠે ઘણો ખેદ ધરતો, ગુરુ પાસે આવી સર્વ પાપ આલોવે છે. ગુરુ પણ નિત્ય તેનું પ્રાયશ્ચિત્ત આપે છે. તે આલોયણ આપતા ગુરુ પોતે અગીતાર્થ હોવાથી નિત્ય એમ કહે છે કે અહો ! શિષ્ય જુવો, કેવો ધર્મશ્રદ્ધાવંત છે. એ મહાભાગ્યશાળી છે. ધર્મ તો સુખે સેવાય, પણ આલોવવું તે પણ દુષ્કર છે. તે માટે એ શુદ્ધ છે. તે દેખીને બીજા મુગ્ધ સાધુ વિચારવા લાગ્યા કે, અહો ! આલોવવું તેય શ્રેય છે-તે માટે અકૃત્ય કરવામાં કોઈ દોષ નથી, પણ અકૃત્ય કરી ને આલોવવું એજ દુષ્કૃત છે. એમ સર્વ સાધુઓએ વિચાર્યું. પછી તે સર્વ સાધુઓ એમજ કરવા લાગ્યાં. એમ કેટલાએક કાળ ગયો. એકદા કોઈ ગીતાર્થ સાધુએ પેલા અગીતાર્થ આચાર્યને કહ્યું કે હે આચાર્ય ! તમે અકૃત્ય સેવી સાધુની પ્રશંસા કરતાં ગિરિનગરના રાજા તથા પ્રજા લોક સરખા થાવ છો.

તે કથા કહું છું તે સાંભળો. એક ગિરિ નામે નગર છે. ત્યાં એક કોટીશ્વર વાણીયો વસે છે. તે અગ્નિનો ભક્તિવંત છે. તે વર્ષો-

વર્ષ એક ઓરડો ભરી રત્નને અગ્નિ લગાડે છે તે દેખીને રાજા તથા પ્રજા મળી તે શેઠની પ્રશંસા કરે છે. કે જુવો. કે શેઠ વૈશ્વાનરની કેવી ભક્તિ કરે છે ? તે અગ્નિનામે ભગવાનને વર્ષો વર્ષ રત્ને કરી સંતોષે છે. એમ પ્રશંસા કરતાં રહે. તે શેઠ પણ હર્ષે કરીને પ્રતિ-વર્ષે રત્નનો ઓરડો અગ્નિએ બાળીને દેવની ભક્તિ કરે છે. એક વર્ષ જેવો શેઠે અગ્નિ લગાડયો તેવા વખતે ભાવિભાવથી પ્રચંડ વાયુ વાયો. તેણે કરી અગ્નિ વિસ્તાર પામ્યો. તેથી રાજાનો મહેલ પ્રમુખ સર્વનગર બળીને ખાખ થયું, ત્યારે રાજા તથા પ્રજાએ વિચાર્યું કે એને પ્રથમથી નિષેધ કર્યો હોત તો ઘણું સારું થાત. આપણે એની પ્રશંસા કરી. એવો પ્રશ્ચાત્તાપ કરી દંડીને તે વાણીયા ને કાઢી મુકયો. એ રીતે હે આચાર્ય તમે પણ અવિધિએ પ્રવર્તતા એવા સાધુની નિત્ય પ્રશંસા કરી છે. પોતાના આત્માનો તથા ગચ્છનો નાશ કરો છો. તે માટે મથુરા નગરીના રાજા તથા પ્રજા સરખા થાવ. અનર્થના ભાગી ન થાવ. તેની કથા કહું છે. તે સાંભળો.

મથુરા નગરીને વિષે એમજ પૂર્વોક્ત રીતે વૈશ્વાનરનો ભક્ત એક વાણીયો હતો. તેણે રત્ને ઘર ભરીને અગ્નિ લગાડવા માંડયો. એટલે રાજાએ તથા પ્રજાએ તેનો તિરસ્કાર કર્યો. દંડયો, રાહુ કહેવા લાગ્યા કે અટવીમાં જઈ ઘર કરીને અગ્નિ લગાડો. એમ કહીને તેને નગરમાંથી કાઢી મુકયો. એમ હે આચાર્ય. તમે પણ તેમ કરશો તો આત્મા તથા ગચ્છને અનર્થથી રાખશો. એવી યુક્તિએ શીખામણ દીધી. તો પણ અગીતાર્થ આચાર્ય એ કદાગ્રહ ન મુકયોને તેજ રીતે પ્રવર્તતા રહ્યા ત્યારે પ્રાહુણા સાધુએ તે ગચ્છના સાધુઓ ને કહ્યું કે, એવા મૂર્ખ ગુરુની સેવા કરવા યોગ્ય નથી. માટે એને તજો. નહિ તો અનર્થ થશે. તે સાંભળી ગચ્છના સાધુએ એ ગુરુને છોડયા. એ રીતે અવિદ્યાવંત પુરૂષને ન સેવવા. એ કથા વિશેષાવશ્યકમાં છે.

હવે ત્રીજા પદનો અર્થ કહે છે.न सेवियव्वा अहिमाणी हीणा ॥ અભિમાની પુરુષ તથા હીન એટલે નીચ પુરુષ જે હોય તેને ન સેવવા તે ઉપર શ્રી વીરસ્વામિ અને ગોશાળાનું ઉદાહરણ કહે છે.

ઠામઠામ ગોશાળાના કુલક્ષણે કરીને કેટલાક લોકો પ્રભુજીને મારવા લાગ્યા. કોઇક પ્રભુને બેડીમાં નાંખવા લાગ્યા. ઇત્યાદિક કથા શ્રી કલ્પસૂત્ર આદિમાં પ્રસિદ્ધ છે. ત્યાંથી જાણવી. એ ગોશાળો અભિમાની તથા નીચ પુરુષ હતો. અથવા આ જ ભરતક્ષેત્રને વિષે ક્ષિતિપ્રતિષ્ઠિત નામે નગરમાં દુષ્ટબુદ્ધિ અને સુબુદ્ધિ નામે બે વાણિયા વસે છે પણ તે બેનાં જેવા નામ તેવા ગુણ છે. તે બંને નિર્ધન છે. પણ કર્મસંયોગે બેહુને મિત્રાઇ થઈ છે. તે બેહુ કાંઈક કરિયાણા લઈને પરદેશ ધન કમાવવા ગયા. અનુક્રમે કોઈક પુરાતન ગામને વિષે કેટલાએક દિવસ લોભથી રહ્યા. એક દિવસે સુબુદ્ધિ દેહચિંતાએ ગયો છે. એવામાં કોઇ જુના ખંડેરમાંથી કાંઇક નિધાન જડયું. તે દુષ્ટબુદ્ધિને દેખાડયું. હજાર સોનૈયા થયા. તે લઇને પોતાના નગર સમીપે આવ્યાં તે વખતે તે દુષ્ટબુદ્ધિ સુબુદ્ધિ સાથે વિચાર કરવા લાગ્યો કે એ ધન જો આપણે બેહું અર્ધો અર્ધ લઈને ગામમાં જઇશું તો લોકમાં આપણો ભાર વધશે. ત્યારે રાજા જાણશે. કે એમને નિધાન જડયું છે. માટે લૂંટી લેશે. પછી જેવા હતા તેવા નિર્ધન થઈ જઇશું માટે સો સો દ્રવ્ય લઇને બીજું દ્રવ્ય તો તમારી હા હોય તો વડતળે દાટી દઇએ. તે વાત સુબુદ્ધિએ માની. પછી રાતે દાટીને ગયા. હવે દુષ્ટબુદ્ધિ તો અણધાર્યું ખરચ કરતાં થોડા દિવસમાં લાવેલું દ્રવ્ય ખાઈ ગયો. ત્યારે સુબુદ્ધિ સાથે લઇને વળી બીજા સો સો દ્રવ્ય કાઢી લાવ્યા, એક દિવસ દુષ્ટબુદ્ધિએ વિચાર્યું કે શેષ દ્રવ્ય જે રહ્યું છે તે એને ઠગીને હું જ લઈ લઉં એમ વિચારી રાત્રિને વિષે તે ધન લેવા ગયો. લઇ આવ્યો. પ્રાતઃકાલે સુબુદ્ધિને કહેવા ગયો કે આપણે દાટેલું દ્રવ્ય લઇ આવીયે. તો ચિંતા ટળે. તે વાત સરલસ્વભાવી સુબુદ્ધિએ માની. પ્રભાતે બેહુ જણા ત્યાં ગયા. ત્યાં જોયું તો ધન જ ન મળે. તે વારે દુષ્ટબુદ્ધિ કપટથી બુમ પાડીને કહેવા લાગ્યો કે અરે ! હું ઠગાણો. કોઇક ધન લઇ ગયું. પત્થર લઇ માથુ કૂટવા લાગ્યો. અને સુબુદ્ધિ કહેવા લાગ્યો કે એ

ધન તેં લીધું છે. કારણ કે એ ધનનું આપણા બે વિના કોઇ જાણતું નથી. માટે તું જ ઠગ છે. એમ બેહુ જણ કલેશ કરતાં રાજદ્વારે ગયા. રાજા આગળ દુષ્ટબુદ્ધિ કહેવા લાગ્યો કે, હે મહારાજ ! અમને નિધાન જડયું હતું. તે અમે તમારી બીકે અહિં ન લાવ્યા અને બહાર ભૂમિમાં દાટયું. તે એણે મને ઠગીને લઈ લીધું. માટે હવે યુક્ત લાગે તેમ કરો. રાજા બોલ્યો. એ વાતમાં કોણ સાક્ષી ? દુષ્ટબુદ્ધિ બોલ્યો કે, તે મહાવૃક્ષ સાક્ષી છે. બીજું તો કોઈ નથી. તે મહાવૃક્ષની હેઠળ દાટયું હતું તે વૃક્ષ સાક્ષી છે. તે મહાવૃક્ષ જો એમ કહે કે અમુક પુરુષે લીધું. તો તમે મને સત્ય વચનનો ધણી જાણજો. રાજા બોલ્યો. જો એમ કરશો તો તમે સર્વ લોકમાં સત્યવાદી ગણાશો. તે પરીક્ષા કાલે કરશું. એમ દુષ્ટબુદ્ધિએ કહયે થકે. રાજાએ બંનેને વિસર્જ્યા. બેહુ જણ ઘરે ગયા. સુબુદ્ધિ મનમાં વિચારે છે કે અહો ! એ દુર્ઘટ વાત કેમ બનશે ? પણ ધર્મથી સદા જય છે. દુષ્ટબુદ્ધિ પણ ઘેર જઈને ભદ્ર નામે પોતાના બાપને કહે તો કે હે પિતા દ્રવ્ય તો હું લાવ્યો છું. માટે રાતે હું તમને વડનાં કોટરમાં ઘાલીશ. લોક ભેગા થાય ત્યારે કોટર માંથી એમ કહેજો કે સુબુદ્ધિએ દ્રવ્ય લીધું છે. તે બોલ્યો. રે દુષ્ટ ! તેં એ કામ કર્યું છે. તે બોલ્યો. હે દુષ્ટ ! તેં એ દુષ્ટ કામ કર્યુ છે. પણ હું તારા આગ્રહે એ કામ કરીશ. પછી તેને કોટરમાં ઘાલ્યો.

હવે પ્રાતઃકાલે રાજા તથા નગરનાં લોકો સાથે દુષ્ટબુદ્ધિ સર્વે આવ્યા. વડની પૂજા કરીને પછી દુષ્ટબુદ્ધિ બોલ્યો કે હે વૃક્ષ ! તમે કહેશો. તે સાચું કરશે માટે સત્ય કહો કે એ ધન કોણે લીધું છે. ત્યારે વડનાં કોટરમાં રહેલ ડોસો બોલ્યો કે, એ ધન સુબુદ્ધિએ લીધું છે, તે સાંભળી સર્વે લોક ચમત્કાર પામ્યા. રાજા સુબુદ્ધિને કહેવા લાગ્યો કે એ અપરાધ તમારો કર્યો છે. માટે ધન આપો. સુબુદ્ધિએ વિચાર્યું. કદાપિ કાલે વૃક્ષ બોલે નહીં. એ સર્વ દુષ્ટબુદ્ધિની ગૂઢ રચના દેખાય છે. વડનાં કોટરમાંથી વાણી નીકળી. તેથી કોઈક પુરુષ સંકેત કરીને

અંદર બેઠો છે. એમ વિચારી સુબુદ્ધિએ રાજાને કહયું કે, હું કહું તે સાંભળો. ધન તો મેં લીધું. પણ ઘેર લઈ ગયો નથી. મેં લઈને વડનાં કોટરમાં મૂકયું છે. પછી જે દહાડે લેવા આવ્યો ત્યારે ફણા-ટોપ માંડી રહેલો ભયંકર સર્પ દીઠો. તેથી મેં વિચાર્યું કે. એ ધન દેવઅધિષ્ઠિત થયું દેખાય છે. માટે હે રાજન્ ! તમારી આજ્ઞા હોય તો એ સર્પને કોઇક ઉપાયે મારૂં. રાજા બોલ્યો. એમ કરો. તે વારે સુબુદ્ધિએ બહાર અને અંદર છાણા પ્રમુખ ભર્યાં. પછી અગ્નિ લગાડયો. તે છાણાનો ધૂમાડો આવ્યો. તેથી આકુલ વ્યાકુલ થયો થકો તે ભદ્રશેઠ ! પૃથ્વીએ પડયો. લોકોએ ઉપાડયો, કૌતુકથી લોકો પૂછવા લાગ્યા કે અરે ! ભદ્ર શેઠ ! આ શું ? તે બોલ્યો. એ દુષ્ટે મને કૂટ સાક્ષી કર્યો, અલીક વચનનું ફળ મને હમણાં જ મળ્યું તે માટે કોઈ જુઠુ બોલશો નહિં. તે સાંભળી રાજાએ ભદ્ર શેઠને રાખ્યો, અને સર્વ ધન લઈ દુષ્ટબુદ્ધિને નગરની બહાર કાઢી મૂકયો. સુબુદ્ધિને અલંકાર વસ્ત્ર આપ્યા. સત્યવાદીનો જય થયો, દુષ્ટબુદ્ધિ પ્રથમથી જ લોકમાં હીણો હતો. તેની સંગતે સુબુદ્ધિને પણ આપદા થઇ માટે માનહીનની સંગત ન કરવી. આ કથા શાંતિનાથ ચરિત્રમાં છે.

હવે ચોથા પદનો અર્થ કહે છે. न सेवियव्वा पिसुणा मणुस्सा ॥ પિશુન એટલે ચાડીયા મનુષ્ય જે હોય તેને ન સેવવા. એના ઉપર ચક્રદેવની કથા કહે છે.

મહાક્ષેત્રને વિષે ચક્રવાલ નામે નગર છે. ત્યાં અપ્રતિહતચક્ર નામે સાર્થવાહ વસે છે. તેને સુમંગલા નારીની કુખે ચક્રદેવનામે પુત્ર ઉત્પન્ન થયો. તે ઘણો વિનયવંત છે. એજ નગરમાં સોમશર્મા નામે પુરોહીત વસે છે તેની નંદીવર્ધના નામે સ્ત્રી છે તેને યક્ષદેવ નામે પુત્ર છે. તે ચક્રદેવ તથા યક્ષદેવને ઘણી મિત્રાઇ છે. પણ તેમાં ચક્રદેવ તો સ્વભાવે પ્રીતિ છે. એને યક્ષદેવ કપટી છે. યક્ષદેવ એના છિદ્ર જોયા કરે. એની સંપદા દેખી શકતો નથી. યતઃ ॥ खलुः सत्क्रियमाणोपि ददाति कलहं सताम् ॥ दुग्धधौतोऽपि किं याति, वायसः

कलहंसताम् ।। તો પણ છિદ્ર ન જડયું, ત્યારે તેણે મનમાં વિચાર્યુ કે, એતો છળાતો નથી, માટે હવે કોઇ ઉપાય એવો કરું કે એ આ ગામમાં ન રહી શકે. હવે એજ નગરનો વાસી ચંદન નામે સાર્થવાહ છે. તેના ઘરમાંથી દ્રવ્ય ચોરી લાવું. તે એને જઇને સોંપું. એ પણ મારી મિત્રાઈ દાવે રાખશે. પછી હું રાજાને સંભળાવીશ ત્યારે રાજા એને દંડશે, મારશે, કૂટશે અને પછી એને કાઢી મૂકશે પછી એણે જેમ વિચાર્યું તેમ કર્યું. તે દ્રવ્ય ચોરી લાવીને ચક્રદેવને કહેવા લાગ્યો. હે મિત્ર ! આ મારું દ્રવ્ય પ્રછન્નપણે રાખજો. પરંતુ તે કુવેળાએ લાવ્યો માટે ચક્રદેવે તેન રાખ્યું, તો પણ ઘણો આગ્રહ કરતાં દાક્ષિણ્યતાએ રાખ્યું. એવામાં વાત પ્રસરી ગઇ કે ચંદનસાર્થવાહને ત્યાં ચોરી થઇ છે. તે વાત ચક્રદેવે સાંભળી. એટલે મનમાં શંકા ઉપજી ત્યારે તે ચક્રદેવને પૂછવા ગયો. યક્ષદેવ બોલ્યો. હે મિત્ર ! એ શું કહો છો ? હું તમને કેમ દુઃખમાં નાંખું ? એ દ્રવ્ય તો મારા પિતાની બીકે તમારે ઘેર મૂક્યું છે. ત્યારે તે ચક્રદેવને શંકા હતી તે ટળી ગઈ.

હવે ચંદન સાર્થવાહ રાજાની પાસે ફરીયાદે ગયો. ત્યારે રાજા બોલ્યો. તમારું શું શું દ્રવ્ય ગયું ? શેઠે પણ રાજાનાં દફતરમાં લખાવ્યું. રાજાએ તત્કાળ ઢંઢેરો ફેરવ્યો રે લોકો ! સાંભળો. ચંદન સાર્થવાહના ઘરમાં કોઇએ ચોરી કરી છે. તેનું દ્રવ્ય જેણે લીધું હોય તો તે આવીને રાજાને કહે, રાજા તેનો ગુન્હો માફ કરશે. પણ કદાપિ જાહેર ન કરશે, તો રાજા તેને આકરો દંડ કરશે. તેના પ્રાણ લેશે. તે ઢંઢેરો ફેરવ્યા પછી પાંચ દિવસ ગયા. એટલે યક્ષદેવે રાજાને કહ્યું. હે રાજન્ ! તે કહેવા યોગ્ય નથી. મિત્રનું છિદ્ર કેમ કહેવાય ? તો પણ રાજદ્વારે તો જેવું હોય તેવું કહેવું જોઇએ. વળી યદ્યપિ જો મિત્ર છે. તો પણ આલોક અને પરલોકને વિરુદ્ધાચારી પોતાના આત્માને પણ દુઃખદાયી તે મિત્રને શું કરું ? રાજાને કેમ ઉવેખું ? જે નજરે દીઠું તે તમને કહું છું. રાજા બોલ્યો. જેવું હોય તેવું કહો. પણ ન્યાયને અન્યાય કહેશો નહિ. યક્ષદેવ બોલ્યો. હે

રાજન્ ! મેં કાને સાંભળ્યું છે કે ચક્રદેવે ચોરી કરી છે. જો ચક્રદેવ ન માને તો પ્રછન્નપણે એનું ઘર જોજો. મેં પરિજન પાસેથી સાંભળ્યું છે. પછી તો મન માને તેમ કરજો. તમે મોટા છો. માફ કરો તો ઘણું સારું. મારો મોટો ભાઈ છે. રાજા બોલ્યો. એ વાત કેમ મનાય ?

યક્ષદેવ બોલ્યો. તમે કહ્યું તે સાચું છે. પરંતુ રૂડા માણસનું મન પણ લોભે કાચું થાય છે. જેમાં કુલનો પણ શું વાંક ? કારણકે ફૂળ ઘણું ઉત્તમ હોય, અને સુગંધી હોય તો પણ એમાં કીડા નીપજે. છાણમાં વીંછી ઉત્પન્ન થાય છે. તો તેમાં કૂલ શું કરે ? તે માટે કોઈક પ્રકારે એનું ઘર જોવડાવો. રાજાએ પણ એ વાત યુક્ત જાણીને પંચને બોલાવ્યા. વળી ઘણા ન્યાયવાન ભેગા થયા. ચંદન સાર્થવાહના ભંડારીની સાથે લઈને ચક્રદેવનું ઘર જુવો. ત્યારે કારણીયા વિચારવા લાગ્યા કે રાજા શું બોલે છે ? કાંઈ પણ તોલ કરતો નથી. ચક્રદેવને ધર્મનો રંગ ચોળ મજીઠ જેવો છે. વળી વિચારે છે કે આપણે શું કરીયે ? આપણે તો આજ્ઞાકારક થયા. એમ કહી આંખમાં આંસુ ઝરતા સર્વ ભેગા મળીને ત્યાં ગયા. પાછળો દિવસનો પહોર રહ્યો ત્યારે આવ્યા. તેને ચક્રવાકે સન્માન કરી આસન આપ્યા. કારણીયા બોલ્યા હે શેઠ ! કોઇ વ્યાપાર કરતાં કાંઇ વસ્તુ લાવ્યા હોય તે કહો. ચક્રદેવ. શંકા રહિત બોલ્યો. હું જાણતો નથી. કારણીયા બોલ્યા. તમે કોપ ન કરશો. રાજાએ તમારૂં ઘર જોવાની આજ્ઞા કરી છે. ચક્રદેવ બોલ્યો. અહિં કોપનો અવસર શો છે ? જે રાજા હોય તે ન્યાયે અન્યાયે કરી જુવે એ તો રીતી છે.

હવે કારણીયાએ પણ નગરનાં વૃદ્ધ પુરુષોને સાથે લઈને રાજાના પુરુષો સાથે જોયું. જોતા થકાં વિવિધ પ્રકારનું ધન જોયું. ને ભાંડ પણ ચંદનના નામ સહિત દીઠા. માંહેથી ઉપાડી સર્વ બહાર લાવ્યા. ચંદન શેઠનાં ભંડારીને દેખાડયા, તે પણ દેખીને હૈયામાં દુઃખ ધરતો

બોલ્યો કે સંભવે તો છે. પણ ચિત્તમાં સંશય આવે છે. કારણીયા બોલ્યા. પત્રમાં લખ્યું છે તે વાંચો. તેમાં એ દાગિના છે કે નહિ ? પત્ર પ્રમાણે બધું જોયું. ત્યારે સહુ થરથર્યા. કારણીયાએ ચક્રદેવને પુછ્યું. તમારે ઘેર આ ઋદ્ધિ કેવી રીતે આવી ? ત્યારે ચક્રદેવે વિચાર્યું કે મિત્રનું નામ કેમ દેવાય ? જો આનાં માથે ચોરી આવે તો મારી સજ્જનતા કેમ રહે ? વળી મારા પ્રાણ ઉગારીને પરનાં પ્રાણ કેમ હરૂં ? એમ ચિંતવીને કહ્યું કે મારા ઘરનાં છે. કારણીયા બોલ્યા. એ ભાંડની ઉપર ચંદન સાર્થવાહનું નામ લખ્યું છે, તેણે કહ્યું. તે તો ખબર નથી. કોણ જાણે કેમ ફેરફાર થયો હશે ? કારણીયા બોલ્યા. શીસંખ્યાએ તમારા ભાંડ છે ? ચક્રદેવ બોલ્યો, સાંભરતું નથી. પછી કારણીયાએ પત્ર વંચાવ્યો. તો દશ હજારનો માલ થયો. તે પત્રમાં લખેલા ભાંડ બરોબર છે. નગરનાં લોક તથા કારણીયા વિસ્મય પામ્યા કે યુગાંતે પણ ચક્રદેવ પારકું ધન ન લે. ફરીથી પૂછવા લાગ્યા કે હે ચક્રદેવ ! જે પ્રગટ હોય તે કહો. એમ ફરી ફરીને પૂછે. તો પણ ચક્રદેવ તેજ જવાબ આપે. ફરી પૂછ્યું કાંઈક વિચારીને જવાબ આપો તો પણ ચક્રદેવે કંઇ ન કહ્યું. ત્યારે કોટવાળ કોપીને રાજા પાસે લાવ્યો. રાજાને સર્વ વાત સંભળાવી. રાજા બોલ્યો. એ ઉભય લોકનો જાણ તે આવું કામ કેમ કરે ? ચક્રદેવને રાજાએ પૂછ્યું. જે પરમાર્થ હોય તે કહો ત્યારે ચક્રદેવે આંખમાં આંસુ લાવીને બધી વાત કહી. રાજાને ચક્રદેવ ઉપર શંકા ઉપજી. પણ ચક્રદેવનાં બાપનો આદર જાણી કાંઇ કહ્યું તો નહિ. પરંતુ નગરની બહાર કાઢી મૂકયો. ત્યાં ચક્રદેવે મનમાં વિચાર્યું કે મને આવડો પરાભવ થયો, લોકમાં અપયશ થયો. માટે મારે હવે જીવવું નથી. એમ ચિંતવીને ત્યાં દેવલની પાસે એક વટ છે. તેમાં ગળા ફાંસો ખાધો.

એ અવસરે વનદેવીએ અવધિજ્ઞાનથી જોયું તો વાત વિપરીત થાય છે. ચક્રદેવ ઉપર કરુણા આવી. તેથી વનદેવીએ રાજાની માતાનાં દિલમાં આવીને જેવી વાત હતી તેવી કહી સંભળાવી. અને કહ્યું. કે

નગરની બહાર ચક્રદેવે મરવાને ફાંસો ઘાલ્યો છે. તે જઇને વારો. અને ઘણા આદરથી નગરમાં તેડી લાવો. તે સાંભળીને રાજાને દુઃખ થયું. અને બોલ્યા. દુરાચારી યક્ષદેવને પકડો, એમ હુકમ કરીને પોતે ઉતાવળો થોડા માણસો સાથે નગર બહાર જતાં થકાં દૂરથી ચક્રદેવને ફાંસો ખાધેલો જોયો. શોર કરતો આવી ફાંસો દૂર કરીને પોતાની પાસે બેસાડયો. ચિત્તમાં ઘણો આનંદ થયો. રાજા બોલ્યો. હે ભૂંડા! મેં તને ફરી ફરીને પૂછયું. પણ તેં કાંઈ ન વાત કહી. તું સાચો છે. તારું સર્વ સ્વરૂપ વનદેવીએ મારી માતાનાં દિલમાં આવીને કહ્યું તેણે યક્ષદેવને જુઠો કહ્યો, અને તને સાચો કહ્યો. તે સાંભળીને ચક્રદેવે વિચાર્યું. અહો! આ કામ માઠું થયું. રાજા બોલ્યો, તારી અવજ્ઞા કરી તે હું ખમાવું છું. તું ખમજે, મેં પરમાર્થ જાણ્યા વિના તારી અવજ્ઞા કરી, તે હું ખમાવું છું. ચક્રદેવ વિચારે છે કે જે મોટો અનર્થ થયો. કારણ કે યક્ષદેવને આપદા આવી, ત્યારે રાજાને કહેવા લાગ્યો. હે રાજન્! તમે પ્રજાના પાલક છો. યક્ષદેવની ખબર કઢાવો. રાજા બોલ્યો. અમે ખબર કઢાવી છે, મારો મિત્ર એવું ન કરે. રાજા બોલ્યો. દેવી ખોટું બોલે નહિં. ચક્રદેવે વિચાર્યું, કે મારો ભાઇ છે. એટલામાં યક્ષદેવને બાંધીને રાજા પાસે આણ્યો. રાજાએ કહ્યું, એની જીભ કાપો. એની બે આંખો કાઢો. એનું ઘર લૂંટી લો, એને મારીને દેશમાંથી બહાર કાઢો. ત્યારે ચક્રદેવે રાજાને કહ્યું. મારે બીજુ કાંઈ જોઇતું નથી. પણ યક્ષદેવને મુકી દો. જો યક્ષદેવ આપદા પામે તે મારાથી ન ખમાય. રાજા બોલ્યો, એ વાત યુક્ત નથી. એ સાતે ધાતે દુષ્ટ છે. વિશ્વાસઘાતી છે, એને રાખે શું થાય? ચક્રદેવ બોલ્યો, એને જીવિતદાન આપો. મારી ઉપર મોટો ઉપકાર કરો. રાજાએ ચક્રદેવને ઘણો આદર કર્યો. લોકો કહેવા લાગ્યા, રાહનું પાણી રાહે ગયું. યક્ષદેવ મહા જઘન્ય છે, એ તો જીવતો મુવા જેવો છે. ચક્રદેવ ઉંડા કુવાની પેઠે ગંભીર જાણવો. સવૈયો ॥ बहिरे गीत सण्यु नहिं. भमरे चंप नहु दीठो, सोळकला संपूर्ण चंद अंधले न दीठो ॥ करहीणे पांगुले कठिनको बाण न ताण्यो,

युवति कंठ विलग्ग मुग्धे रस भेद न जाण्यो. कूणही पूत कपूत गीत, नाद, चित्त नवि धर्यो ॥ कवि गंग कहे रे ठकुरो गुणवंता हि गुण ग्रह्यो (१) ચક્રદેવને વૈરાગ્ય થયો. અહો! મિત્રને પણ એવડો ખેદ. અહો, કર્મની વિચિત્રતા, અહો, સંસારની અસારતા. પરિચિત્તનો પાર ન પામીયે. જો મિત્ર એમ દ્રોહી થાય તો કોની સાથે ચિત્ત મેળવીયે? જો એનો ત્યાગ કરીયે તો સુખ પામીયે. यतः ॥ वरं न राज्यं, न कुराज्यं, वरं न मित्रं न कुमित्र मित्रं ॥ वरं न दारा न कुदारदारा, वरं न शिष्यो कुशिष्य-शिष्य ॥એવાં અવસરને વિષે અગ્નિભૂતિ નામે ગણધર ઉદ્યાનને વિષે અવગ્રહ જાચીને રહ્યા છે. તેમને ચક્રદેવે કહ્યું. મારે દીક્ષાનાં પરિણામ થયા છે, ગુરુને કહેવા લાગ્યો. તમે ઉપકાર કર્યો, ગુરુની દેશનાં સાંભળી, પુન્યો-દયે કર્મ ગળ્યા. કર્મસ્થિતિ પણ તૂટી, ચારિત્ર સંપૂર્ણપણે નિરતિચારે પાળ્યું. કાળ કરીને પાંચમે દેવલોકે નવ સાગરોપમના આયુષ્યે દેવતા થયો. યક્ષદેવ મરીને બીજી નરકે ગયો. આગળ ચક્રદેવ, યક્ષદેવની પૂર્વભવની વાર્તા ઘણી છે. તે સમરાદિત્ય ચરિત્રથી જાણવું. અહિં તો ચાડીયાની સંગ ન કરવી. તે ઉપર એક ભવનું પ્રયોજન હતું તે કહ્યું. ચાડિયાની સંગ મુકી તો સુખી થયો. અનુક્રમે ચક્રદેવ ચારભવે મોક્ષે જશે. યક્ષદેવ તો છઠ્ઠી નરકે જઈ અનંતો કાળ સંસારમાં રઝળશે. इति चक्रदेव कथा ॥ इति सकलसभाभामिनि भालस्थलतिलकायमान पंडित श्री उत्तमविजयगणि शिष्यपंडित श्री पद्मविजय गणि विरचिते गौतमकुलक प्रकरणे बालावबोधे त्रयोदश गाथायां पंचोदाहरणानि समाप्तानि ॥

હવે ચૌદમી ગાથા લખીયે છીએ. તેને પૂર્વ ગાથા સાથે એ સંબંધ છે કે પૂર્વ ગાથાએ ન સેવવા યોગ્ય અધમ પુરુષ દેખાડયા. આ ગાથામાં તેના પ્રતિપક્ષી, સેવા કરવા યોગ્ય ઉત્તમ પુરુષ દેખાડે છે.

जे धम्मिया ते खलु सेवियव्वा, जे पंडिया ते खलु पुच्छियव्वा ॥
जे साहुणो ते अभिवंदियव्वा, जे निम्ममा ते पडिलाभियव्वा ॥ (१४)

अर्थ : जे धम्मिया ते खलु सेवियव्वा ॥ જે પુરુષ ધર્મવંત હોય તે પુરુષ નિશ્ચયે સેવવા એટલે અંગીકાર કરવા. તે ઉપર ઋષભદેવ સ્વામિનું પાછલા વૈદના ભવનું દૃષ્ટાંત કહે છે.

જંબુદ્વીપનાં મહાવિદેહ ક્ષેત્રને વિષે ક્ષિતિપ્રતિષ્ઠિત નામે નગર છે. ત્યાં સુવિધિ નામે વૈદ હતો. તેને જીવાનંદ નામે પુત્ર હતો. તે કાળે જ બીજા ચાર બાળક ઉપજ્યા. તે જાણે દાન, શીલ, તપ, ભાવનાની મૂર્તિયો જ હોય નહિં. તેમાં એક પ્રસન્નચંદ્ર રાજાની કનકાવતી ભાર્યા તેનો મહીધર નામે પુત્ર થયો. બીજો સાગરદત્ત સાર્થવાહની અભયમતી ભાર્યા તેનો પૂર્ણભદ્ર નામે પુત્ર થયો. ત્રીજો શુનાસીર નામે પ્રધાનનો સુબુદ્ધિ નામે પુત્ર થયો. ચોથો ધન નામે શેઠની શીલવતી ભાર્યાનો ગુણાકર નામે પુત્ર થયો. તેઓ મોટા થયા. સાથે પાંસુ ક્રીડા કરે. કલાના કલાપ સાથે ભણે. તેજ નગરમાં ઇશ્વરદત્ત નામે શેઠનો કેશવ નામે પુત્ર છે. એ છ જણને માંહોમાંહે આકરી મિત્રાઈ થઇ. તે પંચેન્દ્રિય અને છઠ્ઠું મન તેની પેઠે વિરહરહિત રહે છે. જીવાનંદ પોતાના પિતાની વિદ્યા આયુર્વેદ સંપૂર્ણ ભણ્યો. અષ્ટાંગ ઔષધી રસની વાતોનું સર્વ ફળ જાણે. હાથીમાં જેમ ઐરાવત, ગ્રહમાં જેમ સૂર્ય, તેમ વૈદમાં શિરોમણી છે. છ જણ સાથે ક્રીડા કરતાં એક દિવસ એકને ઘેર રહે. બીજે દિવસે બીજાને ઘેર, એમ સદા સઘળા ભેગા રહે. એકદા જીવાનંદ વૈદને ઘેર છએ ભેગા રહ્યા. એવામાં પૃથ્વીપાળ રાજાનો પુત્ર ગુણાકાર નામે છે. તેણે અંગના મેલની પેઠે રાજ્ય છોડીને દીક્ષા લીધી. તે જેમ કૃષ્ણકાલના તાપે નદી દુબળી થાય, તેમ તપસ્યા કરી દુર્બળ થયા છે. તેમને અકાલે અપથ્ય ભોજને કરી કોઢ નીકળ્યો. કારણ કે મુનિઓ શરીરની રક્ષા ન કરે. તે મુનિને છઠ્ઠને પારણે છઠ્ઠ ઘર ઘરને વિષે ભમતા જીવાનંદ વૈદને ઘેર આવતા મિત્રોએ જોયા. ત્યારે મહીધર કુમારે વૈદપુત્ર જીવાનંદને હાંસીમાં કહ્યું કે તું જગતમાં વૈદ શિરોમણી છે. તને રોગનું જ્ઞાન છે. તારી પાસે ઔષધ ઘણા છે. ચિકિત્સામાં પણ હોંશિયાર છે. પણ તારામાં કાંઇ દયા નથી. જે સદા આર્ત હોય તે તને પ્રાર્થના કરે છે. તો પણ તું વેશ્યાની જેમ દ્રવ્ય વિના તેની સામું જોતો પણ નથી. માટે એકાંતે દ્રવ્યનો લોભી છે. કાંઈક ધર્મ આશ્રયીને ચિકિત્સા કરીયે, તારી વૈદવિદ્યા, તારો પરિશ્રમ

તેને ધિક્કાર પડો. કારણ કે એવું રોગવંત પાત્ર આવ્યું તેને ઉવેખે છે? તે સાંભળીને જીવાનંદ પણ સકલ વિજ્ઞાનરૂપ રત્નનો રત્નાકર છે તે બોલ્યો, હે મહાભાગ! તેં ભલુ સંભાર્યું. કારણ કે બ્રાહ્મણ અદ્વેષી ન હોય. વાણીયો અવંચક ન હોય. શોકય અન, ઇર્ષ્યાવંત ન હોય. શરીર નિરોગી ન હોય, પંડિત ધનવંત ન હોય. ગુણવંત એ ત્રણ અહંકારી વિના ન હોય, સ્ત્રી અચંચલ ન હોય, રાજપુત્ર સુચરિત્રનાં ધણી ન હોય, એ સર્વ પ્રાયે ન હોય. માટે એ મહામુનિ ચિકિત્સા કરવા યોગ્ય છે. પણ ઔષધની સામગ્રી મારી પાસે નથી. એ વચમાં અંતરાય નડે છે. કારણ કે એક લક્ષપાક તેલ તો મારી પાસે છે. પણ ગોશીર્ષ અને રત્નકંબલ એબે વસ્તુ નથી. તે સાંભળીને પાંચે મિત્ર બોલ્યા. એ બે વસ્તુ અમે લાવી દઈશું. એમ કહીને પાંચે જણ હાટની શ્રેણીયે ગયા. સાધુ પણ પોતાના સ્થાનકે ગયા. હાટવાળા વાણિયાને પાંચે જણે કહ્યુ. અમને મૂલ્ય લઈને બે વસ્તુ આપો. એમ કહયે થકે વાણીયો બોલ્યો. એ બે વસ્તુનું મૂલ્ય દરેકનું લાખ છે. પણ તમે એ વસ્તુને શું કરશો? જે પ્રયોજન હોય તે કહો, તે બોલ્યા. તમે મૂલ્ય લઇને બે વસ્તુ આપો. અમારે સાધુની ચિકિત્સા કરવી છે. તે સાંભળી વાણીયો બોલ્યો કે વિસ્મય પામ્યો, વિકસ્વર લોચક થઇ, રોમરાજી વિકસ્વર થઈ ચિંતવવા લાગ્યો કે યૌવન કયાં? અને મારી વિવેકનું સ્થાન એવી વૃદ્ધાવસ્થા કયાં? જરાએ જર્જરીત શરીરવાળો હું છું. તેથી એ કાર્ય મને કરવું ઘટે. તે એમ ચિંતવીને બોલ્યો. ભો ભદ્ર! એનું મૂલ્ય વિના જ લો. તમને કલ્યાણ થાવો. હું મૂલ્ય નહિં લઉં. તમે મને ભાઇ પેઠે ધર્મમાં સંવિભાગી કરો. એમ કહી તે શેઠે બે વસ્તુ આપીને પોતે ચારિત્ર લઇ તેને નિરતિચારપણે પાળી કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

એ પાંચે સત્પુરુષ પણ ઔષધ સામગ્રી લઇને જીવાનંદ બેદ પાસે જઇ મુનિ પાસે ગયા. મુનિ વડવૃક્ષની નીચે કાઉસગ્ગ ધ્યાને હતા. તેમને છ એ જણે વંદન કર્યાં. અને બોલ્યા. હે ભગવાન્! તમારી ચિકિત્સા કરીયે તેથી વિઘ્ન થશે. પણ અમને આજ્ઞા કરો. તથા પુન્યનો

અનુગ્રહ કરો. એમ મુનિની અનુજ્ઞા લઇને એક ગાયનું મડુ લઇ આવ્યા. હવે મુનિને અંગ પ્રત્યંગે તેલ મર્દન કર્યું. તે તેલનું વીર્ય ઉષ્ણ છે. ક્યારામાં આવે, તેમ શરીરમાં તેલ સંચરવા માંડયું. જેમ નીકે કરીને પાણી કયારામાં આવે તેમ. તેથી મુનિ અચેતન થયા. કારણ કે ઉગ્ર વ્યાધિને શમાવવા ઉગ્ર ઔષધ જોઇએ. હવે તેલ કરીને કૃમિયા આકુલ વ્યાકુલ થયા પછી મુનિના શરીરે રત્નકંબલ લપેટી લીધી.

તે રત્નકંબલ શીતલ છે. તેથી ત્વચાગત કૃમિ હતા તે સર્વ બહાર નીકળ્યા. તેને રત્ન કંબલમાં લઇ હળવે હળવે ગાયનાં શબમાં મૂકી દીધા. કારણ કે સત્પુરુષ હોય તે સર્વ દયા પાળે. જીવાનંદે ગોશીર્ષચંદને કરી વિલેપન કર્યું. તેથી આશ્વાસના ઉપજી. વળી તેલ ચોળ્યું. તેથી માંસગત કૃમિ નીકળ્યા. પછી રત્નકંબલ આચ્છાદન કર્યું. તેથી તે કૃમિ રત્નકંબલમાં આવ્યા. તે પણ ગાયનાં શબમાં ખંખેર્યા. ઉપર ગોશીર્ષ ચંદન ચોપડયું. તેથી મુનિ શીતલ થયા. અહો ! વૈદનું કુશળપણું જુવો. કેવુ છે ? વળી તેલ ચોળ્યું. તેથી હાડગત કૃમિ નીકળ્યા. વળી રત્નકંબલે કરી ગોશબમાં મુકયા. વળી ગોશીર્ષચંદને વિલેપન કર્યું. જયારે બલીયો રુષે ત્યારે વજ્રપંજરમાં પણ રહેવાનું સ્થાનક ન મળે. મુનિ નિરોગી થયા. પછી સંરોહિણી ઔષધીએ નવિ કાંતિ સમાન મુનિનો દેહ થયો. સુવર્ણ સરખી કાયા થઇ ત્યારે મુનિને ખમાવીને છએ જણ પોતાના સ્થાનકે ગયા. મુનિ પણ અન્યત્ર ગયા. પછી ગોશીર્ષ ચંદન રહયું તે યથા રત્નકંબલ વેચી સુવર્ણ લીધું અને પોતાનું સુવર્ણ ભેળી મોટા મેરુના ટુંક જેવું એક મંદિર બંધાવ્યું તિહાં જિન પ્રતિમા પૂજા કરતાં ગુરૂ સેવા કરતા કાલ કાઢે છે. તે છએ જણ એકદા વૈરાગ્ય પામીને ચારિત્ર લઇને ગ્રામાનુંગ્રામ વિચરતા, છઠ્ઠ, અઠ્ઠમ તપસ્યા કરી. મધુકર વૃત્તિએ આહાર લેતા, સુભટની પેઠે પરિષહ સહેતા, ક્ષમાદિકે કરી ચાર કષાયને દૂર કરી, દ્રવ્ય, ભાવથી સંલેખણા કરતા, અનશન કરીને પંચ પરમેષ્ઠિનું ધ્યાન

ધરતા, બારમા દેવલોકે વીશ સાગરોપમના આયુષ્યે ઈંદ્રના સામાનિક દેવતા થયા. અહિં એટલુ પ્રયોજન હતું કે એક જ ભવ કહ્યો છે. બીજા ભવ શ્રી હેમઋષભથી જાણવા.

હવે બીજા પદનો અર્થ કહે છે. જે પંડિયા તે ખલુ પુચ્છિયવ્વા જે પુરુષ પંડિત હોય તે પુરુષ નિશ્ચયે પૂછવા યોગ્ય છે. તે ઉપર તુંગિયા નગરીના શ્રાવકની કથા કહે છે. તે કાલે તે સમયને વિષે તુંગિયા નામે નગરી હતી. તે નગરીની બહાર પૂર્વ અને ઉત્તર દિશાની વચમાં ઇશાન ખૂણે પુષ્પવતી નામે ઉદ્યાન હતુ. તે નગરીમાં ઘણા શ્રમણોપાસક વસે છે. તેઓ ધન, ધાન્યાદિકે પરિપૂર્ણ છે. અથવા પોતાના ધર્મમાં દર્પવંતા છે. ઘણા વિસ્તારવંત એવા ભવનશયનાસન વાહને કરી ભર્યા છે. ઘણા અણિમાદિક ધનવંતા છે. જેઓ ઘણું સુવર્ણ, ઘણું રુપું, ઘણા ધન બમણી વૃદ્ધિએ અથવા વ્યાજ વૃદ્ધિએ વધારતાં છે. જેઓએ વિપુલ વિવિધ પ્રકારના અશન, પાન, ભાત, પાણી, બહુ લોકના જમવાથી છાંડયા છે. જે ઘણાં લોકને વિષે અપરાભવની વિષે છે. જીવ અજીવ જાણે છે. પુણ્ય પાપ ઓળખે છે. આશ્રવ સંવર અને કાયિકી પ્રમુખક્રિયા અધિકરણ ગાડી, યંત્ર પ્રમુખ બંધ અને મોક્ષ તેના હેય ઉપાદેયમાં કુશલ સ્વરૂપ જાણે છે. આપદા પ્રમુખ આવે ત્યારે પણ દેવતા પ્રમુખની સહાય નથી ઇચ્છતા. પોતાના કર્યા કર્મ પોતે ભોગવે એમ કરી અદીન મનથકી વિચરે છે. પાખંડી પ્રમુખ સમકિતથી ચલાવવા આવે તો પણ ચળે નહિં. જિનશાસનમાં અત્યંત ભાવિક છે. વ્યંતર, જ્યોતિષિ, વૈમાનિક દેવતા પણ તેમને ધર્મથી ચળાવી ન શકે. નિર્ગ્રંથના પ્રવચનમાં નિઃશંકીત, નિર્વિચિકિત્સાવંત અર્થ સાંભળ્યો છે જેમણે અને સંશય ઉપજે તો અર્થ પૂછનારા છે. સર્વજ્ઞ વચનની પ્રીતિરૂપ રંગ લાગ્યો છે. તેવા શ્રાવકોનાં પુત્રાદિકને બોલાવીને એમ શિક્ષા દે છે કે હે પુત્રાદિકો ! હે આયુષ્યમાનો એ નિર્ગ્રંથ પ્રવચન ઉપર જે અર્થ છે. તે જ પરમાર્થ છે. બીજુ ધન, ધાન્ય, પુત્ર, કલત્ર, મિત્ર, કુપ્રવ-

ચન તે સર્વ અનર્થ છે. તેમનું ચિત્ત સ્ફટિક જેવું નિર્મળ છે. નિગ્રંથ પ્રવચન પામી કરી મન પરિતુષ્ટ થાય છે. ભુંગળો ઉંચી મુકે છે. બારણા ઉઘાડા મુકાય છે. અતિશય ઉદારતા છે. તે માટે અતિશય વાન દાતા છે. જે ભિક્ષુ આવે તેને કોઇ નિષેધ ન કરે. તેઓએ પરઘર છાંડયો છે. અથવા પારકા અંતેઉદરમાં તથા પરઘરમાં પ્રવેશ તે અહીત-કારી છે. એટલે અતિધર્મીપણે કરી કોઈને શંકા ઉપજે નહીં. દ્વાદશ વ્રતના ધરનારા, પોરસી પ્રમુખ પચ્ચખ્ખાણ કરનારા પર્વદિવસે ઉપવાસ પૌષધ કરનારા, શ્રમણ નિગ્રંથને પ્રાસુક એષણીક અશન, પાન, ખાદિમ સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાયપુછણ. પીઠ, ફલક, શૈયા, સંથારો, ઔષધ, ભેષજ્ય, પડિલાભતા થકા વિચરે છે. તથા યથા પ્રતિપન્ન તપ કરતાથકા વિચરે છે.

તે કાલ તે સમયને વિષે શ્રી પાર્શ્વનાથ સ્વામિના સંતાનીયા ઘણા સ્થવિર જાતિ સંપન્ન, કુલસંપન્ન, લજ્જાવંત, લાઘવસંપન્ન, ઔષધ પ્રમુખે, હલકા. ઉયંસી, તેયંસી, વચંસી, મને ધૈર્યવંત શરીરે તેજસ્વી, વચને આદેયવંત, બલસંપન્ન, રુપસંપન્ન, વિનયસંપન્ન, જ્ઞાનસંપન્ન, દર્શનસંપન્ન, અને જ સંસી, ક્રોધ, માન, માયા, લોભ, જીત્યા છે. નિદ્રાજીતી છે. પરિષહ જીત્યા છે. જેમને જીવવાની આશા તથા મરણનો ભય નથી. તપ પ્રધાન, ગુણ પ્રધાન, કરણ પ્રધાન, ચરણ પ્રધાન, અહિં ચરણકરણ શબ્દે ચરણ સિત્તરી તથા કરણ સિત્તરી લેવી. નિગ્રહ પ્રધાન, નિશ્ચય પ્રધાન, માર્દવ પ્રધાન, આર્યવ પ્રધાન, લાઘવ પ્રધાન, ક્ષાંતિ પ્રધાન, મુક્તિ પ્રધાન, વિદ્યા, મંત્ર, તપ, બ્રહ્મચર્ય, યમનિયમ, સત્ય તથા શૌચ, પ્રધાન, ચારુપ્રજ્ઞા, સર્વ જીવનાં મિત્ર, નિયાણ રહિત, ઉચ્છકતા રહિત, તેજો લેશ્યા બહાર ન કાઢે, શ્રમણપણાને વિષે રક્ત, જેના પ્રશ્ન ઉત્તર દૂષણ રહિત, કુત્તિયાવણભૂત છે. એટલે સ્વર્ગ, મૃત્યુ, અને પાતાલમાં જે વસ્તુ છે. તે સર્વ કુત્તિયાવણના હાટમાં મલે તે રીતે અણગારમાં પણ

ઇચ્છિત અર્થ નિપજાવે એવી લબ્ધિવંત છે. તથા સમ્યક્ત્વગુણવંત છે. માટે ઉપમા દીધી છે. એવા પાંચસે અણગારે પરિવરેલા, ગ્રામાનુ ગ્રામે વિચરતા જ્યાં તુંગીયા નામે નગરી ત્યાં પુષ્પવતી ચૈત્ય છે. ત્યાં આવ્યા. યથા પ્રતિરૂપ અવગ્રહ ગ્રહીને સંયમ તપસ્યાને વિષે આત્માને ભાવતા થકા વિચરે છે.

ત્યારે તુંગીયા નગરીમાં એક દિશાએ લોકોને જતા દેખીને તે શ્રમણોપાસકને જાણ થયે, પરસ્પર તેડાવીને ભેગા થઇ એમ કહેતા હતા કે હે દેવાનુંપ્રિય, શ્રી પાર્શ્વનાથ સ્વામિના અપત્ય સ્થવિર ભગ· વાન પૂર્વે વર્ણવ્યા તેવા પધાર્યા છે.

હે દેવાનુપ્રિય ! તથારૂપ સ્થવિર ભગવાનનાં જો નામ, ગોત્ર સાંભળીયે તો મહાફલ થાય. તો સામા જઇયે. વંદના કરીયે, નમસ્કાર કરીયે, પ્રશ્ન પૂછીયે, અર્થ ગ્રહણ કરી ફલ પૂછીયે. તે આપણને આ ભવને વિષે, પરભવને વિષે, સુખકારી, ક્ષેમકારી, યાવત્ સાથે આવશે. એમ માંહોમાંહે વાત કબુલ કરી, પોતપોતાના ઘેર ગયા.

પછી ઘેર જઇ નાહીને પોતાના ઘરદેરાસરની પૂજા પ્રમુખ કરી ગુરુવંદનાએ પહેરવા યોગ્ય વસ્ત્ર પહેરીને જેનું બહુમૂલ્ય અને ભાર થોડો એવા આભૂષણ પહેરીને પોતાના ઘરમાંથી નીકળીને, પગે ચાલતા થકા પુષ્પવતી ચૈત્યને વિષે આવી સચિત્ત દ્રવ્યનો ત્યાગ કરીને અચિત્ત પાસે રાખી, એક સાડી ઉત્તરાસંગ કરી, એ પાંચ અભિગમ પાળતા સ્થવિર ભગવંત પાસે આવ્યા. નજરે મુનિ ભગવંતને જોયા. હાથ જોડી, મન એકાગ્ર કરી, ત્રણ પ્રદક્ષિણા દઇ, સેવા કરે, ત્યારે તે સ્થવિરે શ્રમણોપાસકને દેશના દીધી, તે સર્વ દેશના સાંભળી હર્ષવાળા થયા. ત્રણ પ્રદક્ષિણા દઇને એમ પૂછયું કે, હે ભગવાન્ ! સંયમનું ફળ શું ? સ્થવિર બોલ્યા; હે આર્યો ! સંયમનું અનહદ ફળ છે. અનાશ્રવ નવાકર્મ આવતા અટકે. તપનું ફળ તે વોદાણ, પૂર્વકૃત કર્મવન ગહનનું લૂણવું, અથવા કર્મરૂપ કચરાનું શોધન કરવું. ત્યારે

શ્રમણોપાસક બોલ્યા. હે ભગવાન્ ! સંયમનું જો અનહદ ફળ હોય. તપનું વોદમણ ફળ છે. તો દેવતા દેવલોકે શા નિમિત્તે ઉપજે છે ?

ત્યારે કાલિયપુત્ર નામે સ્થવિર બોલ્યા કે, હે આર્યો ! પૂર્વતપે દેવતા દેવલોકે ઉપજે છે. સરાગ અવસ્થભાવી તપ અને વીતરાગ અવસ્થાભાવી તપ એ બે અપેક્ષાએ સરાગ તપ એ તે પૂર્વ તપ કહીયે.

પછી મેહલનામે સ્થવિર બોલ્યા કે, હે આર્યો ! પૂર્વે સંયમે દેવતા દેવલોક ઉપજે છે. પૂર્વ સંયમ તે અયથાખ્યાન ચારિત્ર એટલે સરાગ સંયમ કહીયે. રાગનો અંશ તે કર્મબંધનો હેતુ છે.

વળી આણંદ રક્ષિત મુનિ બોલ્યા કે હે આર્યો । કર્મે કરી દેવતા દેવલોકે ઉપજે છે. કર્મ તે શેષ કર્મ ક્ષય ન થયા તેથી ઉપજે છે વળી કાસવ નામે સ્થવિર બોલ્યા કે હે આર્યો ! સંગપણે દેવતા દેવલોક ઉપજે છે. સંગ તે દ્રવ્ય લોકને વિષે સંગ કરી ઉપજે છે. જે કારણે સંયમ સહિત હોય, તો પણ સંગ તે કર્મ બંધ હેતુ છે. इति ॥ હે આર્યો એ અર્થ સાચો છે. અમે અમારી બુદ્ધિથી નથી કંહેતા. ત્યારે સર્વે હર્ષ પામ્યા. સંતોષ પામ્યા. સ્થવિરને વંદના કરી. પોતપોતાના સ્થાનકે ગયા, તે સ્થવિરોએ વિહાર કર્યો.

તે કાલ તે સમયને વિષે રાજગૃહી નગરમાં ભગવંત વીર પ્રભુ સમોસર્યા. યાવત્ પર્ષદા વાંદવા આવી. દેશના દીધી. પર્ષદા પાછી ગઇ તે કાલ તે સમયને વિષે શ્રી વીર પરમાત્માના મોટા અંતેવાસી ઇન્દ્રભૂતિ નામે અણગાર તેનું વર્ણન કરવું. યાવત્ વિપુલ તેજોલેશ્યા સંક્ષેપી છે. નિરંતર છટ્ઠના પારણે છટ્ઠ કરતા સંયમ તપસ્યાને વિષે આત્મા ભાવતા થકા વિચરે છે. છટ્ઠને પારણે પોરિસીએ સદભ્યાસ, બીજી પોરસીએ ધ્યાન ધરે, ત્રીજી પોરિસીએ મુહપત્તિ પડિલેહે, ભાજન, વસ્ત્ર પડિલેહે, પૂજે, પ્રમાર્જે, પછી ભાજન અવગાહીને પ્રભુ પાસે આવે. વંદના નમસ્કાર કરીને એમ કહે, હે ભગવન્ ! તમારી આજ્ઞાએ રાજ ગૃહી નગરમાં ગોચરી જવું ? ત્યારે પ્રભુ આજ્ઞા દે. ઉતાવળા નહીં,

ચંચલપણે નહીં, ઇર્યાસમિતિ શોધતા, ધૂંસરા પ્રમાણુ દ્રષ્ટિ દઇ રાજગૃહીમાં ગોચરી ફરે છે. તેમણે ફરતાં થકાં એમ સાંભળ્યું કે તુંગીયા નગરીની બહાર, યાવત્ શ્રમણોપાસકે પૂછ્યું. તથા તેને સ્થવિરોએ ઉત્તર દીધો. એ વાત કેમ મનાય ? એવી લોકો વાતો કરે છે. તે ગૌતમસ્વામીએ સાંભળ્યું. પછી ગોચરી ફરીને પાછા પ્રભુ પાસે આવ્યા. ઇરિયાવહી પડિક્કમી, ગોચરી આલોવી, ભાતપાણી દેખાડી, એમ કહ્યું, હે પ્રભુ ! તમારી આજ્ઞાએ હું ગોચરી ગયો, તે ગોચરી ફરતાં લોક એવી વાત કરવા લાગ્યા, તે મેં સાંભળી, હે સ્વામિન્ ! તે સ્થવિર શ્રમણોપાસકને એ અર્થ કહેવા સમર્થ કે નહિં ? એ અવિપરિતપણે કહે કે ન કહે ? તે ઉપયોગી, જ્ઞાની ખરા કે નહિં ? તે સમસ્ત પ્રકારે જાણે કે નહીં ? પ્રભુ બોલ્યા : હે ગૌતમ ! એ અર્થ કહેવા સમર્થ છે. અવિપરીતપણે કહે. તે ઉપયોગી જ્ઞાની છે. સમસ્ત પ્રકારે કહે, ગૌતમ બોલ્યા. વિજ્ઞાન એટલે હેય, ઉપાદેયનો વિવેક આવે. સિદ્ધાંત સાંભળીયે, એ ફળ, વિશિષ્ટ જ્ઞાનથી હેયોપાદેયનો વિવેક આવે. ગૌતમ બોલ્યા પચ્ચખાણનું શું ફળ ? પ્રભુ બોલ્યા, સંયમ ફળ ત્યાગ કરેજ, પાપ પચ્ચખ્યું એટલે સંયમ થાય જ. ગૌતમ બોલ્યા. સંયમનું ફળ શું ? પ્રભુ બોલ્યા, અનહદ ફળ, સંયમવંત પાપ કર્મબંધથી અટકે નવા કર્મ ન ગ્રહે. એમ અનહદ ફળ તપનું છે. અનાશ્રવ થયો થકો તપ કરેજ. તપસ્યાનું વોદાણ ફળ. તપસ્યા કરતાં પૂર્વકર્મ નિર્જરે, તો વોદાણનું અક્રિયા ફળ. અક્રિયા તે યોગનિરોધ, કર્મ નિર્જરા થાય ત્યારે યોગનિરોધ થાય. અક્રિયાનું સિદ્ધિપર્યાવસાન ફલ, તેથી આગળ ફળ નથી ॥ इति भगवतीसूत्रे, बीजे शतके पाँचमें उद्देशे. તે માટે જે પંડિત હોય તે પૂછવા યોગ્ય છે.

હવે ત્રીજા પદનો અર્થ કહે છે. जे साहुणो ते अभिवंदियव्वा ॥ જે સાધુ મુનિરાજ છે–તે સમસ્ત રીતે વાંદવા યોગ્ય છે, તે ઉપર વિજયસેન આચાર્યનું દ્રષ્ટાંત કહે છે.

જંબુદ્વિપનાં પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રને વિષે ગંધાર નામે દેશ, ત્યાં ગંધાર નામે નગર છે, ત્યાં લક્ષ્મીસેન નામે રાજા હતો. તેને વિજયસેન નામે પુત્ર હતો. તથા સુવસુ નામે પુરોહિત, તેનો વિભાવસુનામે પુત્ર છે, તે રાજકુમારને તથા સુવસુ સાથે મિત્રાઈ છે. એક દિવસ સુવસુને રોગ થયો તે મરણ પામ્યો. એવા અવસરે ત્યાં વિહાર કરતાં ગંધાર પર્વતને વિષે ચાર મુનિ પધાર્યા. તે ત્યાં ચોમાસુ રહયા ત્યારે ચરપુરુષે આવી રાજકુમારને વાત કરી, રાજકુમારને મુનિ અતિ વહાલા છે, તેથી તે ત્યાં વાંદવા ગયો, મુનિને અભ્યાસ કરતા જોયા. વાંદતા ઘણો આનંદ થયો, ગુરુએ ધર્મલાભ દીધો, કુમારે સુખશાતા પૂછી. પછી વાંદીને ઘેર ગયો, એમ નિરંતર વાંદવા જાય, મુનિ પણ ચારેમાસ માસક્ષમણનું પારણું કરે. ચરિમ દિવસે પાછલી રાતે વિચાર્યું, અહો ! પ્રાતઃકાલે મુનિ વિહાર કરશે. ત્યારે શું કરશું ? એમ વિચારી પાછલી ચાર ઘડી રાત લઇને નીકળ્યો, થોડે ચાલ્યો એટલે સુગંધી વાયરો વાયો, આકાશે અજવાળુ થયું. ગંધાર પર્વત ગાજવા લાગ્યો, જયજયકાર શબ્દ સંભળાયો. તેથી કુમારનાં મનમાં ઘણો હર્ષ થયો, આગળ ગયો એટલે પૃથ્વી સમી કરેલી દીઠી, તૃણાદિક સર્વ દૂર કરેલા જોયા, સુગંધી પાણીની તથા સુગંધી ફૂલની વૃષ્ટિ જોઈ, થોડાથોડા દેવતા મળીને સ્તવના કરે છે. અહો ! ધન્ય તમારો અવતાર, તમે રાગદ્વેષક્ષય કર્યા, કર્મસૈન્યને જીત્યું, ભવસમુદ્ર શોષ્યો, એવા વચન સાંભળી, કુમારે વિચાર્યું, કે ગુરુ કેવલજ્ઞાન પામ્યા દેખાય છે. જન્મ, જરા, મરણનાં દુઃખ કાપીને શાશ્વતા સુખ પામ્યા. પછી દેવતાએ સિંહાસન રચ્યું, મુનિ ત્યાં બેઠા. કુમારે કેવલજ્ઞાનનો નિશ્ચય કર્યો, વંદના કરી. કેવલીએ દેશના દીધી. દેવ, મનુષ્ય પોતપોતાના સંદેહ પૂછવા લાગ્યાં. કુમાર પણ પોતાનો સંદેહ પૂછે છે, હે સ્વામિ ! મારો મિત્ર વિભાવસુ કયાં ઉપન્યો છે ? કાલ કર્યા ઘણા દિવસ થયા મારું હૃદય ઘણું બળે છે. હમણાં શું અનુભવે છે ? કેવલી બોલ્યા, એના ભવ તમે સાંભળો–તે મહા દુઃખદાઇ છે. કારણકે ધર્મ કર્યો નથી તે સુખ કેમ પામે ?

આજ નગરમાં વસુદિન નામે ધોબી વસે છે. તે ધોબીને ઘેર મધુપિંગનામે કુતરી છે. તેના પેટે કુતરો ઉત્પન્ન થયો છે. તે કુતરો રાસડીએ બાંધ્યો છે. તેની પાસે એક ગર્દભી બાંધી છે. તેના પાટુ પ્રહાર ખમતો બુંમરાણ કરતો રહે છે. એવું અનુભવે છે. તોપણ તારે પૂર્વની પ્રીતિ છે તે સાંભળ.

પુષ્કરાવર્તના ભરતક્ષેત્રે કુસુમપુર નગરને વિષે કુસુમસાર નામે શેઠ હતો. એ મિત્રનો જીવ તારી સિરિકાંતા નામે સ્ત્રીપણે હતો તેની સાથે સ્નેહ ઘણો હતો એ પ્રીતિ જાણજે–તે સાંભળી કુમારે વસુદિનને ઘરે જઇ ચાકર મોકલી, કુતરાને મુકાવીને અન્નપાણી આપ્યું. મુનિ પાસે લઇ આવ્યા. તેને ઘણા ચાંદા પડયા છે. કીડા પડયા છે. લોહી ઝરે છે, શરીર ક્ષીણ થયું છે. ચાલી પણ શકતો નથી, જીભ બહાર નીકળી ગઇ છે, સઘળા દાંત નજરે આવે છે, તે દેખીને કુમારને સંવેગ ઉપન્યો. કુતરો પણ કુમારને દેખીને પુછડું હલાવી પૂછે છે, આંખમાં આંસુ છે, ત્યારે કુમારે કેવલજ્ઞાનીને પૂછયું, હે ભગવાન્ ! આ કુતરાને કાંઈ જ્ઞાન છે ? જ્ઞાની બોલ્યા. જ્ઞાન તો નથી, પણ સામાન્ય પ્રેમ છે, વળી પૂછયું, કયા કર્મે એ દુઃખી થયો ? જ્ઞાની બોલ્યા, જાતિમદ કર્યો જેથી. ફરી પૂછયું, કયો મદ કર્યો હતો ? જ્ઞાની બોલ્યા, એ અનંતરભવ ગણિકાને હતી. તે ગણિકાને વૃંદમાં તરુણ પુરુષે પરિવરેલી થકી વસંત ક્રીડા કરવા નીકળી એવામાં ધોબીનાં સમુહ મુખ આગળ નીકળ્યા. વેશ્યાએ જાતિમદે કરી, વિચાર્યું કે એ નીચ જાતિ અમારા મુખ આગળ કેમ નીકળે ? એમ કરીને વસુદિન ધોબી મુખ્ય હતો. તેથી વસુદિનને ઘણી કદર્થના કરી તેને જકડબંધ બાંધીને બંદીખાને નંખાવ્યો, તે મદના પરિણામથી તેણીએ અશુભ આયુષ્ય બાંધ્યું. પછી નગરનાં લોકે મળી વસુદિનને મુકાવ્યો, તે વેશ્યા એ કર્મથી કુતરો થયો. તે સાંભળી કુમારે વિચાર્યું, અહો ! સંસાર તે મહા દુઃખભર્યો છે.

પછી કુમારે હાથ જોડીને પૂછ્યું કે હે પ્રભુ! એને એ કર્મનો અંત કયારે આવશે? તથા એ ભવ્ય છે કે અભવ્ય? એ બીજ પામ્યો છે કે નથી પામ્યો? ત્યારે જ્ઞાની બોલ્યા, એ કર્મનો અંત થશે તે સાંભળો, વસુદિન આશ્રીને મદ કર્યો તેથી એ કુતરો થયો, હવે એ ધોબાની જ રાસભીને પેટે ગર્દભપણે ઉપજશે. ઘણો ભાર વહેતો, ઘણો કલેશ પામતો, ત્યાંથી કાળ કરીને વસુદિનના ઘરના માઇદિન નામે ચંડાલની સ્ત્રી અણુગા નામે છે. તેની કુખે નપુંસક ચંડાલ થશે, રૂપે મહાદુર્ભાગી થશે. તે સિંહના હાથે મરીને એ ચંડાલણીની કુખે પુત્રીપણે થશે. તેને બાળવયમાંજ સર્પ કરડશે. તેથી તે વસુદિનના ઘેર દત્તિયા નામે દાસીની કુખે જાતિઅંધ નપુંસક-પણે થશે. શરીરે વામણો, સહુ પરાભવ કરે તેવો, એવામાં નગરમાં દાહ લાગશે. તેમાં બળી મરણ પામી તેજ દાસીની કુખે સ્ત્રીપણે ઉત્પન્ન થશે, તે એક દિવસ રાજદ્વારમાં હાથીએ મારી થકી કાલ કરીને તેજ ધોબીની કાલંજણી નામે સ્ત્રીની કુખે પુત્રીપણે થશે. તે યૌવન પામશે ત્યારે ઉસરક્ષિત નામે દરિદ્રિ ધોબીને પરણાવશે, અનુક્રમે ગર્ભવતી થશે. ત્યારે પ્રસવ સમયે વેદનાથી મરણ પામશે. પછી એની જ કુખે પુત્ર થશે. તે બાળકાળમાં જ રમતો રમતો ગંધાર નદીને કાંઠે જશે, તે નદીમાં પાણી ઘણું ઉંડુ છે. એવા સમયે વસુદિનનો શત્રુ ચિલાત તે આવશે. તે બાળકને ગળે શીલા બાંધીને નદીમાં નાંખશે. મરણ પામશે. એણે જાતિમદે કર્મ બાંધ્યું તે અંતે થશે, વળી ભવ્ય છે. સિદ્ધિગામી છે પણ બીજ નથી પામ્યો, જીવને કર્મ બાંધતા તો ન ખબર પડે, પણ ભોગવતા મહા દુઃખ પડે, ફરી કુમારે પૂછ્યું, હે ભગવાન્! જલ મરણથી આગળ કયાં ઉપજશે? તે કૃપા કરીને કહો. જ્ઞાની બોલ્યા, જલમાં મરણ પામતા સારુ થશે તેથી મરીને વ્યંતર થશે. તે ભવમાં આનંદ નામે તીર્થંકરની પાસે મોક્ષરૂપ કલ્પવૃક્ષના બીજભૂત સમકિત પામશે. ત્યાર પછી ચારગતિરૂપ સંસાર-માં સંખ્યાતા રૂપ ભવ ભ્રમણ કરીને ગંધાર દેશમાં રાજા થશે. ત્યાં અમરતેજ નામે આચાર્યની પાસે ચારિત્ર અંગીકાર કરશે. તે શુદ્ધ

ચારિત્ર થાળી અનુક્રમે ક્ષપકશ્રેણી માંડી ઘાતીકર્મ ક્ષય કરી કેવલજ્ઞાનને પામશે. એ સાંભળીને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે સંસાર અસાર જાણ્યો. અને માતપિતાને પૂછીને તે ઇંદ્રદત્ત ગુરુપાસે ચારિત્ર અંગીકાર કર્યું. અનુક્રમે ક્ષમાવંત ચારિત્ર પાળતા, જ્ઞાનાભ્યાસ કરતા ગીતાર્થ થયા, ગુરુએ તેને આચાર્ય પદે થાપ્યા. ગ્રામાનુગ્રામ વિચરતા ભવ્ય જીવને પ્રતિબોધ કરતાં શિષ્યપણે કર્યા, અનેક શિષ્યના પરિવારથી વિચરતા શુદ્ધ અધ્યવસાયે ચોથું મનઃપર્યાયજ્ઞાન ઉપન્યું, અનુક્રમે મોક્ષે ગયા. એ સાધુને વંદના કરવા ગયા, તેથી ગુણ પ્રગટયા, તે સાધુ મુનિરાજ તે વંદન કરવા યોગ્ય છે. इति समरादित्यचरित्रे विजयसेनआचार्य कथा ॥

હવે ચોથા પદનો અર્થ કહે છે.

जे निम्ममा ते पडिलाभियव्वा ॥ જે સાધુ નિર્મમ એટલે નિરહંકારી હોય અથવા જે મુનિ શરીરને વિષે મમત્વ નથી રાખતા તેવા મુનિઓને પ્રતિલાભવા....તે ઉપર સુદત્તની કથા કહે છે.

સાંકેતપુર નગરમાં ઘણા ધનવંત પુરુષ વસે છે. ત્યાં પ્રકૃતિએ ઘણોજ ભદ્રક એવો સુદત્તનામે કર્મકર વસે છે. પણ તેને દાન કરવાની ઘણી ઇચ્છા રહે છે. તથાપિ પોતે દ્રવ્ય રહિત છે. તેથી ઘણો ખેદ પામે છે. યતઃ ॥ हयविहिणो दुविल्लसिय, दुगंपि लयं विडवणावीयं ॥ कीबिन्नाणं धणं तह, निद्धणाणं दाणंमि जं इच्छा ॥

હવે તે સુદત્ત નિત્ય વનનાં કાષ્ટ લેવા જાય, ભોજન પણ સાથે લઇ જાય, દાનનું વ્યસન છે. માટે દાન આપીને જમે. એમ કરતાં એકદા તેણે પ્રતિમા પ્રતિપન્ન મુનિરાજને વનમાં જોયા, કાઉસગ્ગ કરી ઉભા છે. મુનિ ઉપર બહુમાન ઉપન્યું, મુહૂર્ત પ્રમાણ વિરમ્યો, એવામાં ઋષિ કાઉસગ્ગ પારીને ભિક્ષાને માટે ચાલ્યા, સુદત્તે ભિક્ષાની નિમંત્રણા કરી. મુનિએ પણ લાભ જાણી ઉપયોગ પૂર્વક ભિક્ષા લીધી, સુદત્ત ઘણોજ આનંદ પામ્યો, આત્માને કૃતાર્થ માનતો ઘેર આવ્યો. પત્નીને વાત કરી, સ્ત્રી પણ હર્ષ પામી અનુમોદના કરવા લાગી. અને

કહ્યું. હે સ્વામિ ! આજ જીવિતવ્યનું ફળ પામ્યા. એવી ભાવનામાં કેટલોક કાળ ગયો.

હવે સુદત્ત મરણ પામીને એજ સાંકેતપુરને વિષે શ્રીતેજ નામે રાજાની ભાનુમતી નામે સહેજે સૌભાગ્યવંતી સ્ત્રી છે. તેની કુખે છીપમાં મોતીની જેમ ઉપજતો તેજ રાત્રે રાણી સ્વપ્નમાં રત્નની રાશિ દેખતી જાગે છતે ભર્તારને સ્વપ્ન સંભળાવ્યું, ભર્તારે કહ્યું. તારે તેજવંત પુત્ર થશે. રાણીએ તે વચન અંગીકાર કર્યું, તેજ દિવસે રાજાને નિધાનની પ્રાપ્તિ થઈ, અનુક્રમે રાણીને દોહલો ઉપન્યો કે હું રાજા સાથે નદી કાંઠે દાન દેતી ક્રીડા કરું. તે દોહલો રાજાએ પૂરો કર્યો, પુન્યવંત પ્રાણીને કાંઈ દુષ્કર નથી. તે નદીના કાંઠે રાજા-રાણી ક્રીડા કરતા હતા તેવામાં નદીની ભેખડ પડી, તેમાંથી મણી રત્ન ભરેલા કલશનાં સમુહ નીકળ્યા, ગર્ભનો પ્રભાવ જાણી લોક વિસ્મય પામ્યા, અનુક્રમે જેનું સૂર્ય સરખું તેજ છે એવો પુત્ર પ્રસવ્યો, જન્મ મહોત્સવ કર્યો, માસ પૂરે થયે છતે સર્વ લોકને સન્માન દઈ તેનું વસુતેજ નામ દીધું, અનુક્રમે તે સર્વકલાઓ ભણ્યો, યૌવન પામ્યો.

હવે પૂર્વભવની સ્ત્રીપણ કૌશાંબીનગરીને વિષે જુગબાહુ રાજાની વિમલમતિનામે સ્ત્રીની કુખે પુત્રીપણે ઉત્પન્ન થઈ. અનુક્રમે જન્મ પામી. તેનું મદનમંજરી નામ પાડ્યું, તે સમસ્ત કલાઓ ભણી. યૌવન પામી, એવામાં જયમંગલ રાજાના મંગલ નામે પુત્રે કોઈક પંથી લોકને પૂછ્યું, કે તમે દેશાંતર ભમો છો. પણ ત્યાં કોઈ કન્યારત્ન દીઠું હોય તો કહો. પંથી બોલ્યા, હે કુમાર ! કૌશાંબી નગરીને વિષે જુગબાહુ રાજાની પુત્રી મદનમંજરી છે. ઈંદ્રાણી સરખી છે. તે સાંભળી મંગળકુમારને રાગ ઉપન્યો. તેણે પોતાના પુરુષોને માગવા મોકલ્યા, પણ માગતા અપશુકન થયા તેથી કન્યાના પિતાએ ના પાડી. પુરુષો પાછા આવ્યા.

હવે મદનમંજરી ભર્તારને માટે રોહિણી દેવીને આરાધે. નિયમ

ઉપવાસ કરે. ભૂમિકાએ સૂવે. તેનો મંત્ર પણ નિત્ય જપે. નાગરવેલીએ સોપારીના વૃક્ષને આલિંગન દીધું હોય તે તલે શયન કરે. એમ કરતાં કેટલાએક દિવસ ગયા.

અન્યદા સાંકેતપુર નગરે એક મંત્રસાધક પુરુષ છે, તે બીલા પ્રમુખ ભેગા કરી નગરની બહાર ઉદ્યાનમાં વિદ્યા સાધે છે. એવામાં વસુતેજ કુમાર ઘોડો ખેલવવા નીકળ્યો છે. તે ત્યાં આવ્યો. તેણે મંત્ર સાધકને પૂછ્યું. તું આ શું કરે છે ? તેણે વિદ્યા સાધવાની વાત કરી, કુમારે ચાકરને કહ્યું કે મંત્ર સાધવામાં એને જે વસ્તુ જોઇયે તે આણી આપો, તેણે પણ તેમજ કર્યું. વળી એક વર્ષ પછી કુમાર ત્યાં આવ્યા, જુવે તો હજુ વિદ્યા સાધે છે, કુમારે વિચાર્યું. હજી એને વિદ્યા સિદ્ધ થઇ નથી. ત્યારે કુમારે આવી નમસ્કાર કર્યા. અને પૂછ્યું રે ભદ્ર ! શું સાધો છો ? તે બોલ્યો. યક્ષિણી સાધુ છું. કુમાર બોલ્યો. એટલે કાલે પણ કેમ ન સિદ્ધિ પામ્યા ? સાધક બોલ્યો. ઉત્તમ વસ્તુ તરત સિદ્ધ થાય નહીં. વસુતેજ બોલ્યો. ત્રણ બીલા મને આપો. સાધકે ત્રણ બીલા આપ્યા. તે લઇ એને ઘણો સંકલેશ થાય છે. એમ કહીને કુમારે તેમાંથી એક બીલું લીધું, હોમ્યું, વળી એનું દુઃખ દેખી મારાથી ખમાતું નથી. એમ કહી બીજુ બીલું હોમ્યું. એટલે જાજ્વલમાન કુંડમાંથી દેદીપ્યમાન દશે દિશામાં ઉદ્યોત કરતી યક્ષિણી પ્રગટ થઇ અને બોલી. હે કુમાર ! તું કહે હું શું કાર્ય કરું ? વસુતેજ બોલ્યો હે દેવી ! આ સાધક જેમ કહે તેમ કરો. એમ કહીને કુમાર જતો રહ્યો. યતઃ ॥ उवयरिउन्ह परेसिं, जं पच्चुवयारभीरूणो गुरुया, तत्तो हुंति निरीहा, तं ते संचरिय मच्चरियं ॥ યક્ષિણીએ સાધકને કહ્યું, જે કામ હોય તે કહો. તે કરું. ત્યારે સાધક બોલ્યો. કાર્ય તો હમણાં રહ્યું, પણ મને કહો કે તમે એટલે કાળે પણ મને દર્શન કેમ ન દીધું. તથા કુમારને કલેશ વિના પણ કેમ સિદ્ધ થયા ? યક્ષિણી બોલી એને નિશ્ચય હતો. જો હું પ્રગટ ન થઇ હોત તો એ પોતાનું મસ્તક પણ હોમત. સાધકે વિચાર્યું. એ મહાનુભાવ મહાસત્વનો

ધણી તો કાંઇ ઇચ્છતો નથી. પણ હું કૌતુક નિમિત્તે રૂપ પરાવર્તિની વિદ્યા આપું, એમ વિચારી કુમારને આદરમાન સહિત બોલાવી. રૂપ પરાવર્તિની વિદ્યા આપી. કુમારે પણ જાણ્યું કે એવા પુરુષ માનવા યોગ્ય છે. એમ વિચારી વિદ્યા લીધી.

હવે મદનમંજરીને પણ તેજ દિવસે રોહિણી દેવીએ તુષ્ટમાન થઇને સ્વપ્નમાં વસુતેજ કુમાર દેખાડયો. અને કહ્યું કે, ભદ્ર ! એ તારો ભર્તાર થશે. તથા વસુતેજ કુમારને પણ સ્વપ્નમાં મદનમંજરી દેખાડી અને કહ્યું કે તમારી પત્ની થશે. બેહુ જણને નામ ઠામ પ્રમુખ બતાવ્યા. એમ કહીને આરોગ્યોદક નામે સમુદ્રથી ઉપન્યો એવો મુક્તાફળનો સમુહ નિપન્યો એવો એકાવલી હાર મદનમંજરીને દીધો અને કહ્યું કે એ હારને એકવીશ વાર પાણીમાં પખાળીને તે પાણી જેને છાંટશો તેને શસ્ત્રાદિકના પ્રહાર તત્કાલ રૂઝાઇ જશે. તમે સ્ત્રી ભર્તાર બે જણ સિવાય એ હારને યોગ્ય બીજો કોઈ નથી. એમ કહી દેવી અદ્રશ્ય થઈ ગઇ.

હવે પ્રાતઃકાલે મદનમંજરી જાગી. એટલે જાણે તારામંડલ ગળીને હેઠલજ આવ્યું હોય નહિં એવી સાક્ષાત્ મોતીની માલા પોતાના હાથમાં દીઠી. ત્યારે વિચાર્યું કે વસુતેજ કુમાર મને પરણશે. એવું જાણી ભવ સફલ માનતી થકી સર્વ વાત સખીને સંભળાવતી હતી. સખીએ કુંવરીની માતાને કહ્યું માતાએ પોતાના ભર્તારને કહ્યું. અનુક્રમે કુંવરીના પિતાએ વસુતેજને કન્યા દીધી. અને કુમારના પિતાએ તે વાત અંગીકાર કરી. એ વાત મંગલરાજાએ જાણી. તે વખતે કંદર્પે પીડા પામતો થકો ચિંતવતો હતો કે કુંવરીને પરણવા જતાં માર્ગમાંથી પકડી લઇશ. એમ કહીને ધાડ તૈયાર કરી.

હવે પિતાએ કુંવરીને મહા વિસ્તારે પરણવા મોકલી દૈવયોગે માર્ગમાં મંગલ રાજાની ધાડ ભેગી થઈ. તેણે યોગ્યતાનો વિચાર કર્યા વિના સંગ્રામ કરીને કુંવરીને હરણ કરી. માર્ગમાં તાપસના આશ્રમ પદે ઉતારો કર્યો. ત્યાં તાપસણીને દેખી, મદનમંજરીએ સર્વ વૃત્તાંત

કહ્યો, પછી એકાવલી તાપસણીને હાથે આપી કહ્યું, કે આ હાર યોગ્ય પુરુષને આપજો. તાપસણીએ માલા લીધી. તે દિવસ ગયો. દૈવયોગે બીજે દિવસે ઘોડે અપહર્યો વસુતેજ કુમાર પણ ત્યાં આવ્યો. તેને તાપસણીએ દીઠો. ત્યારે જાણ્યું કે એ મહાનુભાવ છે. માટે એકાવલીને યોગ્ય છે. પછી ઘણો આદર કરીને એકાવલી હાર આપ્યો. તે કુમારે અંગીકાર કર્યો. બધી વાત પૂછી કે એ માળા કયાંથી આવી ? તેણીએ પણ દુઃખ સહિત સર્વ વાત કહી, તે સાંભળીને વસુતેજ કહેવા લાગ્યો અરે ! તે દુષ્ટચરિત્રનો ધણી મંગલ કયાં છે ? એમ કહેતો તેની પછવાડે ગયો. તે અટવીમાં ભેગો થયો. કુમાર વિચારવા લાગ્યો કે એકવાર કુંવરીનું ચિત્ત જોઉં પછી ઘટતી વાત કરીશ. એમ ચિંતવી રુપપરાવર્તિની વિદ્યાએ વામણાનું રૂપ કર્યું. કૌતુક જાણી દાસીએ કુંવરીને દેખાડયો. કુંવરીને પણ પૂર્વ ભવના અભ્યાસથી હર્ષ ઉપન્યો. તેણે પૂછ્યું કે તમે કયાંથી આવ્યા ? વામણો બોલ્યો. સાંકેતપુરથી આવ્યો છું. તે સાંભળી તેને પોતાના સસરાના કુલથી આવ્યો જાણી મદનમંજરી ચિત્તમાં હરખી. વળી ભર્તારનાં વિયોગનું દુઃખ સાંભળ્યું. તેથી સંતાપ કરવા લાગી. વામણો બોલ્યો ! રે કુંવરી ! તારું ચિત્ત કેમ વિષાદ વંત દેખાય છે ? ત્યારે રાજકન્યા નિઃશ્વાસ નાંખીને બોલી. મારા વિષાદની કથાથી સર્યું. હે મહાભાગ્ય ! હું મંદભાગીની ધણીયાણી છું એવું કહેતા ગદગદ વાણી થઈ ગઈ. તે જોઇ વામણે વિચાર્યું. કે મારે માટે એટલો વિષાદ કરે છે. તો પણ પારખું જોઉં. કારણ કે કંદર્પ દુર્જય છે. એમ વિચારી બોલ્યો. હે રાજકુમારી વિષાદ કર નહિં. મેં પણ તારી વાત સાંભળી છે. તારા માતા-પિતાએ તને વસુતેજને દીધી છે. પરંતુ વચમાં તને મંગળરાજાએ હરી. તે પણ હું જાણું છું. પણ હવે એ વાત યુક્ત નથી. કારણકે મંગળરાજા પણ સામાન્ય નથી. હવે એ વાતમાં બીજો ઉપાય નથી. તથા અવશ્ય ભાવિ હોય તેજ થાય છે પુરાણમાં પણ એવી કથા સાંભળીયે છીયે કે એ રીતે સ્ત્રી પરણે છે. વળી વસુતેજને પણ મેં દીઠો છે. તે કરતાં મંગળરાજા ઘણો સુંદર છે. અને વિવેકી પ્રાણીને સુંદર પુરુષનો લાભ થાય તેમાં શો ખેદ

કવેરા ? તે માટે હે કુંવરી! હવે તું હર્ષ ધર, એવા વામણાના વચન સાંભળી કુંવરી રીસે બોલી, હે વામણા! તું સાંકેતપુરથી આવ્યો છે. મેં મારા કાનમાં એ તારા કહેલા કડવા વચન સાંભળ્યા. તો પણ હું બોલી નહીં, પરંતુ તે કહ્યું. સામાન્ય પુરુષ નથી. પણ હું એમ કહું છું કે તે રૂડો પુરુષ હોય તો એવો અનાચાર સેવે નહીં. અને વળી બોલી કે બીજો કોઇ ઉપાય નથી. તો કેમ ઉપાય નથી ? તું જોતો ખરો હું ક્ષણમાં તરણાની પેઠે જીવ કાઢી નાંખીશ. વળી કહે. અવશ્ય ભાવિભાવ કહે છે. તો પુરાતનમાં એ કથા કહે છે. પણ સ્ત્રીઓ પ્રાણ ત્યાગ કરે જ છે. વળી હું જાણું છું કે કંદર્પાવતાર જેવા વસુતેજને દીઠા જ નથી તેથી તું મંગળરાજાના વખાણ કરે છે. માટે હવે તું અહીંથી દૂર જા. તે સાંભળી વસુતેજે વિચાર્યું કે અહો ! સ્ત્રીનું મન કેવું છે ? માટે હવે પ્રગટ થાઉં ? કે ન થાઉં ? વિચારે છે કે પ્રગટ થઈશ તો એકલો જાણી દુઃખ ધરશે. એમ ચિંતવી બોલ્યો. હે સુંદરી ! તારૂં ચિત્ત મેં ન ઓળખ્યું. તે માટે હું એમ બોલ્યો. તે મારો અપરાધ ખમજો. તારું વાંછીત કાર્ય સિદ્ધ થશે. હું પણ તારા પતિનો મિત્ર છું. તારી ખબર જોવા આવ્યો છું. માટે હવે જાઉં છું, એમ કહી ચાલવા લાગ્યો.

એવા અવસરને વિષે લશ્કર આવ્યું જાણીને કોલાહલ થયો. કોઇકે પૂછ્યું કે કોનું લશ્કર છે ? બીજો બોલ્યો, વસુતેજનું. તે સાંભળી વામણો બોલ્યો રે કુંવરી ! તું ધીરી થજે. ને વસુતેજનું લશ્કર આવ્યું છે. હવે તે લશ્કર થોડું જાણી મંગળરાજા લશ્કર સામો થયો. તે યદ્યપિ વસુતેજને અલ્પ લશ્કર હતું. તો પણ તેણે સિંહની પેઠે પ્રબલ શત્રુને જીતીને બાંધી દીધો. કારણ કે જ્યાં ધર્મ છે ત્યાં જય છે.

હવે વસુતેજને પણ પ્રહાર લાગ્યા છે. તે દેખીને મદનમંજરી હર્ષ વિષાદ કરી કહેવા લાગી, અરે, તપોવન નજીક છે. ત્યાં હે નાથ! તાપસણીને હાથે એકાવલી હાર દેવતાનો આપેલો છે. તેનું પાણી પખાળીને છાંટો. ઈત્યાદિ હારના ગુણ કહ્યા. એટલે રાજકુંવરીની

ધાવમાતા પાણી લઇને આવી, ત્યારે કુમાર બોલ્યો, પ્રથમ મંગલરાજાને સારા કરો. કુમાર મહા પ્રભાવશાળી છે. એમ વિચારતી મંગળરાજાને પાણી છાંટયું, તેથી ક્ષણમાં તેના પ્રહાર રુઝાઈ ગયા. તે સાજો થયો.

કારણકે સજ્જન પુરુષ અપકારના કરનારને પણ ઉપકાર કરે છે. यतः ॥ अवयारपरेवि परे, कुणंति उवयारमुत्तमं नुणं ॥ सुरहेइ चंदणदुमो परमसुमुहं छिज्जमाणोत्ति ॥ ત્યાર પછી તે પાણીએ કરી બેઉ લશ્કરના સુભટોને પાણી છાંટયું. સારા કર્યા. મંગળરાજાને ઘણો આદર કરીને છોડી મુકયો. વસુતેજ મદનમંજરી લઇને સાંકેતપુર આવ્યો. ઘણા આડંબરથી મદનમંજરી સાથે લગ્ન કર્યા. વિષયસુખ ભોગવતાં એક પુત્ર થયો.

હવે શ્રીતેજ રાજા વસ્તુતેજને રાજ આપી તપોવને ગયા. વસુતેજ પણ મહારાજા થયો. ઘણા રાજાઓને પોતાની આજ્ઞા મનાવી. સૂર્યની પેઠે તેજવંત થયો. એકદા સુવર્ણમય ગોખને વિષે બેઠેલા રાજાના મસ્તકનાં કેશ જુવે છે. એવામાં એક ધોળોવાળ દેખ્યો ત્યારે રાણી બોલી. દૂત આવ્યો છે. તે સાંભળી રાજા ચારે દિશામાં જોવા લાગ્યો ત્યારે રાણી બોલી. હે નાથ, તમે ઘણાં સંગ્રામમાં જય કર્યા, પણ આદૂતની વાતમાં કેમ થરથર્યા ? રાજા હસીને બોલ્યો. હું દૂતની વાતથી થરથર્યો નથી. પણ તું જે દૂત દેખાડે છે. તે દૂત જોતો પણ નથી. પૂર્વે મને ખબર પાડયા વિના દ્વારપાલ પણ દૂતને કેમ અંદર પેસવા દે. બીજુ મારી દૃષ્ટિ કરતાં તારી નિર્મળ દૃષ્ટિ છે. આ વાતથી કૌતુકની દૃષ્ટિથી ચારે બાજુ જોવા લાગ્યો. ત્યારે રાણી બોલી. હે આર્ય ! હું એ દૂતની વાત નથી કરતી. મેં તો ધોળો વાળ દેખીને ધર્મદૂત આવ્યો. એમ જણાવ્યું. ત્યાર પછી રાણીએ ધોળો વાળ કાઢી બતાવ્યો. તે દેખીને રાજાનું મન કરમાઈ ગયું. નેત્રમાંથી આંસુ ઝરવા લાગ્યા. તે આંસુને વસ્ત્રથી લૂંછી રાણી બોલી. હે રાજન્ ! તમે જરાથી લાજ્યા ? તો હવે નગરમાં હું પડહ વજડાવું કે જે મહારાજાને ઘરડા કહેશે

તેને દંડ કરશે. રાજા બોલ્યો. એ સુંદરી! નિર્વિવેકીને તો એ વાત ખરી લાગે. કારણ કે જીવ જરાથી લાજાતાં યૌવન આણવાને અનેક રસાયન કરે. વળી કેશ ધોળા ટાળવાને નિમિત્તે ઔષધ પ્રમુખ કરે. તરુણ સ્ત્રીના મુખ આગળ યુવાનની જેમ ચાલવા જાય છે. કોઇ પૂછે તો ઘણાં વર્ષને બદલે થોડા વર્ષ કહે. યૌવનાવસ્થા ગયે પણ યૌવનવિકાર દેખાડે છે. એ સર્વ અવિવેકી કરે. પણ હે રાણી! મારા પૂર્વ પુરુષો પલિત દીઠા વિના જ પુત્રને રાજ્ય આપી બળતા તૃણની જેમ રાજ્ય છોડીને પરલોક સાધવા તૈયાર થતા. હું એ સર્વ ભોગનો ત્યાગ કરીને પરલોકનું હિત કરીશ. રાજાના એવા કડવા વચન સાંભળીને રાણી મૂર્છા પામી. શીતળ જળે સ્વસ્થ થઇ બોલી. હે રાજન્! પલિત દેખાડવા મિષે મેં હાંસી કરી. મેં તો પોતાના અસવારે પોતાની નગરી ઉપર ધાડ પડાવી. અથવા પોતાના હાથે અંગારાનું આકર્ષણ કર્યું. હવે હે રાજન્! તમે પ્રસાદ કરીને રાજ્યને છોડો નહિ. હાંસીની વાત સાચી માનવી નહિં. રાજા બોલ્યો. હે દેવી! જન્મ; જરા, મરણ પ્રમુખના દુઃખથી ભરેલો સંસાર તેમાં હવે મને રમવું ગમે નહિં. તે માટે હું રાજ્ય છોડી અવશ્ય આત્મહિત કરીશ. જેનું આલોક સુધર્યું તેનું પરલોકે હિત થાય જ છે. માટે મનુષ્યભવ પ્રશંસનીય છે. એવા સમયને વિષે પ્રતિબોધનો અવસર જાણીને ચાર જ્ઞાનના ધણી અમરતેજ આચાર્ય પધાર્યા. તે વાત પુરોહીતે જાણી. રાજાને કહી, તે સાંભળી રાજા હર્ષવશે રોમરાજી વિકસ્વર થઇ. મદનમંજરી સાથે વંદના કરવા ગયો. ગુરુએ દેશન આપી. તે સાંભળતાં ગ્રંથીભેદ થયો. વૈરાગ્યના અતિશયે ચારિત્રના પરિણામ થયા. પછી જિનભુવન તથા સંઘપૂજા કરી પોતાના પુત્રને રાજ્ય આપી રાણી સાથે ગુરુ પાસે દીક્ષા લીધી. રૂડી રીતે ચારિત્ર પાળી, ઘોર તપ તપી સ્વર્ગે ગયા. અનુક્રમે અપ્રતિપાતિધર્મ થકી રાણી સહિત દેવતાઇ મનુષ્યના સુખ ભોગવીને વસુરાજા સાતમે ભવે મનુષ્યાવતાર પામી શિવગતિ પામ્યા. એ સુદત્તના ભવમાં નિર્મમત્વ મુનિને પડિલાભ્યા તેનું ફલ ઉગ્યું. इति सुमतिचरित्रे सुदत्तकथा

इति सकलसभाभामिनिभालस्थले तिलकायमान पंडित श्री उत्तमविजय गणि शिष्य पंडित पद्मविजयगणिकृते गौतम कुलक प्रकरणे बालावबोधे चतुर्दशायां चत्वार्युदाहरणानि समाप्तानि ॥१४॥

હવે પનરમી ગાથા કહે છે. તેનો પૂર્વ ગાથા સાથે સંબંધ છે કે પૂર્વ ગાથાને અંતે કહ્યું કે જે નિમમંને પડિલાભવા. ત્યાં મુનિ સર્વ વાતે નિમંમ છે. તો પણ શિષ્યાદિકની વૃદ્ધિ તો અવશ્ય કરે. તે માટે લોકોત્તર માર્ગે શિષ્યાદિકની વૃદ્ધિ કરવી. અને સંસાર માર્ગે તથા પુત્રાદિક એ બેહુ સરખી છે. એવી સરખામણી દેખાડવા પંદરમી ગાથા કહે છે.

पुत्ता य सीसा य समं विभत्ता, रिसीय देवाय समं विभत्ता
मुखा तिरिखा य समं विभत्ता, मुआ दरिदा य समं विभता ॥१५॥

पुत्ता य सीसा य समं विभत्ता ॥ પુત્ર અને શિષ્ય એ બેહુ સરખા જાણવા. એટલે લૌકીકપક્ષે પુત્ર અને લૌકોત્તર પક્ષે શિષ્ય એ બેહુ સરખા કહ્યા. તે ઉપર આચાર્યનો શિષ્ય તથા રાજાનો પુત્ર તેનું દ્રષ્ટાંત કહે છે.

કોઇક રાજા તથા કોઇક આચાર્ય એક દિવસ બેઠા હતા. તેવામાં તે બેહુને વાદ થયો. તિહાં રાજા બોલ્યો. રાજપુત્ર વિનિત હોય, આચાર્ય બોલયા, સાધુ વિનિત હોય. પછી તે બેમાં પ્રથમ રાજપુત્રને પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો. રાજાએ રાજપુત્રને બોલાવ્યો, અને કહ્યું, ગંગા કઇ મુખે વહે છે? તે જોઇ આવો. રાજકુમારે કહયું, એમાં શું જોવાનું હોય ? ગંગા પૂર્વાભિમુખે વહે છે. એતો પ્રસિધ્ધ છે. એમાં શું જોવા જેવું હોય ? તો પણ ઘણી મહેનત કરી મોકલ્યો. અનુક્રમે વચમાંથી જ પાછો આવ્યો. અને રાજાને કહેવા લાગ્યો. હું ત્યાં જઇને જોઇ આવ્યો કે ગંગા પૂર્વાભિમુખે વહે છે. હવે આચાર્યે સાધુને કહ્યું કે તમે ગંગા કયા મુખે વહે છે, તે જોઈ આવો. સાધુ વિચારવા લાગ્યા કે ગંગા પૂર્વાભિમુખે વહે છે. તે હું જાણું છું તથા ગુરુ જાણે છે, તેમ છતાં મને જોવા મોકલે છે તો જોઈ આવું.

એમાં કંઈક કારણ હશે એમ વિચારી ગંગાએ ગયા. ગંગા પૂર્વાભિમુખે વહે છે એ જોયું. વળી લોકને પૂછયું, એમણે પણ એમ જ કહયું. એવી રીતે નિશ્ચય કરીને ગુરૂ પાસે આવ્યો. અને કહયું-ગંગા પૂર્વાભિમુખે વહે છે. એવું જોયું છતાં ગુરૂ જાણે, બેહુના પાછળ માણસ મોકલ્યા હતા. તે બંનેના સમાચાર કહયા. રાજાએ પણ ગુરુનું વચન અંગીકાર કર્યું. એ રીતે રાજાનો પુત્ર તથા આચાર્યનો શિષ્ય છે, એ બેબરોબર, इति आवश्यक टीप्पणे ॥ વલી શ્રી શય્યંભવ આચાર્યને મનક નામે પુત્ર અને તેજ શિષ્ય થયા. એ બરોબર જાણવા.

હવે બીજા પદનો અર્થ કહે છે. रिसीय देवाय समं विभत्ता ॥ ઋષિ એટલે મુનિ અને દેવતા તે સરખા જાણવા. ભાવથી ઋષિ ધર્મ ન પામતા હોય તેને હરકોઈ ઉપાયે ધર્મ પમાડવો. તેમ દેવતા પણ હરકોઈ ઉપાયે ધર્મ પમાડે. તે ઉપર ઋષિની પ્રથમ કથા કહે છે.

અજમેરની પાસે હર્ષપુર નામે નગર છે. ત્યાં સુભટપાલ નામે રાજા છે. ત્યાં ત્રણસો જિનભુવન છે. ચારસો લૌકીક પ્રસાદ છે. અઢારસો બ્રાહ્મણનાં ઘર છે, છત્રીસો વાણીયાના ઘર છે. નવસો આરામ છે. સાતસો વાવ છે, બસો કુવા છે સાતસો દાનશાલા છે,

તે નગરને વિષે એકદા પ્રિયગ્રંથ નામે આચાર્ય પધાર્યા. ત્યાં એક દિવસ બ્રાહ્મણોએ યજ્ઞમાં બકરો મારવા માંડયો. તે વૃત્તાંત શ્રાવકોએ પ્રિયગ્રંથ આચાર્યને કહયો. આચાર્યે વાસ અભિમંત્રીને શ્રાવકને આપ્યો. અને કહયું કે એ બકરાને મસ્તકે નાંખજે. શ્રાવકે તેમ કર્યું તત્કાલ બકરાના શરીરમાં અંબિકા આવી. તેથી બકરો આકાશે જોઈને બોલવા લાગ્યો, તમે મને અગ્નિમાં હોમશો તો આવો, મને બાંધો, મારો, જોઉં તો ખરો, પણ જો હું તમારા સરખો નિર્દય થાઉં તો તમને ક્ષણમાં મારું, જો મારા ચિત્તમાં દયા ન હોય તો જેમ કષાયમાં આવીને હનુમાને લંકામાં જેમ કર્યું તેમ હું આકાશમાં કહી કરું, ઈત્યાદિક વચન સાંભળીને બ્રાહ્મણો બોલ્યા, તું કોણ છે? ત્યારે તે આત્મા પ્રગટ કરી બોલ્યો. હું પાવક છું. એ મારુ વાહન છે. તેને તમે ફોગટ કેમ મારો છો? ઈહાં પ્રિયગ્રંથ નામે આચાર્ય પધાર્યા

છે. તેમની પાસે જઇને ધર્મને પૂછો. તથા તે ધર્મ અંગીકાર કરો. તે આચાર્ય જેમ નરેન્દ્રમાં ચક્રવર્તી, ધનુર્વાદીમાં ધનંજય. તેમ સર્વ સત્યવાદીમાં શિરોમણી છે. તે સાંભળી બ્રાહ્મણોએ પણ આચાર્યને ધર્મ પૂછયો. તે ધર્મ સાંભળીને સર્વ તેમજ આચરવા લાગ્યા. इति कल्पसूत्रस्थविरावल्यां ॥ હવે બીજુ ઉદાહરણ કહે છે. આહીર દેશને વિષે અચલપુર નગર. તેની પાસે કન્ના અને બેન્ના નામે બે નદી છે. તેની મધ્યે બ્રહ્મદ્વીપ હતું. ત્યાં પાંચસે તાપસ હતા. તેમાં એક તાપસ પગે લેપ કરીને ભૂમિકાની પેઠે જળ ઉપર ચાલે છે. પાણીએ અણ-ખરડે પગે બેન્ના ઉતરીને પારણું કરવા જાય, ત્યારે લોક પ્રસંશા કરે કે જુવો આ તાપસની તપશક્ત કેવી છે ? જેવું જૈનમાં નથી. તે સાંભળી શ્રાવકોએ શ્રી વયરસ્વામિના મામા આર્યસમિત આચાર્યને માણસ મોકલી તેડાવ્યા. અને તે સ્વરૂપ આચાર્યને કહ્યું. આચાર્ય બોલ્યા, એમાં થોડી પાદલેપશક્તિ છે. બીજું કાંઇ નથી. ત્યારે શ્રાવકોએ તાપસને પારણું કરાવવાની નિમંત્રણા કરી. તે જોઇ બીજા લોકોએ જાણ્યું કે આપણા ગુરુ પાસે શ્રાવક આવતા નહીં, તે પણ એમના તપ પ્રભાવે આવ્યા. તાપસે પણ હા પાડી, હવે પૂર્વ રીતે બેન્ના ઉતરીને શ્રાવકને ઘેર પારણું કરવા આવ્યા. શ્રાવકે પણ તાપસના પગ ગરમ પાણીએ ધોઇને ચોખ્ખા કર્યા, પાવડીઓ પણ ધોઇને ચોખ્ખી કરી. પછી ભોજન કર્યું. પણ મનમાં ચિંતા થઈ. અનુક્રમે સર્વ શ્રાવક તથા બીજા પણ ઘણા લોકોની સાથે નદી કાંઠે આવ્યો. ધિઠાઈ અવલંબીને નદીમાં પેસવા માંડયું, એટલે બુડવા લાગ્યો. તેથી તે તાપસની ઘણી અપભ્રાજના થઇ. કોલાહલ થઇ ગયો.

ત્યારે પૂર્વ સંકેતે આર્યસમિતજી ત્યાં આવ્યા. આવીને પ્રતિબોધ માટે યોગચૂર્ણ બેન્ના મધ્યે નાખીને આચાર્ય બોલ્યા, હે બેન્ના ! અમે પેલે પાર જઈશું. એવું કહયું ત્યાં નદીના બેઠુ તટ મળી ગયા, તે જોઇને લોકોને ઘણો ચમત્કાર થયો. પછી આચાર્ય તાપસને આશ્રમે જઇ, તેમને પ્રતિબોધ કર્યો. પાંચસેને દીક્ષા આપી. इति

कल्पसूत्रस्थविरावल्यां आर्य समित कथा ॥ એમ ઋષિ હોય તો પણ પ્રતિબોધ કરીને દીક્ષા દેવે.

હવે ધર્મમાં સ્થિર કરે. તે ઉપર ઉદાહરણ કહે છે.

શ્રી વીરસ્વામીને મોક્ષે ગયા પછી બસે ને અઠાવીશ વર્ષે પાંચમો નિન્હવ થયો. તેની કથા કહે છે. ઉલ્લુકા નામે નદીથી ઓળખાણો, માટે તે દેશનું નામ ઉલ્લુક છે. તે નદીને કાંઠે ધૂલના કોટ સહિત ગામ છે. માટે તેને ખેટ કહીયે. બીજે કાંઠે ઉલ્લુકા નામે નગર છે. ત્યાં મહાગિરિ આચાર્યના શિષ્ય ધનગુપ્ત નામે આચાર્ય અપર તટે રહે છે. તેના શિષ્ય આર્ય ગંગ નામે આચાર્ય હતા, તે પૂર્વ તીરે રહે છે. તે અન્યદા શરદ્કાલને વિષે આચાર્યને વંદના કરવા માટે ગંગા નદી ઉતરે છે. તેને માથે ટાલ છે. તેણે કરીને તડકે ટાલ તપે છે. તથા પગે નદીના પાણીની શીતલતા લાગે છે. તે અવસરે કોઈક મિથ્યાત્વમોહનીયના ઉદયથી તે શિષ્ય ચિંતવવા લાગ્યો કે સિદ્ધાંતમાં તો એક સમયે ને સમકાલે બે ક્રિયાનું અનુભવવું નિષેધ કર્યું છે. અને હું તો એક સમયે શીત અને ઉષ્ણનો અનુભવ કરી રહ્યો છું. તે માટે અનુભવ વિરુદ્ધ હોવાથી આગમમાં કહ્યું તે રૂડું નથી લાગતું. એમ વિચારી ગુરુ પાસે આવીને તે વાત કહી, ગુરુ બોલ્યા. તું કહે છે કે એક સમયે બેનો અનુભવ કરું છું. પણ તે અનુક્રમે જ થાય, પરંતુ સમકાલે ન નીપજે. કારણ કે સમય આવલિકાનો સૂક્ષ્મ છે. મતિ અતિચપલ છે. જે કાલે તે ઇન્દ્રિયસંયુક્ત મન તે કાલે તે જ્ઞાનનો હેતુ થાય. તે માટે પાદ અને મસ્તક એ બે દૂર અવયવ છે. તેનો ઉપયોગ એકે કાલે કેમ હોય ? કારણ કે સકલ અસંખ્યાત પ્રદેશે એક વસ્તુનો ઉપયોગ થયો પછી જીવનો કયો અંશ બાકી રહ્યો. તેથી અનુક્રમે ઉપયોગ થાય. છતાં પણ છદ્મસ્થપણામાં તું કહે છે કે હું સમકાલે બે ક્રિયા અનુભવું છું. જેમ કોઈ યુવાન પુરુષ કમલનાં શતપત્ર ઉપરા ઉપર માંડીને વીંધ્યા પછી તે એમ જાણે કે મેં સમકાલે વીંધ્યા પણ એક વિંધાણા વિના બીજા કેમ વીંધાય ? જે માટે પહેલું

પત્ર વિંધવાનો સમય જુદો છે. એમ એક, બે, ત્રણ વિંધવાના સમય જુદા છે. એમ તું પણ અનુક્રમે જાણજે. પણ યુગપત્ ન હોય. વળી જેને ઉંબાડીયો કરીને ફેરવે છે. તેમ ચક્ર સરખું દેખાય છે. પણ તે ઉંબાડીયો એક દિશામાં છે. પરંતુ ચક્રની જેમ સર્વ દિશાએ નથી. તો પણ ભ્રમણકાળ શીઘ્રપણાને લીધે ચક્ર જેવું દેખાય છે. તે અહિં જણાવે છે. જેમ લાંબો ફલી તથા પાપડને કોઈક ખાતા ચક્ષુએ દેખે છે. નાસિકાએ ગંધ પણ આવે છે. રસેંદ્રિયને સ્વાદ પણ આવે છે. ફરસ ઇન્દ્રિયે તો હાથમાં છે. માટે સ્પર્શજ્ઞાન થાય છે. તથા ખાતા પણ શબ્દ ઉઠે છે. તે શ્રોત્રેન્દ્રિય સાંભળે છે, એ પાંચે જ્ઞાન સર્વ અનુક્રમે થાય છે. પણ કાલના સૂક્ષ્મપણાના કારણે તથા મન શીઘ્રચારી છે. માટે સમકાલે પાંચે અનુભવું છું. એમ થાય, તેમ તું પણ જાણ જે. દેવદત્ત ઉઘાડી આંખે બેઠો છે. હાથી ચાલ્યો જાય છે. છતાં ન દેખે, ત્યારે ગંગ આચાર્ય બોલ્યા કે મેં સમકાલે કેમ ગ્રહણ કર્યા? આચાર્ય કહે, ગ્રહ્યાની કોણ ના પાડે છે? અમે તો બે ઉપયોગની ના પાડીયે છીયે. એમ કહયે છતે ગંગ આચાર્યે કદાગ્રહ ન છોડયો, ત્યારે ગુરુએ તેને ગચ્છ બહાર મૂકયો. તે વિહાર કરતાં રાજગૃહ નગરે આવ્યા. ત્યાં મણિનાગ નામે નાગ ચૈત્ય છે. તે ચૈત્યની સમીપે રહ્યો. ત્યાં પર્ષદા મળી ત્યારે ગંગ આચાર્યે દેશના દેતા એક સમયે બે ક્રિયાનો ઊપયૌગ હોય એવું કહ્યું. તે મણિનાગે સાંભળ્યું. ત્યારે મણિનાગ કહેવા લાગ્યો કે અરે દુષ્ટ શિષ્ય! તું એમ શું પ્રરૂપે છે? કારણ કે આજ સ્થાનકે મહાવીર પ્રભુનું સમવસરણ થયું હતું, તે સમવસરણમાં પ્રભુ વીરે એક સમયે એક જ ક્રિયાનું વેદવાનું પ્રરૂપ્યુ છે. તે મેં સાંભળ્યું છે. તે પ્રભુની વાણીથી તું વિરૂદ્ધ બોલે છે? માટે તું હઠ મુકી દે. નહિં તો તને મારીશ, તું નાશ પામીશ. ઇત્યાદિક ભય વચન સાંભળીને પ્રતિબોધ પમાડયો, મિચ્છામિ દુક્કડં દીધો. પછી ગુરુ પાસે જઇ આલોઈ પડિક્કમીને રહ્યા. इत्यादि अधिकार श्री विशेषावश्यके पंचम निन्हवाधिकारे छे. એવી

રીતે દેવતા પણ પ્રતિબોધ કરીને ઠેકાણે લાવે છે. એ. અપેક્ષાએ ઋષિ તથા દેવતા સરખા ગણવા.

હવે ત્રીજા પદનો અર્થ કહે છે. मुक्खा तिरिक्खा य समं विभत्ता ॥ મૂર્ખ અને તિર્યંચને સરખા જાણવા. એટલે મૂર્ખ તિર્યંચ સરખા કહ્યા છે. તેની ઉપર મરૂકની કથા કહે છે. એક ગચ્છને વિષે એક સાધુ લબ્ધિવંત હતા. પણ કોઇ બાળ તથા ગ્લાનની વૈયાવચ્ચ ન કરે. એક દિવસ તેને આચાર્યે કહ્યું કે તું વૈયાવચ્ચ કેમ કરતો નથી? ત્યારે તે સાધુ બોલ્યા. મને કોઇ સાધુ કહેતા નથી કે મારી વૈયાવચ્ચ કરો. આચાર્ય બોલ્યા. તું સાધુની પ્રાર્થના વાંછે છે? એ તારી ભૂલ છે. તે ઉપર તને મરુકની કથા કહું છું. તે સાંભળ.

એક મરૂક નામે બ્રાહ્મણ જ્ઞાનમદે કરી મત્ત થયેલો. કાર્તિક પૂર્ણિમાને દિવસે તે દેશને વિષે રાજા દાન દેવા તૈયાર થાય છે. ત્યારે બધા દાન લેવા જાય. પણ મરુક ન જાય, એકદા તેની ભાર્યાએ પ્રેર્યો કે તું દાન લેવા જા. મરુક બોલ્યો. એક તો ક્ષુદ્રના હાથનું દાન લેવું. બીજુ વળી તેને ઘેર સામુ જવું. એ કેમ બને? માટે જેને સાત પેઢી સુધી ગરજ હોય તે અહીં મને આપી જાય, એમ કરતાં જાવજીવ સુધી તે બ્રાહ્મણ દરિદ્રી રહ્યો. એમ મરૂકની પેઠે હે સાધુ! તું પણ ચૂકે છે. જો બાલ વૃદ્ધની વૈયાવચ્ચ કરે તો નિર્જરા થાય. તથા વૈયાવચ્ચ કરનાર તો બીજા ઘણા સાધુએ છે. તારે લબ્ધિ છે ને વૈયાવચ્ચ વિના યમ, નિયમ વિલય પામે છે. એમ ગુરુએ કહ્યું ત્યારે, તે સાધુ બોલ્યો કે તો તમે કેમ વૈયાવચ્ચ નથી કરતા? ત્યારે આચાર્ય મહારાજ બોલ્યા કે તું વાંદરાની પેઠે મૂર્ખ છે. કોઇ ઝાડને વિષે એક વાંદરો રહેતો હતો. તે વર્ષાકાલ આવ્યો ત્યારે ટાઢો વાયરો શીયાળે ઝુકલાઇ જાય. તેને જોઈ સુગ્રીવ પંખીણી બોલી હે વાનર! તું પુરૂષ સરખો છે. બે હાથ ફોગટ ધારે છે. માટે રહેવાને ઘર કેમ નથી કરતો? ટાઢે મરે છે. દુઃખ ખમે છે. તે સાંભળી, વાંદરો બોલ્યો નહીં. વળી સુગ્રીવે, બીજી, ત્રીજી વાર કહ્યું. ત્યારે વાંદરો રુઠયો. ઉછળીને

સુગ્રીવ પંખીણીનો માળો વિખેરી કાઢયો. સુગ્રીવ બીજે ઝાડે જઇને બેઠો, ત્યારે વાંદરો બોલ્યો, ॥ યત; ॥ શુત્તીમુખી દૂરાચારે રંડે પંડિત-વાદિની, અસમર્થો ગૃહારંભે સમર્થ ગૃહભંજને ॥ તેમ તું મને વૈયાવચ્ચ કરવા કહે છે. પણ મારે નિર્જરાદ્વાર ઘણા છે. તેથી નિર્જરા ઘણી છે. જો વૈયાવચ્ચ કરવા જાઉં તો તે લાભ ચુકુ. ઈત્યાદિ કથા આવશ્યક નિર્યુક્તિમાં છે. માટે મૂર્ખ સાધુ અને તિર્યંચ બંને બરાબર જાણવા.

હવે ચોથા પદનો અર્થ કહે છે. मुआ दरिद्दा य समं विभत्ता ॥ મરણ પામેલા અને દરિદ્રી સરખા છે તે ઉપર સારણુ જુગટીયાની કથા કહે છે.

ઉજજયિનિ નગરીને વિષે સારણુ નામે જુગારી છે. તે રમતા રમતા એક દિવસ સર્વ ધન હારી ગયો. ઘરમાં એક વખત જમવા જેટલું પણ ધન ન રહ્યું, પછી તે જુગારી રાત્રિને વિષે ઘેર ઘેર ભમતાં એક વાણિયાને ઘેર પિતા પુત્ર વાતો કરે છે. સાંભળવા તે ઉભો રહયો.

પિતાએ પુત્રને કહ્યું કે આપદા મટાડવાને અર્થે કાંઈક ધન રાખીયે તો ઠીક. પુત્રે હાકારો ભણ્યો. પિતાએ કહયું, દશ હજાર સોનૈયા મસાણમાં દાટી મુકીયે, તે વાત જુગારીએ સાંભળી. ત્યારે આગળથીજ મસાણમાં જઇ જયાં અનાથ મૃતક પડયા હતા. તેના ભેગો જઇને સૂતો, જેવામાં બાપ, દીકરો આવ્યા, દ્રવ્ય ધરતીએ મૂકયું, શેઠે પુત્રને કહયું, રે વત્સ ! સારીરીતે ચારે બાજુ જોઈ આવ રખે કોઇ કપટ ચરિત્રવાળો હશે તો આપણું દાટેલું ધન લઇ લેશે. પુત્રે જોયું, અનાથ મડદા વચ્ચે સારણને દીઠો મડદુ જાણીને શંકાએ સારી રીતે જોયો. મુખ તથા નાકનો શ્વાસ જોયો. તે વાયુ પણ નિકળતો ન જોયો. વળી હલાવી જોયો. તો હાલ્યો પણ નહિં. પછી પિતા પાસે આવી સર્વ વાત કહી, પિતા બોલ્યો, રે વત્સ ! રખે કોઇ માયાવી કપટી પડયા ન હોય માટે ફરી ચોક્કસ જોઇ આવ,

ત્યારે બીજીવાર પણ ત્યાં જઈને ઉછાળી જોયે. ટાંટીયા ખેંચી વેગળો કરી જોયો, પછી આવીને પિતાને કહ્યું, મરેલો છે. પિતાએ કહ્યું, કાન, નાક, કાપી લાવ. પછી જણાશે. પુત્ર જઇ કાન, નાક, કાપી લાવ્યો, તોપણ ધૂતારો બોલ્યો નહીં.

હવે તે પિતા, પુત્ર દ્રવ્યને ધરતીમાં ઘાલીને પોતાને ઘેર ગયા, ધૂર્ત થણ નિધાન લઇ નગરમાં પેઠો, ને ઇચ્છાએ વિલાસ કરવા લાગ્યો. અન્યદા શેઠે પુત્રને કહ્યું જા નિધાન જોઈ આવ, પુત્ર પણ જોવા ગયો. પણ નિધાન ન દીઠું, તેણે શેઠને કહ્યું. દ્રવ્ય તો કોઇક લઈ ગયું લાગે છે. શેઠે કહ્યું દ્રવ્ય ગોપાગ્યું ત્યારે જેના નાક, કાન, કાપેલા છે તેણે લીધું છે. પછી નગરમાં બાપ દીકરો તેને શોધવા લાગ્યા ત્યારે પેલાને શેઠે જોયો. સુંદર વસ્ત્ર આભૂષણ પહેરેલા છે. હાથમાં બીડુ ઝાલીને ચાકર ઉભો છે. કાન, નાક કાપેલા છે એવો જુગાર રમતો એક પુરુષને જોયો ત્યારે શેઠે નિશ્ચય કર્યો કે આ જ ચોર છે. પછી પાછળ જોયું તો તેણે શેઠને જોયા શેઠ સંજ્ઞા કરી એને બોલાવ્યો. શેઠ હસીને બોલ્યા, અહો! તમે દુષ્કર કર્યું. સારણ બોલ્યો, પ્રયોજને કર્યું, પરાણે નથી કર્યું, શેઠ બોલ્યા. ખાધા, પીધાથી શેષ રહ્યું, તે લાવ. તેમાંથી તને કાંઇક આપીશ પણ જો કજીયો કરીશ તો રાજદ્વારે જશે, ત્યારે જુગારી પણ સમજ્યો ને શેષ દ્રવ્ય પાછું આપી દીધું શેઠે પણ એમાંથી કાંઇક આપ્યું, અને મુકી દીધો એ રીતે મહદ્ અને દરિદ્રિ બંને સરખા જાણવા ઇત્યાદિ, સહઅમલકથાયામ્ ઇતિ सकलसभाभामिनि भालस्थलतिलकायमानपंडितश्री उत्तमविजयगणिशिष्य पंडितपद्मविजयगणि विरचिते गौतमकुलकप्रकरणे बालावबोधे पंचदशगाथायां षडुदाहरणानि समाप्तानि ॥

હવે સોલમી ગાથા કહે છે. તેને પૂર્વની ગાથા સાથે એ સંબંધ છે કે પૂર્વ ગાથાએ પુત્ર ને શિષ્ય ઋષિ ને દેવતા, મૂર્ખ અને

તિર્યંચ, મુઆ અને નિર્ધન એ સરખા બતાવ્યા. એ જેમ સરખા છે તેમ કોઇક અધિક પણ હોય છે. તે માટે સમ દેખાડીને આ ગાથા અધિક દેખાડે છે.

सव्वा कला धम्मकला जिणाइं सव्व कहा धम्म कहा जिणाइं ।
सव्वं बलं धम्मबलं जिणाइं, सव्वं धम्मसुहं जिणाइं ॥ (१६)

અર્થ :- सव्वा कला धम्मकला जिणाइं ॥ પુરુષોની બહોંતેર કલા, સ્રીની ચોસઠકલા, એ સર્વકલાથો ધર્મની કલા તે જીતનારી છે. તે ઉપર સહસ્રમલ્લની કથા કહે છે, આ જ જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે વચ્છ નામે દેશમાં કૌશાંબી નામે નગરી છે. ત્યાં સહસ્રમલ્લ નામે કુલપુત્ર વસે છે. તે અનેક કુડ, કપટ, છલ ભેદ કરતો. પરને ઠગવામાં તત્પર, વિષનાં કાંચની પેઠે સર્વ લોકનો ક્ષયકારી, લોકોને ઘેર ચોરી કરતો, મહાસાહસિક છે. તેનો પિતા મરણ પામ્યો. મદિરાનો પ્રસંગી છે. લોકના દ્રવ્યે વ્યાજે કરીને સુખ ભોગવનારો, લોક માંગે ત્યારે કહે કે મારી પાસે કાંઇ જ નથી. ચોરની કલાઓ શીખ્યો. વાણિયા, બ્રાહ્મણનો વેશ કરવામાં કુશળ છે. અનેક પ્રકારની ભાષા શીખ્યો. ભમી ભમીને ધનવાનનાં ઘર જુવે. એમ કરતાં એક દિવસ રત્નસાગર નામે વાણીયાને રત્નનો વેપાર કરતો દીઠો. ત્યારે પોતે વાણીયાનો વેષ કરીને તેના હાટે ગયો. રત્ન કઢાવીને જોયા, ફરી પૂછયું. એટલા જ છે કે બીજા છે ? રત્નસાગરબોલ્યો. બીજા પણ છે, તે દેખાડો. વાણીયે હાટમાં પેસી ખાડ ખોદીને રત્નનો ડાબડો ઉઘાડયો. તેમાંથી રત્ન કાઢી તેને દેખાડયા, અને મૂલ્ય પણ કહ્યું. તે બોલ્યો. આ રત્ન લઈ જાઉં છું. મૂલ્ય પ્રભાતે આપીશ. વાણીયો બોલ્યો. હું કોઇને ઉધાર આપતો નથી. એમ કહી રત્ન પાછા લઇ લીધા. તે ચોર પણ રત્ન રાખવાનું સ્થાન જોઇને પોતાને ઘેર ગયો. રાતે ચોરનો વેષ લઇને વાણીયાને હાટે આવ્યો. ત્યાં ખાતર પાડીને પ્રથમ પગ ઘાલ્યા. એટલે શૈયામાં રહેલા રત્નસાગરનાં દીકરાને પગ લાગ્યા. તેણે ચોરને પ્રવેશ કરેલો જોયો. શૈયાથી ઉઠી ચોરના બે પગ પકડયા. ત્યાં ખેંચ-

તાણુ કરતાં ચોરનું શરીર ઘસાયું. વાણીયાના દીકરે તેને મૂકી દીધો. નાશીને પોતાને ઘેર ગયો. માતાને વાત કરી. બીજે દિવસે વેદનાથી કણુસણુતો માતાએ કહ્યું. રે પુત્ર ! પારકું ધન લે તે સારણુની જેમ સર્વ સહે. પાછલા પદમાં કહી તે માતાએ સંભળાવી. અનુક્રમે સાજો થયો. પછી ચોરી કરવા માંડી. પુરોહિતને ઘેર ખાતર પાડ્યું. સાર દ્રવ્ય કાઢ્યું. લાવીને માતાને આપ્યું. માતાએ પૂછ્યું. રે વત્સ ! એ ધન તું ક્યાંથી લાવ્યો ? તે બોલ્યો, તારે એ ચિંતાનુ શું કામ છે ? પણ લોક વાક્ય સાંભળીને મને કહેજે. પ્રાતઃ કાળે નગરમાં ગઈ, પણ માતાને તે વાતની ખબર ન પડી. ત્યારે નગર બહાર નીકળીને પણુ-ઘટને માર્ગે બેઠી. થોડીવાર થઈ ત્યાં પુરોહિતની પુત્રી જલ ભરવા નિમિત્તે આવી. તેને કોઈક સ્રીએ પૂછ્યું. કે પુરોહિતના ઘરે ચોરે ચોરી કરી. આ વાત સાચી છે ? તે બોલી હા. સાચી છે. ફરી પૂછ્યું. કાંઈ શુદ્ધિ મળી, તે બોલી. મારા પિતાએ રાજાને વાત કહી છે. રાજાએ કોટવાલને બોલાવ્યો. એવા સમયે ધનસાર નામે શેઠ અને નાપિત એ બે જણુ કાર્યવશાત્ રાજા પાસે આવ્યા હતા. ત્યાં શેઠ બોલ્યા. ચોરે ઘણું ધન લીધું છે. માટે પ્રધાન વસ્ત્ર પહેરશે. તે વસ્ત્ર મારે હાટે લેવા આવશે. તેમાં નાપિત બોલ્યો. મારી પાસે પણ નખ ઉતરાવવા, મુંડન કરાવવા આવશે. ત્યારે પકડીને તમને સોંપીશ.

એ વાત પુરોહિતની પુત્રીના મુખથી સાંભળીને ચોરની માતા ઘેર ગઈ. જેવું સાંભળ્યું તેવું કહ્યું, તે પણ વાણીયાનો વેષ કરીને નાપિતને ઘેર ગયો. નાપિતે મોટું આસન આપ્યું. નખ ઉતાર્યા. વાણી-યાનો વેષ જોઇને નાપિતને ઘણો હર્ષ થયો. વિશ્વાસ ઉપન્યો. તસ્કર સંજ્ઞા ગઈ, ચોરે પણ ઉઠતી વખતે કહ્યું. કોઈકને મારી સાથે મોકલો તો તેને પૈસા અપાવું. નાપિતે પોતાના છોકરાને મોકલ્યો. ચોર ધન-સાર શેઠનાં હાટે ગયો. તેણે આસન આપ્યું, તે ઉપર બેઠો. શેઠે પૂછ્યું. શા પ્રયોજને આવ્યા છો ? ચોર બોલ્યો. ઘણાં અવલ સુંદર

વસ્ત્ર દેખાડો: શેઠે વસ્ત્ર દેખાડયા. તેમાંથી વસ્ત્ર લઇને ઉઠયો. શેઠ બોલ્યો. એનું મૂલ્ય કોણ આપશે ? ચોર બોલ્યો. હું લઇને આવું છું. ત્યાં સુધી આ છોકરાને મુકી જઉં છું. શેઠે કહ્યું. સુખે જાવ. ચોર ઘેર ગયો. વસ્ત્ર માને સાંપ્યા, તેણે માતાને કહ્યું લોકની વાત સાંભળી આવો. મા સાંભળવા ગઇ. સાંભળીને પુત્રને વાત કહી કે શેઠ, નાપિતે રાજાને ફરિયાદ કરી. કે હે દેવ ! ધોળા દિવસે ધાડ પાડી ચોર અમને લુંટી ગયો. એવામાં સોદાગર પાસે બેઠો હતો તેણે કહ્યું હે દેવ ! એ ધણીને ઘોડા વિના નહિ ચાલે. પ્રધાનના વિના કોઇના ઘરે ઘોડા નથી. તે માટે મારી પાસે ઘોડા લેવા આવશે. ત્યારે પકડીને રાજાને સોંપીશ. વળી કામપતાકા ગણિકા બેઠી હતી. તે બોલી. હે મહારાજ ! મારા ઘર વિના બીજે વસે નહિ. માટે હું શોધ કરીને લાવીશ. રાજા બોલ્યો. એમ કરજો. એ વાત માતાએ પુત્રને કહી. તે સાંભળી ચોર સાર્થવાહનો વેષ લઇને નગર બહાર નીકળ્યો. સોદાગર પાસે આવ્યો. સોદાગરે આસન આપ્યું, ફૂલ, તાંબુલ આપ્યું. ક્ષણ વાતો કરી સોદાગરને પૂછયું. તમે નગર બહાર કેમ ઉતર્યા છો. તે બોલ્યો. અમારે ત્યાં ઘર નથી. ચોર બોલ્યો. મારે ઘેર કેમ નથી આવતા ? આવો તો ત્યાં ઘોડા વેચાશે. સોદાગર બોલ્યો. પરઘર પ્રવેશે મન માનતું નથી. તે બોલ્યો. સજ્જનને ઘેર જવું સજ્જનને શી શંકા ?

એ પોતાનું ઘર જાણજો. અને જ્યાં પ્રેમ હોય ત્યાં કપટ શું ? સોદાગરે વિચાર્યું. અહો ! એની મહાનુભાવતા. અહો ! એનું વિચક્ષણ ! અહો ! એનું ગિરિઆપણું. અહો ! એનું ગંભીરપણું, અહો ! એનું ધીરપણું, તે માટે એની પ્રાર્થના ભંગ ન થાય. એમ વિચારીને સોદાગર બોલ્યો. જે તમે કહો તેમ કરીયે. તે બોલ્યો, મારે ઘેર આવો. સોદાગરે તે વચન માન્યું. ત્યારે ચોર આગળથી ઉઠીને કામપતાકા વેશ્યાને ઘેર ગયો. તેને દાસી મલી. તેને કહ્યું. તારી સ્વામિનિને પૂછ કે તમારું ઘર મોટું જાણીને ઉતરવા ઇચ્છે છે. દાસીએ વેશ્યાને પૂછયું. વેશ્યા પણ લોભમાં આવીને બોલી, સુખે આવો. ચોર પણ સોદાગરને તેડી લાવ્યો. તેના ઘોડા એના આંગણામાં બંધાવ્યા.

પછી તે કામપતાકા પાસે ગયો. તેણે આસન આપ્યું. પગ ધોવા પાણી લાવી. ચોર બોલ્યો, હમણા પગ ધોવાનું કામ નથી. હું હજી રાજાને મલ્યો નથી. મારી પાસે આભૂષણ નથી. માટે ક્ષણ આભૂષણ આપો.તો રાજાને મલી આવું તેણીએ પણ સોદાગર જાણી આભૂષણ આપ્યા. તે લઈ. સહસ્રમલ સોદાગર પાસે ગયો. અને કહેવા લાગ્યો. હમણા રૂડુ મુહૂર્ત છે. તમારા ઘોડાનું સ્વરૂપ કહેવા માટે શીઘ્ર રાજા પાસે જવું છે, માટે એક અવલ ઘોડો આપો. તો તરત પહોંચું, સોદાગરે પણ ઘરધણી જાણી સુંદર ઘોડો આપ્યો. તે ઘોડો લઇને પોતાને ઘેર ગયો. થોડો સમય થયો પછી વેશ્યાને શંકા ઉપની. તેણે સોદાગરના માણસને પૂછ્યું કે હજુ સુધી સોદાગર નથી આવ્યા ? તે બોલ્યો. બારણે બેઠા છે. વેશ્યાએ તેને જઈ પૂછ્યું, કે સોદાગર તમે છો ? તે બોલ્યા હા હુ સોદાગર છું. વેશ્યા બોલી. મારા આભૂષણ લઇ ગયો ? તે કયાં ગયો ? સોદાગર બોલ્યો. શું તે ઘરધણી નોતો ? વેશ્યા બોલી અહો ! મને લૂંટી ગયો. મારો ઘોડો લઈ ગયો. તે બંને રાજા પાસે ફરીયાદી કરી, રાજા કોપ્યો. કોટવાળને તિરસ્કાર કરી બોલ્યો અરે ! પાંચ દિવસમાં ચોર પકડો. કોટવાળે વચન અંગીકાર કર્યું,

સહસ્રમલે માતાને કહ્યું. લોકની વાત સાંભળી આવ. તેણે વાત સાંભળી આવીને પુત્રને વાત કરી. રે પુત્ર ! આજ કોટવાળને ક્રોધ કરીને રાજાએ કહ્યું. અને કોટવાળે વાત માની. માટે સત્વ રાખીને કાર્ય કરજે. તમે બીવો નહિં જુવો શું બને છે ?

હવે બ્રાહ્મણનો વેષ લઇને નગર મધ્યે પેઠો. ભમતા ભમતા દેવ-કુલમાં કોટવાળને જુગાર રમતો જોયો. ચોર પણ વિપ્ર વેષે ત્યાં બેઠો કોટવાળ સાથે રમવા લાગ્યો. કોટવાળે રમતાં રમતાં પોતાની નામાં-કિત મુદ્રા મૂકી. એણે સાટે પણ કાંઈક આપ્યું. એવામાં રાજાનો દ્વાર-પાળ આવ્યો. તેણે આક્ષેપ કરીને કોટવાળને કહ્યું કે તમને રાજા બોલાવે છે. માટે શીઘ્ર ચાલો, કોટવાળ તેની સાથે ચાલ્યો. ચોર પણ કોટ-વાળના ઘેર ગયો, કોટવાળની સ્ત્રીને કહ્યું, ઘરમાં જે સાર સાર વસ્તુ

હોય તે આપો. તે બોલી. તને કોણે મોકલ્યો છે ? તે બોલ્યો. કોટવાળે મોકલ્યો છે. સ્ત્રી બોલી, કોટવાળ ક્યાં છે ? તે બોલ્યો. તેને તો રાજપુરુષ બાંધીને લઇ ગયો, ત્યારે કોટવાળે મારા કાનમાં કહ્યું છે કે મારા ઘેરથી સાર સાર વસ્તુ લઈ આવો. મેં ત્યારે નિશાની માગી. એણે મને મુદ્રા આપી છે તે જોઇ જોઈ સાર સાર વસ્તુ આપી, ચોર લઈને ઘેર ગયો.

કેટલેક કાળે કોટવાળ ઘરે આવ્યો. ભાર્યાએ પૂછયું. કેમ મૂકાણા ? કોટવાળે કહ્યું મને કોણે બાંધ્યો હતો. જેથી મુકવાનું શું પૂછે છે ? સ્ત્રી બોલી. રાજાએ તમને બાંધ્યા હતા. કોટવાળ બોલ્યો. તને કોણે કહ્યું. તે બોલી. તમારા ચાકરે. તેને તમે નિશાનીમાં મુદ્રા આપી હતી. તે નિશાનીએ મેં ઘરમાંથી સાર સાર દ્રવ્ય આપી દીધું, કોટવાળ બોલ્યો. મેં તો કોઇને મોકલ્યો નથી પણ તને ઠગી ગયો લાગે છે. પછી કોટવાળે રાજાને ફરિયાદ કરી. હે દેવ ! એ ચોર મને પણ ઠગી ગયા. સંબંધી સર્વ વાત કહી ત્યારે રાજા ગર્વ કરી બોલ્યો કે બધા હેઠા બેસો. હવે એ કાર્ય હું કરીશ. આકાશ, પાતાળ, સમુદ્રમાં પેસશે તો ત્યાંથી પણ લાવીશ. કોટવાળ બોલ્યો તમે લાવો એમાં શું સંદેશ હોય ? ચોરે માતાને કહ્યું. લોક વાત સાંભળી આવો. તેણે સાંભળી પુત્રને વાત કહી. રે વત્સ ! હવે તારા પ્રાણનો પણ સંશય છે. કારણકે રાજા કોપ્યો છે. તે પ્રતિજ્ઞા કરીને નીકળશે. ચોરે ગર્વ સહિત કહ્યું. હે અંબે ! તમે અંશમાત્ર પણ ચિંતા ન કરશો. સહસ્ત્રમલનું સાહસ કોઇ કરી શકે તેમ નથી. પછી બ્રાહ્મણનો વેષ કરીને રાતે રાજદ્વારે જઇ દ્વારપાલને કહ્યું કે રાજાને કહો કે વિજ્ઞાનમાં પણ ઘણો જાણકાર એક અંગમર્દનીયો બ્રાહ્મણ દેશાંતરીયો આવ્યો છે. તેણે રાજાને કહ્યું, રાજાએ કહ્યું. તેને મોકલો. રાજાનું અંગમર્દન કરવા લાગ્યો. રાજાના આભરણ લઇ એક સ્થાને મૂકયા. રાજાને ઉંઘ આવી ગઈ ત્યારે ઉંઘતા જાણીને આભરણ ઉપાડી બહાર નીકળ્યો. અંગમર્દનીયો જાણીને કોઈએ વાર્યો નહિં. તે સુખેથી ઘેર પહોંચી ગયો. પ્રભાતે રાજા જાગ્યો ત્યારે અંગમર્દનને જોયો નહીં તથા આભૂષણો ન જોયા. જેથી વિલખો થયો. દુઃખી થયેલો પ્રભાતનું કાર્ય કર્યું.

સભામાં બેઠેલા રાજાનું મન ઉદાસ છે. સામંત પ્રમુખ આદિએ વાત પૂછી. યથાર્થ કહ્યું. મંત્રી બોલ્યો એ કોઇ ગુપ્તચર લાગે છે. જેથી પકડાતો નથી. મંત્રી બોલ્યો મંત્ર, તંત્ર, જ્યોતિષીએ હોરાએ, કેવલીકાએ કરી ચોરની શોધ કરીયે. રાજા બોલ્યો. એમ જ કરીયે. મંત્રીએ જિનચંદ નામે શ્વેતાંબર મુનિને બોલાવ્યા. તે મુનિ પણ સમૃદ્ધ નામે શ્રાવકનાં જિનરક્ષિત નામે પુત્રની સાથે લઈને રાજા પાસે આવ્યા. यतः जीवदया दईआई निच्चंचि य समवगूढदेहाणं अरिहंताणं पणमिमो तिहुअणसुपईठिअजसाणं ॥ એમ તીર્થંકરને પ્રણામ કરીને રાજાએ આપેલા આસન ઉપર બેઠા. મંત્રીશ્વરે મુનિને કહ્યું. ગૂઢ ચોર છે. નગરને ઠગે છે. માટે તમારી કેવલિકાએ નિર્ધાર કરી દેખાડો. મુનિ બોલ્યા. એ અમારો આચાર નથી. પ્રધાન બોલ્યો. એ તમને અકલ્પ્ય છે, તો પણ રાજાના વચને કરો. એટલે જિનરક્ષિત શ્રાવક બોલ્યો. મેં કેવલિકાનો અભ્યાસ કર્યો છે. માટે જે કહો તે જોઇને કહીશ. મંત્રી બોલ્યા. અમારે ચોર મળવાનું કામ છે. તે સાંભળી જિનરક્ષિતે પાનનું બીડુ લીધું. રાજાએ તેને વિસર્જ્યો. તે પોતાના સ્થાને ગયો. તે વાત ચોરે જાણી કે મને કેવલિકાએ જાણશે. ત્યારે કપટ કરી ચોર કપટશ્રાવક થયો. શ્વેત વસ્ત્ર પહેરી, ધોતીયું, ઉત્તરાસંગ, કરી ફૂલની છાબડી હાથમાં રાખી, અનુક્રમે ચૈત્યવંદન કરતો શ્રી મહાવીર સ્વામીના દહેરે ગયો. ત્યાં જિનરક્ષિત પણ આવ્યો. તે ચોરને વિધિ પૂર્વક ક્રિયા કરતાં જોયો. સાધર્મિકનાં રાગે પૂછયું. તમે કયાંથી આવ્યા ? કોણ છો ? કયાં જશો ? તે બોલ્યો. ચંપાવાસી છું. જિનદાસ નામે શ્રાવક છું. દીક્ષા લેવાનો નિશ્ચય કરીને સિદ્ધાચલજી, ગિરનારજી; સમેતશિખરજી આદિની યાત્રાર્થે નિકળ્યો છું. પછી ચોરની પ્રશંસા કરી કહ્યું કે તમને ધન્ય છે. કારણ કે તમને ઉત્તમ પરિણામ છે. આજ મારા ઘરે પધારો. કપટી શ્રાવકે પણ ચૈત્યો વાંદ્યા, પછી કપટીશ્રાવકને ઘરે લઇ ગયો. વિનયથી ભોજન કરાવ્યું. વળી જિનરક્ષિત બોલ્યો. જ્યાસુધી રહો ત્યાં સુધી મારે ઘેર ભોજને પધારજો. હે મહાભાગ ! આ તમારું જ ઘર છે, ચોરે પણ વચન

માન્યું. રાત પડી. જિનરક્ષિત બોલ્યો. આજ મારે ઘેર જ રહો. એમ કહી ઢોલીયો બતાવ્યો. અને કહ્યું. આજે રાત્રે ચોરની ખબર કાઢવા મંત્રજાપ કરવો છે. ચોર બોલ્યો. તમારી ઈચ્છા પૂર્ણ થાવ. પછી જિનરક્ષિત જાપ કરવા બેઠા. સર્વ જન સૂઈ ગયા. કપટ કરી અવસર પામીને સર્વ સાર લઈ ગયો. સવાર થયું ત્યારે જોયું તો સર્વ વસ્તુ લઈ ગયો. જિનરક્ષિતે રાજાને વાત કરી. રાજાએ મંત્રીને કહ્યું કે એને વિસર્જન કરો. દુઃખીયાની કેવલીકાએ સર્યું. પછી મંત્રિ બોલ્યો. દિગંબરીઓને બોલાવો. રાજાએ કહ્યું. સુખેથી બોલાવો. મંત્રીએ વિમલકીર્તિ દિગમ્બરને બોલાવ્યા. રાજા પાસે આવ્યો. તે પણ પરમેશ્વરને નમસ્કાર કરીને બેઠો. રાજાએ તેને પ્રણામ કર્યા. ચોરની વાત કરી. કેવલિકા જોઈને ચોરને પકડી આપો. તેણે કહ્યું. રાત્રે જોઈને નિરુપણ કરીશ. રાજાએ સન્માન કરી વિસર્જ્યા. ચોરે વાત જાણી. તે વિમલકીર્તિ પાસે ગયો. વંદન કર્યા ધમ્મ વુઢિ હોઉ એવું કહ્યું. તેને ઋષિએ પૂછયું તમે કયાંથી આવ્યા ? તે બોલ્યો, હું શ્રીપુરપાટણથી આવું છું. તમારી પાસે દીક્ષા લેવાની ભાવના છે. ત્યારે ઋષિ બોલ્યા કે કેટલાક દિવસ છાત્રપણે રહો. તે વચન અંગીકાર કર્યું. ઋષિએ પણ રાસલ નામે છાત્રને સોંપ્યો. અને કહ્યું તમારો લઘુભાઈ છે. પ્રીતિથી વર્તજો. તે બોલ્યો. જેવી આપની આજ્ઞા. રાત પડી. વિમલકીર્તિ કેવલીકા જોવા બેઠો. મૂલ છાત્ર સૂઇ ગયો પછી સવારે જાગ્યો. તો લઘુ છાત્રને જોયો નહીં. ઋષિને વાત કરી હે ભગવાન્ ! ઔષધની વર્તિકા, જોગપટ્ટો, કેવલિકા અને પુસ્તક નથી દેખાતા. ઋષિ બોલ્યા. લુંટાયા ભાઇ લુંટાયા. હવે કમંડળ, પીંછી લાવો. તો કોટવાળને સંભળાવું તો કંઈ ન દેખાયું. ઋષિ બોલ્યા. એણે આપણને વગોવ્યા. કારણ કે આપણો લિંગ લઇ ગયો. છાત્ર બોલ્યો. શ્રી શાંતિનાથ પૂજ્ય તમને પ્રસન્ન થાવ. આપણે બીજા ઉપકરણ લઇ લેશું. રાત્રે ઋષિ બોલ્યા. અહો કષ્ટ ! અહો કષ્ટ ! એમ કરતાં મૂર્છા પામ્યા. રાસલ બોલ્યો શું થયું ? ઔષધીનાં જે વીશ સોનૈયા હતા તે ઉપાડી ગયો.

રાજાને વાત કરી અને કહ્યું કેવલીકા પણ લઇ ગયો તે સાંભળી રાજાએ કહ્યું એને વિસર્જન કરો. મંત્રિએ એમને વિસર્જન કર્યા. તે પોતાના ઠેકાણે ગયા.

હવે ચૌદ વિદ્યાનો પારગામી નારાયણ નામે બ્રાહ્મણ છે. તેને પ્રધાને બોલાવ્યો. તે પણ રાજા પાસે આવ્યો. યતઃ॥ कमलासणो वेअमुहो, चउवयणो पउमगस्स समवन्नो ॥ सचराचर विस्सप्पिया पयावइ जयई पयडो ॥ એમ બ્રહ્માને નમસ્કાર કરીને આસને બેઠો. મંત્રીએ કહ્યું તમારી વિદ્યાએ ચોરની શોધી કાઢો. બ્રાહ્મણે કહ્યું સવારે કહીશ. તે પોતાના સ્થાનકે ગયો. માતાની મુખે બધી વાત સાંભળી. ચોરે બટુકનો વેષ કરીને નારાયણ બ્રાહ્મણને ઘેર આવી ભટને પગે લાગ્યો. નારાયણે પૂછ્યું. તમે ક્યાંથી આવ્યા ? તે બોલ્યો. હું સાવત્થી નગરીથી આવ્યો છું. ખંડિલ મારું નામ છે. તમારી પાસે વેદ ભણવા આવ્યો છું. નારાયણ બોલ્યો. મને ત્યાં કોણ ઓળખે છે, ચોર બોલ્યો. તમે પ્રસિદ્ધ છો. તમારી પ્રસિદ્ધિને સાંભળીને આવ્યો છું. હું તને વેદ પારગામી કરીશ. ચોરે કહ્યું હું પરમાણુ સરખો છું. માંટે મને પાર ઉતારો. એમ કહી પગે લાગ્યો. રાત પડી ભટે કહ્યું તું ઘરમાં સૂઇ રહેજે. હું કામવશે બીજે જવાનો છું. રાત્રે ત્રીજે પહોરે ભરનિદ્રામાં બધા હતા ત્યારે સાર દ્રવ્ય લઇને ચોર નાશી ગયો. સવાર થયું. ત્યારે લુટાણા ભાઇ લુટાણાની બૂમ પડી. રાજાને ફરીયાદ કરી તેને પણ રજા આપી.

ત્યાર પછી રાજાએ શિવધર્મી નામે શિવધર્મનાં આચાર્યને બોલાવ્યો. તે રાજાની સભામાં આવ્યો. ॥ यतः ॥ कैलासकयनिवासं, एगगवं चंदसेहरं सुदहं ॥ गंगागोरी समागम, पमुदियमणसं सिवं नमिमो ॥ એ રીતે મહાદેવને નમસ્કાર કરીને બેઠો. મંત્રી બોલ્યો. ચોરને પકડવા કેવલીકા જુવો. શિવધર્મીએ કહ્યું. સવારે કહીશ. તે પોતાના સ્થાને ગયો. ચોરે જાણ્યું. અને શિવધર્મી પાસે ૐ નમઃ શિવાય ॥ એમ કહીને બોલ્યો. હે ભગવાન્ હું તમારા વ્રતને યોગ્ય છું. તો કાલ વિલંબ ન કરો. મને દીક્ષા દો. તેણે પણ અઘોરશિવ

પ્રમુખ ચેલાને પૂછ્યું. ચેલાએ કહ્યું. મને શીઘ્ર દીક્ષા આપો. કારણ કે ધર્મસ્ય त्वरितागतिरिति વચનાત્ ॥ ત્યારે તેણે ચેલાને દીક્ષા આપી. રાત્રિ સમયે શીવધર્મી કેવલીકા જોવા બેઠો. રાત્રે મઠમાં ચોરી કરીને નાઠો. પ્રભાતે જાણ્યું. શિવધર્મી રાજા પાસે જઈને પોકાર કરવા લાગ્યો. હે રાજન્ ! કેવલીકા માથે પડી. રાત્રિની વાત કરી. ધૂતારો ચોરી કરીને નાશી ગયો. એને પણ વિસર્જન કર્યો.

હવે બૌધમતનાં ધણી મંજુસિરિને બોલાવ્યા. તે પણ આવ્યો. બુદ્ધને નમસ્કાર કરીને બેઠો. મંત્રીએ ચોરને પકડવાની વાત કરી. તેણે કહ્યું. પ્રભાતે કહીશ તે પોતાના સ્થાને ગયો. ચોર પણ બૌદ્ધનો શ્રાવકનો વેષ લીધો. મંજુસિસિનાં વિહાર સ્થાને જઈ વંદના કરી. મંજુસિરિએ કહ્યું. હે શ્રાવક ! તમે કયાંથી આવ્યાં. તે બોલ્યો. દક્ષિણ પંથથી આવ્યો છું. હે ભગવાન્ ! મારા ઉપર ઉપકાર કરો કારણકે આજ મારે સર્વ ભિક્ષુકને ભોજન કરાવવું છે. બધાને ભોજન કરાવ્યું. રાત્રે મંજુસિરિ કેવલીકા જોવા બેઠા. બીજા ભિક્ષુકે કહ્યું. કયાં સૂશો ? તે બોલ્યો. તમારા ચરણકમલમાં નિદ્રા કરીશ. ભિક્ષુક સૂઈ ગયા. રાત્રે ચોર ચોરીને જતો રહ્યો. તે જાણીને ભિક્ષુકો ખેદ પામ્યા. રાજાને ફરીયાદી કરી. ધૂતારો ચોરી કરીને જતો રહ્યો. પછી એને પણ રજા આપી.

હવે કપિલનો ભક્તિવંત પરમહંસ નામે કાપિલને બોલાવ્યો. એને પણ ચોર પકડવાની વાત કરી. પરમહંસે કહ્યું. પ્રભાતે કહીશ. ચોર પણ પરમહંસનો સેવક થઇને તેની પાસે ગયો. તેને બે ગાદિયાણાથી પૂજ્યા. પગે પડયો. ગોષ્ઠી કરવા માંડી, ચોર બોલ્યો. હે ભગવાન્ ! મને ધ્યાનનું સ્વરૂપ કહો. તે બોલ્યા, તમે પ્રથમ અભ્યાસી છો. માટે મારો હંસ નામે શિષ્ય છે. તેની પાસે અભ્યાસ કરજે. ચોર તેની પાસે ગયો. તેને હંસે કહ્યું. રાત્રે ધ્યાનમાં નિપુણ થઇયે. ચોર બોલ્યો. જો એમ જ હોય તો હું રાત્રે અહીંજ રહીશ. હંસે કહ્યું રૂડું. પછી રાત પડી, પરમહંસ તો કેવલીકા જોવા બેઠા.

ચોર પણ હંસ સાથે ધ્યાન ધરીને સૂઈ ગયો. પછી રાત્રે ચોર ચોરીને જતો રહ્યો. સવારે આશ્રમમાં કાંઈ ન દીઠું. પરમહંસને વાત કરી. રાજાને ફરીયાદી કરી. અમારા આશ્રમનો ગૂઢ ચરિત્ર લઇને ચોર જતો રહ્યો, પછી એમને પણ વિસર્જન કર્યા.

હવે સુરપ્રિય નામે નાસ્તિકવાદી પાખંડીને બોલાવ્યા. તે રાજા પાસે આવ્યો. તે બૃહસ્પતિ નામે દેવને નમીને બેઠો. મંત્રીએ કહ્યું. તમારા ગૂઢ જ્ઞાનથી ચરિત્રવંત ચોરને શોધી કાઢો. તે બોલ્યો. પ્રભાતે કહીશ. ચોરે વાત જાણી ત્યારે ગણિકાવાડે ગયો. ત્યાં યૌવનવંતી પ્રથમ પગલા માંડતી જોઇ. અદ્દભૂત વેષધારી, અનંગસુંદરી નામે ગણિકા પાસે જઈ કર્પુર સહિત તંબોલ આપીને બોલ્યો. જો તું મારું કાર્ય કરીશ તો તને દશ દીનાર, વસ્ત્ર વિગેરે આપીશ. તે સાંભળી વેશ્યાએ કહ્યું સારૂં. ત્યારે ચોર બોલ્યો, આજ તું કાંઈ બોલીશ નહિં. મૌન કરજે. તે વેશ્યાએ અંગીકાર કર્યું. ત્યારે વેશ્યાને લઇને સુરપ્રિયને ત્યાં લઇને ગયો. તેને નમસ્કાર કરીને કહ્યું. હે ભગવાન્! મારે દીક્ષા લેવી છે. આ મારી બેન છે. તે નાસ્તિક મતમાં માનનારી છે. માટે તમારા હાથે દીક્ષા લેવા ઇચ્છે છે. સુરપ્રિય બોલ્યો. બહુ સારૂં. પણ અમારી દીક્ષાનો એ આચાર છે કે પ્રથમ દીક્ષા લીધી. એટલે પોતાના હાથે પશુને મારવો, મદિરા પીવી, મારી સાથે ભાજનમાં બેસી ભોજન કરવું. ભાઇને પણ ધણીની નજરે જોવો. ચોર બોલ્યો. એ સર્વ કરશે. વેશ્યાએ પણ તેમજ કર્યું. રાત્રિ પડી ત્યારે સુરપ્રિયે ધૂર્તને કહ્યું કે મારે તો કાંઈ પ્રયોજન વશે એકલું સુવું પડશે. માટે તારી બેનને લઈ સહુ મારા શિષ્ય સાથે મદિરા પાન કરો. તેણે પણ આજ્ઞા પ્રમાણે કર્યું. અનંગસુંદરીને વચમાં બેસાડી, તેણે પણ ઘણા વિકાર પ્રકટ કરતી મદિરાપાન કર્યું. એમ સૌએ મદિરાપાન કર્યું. તેની ચેતના નાઠી, સહુ ધરતીએ પડયા. ચોરે અવસર જાણીને સર્વ સાર લીધું. સર્વનાં વસ્ત્ર લીધા અને ચોર નાઠો, પ્રભાત થયું. સર્વનો મદ ઉતર્યો. માંહોમાંહે લાજજા પામ્યા. સહુએ વેશ્યાને પૂછયું. તમારો ભાઈ કયાં ગયો ?

વેશ્યા બોલી, તે મારો ભાઈ નથી. બધા રાજા પાસે જઇને પોકાર કરવા લાગ્યા. ચોર અમને લૂંટી ગયો. મારા સર્વ પરિવારને નગ્ન કરીને લઈ ગયો. નાસ્તિકવાદી કરૂણ વિલાપ કરવા લાગ્યા. રાજાએ તેને પણ વિસર્જ્યો. તે પોતાનાં સ્થાને ગયો હવે રાજા મહા વિષાદવંત થયો. મંત્રીની બુદ્ધિ પણ ચાલી નહીં. સર્વ પાખંડીને પણ ધૂત્યા. પણ તે માયાવી મૂઢ ચરિત્રવંત રાજા પ્રમુખ કોઇના હાથમાં આવતો નથી. તે નરક પ્રાયોગ્ય તીવ્ર કર્મનાં આચરણ કરતો કર્મ બાંધે.

એવા અવસરને વિષે ગ્રામાનુગ્રામ વિચરતાં સુવિશુદ્ધ નામે કેવલીભગવંત પધાર્યા. રાજા વંદન કરવા ગયા. નગરનાં લોકો પણ વંદના કરવા ગયા. તે ચોર પણ ઘણા લોક ભેગા થયેલા જાણીને ચોર પણ ગુટિકા પ્રયોગે વેષ ફેરવીને ત્યાં આવ્યો. કેવલીએ પણ ધર્મદેશના દીધી. તે આવી રીતે :– પ્રાણીની હિંસાથી, પારકી ચોરી કરવાથી, મહા કડવા વિપાક કર્મ આવે. ઇત્યાદિક ધર્મદેશના દીધી. તે સાંભળીને કોઈ સમકિત, કોઈ દેશવિરતિ, કોઇક ભદ્રકભાવી, ઇત્યાદિક અંગીકાર કરીને સર્વ પર્ષદાના લોકો પોતાના ઠેકાણા ગયા. સહસ્રમલ ત્યાં રહ્યો. કેવલીને વંદના કરીને કહેવા લાગ્યો. કે હે ભગવાન્ ! એવું કોઈ કુકર્મ નથી કે જે મેં નથી કર્યું. મેં અઘોર પાપ કર્યા છે. હવે તમારા વચન અંગીકાર કરીશ. સંસારથી મારૂં મન વિરક્ત થયું છે. મારામાં યોગ્યતા હોય તો મને જૈન દીક્ષા આપો. કેવલી બોલ્યા ! હે દેવાનુપ્રિય ! નિર્વિઘ્ન થાવો. પ્રતિબંધ ન કરો. પણ આગળથી મન, વચન, કાયાથી યોગની શુદ્ધિથી કરો. આત્મા નિર્મલ કરો. પછી નિઃશલ્ય થઇને દીક્ષા લો. સહસ્ત્રમલ બોલ્યો, હે ભગવાન્ ! મહા દુષ્ટ કર્મનો કર્તા હું છું. અહિંનો રાજા મારા ઉપર ઘણો દ્વેષી છે. તે માટે બીજે ઠામે જઇને દીક્ષા લઉં. કેવલી બોલ્યા. હે ભદ્ર ! તું બીક ન રાખ. પ્રભાતે રાજા વંદના કરવા આવે. ત્યારે તું અહીં આવજે. સર્વ સારુ થશે. એમ સાંભળી પ્રમાણ કરી ચોર ઘરે ગયો.

પ્રભાતે રાજા વંદના કરવા આવ્યા. નગરનાં લોક પણ વંદન કરવા આવ્યા. સહસ્ત્રમલ પણ આવ્યો. આવીને કેવલી પાસે બેઠો. ધર્મદેશના પ્રારંભી. અનેક જીવોનાં અતીત, અનાગત, વર્તમાન કાલના સંદેહ છેદ્યા. રાજાએ કેવલી ભગવંતને પૂછયું. હે ભગવંત ! તે ચોર કોણ હતો ? અને હમણાં તે કયાં છે ? કેવલી બોલ્યા, હે રાજન્ ! તે મારી પાસે બેઠો છે. પણ તે ઉપર દ્વેષ કરીશ નહિં. કારણ કે એનું મન હવે કુકર્મથી નિવર્ત્યું છે. કર્મરૂપ પર્વતનું ઉન્મૂલન કરવાને વજ્રાગ્નિ સરખું એવું જે ચારિત્ર લેવાના પરિણામ થયા છે. તે માટે હે મહારાજ ! એ મોક્ષનું અંગ પામ્યો. તેને સહાય કરવી ઘટે. રાજા બોલ્યો, આપે જે આજ્ઞા કરી તે પ્રમાણ. પછી રાજાને તેડીને સહસ્ત્રમલ પોતાને ઘેર આવ્યો. જે ધન ચોર્યું હતું તે સર્વ ઓળખાવીને ધણીને આપી દીધું. રાજાએ દીક્ષાનો મહોત્સવ કર્યો. સહસ્ત્રમલે કેવલી પાસે ચારિત્ર લીધું. તેણે પ્રથમ દિવસે જ કેવલી પાસે અભિગ્રહ કર્યો. કે મારે જાવજીવ સુધી માસ–માસક્ષમણે પારણું કરવું. ગુરુએ તેની ઘણી પ્રશંસા કરી. સહસ્ત્રમલ પણ ગ્રહણ તથા આસેવન શિક્ષા ગ્રહણ કરીને પાંચ સમિતિ સમિતા, ત્રણ ગુપ્તિ ગુપ્તા, મુનિરાજ થયા. કોઇ કાલે એક માસ, કોઇ વેળા પાંચ માસ, કોઈ અવસરે બે માસ, ત્રણ માસ, ચાર માસ, પાંચ, છ માસ એમ દુષ્કર તપ કરતાં અનેક વર્ષ વહી ગયા. દુર્ગતિ નિબંધન કર્મ ક્ષપિતપ્રાય થયું. કોઇક વેળા શુભ અધ્યવસાય ઉલસ્યા, તેથી ક્ષપક-શ્રેણી માંડી, અપૂર્વકરણ કર્યું. અનુક્રમે અવેદી થયા. પછી મોહ ક્ષય થયો. ત્યાં જ્ઞાનાવરણીયાદિક કર્મ ક્ષય કરીને કેવલજ્ઞાન પામ્યા. કેટલોક કાળ કેવલી પર્યાયે વિચરીને યોગ નિરોધ કરી, શૈલેશીકરણે, સકલ કર્મ ક્ષય કરીને મોક્ષે ગયા. ઈતિ સહસ્ત્રમલ કથા. એનામાં બીજી ઘણી કળાઓ હતી. તથાપિ જો ધર્મકલા ન આવી હોત તો દુર્ગતિએ જાત. અને જો ધર્મકલા આવી તો સિદ્ધિ વર્યા. માટે ધર્મની કલા સર્વકલાને જીતનારી છે.

હવે બીજા પદનો અર્થ કહે છે. सव्वा कहा धम्म कहा जिणाई ॥ સર્વ કથામાં ધર્મની કથા જિતનારી છે. એટલે એ અર્થ કે સ્ત્રીકથા, ભક્તકથા, રાજકથા, દેશકથા અનેક જાતની કથાઓ છે. પણ સર્વ કથાઓમાં ધર્મકથા તે ચીતારાની પુત્રીની પેઠે જીતનારી જાણવી.

જંબુદ્વીપનાં ભરતક્ષેત્રને વિષે વસંતપુર નગરમાં શત્રુમર્દન નામે રાજા રાજ્ય કરે છે. એકદા રાજ્ય સભાએ બેઠા એક બટુક આવ્યો. રાજાએ તેને આસન આપ્યું. તે તે ઉપર બેઠો. દેશ દેશનો ફરનાર જાણીને રાજાએ પૂછયું. રે વિપ્ર! બીજા રાજાની પાસે વસ્તુ હોય તેથી મારી જે વસ્તુ હોય તે કહો. તે સાંભળીને તેણે પણ ડહાપણે ઉત્તર આપ્યો. હે રાજન્ બીજા રાજાની વાત તો વેગળી રહી. પણ ઈન્દ્રને એક ઉચૈશ્રવા એક અશ્વ છે. તથા એક ઐરાવણ હાથી છે. તારે તો અનેક હાથી ઘોડા છે. મહાદેવને એક વૃષભ છે. તારે તો લાખોગમે વૃષભ છે. કૃષ્ણને પણ એકજ લક્ષ્મી છે. અને તારે તો અનેક લક્ષ્મી છે. કંદર્પને રતિ અને પ્રીતિ બે સ્ત્રીઓ–છે. અને તારે તો અનેક સ્ત્રીઓ છે. સ્વર્ગમાં એકજ કામધેનુ છે. અને તારે ક્રોડોગમે કામધેનુ છે. રાજા બોલ્યો. હે બટુક! મારી પ્રશંસા કરવા બોલાવ્યો નથી માટે જે પૂછું તે કહે. બટુક કહે. હે રાજન્! તારે બધું જ છે. પણ ચિત્ર-સભા નથી. કે જે દેખી સભા લોકનાં ચિત્ત રીઝે. તે સાંભળી. વિપ્રને વિસર્જન કર્યો. ચિત્રકારોને બોલાવી સહુને ચિત્ર કરવાને ભીંત ભાગ કરી વહેંચી આપ્યા. એવામાં એક ચિત્રાંગદ નામે ચિતારો દ્રવ્ય રહિત અને વયે ઘરડો એકલો છે. તેને એક અનંગસુંદરી નામે રૂપવતી પુત્રી છે. તે નિરંતર પિતાના માટે જમવા સારું ભાજી લઈને આવે છે. એક દિવસ રાજપંથમાં ભાતુ લઈને આવે છે. એવામાં રાજા પણ ઘોડો દોડાવતો સામો આવે છે. ત્યારે રખે મને ઘોડો મારે એમ વિચારી ઘણો યત્ન કરીને તે પુત્રી ચિત્રસભાએ આવી. ભાતુ મૂકીને એકાંતે બેઠી. એટલે તેનો બાપ કાયચિંતા માટે બહાર ગયો. તે કન્યાને પણ બીજુ ગમ નથી. તેની ભીંતમાં એક મોરનું પીંછું ચિતર્યું.

એવા અવસરે રાજા ચિત્રસભામાં જોવા આવ્યો. ચિતારાનાં ચિત્રને જોતા ચિતારાની કુંવરીએ ચિતરેલું મોરનું પીછું દેખીને વિચારવા લાગ્યો. અહો ! કેવું મનોહર છે ? એમ વિચારીને હાથમાં લેવા ગયો. રાજા નખે દુખાયો. એટલે ચિતારી તાળી પાડીને હસવા લાગી. હે રાજન્! મૂર્ખને ત્રણ પાયાનો માંચો હતો. તેમાં ચોથો પાયો તમે થયા. રાજા બોલ્યો. રે સ્ત્રી ! ત્રણ પાયા તેં કલ્પ્યા છે : કે જેની સાથે હું ચોથો થયો. તે બોલી. એક તો તે મૂર્ખનો શિરોમણી કે લોકે સંકીર્ણ માર્ગે ઘોડો દોડાવતો હતો. બીજો મૂર્ખ મારો બાપ છે. જેને ઘણા દીકરા હતા. તેને અને મારા બાપને બરોબર જગ્યા વહેંચી આપી. મારા બાપ જમવા સમયે નિરંતર નિહાર માટે જાય. ચોથા તમે કે મોરનું પીછું સત્ય કે અસત્ય તે જાણ્યા વિના લેવા ગયા. રાજા વિસ્મય પામી વિચારવા લાગ્યા કે અહો ! ચિતારાની દીકરીએ ત્રણ મૂર્ખની વાત કરી. તેમાં મને ચોથો ગણ્યો. અહો ! એની મતિનો વિલાસ વચન વિલાસ અદ્‌ભૂત રૂપ માટે એને પરણવી. યતઃ ॥ बालादपि ग्राहयं ममेध्यादपि कांचनं नीचादप्युत्तमां विद्यां, स्त्रीरत्नं दुष्कुलादपि ॥ પછી તે ચિતારાને પ્રાર્થના કરીને રાજા તે પુત્રીને પરણ્યો. તે સ્ત્રીને જુદો આવાસ આપ્યો. ત્યાં તે સુખે રહે છે. એકદા ચિતારાને ઘેર વારો આવ્યો. સંધ્યા કર્મ કરી રાજા તેને ઘેર ગયો. ઢોલીએ બેઠો. એવામાં ચિતારીએ દાસી સાથે સંકેત કર્યો. તે દાસીએ ચિતારીને પૂછ્યું હે સ્વામિની ! રાત્રી મોટી છે. રાજા જાગે છે તે માટે મન વિનોદ માટે કોઈક કથા કહો. રાણી બોલી, રાજાને નિદ્રાનો ભંગ થાય, માટે કથા કહેવી યુકત નથી. રાજા ઉંઘ્યા પછી કહીશ. રાજાએ વિચાર્યું કે મારે લાજે એ બોલે નહિ. માટે કપટ નિદ્રા કરું એમ વિચારી કપટ નિદ્રા કરવા લાગ્યો. ત્યારપછી રાણી બોલી.

કોઈક ગામને વિષે ઉત્તમ ગુણવંત શેઠ વસે છે. તેને યૌવનવંતી સ્ત્રી છે. તેનો બાપ, ભાઇ તથા માતા ત્રણે અજાણતાં જુદે જુદે ઠેકાણે

વિવાહ કર્યો. લગ્ન માટે જે દિવસ આવ્યો તે દિવસે ત્રણે પરણવા આવ્યા. માતા, પિતા સહુ ચિંતાતુર થયા કે કન્યા તો એક ને વર ત્રણ માટે હવે કેમ કરશું ? એવા અવસરે કન્યાને સાપ કરડયો. તેથી મરણ પામી. તે વાત ત્રણે જાણી, ત્યાં આવ્યા. તેમાં એક કહેવા લાગ્યો કે કારિમો પ્રેમ શા કામનો ? જેની સાથે, સાથે હોય તેનો વિરહ કેમ ખમાય? તે માટે હું તેની સાથે બળી મરીશ. બીજો અન્ન ત્યાગી અનશન લઇને બેઠો. ત્રીજો બુદ્ધિવંત હતો ત્યારે વિચાર્યું. એતો કાયરનું કામ, ઉદ્યમ કરીયે તો બધુ સારુ થાય. એમ ચિંતવી દેવતાને આરાધ્યો. દેવે તુષ્ટમાન થઇ સંજીવન મંત્ર આપ્યો. તે મંત્રથી કન્યા જીવતી થઇ. હવે પરણવા માટે પહેલો બોલ્યો. મેં દુષ્કર કરણી કરી છે. કારણ કે હું એની સાથે અગ્નિમાં પેઠો હતો. બીજો બોલ્યો. તેં શું દુષ્કર કર્યું. મેં તો એની પાછળ અન્નજળ ત્યાગ કર્યો હતો. હવે ત્રીજો બોલ્યો. તમારી સર્વ મહેનત ફોગટ છે. તમને તથા સ્રીને મેં જીવતા રાખ્યા છે. એટલી વાત કહીને રાણી બોલી. હે દાસી, કન્યા એક અને વર ત્રણ. ત્રણે કન્યા પરણવાના અર્થી છે. તો એ કન્યા કોને આપવી ? તે તુ કહે. દાસી બોલી, હે સ્વામિનિ ! ખબર મને પડતી નથી. માટે તમે જ કહો. કન્યા કોને આપવી ? ચિતારી રાણી બોલી. મને ઉંઘ આવે છે. માટે હમણા ઉંઘી જઇયે. કાલે વાત. રાજાને વિસ્મય ઉપન્યો. પરમાર્થ ન જડયો. તે માટે રાજાએ એને જ બીજે દિવસે વારો આપ્યો. દાસી બોલી, સ્વામિનિ ગઈકાલની અધૂરી વાત કહો. તેનું મને ઘણુ કૌતુક છે. અનંગસુંદરી બોલી. તે રાજા આગળ જતાં પ્રધાને વિચાર કર્યો જેણે જીવાડી તે કન્યાનો બાપ કહેવાય. બળવા તૈયાર થયો તે ભાઇ કહેવાય. માટે જેણે અનશન કર્યું તેને કન્યા આપવી જોઇએ.

તે સાંભળીને દાસી બોલી. બીજુ કોઇક સુંદર દ્રષ્ટાંત કહો. ત્યારે ચિતારી બોલી કે કોઈક નગરમાં રાજાની આજ્ઞાએ અંતેઉરને માટે આભૂષણ ઘડાવવા માટે બે સુવર્ણકારને ભોંયરામાં નાંખ્યા તે

મણિરત્નનાં અજવાળે કામ કરે. બહાર નીકળે જ નહિં. તે બેમાં એક બોલ્યો. હે ભદ્ર ! હમણા રાત્રિ પડી છે. કે દિવસ છે? બીજો બોલ્યો, રાત્રિ છે એટલું સાંભળીને દાસી પૂછવા લાગી. કે હે સ્વામિનિ ! સદા ઉદ્યોતમય સ્થાને રહેતા તેણે રાત્રિ કેમ જાણી ? કેમકે ત્યાં ચંદ્ર, સૂર્યની ખબર તો પડતીં નથી. રાણી બોલી. હે સખી મેં આજે દહિં સ્વાદવંતુ ખાધું છે માટે ઉંઘ આવે છે. કાલે વાત. એમ કહી સૂઈ ગયા. રાજાએ વિચાર્યું આગળ શું આવે એ જાણવા માટે ત્રીજો દિવસ પણ આવ્યો. ત્રીજે દિવસે દાસી બોલી હે સ્વામિનિ ! કહો રાત્રિ કેમ જાણી ? ત્યારે અનંગસુંદરી બોલી. તે રતાંધળો હતો એટલે રાત્રિ જાણી.

વળી દાસી બોલી. કાંઈક સરસ કથા કહો. તમને હાથ જોડીને કહું છું રાણી કહેવા લાગી. કોઇક રાજાનાં નગરમાં બે ચોર રહે છે તેણે એક દિવસ વિચાર્યું કે કોઈક ધનવંતનું ઘર પાડી ધન લઈશે. એમ ચિંતવીને કોઈક ધનવંતનાં ઘરમાં પેઠા. ત્યાં બાપ દીકરો વ્યાપારનું લેખુ કરતા હતા તેમાં એક કોડીનો હિસાબ નીકળતો નથી. ત્યાં બાપે દીકરાને ગાલ ઉપર ખાસડુ માર્યું. તે દેખી ચોરે વિચાર્યું યતઃ॥ आबालानुलंबित मलीमसाटकानां, मित्रादपि प्रथमयाचितभाटकानाम् ॥ पुत्रादपि प्रियतमैकवराटकानां, वज्रं दिवः पततु मूर्ध्नि वराटकानाम् ॥ તે માટે વાણીયાને દ્રવ્ય ઘણું વહાલુ હોય, તેથી તેના ઘરે ચોરી કરશું તો હૃદય સ્ફોટ થશે. તે માટે બીજા ઘરે ધન હોય ત્યાં જઉં એમ વિચારી વેશ્યાને ઘેર ગયા. ત્યાં વેશ્યા એક કોઢી પુરુષને કહે છે. તું મારો સ્વામિ પરમેશ્વર જેવો છે. આ પ્રાણ તમારા છે. એ સાંભળી ચોરે વિચાર્યું કે એ મહાકષ્ટે ધન ભેગું કરે છે. માટે એનું દ્રવ્ય લેવું ઉચિત નથી. માટે રાજાનું ઘર ફોડીયે. રાજાને ઘરેથી ધન લઇ જતાં ચોકીયાતે પકડયો. રાજા પાસે લાવ્યા. રાજાએ ધન લઇને ચોરને પેટીમાં પુરી પેટી નદીમાં તણાતી મૂકી. કેટલેક દિવસે પેટી તણાતી

કાંઠે આવી. તે પેટીને કોઇકે દીઠી, ધનની આશાએ ઉઘાડી, ત્યારે બે મનુષ્ય જોયા. લોકોએ પૂછ્યું. તમને પેટીમાં કેટલા દિવસ થયા? ત્યારે તેમાંથી એક બોલ્યો. આજ ચોથો દિવસ છે. એટલી વાત કહીને રાણી બોલી. હે સખી! તું કહે પેટીમાં રહ્યા થકાં સૂર્ય, ચંદ્ર તો દેખાતા નથી. ત્યારે ચોરે કેમ જાણ્યું કે આજ ચાર દિવસ થયા? દાસીએ કહ્યું તમે જ કહો. રાણી બોલી. મને ઉંઘ આવે છે. તેથી કાલે કહીશ. તેથી રાણી સૂઇ ગઇ. રાજા વિચારે છે એનો ઉત્તર શો હશે? તે લાજથી પૂછી ન શક્યો ત્યારે ચોથે દિવસે રાજાએ તેને વારો આપ્યો. દાસીએ કહ્યું સ્વામિનિ! ઉત્તર આપો. રાણી બોલી. એને ચોથીયો તાવ આવતો હતો. તે અનુમાનથી કહ્યું. બીજી વાત ચમત્કાર ઉપજે એવી કહો. કારણકે ચતુર લોકોને સાંભળતાં, ભણતાં દિવસ જાય. યતઃ ॥ गीतशास्त्र विनोदेन, कालो गच्छति धीमताम्; व्यसनेन हि मूर्खाणां, निद्रया कलहेन च ॥ રાણી બોલી. એક ગામમાં બે શોકો હતી, તેમાં એકની પાસે રત્ન અને બીજી પાસે કંઇ નહિ. તેથી તેની ઉપર વિશ્વાસ નહિં રાખે, તેણે વિચાર્યું કે રત્ન પેસતા, નીકળતા મારી સામે દેખાય એવું કરું, પછી તે રત્ન તેણે એક ઘડામાં મૂકી, ઘડાનું મોં લીંપી લીધું, પણ બીજી શોકે તે જોઈ લીધું. અવસર પામીને લઇ લીધુ. અને મોં લીંપી દીધું. પહેલીએ જતા આવતા રત્ન ન દીઠું, ત્યારે જાણ્યું કે રત્ન લઈ લીધું. એ વાત કહીને રાણીએ કહ્યું કે તમે કહો ઘડો લીંપેલો તથા રત્ન નથી તેમ કેમ ખબર પડી? દાસીએ કહ્યું, તમે કહો. રાણી બોલી મને ઉંઘ આવે છે. કાલે કહીશ, વળી રાજાએ બીજે દિવસ આપ્યો. દાસીએ કહ્યું. શોકે રત્ન લીધું. તે કેમ ખબર પડી? રાણી બોલી, કાચનો ઘડો હતો. દાસી બોલી, બીજી વાર્તા કહો, રાણી બોલી, એક નગરમાં એક રાજા હતો, તેને એક દીકરી હતી. રાજાએ તેને ખોળામાં બેસાડી એવામાં આકાશથી કોઇક વિદ્યાધર કન્યાને હરી ગયો, હવે રાજાને ચાર પુરુષરત્ન હતા. તેમાં એક નિમિત્તિયો, બીજો રથકાર, ત્રીજો સહસ્રયોદ્ધો અને ચોથો વૈદ.

એ ચારેને રાજાએ કહ્યું, જે મારી પુત્રીને લાવે તેને અર્ધ રાજ્ય ને પુત્રી આપું, એમ સાંભળી નિમિત્તિયો બોલ્યો કે કુંવરીને પૂર્વ દિશામાં લઇ ગયો છે. ત્યારે રથકારે આકાશગામી રથ કર્યો, તેમાં ચારે જણા બેસી ગયા. સહસ્ત્ર યોદ્ધે વિદ્યાધરને હરાવ્યો. વિદ્યાધરને થયું મારા હાથમાંથી ગઇ તો જીવતી કેમ રાખું ? એટલે માથું છેદી કાઢયું. વૈદે સંજીવની દવાથી સારી કરી, હવે ચારે પરણવા માટે કલેશ કરવા લાગ્યા, અને રાજા પાસે આવ્યા, રાજકુંવરી બોલી. તમે વિવાદ શા માટે કરો છો ? હું તો અગ્નિમાં પ્રવેશ કરવાની છું. મારી સાથે જે પ્રવેશ કરશે તેની સાથે લગ્ન કરીશ. દાસીને પૂછ્યું. બોલ અગ્નિમાં કોણ પ્રવેશ કરશે ? દાસી બોલી. તમે જ કહો રાણી કહે મને ઉંઘ આવે છે. હવે કાલે વાત. રાજાએ પાછો વારો આપ્યો.

રાજાએ ફરી વારો આપ્યો. રાત્રે દાસીએ પૂછ્યું. સ્વામિનિ ! આખી રાત ઉંઘ ન આવી. અગ્નિમાં કોણે પ્રવેશ કર્યો ? રાણી બોલી, રે દાસી ! નિમિત્તિયા સિવાય ત્રણે વિચાર કર્યો કે અગ્નિમાં પેસે તો ભલે પેસે. આપણે પેસવું નથી. સોનાની છરી હાથમાં રખાય. પેટમાં ન ભોંકાય. જો જીવતા રહીશું તો ઘણી કન્યા મળશે. એમ ચિંતવી બેસી રહ્યા. અને નિમિત્તિયાએ નિમિત્તમાં કુશલ દીઠું. એટલે એણે પ્રવેશ કર્યો. રાજકુંવરીએ પણ વિશ્વાસી લોકના હાથે ચયથી સુરંગ ખોદાવી રાખી છે. પછી સહુ લોક દેખતા ઇષ્ટ સ્મરણ કરીને અગ્નિમાં બેહુ જણે પ્રવેશ કર્યો, કાષ્ટ ભર્યા, ચય લગાડી, તે બેહુ જણ સુરંગ માર્ગે નીકળીને પાછા આવ્યા. લોક ચમત્કાર પામ્યા. રાજાએ નિમિત્તિઆને પરણાવી.

વલી દાસી બોલી, બીજી કથા કહો, રાણી બોલી, એક સ્ત્રીને વિવાહ પ્રમુખ કામ હતું. માટે બીજી કોઈ સ્ત્રીની પાસે કડા માંગ્યા. તેણીએ પૈસા ઠરાવીને આપ્યા. તેમાંથી થોડા પહેલેથી આપ્યા. એમ કરતાં વિવાહાદિ કાર્ય પતી ગયું. ત્યારે કડા આપનારીએ કડા

માંગ્યા. પણ તે પાછા આપે નહીં. એમ કરતાં ઘણાં વર્ષ થઈ ગયા. એક દિવસ ફરી કડા માંગ્યા. ત્યારે તેણે કહ્યું આપું છું. એમ કહીને કડા કાઢવા માંડયા પણ શરીર સ્થૂલ થઈ જવાથી કડા નીકળ્યા નહીં. ત્યારે તેણીએ કહ્યું. જેટલા રૂપિયા અધુરા છે તે લઈ લો. બીજીએ કહ્યું, હું તો કડા જ લઈશ. તે બોલી, હાથ તો કપાય નહિં. માટે તમને બીજા કડા કરી આપું. તો પણ તેણે માન્યું નહિં. મને એજ કડા આપો. એટલી કથા કહીને દાસીને કહ્યું કેમ કડા આપવા? દાસી બોલી. તમે જ કહો. રાણી બોલી, મને ઉંઘ આવે છે. કાલે વાત, ફરી રાજાએ એને વારો આપ્યો. ફરી રાત્રે દાસીએ પૂછયું. એ કડા કેવી રીતે આપ્યા? તો એણે કહ્યું કે મેં જે તને રૂપિયા આપ્યા હતા. એજ રૂપિયા આપે તો તારા કડા આપું. એમ અનેક કથાઓ કરી. રાજા સાથે સુખ ભોગવતા છ મહિના વીતી ગયા. ત્યારે બીજી સ્ત્રીઓ દ્વેષ કરતી એના છિદ્ર જોવા લાગી. એક દિવસ ચિત્રકારપુત્રી મધ્યાન્હ સમયે પોતાના મહેલમાં કમાડ દઇને પૂર્વલો વેષ પહેરીને એમ ચિંતવે છે. કે હે આત્મા! તું વિવેક ધર, તારી ચિત્રકારની જાતિ છે. તારા બાપે તો આ સ્થૂલ સાડી આપી છે. આ પટ્ટકુલાદિ તો રાજાએ આપેલા છે. આ આભૂષણો પણ રાજાના છે. વળી ઉગ્ર-કુલની રાજાને સઘળી રાણીઓ છે. અને તે બધાને મૂકીને તને આદર કરે છે. તેથી તું અહંકાર ન કરીશ, એમ નિરંતર કમાડ દઇને આત્માને નિંદે છે. શોકો પણ એ જોઇને રાજાને કહે. હે રાજન્! પોતાના આત્માને સારી રીતે જાળવજો. સ્ત્રીઓમાં કપટ ઘણું હોય, તેમાં પણ નીચ જાતિની સ્ત્રીનો વિશ્વાસ ન કરશો. એ નિરંતર એકાંતમાં કામણ કરે છે. તે સાંભળી રાજા ચિંતવવા લાગ્યા કે એ સ્ત્રીને શોક ઉપર દ્વેષ છે. માટે બુદ્ધિવંતે કાને સાંભળેલી વાત સાચી ન માનવી. યતઃ ॥ मा होह सूय गाही, म पत्तियं जं न दिट्ठि पच्चखं ॥ पच्चखंमि य दिट्ठे, जुत्ताजुत्तं वियारिआ ॥ તે માટે હું છાનો રહીને એ ચિતારીનું સ્વરૂપ જોઉં. ચિતારીનાં આત્મનિંદાનાં

વચન સાંભળીને રાજા ચમત્કાર પામ્યો. તેને સર્વ રાણીમાં પટરાણી કરી. इति आवश्यक निर्युक्तौ ॥ તે માટે ચિતારીને કથા આવડતી હતી. પણ આત્મનિંદા એ ધર્મકથાનો અંશ હતો. તેથી રાજાને રીઝ થઈ. તે ન હોત તો કાંઇક અનર્થ થાત. તે કારણે સર્વ કથામાં ધર્મકથા તે જિતનારી છે. રતિ ચિત્રકારની કથા.

હવે ત્રીજા પદનો અર્થ કહે છે. सव्वं बलं धम्मबलं जिणाई ॥ સર્વ બલને, ધર્મબલ તે જિતનાર છે. એટલે હાથી, ઘોડા, રથ, પાયક, સ્વજન, કુટુંબ પરિવાર ઇત્યાદિક સર્વ બલને એક ધર્મબલ જિતનાર છે. તે ઉપર કોકાશનું ઉદાહરણ કહે છે. ભરતક્ષેત્રને વિષે કોંકણ દેશમાં સોપારક નામે નગર છે જ્યાં જીવિત સ્વામિની મૂર્તિ છે. ત્યાં વિક્રમધર નામે રાજા રાજ્ય કરે છે. તે નગરને વિષે સોમીલ નામે રથકાર વસે છે. તે રાજાને પરમ પ્રસાદનું કારણ, ત્રણ જગતમાં અસાધારણ કલાકુશલ છે. તેને સોમા નામે ભાર્યા. વિમલ નામે પુત્ર છે. તેરથકારની દાસીનો પુત્ર બ્રાહ્મણથી ઉપન્યો કોકાશ નામે છે. તે રથકાર પોતનાના પુત્રને નિરંતર સર્વ કલાઓ શિખવે છે. યતઃ ॥ पितृभिः ताडितपुत्रः शिष्यश्च गुरुशिक्षितः धनाहतं सुवर्णं च, जायते जनमंडलं ॥ પણ તે પુત્રની તેવી બુદ્ધિ નથી. તેથી હૃદય શુદ્ધિ પણ નથી. તેવો ભાગ્યયોગ પણ નથી, તેથી પિતા ઘણો ઉદ્યમ કરે. પણ પુત્ર કલાનિપુણ થયો નહિ. પરંતુ દાસીપુત્ર કોકાશ બુદ્ધિએ બૃહસ્પતિ સરખો નિરંતર તેની પાસે છાનો બેસે. તેથી તત્કાલ કળા શીખી ગયો. અનુક્રમે રથકારથી પણ વિશેષ કુશળ થયો. યતઃ ॥ स्थाने बीजं शुक्तौ, स्वाति जलं सति च सत्कृति चैव ॥ पात्रे दानमति विद्या, वक्तरि वाच्यं च घृध्यै स्यात् ॥ રથકારનો પુત્ર તો શૂન્ય હૃદયવંત, કલાંરહિત, રાહુ સરખો થયો. અનુક્રમે સોમિલ રથકાર સ્વર્ગે ગયો. રાજાની આજ્ઞાએ તેના પદે કોકાશ બેઠો. કારણકે વિદ્યા તે કામધેનુ સરખી છે. उक्तं च ॥ विद्या नाम नरस्य, रुपमधिकं प्रच्छन्न गुप्तं धनं, विद्या भोगकरी यशः सुखकरी विद्या गुरुर्णां गुरुः ॥ विद्या बंधु-

जनो विदेशगमने विद्या परं दैवतं, विद्या राजसु पूज्यते नहि धनं विद्याविहिनः पशुः ॥ (१) हर्तुर्याति न गोचरं किमपि शं पुण्णाति यत्सर्वदा ॥ प्यर्थिभ्यः प्रतिपाद्य मानमनिशं वृद्धिं परां गच्छति ॥ कल्पान्तेऽप्यपि न प्रयाति निधनं विद्या ख्यमंतर्धनं ॥ येषां तान् प्रतिमानमुज्झत जनाः कस्तैः सह स्पर्धते ॥२॥ दासेरोऽपि गृहस्वाम्यमुच्चैः काम्यमवाप्तवान् ॥ गृहस्वाम्पति दासेरः अहो प्राच्ये शुभाशुभे ॥

હવે તે કોકાશે એકદા ગુરુની પાસે સાંભળ્યું કે ધર્મ તે દયા મૂળ હોવાથી એકરૂપ છે. તથા જ્ઞાન, ક્રિયાએ કરી બે રૂપે છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર કરી ત્રણ રૂપે છે. દાન, શીલ, તપ તથા ભાવનાએ ચાર રૂપ છે. પાંચ મહાવ્રતે કરી પાંચ રૂપે છે. છકાય એ છ રૂપે છે. સાત નય નૈગમ, સંગ્રહ,વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરુઢ, અને એવંભૂત એ સાત નયે સાત પ્રકારે છે. પાંચ સમિત્ર ત્રણ ગુપ્તિ એ અષ્ટ પ્રવચન માત છે. એ આઠ પ્રકારે છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ નવતત્ત્વ છે. નવ પ્રકારે છે. ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનતત્વ અને બ્રહ્મચર્ય એ દશ પ્રકારના યતિધર્મ દશ પ્રકારે છે. પણ એ સર્વ સમ્યક્ત્વરૂપ મૂલે કરી દૃઢતા પામે, દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા તે સમકિત કહીયે. તેનો વિસ્તાર ચઉદ્દસદ્દહણત્તિલિંગેત્યાદિ. સડસઠ ભેદે છે. તેનું વ્યાખ્યાન સર્વે આજ પુસ્તકનાં ત્રીજા ભાગમાં છાપેલા છે. તે દર્શન સિત્તરી પ્રકરણથી જાણવું. એમ સાંભળી તે કોકાશ જિનમતમાં નિપુણ અને સમ્યક્ત્વમાં દૃઢ થયો. તે સુખે કાળ કાઢે છે. તેની ઉપર રાજાને પણ પ્રેમ છે.

એવા સમયે ઉજ્જયિનિ નગરે યથાર્થ નામનો વિચારધવલ રાજા રાજ્ય કરે છે. તેને અદ્ભૂત ચમત્કારી એવા ચાર પુરુષરત્ન છે. તેમાં એક સૂપકાર, બીજો શૈયાપાલક, ત્રીજો અંગમર્દક, ચોથો ભંડારી છે. તે ચારમાં રાંધણીયો મનોવાંછિત એવી રસોઈ કરે. જે રસોઈ ખાધાથી ક્ષણાંતરે તથા પહોરે, બે, ત્રણ, ચાર પહોરે તથા એક, બે

દિવસે ત્રણ, ચાર દિવસે, પક્ષ, માસાદિકે, એમ અવધિ પ્રમાણે ભૂખ લાગે. પણ તેથી આગળ ન લાગે તેમ પાછળ પણ ન લાગે. તથા શૈયાપાલક પણ એવી શૈયા પાથરે કે જેની ઉપર સૂતાથકાં પરમ સુખ ભોગવતાં ઇચ્છિત કાલે ઘડી રાત્રિ દિવસે જાગે. તથા અંગમર્દકને હાથે પણ બે શેર, ત્રણ, ચાર, પાંચ, છ, સાત અને આઠ શેરાદિતેલ અથવા ઘણું તેલ મસળાવે, પાછું પણ કાઢે, પરંતુ તેથી અંશમાત્ર દુઃખ ન પામે. ઘણું જ સુખ ઉપજે તથા ભંડારી એવો ભંડાર રચે કે બીજાને તે ભંડારનું બારણું તો જડે જ નહિં. કોઈ ખાતર પાડી શકે જ નહિં. કોઈ ભંડારમાં પેસે તો દેખાડયા વિના સૂક્ષ્મ દષ્ટિએ પણ કોઈ ચીજ દેખે નહિં. એવો ભંડાર રાખે. એ ચાર રત્ન સહિત રાજા સુખે ધર્મમાં તત્પર થઈ રાજ્ય પાળે છે. પણ પૂર્વલા દુર્દૈવ વશથી પુત્ર ન થયો. ત્યારે રાજા વિરક્ત થયો. દીક્ષાની ભાવના થઈ. તેવામાં પાટલિપુત્રના ધણી જિતશત્રુરાજાએ ચાર રત્નનાં લોભે કરી, વીરભોગ્યા વસુંધરા એવો વિચાર કરીને સૈન્ય સહિત આવીને ઉજ્જયિનિ નગરીને વીંટી. જેવામાં મધ્ય પુરુષે યુદ્ધ કરવા માંડયું. તેવામાં ભાગ્ય યોગે વિચારધવલનાં રાજાના પેટમાં શૂલ ઉપન્યું. હાથા ઉપર સ્ફોટક પ્રાય મહાવેદના પ્રગટ થઈ. રાજા વિચારે છે કે યતઃ ।। धीरेणवि मरियव्वं, कायरेणवि अवस्यं मरियव्वं ।। दुण्हंपि हु मरियव्वे, वरं सुधिरत्तेण मरियव्वं ।। એમ વિચારતો અનશન કરી દેવલોકે ગયો. उक्तं च ।। सूलविस अहिविस सूइअ पाणिअसत्थठगिसंभमेहिं च, देहंतरसंकमणं करेइ जीवो मुहुत्तेणं ।। ત્યારે અમાત્યાદિકે નાથ રહિત સૈન્ય જાણીને દરવાજા ઉઘાડા મૂકયા. નગરનાં લોકે ભેટણા પ્રમુખ કરીને જિતશત્રુ રાજાને નગરી સોંપી. તે રાજાએ પણ હર્ષિત થઇને સર્વને પોતપોતાના વ્યાપાર સોંપ્યા. તે રાજાએ ચારે રત્નની પરીક્ષા કરી. તે કરતાં અંગમર્દકે અંગમર્દન કરતાં પંચકર્ષ પ્રમાણ તેલ એક જંઘામાં પોતાની કલાએ સમાવ્યું. વળી સર્વ શરીરમાંથી તેલ પાછું કાઢયું. પણ રાજાની આજ્ઞાએ જાંઘનું તેલ ન કાઢયું. બીજો કોઈ અભિમાની હોય

તો તેલ કાઢે, રાજાએ સભામાં કહ્યું. બધા કલાકારોએ ઘણા પ્રયત્ન કર્યા. પણ જાંઘમાંથી તેલ કોઈ ન કાઢી શક્યું. અંગમર્દક પણ તેજ દિવસે કાઢે. બીજે દિવસે ન કાઢી શકે. રૂપની છાયાની પેઠે તેલ ત્યાંજ રહ્યું. ત્યારે તેના વિકારથી રાજાની જંઘા કાંઇક સ્થૂલ અને કાળી થઇ. તે દિવસથી રાજાનું કાકજંઘ એવું નામ પડયું. મોટા લોકો પણ લોકોક્તિ ન વારી શકે. એ વાત પ્રસિદ્ધ છે. માષ તુષ, કૂરગડુ જેવા નામ પડી ગયા. હવે રાજા પણ ચારે રત્નને ઘણું આદર કરતો હતો. તે ચારે પુરુષ પોતાના સ્વામીની તેવી અવસ્થા દેખીને વૈરાગ્ય પામ્યા. યતઃ ॥ किं राज्येन धनेन ध्याननिचयै देवर्धि सद्भूषणैः, पांडित्येन भुजाबलेन महतां वाचापटुत्वेन च ॥ जात्याप्युत्तमया कुलेन शुचिना शुभ्रैगुणानां गणै, रात्मा येन न मोचितोऽतिगहनात् संसारकारागृहात ॥ वरमेका कला रम्या, ययाधः क्रियते भवः ॥ बह्विभिरपि किं ताभिः, कलंको यासु वर्तते ॥२॥ તે રાજાની ચારેની ઉપર પ્રીતિ ઘણી હતી. તેથી રાજાની પાસે આજ્ઞા માંગી. દીક્ષા લીધી. દુષ્કર તપ કરી કેવલજ્ઞાન પામી. સિદ્ધિ વર્યા.

એવા અવસરને વિષે કોકણ દેશમાં નિર્ધન લોકનો સંહાર કરવા મહારાક્ષસ સરખો દુર્ભિક્ષ પડયો, જે દુકાળમાં ધનવંત પણ નિર્ધનની પેઠે આચરણ કરે, રાજા તે રંકની પેઠે આચરે, સાહસિક તે કાયરની પેઠે આચરે, સાધુશિરોમણી ચોરની પેઠે આચરે, મહાશેઠ તે તુચ્છની પેઠે આચરે, દાનેશ્વરી તે મચ્યુ રાંધે, સુધર્મી તે નિધર્મીની પેઠે આચરે, શુભ કર્મનાં કરનાર અશુભકર્મ આચરે, સ્નેહી પણ નિઃસ્નેહી આચરે, લજ્જાવંત તે નિર્લજતા આચરે, સશુક પણ નિઃશૂકની પેઠે આચરે, કોમલ હૃદયવાળો પણ કઠોરતા આચરે. સંતોષી પણ અસંતોષીની જેમ આચરે, પ્રતિષ્ઠાવંત પણ અપ્રતિષ્ઠા આચરે, સુબુધ્ધિ પણ નિર્બુધ્ધિની પેઠે આચરે, કિં બહુના. જે દુકાળને વિષે બુભુક્ષા રૂપ મહા રાક્ષસીએ કરી પરવશ ચિત્ત થયા થકા પિતાદિક પણ પોતાના પ્રાણવલ્લભ એવા પુત્રાદિકને ચાકરની જેમ વેચી નાંખે,

મુઆની જેમ નિઃશંકપણે છોડી દે. તેનાં માંસ ભક્ષણાદિક અસમંજસ પણ આચરે. उक्तं च, मानं मुंचति गौरवं परिहरत्यायाति दीनात्मतां, लज्जामुत्सृजति श्रयत्यदयतां नीचत्वमालंबते ॥ भार्याबंधु सुहृत्सुतेष्वपकृतिं नानाविधैश्चेष्ठितैः किं किं यन्न करोति निंदितमपि प्राणी क्षुधापिडितः ॥ સર્વ ઉપદ્રવથી અતિ બીહામણુ એવું પરચક્ર આવે. અગ્નિ લાગે. ઇત્યાદિક ઉપદ્રવમાં કાંઇક પણ ઉગરે, પરંતુ દુર્ભિક્ષમાં કાંઈ ન ઉગરે, એવું દુર્ભિક્ષ વર્તતા કોકાશ પોતાના કુટુંબને પણ નિર્વાહ કરી શકયો નહીં. ત્યારે પોતાનું સમસ્ત કુટુંબ લઇને માલવદેશે ઉજ્જયિનિ નગરીએ જતો હતો. પણ ત્યાં કોઈ સાથે પરિચય નથી. કોઈ ઓળખતા નથી, જેથી પોતાની કલા દેખાડી શકે નહીં. કલાપાત્રનો નિર્વાહ પણ રાજા વિના થાય નહીં. યદ્યપિ તે કોકાશ એવો કલાપિ હતો છતાં કોઈ સામું જોતું પણ નથી. તો સ્થાન કેમ મળે? જ્યાં સર્વ પંથીને ઉતરવાનું હતું ત્યાં ઉતર્યો. ત્યાં તેણે સેંકડો કાષ્ટનાં પારેવા બનાવ્યા, એવા પારેવા બનાવ્યા કે જાણે રાજાનાં કોઠાર ચાંચે ચણુવા જાય એવા તે શાલિકણે પેટ ભરી પાછા આવે તે કણે કોકાશ પોતાના પેટ ભરે.

તે એક દિવસ શાલિરક્ષક ચોરને શોધે છે. ત્યાં કણે ભર્યા પારેવા નજરે આવ્યા. તેમણે જહાંજની જેમ પારેવાને ઉડતા જોયા ત્યારે તેઓ ચમત્કાર પામ્યા. અને પારેવાની પાછળ ચાલ્યા. કોકાશને કણુ કાઢીને દેતા જોયા ત્યારે ચોર મળ્યો. એમ હર્ષિત થયા. કોકાશને રાજાની પાસે લઇ ગયા. કોકાશે યથાર્થ કહ્યું. યતઃ ॥ सत्यं मित्रै प्रियं स्त्रिभिः । रलीकमधुरं द्विषा ॥ अनुकूलं च सत्यं च वक्तव्यं स्वामिना सह ॥ રાજાએ પણ સત્યવાદી જાણીને તથા તેવા પારેવા જાણીને હર્ષ પામી પૂછવા લાગ્યો. હે કોકાશ ! તું બીજુ શું શું ચમત્કારી વિજ્ઞાન જાણે છે ? કોકાશ બોલ્યો. તમારા પ્રસાદથી સમસ્ત કલા જાણું છું. મનોવાંછિત સ્થાને લઇ જાય એવા મનોહર કાષ્ટમય મયૂર, ગરૂડ, સૂડા, કલહંસ પ્રમુખ સર્વ વિશ્વકર્માની પેઠે કરું છું. જેણે

કરી કિલિકાદિ પ્રયોગે મનોવાંછીત સ્થાને જાઉં. તે સાંભળી કૌતુકપ્રિય રાજા બોલ્યો. ગગનને વિષે ગગનાગમન કરે એવો ગરુડ બનાવ. કોકાશે એવો મોટો ગરૂડ બનાવ્યો. એ મોટો ગરૂડ દેખીને કાકજંઘ રાજાએ તેને વિસ્મય થકી ધન, કનક, રત્નાદિક તથા નિવાસ કોકાશને આપ્યો. ત્યારે સકલ નવી સામગ્રીવાળો રાજાને માન્ય થયો. તે કોકાશ શાંતિથી રહે છે. યતઃ ॥ लवणसमो नष्ठि रसो, विन्नाणसमो अ बंधवो नष्ठि ॥ धम्मस्स समो नष्ठी नीही, कोवसमो वेरिउ नष्ठि ॥

એક દિવસ રાજા કૌતુક સહિત પટરાણી સાથે ગરૂડ ઉપર કોકાશ સાથે બેસીને આકાશ માર્ગે અનેક પ્રકારના વન, નદી, પર્વત, નગર નજરે જોતાં ઉલ્લંઘન કરતાં થોડીવારમાં ભરુચ નગરનાં માથા ઉપરથી જતાં રાણી પૂછે છે હે સ્વામિનૂ ! આ દેવલોક સરખું કયું નગર છે ? અને આ કઈ નદી છે તે સાંભળી રાજા અજાણ હોવાથી મૌન રહ્યો. ત્યારે કોકાશ બોલ્યો. હે સ્વામિનૂ ! આ ભરૂચ નગર છે. મુનિસુવ્રત સ્વામિએ પધારી આ ભરુચનગરને પાવન કરેલું છે. અને આ નર્મદા નદી છે. અશ્વસને પ્રતિબોધવા પ્રભુ સાંઠ યોજન ચાલીને પધાર્યા હતા. અને અશ્વસંચિત્તનો ત્યાગ કરીને, ધર્મ વિષે રાગ રાખીને સૌધર્મેન્દ્ર દેવ થયો. તે દિવસથી અશ્વાવબોધ તીર્થ પ્રસિદ્ધ થયું. અને તે દેવતા આસન્નસિદ્ધ હોવાથી નિત્ય પદ્મપ્રભુની સેવા કરતો. યાત્રાએ આવે તેના ઈચ્છિત કાર્ય કરી આપતો, અને તીર્થનો મહિમા વધારતો.

વળી કાલાંતરે એક વડ ઉપર સમળી હતી. તેને ઉપર પૂર્વના વૈરી મ્લેચ્છે બાણ મૂક્યું તેથી વિંધાણી. પાછલા ભવે એકવાર જિનવંદન અને સાધ્વીજીની શુશ્રુષા કરી હતી. તે પુણ્ય કરી અંત સમયે સાધુએ તેને નવકાર દીધો. તેથી શુભધ્યાને મરણ પામીને સિંહલધ્વીપના રાજાને સાત પુત્રની ઉપર એક પુત્રી થઇ. અનુક્રમે યૌવન પામી. એકદા એક શેઠ ભરુચથી રાજસભામાં આવ્યો. તેને છીંક આવવાથી નમો અરિહંતાણં બોલ્યો. તે સાંભળીને પુત્રીને જાતિસ્મરણ

જ્ઞાન થયું. માતપિતાને આગ્રહ કરી સાતસો વહાણ લઈને ભરૂચ નગરમાં આવી. ત્યાં ચૈત્ય વિગેરે કરાવતી. ઘણું પુન્ય ઉપાર્જન કરતી હતી. એટલે ત્યાં સમળીવિહાર એવું તીર્થ પ્રસિદ્ધ થયું. વળી બીજા લૌકિક તીર્થો ઘણા છે, તે કોકાશનાં મુખેથી મહિમા સાંભળીને રાજા, રાણી તીર્થને નમ્યા.

વળી ગરુડ ઉપર બેસી દક્ષિણ દિશાએ મહાનગર ઉપર થઈને જતાં રાણીએ પૂછયું. રાજા ન બોલ્યા. ત્યારે કોકાશ બોલ્યો. હે સ્વામિન્ ઘણું જ પ્રસિદ્ધ પદ્મપુર નગર છે. અહિં વિદ્યમાન ચંદ્રપ્રભુનાં વચને સૌધર્મેન્દ્ર પાસેથી લીધેલી ચંદ્રકાંત રત્નમયી શ્રી ચંદ્રપ્રભુજીની પ્રતિમા તે આગળ માંડી મહાયાગની સિદ્ધિ થઇ. તેથી હર્ષ પામીને ચંદ્રપ્રભુ વિહાર કરાવતો હતો.

વળી અનુક્રમે શ્રી રામચંદ્રજી પોતાના પિતાનું વચન પાળવા વનવાસ રહ્યા. રાવણની બેન સૂપર્ણખાનો પુત્ર બાર વર્ષ સુધી વંશની જાળિમાં રહ્યો હતો. તેનું મસ્તક છેદી નાંખ્યું. મરનારનું પગલું શોધતાં રામચંદ્રજી પાસે આવી. મોહ પામી ભોગની પ્રાર્થના કરતી. રામચંદ્રજીએ ના પાડી. લક્ષ્મણ પાસે ગઇ. તેને ભોજાઈ જાણી નિષેધ કર્યો તેથી ક્રોધે ભરાણી તેથી નાક કાપ્યું. ત્યારથી નાસિકયપુર નગર વસ્યું.

રામે રાવણને મારી સીતાની સાથે ફરતા શ્રી ચંદ્રપ્રભુ ચૈત્યનો ઉદ્ધાર કર્યો. વળી પાંડુરાજાની પટરાણી કુંતિએ એકાશ્રમને જૈન ધર્મ આરાધ્યો. તેનો મહિમા કરવા યુધિષ્ઠિર આવ્યા. તેણે ચૈત્યનો ઉદ્ધાર કર્યો ત્યાંથી કુંતિવિહાર થયું. ગોદાવરી નદી વહે છે. આગળ જતાં સમુદ્રને વિષે સુવર્ણમય નગર દેખીને રાણીએ પ્રશ્ન કર્યો. રાજાએ ઉત્તર ન આપ્યો. ત્યારે કોકાશ બોલ્યા. આ લંકા નામે નગરી છે. કુલદુર્ગ તથા મહાસમુદ્રની ખાઇ તેણે કરી. શત્રુઓ એના સામે જોઇ ન શકે. એ નગરીમાં પ્રકૃતિએ અહંકારી એવો રાજા રાવણ નામે પ્રતિવાસુદેવ જેની લાખો વિદ્યાધર સેવા કરતા હતા. તેણે અહંકારથી સૂર્ય, ચંદ્ર પાસે પણ સેવા કરાવી હતી. રાવણને નવગ્રહ તો શેયાને પાયે બંધા-

ચેલા. મૃત્યુને બાંધીને પાતાલે મૂક્યું. વાયુદેવતા વાસીદુ વાળે. મેઘ સુગંધી પાણી વર્ષાવે. વનસ્પતિ પુષ્પપ્રકર કરે. યમ પોતાના પાડે કરી જલ લાવે. સાતે સમુદ્ર મજજન કરાવે. સતી મૃતુકા આરતી ઉતારે, વિશ્વકર્મા શૃંગાર કરાવે. શેષ નાગેન્દ્ર છત્ર ધરે, ગંગાયમુના ચામર વીંઝે, ષડ્ઋતુ પુષ્પકારક થઇ. સરસ્વતી વીણા વગાડે. રંભાતિલોત્તમાજી નાટક કરે, તુંબરું ગાયન કરે, નારદ તાલ વગાડે. સૂર્ય રસોઈ કરે. ચંદ્રમા અમૃત ઝરે. મંગલ ભેંશ દોહે, બુધ આરિસો દેખાડે, બૃહસ્પતિ ઘડિયાળો વગાડે. શુક્ર મંત્રીશ્વર થાય. શનિશ્ચર પૃષ્ઠરક્ષા કરે, તેત્રીશ ક્રોડ દેવતા સેવા કરે. અઠયાસી હજાર ઋષિ પાણીની પર્વ ચલાવે, નારાયણ દિપિકા ધરે, ચંદ્ર માલા કરે. બ્રહ્મા પુરોહીત થાય. જીમૂતઋષિ છોકરાને રમાડે, વિશ્વાનર વસ્ત્ર ધોવે, કાર્તિકેય કોટવાળ થાય. ગણેશ ગધેડા ચારે લક્ષ્મી વસ્તુની રક્ષા કરે, નારદ દૂત કર્મ કરે. ધનદ ભંડારી થયો. ઇત્યાદિ અન્યદર્શનીઓ માને છે. પણ પરસ્ત્રી લંપટ થિવાથી, સીતાને હરી ગયો. તે મહાપાપથી આ બધું નષ્ટ થયું. સમ્યક્ ન્યાયવંત રામચંદ્રજી લક્ષ્મણે તેને લીલામાત્રમાં પરલોકે પહોંચાડી દીધો. એ સાભળી રાજારાણી આનંદવાળા થયા. અનુક્રમે પાછા વળ્યા.

વળી એક દિવસ કોકાશનાં મુખથી સિદ્ધાચલજી તથા ગિરનારનો મહિમા સાંભળી ત્રણે જણ દેવવંદના કરવા જતા હતા. એમ ઉત્તર દિશાએ અષ્ટાપદ જેનું બીજુ નામ કૈલાસ પર્વત છે. તે નાના પ્રકારનાં આશ્ચર્યમય વિશિષ્ટ સ્ફટિક શિલામય. આઠ યોજન ઉંચો છે. તેને ભરતચક્રીએ કરાવ્યો એવો જે સિંહનિષદ્યા નામે પ્રાસાદ તેને વિષે ચોવીશે પરમેશ્વરનાં સ્વસ્વ પ્રમાણ વર્ણાદિક સહિત રત્નમયબિંબ થાપેલા છે. એવું શ્રી અષ્ટાપદ તીર્થ પ્રસિદ્ધ છે. વળી સમેતશિખરજી અજીતાદિક વીશ પ્રભુનાં નિર્વાણ સ્થાન છે. દિવ્ય સ્વરૂપ રત્નમય સ્થુભે અલંકૃત છે. આગળ જતાં શાશ્વત ચૈત્ય પ્રમુખ આશ્ચર્ય ભર્યો એવો વૈતાઢય પર્વત છે. ત્યાં ઋષભદેવ સ્વામિની સેવાથી ધરણેન્દ્ર તુષ્ઠમાન થયા તેથી અડતાલીશ હજાર વિદ્યા નમિ, વિનમિ બે ભાઇને આપી.

વળી દિવસાંતરે પૂર્વ દિશામાં અયોધ્યાને વિષે ઋષભાદિ પાંચ તીર્થંકરનાં જન્મ કલ્યાણકનો મહિમા વર્ણવ્યો. વળી હસ્તિનાપુર નગર આવ્યું. તેનું વર્ણન કોકાશે કર્યું. જેમાં શાંતિ, કુંથુ અને અરનાથ ત્રણે તીર્થંકર તથા સનત્કુમારાદિક પાંચ ચક્રવર્તિ વળી ચરમ શરીરી પાંચ પાંડવ ઉત્તમ પુરુષોની ઉત્પત્તિ સ્થાન. ઋષભદેવ પ્રભુએ વર્ષીતપનું પારણુ કર્યું. શ્રેયાંસે પ્રથમ દાન દીધું. શાંતિ, કુંથુ, અરનાથનાં એક મોક્ષ કલ્યાણક સિવાય શેષ કલ્યાણક અહિં થયા. વિષ્ણુકુમારે લાખ યોજનનું રુપ કરીને સાધુનાં દ્વેષી નમુચીને શિક્ષા કરી. સૌધર્મેન્દ્રનાં જીવ કાર્તિક શેઠે રાજાના આગ્રહથી ગૈરીક તાપસને પીરસતાં વૈરાગ્ય ઉપન્યો. તેથી એક હજાર આઠ વાણોતર સાથે દીક્ષા લીધી. ઇત્યાદિક વૃત્તાંત કહ્યો. શાંત્યાદિ ચક્રી અહિં થયા.

તે સાંભળી ચમત્કાર પામતા રાજાએ ચક્રવર્તિનું સ્વરૂપ પૂછ્યું. ત્યારે સર્વ વાતમાં નિપુણ કોકાશે કહ્યું કે હે રાજન્ સાંભળો ! ચક્રવર્તિને છખંડ ભરતક્ષેત્રનાં, નવનિધાન, ચૌદરત્ન, ત્યાં પ્રથમ નવનિધાનનાં નામ કહે છે. નૈસર્પિ, પાંડુક, પિંગલ, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવક અને શંખ એ નવનિધાન શાશ્વતા પુસ્તક છે. પ્રત્યેકે આઠ ચક્રે અધિષ્ઠિત છે. આઠ યોજન ઉંચા છે. મંજુષાકારે છે. સદા ગંગાને કાંઠે રહે છે. નવયોજન વિસ્તારે છે. બાર યોજન પહોળા છે. તેને વૈડૂર્ય મણિનાં કપાટ છે ચંદ્ર, સૂર્યનાં લક્ષણ છે. સમવદને સહિત છે. એક પલ્યોપમ આયુષ્યવાળા પ્રત્યેક નિધાનને એકેક દેવતા તેના અધિપતિ છે.

હવે સેનાપતિ પ્રમુખ ચૌદરત્ન કહીયે છીયે. તેમાં એક સેનાપતિ રત્ન તે ગંગા, સિંધુને પેલે પાર વિજય કરવા સમર્થ, અપ્રતિહત શક્તિવંત છે. બીજુ ગૃહપતિ રત્ન તે શાલ્યાદિ સર્વ ધાન્ય, સર્વ ફલ, સર્વ શાક, તત્કાળ નિપજાવનાર હોવાથી ચક્રિનાં સર્વ સૈન્યને પુરુ પાડે એવું છે. ત્રીજુ પુરોહીત રત્ન તે સર્વક્ષુદ્રોપદ્રવ શમાવનાર, શાંતિકર્મ કરનાર ચોથું હસ્તિરત્ન, પાંચમુ અશ્વરત્ન અત્યંત વેગવાળા ને પરાક્રમી છે.

છટ્ઠું વાર્ધિકરત્ન તે સર્વ સૈન્યને તત્કાળ જે ભવન જોઈયે તેવા કરી આપે. ઉન્મગ્ના, નિમગ્ના નામે નદીઓમાં સુગમ પાળ કરી આપે. સાતમું સ્ત્રીરત્ન તે સર્વથી અતિ કામસુખનું નિધાન છે. આઠમું ચક્રરત્ન તે હજાર આરાનું વામ પ્રમાણે, સર્વ આયુદ્ધમાં મુખ્ય, છખંડ પૃથ્વીનો માર્ગ દેખાડે. એ અમોઘ શસ્ત્ર છે. નવમું છત્રરત્ન તે પણ એક વામ પ્રમાણે હોય. તે સ્વામિનાં હસ્તસ્પર્શથી બારયોજન વિસ્તારવંત, વળી વૈતાઢયથી ઉત્તર દિશાનાં જે મ્લેચ્છ રાજા તેનાં આજ્ઞાકારી, મેઘકુમાર દેવતા તે મુશળધાર વરસાદ વરસાવે, નવ્વાણું હજાર સુવર્ણ શલાકાએ ગ્રંથિત, કાંચનમયી, દંડે શોભિત, વસ્તી પ્રદેશે પંજરે વિરાજિત, તથા જેનો પુંઠનો ભાગ તે અર્જુન નામે ઉજ્જવલ સુવર્ણના ઢાંકણે ઢાંકયો છે. શીત, તાપ, વાયુ, વૃષ્ટિ દોષોને દૂર કરનાર, દશમું ચર્મરત્ન તે બે હાથ પ્રમાણ હોય. વૈતાઢય પર્વતથી ઉત્તર દિશાએ જે મ્લેચ્છ રાજા હોય ત્યારે મેઘનો ઉપદ્રવ કરે. સ્વામિનાં હાથથી બાર યોજન વિસ્તારવંત થાય. તેની ઉપર છત્રરત્ન ધરે. એટલે દાબડા સરખું થાય. તેમાં ચક્રવર્તિનું સૈન્ય પૃથ્વીની પેઠે આધારભૂત થવાથી તેમાં પ્રાતઃકાળે વાવે. પાછલા પહોરે ધાન્ય નિપજે, રત્નશાલ્યાદિક ધાન્ય ઉત્પત્તિનું નિમિત્ત જાણવું. અગ્યારમું મણીરત્ન તે ચાર આંગળ દીર્ઘ, બે આંગળ પહોળુ, વૈડુર્યરત્નમય, ત્રયંસ્ર, છ હાંસ વાળુ છત્રને વસ્તી પ્રદેશે રહ્યું ઉદ્યોત કરે. અથવા હાથીને સ્કંધે રહ્યું. બાર યોજન પ્રકાશ કરે. ક્ષુદ્રોપદ્રવ ટાળે. હાથમાં મણિરત્ન હોય તો યૌવન અવસ્થિત રહે. તથા કેશ અને નખ અવસ્થિત રહે. બારમું કાંકીણીરત્ન, અષ્ટ સોનૈયા પ્રમાણ હોય. ચાર આંગળ સમચોરસ હોય. સર્વ વિષને હરે, તમિસ્રા, ખંડપ્રપાતા, ગુફામાં બાર યોજન સુધી અંધકાર હરે. ચક્રવર્તિના સૈન્યમાં સૂર્યની જેમ પ્રકાશ કરે. ચક્રવર્તિ તમિસ્ત્રા તથા ખંડપ્રપાતા ગુફામાં પૂર્વ પશ્ચિમની ભોંત પ્રત્યે ૯૯ માંડલા કરે. એ મતે ૯૮ માંડલા થાય. એમ જંબુદ્વીપન્નત્તિમાં કહ્યું છે. તે પણ ખડીની પેઠે સુખે લખતા ચાલે. તે માંડલા ભરત ક્ષેત્રનાં ઉત્તરાર્ધનો વિજય કરવા માટે ચઢી જાય ત્યારે જ્યાં સુધી ચક્રી હોય

ત્યાં સુધી રહે. અને ગુફા પણ ત્યાં સુધી ઉઘાડી રહે. તેરમું ખડ્ગરત્ન, તે બત્રીશ આંગળ પ્રમાણ હોય. તેના સંગ્રામવિષે અપ્રતિહત શક્તિ હોય. ચૌદમું દંડરત્ન, રત્નમય પંચલતાક, વજ્રસાર, એક વામ પ્રમાણ હોય. વૈરીની સેનાનું વિત્રાસક, ઉંચીનીચી જગ્યાને સમ કરે. શાંતિકારક મનોરથપૂરક. સર્વત્ર અપ્રતિહત શક્તિવાળુ તે દંડરત્ન એક હજાર યોજન સુધી ઉંડુ જાય.

એ ચૌદ રત્ન પ્રત્યેકે હજાર યક્ષે અધિષ્ઠિત છે. ચૌદમાં સેનાપતિ સાત પંચેન્દ્રિયરત્ન છે. અને ચક્રપ્રમુખ સાત એકેન્દ્રિય રત્ન છે. તે પૃથ્વી પરિણામ છે. તે સાતેને અનુયોગદ્વાર તથા ઠાણાંગ બેહુની વૃત્તિ તથા મલયગિરિકૃત બૃહત સંઘયણીની વૃત્તિને અનુસારે પ્રમાણાંગુલે કહ્યા છે. અને અનુયોગદ્વાર સૂત્રને અનુસારે પ્રમાણાં ગુલે જણાય છે. તથા પ્રવચન સારોદ્ધારની વૃત્તિમાં આત્માંગુલે જણાય છે. એ ત્રણ પ્રતમાં. નિર્ણય તો કેવલી જાણે. સૈન્ય ચૌદ રત્ન સ્વરૂપ હોય.

વળી ચક્રવર્તીની સોળ હજાર દેવતા સેવા કરે.તેમાં ચૌદરત્નનાં ચૌદ હજાર, બે હજાર બે ભૂજાના જાણવા. બત્રીશ હજાર મુકુટબંધરાજા સેવા કરે. ચોસઠ હજાર અંતેઉર, એકલાખ અઠયાવીશ હજાર વીરાંગના. બત્રીશ હજાર દેશ, બહોંતેર હજાર મહાપુર, અઠતાલીશ હજાર પાટણ, નવાણુ હજાર દ્રોણમુખ, બત્રીશ હજાર વેલાઉલ, ચૌદ હજાર જલમાર્ગ, એકવીશ હજાર સંનિવેશ, બત્રીશ હજાર મોટી નગરી, સોલ હજાર રત્નની ખાણો, નવ્વાણુ હજાર સુવર્ણાદિકની ખાણો, વીશ હજાર સામાન્ય આગર, સોલ હજાર દ્વીપ, છપ્પન્ન અંતરદ્વીપ, છન્નુક્રોડ ગ્રામ, ઓગણપચાસ હજાર ઉદ્યાન, ઓગણપચાસ દુરાજય, સોલ હજાર મ્લેચ્છરાજા, ચોરાશી લાખ હાથી, ચોરાશી લાખ ઘોડા, ચોરાશી લાખ રથ, છન્નુક્રોડ પાલા, સર્વ સૈન્યમાં અઢાર ક્રોડ અસ્વાર, ચૌદ હજાર મંત્રી, એંશી હજાર પંડિત, ચોરાશી હજાર કોટવાળ, ચોરાશી હજાર સૂત્રધાર, ચોરાશી હજાર આભરણ ધારક, ત્રણ ક્રોડ નિયોગી, સાત ક્રોડ કુટુંબીક, ત્રણસે સાંઠ રસોઇયા, તે એક ચક્રવર્તીના ભોજન માટે,

બીજા છત્રીશ હજાર હોય, ચોસઠ હજાર કલ્યાણ મહાકલ્યાણ કારક, બત્રીશ ક્રોડ અંગમર્દક, ત્રણ લાખ શસ્ત્રધર, પાંચલાખ દીવીધર, ત્રણક્રોડ વાજિંત્ર, ચોરાશી લાખ નિશાન, દશક્રોડ ધ્વજા, બત્રીશ હજાર બત્રીશ બદ્ધ નાટક, ત્રણ લાખ ભોજન સ્થાન, બત્રીશક્રોડ કુલ, એક ક્રોડ ગોકુલ, અઢાર શ્રેણી પ્રશ્રેણી, બીજાપણ ઘણા શેઠ, સાર્થવાહ તથા ગંગા સિંધુ નદીયોનીઅધિષ્ઠાયિકા બે દેવીઓ ખંડપ્રપાતા અને તમિસ્રા ગુફાની બે દેવીઓ, માગધ, વરદામ, પ્રભાસતીર્થનાં ત્રણ દેવતા, અને ઋષભકુટના અધિષ્ઠાયક બે દેવતા એ સર્વ ચક્રીને વશવર્તી હોય. ઇતિ ચક્રીસ્વરૂપમ્

એ રીતે નિરંતર કૌતુકકારી નવીનતી વાતો સાંભળતા કોકાશને રાજાએ પૂછ્યું. હે મહાભાગ! એ તીર્થનો મહિમા કેમ જાણે? કોકાશ બોલ્યો હે રાજન્! સોપરક નગરને વિષે વસનારા જૈન સિદ્ધાંતરૂપ, સિંહસરખા એવા ગીતાર્થ આચાર્યની પાસે આદરે કરીને મેં સાંભળ્યું છે. કારણકે દેવતા પ્રમુખની સેવા ઘણે કાલે ફલવતી થાય. સાધુની સેવા તત્કાળ ફળ આપે. तदुक्तं ॥ सेवीज्जाई सींह गुफा, पाविज्जाई मुत्तिया गययंता ॥ जंबुअधरे लब्भई रणुरखंडं च म्मरखंडं च ॥ એમ સાધુના ગુણ સાંભળીને અક્ષયનિધાનની પેઠે સાધુ સંગમ દુર્લભ માનવો. જૈનમુનિની ઉપર બહુમાન ધરતો. સંગતે કરી અચેતનનું પણ પરિણમન થાય સચેતનનું શું કહેવુ? उक्तं च एके भेजुर्यतिकरगता तुंबिका पात्रलीलां ॥ गायंत्यन्ये सरस मधुरं शुद्धवंशे विलग्गा!॥ एके केचित्ग्रंथित सुगुणा दुस्तरं तारयंति, तेषां मध्ये ज्वलित हृदया रक्त-मन्येपिबंति ॥ એમ કોકાશની સહાયે તે રાજા મહાબલવત્તર રાજાઓને પણ ગગનમાર્ગે અકસ્માત્ જઇને બાંધી લે. તેથી તે રાજા ઘણો જ બળીયો થયો.

એકદા ઉદ્યાનને વિષે પાંચસે મુનિના પરિવારે પરિવર્યા ધર્માનંદ નામના આચાર્ય પધાર્યા. તેમને વંદન કરવાને કોકાશ સાથે આડંબર સાથે વંદન કરવા ગયો. ગુરુએ સાધુધર્મ તથા શ્રાવકધર્મ સમજાવ્યો.

તેથી રાજા રાણી પ્રતિબોધ પામ્યા. કોકાશની સહાયે સેંકડો યોજન પર્યંત દિવસમાં જવાની શક્તિ છે. એક દિવસમાં સો યોજન જવાનો નિયમ હતો. જૈનધર્મ અંગીકાર કર્યો એટલે પુરાણા કર્મ પણ ખપાવે છે. ગુરુ રાજાની પ્રશંસા કરે છે. ગુરુ રાજાને કહે છે કે હે મહાભાગ્ય! તું ચિંતામણી સમાન મનુષ્યભવ દુર્લભે પામ્યો છે. ધર્મ પામ્યો. એટલે સાર્થક થયું ન જાણજે પરંતુ વિધિએ આરાધતાં સાર્થકતા થાય. રાજ્યમાં વિશેષ પ્રમાદ ન કરીશ. એ પ્રમાદ અગ્નિ સરખો છે. તેથી થોડીવારમાં વ્રત સંહાર કરે. માટે અપ્રમાદી થઈ નિરંતર ધર્મને કરો. એમ કરતાં મોક્ષસુખને પામશો. હવે ધર્મ, અર્થ અને કામ પરસ્પર બાધા ન પામે, એમ તે રાજા વ્રતને પાળે છે. રાજાને બીજી વિજયા નામે રાણી છે. તે એમ ચિંતવતી કે રાજા હંમેશ જશોદેવી રાણીને બહુમાન સહિત કૌતુક જોવા લઈ જાય છે. પણ મને અનિષ્ટની જેમ કાંઇ કહેતો નથી. તો રાજાને મારી અવજ્ઞાનું ફળ દેખાડું. એમ વિચારી એક રથકારકને બોલાવી ગરુડને પાછા વાળવાની કિલિકાને સ્થાને બીજી કિલિકા ઘડાવી, પછી મૂલ કિલિકા લઇને ગુપ્ત સ્થાનકે મૂકી. અને તેને સ્થાને નવી કિલિકા મૂકી એ કૃત્ય રાણીએ કર્યું.

હવે એક વખત રાજા, રાણી સહિત ગરુડ ઉપર બેસીને કોકાશની સાથે પૂર્વની પેઠે કોઇક દેશે ચાલ્યા. યાવત્ થોડી વારમાં કૌતુક જોતા આક્ષિપ્ત મન થઇને રાજાએ ઘણો માર્ગ ઉલ્લંઘન કર્યો. એટલે રાજાને દિગ્વ્રત સાંભર્યું. તે કોકાશને પૂછવા લાગ્યો. હે પ્રિય મિત્ર! આપણે કેટલી ધરતી આવ્યા? મહાપ્રજ્ઞાવંત કોકાશ બોલ્યો. હે રાજન્! બસે યોજન આવ્યા! એવું વચન સાંભળી રાજા બોલ્યો. હે રથકાર! શીઘ્ર ગરુડ વાળ. એમ કહીને શોચ કરવા લાગ્યા. હે મને ઘણું પાપ લાગ્યું. મારાથી વ્રત ભાંગ્યું. કુતૂહલ પ્રિય પ્રાણી પોતાના આત્માનું અહિત કરે છે. આત્માને શોચ કરે છે. આગળ જવાની ના પાડી. એટલે ગરુડને પાછા વાળવાને કિલિકા લેવા ગયો. ત્યાં બીજી કિલિકા જોઇ ત્યારે ચિંતા કરતા કોકાશ બોલ્યો. હે રાજન્! મારી કિલિકા કોઈ

બદલી ગયું છે. મારી કિલિકા નથી. મારી કિલિકા વગર ગરુડ પાછો ફરે નહિં. માટે આ નજીક નગર દેખાય છે. ત્યાં કોઇક સૂત્રધારને ઘેર જઈ નવી કિલિકા કરું. તો તે પ્રયોગે પાછા વિઘ્ન રહિત આપણે સ્થાને જઇશું. હમણાં તો એનો એ ઉપાય છે નહીં તો નીચે પૃથ્વી ઉપર જઇ પડશું. ઇત્યાદિ અનર્થ થશે. જીવિતની પણ શંકા થશે. તે સાંભળી રાજા કુળેદે બતાવેલ દવાની જેમ ફક્ત હુંકાર ભણ્યો. હે કોકાશ ! તું શું અયોગ્ય અવક્તવ્ય વાત બોલ્યો. તું ધર્મનાં મર્મને જાણે છે તો પણ ધર્મનો ધ્વંસ કરે એવું વચન કેમ બોલે છે? ધર્મવ્યવસ્થાકારી વચન કોણ બોલે ? કોણ એવો મૂઢ હોય કે ભવને વિષે જન્મ બગાડે ? અજાણપણે પણ નિયમનો ભંગ કેમ કરાય ? વ્રત-મલિનતા દોષ લાગે. પ્રાણાંતે પણ એક પગલું પણ જશું નહિ માટે બીજી ચિંતા મૂકીને ગરુડને ફેરવવા એજ કિલિકા ઘાલો. એવા રાજાના વચન સાંભળી કોકાશ ચિત્તમાં ચમત્કાર પામ્યો. અને વિચારવા લાગ્યો કે રાજાએ જીવવાની અપેક્ષા પણ ન રાખી. આગળ જવાનો ઉપદેશ કર્યો. તેથી તેને લજ્જા આવી, તેથી નીચે જોયું પછી કોકાશે ગરુડને વાળવાને બીજી કિલિકા ઘાલી. એટલે બંને પાંખ મળી. તેથી ત્રણે જણ પુણ્યનાં યોગે નીચે સરોવરમાં પડ્યા અખંડ શરીરે રહ્યા. यतः ॥ वने रणे शत्रुजलाग्नि मध्ये, महार्णवे पर्वत मस्तके वा ॥ सुप्तं प्रमत्तं विषमं स्थितं वा, रक्षंति पुण्यानि पुरा कृतानि ॥ નજીક નગર દેખી રાજા કોકાશને પૂછે છે. કોકાશે કહ્યું. આ કલિંગ દેશ છે. કંચનપુર નગર છે. ત્યાં કનકપ્રભ નામે રાજા રાજ્ય કરે છે. તે અતિશય માનવંત છે. દેવતાને પણ અસાધ્ય છે. તેજવંત દુર્ગહને તમે વશ કર્યો છે. કારણકે અભિમાન ને અપમાન થાય તે મહાસંતાપને કરે છે. यतः ॥ तरूणजनो निर्विभव, तरूणी विधवा गुणी निरनुभाव; अपमानितो अभिमानी, दुःखं वहति तदनुपमेव ॥ તે દુઃખે દુભાણો થકો કદાચિત્ તમને મિત્રને પેઠે મળે, તોપણ તમારે એનો વિશ્વાસ ન કરવો. કારણકે હું એ નગરમાં જઇને કોઇકનાં શસ્ત્ર લઈ નવી કિલિકા કરીને પાછો આવું

ત્યાંસુધી તમારે સાવધાનપણે વૃક્ષને સ્થાને તથા વામીને આંતર દેવી સહિત જેમ કોઇ ન જાણે તેમ તમારે રહેવું. એ રીતે કહીને કોકાશ નગરમાં નિઃશંકપણે ગયો. ત્યાં કોઇક સૂત્રધાર રથચક્ર ઘડવાને ઉદ્યમવંત થયો છે. પોતાના ઘરની બહાર શાલામાં બેઠો છે. ત્યાં જઇને કિલિકા ઘડવા માટે વિશિષ્ટ ઉપકરણ લાવ્યો છે તે ઉપકરણ લેવા ઘરની મધ્યમાં ગયો. એટલે કોકાશ ઘડવાનો રસિયો હોવાથી તે રથચક્ર ક્ષણમાં નિપજાવતો હતો. તે ચક્ર પોતાની મેળે ઉભુ રહે. હાથથી મૂકયુ ત્યાં દિવ્યચક્રની જેમ પોતાની મેળે ફરતું જાય. ભીંત હણાઈ તેમજ પાછું આવે. અહો! કલાની નિપુણતા! રસ કેવો અસમંજસ છે કે જેથી પોતાના હિતની વાત પણ ન ચિંતવે. હવે તે કોકાશ પરીક્ષાને અર્થે રથચક્ર ફેરવે છે ત્યાં સૂત્રધાર પણ ઘરમાંથી બહાર આવ્યો ત્યાં અનુપમ એક ચક્ર દેખીને ડહાપણથી વિચારવા લાગ્યો કે નિશ્ચે એ કલાકાર છે. એવો કલાવંત પૃથ્વીને વિષે કોઇ ન હોય. માટે આ વાત રાજાને જણાવું કારણકે આ રાજાનો દ્વેષી છે. તેથી રાજા મારી ઉપર પ્રસન્ન થશે. એવું દુર્ધ્યાન કરીને પોતાના માણસને કહ્યું કે એને નજરમાં રાખજો. હું આવું ત્યાંસુધી જવા દેશો નહિં. એમ કહી રાજા પાસે જઇને કહ્યું હે રાજન્! તમારો ભાગ્ય આકર્ષ્યો છે. સર્વ સૂત્રધારમાં શિરોમણી કોકાશ પોતે આવ્યો છે. જેણે ગરૂડ નિપજાવી કાકજંઘ રાજા દૂર દેશાંતરથી આવ્યો છે. રાજા સારુ સારુ કરતો પોતાના પુરુષોને કોકાશને બાંધવા મોકલ્યો. તેઓ પણ કોકાશને બાંધી લાવ્યા, તેને રાજાએ ક્રૌંચ બંધને બાંધી કદર્થના કરી પૂછયું. કોકાશ કાંકજંઘ કયાં છે? પુષ્ટ બુદ્ધિવંત કોકાશે કહ્યું. કાકજંઘ રાજાનું સ્થાન કહ્યું, હવે કનકપ્રભ રાજા હર્ષવંત થયો. અને વિચારવા લાગ્યો કે આજે ત્રણ લોકનું રાજ્ય મળ્યું છે. એમ વિચારી સુભટો સાથે લઇને ચાલ્યો. રે કાકજંઘ તું કયાં ગયો? કયાં ગયો? ઇત્યાદિ બોલતો ત્યાં ગયો. કાકજંઘ રાજા પણ ઉંચા અવાજ સાંભળીને શું થયું? એમ આકુલ વ્યાકુલ થતો જેટલામાં નાસવા જાય તેટલામાં બંધનોએ બાંધી દીધો.

રાજારાણીને કાષ્ટનાં પિંજરમાં પૂર્યા. રાજાએ વિચાર્યું અહો ! એ રથકારે ખલ થકી અમને પકડાવ્યા નહિતર અમે છાના હતા. તેણે વિટંબના કેમ કરાવી ? માટે આતો પાણીમાંથી અગ્નિ પ્રગટ્યો, ચંદ્રમાંથી ગરલ જર્યું. અથવા એમાં એનો શો વાંક ? પોતાનાજ દુષ્ટકર્મનો વિપાક છે. નહિતર સજ્જનનું મન દુર્જનની જેમ કેમ થાય ? ઇત્યાદિ ચિંતવતા જન્મથી કયારે પણ આપદા ભોગવી નથી. બાજુમાં રહેલા માણસો કનકપ્રભરાજાની બીકે છાનું અન્ન આપે છે. મોટા પુરુષોની પણ એવી અવસ્થા થાય છે. यतः ॥ को इष्ट सया सुहिउ, कस्स य लच्छो थिरइ पिम्माह, को मिच्चुणा न गहिउ, को गिद्धो नेव विसएसु ॥

એક દિવસ કનકપ્રભ રાજાએ વિચાર્યું કે સર્વ અનર્થનું મૂલ એ કોકાશ છે માટે એને રાખવો નહિ. એમ વિચારીને કોકાશને ચોરની જેમ મારવાનો હુકમ કર્યો. તત્કાળ સુભટો તેને વિટંબના પૂર્વક વધસ્થાને લઈ જતાં લોકોએ જોયો. ત્યારે લોકોએ રાજાને વિનંતિ કરી કે હે મહારાજ ! જે કામ કરીયે તે વિચારીને કરીયે જેથી પાછળથી પસ્તાવો ન થાય યતઃ ॥ शल्यविहव, विषादीना, सुकरैव प्रतिक्रिया सहसाकृत कृतकार्यो त्थानुतापस्य तु नैाषधम् ॥ દૈવવશે એ કલાપાત્ર કામકુંભની પેઠે મળ્યો છે. તો તેનો વિધ્વંસ જે પંડિત હોય તે કેમ કરે ? જે કલાવંત હોય તે સાધારણ વૃત્તિ હોય. તેને પોતાના તથા પરમનો એમ ન હોય. તે સર્વને બહુમાન કરવા યોગ્ય હોય છે માટે એવા કલાવંતને પોતાની પાસે રાખો. એના મહિમાથી રાજાની તેજવંત કીર્તિ થશે. એવું સાંભળી રાજાએ કોકાશને પૂછયું. કે તું શું વિજ્ઞાન જાણે છે ? તે બોલ્યો. રાજન્ ! સમસ્ત સૂત્રધારનું જાણું છું. ત્યારે રાજા બોલ્યો હે કલાકુશળ મારા યોગ્ય કમલાકર મંદિર બનાવો. કમલની જેમ સો પાખંડી કરી તેની મધ્યમાં કર્ણિકા ઉપર મારું ભવન. સો પાંખડી ઉપર સો પુત્ર યોગ્ય સો ભવન બનાવો. એવો સુંદર બનાવો કે સકલ રાજાથી રુદ્ધિ મારી થાય એવો આદેશ કોકાશને કર્યો તેને બંદીખાનામાંથી

છુટો કર્યો. ભવન બનાવવા કાષ્ટ લેવાની આજ્ઞા કરી. હવે ગૂઢ આશયનો ધણી કોકાશ તેને જીવવાની આશા થઈ. મહેલ કરવાને તૈયાર થયો. કાકજંઘ રાજાને મળવાની અત્યંત ઇચ્છા થઈ. પણ કનકપ્રભ રાજાની આજ્ઞા વિના મળી શકે નહિં. ત્યારે વિચાર્યું કે કાકજંઘ રાજા મારા પ્રત્યે હીણુ માનશે. તે સંદેહ ટાળવાને કોકાશે પોતાનો અભિપ્રાય સૂચક શ્લોક લખી મોકલ્યો તે આ પ્રમાણે-कर्कशकर्मणि भिषजा, विहिते मां मंद दमनायिष्ठाः ॥ सपदि गुणादेव तवै तद्भाविता निश्चिनुष्वेति ॥ વૈદે અતિ કર્કશ ઔષધી દીધું. તેથી રે મંદ આમણ દુમણ થઈશ નહિં. જે કર્કશ ઔષધ છે તે ગુણ માટે જ થાય છે એ નિશ્ચય કરજે. એ યુક્તિ વાંચી રાજાએ વિચાર્યું કે કોકાશે હિત જાણીને મને નગરમાં તેડાવ્યો જણાય છે. અન્યથા કનકપ્રભ મને શું જાણત ને શું મારત? માટે જાણી શકાય છે કે કોકાશ બંધુની જેમ મારી પાસે જ છે. મને એ ક્લેશથી મૂકાવશે. એમ વિચારી ને સમય પસાર કરે છે.

હવે કોકાશ પણ પોતાના સ્વામિને મુકાવવાનો ઉપાય શોધે છે. તેવામાં તે રાજાનો દિપિકાધારક ઘણો જ સત્ય છે તેણે વિચાર્યું કે જો પુરુષરત્ન વિનાશ થાય । એમ વિચારી કનકપ્રભ રાજાનો ગૂઢ મંત્ર કોકાશને કહ્યો. રાજાએ તને મારવાની ઇચ્છા કરી હતી. પણ ન માર્યો. પરંતુ નવો પ્રાસાદ કરાવ્યા પછી તને અવશ્ય મારશે. તે સાંભળી કોકાશ કષાયવંત થયો. અને કલિંગદેશના કનકપ્રભ રાજાનો નગર સહિત ધ્વંસ કરવાનો વિચાર કર્યો. કાકજંઘરાજાનો પુત્ર જે વિજય નામે છે. તેની પાસે એક પ્રચ્છન્ન પુરુષ મોકલ્યો, પિતાનું વૈર વાળવા ઉજમાળ થયો. સૈન્ય લઇને છાનો કંચનપુર આવ્યો. કોઇને ખબર નથી. હવે કોકાશે પણ વિચિત્ર તોરણ દ્વારા પદ્માકર નામે પ્રાસાદને બનાવ્યો. તે દેખીને કનકપ્રભ રાજા હર્ષવંત થયો, શુભ મુહૂર્તે મહોત્સવ પૂર્વક રાજાએ પુત્રો સહિત પ્રવેશ કર્યો. ત્યાં સર્વ વિસ્મય પામતા સર્વે લોક જોવા લાગ્યા. એની ઘણી પ્રશંસા કરી. યતઃ ॥ दाने तपसि शौर्ये च, विज्ञाने नये विनये, विस्मयो नैव कर्तव्य, बहुरत्ना

વસુંધરા ॥ ગુઢ અભિપ્રાયવંત કોકાશ કનકપ્રભ રાજાને એમ કહે છે કે હે રાજન્ ! એ એક સ્થંભીયા પ્રાસાદને વિષે એક જ કિલિકા છે. જે સારી રીતે કરીયે તો આવાસ પોતાની મેળે આકાશમાં ઉડશે. કોકાશનું કહેવું અસત્ય હતું છતાં રાજા કૌતુકવાળો થયો. અને કહ્યું. તું અમને કૌતુક દેખાડ. જેથી મોટા નગર વિગેરે જોઈએ. કોકાશ બોલ્યો. તમારા પુત્ર સહિત દેખાડું. માટે હે રાજન્ ! તમે તથા તમારા પુત્ર પોતપોતાના સ્થાયે બેસી જાવ. પછી હું કિલિકા પ્રયોગે તમને અતુલ કૌતુક દેખાડું. તે સાંભળીને ભોજન કરીને સર્વે પુત્રો તથા રાજા પોતાના સ્થાને બેસી ગયા. હવે તે કોકાશ જેમ બંદી-ખાનામાંથી નીકળ્યો તેની જેમ પ્રાસાદમાંથી બહાર નીકળ્યો ને બોલ્યો. જો જો રે મૂર્ખો ! તમે મારા પ્રભુ કાકજંઘ રાજાને મારવાની ઇચ્છા કરી તો તેના કિંપાક ફળ ભોગવવા પડશે, એમ કહીને સમકાલે ઉત્સુકપણે કિલિકા પ્રયુજતો હતો. તે પ્રયોગથી પ્રસાદ મલી ગયો. ત્યારે કમળમાં જેમ ભ્રમર રહી જાય તેમ તેના મનોરથ રહી ગયા. શોરબકોર સર્વે કરવા લાગ્યા. अन्याकित । रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं, भास्वानुदेष्यति हसिष्यति पंकजश्रीः ॥ इष्ठं विचिंतयति कोशगते द्विरोफे, हा हंत हंत नलीनी गज उज्जहार ॥ એવા અવ-સરને વિષે કોકાશને સંકેતે વિજયરાજા પ્રલયકાળની જેમ આવ્યો. ત્યાં કનકપ્રભ રાજાની સેના સાથે અત્યંત યુદ્ધ વિજયરાજાને થયું. તેમાં શરે શરી, કુંતે કુંતી, દંડે દંડી. ખડ્ગે ખડ્ગી, શકતે શક્તિ, પટ્ટિ-શાએ પટીશી, મુદ્ગરે મુદ્ગરી, શલ્યા શલ્યે, શુલીએ શુલી, ચક્રે ચક્રી, યષ્ટિએ યષ્ટિ, મુષ્ટયે મુષ્ટી, કેશે કેશી, બાહવે બાહુ, કર્પૂરે કર્પૂરી, કરીએ કરી, સ્કંધાએ સ્કંધ એવી રીતે તુમુલ યુદ્ધ થયું. બેહુ સુભટોએ સંગ્રામ કર્યો. परं हतं सैन्य नायकं ॥ इति वचनात् ॥ પરંતુ નાયક વગરનું સૈન્ય નાઠું. તે જોઇ વિજયરાજા નગરમાં પેસી ધ્વંસ કર્યો. અને કાષ્ટના પિંજરામાંથી માતાપિતાને કાઢયા. પછી સંપૂર્ણ ઇચ્છાવાળો

રાજા નગરમાંથી નીકળી ક્ષેમકુશળ નગરમાં પહોંચ્યો. માતાપિતા તથા કોકાશને મહોત્સવ પૂર્વક નગર પ્રવેશ કરાવ્યો.

હવે કાકજંઘ રાજા તે કૃતજ્ઞ શિરોમણી, પરોપકારી એવા કોકાશ ભણી અગણિત મણિ સુવર્ણાદિક અતિ અદ્ભૂત વિભૂતિ હતો. તથા સૂર્યરથનાં અશ્વ સરખા, હજારો અશ્વ, સેંકડો ગમે ઐરાવણ હાથી, ઘણા ઋદ્ધિવંત ગામ આપ્યા. એમ કોકાશને પોતાના સરખો કર્યો.

યદ્યપિ વિજયા રાણીએ કિલિકા પરાવર્તિ કરાવીને હીણું કામ કર્યું. પૂર્વે પણ શોક ઉપર ઈર્ષા કરતી. પરંતુ રાજા ગંભીર હતો તેથી કાંઈ ન પ્રકટ કર્યું. યતઃ ॥ अर्थनाशं मनस्तापं गृहे दुचरितानि च ॥ वचनं चापमानं च मतिमान् न प्रकाशयेत् ॥ રાણી સાથે શેષ સર્વ નિષ્ફળ કરતો. રાજા મનમાં વિચારે છે કે પ્રાયે ઘણું કરી સ્ત્રી ઈર્ષાળુ હોય છે. યતઃ ॥ अवंचको वणिग् विप्र, संतोषो क्षत्रियः क्षमी ॥ वायुः स्थानस्तुरनुदमोग्नियोषानीर्ष्या भवेत् क्वचित् ॥

હવે કાંચનપુરમાં પદ્માકર નામે મહેલ હતો તે કિલિકાએ કરી સંકોચાઇ ગયો. તેને ઉઘાડવાને મંત્રી વગેરે તૈયાર થયા પણ ત્યારે કાંઇ ન થયું. ત્યારે રાજાએ પુત્રને કાઢવા માટે કુહાડાના ઘાત નાંખ્યા. એટલે મહેલ મધ્યે યંત્રે કરી યોજેલા જે એકસો ને એક મનુષ્ય તેને કાષ્ટના ઘા મસ્તક ઉપર પડે. પોતાની મેળે ઉછળીને માથા પર વાગે. તેથી તે એકસો એક જણ દુઃખવાળા તથા પીંજરમાં પંખીની જેમ આક્રંદ કરવા લાગ્યા. ત્યારે કોઈ પણ ઉપાયે સ્વામિને જીવાડવો એમ વિચારી મંત્રી લોકો વિગેરે ઉજ્જિયિનિમાં આવી કોકાશને પગે લાગીને કહેવા લાગ્યા કે અમારા સ્વામિને જીવાડો. કોકાશે અવકાશ પામીને પોતાના કાકજંઘ રાજાની ઘરની દાસીની જેમ સેવા કરે એવું કબુલ કરે તો કિલિકા કાઢું. બધાએ કબુલ્યું. નગરીમાં જઇને કિલિકા કાઢી. ત્યારે એકસો એક જણને જીવવાની આશાથી કમલાકર ભવનમાંથી બહાર કાઢયા. તે સર્વ કંઠગત પ્રાણ હતા પણ સર્વે નવા અવતારે જન્મ્યા. એટલા માટે રાજા પણ કોકાશને પિતા તુલ્ય માનવા લાગ્યો. રાજાએ વિચાર્યું.

કે કોકાશ કેટલો કલાવંત છે. જેણે હિંસાદિક કર્મ કર્યા વિના પોતાના સ્વામિને મૂકાવ્યો. ગૈરીને સ્વકલા દેખાડી વશ કર્યો.

હવે એકદા ચાર જ્ઞાનના ધણી મુનિરાજ પધાર્યા. તેને વંદન કરવા રાજા કોકાશ વિગેરે ગયા. વંદન કરીને કોકાશે પૂર્વભવ પૂછયો મુનિ બોલ્યા.

ગજપુર નગરને વિષે તું જૈની રાજા હતો. અને કોકાશ જૈની બ્રાહ્મણ હતો. અને તારા પ્રસાદનું પાત્ર સૂત્રધાર હતો. તે જૈની બ્રાહ્મણને વચને તે અનેક પ્રતિમા, જીનમંદિરો કરાવ્યા. યતઃ ॥ भवणं जिणस्स न कयं, नय बिंबं नैव पुईआ साहु ॥ दुध्धरवयं न धरिअं, जम्मो परिहारिउ तेहिं ॥ હવે સૂત્રધાર પણ રાજાના કહેવાથી અધિકતર નવી નવી રૂપ શોભાની રચના ધર્મબુદ્ધિએ ચૈત્યાદિ કરાવ્યા યતઃ॥ कला कलयतः सैवं, श्लाघनीया मनीषीणाम् ॥ यां श्री सर्वज्ञ सुखदां, हेतुत्वेनोपयुंजते ॥

એકવાર તે સૂત્રધારે જાતિમદ કર્યો વળી કોઈક રાજાથી ભાગેલો જૈનમતધારક જૈન સૂત્રધાર કલાવંત ત્યાં આવ્યો. ત્યારે તેણે કલાના માત્સર્ય માટે રાજા આગળ ચાડી ખાધી. ઇર્ષાએ કરી સાધર્મિક સૂત્રધારને બતાવી દીધો યતઃ ॥ कलावान् धनवान्, विद्वान्, क्रियावान् पमामानवान् । नृपतपस्वी दाता च, स्वतुल्यं सहते नहि ॥ રાજા કાનના કાચા હોય. તે માટે છ ઘડી સુધી તેને કેદમાં રાખ્યા તે પછી પશ્ચાત્તાપ કરીને તેને છોડી દીધો. સત્કાર કર્યો. યતઃ ॥ साधर्मिकाणां सत्कारस्तिरस्कार किलापदाम् ॥ तेषां पुनस्तिरस्कार सुदुर्गते ॥

તે રાજા અને સૂત્રધાર બે જણ પાપ આલોવીને સૌધર્મ દેવલોકે દેવતાની ઋદ્ધિ ભોગવીને અહિં આવ્યા. તે પૂર્વે અરિહંતની ભક્તિ કરી તેથી ઠકુરાઈ પામ્યો. તથા કોકાશ અતુલ કલામાં કુશલ થયો. જાતિમદ કર્યો તેથી દાસીપુત્ર થયો. ફોગટ છઘડી સુધી સાધર્મિકને રાખ્યો હતો તેથી છ મહિના બેઉજણ કનકપ્રભરાજાની કેદમાં રહ્યા. સાધર્મિકને મૂક્યો હતો. તેથી અહિં બંદીખાનેથી મૂકાણા.

यतः ॥ वाचिकं कायिकं मानसिकं कर्म पुराकृतम् ॥ अवंध्यबीजवद्दत्ते, स्वानुरूपं पुनः फलम् ॥ अनालोचितशल्यत्वे विपाकोग्रं विदन्नपि ॥ बालो नालोचये छल्य, महो बाल्यविजृंभितम् ॥ એવા જ્ઞાનીના વચન સાંભળીને તેણે વિચાર્યું કે અણઆલોવ્યું પાપ તે ઘણા વિપાકને આપે. એમ જાણીને રાજા દિગ્વતમાં જે અતિચાર લાગ્યો હતો. તે આલોવ્યો. ગુરુએ પ્રાયશ્ચિત્ત આપ્યું. તે આચરીને બંને પોતાના સ્થાને આવ્યા. એ રીતે રાજાએ ઘણી રાજઋદ્ધિ સાથે કાલ ગુમાવ્યો. અવસરે પોતાના પુત્રને રાજ્ય આપી. બેહુ રાણી સાથે પ્રવજ્યા લીધી. તે રાજા ચારિત્ર પાળીને સૌધર્મેન્દ્ર દેવતા થયો. ફરી મનુષ્ય અવતાર પામી રાજા થઇને સિદ્ધિનાં સુખ અનુભવશે. કોકાશ પણ રાજા સાથે ચારિત્ર લઈ ઘણા કાળ ચારિત્ર પાળી માહેન્દ્ર દેવલોકે સામાનિક દેવતા થયો. ત્યાંથી મનુષ્ય અવતાર પામીને સિદ્ધિપદને પામશે. એ કાકજંઘરાજા તથા કોકાશની કથા આચારપ્રદીપ પ્રકરણમાં છે.

તે માટે રાજાને તથા કોકાશને બીજું બળ ઘણું હતું. પણ ધર્મબળ હતુ તેથી બંદીખાનેથી છૂટયા. તેથી ધર્મબલથી સિદ્ધિપદને પામ્યા. માટે ધર્મબલ સર્વ બળને જીતનાર છે. હવે ચોથા પદનો અર્થ કહે છે. सव्वं सुहं धम्मसुहं जिणाइं ॥ સર્વ સુખને ધર્મસુખ જીતે. એટલે સર્વસુખ ધર્મસુખ જીતાડનાર છે. यतः ॥ तणसंथारनिसन्नो, मुणिवरो गतरागभयमोहो ॥ जं पावइमुत्ति सुहं, कत्तो तं चक्कवट्टी वि ॥

એટલા માટે ભગવતીસૂત્રે બાર માસની દિક્ષાપર્યાયવંત મુનિ અનુત્તર વિમાનનાં સુખને પણ ઓળંગે છે. એમ કહ્યું છે, તે ઉપર સંયતિ રાજાનું દ્રષ્ટાંત કહે છે. કાંપિલપુર વગરને વિષે સંયતિ નામે રાજા રાજ્ય કરે છે, તે એક સમયે હાથી, ઘોડા, રથ, પાયક ચતુરંગી સેનાએ પરિવરી મૃગયા કરવા નીકળ્યો. રસનો ગૃદ્ધ થકો મૃગને હણે છે. તે રાજા કેશરી નામે ઉદ્યાને ગયો. ત્યાં એક મુનિરાજ તપોધન સદ્ધ્યાનયુક્ત ધર્મધ્યાનમાં છે. વૃક્ષાદિકે વ્યાપ્ત નાગરવેલી પ્રમુખનાં મંડપમાં

રહ્યા છે. પાપ, આશ્રવ ખપાવ્યા છે. એવા મુનિ પાસે એક મૃગ આવ્યો. મૃગને મૂવો દીઠો. ને પાસે અણગાર દીઠા. ત્યારે રાજા સંભ્રાંત થયો થકો વિચારે છે કે મેં લગારે મુનિને હણ્યા દેખાય છે. અહો! હું ઘાતક છું મને હણવાનું શીલ છે. હું મંદ પુન્યનો ધણી છું એમ ચિંતવી ઘોડાને વિસર્જન કરી, મુનિને વિનયપૂર્વક વંદના કરી એમ કહ્યું. હે ભગવાન્! તમે મારા અપરાધ ખમો. પરંતુ મુનિ તો ધ્યાનમાં સ્થિર હતા. તેથી રાજાને બોલાવતા નથી. ત્યારે ભયભીત થયેલો રાજા વિચારે છે કે આ મુનિ રખે મને નીચ જાણીને ઘણો કોપ કરશે. !!! એવું જાણીને બોલ્યો. હે ભગવાન્ હું સંયતિ રાજા છું મને બોલાવો, જો સાધુ કોપ કરે તો કોડગમે મનુષ્યને બાળી નાંખે.

હવે મુનિ બોલ્યા હે રાજન્! તને અભય છે. તું પણ સર્વ જીવને અભય દેનારો થા. આ અનિત્ય જીવલોકમાં હિંસા કરીને શું રીઝ પામે છે? તથા શરીર અનિત્ય છે. સર્વ છોડીને અવશ્ય જવું છે. માટે રાજ્યમાં શું મગ્ન રહે છે? જીવિત તથા રૂપ વીજળી જેવું ચંચળ છે. તેમાં તું મુંઝાણો છે. પરભવનું કાંઇ કરતો નથી. સ્ત્રી, પુત્ર, મિત્ર, બાંધવ સર્વ પોતે જીવતો હોય ત્યાંસુધી ખાવા પીવા ભોગ ભોગવવા મળે. પણ મુવા પછી કોઈ કેડે ન આવે. જો પિતા મરી ગયા હોય તો પુત્ર બાળવા આવે. જીવ જે દ્રવ્ય ઉપાર્જન કરી મૂકી ગયો તે પાછળથી બધા હર્ષ કરે. અલંકારાદિ પહેરે. પણ મર્યો તે શુભાશુભ કર્મ બાંધી જીવ પોતે ભોગવે છે. માટે હે રાજન્! શુભના હેતુથી તપ અંગીકાર કર. તે સાંભળી રાજા મહા સંવેગ નિર્વેદ પામ્યો. રાજ્ય છોડી ગર્દભાલી મુનિની પાસે જિન શાસનના વિષે પરમસુખ રૂપ ચારિત્ર લીધું. અનિયત વિહાર કરતાં કોઈ ગામને વિષે આવતાં હતા. એવામાં અનિર્દિષ્ટ નામે ક્ષત્રિય જાતિનો રાજા ઉપન્યો તે સ્વર્ગથી ચ્યવીને આવ્યો છે. તેને કોઇ નિમિત્તે જાતિસ્મરણજ્ઞાન થવાથી વૈરાગ્ય પામી રાજ્ય છોડી દીક્ષા લીધી તે પણ વિહાર કરતાં ત્યાં આવ્યા. તેણે સંયતિ મુનિને દેખીને કહ્યું કે હે મુનિ! તમારું

નામ શું ? તમારું ગોત્ર શું ? મુનિપણું શાને અર્થે લીધું છે ? આચાર્યની સેવા કેમ કરો છો ? ત્યારે સંયતિમુનિ બોલ્યા કે મારું સંયતિ નામ છે. હું ગૌતમગોત્રી છું. ગર્દમાલી નામે મારા આચાર્ય છે. હું જીવઘાતથી નિવર્ત્યો છું, માટે માહણ છું. મુક્તિના અર્થે ક્રિયા કરું છું. આચાર્યની આજ્ઞા પ્રમાણે સેવા કરું છું. એટલા માટે જ વિનિત કહેવાઉં છું.

વળી વગર પૂછયે મુનિ બોલ્યા હે મુનિ ! ક્રિયાવાદી અક્રિયાવાદી, વિનયવાદી, અને અજ્ઞાનવાદી એ ચારેને જે નવતત્ત્વનાં જાણ પુરુષોને છે તે કુત્સિત કહે છે. હીણા કહે છે. એમ તત્ત્વના જાણ ક્ષાયકજ્ઞાની મહાવીરસ્વામિ કહે છે. તેનું ફળ દેખાડુ છું. પાપકારી જીવ હોય તે ઘોર નરકે જાય છે. શુદ્ધ પ્રરુપણારૂપ ધર્મ જે સેવે તે સદ્ગતિ જાય છે. માટે ક્રિયાવાદીના જે વચન છે તે માયાવી હોવાથી શૂન્ય હોય છે. તેની મૃષાભાષા હોય છે. તે કારણે હું તેનાં વચન સાંભળતો નથી. અને યોગ્ય સ્થાને વસુ છું. ગોચરી જાઉં છું એવી રીતે ક્ષત્રિય મુનિ સંયતિ રાજઋષિને સ્થિર કરવાં કહ્યું.

ક્રિયાવાદી પ્રમુખ મિથ્યાદૃષ્ટિ, અનાર્ય સર્વને મેં જાણ્યા છે. પરલોક છે. મારા આત્માને સઘોગરીતે જાણું છું. પાંચમે દેવલોકે મહાપ્રાણ નામે વિમાનને વિષે મહાકાંતિવંત ઉત્કૃષ્ટ આઉએ દેવતા હતો. ત્યાંથી ચ્યવી મનુષ્યભવમાં આવ્યો. જાતિસ્મરણજ્ઞાને કરી હું સર્વ જાણું છું. અને વિશેષ જ્ઞાને કરી પોતાનું અને પરનું આયુષ્ય જાણું છું !

વળી સાંભળો. હું શુભાશુભ સૂચક પ્રશ્ન તથા ગૃહસ્થના ઘર સંબંધી કાર્ય જે કહેવા તે વર્જ્યો છું. માટે જે કોઈ એવા માર્ગે ચાલે તે આશ્ચર્યકારી જાણવા. મેં જે આયુષ્ય સંબંધી વાત કરી તે જિનશાસનમાં જ છે. બૌદ્ધમાં નથી. માટે જિનશાસનમાં ઉદ્યમવંત થવું. માટે તમને ઉપદેશ દેતા કહું છું કે અસ્તિકસ્વભાવ કેળવજો. નાસ્તિક સ્વભાવ તજજો. અને સમ્યગ્જ્ઞાને સંયુક્ત થયા થકા દુ:ખે આચરાય એવું કરજો ધર્મધ્યાન.

વળી ક્ષત્રિય મુનિ, સંયતિ મુનિને સ્થિર કરવા મહાપુરુષોનાં ઉદાહરણ કહે છે. ભરતરાજાએ ભરતક્ષેત્ર છોડ્યું, સગર રાજાએ સાગરાંત પૃથ્વી ત્યાગી. મઘવા ચક્રવર્તિએ ભરતનાં છ ખંડ છોડી દીક્ષા લીધી. સનત્કુમારે પણ પુત્રને રાજ્યે સ્થાપી તપ અંગીકાર કર્યો. શાંતિનાથ પ્રભુ ભરત ક્ષેત્રના છ ખંડ છોડી દીક્ષા લીધી. ઈક્ષ્વાકુ-વંશમાં વૃષભ સરખા કુંથુ નામે સિદ્ધિ વર્યા. અરનાથ પણ છ ખંડ છોડી દીક્ષા લીધી. એકછત્રી પૃથ્વી સાધી. હરિષેણ રાજા પણ સિદ્ધિ વર્યા. જયનામે ચક્રી એક હજાર રાજા સાથે દીક્ષા લીધી. નમિરાજર્ષિએ દીક્ષા લીધી. દશાર્ણભદ્ર રાજા દશ દેશ છોડીને દીક્ષા લીધી. કરકંડુ કલિંગ દેશને વિષે ઉપન્યા. દુર્મુખરાજા પાંચાલદેશને વિષે ઉપન્યા. નમિરાજા વિદેહ દેશને વિષે ઉપન્યા. નિગ્ગઈ રાજા ગંધાર દેશને વિષે ઉપન્યા. સૌવીર દેશનો ઉદાઇ રાજા થયો. કાશીદેશના ધણી નંદન નામે બલદેવ થયા. તથા વિજય નામે દરેક રાજર્ષિ રાજ્ય છોડી દીક્ષા લઈ સિદ્ધિ વર્યા.

એમ તે ક્ષત્રિયમુનિએ સંયતિમુનિને પૂર્વના પુરુષોનાં ઉદાહરણો કહ્યા. અને પ્રમાદ ન કરવાનુ કહ્યું. કારણકે જિનમત અંગીકાર કરીને સંસાર સમુદ્ર તર્યા માટે કોઈ તરે છે. કોઇ તરશે. એ કહેવાથી સિદ્ધિરૂપ ફલ બતાવ્યું. અનુક્રમે ક્ષત્રિયમુનિ તથા સંયતિ મુનિ સિદ્ધિ વરશે.

इति उत्तराध्ययन सूत्र. એટલે પ્રસ્તુત પદને જોડીયે. જે સર્વ સુખને જીતનાર એક ધર્મ સુખ છે. તેથી ભરતરાજા પ્રમુખે છખંડનાં રાજ્ય છોડી ચારિત્ર સુખ અંગીકાર કર્યું. ॥ इति सकलसभाभामिनि भालस्थलतिलकायमानपंडितश्रीमान् उत्तमविजयगणी शिष्य पंडितपद्म-विजयगणि विरचिते बालावबोधे गौतमकुलकप्रकरणे षोडश गाथायां चत्वार्युदाहरणानि समाप्तानि ॥ (१६)

હવે સત્તરમી ગાથા કહે છે. તેને પૂર્વ ગાથા સાથે એ સંબંધ છે કે પૂર્વ ગાથામાં ચાર વાના થકી પણ ધર્મ ઉત્કૃષ્ટ છે. એમ કહી દેખાડ્યું. તે માટે હવે સાત વાના સેવતો ધર્મનો પ્રતિપક્ષી અધર્મ થાય છે. અને તે અધર્મથી ધન પ્રમુખનો નાશ થાય છે. તે દેખાડે

છે. એ સંબંધે સત્તરમી ગાથા કહે છે.

जूए पसत्तस्स धनस्स नासो, मंसं पसत्तस्स दयाइ नासो ॥
मज्जं पसत्तस्स जसस्स नासो, वेसा पसत्तस्स कुलस्स नासो (१०)

અર્થ :- जूए पसत्तस्स धणस्स नासो ॥ જે પ્રાણી જુગટુ રમવાને વિષે આસક્ત હોય, તે પ્રાણીનાં ધનનો નાશ થાય એટલે જુગટું રમવામાં આસક્ત હોય તેના ધનનો નાશ થાય. તે ઉપર નળ-કુબેરનું દૃષ્ટાંત કહે છે. એજ પુસ્તકનાં બીજા ભાગમાં શ્રી નેમીશ્વર ભગવાનનાં રાસમાં આવેલ હોવાથી અહિં લખી નથી. તથા પાંડવ ચરિત્રમાં પણ છપાઈ ગયેલ છે. હવે બીજા પદનો અર્થ કહે છે. मंसं पसतस्स दयाई नासो ॥ જે પ્રાણી માંસને વિષે આસક્ત હોય તે પ્રાણી હિંસા કરીને કડવા વિપાક ભોગવે છે, તે ઉપર સોદામની કથા કહે છે.

એકદા શ્રીકૃષ્ણનાં પિતા વસુદેવજી ફરતા તૃણસોષકપુરને વિષે આવ્યા. ત્યારે રાત્રી પડી ગઇ હતી. તેથી બહાર દેવકુલમાં સૂઇ રહ્યા. એવામાં એક રાક્ષસ આવ્યો. તેણે વસુદેવજીને ઉઠાડયા. અને તેને ઉપાડીને લઇ જવા માંડયા, એટલે વાસુદેવજીએ મુષ્ટિ પ્રહાર કર્યો એમ કરતાં બેઉને યુદ્ધ થયું. પ્રથમ બાહુયુદ્ધ કર્યું. પછી શસ્ત્રયુદ્ધ કર્યું. પછી રાક્ષસને પકડીને જેમ ધોબી શીલા ઉપર વસ્ત્ર પછાડે. તેમ શિલા ઉપર પછાડયો. તેથી રાક્ષસ મરણ પામ્યો, એવામાં સવાર પડયું. ઘણા લોક ભેગા થયા. તેઓ ઘણું આદરમાન દઇ શ્રી વસુદેવજીને રથ ઉપર બેસાડી ઘણા વાજિંત્ર વાજતે નગરમાં લઇ ગયા. સહુએ મળી વસુ-દેવજીને પાંચસે કન્યા દેવા માંડી. પરણવાનો આગ્રહ કર્યો. વસુદેવજી બોલ્યા. હમણાં હું પાણિગ્રહણ નહીં કરું. એક વાર તમે વાત કહો કે એ અધમ પુરુષ કોણ હતો ? જેને માર્યા થકી તમને આવડો હર્ષ ઉપજે છે. ત્યારે તેમાંથી એક પુરુષ બોલ્યો.

કલિંગદેશે કાંચનપુર નગરને વિષે જિતશત્રુ નામે રાજા રાજ્ય કરે છે. તેને સોદામ નામે પુત્ર છે. પણ તેને સહજ સ્વભાવે માંસ

ખાવાનો ઢાલ પડયો. માંસ લોલુપી ઘણો જ. એનો સ્વભાવ બદલી શકતો નથી. જેમ કુતરો મૂતરે તો એક પગ ઉંચો કરીને મૂતરે. દરજી કપડાં શીવનાર પોતાની આંગળી ચાટે. જેમ મધથી ખરડે તેમ ચાટે. કાગડો સરોવર ભરેલું છોડીને કુંભને જઈ વિંટાળે. તેમ પડેલી ટેવ કાંઇ મટે નહિં. તેમ સોદામની ટેવ જતી નથી. રાજા પોતે ઘણો ઉપકારી છે, પણ દીકરો દુષ્ટ છે. માટે રાજાએ ચાકરને નિત્ય એકેક મોરનાં માંસનો હુકમ કર્યો. તે વંશગિરિ નામે પર્વતમાંથી એકેકો મોર લાવીને માંસ ભક્ષણ કરે છે.

એકદા રાંધણીયાએ મોરનું માંસ લાવીને મૂકયું. પોતે કયાંક ગયો. એવામાં માંજાર આવીને માંસ લઇ ગયો. ત્યારે રાંધણીઆને પૂછયું. ત્યારે રાંધણીઆએ એ બાળકનું માંસ રાંધ્યું. ભયથકી જુઠુ બોલ્યો. સોદામ ભક્ષણ કરવા લાગ્યો. સ્વાદિષ્ટ લાગ્યું, ત્યારે રાંધણીઆએ સત્ય હકીકત કહી. ત્યારે સોદામે કહ્યું. હંમેશ બાળકનું માંસ કરજો. પછી દુષ્ટ સોદામ હંમેશ બાળકનું માંસ ખાવા લાગ્યો. એમ કરતાં બાળક રોજ ઓછા થવા લાગ્યા. રાજાને લોકોએ વાત કરી, રાજા કોપ્યો. સોદામને નગરમાંથી બહાર કાઢી મૂકયો. તે પણ પિતાની બીકથી પર્વતમાં જઇને વસ્યો. નગરમાંથી હંમેશ તે બાળક લઈ જતો હતો તેને યમપુરીએ પહોંચાડયો. તે કામ સારું કર્યું તે સાંભળી વસુદેવજી હર્ષવંત થયા. પછી પાંચશે કન્યા સાથે લગ્ન કર્યા. એ રીતે માંસ ખાનારને દયા ન હોય. માટે માંસ ભક્ષણ ન કરવુ. માંસનાં ખાનાર નરકે જાય છે. એવું શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે, એ સોદામની કથા શ્રીનેમિ ચરિત્રમાં છે. હવે ત્રીજા પદનો અર્થ કહે છે. मज्जं पसत्तस्स जसस्स नासो ।। જે પ્રાણી મદિરાને વિષે આસક્ત હોય તે પ્રાણીનો યશ નાશ પામે છે. તે ઉપર રાજાના પુત્રની કથા કહે છે, સાકેતનગરના રાજાની મદનલત્તા રાણીને એક પુત્ર જન્મ્યો. અનુક્રમે મોટો થયો. રાજાને ઘણો વહાલો છે. તેને કર્મદોષે મદિરા પીવાની ટેવ પડી. રાજાની માતાને આક્રોશ વચન કહે. ગાળો, તર્જના,

તાડના કરવા લાગ્યો, તે વૃત્તાંત રાજાએ જાણ્યો. તેણે પુત્રને ઠપકો આપ્યો. ત્યારે મદિરાના પરવશથી રાજાને આક્રોશ કરવા લાગ્યો. તેથી રાજાએ કષાય કર્યો. રાજાએ વિચાર્યું. સુવર્ણની છરી હોય તો પેટમાં ન મરાય. તે માટે મારો પુત્ર છતાં માતાને આક્રોશ કરે. મને ન ગણે, મારે શું કામનાં? એમ વિચારી પુત્રની જીભ કપાવી. તેથી તેનો મદ ઉતરી ગયો, લોકમાં ઘણું લાજ્યો. નગરીમાં અપયશ પામ્યો. એક માસનું અનશન કરીને બ્રાહ્મણનો દીકરો થયો. ઈત્યાદિ વિશેષ અધિકાર સમરાદિત્ય ચરિત્રથી જાણવું. વળી સાંબકુમાર પ્રમુખે મદિરાથી કેટલું અનર્થ કર્યું! યતઃ॥ शैवशास्त्रेऽपि मूलं समस्तदोषाणां; मद्यं यस्मादिरितम् ॥ मद्यपानं कथं कार्यं नरेणाशुचि भक्षणम् ॥ इत्यादि दुहा अंब फलेपति राखके महुआ फले पत खोया, ताको रस मुखमां पडे, कयुं न हीन बुद्धि होय ॥ इत्यादि ॥

હવે ચોથા પદનો અર્થ કહે છે. वेसापसत्तस्स कुलस्स नासो ॥ જે પ્રાણી વેશ્યાને વિષે આસક્ત હોય તે પ્રાણી કુલનો નાશ કરે છે. એટલે કુલ વધે નહીં, તે ઉપર ઉભષિત કુમારનું દૃષ્ટાંત કહે છે.

વાણિજ્ય ગામ નગરને વિષે ઇશાન ખૂણે દ્યુતિપલાશ નામે ઉદ્યાન હતું. તેમાં સુધર્મ યક્ષનું મંદિર છે. ત્યાં મિત્ર નામે રાજા રાજ્ય કરે છે. તેને શ્રીનામે દેવી છે. તે નગરમાં કામધ્વજા નામે ગણિકા હતી. તે વેશ્યા બહોંતેર કલામાં નિપુણ હતી. ચોસઠ ગણિકા ગુણે સહિત, એકવીશ રતિ ગુણે કરી પ્રધાન, બત્રીશ લક્ષણા પુરુષને વશ કરતી, અઢાર દેશની ભાષામાં વિશારદ મહારૂપવંતી, હજારો ગમે ગણિકાનું અધિપતિપણું ભોગવે છે.

તે નગરને વિષે મહાઋષિવંત વિજયમિત્ર નામે સાર્થવાહ છે. તેને સુભદ્રા નામે ભાર્યા છે. તેને ઉભષિત નામે પુત્ર છે. એકદા ભગવાનશ્રી મહાવીર સ્વામિ સમોસર્યા. તેને વંદના કરવા રાજા નીકળ્યા. જઈને વંદના કર્યા. શ્રી ગૌતમસ્વામિ છટ્ઠ છટ્ઠનું પારણું કરતાં પારણાને દિવસે વાણિજ્ય ગામને વિષે ગોચરી પધાર્યા. રાજમાર્ગમાં આવ્યા.

ત્યાં ઘણા હાથી, ઘોડા, સુભટ સન્નિબદ્ધ થઈ. હાથમાં વિવિધ પ્રકારનાં હથીયાર લઈ તેની વૃંદમાં મધ્યમાં એક પુરુષ છે. તેને બંધને બાંધ્યો છે. કાન, નાક કાપ્યા છે. માથે મુંડન છે. ગળે કણેરની માળા છે. તિલની પેઠે તેનું જ માંસ ખવરાવાતો, સેંકડો કાંકરાથી મરાતો. અનેક નરનારીઓથી પરિવરેલો, રાજપુરુષ ઉદ્ઘોષણા કરે છે કે જે કોઇ ઉભષિત કુમારની જેમ અપરાધ કરશે તેને પોતાના કર્મ અપરાધી કરશે. તે વાત ગૌતમ સ્વામીએ સાંભળી. યથાપર્યાય આહાર લઇ પ્રભુ પાસે આવી કહેવા લાગ્યા. હે ભગવાન્ ! મેં નગરમાં પૂર્વોક્ત દીઠું તે પાછલે ભવે કોણ હતો? પ્રભુ બોલ્યા.

આજ જંબુદ્વીપમાં ભરતક્ષેત્રને વિષે હત્થિણાઉર નગર હતું. ત્યાં સુનંદ નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં એક ગોમંડળ હતું. ત્યાં ઘણા ગોરૂપ અનાથ હતા. સનાથ હોય ગાયો. બળદ, પાડા, વૃષભ, સર્વને ચારોપાણી સર્વ મળે. તેથી નિરુપસર્ગ સુખેથી રહે છે. તે નગરમાં ભીમ નામે કુટગ્રાહ વસે છે. તે ઘણો અધમી. તેને ઉત્પલા નામે સ્ત્રી. તે ગર્ભવતી થઈ. તેને દોહલો થયો. કે જે સ્ત્રીઓ. ગાયો, વૃષભ પ્રમુખનાં કાન, નાક, આંખો, જીભ, હોઠ, ગલ, કંબલ, ખાંધા, પ્રમુખનાં સોલા કરી. તળી, ભુંજી. સંસ્કારી, મદિરા પ્રમુખ સહિત આસ્વાદન કરું. તેને ધન્ય છે. એવો પદાર્થ હોય તો ભોજન કરું. એમ વિચારતી દિવસે દિવસે દુબલી થતી જાય છે. તે ભીમ કુટગ્રાહે જાણ્યું. ત્યારે ઉત્પલાને દુબળી થવાનું કારણ પૂછ્યું. તેણીએ વાત કરી. અને કહ્યું. તારો દોહલો પૂર્ણ કરીશ. તું દુબળી ન થઈશ. પછી એકદા ભીમ કુટગ્રાહ નિર્ભીક રાત્રિનાં સમયે હથિયાર લઈ ગોમંડળમાં ગયો. ત્યાં જઇને કોઇનાં કાન, નાક, આંખ, જીભ કાપીને લઈ આવ્યો. તેણે ઉત્પલાને આપ્યા. તેણે તેને તેજ રીતે વાપર્યા. દોહલો પૂર્ણ થયો. અનુક્રમે નવ માસ પૂર્ણ થયા. પુત્ર આવ્યો. મોટે અવાજે રડવા લાગ્યો. ઘણું વિરૂપ, તે છોકરાનો અવાજ સાંભળી આખી હત્થિણાઉર નગરની ગાયો, વાછરડા, બળદીયા, વિગેરે ત્રાસ

પામ્યા. ચારે તરફ નાસવા લાગ્યા. તેના માતાપિતાએ ગોત્રાસ એવું નામ પાડયું. અનુક્રમે મોટો થયો, એવામાં તેનો પિતા ભીમ મરણ પામ્યો. ત્યારે તેના મિત્ર જ્ઞાતિ સ્વજન પ્રમુખે આક્રંદ કરતાં મરણકાર્ય કર્યું. એકદા સુનંદ રાજાએ ગોત્રાસને કુટગ્રાહપણે આપ્યો. તે જે કોઈ રાજમાર્ગ ઉપર હીન આચરણ કરે તેને પકડે. દંડ કરે ત્યારે ગોત્રાસ નિરંતર અર્ધરાત્રિ સમયે સન્નિબદ્ધ થઇ આયુદ્ધ લઈ ગોમંડળ જઈને કોઇના નાક, કાન, આંખ, ગલકંબલ લઇને ઘરે લાવે. પછી સોલા પ્રમુખ કરી ભક્ષણ કરે. એમ ઘણા પાપકર્મ આચરી પાંચસે વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી આર્તધ્યાને મરીને બીજી નરકે ત્રણ સાગરોપમના આયુષ્યે ઉપજયો.

હવે અહિં વિજયમિત્ર સાર્થવાહની સુભદ્રા નામે સ્રીને બાળક આવ્યો. તે જીવતો રહેતો નથી. એવામાં ગોત્રાસ નરકથી નીકળીને સુભદ્રાની કુખે આવ્યો. માતાએ ઉકરડે નાંખી દીધો. વળી પાછો લઇ આવ્યો. અનુક્રમે મોટે થયો. બારમે દિવસે ઉકરડામાંથી લીધો. માટે ગુણનિષ્પન્ન નામ પાડયું. અનુક્રમે તે ખીરધાવ્ય, મજ્જાનધાવ્ય, મંડન ધાવ્ય, ખિલાવણધાવ્ય, અંકધાવ્ય એ પાંચે ધાવ્યથી ઉદ્દભાષિત મોટો થયો એવા અવસરે વિજયમિત્ર સાર્થવાહ ગરિમ, ઘડિમ, મેજઆ, પારિચ્છેદ્ય એ ચારે પ્રકારનાં ભાંડ લઇને લવણ સમુદ્રમાં જહાંજે ચઢયો. ત્યાં જહાંજ ભાંગ્યું. સર્વ ભાંડ ડુબ્યા. સાર્થવાહ અશરણ થઇ મરણ પામ્યો ત્યારે તેને મરેલો જાણી, ઘણા ઇશ્વર, તલવર, માંડલિકાદિક હતા તે બાહ્ય હસ્તગત કર્યા. સર્વ દ્રવ્ય લઇ લીધું. સુભદ્રા, સાર્થવાહનું મરણ જાણી શોક, સંતાપ કરતી, આર્તધ્યાન કરતો, વિલપતી, મિત્ર, સ્વજન, જ્ઞાતિજને મરણ કાર્ય કર્યું.

અન્યદા સુભદ્રા સાર્થવાહી સાથનો વિનાશ, જહાંજનો વિનાશ, ભર્તારનો વિનાશ ચિંતવતી કાલ કરી. તેને મરણ પામી જાણી કોટવાળે ઉદ્દભાષિતને ઘરમાંથી બહાર કાઢી મૂકયો. અને ઘર બીજાને આપ્યું. ઉદ્દભાષિત કુમાર વાણિજ્યગ્રામમાં જુગટુ રમે, વેશ્યાના ઘરમાં જાય,

સ્વછંદાચારી, મદ્યપાનસંગી, ચોરસંગી, દ્યુતસંગી, વેશ્યાસંગી, કામધ્વજા વેશ્યા સાથે વિષયસુખ ભોગવવા લાગ્યો. એવા અવસરે અહિં મિત્રરાજાની શ્રીદેવીને યોનિશૂલ પ્રગટ થઈ તે માટે રાજા સુખ ભોગવતો નથી. ત્યારે રાજાએ ઉદ્ભાષિતને કામધ્વજા ગણિકાના ઘરથી કાઢી મૂક્યો, અને પોતે કામધ્વજા ગણિકાને ગ્રહણ કરી.

હવે ઉદ્ભાષિત તે વેશ્યા ઉપર ગૃદ્ધ થયેલો, તેમાંજ તલ્લીન થયેલો હોવાથી મૂર્છિત થયો. તેને બીજુ કાંઇ ગમે નહિં. તે ગણિકાનો જ અવસર તાકતો ફરે. એકદા તે અવસર પામીને કામધ્વજા ગણિકાનાં ઘરમાં પેઠો. ગણિકા સાથે ભોગ ભોગવવા લાગ્યો. એવા સમયે મિત્રરાજા સ્નાન કરી, બલિકર્મ કરી, સર્વાલંકારે વિભૂષિત થઈ મનુષ્ય વૃંદે પરિવરેલો કામધ્વજા ગણિકાને ત્યાં આવ્યો. એ ઉદ્ભાષિતને ગણિકા સાથે ભોગ ભોગવતો જોયો. ત્યારે ક્રોધમાં આવી પકડાવીને રાજાએ યષ્ટિ, મુષ્ટિ, ઢીંચણ અને કોણીએ માર મરાવી મુવા સરખો કર્યો. પછી અવળા બંધને બાંધીને જેમને જોઇ આવ્યા. હે ગૌતમ એવી અવસ્થા થઇ. એમ ભગવાને કહ્યું. પછી ગૌતમસ્વામિએ પૂછ્યું. હે ભગવાન્ ! એ કાળ કરીને ક્યાં જશે ? પ્રભુ બોલ્યા. પચ્ચીશવર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને રત્નપ્રભા નારકીમાં જશે. ત્યાંથી નીકળી વાનર ટોળામાં જશે. યૌવનમાં તિર્યંચના સુખમાં ગૃદ્ધ થયેલો વાનર સાથે યુદ્ધ કરતાં આજ ભરતક્ષેત્રના ઈન્દ્રપુરનગરમાં ગણિકાના પુત્રપણે ઉપજશે. ત્યાં જન્મતાંજ માતાપિતા વર્દ્ધિત કર્મ કરી તેને નપુંસક કર્મ શિખવશે. પ્રિયસેન નામ પાડશે. નપુંસક યૌવનાવસ્થા પામ્યે છતે રુપલાવણ્યમાં ઉત્કૃષ્ટ પામશે. પ્રિયસેનકુમાર ઈંદ્રપુર નગરમાં લોકની સાથે વિદ્યા, પ્રયોગ, મંત્ર,ચૂર્ણ, વશીકરણ, મનુષ્ય સંબંધી ભોગ ભોગવશે. તેથી ઘણા પાપ ઉપાર્જન કરશે. એકવીશાસે વર્ષનું પરમ આયુષ્ય પાળીને રત્નપ્રભા નારકીમાં જશે. ત્યાંથી ચ્યવીને તિર્યંચમાં પછી નારકીમાં જશે. પછી જલચર, થલચર, ખેચર, ઉરપરિસર્પ, ભૂજપરિસર્પ, જેટલી જાતિ તેટલી કુલ કોડી છે. તેમાં એકેકમાં અનેકલાખવાર ઉપજશે. તેમજ

ચઉરિન્દ્રિય, તેઇંદ્રિય, બેઇંદ્રિયમાં એકેક જાતિમાં અનેકલાખ વાર ઉપજશે. એમ કડવી વનસ્પતિ, વાઉ, તેઉ, અપ, પૃથ્વીમાં અનેકવાર ઉપજશે. તે પાડાને ગોઠીલ પુરુષ મારશે. ત્યાંથી ચ્યવી એજ ચંપા-નગરીમાં શેઠને ત્યાં કુલપણે ઉપજશે. તે યાવનવય પામશે. ત્યારે સ્થવિરની પાસે સમક્તિ પામી ચારિત્ર લેશે. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, ઘણા વર્ષ સુધી ચારિત્ર પાળશે. આલોઇ, પડિક્કમિ, સમાધિમાં કાલ કરશે. સૌધર્મ દેવલોકે દેવતા થશે. ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રમાં ઉત્તમ કુલમાં ઉપજી ચારિત્ર લઇ કેવલજ્ઞાન પામી મોક્ષે જશે. ઉદ્ભાષિત કુમારની કથા શ્રી વિપાકસૂત્રનાં બીજા અધ્યયનમાં છે. માટે વિસ્તારનાં અર્થીએ ત્યાં જોવું. ને ઉદ્ભાષિત કુમારની વેશ્યા સંગી થયો. પુત્ર સંતતિ ન થઇ. અને કિંપાક ફળ પામ્યો. માટે વેશ્યાસંગ તજવો.

॥ इति श्रीसकलसभाभामिनीभालस्थलतिलकायमान पंडितश्री उत्तमविजयगणि शिष्य पंडितपद्मविजयगणी विरचित बालाववोधे गौतमकुलकप्रकरणे सप्तदशगाथायां चत्वार्युदाहरणानि ॥ (१७)

હવે અઢારમી ગાથા કહે છે. તેનો સંબંધ તો પૂર્વે મેળવ્યો છે.

हिंसापसत्तस्स सुधम्मनासो, चोरीपसत्तस्स सरीरनासो ॥
तहा परच्छीसु पसत्तयस्स, सव्वस्स नासो अहमा गईय ॥ (१८)

અર્થ :– हिंसापसत्तस्स सुधम्मनासो ॥ જે પ્રાણી જીવહિંસાને વિષે આસક્ત હોય તે પ્રાણીનાં ભલા ધર્મનો નાશ થાય છે. અહિં શિષ્ય ગુરુને પૂછે છે કે જ્યારે હિંસા કરતાં ધર્મનો નાશ પામે ત્યારે દાન, દેવપૂજા કરતાં ધર્મ કેમ થશે ? કારણકે તેમાં પણ હિંસા થાય છે. હવે ગુરુ મહારાજ ઉત્તર આપે છે કે હે શિષ્ય ! શ્રી સૂયગડાંગ સૂત્રમાં અર્થદંડનાં અધિકારે નાગને હેતે, ભૂતને હેતે, યક્ષને હેતે, જો પૂજા કરે તો હિંસા થાય. પણ જિનપૂજાના હેતે હિંસા નથી. એટલે પૂજા, યજ્ઞ, એ દયાનાં નામ શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં કહ્યા છે. તે માટેજ જ્ઞાતાધર્મ કથાંગ મધ્યે દ્રૌપદીએ તથા રાયપશ્રેણી મધ્યે, સૂર્યાભ દેવતાએ, શ્રી જીવાભિગમમધ્યે વિજય દેવતાએ પૂજા કરી એ કહી છે. તથા ण्हाया कयबलिकम्मा એવા ઠામ ઠામ

પાઠ છે. ત્યાં બલિ કર્મ કહેતા પૂજા કરીયે. શ્રી જ્ઞાતાસૂત્ર મધ્યે મલ્લી કન્યા પિતાને પગે લાગવા ગઇ ત્યાં છ રાજા ઓરડામાં આવ્યા ત્યાં આવો પાઠ છે.

तएणं से मल्लि विदेहरायवरकन्ना ण्हाया जाव पायच्छित्त सव्वालंकार विभूसिया बहुहिं खुज्जाहिं जावपरिखिता इति ॥ એ બે ઠામે સરખો પાઠ છે. તે માટે મલ્લિએ પોતાની પ્રતિમા ભરાવી. વળી યતિના પડિક્કમણા સૂત્ર મધ્યે. मंडी पाहुड़ियाए, बलि पाहुडियाए ॥ એવો પાઠ છે. નૈવેદ્યનું ધાન્ય લેવુ નહીં. કદાપિ અણજાણતાં વહોરી ખાધું. હોય તો મિચ્છામિ દુક્કડં દેવું. આવશ્યક નિર્યુક્તિમાં ગામમાં જે વેડેરો હોય તે દશ શેર ચોખાનો બલિ ઉછાળે ત્યારે તીર્થંકર મૂકે એમ કહ્યું છે. નામમાલામાં पूजार्हणासपर्यार्चा उपहार बली समौ ॥ એમ કહ્યું છે. તેથી નૈવેદ્ય જાણવું. તથા મહાનીશીથ સૂત્રમાં ધૂપ, દીપ, બલી પૂજા કહી છે. વળી વાસ્તુક શાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર વિષે દેવતાની પૂજા કરીને ભૂતને બલી દઈને પેસવા કહ્યું છે. यतः ॥ गृहप्रवेशं सुविनितवेष, सौम्यऽयने वासरपूर्वभागे ॥ कुर्याद्विधालयदेवतार्चां कल्याणयां भूतबलीं क्रियां ॥ એમ ભોજરાજાને વારે આઠસે વર્ષ પહેલા કાલિદાસે મેઘદૂત મધ્યે પણ નૈવેદ્ય કહ્યું છે. અને સૂત્રમાં તો ઠામ ઠામ બલિ તે પૂજા કહી છે. તે માટે પૂજામાં હિંસા નથી. તે હિંસા ઓળખવા માટે હિંસાના ત્રણ પ્રકાર કહે છે. એક હેતુહિંસા, બીજી સ્વરૂપહિંસા, ત્રીજી અનુબંધહિંસા, તે જેના કડવા વિપાક આવે તે. તેમાં અયતના અને અનુબંધ એ બે હિંસા ન જોઇયે. અને સ્વરૂપ-હિંસા થતી હોય તોપણ તેથી સિદ્ધિ વરે, જેમ સમુદ્રમાં પડતાં સિદ્ધિ થાય તેની પેઠે જાણવું. એટલા માટે જ હિંસા અહિંસા અનેક પ્રકારે અહિંસાષ્ટકમાં કહી છે. अविद्यायापि हि हिंसां, फलभाजनं भवत्येकः; कृत्वाप्यपरो हिंसां, हिंसाफलभाजनं न स्यात् ॥ કોઇક હિંસા ન કરે અને હિંસાના ફળ ભોગવે. તે તંદુલ મત્સ્ય તથા જમાલીની પેઠે જાણવા, કોઇક હિંસા કરે પણ હિંસાનું ફળ ભોગવે નહિં. જેમ ક્ષીણમોહી સંયોગી ઇત્યાદિ તે માટે પરમેશ્વરની આજ્ઞા સહિત દયા

પાલવી. તે આજ્ઞા તજીને હિંસા કરે તો ધર્મનો નાશ કરે. તેના ઉપર યમપાશની કથા કહે છે.

આજ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં વણારસી નગરીમાં દુમર્ષણ નામે રાજા હતો. તેને કમલશ્રી નામે રાણી છે. તે નગરીમાં યમપાશ નામે ચંડાલ વસે છે. પણ તે કર્મે ચંડાલ નથી. વળી તે નગરીમાં એક નલદામ નામે વાણીયો વસે છે. તેને સુમિત્રા નામે સ્ત્રી અને મમ્મણ નામે દીકરો છે.

એકદા કોઇ સોદાગર ઘોડા લાવ્યો. રાજા તેની પરીક્ષા માટે એક ઘોડા ઉપર ચઢયો. એવામાં કોઈ રાજાનો વૈરી દેવતાનાં ઘોડાના શરીરમાં પેસી રાજાને આકાશે લઈ ગયો. તેણે કોઇક વનમાં જઇ મૂકયો. ત્યાં રાજા ઘોડાથી હેઠો ઉતર્યો. એટલે ઘોડો મરી ગયો. એવામાં એક હરિણ રાજાને દેખીને જાતિસ્મરણ પામ્યો. તે હરિણ ભૂમિ ઉપર અક્ષર લખીને એમ કહેતો હતો કે હું તમારો દેવલ નામે ચાકર હતો. તે આર્તધ્યાને મરીને તિર્યંચ થયો છું. તેણે આગળ થઇને રાજાને પાણીનું સ્થાન દેખાડયું. રાજા પાણી પીને સ્વસ્થ થયો. એટલે પોતાનું સૈન્ય આવી પહોંચ્યું. રાજા કર્યા ગુણનો જાણ હોવાથી તે હરિણને નગરીમાં લઇ આવ્યો. રાજાએ નગરમાં સર્વ ઠામે ઉદ્‌ઘોષણા કરાવી કે કોઇયે પણ આ હરિણને મારવો નહિં, પછી નિર્ભયથી તે હરિણ નગરમાં સ્વેચ્છાએ ફરતો ફરે છે.

એકદા તે હરિણ ભમતો ભમતો મમ્મણના હાટે આવ્યો. કોઇ પાછલા ભવના વૈરથી મમ્મણને કોપ ચઢયો. તે બાપને કહેવા લાગ્યો કે એ મૃગ અપરાધી છે. માટે એને મારો. ત્યારે તેનો પિતા નલદામ બોલ્યો. વાણિયાના કુલમાં અપર જીવ મારવો ન ઘટે. અને એતો વળી રાજાનો ઇષ્ટ છે. માટે ન જ મરાય. તો પણ પિતા કાંઇક વ્યાક્ષેપમાં રહ્યો. એટલે મમ્મણે તે મૃગને મારી નાંખ્યો. તેને વેગલા રહેલા કોટવાળે અને યમપાશે દીઠો. તે વાત રાજાને કરી. રાજા બોલ્યો. એ વાતની સાક્ષી કોણ ? તે બોલ્યો એનો બાપ સાક્ષી ? રાજાએ તેના બાપને બોલાવી પૂછયું. તેણે સાચેસાચું કહ્યું કે મારા પુત્રે માર્યો.

રાજા તેને સત્યવાદી જાણીને પૂછ્યું. અને મમ્મણને મારવાનો હુકમ કર્યો. તેને મારવા યમપાશને સોંપ્યો. એટલે યમપાશ બોલ્યો. હે રાજન્! હું હિંસા નહિ કરૂં. રાજા બોલ્યો તું ચંડાલ થઇને હિંસા કેમ નહિં કરે? ત્યારે ચંડાલ બોલ્યો સાંભળો.

હસ્તિશીર્ષ નગરને વિષે દમદંત નામે વાણીયો હતો. તેણે અનંતનાથ તીર્થંકર પાસે ધર્મ સાંભળીને ચારિત્ર લીધું, તપસ્યા કરતાં અનેક લબ્ધિવંત થયા, તથા ગીતાર્થ થયા. તે દમદંતઋષિ વિહાર કરતાં આ નગરમાં પધાર્યા. સ્મશાનમાં કાઉસગ્ગ કરીને રહ્યા. એવામાં મારો પુત્ર અતિમુક્તક નામે તેને કોઈ વ્યંતરે ઉપસર્ગ કર્યો. ઘણા રોગ ઉપન્યા. તે સ્મશાનમાં ગયો. મુનિને નમસ્કાર કર્યો, એટલે મુનિની શક્તિએ નિરોગી થયો. તે પુત્રે ઘેર આવીને મને સર્વ વાત કરી. હું પણ કુટુંબ સહિત રોગી હતો. તે કુટુંબને લઈને મુનિ પાસે ગયો. અમે સહુ રોગથી મુક્ત થયા. હું ત્યારે શ્રાવક થયો. મેં જાવજીવ હિંસા ન કરવાના પચ્ચખ્ખાણ કર્યા. અને સાધુને વૈરાગ્યનું કારણ પૂછ્યું ત્યારે તે સાધુએ પોતાનું સર્વ વૃત્તાંત મને પ્રતિબોધવા માટે કહી સંભળાવ્યું. તેથી હું હિંસા કરતો નથી. તે સાંભળીને રાજા હર્ષ પામ્યો. અને સર્વ ચંડાલમાં તેને મોટો કર્યો. બીજે ચંડાલે મમ્મણને માર્યો. યમપાશ મરીને સ્વર્ગે ગયો: આ કથા શ્રી શાંતિનાથ ચરિત્રમાં છે.

અર્થ :–ચોરીપसत्तस्स सरीरनासो ॥ જે પ્રાણી ચોરીમાં આસક્ત હોય તે પ્રાણીનાં શરીરનો નાશ થાય છે. તે ઉપર હુંડીક ચોરની કથા કહે છે.

મથુરા નગરીને વિષે શત્રુમર્દન નામે રાજા રાજ્ય કરે છે. તે રાજા સજ્જન લોકોને પિતાની જેમ હીતકારી છે. અને દુર્જનને વિષે યમ સરખો છે. ત્યાં એક જિનદત્ત નામે શ્રેષ્ઠી શ્રાવકમાં વડેરો છે. તે કરુણા રસનો સમુદ્ર અને સત્વરૂપ રત્નનો સાગર છે. તે નગરમાં ક્યાંકથી એક હુંડીક નામે ચોર આવીને કોઈ ન જાણે એવી રીતે કરે છે. તે સર્વત્ર પ્રસિદ્ધ છે.

એકદા તે ચોરે કોઇ વ્યવહારિયાના ઘરમાં ખાતર પાડીને સુવર્ણ લીધું. એવામાં ઘરનાં લોક જાગ્યા. તેઓએ પોકાર કર્યો. એટલે કોટવાળે ચોરને પકડયો. પ્રાતઃકાલે સૂર્યનાં ઉદયે ચોરની વાત રાજાને કહી. રાજાએ કહ્યું. એ જગતનો શત્રુ છે માટે એને વિટંબના કરી મારો. ત્યારે કોટવાળે લીંબડાના પત્રની માળા કરી. કરેણની માળા તથા સરવલાની માળી કરી વધ્ય મંડને મંડિત કર્યો. જુના સડેલા સૂપડાનું છત્ર ધર્યું. ચોરેલુ ધન ગળે બાંધ્યું. ગધેડા ઉપર બેસાડયો. ઢંઢેરાનું વાજુ વાગતે ચઉતરે એમ કહેતા હતા કે રે લોકો સાંભળો. આ હુંડીક ચોરે ચોરી કરી છે. માટે એને મારવા લઇ જઇયે છીએ. માટે જે કોઇ ચોરી કરશે તે અન્યાય રાજા ખમશે નહિ તેથી કોઈ ચોરી કરશો નહિં. આમ બોલીને તેજ વેળા યષ્ટિમુષ્ટિ વડે તાડના કરતા હતા. ત્યાં નિર્દય લોકો બોલતા હતા કે જુવો પોતાના પાપનું ફળ કેવું પામ્યો છે. સજ્જન લોક કરુણા નજરથી જોતા હતા. બાંઠીયા લોક હાંસી કરતા. મુનિરાજ કર્મનાં ફળ વિચારતા કહે છે કે એવા પાપકર્મ ન કરવા. એ રીતે ચારે દુર્દાંત પરિવારે પરિવર્યો. કોઈ દિશા સૂઝે નહિ. એમ આડુઅવળુ જોતો વિટંબના પૂર્વક આખા નગરમાં ફેરવીને કોટવાળે વધ સ્થાનકે આણ્યો. પછી તેને શૂળીયે ચઢાવ્યો. ચર પુરુષ છાના જોવા રાખ્યા. જો એને કોઇ મદદ કરે તો તેનો નિગ્રહ કરવો. એવા સ્થાનને વિષે ચોરને તડકાનો તાપ લાગ્યો. લોહીની ધાર નીકળે. અત્યંત તરસ લાગી. તેવે વખતે જે કોઇ નજીક નિકળે તેની પાસે પાણી માંગવા લાગ્યો.

એવા અવસરે જિનદત્ત શ્રાવક તે માર્ગે આવ્યા. તે શેઠ પાસે પાણી માંગ્યું ત્યારે દયાવંત શેઠ બોલ્યા, તને હું પાણી પાઇશ. પાણી લેવા જઉં છું. માટે નવકાર મંત્ર સંભારે તો સ્વર્ગે જઈશ. તે સાંભળતા નવકાર મંત્ર સંભળાવવાનું કહ્યું. શેઠે નવકાર મંત્ર સંભળાવ્યો. તે વારંવાર સંભારવા લાગ્યો. જિનદત્ત શ્રાવક પાણી લઇને આવે એટલામાં ચોર મરણ પામ્યો. મરીને મહર્ધિક દેવ થયો.

એવા અવસરે ચર પુરુષે રાજાને જિનદત્ત શ્રાવકનો વૃત્તાંત કહ્યો. રાજાએ શેઠને મારવાનો હુકમ કર્યો. કોટવાળ પણ શેઠને શીઘ્ર ગર્દભે ચઢાવીને વિટંબના કરવા તૈયાર થયો. એવામાં તે યક્ષે અવધિજ્ઞાનથી જાણ્યું. અહો! મારા ઉપકારીની આ દશા? એમ વિચારી નગરને માથે માયાવી પર્વત રચ્યો. પછી સહુને કહેવા લાગ્યો. અરે! રાજા પ્રમુખ લોકો સાંભળો. હું આ પર્વતે સર્વને ચૂરીશ- કારણ કે આ શેઠ દયાળુ છે. જગતનો હિતચિંતક છે. તેને તમે આ રીતે વિટંબના કરો છો? એ મારો પ્રભુ છે. તે સાંભળી સંભ્રાંત થયો. પુરના લોકસહિત કુલથી એ દેવતાની પૂજા કરવા લાગ્યા કારણ કે મરણની બીક મોટી છે. પછી રાજા વિગેરેએ યક્ષરાજને વિનંતિ કરી કે હે સ્વામિન્! અમે અજ્ઞાનથી જે અપરાધ કર્યો તે ખમો. મોટા પુરુષને નમ્યા એટલે અપરાધ ખમ્યા એ નીતિ છે. ત્યારે યક્ષ બોલ્યો, તમે એ શ્રાવકના શરણે જાઓ, પૂર્વ દિશામાં મારું દહેરું કરો. તે સાંભળીને રાજા લોકોએ શેઠને હાથી ઉપર બેસાડી ઉત્સવ સહિત નગર પ્રવેશ કરાવ્યો. પૂર્વ દિશામાં યક્ષ મંદિર કરાવ્યું. તેમાં શૂલીએ ચઢાવેલો ચોર તથા તેની પાસે શ્રાવકની મૂર્તિ કરાવી. ઇતિ હુંડીક કથા. નવકારના પ્રભાવથી દેવતા થયો. પણ ચોરીથી તો શરીરનો નાશ પામ્યો. માટે ચોરી કરતાં શરીરનો નાશ થાય.

હવે ત્રીજા તથા ચોથા પદનો ભેગો અર્થ કહે છે.

तहा परच्छीसु पसत्तयस्स, सव्वस्स नासो अहमा गईय ॥ જે પ્રાણી પરસ્ત્રીને વિષે આસક્ત હોય તે પ્રાણીને સર્વ દ્રવ્ય તથા સર્વ ગુણનો નાશ થાય. અને અધમ ગતિ પામે. તે ઉપર રાવણનો અધિકાર પ્રસિદ્ધ છે. પણ અહિં પરસ્ત્રી સેવન કરવાથી દુઃખ પામ્યા તે ઉપર સુરપ્રિયકુમારનું દૃષ્ટાંત કહે છે.

મગધ દેશને વિષે રાજગૃહ નગરમાં પ્રભાસ નામે શ્રી વીરનાં અગીયારમા ગણધર તેના ભાઈ યજ્ઞપ્રિય નામે બ્રાહ્મણ શ્રાવક વસે છે તેને યજ્ઞજસા નામે સ્ત્રી છે. તેને સુરપ્રિય નામે પુત્ર છે. તે રૂપ

સૌભાગ્ય, શીલાદિક ગુણે કરીને દેવતાને પણ વલ્લભ છે. અન્યદા ધર્મરુચિ મુનિને પ્રભાસ ગણધરે કહ્યું. તમે રાજગૃહ નગરે જઈ યજ્ઞપ્રિય બ્રાહ્મણને બોધ કરો. તે સાંભળી અનુક્રમે ધર્મરુચિ અણગાર રાજગૃહે પધાર્યા. વિચરતા થકા યજ્ઞપ્રિયને ઘેર આવ્યા. યજ્ઞપ્રિયે પણ સજાગ થઈ ઉભા થઈ આસન આપ્યું. તે આસને મુનિ બેઠા. મુનિને યજ્ઞપ્રિયે પરિવાર સહિત વંદના કીધી, મુનિ પણ વીરપ્રભુના ગણધરે મારા મુખે કહેવડાવ્યું કે મનુષ્યભવાદિક સામગ્રી દુર્લભ પામીને ધર્મ-કાર્યમાં જરાપણ પ્રમાદ ન કરવો. બ્રાહ્મણે પણ વચન અંગીકાર કર્યું. વળી મુનિ બોલ્યા. તમારા વ્રતનો નિર્વાહ સુખે થાય છે ? વિપ્ર બોલ્યો. તમારા પસાયથી સુખે નિર્વાહ થાય છે. આગળ તો કોને ખબર શું થશે ? કારણ કે સુરપ્રિય સૌભાગ્યવંત અતિશયવંત છે. તેને પગલે પગલે સ્ત્રીઓ પ્રાર્થના કરે છે. તે માટે હે ભગવાન્ ! જો એ નિર્મલ શીનું ખંડન કરશે તો શરદના ચંદ્રમા સરખું અમારું કૂલ છે. તેમાં કલંક લાગશે તે સાંભળી મુનિ બોલ્યા. હે વિપ્ર ખેદ ન કરો, એ પુન્યાનુબંધી પુન્યવાળો છે. માટે તે અકાર્ય કેમ કરે ? તે સાંભળી વિપ્ર બોલ્યો. એણે પૂર્વે શું સુકૃત કર્યું છે ? તે કહો. ત્યારે મુનિ બોલ્યા. એ પાછલા ભવમાં વાણારસી નગરીનાં અરિમર્દન રાજાનો જયમાલિ નામે પુત્ર હતો. તે એકદા વસંતતિલક નામે ઉદ્યાને ક્રીડા કરવા ગયો. ત્યાં અશોક વૃક્ષ નીચે ચારણ મુનિને જોયા. તેને ભક્તિએ નમસ્કાર કર્યો, તેમના મુખ આગળ બેઠો. એવામાં અનંગકેતુ નામે વિદ્યાધર સ્ત્રી સહિત ત્યાં આવ્યો. તે મુનિને વંદના કરી બેઠો ત્યારે મુનિએ વિદ્યાધરને પૂછ્યું હે વિદ્યાધર ! એ રૂપવતી અબલા કોણ છે ? ત્યારે તે ચારણમુનિને નમીને લજ્જાએ માથુ નીચું કરીને બોલ્યો. એ તારાચંદ્ર નામે વિદ્યાધરનાં સ્વામિની પુત્રી છે. એનો ભર્તાર માતંગી સાથે રક્ત થયો. ત્યારે એ ભર્તાર ઉપર વિરક્ત થઈ એવું જાણીને મેં એને અંગીકાર કરી છે. મુનિ બોલ્યા ! હે ભદ્ર ! પરસ્રી ગમન કરે તે પુરુષને પોતાના કુલમાં કલંક છે. તથા વૈર અને અપ-

યશનું કારણ છે. તેમજ પરભવને વિષે નરકમાં ઘોર દુઃખ ભોગવે છે, પરમાધામી ત્રાંબાની પુતળી સાથે આલિંગન કરાવે. એવું મુનિ કહે છે તેવામાં અનંગકેતુને તર્જના કરતા એનો પતિ ઉઘાડે શસ્ત્રે આવ્યો. અનંગકેતુ પણ સામો લડવા તૈયાર થયો. અને કહેવા લાગ્યો. હે માતંગીના ધણી તું આજે કર્મથી મરેલો જાણજે. એમ આક્ષેપ કરતો યુદ્ધ કરવા લાગ્યો. તે બંનેજણ યુદ્ધમાં મરણ પામ્યા. તે સ્ત્રી પણ અપરપતિ જે અનંગકેતુ તેની સાથે બળી મરી. ત્યારે ચારણ મુનિ શોક કરવા લાગ્યા. તે દેખીને જયમાલિએ પૂછ્યું. તમે શોકવંત કેમ થયા છો ? મુનિ બોલ્યા. એ વિદ્યાધર સંસારીપણે મારો ભાઈ છે. તે નવકાર વિનાનો મરણ પામ્યો તેનુ દુઃખ થાય છે.

એવું સાંભળી, વંદના કરીને કહ્યું. હે ભગવંત ! મને પરસ્ત્રી ગમનનું વ્રત આપો. ત્યારે મુનિ બોલ્યા, પ્રથમ વ્રતનું સ્વરુપ કહું છું. પરસ્ત્રીના બે ભેદ છે, એક વૈક્રિય, બીજી ઔદારિક શરીર સંબંધી, તેમાં પણ ઔદારિકના બે ભેદ, એક મનુષ્ય સંબંધી, બીજી તિર્યંચ સંબંધી, તેમાં પણ મનુષ્યની, પણ બે ભેદ. એક પરણેલી સ્ત્રી, બીજી રાખેલી, એટલા ભેદમાં જે ભાંગે વ્રત તે ચોથું વ્રત છે. એ વ્રતના પાંચ અતિસાર છે. તે કહું છું, તેમાં પ્રથમ અગ્રહિતાગમન. બીજું ઇત્વર એટલે અલ્પકાળ સુધી બીજી સ્ત્રીને રાખે; એ બે અતિચાર સેવતા વ્રત ભાંગશે. એવું પોતે જાણતા છતાં સેવે તો વ્રત ભંગ થાય. તથા કદાચિત્ વિધવાગમન અથવા વેશ્યાગમન કરવા ગયો અને વ્રત સાંભર્યું કે મારે તો પરસ્ત્રીનું પચ્ચખ્ખાણ છે. અને છતાં મનમાં વિચારે કે એ મારી સ્ત્રી છે. એમ કહીને ગમન કરે તો પણ અતિચાર લાગે. તથા જાણીને ભોગવે તો વ્રત ભાંગે. ત્રીજો અનંગ ક્રીડા અતિચાર તે સ્ત્રીઆદિકને વલગન, ચુંબન આદિ કરે. તથા પારકા વિવાહાદિ મેળવે, સાટા કરે. એ પરવિવાહકરણ ચોથો અતિચાર લાગે. તથા તીવ્ર અનુરાગ રાખે. રાત્રિ દિવસ કંદર્પમાં ચિત્ત રાખે એ પાંચમો અતિચાર. એ પાંચે અતિચાર વર્જવા.

એ વ્રત પાળવાનું ફળ કહે છે. આ લોકને વિષે યશ, કીર્તિ, સૌભાગ્ય વધે, પરલોકે સ્વર્ગ તથા અપવર્ગનાં સુખ પામે, તથા જે પ્રાણી એ વ્રતને ગ્રહણ ન કરે અથવા ગ્રહણ કરીને ભાંગે તે પ્રાણી દુર્ભાગીયા થાય. નપુંસક થાય, અને દુર્ગતિ જાય. તે સાંભળી રાજકુમારે વિશેષ તત્ત્વ જાણીને મુનિ પાસે ચોથું વ્રત ગ્રહણ કર્યું.

તે ચારણ મુનિ આકાશે ગરુડની જેમ બીજા ગામે ઉડીને ગયા. રાજકુમાર પણ પોતાના આત્માને કૃતાર્થ માનતો ઘેર આવ્યો. તે કુમારને સૌભાગ્યાદિ ગુણે કરી અપરિગૃહિતા પરસ્ત્રીઓ ઘણી મળે. તો પણ તે કુમારે વ્રતમાં અતિચાર પણ ન લગાડયો. અને શીલ પણ ખંડિત ન કર્યું. એકદા રાજસભામાં બેઠા વર્ણાવર્ણની વાત નીકળી. તેમાં એમ કહેવાણું કે સર્વ વર્ણમાં ક્ષત્રિય વર્ણ તે સર્વની રક્ષા કરે છે. માટે ક્ષત્રિય વર્ણ પ્રધાન છે. તે સાંભળી જયમાલિને જાતિમદ ઉપન્યો. અનુક્રમે ત્યાંથી મરીને પહેલે દેવલોકે દેવતા થયો. ત્યાંથી ચ્યવીને તમારો પુત્ર થયો. એ રીતે પાછલે ભવે એણે ચોથું વ્રત અખંડ, પાળ્યું, તેથી એ સૌભાગી થયો. સુરુપી થયો. તથાપિ શીલ ખંડન નહીં કરે.

તે મુનિના વચન સાંભળીને સુરપ્રિય કુમારને જાતિસ્મરણજ્ઞાન થયું. ત્યારે પિતાને કહ્યું કે હે પિતા! મને આજ્ઞા આપો. કે હું ચારિત્ર અંગીકાર કરું. ત્યારે યજ્ઞપ્રિય બોલ્યો. હે વત્સ! થોડો કાળ ખમી જા. અવસર પામીને પ્રભાસ ગણધરજીની પાસે ચારિત્ર લેજે, તે સાંભળી ધર્મરૂચિ મુનિ પાસે તે યતિધર્મનો રાગી છે. પિતાના વચનથી સુરપ્રિયે શ્રાવકના વ્રત અંગીકાર કર્યા. મુનિએ પણ શિક્ષા આપીને વિહાર કર્યો. સુરપ્રિય પણ શુદ્ધ, બુદ્ધ શ્રાવકધર્મ પાળવા લાગ્યો.

એક સમય સુરપ્રિય ઉદ્યાનમાં કેલિના ઘરમાં સૂતા છે. એવામાં એક વ્યંતરી આવી. કુમારનું રૂપ જોઈને મોહ પામી. કુમારીનું રૂપ લઈને વિકારનાં વચનો બોલવા લાગી. કુમારે વિચાર્યું મનુષ્ય સ્ત્રી નથી. કારણ કે એને લાજ નથી. તથા એની આંખો મિંચાતી નથી.

એમ ચિંતવી પોતાના ઘેર આવ્યા. તે વ્યંતરી પોતાના પતિને કહેવા લાગી કે બ્રાહ્મણે મને ઘણી પ્રાર્થના કરી પણ મેં ના પાડી, પણ તે દુષ્ટથી ધૈર્ય લઈને નાઠી. તે સાંભળીને વ્યંતર કોપાયમાન થયેલો સંધ્યા સમયે તે કુમારને મારવા માટે આવ્યો. તે વખતે કુમાર પોતે વાસ ભવનમાં હતો. તે સ્ત્રીને પૂછવા લાગ્યો. આજ તું વનમાં કેમ આવી હતી ? સ્ત્રી બોલી, હે સ્વામિન્ ! એ શું બોલ્યા ? હું તો આવી જ નથી પણ મને વાત કરો. શું થયું છે ? ત્યારે કુમારે વ્યંતરીની વાત કરી. તે વ્યંતરે સાંભળી. વિચારવા લાગ્યો કે મારી સ્ત્રીનું દુષ્ટ, ચેષ્ટિત દુઃશીલ છે. એવી નારીને ધિક્કાર પડો. પછી તે વ્યંતરે સુરપ્રિયને કહ્યું કે હું તારા શીલે તુષ્ટમાન થયો છું. કાંઈક વર માંગ. કુમાર બોલ્યો. હું ધર્મ પામ્યો છું. માટે મારે બીજું પ્રયોજન નથી. ફરી વ્યંતર બોલ્યો, દેવ દર્શન ખાલી ન જાય માટે વર માંગ. ત્યારે કુમારે પૂછ્યું. મારું આયુષ્ય કેટલું છે ? વ્યંતર બોલ્યો, નજીક છે. એમ કહી કુમારની સ્તવના કરી. એની આગળ સોનૈયાની વૃષ્ટિ કરી. વ્યંતર અદૃશ્ય થયો. કુમારે પણ અરિહંતની પૂજા કરીને સંથારો કર્યો. એક માસની સંલેખના કરી, સહિત સમાધિ કરી મરણ પામીને બારમા અચ્યુત દેવલોકે દેવતા થયો. ઉત્કૃષ્ટ વ્રતના પ્રભાવથી ઉત્કૃષ્ટ શાશ્વત સુખ પામશે. એમ અનંગકેતુ વિદ્યાધરને પરસ્ત્રીથી સર્વ દ્રવ્ય નાશ પામ્યું. અને જીવથી નાશ પામ્યો. દુર્ગતિએ પહોંચ્યો. તે માટે પરસ્ત્રીનો ત્યાગ કરો. સુરપ્રિયની જેમ શીલને પાળો. એ કથા વૃંદારુ-વૃત્તિમાં છે. इति श्रीसकलसभाभामिनिभालस्थलतिलकायमानपंडित श्रीउत्तमविजयगणी शिष्य पंडित पद्मविजयगणी विरचिते बालावबोधे गौतमकुलकप्रकरणे अष्टादशगाथायाँ त्रीण्युदाहरणानि ॥ १८ ॥

હવે ઓગણીશમી ગાથા કહે છે. પૂર્વની ગાથમાં અંતે કહ્યુ કે જે પરસ્ત્રીમાં આસક્ત હોય તેનું સર્વ દ્રવ્ય નાશ પામે છે. અને અધમ ગતિમાં જાય. હવે અહિં ઉત્તમ ગતિ કેમ થાય ? તો કહે

છે કે દાન દેતા થાય. માટે દાન દેવું. અને જો શક્તિ ન હોય તો દુષ્કર વાત છે. એમ સમજવું.

दाणं दरिद्दस्स पहुस्स खंती, इच्छानिरोहो य सुहोइयस्स ।
तारुन्नए इन्दिय निग्गहो य, चत्तारि एयाणि सुदुक्कराणि ।।

અર્થ ;– चत्वारि एयाणि सुदुक्कराणि ।। એટલે આગળ જે ચાર વાના કહેશે. તે ઉત્તમ પુરુષોએ તજવા તે અતિ દુષ્કર જાણવા. તે ચાર વાના કયા કયા તે કહે છે. દાણં દરિદ્દસ્સ દરિદ્રને દાન દેવું તે દુષ્કર છે. એટલે પાસે દ્રવ્ય ન હોય તો કેમ દાન અપાય? તેમ છતાં દાન સદ્‌ગતિને આપે છે. તે ઉપર અમરસેન વયરસેનનું દૃષ્ટાંત કહે છે.

આ ભરતક્ષેત્રમાં ઋષભપુર નામે નગર. ત્યાં અભયંકર નામે શેઠ તે સુખી છે. એની આગળ લોક વૈશ્રમણને શ્રમણ સરખો માને છે. તેને કુશલમતિ નામે પત્ની છે. તેને ઘેર બે ચાકર છે. તે નોકર શેઠને પૂજા તથા મુનિદાન દેતા જોઈ વિચારવા લાગ્યા કે ધન્ય છે શેઠને. જે એ ધર્મ કરે છે. અમે અભાગિયા શું કરીએ? એમ કરતા ચોમાસાનો દિવસ આવ્યો, ત્યારે શેઠ બંને નોકરને દહેરે તેડી જાય. તેમને જિનપૂજા માટે ફૂલ આપ્યા પણ લીધા નહિં. અને કહેવા લાગ્યા કે જેના ફૂલથી પૂજા કરીએ તેની પૂજા થાય. અમારે તો કેવલ વેઠ છે. તેને શેઠે ઘણા સમજાવ્યા પણ સમજે નહિં. ત્યારે શેઠ ગુરુ પાસે તેડી લાવ્યા. ગુરુએ કહ્યું તમે ફૂલથી પૂજા પરમેશ્વરની કેમ કરતા નથી? તેઓ બોલ્યા. અમે પોતાના દ્રવ્યથી પૂજા કરવા ઇચ્છાએ છીએ. પણ અમારી પાસે પાંચ કોડી છે. પણ તે થોડી છે. માટે તેટલા ફૂલથી પૂજા કરવા મન વધતું નથી. ગુરુ બોલ્યા. જો શક્તિ ઓછી હોય તો પણ ફળ ઘણું આપે. ધર્મ માટે ભાવ પ્રધાન છે. તે સાંભળી તે પાંચ કોડીનું ફૂલ લઈને જિનપૂજા કરે. બીજાએ વિચાર્યું મારી પાસે તો કશુંજ નથી માટે હું શું કરૂં? એમ કરતાં એક જણને પચ્ચક્ખાણ કરતો જોયો, ત્યારે ગુરુને પૂછવા લાગ્યો. હે ભગવાન્! એમ કરતાં પણ ધર્મ થાય? મુનિ બોલ્યા. એમાં પણ ઘણો ધર્મ

થાય. તે સાંભળી તેણે ઉપવાસનું પચ્ચખ્ખાણ કર્યું. ઘરે ગયો. પછી વિચારવા લાગ્યો કે મારા હાથે કરેલી રસોઈ છે. મુનિને અન્ન આપું અને ઘણું ફળ પામું. એમ વિચારતાં એક મુનિરાજે ગ્લાન ગુરુના વૈયાવચ્ચ કરવાને કારણે ઉપવાસ નથી કર્યો તે વહોરવા પધાર્યા. તે મુનીને વધતા પરિણામે પોતાની પાંતીનું અન્ન સાધુને આપ્યું. તે અવસરે શુભ ફળ સહિત પરભવનું આયુષ્ય બાંધ્યું. એવા સમયે કલિંગ દેશનો સુરસેન રાજા તેનું રાજ્ય ગોત્રિયે પડાવી લીધું. તેને લીધે તે રાજા કુરુદેશે જઈને ગજપુર નગરનાં રાજાની સેવામાં રહ્યો છે. તે ગજપુરનાં ધણીએ તેને ચાર ગામ આપ્યા. તે ચાર ગામમાંના શાલિશીર્ષ ગામે રહ્યો. તેની વિજયા નામે રાણી. તેમાં જે મુનિને દાન આપ્યું હતું. તે દાન દેનારો પ્રથમ પુત્ર થયો. બીજો જિનપૂજા કરનારો ભાઈ લઘુપુત્ર પણે ઉપન્યો. અને બંને પુત્રપણે ઉપન્યા. મોટા પુત્રનું નામ અમરસેન, નાનાનું નામ વયરસેન. તેઓ પૂર્વે સુકૃતનાં કારણે રૂપ, લાવણ્યાદિ ગુણ સહિત થયા. કલાના કલાપ ભણ્યા. અનુક્રમે યૌવનાવસ્થા પામ્યા. વિવિધ પ્રકારની ક્રીડા કરતાં આડાઅવળા આડંબરથી ફરે તે દેખીને શોક્ય માતાઓ ક્રોધે ચઢી. સુરસેન આવ્યા ત્યારે તેણે રાણીને કોપઘરમાં બેઠેલી જોઈ કારણ પૂછયું. તે રાણી કહેવા લાગી કે તમે રાજકાજમાં છો. ત્યારથી ભોગની ઇચ્છા તમારા પુત્રો કરે છે. તે જાણીને રાજાને ક્રોધ ચઢયો. ચંડાલને બે પુત્રોને મારી નાંખવા માટે આદેશ કર્યો. અને કહ્યું. સીમમાં ક્રીડા કરતા પુત્રોનાં મસ્તક છેદીને લાવો. તે સાંભળી ચંડાલે વિચાર્યું રાજાને વ્યંતર વળગ્યો કે શું થયું ? સારું થયું કે મને આજ્ઞા કરી. નહિંતર અનર્થ થઇ જાત.

રાજાનો આદેશ લઈને ચંડાલ પુત્રો પાસે ગયો. અને વાત કરી. પુત્રો વિચાર કરવા લાગ્યા કે અપરાધ વિના કેમ આવો આદેશ આપ્યો ? ચંડાલે કહ્યું. તમે દૂર દેશાંતર ચાલ્યા જાવ પુત્રો ગયા. ચંડાળે ચિતારા પાસે બંનેનું મસ્તક ચિતરાવ્યું. અને દૂરથી બતાવી દીધું. રાજાએ કહ્યું. કોઇ ન જુવે એવા સ્થાનમાં રાખજો. ચંડાલે તેમ કર્યું.

તે જોઈને શોકને હર્ષ થયો. હવે કુમારને આગળ જતાં અટવીમાં એક સરોવર આવ્યું. ત્યાં સૂર્ય આથમ્યો, હાથપગ ધોઇને આંબાનાં વૃક્ષની નીચે પાંદડાનો સંથારો કરી સૂતા. વયરસેને મોટા ભાઇને પૂછયું. પિતાને રોષ ચઢાવાનું શું કારણ હશે? મોટો ભાઇ બોલ્યો. મને કાંઇ ખબર નથી. પણ ઈર્ષાથી શોક માતા રુઠી લાગે છે. સ્રીના પ્રેર્યા શઆંધ પુરુષ શું શું નથી કરતા? અથવા તો એ માતા ઉપકારી થઇ. જેથી દેશદેશાંતર જોવા મળશે. દેવદર્શન થશે. એમ વાત કરીને મોટો ભાઈ સૂઈ ગયો. નાનો ભાઈ બેઠો. એવા અવસરે આંબા ઉપર એક સૂડો સૂડી રહે છે. તેમાં સૂડો સૂડીને કહે છે. આપણા વૃક્ષ નીચે બે પુરુષ આવ્યા છે તે પ્રાહુણાગતી કરવા યોગ્ય છે. પણ આપણી પાસે કંઇ નથી. શું કરીયે? સૂડી બોલી. તમને યાદ નથી. આપણે સુકુટ પર્વતે ગયા હતા. ત્યારે વિદ્યાધરે મંત્રીને બે આંબા વાવ્યા હતા. તે વખતે વિદ્યાધરોએ પરસ્પર કહ્યું હતું કે એક આંબાનું લઘુ ફળ ખાધા પછી તેનું ફળ ગળે અને જયાં સુધી પેટમાં રહે ત્યાં સુધી નિરંતર સૂર્યઉદયે પાંચસો દ્રવ્ય મુખમાંથી નીકળે. બીજું મોટું આંબાનું ફળ ખાય તેને સાતમે દિવસે રાજ્ય મળે. તે માટે એ ફળ લાવીને બંનેને એકેક આપીયે. પછી તે શુકયુગલે ફળ લાવી આપ્યા. વયરસેને એ બે ફળ પડેલા જોયા. તે લઇને છેડે બાંધ્યા. અને વિચારવા લાગ્યો કે શું એ વાત સાચી હશે? અથવા વિદ્યામંત્રનો પ્રભાવ અચિંત્ય છે. માટે કાંઇ કહી શકાય નહિ.

હવે મોટો ભાઈ જાગ્યો, પછી નાનો ભાઈ સૂતો. પ્રભાતે બંને આગળ ચાલ્યા. મોટું ફળ મોટા ભાઇને આપ્યું. અને લઘુ ફળ પોતે લીધું. પછી તેઓ સરોવર જઇને મુખશુદ્ધિ કરીને પાંચસો સોનામહોર હેઠા પડયા. તે લઇને મોટા ભાઈ સાથે જઇને વસ્ત્ર, આભૂષણ, વિગેરે લઈ આવ્યા, મોટા ભાઇએ પૂછયું. તારી પાસે દ્રવ્ય કયાંથી? લઘુભાઈ બોલ્યો, આપણા પિતાને દાણનું દ્રવ્ય આવતું તે મેં ભંડારમાં ન મૂકતા મારી પાસે રાખ્યું છે. એમ વાત કરતા કાંચનપુર નગરમાં પહોંચ્યા.

અમરસેન આંબા તળે સૂતો. નાનો ભાઈ ગામમાં સામગ્રી લેવા ગયો, એવા સમયે ત્યાં અપુત્રિયો રાજા મરણ પામ્યો. પાંચ દિવ્ય પ્રગટ કર્યાં છે. જ્યાં અમરસેન સૂતો છે. ત્યાં આવ્યા. તેને હસ્તિએ પોતે ખંધે બેસાડયો. મસ્તકે છત્ર ધર્યું. ચામર વિંઝવા લાગ્યા. નગરમાં લઈ ચાલ્યા. વયરસેને સર્વ વૃત્તાંત જાણ્યો, અને વિચારવા લાગ્યો કે પારકાના મોઢા સામું જોવું સારુ નથી. એમ ચિંતવીને મગધા ગણિકાને ઘેર ગયો. વિવિધ ક્રીડા કરતાં દિવસો કાઢે છે. રાજાએ નાના ભાઈની શોધ કરાવી પણ મળ્યો નહિં. ત્યારે ચિંતાતુર થઈ રાજ્ય કરે છે.

હવે એક વખત કુટિણીએ મગધાને કહ્યું કે તું એને પૂછ તો ખરી કે દ્રવ્ય કયાંથી લાવે છે ? કારણ કે વેપાર તો કરતો નથી. વેશ્યાએ પૂછયું. નાના ભાઈએ સરલ સ્વભાવથી બધી વાત કરી. ત્યાર પછી કુટિણીએ કોઈ દ્રવ્ય સંયોગે તેના પેટમાંથી વમન કરાવીને તે આમ્રફલ પોતાના થાળમાં લઇ લીધું અને વયરસેનને કાઢી મૂકયો. તે પણ ચિંતાતુર થઈ ભમતો ભમતો દેવકુલમાં આવ્યો. ત્યાં ચાર ચોર ચોરી કરી ત્રણ વસ્તુ લાવ્યા છે. તે વહેંચવા પોતે કલેશ કરવા લાગ્યા. તે જાણી કુમારે તસ્કરને સંજ્ઞા કરી. ત્યારે ચોરે જાણ્યું. આ ચોર દેખાય છે. એમ જાણી એને ભેગો રાખ્યો. તેઓએ પોતાની વાત સંભળાવી એક કંથા, બીજી લકુટ, ત્રીજી પાવડી. એ ત્રણ વસ્તુ લાવ્યા છે. કુમારે કહ્યું. એનાથી શું થાય ? ચોર બોલ્યા, કે એક સિદ્ધ પુરુષે છ માસ શ્મશાનમાં વિદ્યાદેવી આરાધી . તે વિદ્યાદેવીએ તુષ્ટમાન થઈ એ ત્રણ વસ્તુ આપી છે. એનું ફળ આ રીતે છે. એક તો નિરંતર કંથા ઝાટકીએ તો પાંચસો રત્ન પડે. બીજી લાકડી જો મસ્તક ઉપર ભમાડીએ તો પ્રહાર ન લાગે. ત્રીજી પાવડી, પગમાં પહેરીયે તો આકાશમાર્ગે ઇચ્છિત સ્થાને જવાય. એવા ફળ દેવતાએ કહ્યા. ત્યારે અમે છ માસ એ સિદ્ધપુરુષની પાછળ પડયા. પછી એને મારી અમે ત્રણ વસ્તુ લાવ્યા છીયે. હવે એ વસ્તુ ત્રણ છે, અમે ચાર છીયે. માટે વહેંચી શકતા નથી. કુમારે કહ્યું. તમે શા માટે યુદ્ધ કરો છો ? હું તમારો

વિવાદ ટાળી આપું, મને એકવાર વસ્તુ પરીક્ષા કરવા આપો. એમ કહીને હાથમાં લાકડી લીધી. અંગમાં કંથા પહેરી, પગમાં પાવડી નાંખી આકાશે ચાલ્યો. તે નગરને બીજે પાસે આવીને રહ્યો. તે જોઈ ચોર વિલખા થયા. પોતાના ઘરે ગયા. કુમારે કંથા ઝાટકી, તેમાંથી પાંચસો રત્ન પડયા. ગ્રહણ કર્યા, વેષ પહેરીને નગરીને આવ્યો. ત્યાં હંમેશા જુગાર રમે અને ભોગવિલાસ કરે છે.

તેને કોઈક સ્થાને કુટિણીએ દીઠો. તેણે ઘેર જઈ મગધાને બધી વાત કરી અને મગધાને શ્વેત વસ્ત્ર પહેરાવી, વેણી બંધ રચી કુમાર પાસે જઈ તેડી લાવવા કહ્યું. કુમાર પાસે ગઇ અને માગધી રડવા મંડી. અને કહ્યું, કુટિણીએ કે મેં પાપિણીએ તને કાઢી મૂકયો. પછી પસ્તાવો કરવા માંડી. ઇત્યાદિ કુડવચન બોલતી, કુમારે વિચાર્યું. રંડા કુડ, કપટ કરવા માંડી, પણ જ્યારે થશે ત્યારે જોઇ લેવાશે. પછી કુમારને ઘરે તેડી ગઇ. થોડા દિવસ પછી કુટિણીએ કુમારને દ્રવ્યની ઉત્પત્તિનું કારણ પૂછયું. ત્યારે કુમાર બોલ્યો, હે માતા ! આ પાવડી પહેરી પરદેશ જઉં છું. ત્યાંથી દ્રવ્ય લઇ આવું છું. ત્યારે તે બોલી. તારા વિરહમાં મેં માન્યું હતું કે સમુદ્રની મધ્યમાં દેવલમાં કામદેવની પ્રતિમા છે. તેની હું પૂજા કરીશ. આટલા મનોરથ મારા પૂર્ણ કરો. કુમારે પણ તેને ઉપાડી સમુદ્ર મધ્યે કામદેવને દહેરે મૂકી.

હવે કુમાર પાદુકા મૂકીને કામદેવનાં દર્શન કરવા ગયો. ત્યાં કુટિણી એ પાદુકા પહેરીને પોતાના ઘરે ગઇ. કુમારે વિચાર્યું, રે રંડાએ પ્રપંચથી મને ઠગ્યો. એમ ચિંતાથી ત્યાં રહ્યો. એવામાં એક વિદ્યાધર ત્યાં આવ્યો. તેણે કુમારને પૂછયું. ચિંતાતુર કેમ દેખાવ છો ? કુમારે સર્વ વૃત્તાંત કહ્યો. વિદ્યાધર બોલ્યો. તું ખેદ ન કર, મારું મોટું કામ છે. તે કામ કરીને આવીશ ત્યાં સુધી પખવાડીયું કામદેવની પૂજા કર. પછી તને સ્થાને મૂકીશ પણ દેવલને દ્વારદેશે બે વૃક્ષ છે. તેની પાસે તું જતો નહિં, કુમારે વચન અંગીકાર કર્યું. વિદ્યાધર પણ પંદર

દિવસ સુધી ખાય એટલા લાડવા આપી ગયો. એક દિવસ કુમારે કૌતુકે કરી એક વૃક્ષનું ફૂલ સુંઘ્યું. એટલે ગર્દભ થઈ ગયો.

હવે પંદર દિવસને અંતે વિદ્યાધર આવ્યો. તેણે ગધેડારૂપે કુમારને જોયો. ત્યારે બીજા વૃક્ષનું ફુલ સુંઘાડયું. તેથી પાછો મનુષ્ય થયો, વિદ્યાધરે ઓલંભો દીધો. કુમારે પણ પોતાનો દોષ કહ્યો. કુમારે વિદ્યાધરને પૂછયું. આ આશ્ચર્ય શું ? વિદ્યાધર બોલ્યો. એ બે વૃક્ષ ખર અને મનુષ્ય કરીને વાવ્યા છે. તેનો એ પ્રભાવ છે. પછી કામદેવની પૂજા કરવા લાગ્યો. એટલે કુમારે બંને વૃક્ષના ફુલ લીધા. જુદી જુદી ગાંઠે બાંધ્યાં. વિદ્યાધરે કુમારને કાંચનપુર નગરમાં મૂકયો. ત્યાં નિરંતર વિલાસ કરે છે. વળી એકદા અક્કાએ એને જોયો. દેખીને વિસ્મય પામી. ઘેર જઈ મગધાને વાત કરી. મગધાએ તેને વારી, જવા દે. હવે ઠગવાનું કામ ન કર. તોપણ તે કપટે કરી, ઢીંચણે, કોણીએ, પાટા બાંધી કુમાર પાસે ગઇ. કુમારને પણ અમર્ષ ઉપન્યો, તથા પણ ઇંગિત આકાર ગોપવીને બોલ્યો, હે માતા ! આ શું ? તે પણ રોતી બોલી. હે કુમાર, ! તું કામદેવના દહેરે ગયો. ત્યારે એક દેવતા તારી પાદુકા લઇ જવા માંડયો ત્યારે તેને હું વળગીને આકાશે ઉડવા લાગી. પણ તેણે મને ફેંકી દીધી, પણ પુન્યયોગે નગરમાં પડી. પણ પડતા મારા હાથ-પગ ભાંગ્યા. કુમાર બોલ્યો હે માતા ! ધૂલ પડી. પાવડી ગઇ તો ભલે ગઇ તેનું કાંઈ દુઃખ નથી. પણ તમને જોયા. જેથી આનંદ

પછી અક્કા કુમારને તેડીને ઘરે લાવી. વળી લોભવંતી કુમારને પૂછયું. તમે અહિં કેમ આવ્યા ? અને આવા વિલાસ કેવી રીતે કરો છો ? કુમાર બોલ્યો. મેં કામદેવને આરાધ્યો. તે મને પ્રત્યક્ષ જોયો. તેણે મને ઘણું દ્રવ્ય આપી કાઢી મૂકયો. વળી અકકાએ પૂછયું. બીજુ કંઈ કામદેવે આપ્યું. કુમાર બોલ્યો. ઔષધી આપી છે. તે એવી છે કે ઘરડા હોય તે જુવાન થાય. ત્યારે અકકા હર્ષ પામીને કહેવા લાગી. હે કુમાર ! તે ઔષધી મને આપો. કુમાર બોલ્યો હે માતા ! તમારા માટે લાવ્યો છું. એમ કહીને કુમારે હાથમાં લાકડી લઈ અક્કાને

કુલ સુંઘાડયું. એટલે એ ગર્દભી થઈ તે ગર્દભીને ચપેટો દઇને પુંછ પકડીને ઉપર ચઢી બેઠો. લાકડીથી મારતો નગર મધ્યે નીકળ્યો. મગધા હર્ષ પામી. કુમારે યોગ્ય કર્યું. અને લોભનું ફળ દેખાડયું. બીજા લોકો ભેગા થયા. કોટવાળ આવ્યો. તેણે નગરને પરિસરે કુટિણીને મારતો કુમાર દીઠો. કોટવાળે હાંકી કાઢયો. કુમારે ક્રોધ કરીને કહ્યું. મને ગમશે તેમ કરીશ. પછી કુમારને ખડ્ગથી પ્રહાર કરવા લાગ્યો. એ વાત સાંભળીને રાજા આવ્યો. તેણે ભાઇને તરત ઓળખ્યો. ત્યારે રાજા હાથીથી નીચે ઉતરી ભાઈને આલિંગન કર્યું. કુમાર કહે. ભાઈ તું મને મૂક. રાજા કહે. એવડું શું છે ? વાત કહો, ત્યારે કુમારે બધી વાત કરી. રાજાને ક્રોધ ચઢયો. ગર્દભીને થાંભલે બાંધી કુમારને હાથી ઉપર નગર પ્રવેશ કરાવ્યો. કુટિણીની આવી અવસ્થા દેખીને લોકો બોલવા લાગ્યા કે યતઃ ॥ अतिलोभो न कर्तव्यो, लोभं नैव परित्यजेत् ॥ अतिलोभिभूता हि, कुट्टिनि गर्दभिकृतिः ॥ રાજાએ ઘણો આગ્રહ કરી ફુલ સુંઘાડી મનુષિણી કરી. પાવડી લઇ લીધી. વયરસેનયુવરાજ થયા. ભલા ભોગ ભોગવતા હતા. પિતાને તેડાવીને કહ્યું. અમે તમારા પસાયે રાજ્ય પામ્યા છીયે. શોકયમાતાને સ્થિર કરી. એક વખત બંને ભાઇ ગોખમાં બેઠા જુવે છે. એવામાં ઈર્યાસમિતિથી ચાલતા. તપસ્યાવંત મુનિયુગલને જોયા. તેને જોઇ જાતિસ્મરણ થયું, તેઓએ જઇને મુનિને વંદન કર્યું. એક મુનિએ અવધિજ્ઞાને જાણી પૂર્વભવ કહ્યો. અને કહ્યું. થોડું પુણ્ય કર્યું હતું. તેનું ફળ પામ્યા. જિનપૂજા, મુનિદાનથી પુન્ય ઉપાર્જન કર્યું. એવું દાન, પૂજા દુષ્કર છે. ફરી બંનેભાઇઓ ધર્મમાં ઉદ્યમવંત થયા. અનુક્રમે સુગતિ પામ્યા. શ્રી સુમતિનાથ ચરિત્રમાં વરસેનની કથા. तथा बीजो पहुस्स खंती ॥ પ્રભુપણામાં, ઠકુરાઇપણામાં ક્ષમા કરવી દુર્લભ છે. તે ઉપર સહસ્રમલની કથા કહે છે.

આ જંબુદ્વિપના ભરતક્ષેત્રે શંખપુર નામે નગર છે. લક્ષ્મીએ વિચાર્યું કે મારા ભાઈના નામે એ નગર છે. માટે મારા કરવા યોગ્ય છે. એવું જાણીને ક્ષીર સમુદ્રની પુત્રીએ ત્યાં વાસ કર્યો. ત્યાં કનકરથ નામે

રાજા છે. બીજા રાજાઓ એની સેવા કરે છે. એક દિવસ રાજા સભામાં બેઠો છે. એવામાં એની સેવા કરવા વયર સેન આવ્યા છે. તેને વૃત્તિમાં રાજાએ સો ગામ આપવા માંડયા. પણ તેણે ન લીધા. એમજ સેવા કરવા લાગ્યો. હવે કાલસેન નામે કોઈ મંડલનો સ્વામિ ક્રમેક્રમે આવીને કનકરથ રાજાને લૂંટી જાય છે. તે જાણી રાજાએ પોતાની સભામાં નજર કરી કહ્યું. કે કોઇ કાલસેનને જીતી શકે એમ છે ? તે સાંભળી બધા નીચું મુખ કરીને બેસી રહ્યા. ત્યારે વયરસેન બોલ્યો. સ્વામિ ? હું પકડી લાવીશ. બીજાને શા માટે કહો છો ? રાજાએ તેને આજ્ઞા કરી. વીરસેન પણ સભામાંથી ઉઠી પોતાની સીમ ઓળંગતો આગળ પહોંચ્યો. એટલે કાલસેને વિચાર્યું. કે એકલો શું કરશે ? એમ અવજ્ઞાએ સામો આવ્યો, બાણ ખેંચી ખેંચીને મૂકવા માંડયો, વીરસેન પણ ઢાળને આડી કરી બાણને ઝીલવા લાગ્યો. તલવારથી કોઇકના માથા, ભૂજા, મસ્તક છેદવા લાગ્યો. કોઇક એના શરણે ગયા. અનુક્રમે કાલસેનને બાંધીને કનકરથ પાસે લાવ્યો. ત્યારે રાજા બોલ્યો. અહો ! સહસ્રમલ પુરુષનો મહિમા કેવો છે ? એમ સ્તવના કરવા લાગ્યો. રાજા કર્યા ગુણનો જાણ છે. તેથી એને મોટા નગરના સામંત પણે સ્થાપ્યો. તથા સહસ્ત્રમલ નામ પાડયું. કાલસેનને પણ પોતાની આજ્ઞા મનાવી પાછો સ્થાને મોકલ્યો. એવા અવસરે વિહાર કરતાં ભવ્યજીવોને ઉપદેશ દેતા, સુદર્શન નામે આચાર્ય પધાર્યા. સહસ્ત્રમલ વંદના કરવા ગયો. ગુરુએ દેશના આપી. જેમ બાહ્યશત્રુ જીતવાનો પ્રયત્ન કર્યો, તેમ હવે અંતરશત્રુ જીતવાનો ઉદ્યમ કરો. કે જેથી તમને શાશ્વતી રાજ્યની લક્ષ્મી મળે. તે સાંભળી સહસ્ત્રમલે વિનંતિ કરી કે હે નાથ ! હું બાહ્યશત્રુ તો જાણું છું પણ આંતર શત્રુને જાણતો નથી. તે કહો. ગુરુ બોલ્યા હે વત્સ ! આંતર શત્રુ કર્મ છે. તેને જીતવા દોહ્યલા છે તે પ્રવ્રજ્યા સેના તથા ક્ષમારૂપ જે હાથમાં લે તે મોક્ષપુરીના સુખને પામે. તે સાંભળી સહસ્રમલે રાજ્ય છોડી દીક્ષા લીધી. તે ગીતાર્થ થયા. ક્રમે કરી ઉત્સર્ગ માર્ગ તથા જિનકલ્પ અંગીકાર કર્યા. તે વિહાર કરતાં કાલસેનના નગરીમા પધાર્યા. ત્યાં પર્વતની જેમ સ્થિર કાઉસગ્ગ ધ્યાને

રહ્યા. ત્યારે કાલસેન રથવાડીયે ફરવા નીકળ્યો. સહસ્રમલમુનિને જોયા. વિચાર્યું એ દુષ્ટે મને જીતી લીધેલો. અને કપટભાવે હવે મુનિ થઇને મને પકડવા આવ્યો છે. તે માટે આજે એને મારૂં. એમ વિચારીને તે દુરાત્મા અનેક પ્રકારના ઉપાય મારવા માટે કરવા લાગ્યો. ત્યારે સહસ્રમલ મુનિ વિચારવા લાગ્યા કે હે આત્મા ! એ અપ્રીતિકારી પણ પરલોકે સાર્થવાહની જેમ તમે મળ્યો છે. માટે કોપ ન કરીશ. સમતાને જ રાખજે. પોતાના કર્યા કર્મનો ઉદય આવ્યો છે. તેમાં એનો વાંક નથી એ પીડા તારે સહેવાની છે. જે પુરુષ સમર્થ છતાં પણ સહન કરે તે મહાપુન્યભાગી થાય. એવા શુભધ્યાને તત્પર થયા. પછી મુનિ સમાધિમાં કાળ કરીને સર્વાર્થ સિદ્ધ વિમાને દેવતા થયા. ત્યાંથી મનુષ્ય અવતાર પામીને મોક્ષે જશે. प्रश्नोत्तररत्नमालायाम् ॥

હવે બીજા પદનો અર્થ કહે છે. इच्छानिरिहो य सुहोइयस्स ॥ જે પ્રાણી સુખોચિત હોય, તેણે ઈચ્છા રોધ કરવો. તે ધર્મરાજાના પૂર્વ ભવની પેઠે મહાદુર્લભ છે તેની કથા કહે છે. કમલપુર નગરને વિષે કમલસેન રાજા રાજ્ય કરે છે. તેની પાસે એક દિવસ નિમિત્તિયો આવ્યો. તેણે કહ્યું, કે હે રાજન્ ! બાર વર્ષી દુકાળ પડશે. તે સાંભળીને રાજા ચિંતા કરવા લાગ્યા. એવા અવસરે અસાઢ સુદી નવમીને દિવસે માખીની ટાંક જેટલું વાદળુ થયું. તે ક્ષણમાં વધવા લાગ્યું. વધતાં વધતાં વરસવા લાગ્યું. વરસતા સર્વે જલ થલ એક થયું. અનુક્રમે ખેતીવાડીથી ઘણું ધાન્ય નિપન્યું. લોકોનાં દુઃખ અને દુકાળ સર્વ વિસરાલ થયા. તે વખતે બધા નિમિત્તયાની હાંસી કરવા લાગ્યા.

અન્યદા ત્યાં ચાર જ્ઞાનના ધણી શ્રી જુગંધર નામે આચાર્ય પધાર્યા. રાજા, પ્રમુખ, લોક વંદન કરવા ગયા. જઇને ગુરુને વંદના કરી, અવસર પામીને રાજાએ ગુરુને પૂછ્યું. હે ભગવાન્ ! નિમિત્તિયાનું વચન કેમ ન ફળ્યું ? ગુરુ બોલ્યા, ગ્રહાચાર યોગે કરીને બારવર્ષી દુકાળ પડયો પણ શું થયું ? પણ કોઇ પુન્યવંત જીવ તારા નગરમાં ઉપન્યો. તેના પુન્યે દુકાળ દૂર પડયો. તે સાંભળીને રાજા બોલ્યો. હે સ્વામિન્ ! તે કોણ ? ત્યારે ગુરુ બોલ્યા, સાંભળ તેનું સ્વરૂપ.

પુરિમતાલ નગરમાં પ્રવર નામે કોઈ કુલપુત્ર હતો. પણ તેનું કુળ ઉચ્છિન્ન થયું છે. દરિદ્રતાથી ફરે છે. વળી અવિરતિનો ધણી છે. કોઇ વાતનો નિયમ કર્યો નથી. સર્વભક્ષી હોવાથી જે હાથમાં આવે તે ખાય. એમ કરતાં, ખાધાનો ધડો રહ્યો નહિં. તેથી તેને અજીર્ણ થયું. કોઢ રોગ થયો. કોઢીયાને જોઇને લોકો ધિક્કારે છે. એટલે નગરની બહાર નિકળ્યો. ફરતાં તેણે કોઇ જગ્યાએ મુનિને જોયા. ત્યારે પૂછવા લાગ્યો. હે ભગવાન્! મને કોઢ રોગ કેમ થયો ? એ રોગ કેમ નાશ પામે ? ત્યારે ઋષિ બોલ્યા રે ભદ્ર ! અવિરતિ આત્મા હોય તે અવિરતિથી અસંતોષી હોય. તે કંઈપણ સારા કાર્યમાં ન વાપરે તો વિરતિનો લાભ ન થાય, કારણ કે દ્રવ્ય કોઇને ઘેર મૂકયું હોય તો વ્યાજ આવે અન્યથા ન પણ આવે. માટે વિરતિ કરે તો વિરતિનો નફો થાય. જેમ એકેન્દ્રિય જીવ કંઈપણ પાપ ન કરે છતાં અવિરતિનાં કારણે પાપ ચાલુ જ હોય. અવિરતિએ તેં જ્યાં ત્યાં ખાધા કર્યું જેથી કોઢ રોગ થયો છે. માટે વિરતિ કરે. ચારે આહારનું પરિમાણથી ભોજન કરે તો રોગ ન થાય. પરમ કલ્યાણ થાય.

તે સાંભળીને ગુરુનું વચન અંગીકાર કરી તે ગુરુને કહેવા લાગ્યો. હે ભગવાન્! આજથી મારે એક અન્ન લેવું. એક વિગય વાપરવી. એક શાક વાપરવું. અચિત્ત પાણી વાપરવું એ પ્રમાણોપેત ભોજન કરીશ. ગુરુએ કહ્યું. બોલો તે પાળજો. પાળ્યાનો મોટો લાભ મળશે. ગુરુનું વચન પ્રમાણ કરીને ગયો. અનુક્રમે પૂર્વોક્ત વચન પ્રમાણે પાળતા. નિરોગી થયો. ત્યારે ધર્મનો મહિમા જાણ્યો. ધર્મ ઉપર આદર થયો. વ્યાપાર કરવા લાગ્યો. ધર્મ પ્રભાવે કોટિ ધન પામ્યો. તોપણ ધર્મ અખંડ રીતે પાળે છે. સુખી થયો, ઇચ્છાનો રોધ કર્યો. સુપાત્ર દાન આપે, દીન, અનાથને દાન આપે. એકદા દુર્ભિક્ષ પડયો ત્યારે એક લાખ મુનિને એષણીય ઘૃતાદિકનું દાન દેતો. ગુપ્તદાન દઈને સાધર્મિકની સેવા કરતો. એમ જાવજજીવ ધર્મ પાળી સૌધર્મ દેવલોકે દેવતા થયો. ત્યાં તે દેવપણે ભાવના ભાવે છે.

यतः ॥ सावयकुलंमि वरहु, आचेडउ नाण दंसण समेउ ॥ मिच्छं-त्तमोहियमइ, वरं न राया चक्कवट्टीवि ॥ શ્રાવકના કુલમાં ઉત્પન્ન થઈને દાસપણું પામવું. તેપણ જ્ઞાન, દર્શન, સહિત હોય તો સારું પણ મિથ્યામતિએ ચક્રવર્તિપણું હોય તોપણ નકામું. ઇત્યાદિ ભાવના ભાવતા દેવતાનો ભવ પૂર્ણ થયો. ત્યાંથી ચ્યવીને તારા નગરમાં શુદ્ધ-બોધ નામે શેઠને ત્યાં ઉપન્યો. એના પુન્યના ઉદયે દુષ્ટગ્રહચારે દુકાળ ઉપજવાનો હતો. તે પણ નાશ પામ્યો.

એવા ગુરૂનાં વચન સાંભળીને રાજા ઘણો વિસ્મય પામ્યો. સર્વ નગરનાં લોક પરિવાર સહિત શેઠના ઘરે આવ્યા, અને બાળકને ખોળામાં બેસાડી કહેવા લાગ્યા. હે પુન્યશાળી, હે જગદાધાર ! હે દુર્ભિક્ષભંજક તને નમસ્કાર થાઓ. પરમાર્થમાં તો તુંજ રાજા છે. હું તારો કોટવાળ છું એમ કહીને ધર્મરાજા એવું નામ પાડયું. અનુક્રમે કુમાર યૌવનાવસ્થા પામ્યો. ત્યારે ઘણી રાજકન્યા પરણ્યો. તેના પુન્યના પ્રભાવથી દુર્ભિક્ષ, અશિવ ઉપદ્રવ, નાશ પામતા હતા. પ્રજા પ્રમોદમય રહેતી. ઘણા જન સમ્યક્ત્વને પામ્યા, દીક્ષા અંગીકાર કરી. તે મુનિ-રાજ પ્રમોદે વિહાર કરી તપ કરી, ક્ષપકશ્રેણી માંડી, ઘાતિકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામીને તેજ ભવે મોક્ષે ગયા. એ રીતે સુખમાં ઇચ્છાનો રોધ કરવો દુષ્કર છે. માટે ઇચ્છાનો રોધ કરવો.

હવે ત્રીજા પદનો અર્થ કહે છે. तारुन्नण इंदियनिग्गहो य ॥ તરુણ ચવસ્થામાં ઇંદ્રિયોનો નિગ્રહ કરવો એ દુષ્કર છે. તે ઉપર કામપાલની કથા.

ધાતકીખંડદ્વીપે ભરતક્ષેત્ર મધ્યે લક્ષ્મીપુર ગામે જયધર્મ રાજા રાજ્ય કરે છે. એકદા રાજસભામાં બેઠો છે. એવામાં પ્રશસ્ત શાસ્ત્રનો જાણ કોઈ પંડિત આવ્યો. તેની સાથે ગોષ્ઠી કરતાં રાજાએ પૂછયું. किं गहनं ? એટલે ગહન શું છે ? પંડિત બોલ્યો. इच्छिय चरियं ॥ એટલે સ્ત્રી ચરિત્ર ગહન છે. यतः ॥ सायरजलपरिमाणं,

सुरगिरिमाणं तिलोयसंट्ठाणं ॥ जाणंति बुद्धिमंता महिला चरियं न जाणंति ॥
તે સાંભળી રાજાએ વિચાર્યું: સ્ત્રીમાં તે એવું શું સત્વઃ? શો વ્યવસાય? કે જેને માટે પંડિત પણ કહે છે. તે માટે આજ મારે સ્ત્રી ચરિત્ર જાણવું છે. એમ વિસ્મય પામીને રાત્રે અંધેર પછેડી ઓઢી ચોકીદારને વંચીને રાજા પોતાના ઘેરથી નીકળ્યો. વિપ્રનો વેષ કરીને અગ્નિશર્મા બ્રાહ્મણને ઘેર ગયો. ત્યાં અગ્નિશર્મા વેદપાઠ કરે છે. વેદપાઠ કરતાં બોલ્યો. રે ભદ્ર! તું શું માંગે છે? રાજા બોલ્યો, દેશાંતરથી આવું છું. હું બ્રાહ્મણ છું. માટે મને સુવાની જગ્યા આપો. વિપ્ર બોલ્યો. મારા ઘરે જગ્યા નથી. રાજા બોલ્યો, તમને ઉત્તમ બ્રાહ્મણ જાણીને હું અહીં આવ્યો. કારણ કે ક્ષુદ્રને ઘેર બ્રાહ્મણ ન જાય. બ્રાહ્મણ બોલ્યો, મારે જગ્યા નથી, તો પણ ભલે. આ ઝુંપડીમાં તમે પણ વસો. રાજા ત્યાં જ રહ્યો.

એવા સમયે બ્રાહ્મણી બ્રાહ્મણને કહેવા લાગી, રે ભટ્ટ! આ પુત્રને લ્યો. તમારા ભાઈને ઘેર છટ્ઠી જાગરિકા છે. માટે હું અક્ષપાત્ર આપવા જાઉં છું. ભટ્ટ બોલ્યો, તું પાછી જલ્દી નથી આવતી. અને છોકરો રોતો મને કદર્થના કરે છે. માટે પુત્રને સાથે લઈ જા. ભટ્ટાણી બોલી, મારે ત્યાં શું કામ છે? હું અક્ષપાત્ર આપીને તરત આવું છું. એમ કહી ભટ્ટને પુત્ર આપીને તરત નીકળી. રાજા પણ સ્ત્રીચરિત્ર જોવા પાછળ નીકળ્યો. ભટ્ટાણી હાટ શેરીએ આવી. ત્યાં પૂર્વ સંકેતિક યુવાન કોઇક પુરુષ ઉભો છે. તે પુરુષે ભટ્ટાણીને પૂછ્યું. શ્રૃંગાર કરીને કયાં જાય છે? ભટ્ટાણી બોલી, વધામણાના કારણે દિયરને ત્યાં જાઉં છું. હું તરત જ આવીશ, માટે અહિં જ ઉભો રહેજે. રાજાએ વિચાર્યું. એનું ચરિત્ર જોઉં, રાજા પણ ત્યાં જ ઉભો રહ્યો. યુવાન પણ ત્યાં જ ઉભો રહ્યો. તેવામાં ભટ્ટાણી આવી. ત્યારે યુવાન બોલ્યો, આપણે રતિસુખ કયાં ભોગવશું? તેણી બોલી, તું મારે ઘેર આવી ભટ્ટ પાસે રહેવાની જગ્યા માંગ. ત્યાં આપણે સુખે, નિર્વિઘ્ને કામક્રીડા કરશું. તે સાંભળી યુવાન ચાલ્યો. ભટ્ટાણી પણ

વેશ પરિવર્તન કરીને ચાલી. યુવાન ભટ્ટ પાસે આવીને બોલ્યો, હે ભટ્ટ ! આ મારી સ્ત્રી છે, એ રીસાઈને આવી છે. હું પણ એની પાછળ આવ્યો છું. હું પણ બ્રાહ્મણ છું. પાસે રહેવાની જગ્યા આપો. બે પહોરનું કામ છે. એમ વિચારી બ્રાહ્મણે કહ્યું, બીજી જગ્યા તો નથી. પણ રસોડું છે. એમાં રહો. ત્યારે બંને અંદર પેઠા, ત્યારે મધ્યરાત્રે છોકરો રડવા લાગ્યો. ત્યારે યુવાન બોલ્યો, કે હે ભટ્ટ ! બાળક કેમ રડે છે ? ભટ્ટ બોલ્યો, એની મા દિયરને ઘેર ગઈ છે. હજુ આવી નથી. તેથી બાળક રડે છે. બાળક ભૂખ્યો છે. યુવાન બોલ્યો, અમે બ્રાહ્મણ છીએ, માટે છોકરાને આપો. એ ધાવશે એટલે શાંત થઈ જશે. બાળક આપ્યો, શાંત થઇ ગયો. પાછો બાળક આપી દીધો, પછી બંનેએ રતિક્રીડા કરી. પ્રભાતે બંને જતા રહ્યા. સ્ત્રી વેષ બદલીને ઘરે આવી, ત્યારે બ્રાહ્મણ ક્રોધ કરીને બોલ્યો, રંડે ! રાત ક્યાં ગઇ હતી ? છોકરાએ સંતાપ્યો, ત્યારે સ્ત્રી બોલી, તેંજ શાંઠને ઘરમાં પેસાડી છે. જેથી શીકા નીચે બાળકે લઘુનિતિ, વડીનિતિ કરી છે. ગામમાં વાત કરીશ તો દક્ષિણા કોઇ નહિં આપે. એમ સાંભળી આક્રોશ કરતો બ્રાહ્મણ ઘરમાંથી બહાર નીકળ્યો.

રાજાએ ભટ્ટાણીને પૂછયું. હે સ્ત્રી ! તું જયવર્મ રાજાને ઓળખે છે ? તે બોલી· હા ! હું એના નગરમાં તો વસું છું. અને રાજા તો જગત પ્રસિદ્ધ છે. તે બોલી. તમે આવો વેષ કેમ લીધો છે ? રાજા બોલ્યો. સ્ત્રી ચરિત્ર જાણવા માટે. તે બોલી. સ્ત્રી ચરિત્ર કેવું હોય ? રાજા બોલ્યો. તમારા જેવું. એમ કહીને સર્વ વૃત્તાંત તેણીને કહ્યો. તે સાંભળી ક્ષણીક લાજ પામી. પછી મોટે સ્વરે રડવા લાગી. અને કહ્યું કે મારું ચરિત્ર શું દીઠું ? નગરમાં એવી સ્ત્રીઓ વસે છે કે પગે બાંધીને ઉડે. રાજા બોલ્યો. એવી એક સ્ત્રીની વાત તો મને સંભળાવ. ત્યારે તે બોલી.

આ જ નગરમાં મહાધનપાત્ર દાનેશ્વરી મનોરથ નામે શેઠ છે. તેને લક્ષ્મી નામે સ્ત્રી છે. તેને ચાર પુત્ર ઉપર સુંદરી નામે પુત્રી થઇ.

તેને પરણાવી પતિ તરત મરણ પામ્યો. ત્યારે શેઠે પુત્રીને કહ્યું. સંસાર એવો જ છે. મારા ઘરમાં સુખેથી રહે. ઘરમાં કામકાજ કરીશ. નહીં. પુત્રીએ પણ બાપનું વચન માન્યું.

એકદા તેણે ગોખમાં બેઠા દેશાંતરથી આવતો કામપાલ નામે રાજપુત્રને રાજમાર્ગે જતો જોયો. તે સ્વરૂપવંત જોઇને કામપાલ ઉપર મોહ પામી. તેથી તેની ઉપર ફૂલની માળા નાંખી. તેથી કટાક્ષથી જોયું ત્યારે બિરૂદાવલી બોલ્યો, બંગદેશનો રાજા ભુવનપાલનો પુત્ર કામપાલ જય પામો. તેથી સુંદરીએ એનું નામ ઠામ જાણી લીધું. કામપાલે પણ રાગથી ઉંચું જોયું. પછી તે સ્ત્રીને ચિંતવતો આવાસે ગયો. શ્રેષ્ઠીપુત્રી પણ કામવશે પીડાતી જોઇ શેઠ ખેદ કરવા લાગ્યો. એકદા પરિવ્રાજિકા ભિક્ષાર્થે આવી. તેને શેઠે કહ્યું. હે ભદ્રે ! મારી પુત્રી અશાતાવંત છે. તેને સાજી કરો. પરિવ્રાજિકા બોલી, હું નજરે જોઉં. એમ કહી તે કુમારી પાસે ગઈ. જોયું તો કંદર્પ વિકાર જાણ્યો. પછી કહેવા લાગી, હે ભદ્રે ! મેં અશાતાનું કારણ જાણ્યું જે વાત હોય તે કહી દે. સુંદરીએ વિચાર્યું કે બીજો કોઇ ઉપાય નથી. એમ વિચારી સર્વ વૃત્તાંત કહ્યો. પરિવ્રાજિકા બોલી. ખેદ કરીશ નહિં. તું આદિત્ય વારે દહેરે આદિત્યની પૂજા કરવા આવજે. હું તેની સાથે સંગમ કરાવીશ. એમ કહીને પરિવ્રાજિકા ઉઠી. તેણે શેઠને કહ્યું. કાંઇક દોષ ટાળ્યો છે. પણ આદિત્યની પૂજા કરશે એટલે મટી જશે. એમ કહી તે કામપાલના મંદિરે ગઇ. ત્યાં તેના ચાકરે કહ્યું. હે ભગવતી મા ! તમે કાંઇ જાણો છો ? તે બોલી. સર્વ જાણું છું. તો અમારા રાજપુત્રને સાજા કરો. એમ કહી તેને રાજપુત્ર પાસે લાવ્યા. તેણે એકાંતે રાજપુત્રને વાત કરી. તેં શેઠની પુત્રી જોઈ ત્યારથી કંદર્પ નડયો છે. તેની અશાતા છે. ત્યારે કુમાર હસ્યો ને બોલ્યો. હે ભગવતી ! તમે કેમ જાણ્યું ? તે માટે મને શાતાનો ઉપાય બતાવો. તે બોલી. મેં તો ઉપાય બતાવ્યો છે. તું આદિત્યવારે આદિત્યના દહેરે જજે. ત્યાં તને તેની સાથે સમાગમ કરાવીશ.

શ્રેષ્ઠીપુત્રી પણ સ્વજનથી પરિવરેલી આદિત્યના દહેરે ગઈ. આદિત્યની પૂજા કરી, બહાર નિકળતા રાજાપુત્રે તેનો હાથ પકડયો. એટલે સુંદરીએ પોકાર કર્યો. રે રે મને પર પુરુષનો સ્પર્શ થયો. હવે અગ્નિ વિના મારું કોઇ જ શરણ નહિં. એમ કહેતા પિતાએ ઘણી વારી અને ઘરે લાવી, તેજ રાજપુત્રને તેડીને પરિવ્રાજિકા લાવી. બંનેનો સમાગમ કરાવ્યો. સુંદરીએ વિચાર્યું કે છ કાનનો મંત્ર ભેદાય, યતઃ ॥ षट्कर्णो मंत्र, भिद्यते द्विकर्णस्य तु मंत्रस्य ॥ ब्रह्मा-प्यंतं न गच्छति ॥ चतुष्कर्णो न भिद्यते ॥ એમ વિચારીને ઘરમાં આગ મૂકી. બે જણ નીકળ્યા. બારણું બંધ કર્યું. પરિવ્રાજિકા બળી મરી. તેઓ રાજપુત્રને આવાસે ગયા. શેઠે પણ જાણ્યું કે પરિવ્રાજિકા સાથે મારી પુત્રી મરણ પામી. પિતા વિલાપ કરવા લાગ્યો, પર પુરુષનો સ્પર્શ થયો જેથી તેં અગ્નિ માંગ્યો. પણ મેં ન આપ્યો. તે માટે પોતાની મેળે આગ લાગી. એમ વિલાપ કરી મરણકૃત્ય કર્યું. હાડ હતા તે તીર્થે મોકલ્યા.

હવે રાજપુત્રનું ધન ખૂટી ગયું ત્યારે સુંદરીને કહેવા લાગ્યો કે રે ભદ્રે ! ચાલ મારે દેશ જઈએ. સુંદરી બોલી. ત્યાં જવાનું શું કામ છે? આપણને મારો પિતા સર્વ પૂરશે. તમે શેઠને હાટે જઇને મહામૂલી પટસાડી મૂલે માંગો. તેણે પણ ત્યાં જઇને એમજ કહ્યું. તે સાડી દેખાડી, તેને ગમી નહીં. માટે પાછી મોકલી. એમ બે ત્રણ વાર મોકલી. શેઠ બોલ્યો. તારી પત્નીને જ મોકલ. તે પત્નીને તેડી લાવ્યો, તે દેખીને શેઠ બોલ્યો. મારી પુત્રીને તેં સ્પર્શ કર્યો હતો. તેથી મેં માન આપ્યું. કુમાર બોલ્યો. રે શેઠ ! સ્નેહે કરીને તમે બોલો, તમારી પુત્રી તો મરણ પામી છે. મારી પત્નીને અડકયો હતો. શું સરખાપણું ન હોય? ત્યારે શેઠ બોલ્યો. સત્ય કહું, સરખા-પણું જોઇને હું મૂઢ થયો. તો પણ મેં એને દીકરીપણે કબુલ કરી. માટે જે જોઇએ તે મારા હાટેથી લેજો.

એ રીતે ભટ્ટાણીનું ચરિત્ર દેખીને તથા શેઠપુત્રીનું ચારિત્ર

સાંભળીને નરવર્મ રાજાએ પ્રતીત કરી. સ્ત્રી ચરિત્ર ગહન છે. એ ખરું. એમ નિર્ધારી વૈરાગ્ય પામી શીલંધર ગુરુ પાસે દીક્ષા લીધી. તેણે આત્મકાર્ય સાધ્યું. એ કથા સુમતિનાથ ચરિત્રમાં પૂર્વભવને અધિકારે છે. તે માટે તરુણ અવસ્થાએ ઈન્દ્રિયોનો રોધ કરવો દુષ્કર છે. इति कामपालकथा ॥ ઇન્દ્રિયનો રોધ કરવો એ વાત યૌવન અવસ્થામાં દુષ્કર છે. તો પણ તેનો જેણે રોધ કર્યો તે ઉપર ગુણધર્મ રાજકુમારની કથા કહે છે.

આ ભરતક્ષેત્રમાં સૂર્યપુર નામે નગર છે. ત્યાં દઢધર્મ નામે રાજા છે. તેને શીલશાલિની નામે રાણી. તેની કૂખે ગુણધર્મ નામે પુત્ર થયો. તે લોકને ચંદ્રમાની જેમ વલ્લભ છે. તેથી સ્ત્રીને અતિપ્રિય છે. સોભાગી સરલ સ્વભાવી છે. તેને પ્રિયવંદ નામે મિત્ર છે. તે સુરુપી અને સર્વગુણ સહિત છે.

એવામાં વસંતપુર નગરમાં ઇશાનચંદ્ર રાજાની કનકવતી નામે પુત્રી છે. તેનો સ્વયંવર મંડપ માંડયો છે. ત્યાં બીજા ઘણા રાજકુમારો પણ આવ્યા. તેમાં ગુણધર્મ કુમાર પણ આવ્યો. રાજાએ આવાસ આપ્યો. ત્યાં ઉતારો કરીને તેમાં ગુણધર્મ કુમાર સ્વયંવર મંડપ જોવા આવ્યો. કુંવરી પણ મંડપ જોવા આવી. બંનેને રાગ ઉપન્યો. તેઓ સ્વસ્થાને ગયા. સંધ્યા સમયે કન્યાએ દાસીને મોકલી. તે દાસીએ ચિત્રપટ્ટિકા આપી. તેમાં એક હંસિકા આલેખી છે તેની નીચે શ્લોક લખ્યો. તે કુમારે વાંચ્યો. યતઃ ॥ आदौ दृष्टे प्रिये सानु, रागासौ कुलहंसिका ॥ पुनः तद्दर्शनं शीघ्र ॥ वांछत्येव वराक्यहो ॥ દૂરથી પોતાના પ્રિયને પ્રથમ દેખતાં જ કલહંસી રાગી થઇ, તે વરાકી ફરી શીઘ્ર તેનું દર્શન ઇચ્છે છે, તે વાંચી કુમારે પણ બીજુ હંસનું રૂપ આલેખીને તેની નીચે શ્લોક લખ્યો, तथाहि ॥ कलहंसोऽप्यसौ सुभ्रु, क्षणं दृष्टानुरागवावां ॥ पुनरेव प्रियां द्रष्टुं, महो वांछत्यनारतम् ॥ અર્થ :- હે સુભ્રુ ! કલહંસ પણ ક્ષણ જોવાથી રાગવંત થયો છે. ફરી જોવા માંગે છે એ ભાવાર્થ જાણવો, હવે

કુમારીએ તાંબુલ, વિલેપન, ફુલ મોકલ્યા. દાસીને સંતોષમાં હાર આપ્યો. કુમારે ફુલને લઇને મસ્તકે બાંધ્યા. તાંબુલ મુખમાં વાપર્યું. વિલેપન શરીરે કર્યું, વળી દાસીએ કહ્યું કે કુમારીએ કહ્યું કે તમારા ગળામાં માળા કુમારી કહ્યું કે પહેરાવીશ. પ્રાતઃકાળે એ પ્રમાણે ગુણધર્મને માળા પહેરાવી પાણિગ્રહણ કર્યું. અનુક્રમે સસરાની આજ્ઞા માંગીને સ્ત્રીને પોતાની સાથે લઈ પોતાના નગરે આવ્યો.

એક વખત કનકવતીએ કહ્યું કે કોઇક ઉખાણો કહો. કુમાર બોલ્યો. થલમાં ઉપની છે, જળમાં સ્વેચ્છાએ ફરે છે. છતાં જલ પીતી નથી. તે સ્ત્રી કોણ ? કુંવરીએ કહ્યું. નાવ. હવે કુંવરીએ પૂછયું. પયોધરને ભારે કરી આક્રમી છે, પાતળુ શરીર છે. ગુણ સહિત છે. પુરુષને ખંધે બેઠી છે. એ સ્ત્રી કોણ ? કુમાર બોલ્યો. પાણી લાવવાના કામમાં આવે તે ગવડ, એમ ક્ષણ વિનોદ કરી પોતાના સ્થાને ગયા.

હવે કુમાર સ્નાન-ભોજન કરીને સ્થાને બેઠો છે. એવામાં એક કાપડી આવ્યો, તે બોલ્યો. હે કુમાર ! ભૈરવાચાર્ય તમને બોલાવે છે, કુમારે કહ્યું. સવારે આવીશ. પ્રાતઃકાળે કુમાર પરિવાર સહિત ભૈરવાચાર્ય પાસે ગયો. વ્યાઘ્રચર્મ ઉપર બેઠા છે. તેને જઇને પગે લાગ્યો. યોગેન્દ્રે પણ આસન આપ્યું. એની ઉપર કુમાર બેઠો. તેણે કહ્યું. હે યોગેન્દ્ર મને કેમ કૃતાર્થ કર્યો ?

યોગેન્દ્ર બોલ્યા, તું મને સર્વથા માન્ય છે. મારી પાસે કંચન નથી. હું સ્વાગત તમારું કેવી રીતે કરું ? કુમારે કહ્યું આપના આશીર્વાદ જોઇએ. યોગેન્દ્ર બોલ્યા. ભક્તિ, વિનય, મીઠા શબ્દ, પ્રેમ બધું છે, પણ કાંઇક આપ્યા વિના ન શોભો. કુમાર બોલ્યો. સમ્યગ્ દ્દષ્ટિ જોઈએ. યોગેન્દ્ર બોલ્યો. હું આઠ વર્ષથી મંત્રની સાધના કરું છું ? કાળી ચૌદસના દિવસે રાત્રે તારી જરૂર છે. હું મારા ત્રણે ચેલા સાથે ત્યાં રહીશ. તું રાત્રે સ્મશાનમાં આવજે. તે સાંભળી કુમાર ઘરે ગયો. કાલી ચૌદસની રાત્રિએ એ કુમાર સ્મશાનમાં આવ્યો.

યોગેન્દ્ર બોલ્યો. હે કુમાર! અહિં જે જે વિઘ્ન આવશે તેનાથી બચાવજે. બીજા ત્રણ પણ ઉત્તર સાધક રહેશે. કુમાર બોલ્યો. તમે સ્વસ્થ ચિત્તે સાધના કરો. હું રખવાળો બેઠો છું, તમને વિઘ્ન કરનાર કોણ છે?

હવે યોગેન્દ્રે એક મંડલ કરી. તેમાં એક શબ સ્થાપ્યું. અગ્નિ કરી હોમવિધિ કર્યો. ત્યાં તો પ્રચંડ ગગનસ્ફોટ થયો. આકરો નિર્ઘાત કરતો, વિશ્વને બધિર કરતો, ધરતીને ફાડી નાંખે તેવો પાતાલમાંથી મહા વિકરાળ, બિહામણો એવો પુરુષ પ્રગટ થયો. તે બોલ્યો રે પાપી! દિવ્યકાંતાના અભિલાષી! તું મેઘ નામે ક્ષેત્રપાલને નથી ઓળખતો? જે માટે મારી પૂજા કર્યા વિના મંત્ર સાધના કરે છે.? એ રાજપુત્રને પણ ઠગ્યો છે. એમ કહી તેને મારવા માટે ક્ષેત્રપાલે સિંહનાદ કર્યો. એટલે યોગિના ત્રણે શિષ્યો ધરતી ઉપર પડી ગયા. હવે કુમાર બોલ્યો. હે ક્ષેત્રપાલ! તું ખોટો ગર્જારવ શા માટે કરે છે? જો સમર્થ હોય તો મારી સાથે યુદ્ધ કર, ક્ષેત્રપાલ પાસે ખડ્ગ નોતું. એટલે ખડ્ગને મૂકી દીધું. માત્ર પ્રચંડ ભૂજાદંડે જ તે ક્ષેત્રપાલને જીતી લીધો. ક્ષેત્રપાલ તુષ્ટમાન થયો. અને કહ્યું. તારું કાંઇક ઇચ્છિત કરું ત્યારે કુમારે એને મૂકી દીધો. અને કહ્યું. યોગીનું કાર્ય સિદ્ધ કરો. ત્યારે ક્ષેત્રપાલે કહ્યું કે તારા પસાયે પૂર્ણ થયું, પણ તું કાંઇક માંગ. ત્યારે કુમારે કહ્યું. કનકવતી મારા વશમાં રહે એવું કરો. ક્ષેત્રપાલે જ્ઞાનથી જોઇને કહ્યું. તે તમારે વશ થશે. પણ કામિતરૂપે થશે. એમ વર દઇને અદશ્ય થઇ ગયો. યોગીન્દ્રનો વિદ્યામંત્ર સિદ્ધ થયો. અને યોગી બોલ્યા હે કુમાર અવસરે મને યાદ કરજો. એમ કહીને યોગી પોતાના સ્થાને ગયો. કુમાર પણ પોતાના સ્થાને જઇને સૂતો. બીજે દિવસે પહોરરાત્રિ થઇ ત્યાં કુમાર અદશ્યરૂપે એના મહેલમાં ગયો. ત્યાં બે દાસી સહિત જોઈ. તે અવસરે કનકવતીએ દાસીને પૂછ્યું. કેટલી રાત્રિ ગઇ; દાસીએ કહ્યું. હજી મધ્યરાત્રિ છે. એટલે કુમારીએ સ્નાન, વિલેપન, વસ્ત્રાલંકાર

કર્યું. ત્યાં વિમાન રચ્યું. ક્ષણમાં વિમાન કેમ રચ્યું, કુમાર વિચારવા લાગ્યો. એ અત્યારે રાત્રિએ કયાં જશો ? હું એનું કૌતુક જોઉં. અને ત્યાં શું કરે એ જોઉં. એમ ચિંતવી વિમાનમાં એક પ્રદેશમાં બેસી ગયો. દૂર દેશે જઇને વિમાન ઉભુ રહ્યું. એક સરોવર નજીક અશોક વૃક્ષ છે. તેમાં એક વિદ્યાધર યુવાનને જોયો. કુમારની સ્ત્રી પણ ઉતરી. બીજા પણ વિદ્યાધરો આવ્યા. તે વનખંડના ઇશાન ખૂણે એક મનોહર ઋષભદેવ પ્રભુનું જીનમંદિર, ત્યાં સુવર્ણ, મણિનાં પગથિયા. તે મંદિર જોયું. ત્યાં સહુએ પ્રભુભક્તિ કરી. ત્યાં સ્નાત્ર મહોત્સવ શરૂ થયો. વિદ્યાધરે પૂછયું આજે કોનો વારો છે ? ત્યારે કનકવતી ઉભી થઇ. નાટક શરૂ કર્યું. બીજી ત્રણે એકે વીણા, બીજીએ વેણુ, ત્રીજીએ તાલ વગાડવો શરૂ કર્યો. એ જોતા કુમાર વિસ્મય પામ્યો. એટલામાં નાટક કરતાં કનકવતીની ઘુઘરીની માળા તૂટી ગઈ. કુમારે લઇ લીધી. ઘુઘરીની તપાસ કરી પણ મળી નહિં. સહુ પોતાના સ્થાને ગયા. આવીને શેષ રાત્રિ પૂર્ણ કરી. પ્રાતઃકાળે મતિસાગર નામે પ્રધાનનો પુત્ર તે કુમારનો મિત્ર છે. તેને ઘુઘરીની માલા આપી અને સર્વ વૃત્તાંત કહ્યો અને અવસરે મારી સ્રીને આપજે એમ કહ્યું. એમ કહીને મિત્ર સાથે સ્રી પાસે ગયો. સ્રીએ પણ ઉભી થઇને આસન આપ્યું. ત્રણે સોગટા રમે છે. સોગટામાં સ્રી જીતી ગઈ. એટલે તેણે કહ્યું. મને આભૂષણ આપો. કુંવરે મિત્ર સામું જોયું. એટલે એણે ઘુઘરીની માળા આપી. એ જોઈ કુમારી બોલી. આ તો મારું છે. તમે કયાંથી લાવ્યો. કુમાર બોલ્યો ? કયાં પડયું હતું ? સ્થાન મને યાદ નથી. કુમાર બોલ્યા. મારો મિત્ર નિમિત્તનો જાણ છે. તારું આભૂષણ પડયાનું સ્થાન કહેશે. મિત્રે સર્વ હકીકત કહી પોતાના સ્થાને ગયા.

બીજી રાત્રે તેજ જિનચૈત્યે ગયા. વીણા વગાડતા નિઉર નીકળી પડયું. તે પણ કુમારે લઇ લીધું. શોધ્યું પણ જડયું નહિં. સ્વસ્થાને આવ્યા. મિત્રને આપ્યું. બીજે દિવસે કુમારી પાસે ગયા. તેણીએ આસન આપ્યું. ક્ષણ શાસ્રગોષ્ઠી કરી. સ્રીએ મતિસાગરને પૂછયું.

હે ભદ્ર ! તમે નિમિત્ત જાણો છો ? તો કહો. મિત્ર બોલ્યો. તમારું બીજુ પણ આભૂષણ ખોવાયું છે. તે સાંભળી સ્રીનાં મનમાં શંકા પેઠી. તો બોલી. શું ખોવાયું છે. ત્યારે કુમાર બોલ્યો. શું તું નથી જાણતી ? તે બોલી. જાણું છું તો ખરી પણ....સ્થાન યાદ નથી આવતું. કુમારે કહ્યું. મને કોઈકે કહ્યું કે દૂર દેશમાં ગઇ હતી ત્યાં નેપૂર ખોવાયું છે. તે જેના હાથમાં આવ્યું તેને હું ઓળખું છું. તેના હાથમાંથી મેં બળાત્કારે લઇ લીધું છે. તે સાંભળી કનકવતી વિચારવા લાગી કે મારા પતિ નિશ્ચે જાણે છે. યતઃ ॥ क्षुरभद्रं कला चांद्री, चौरिका क्रीडितानी च ॥ प्रकटानि तृतीयेन्हि, सुप्रच्छन्नं कृतानि च ॥ એવું વિચારીને બોલી. નેપૂર ક્યાં છે ? ત્યારે મિત્રે આપ્યું. પછી તે બોલી. સત્ય કહો. કયાંથી લાવ્યા છો ? કુમાર બોલ્યો. તમે કયાં પાડ્યું તે કહો. તેણી બોલી મને સ્થાન યાદ નથી. હે નાથ ! તમે જે સ્થાન જોયું હોય તો સારૂં. પણ અન્યથા કોઇ કહી દેશે તો મારે અગ્નિમાં પ્રવેશ કરવો પડશે. પછી શોકાતુર થઇ. કુમારે એને રીઝવી, પોતાના સ્થાને ગયો. વળી રાત્રે અદૃશ્ય થઇને આવ્યો. સખીઓને કનકવતી કહેતી હતી કે હું મંદભાગિની છું. શું કરું ? વિદ્યાધર રીસ કરશે. વિષમ કાર્ય આવી પડ્યું છે. કારણકે હું પિતાના ઘરે હતી ત્યારે વિદ્યાધરે મને સમ દીધા છે. કે હંમેશ તારે આવવું. વિમાન મારું આવશે. મારી આજ્ઞા વિના તારે તારા પતિને સેવવો નહિં. આથી મારા પિતાની આજ્ઞા તથા મારા રાગથી રાજકુમારને પરણી છું. મારે તો બંને પ્રમાણ છે. મારા પતિને વિદ્યાધર મારશે તો જેથી હું શોક કરું છું. હું યૌવનવંતી છું. મારા પિતા તથા સસરાનું કુલ ઉત્તમ છે. અને લોક જેમતેમ બોલે તે માટે ગહન છે. ત્યારે સખી બોલી. હે સ્વામિનિ ! આજે અહિં જ રહો. અમે જઇયે. વિદ્યાધર પૂછયે તો કહીશું કે અમારા સ્વામિનિને આજે શરીરે અશાતા છે એટલામાં વિમાન આવ્યું. સખીઓ ગઇ, સાથે પ્રચ્છન્ન કુમાર ગયો. કનકવતીને ન જોઇ. વિદ્યાધર કોપ્યો. ન આવવાનું કારણ પૂછયું. સખીએ કહ્યું. આજે કનકવતીને

સારું નથી. ત્યારે વિદ્યાધર બોલ્યો કે જોઉં તો ખરો કે કેવુ સારું નથી. એમ કરીને ઉઠે ત્યાં કુમાર ખડ્ગ લઇને વિદ્યાધરને મારવા ઉઠયો. ખડ્ગથી મસ્તક છેદ્યું: તે જોઇ ત્રણે સ્ત્રીઓ આનંદવાળી થઇ. અને કુમારને કહ્યું. તમે ખરેજ વિદ્યાધરથી મૂકાવી ત્યારે કુમારે કહ્યું. તમે કોની પુત્રિઓ છે ? ત્યારે એક બોલી. શતપુર નગરના ધણી દુર્લભ રાજાની કમલાવતી નામે પુત્રી છું. આના ભયે મેં વિવાહ નથી કર્યો. જે કારણ માટે મારા મહેલથી મને અપહરી પછી જીભ કાપવા માંડયો. મને કહ્યું મારી આજ્ઞા થાય ત્યારે પરણજે. મારી આજ્ઞાએ વિમાન આવશે. પછી મેં કબુલ કર્યું. મને નાટક શીખવ્યું. બીજી ત્રણે જણીને પણ ભેગી કરી. એને મારવાથી સુખ થયું. એમ સાંભળી કુમારે સહુના સ્થાને ઘેર મોકલી. કુમાર પણ દાસી સાથે ઘરે આવ્યો. કનકવતીને દાસીએ વાત કરી. કુમારી આનંદવાળી થઇ. હવે વિદ્યાધરનો ભાઇ દ્વેષ કરીને કુમારને તથા કુમારીને સમુદ્રમાં નાંખ્યા. એવામાં પાટીયું હાથમાં આવ્યું. સાતમી રાત્રિએ દરીયા કાંઠે આવ્યા. ત્યાં એક તાપસને જોયા. ત્યાં કનકવતીને જોઇ. તાપસે કહ્યું આ તારી સ્ત્રી છે ? કુમારે હા કહી. પછી તાપસે કહ્યું. આ કુંવરીએ વૃક્ષની ડાળે ગળો ફાંસો બાંધ્યો હતો. તેને હું છોડાવીને અહીં લાવ્યો. રાત્રિ શાંતિથી વિતાવી ત્યાં ફરી વિદ્યાધરે સમુદ્રમાં બંનેને નાંખ્યા. બેહુ પાટીયાનાં સહારાથી કાંઠે આવ્યા. કુમાર બોલ્યો. જુઓ. વિધાતા કેવો છે ? વિષયાસક્તાવાળાને કેટલી આપદા પડે છે ?

એમાં વૈરાગ્ય થયો, ત્યાં તપસ્વી મુનિને જોયા. પતિને ત્યાગની ભાવના જાણી કુમારી બોલી, હે પુરૂષોત્તમ મનુષ્ય જન્મ પામીને ખેદ શો કરો છો ? હજુ તો યુવાની છે, દીનજનોનો ઉદ્ધાર નથી કર્યો વિષય-સુખ ભોગવ્યા નથી. ત્યાં તો વિદ્યાધર આવ્યો. કુમારે એને જીતીને જીવતો મૂકયો. હવે કુલપતિની આજ્ઞાથી કોઇક પાટણમાં ગયા. ત્યાં બહાર ગુણરત્ન નામના આચાર્ય પાસે ગયા. દેશના સાંભળી,

વૈરાગ્યવંત બની સ્ત્રીને કહેવા લાગ્યો. આપણે ગુરુ પાસે દીક્ષા લઈએ. ત્યારે તે વિષયથી અણવિરમી થકી બોલી, આપણું નવું યૌવન છે. માટે વ્રત કેમ લઈયે ? ત્યારે કુમાર બોલ્યો, વૃદ્ધાવસ્થામાં પણ કંઈક ઈચ્છા રહે છે. યતઃ ॥ અંગં ગલિતં પલિતં મુંડં ॥ દશન વિહિનં જાતં તુંડમ્ ॥ વૃદ્ધો યાતિ ગૃહીત્વા દંડં, તદપિ ન મુંચતિ આશા પિંડં ॥ તેમ કોઈકને યૌવને વ્રત લેતા જોઈયે છીયે. ત્યારે સ્ત્રી બોલી. કોઈક જ્ઞાનીને પૂછીને યુક્ત લાગશે તેમ કરશું. એમ કહીને ગુણધર્મ વચન અંગીકાર કરીને સ્ત્રીને ત્યાંજ બેસાડીને આહાર લેવા માટે નગરમાં ગયો.

એવા અવસરે ગુણચંદ્ર નામે કુમાર ત્યાં આવ્યો. યૌવનાવસ્થા પામેલી સ્ત્રીને જોઈ રાગવંત થયો. તેણે સ્ત્રીને પૂછયું. તું કોણ છે? કયાંથી આવી છે ? શું તારો ભર્તાર નથી ? સ્ત્રીએ તેને રાગી જાણ્યો. અને પોતાનો પતિ વિરકત થયો છે. માટે સઘળું વૃત્તાંત કહ્યું. તેને પ્રાર્થના કરતી કુમારી અનુરાગી થઇ. અને બોલી, મારા પતિને વંચીને હું તમારે ઘેર આવી. તે સાંભળી ગુણચંદ્ર પોતાના ઘરે ગયો. હવે ગુણધર્મે જુગટુ રમીને કાંઇક દ્રવ્ય મેળવ્યું, ત્યાંથી માંઠા કરાવીને ઉદ્યાનમાં આવ્યો. પ્રિયા સાથે ભોજન કર્યું. સ્ત્રીને શૂન્ય મનવાળી ધરતી ખણતી દીઠી, કુમારે તેનો ભાવ જાણ્યો કે એ અનાસક્ત થઈ છે. જાણી કુમાર ઝિલો પડયો, વનમાં ભમવા લાગ્યો.

એવામાં એક પુરુષે પૂછયું, તમે અહિં રાજકુમારને દીઠો ? ત્યારે કુમારે પૂછયું. રાજકુમાર કોણ ? તે બોલ્યો, ગુણચંદ્ર નામે રાજકુમાર અહિં આવ્યો છે. તેને કોઈક સ્ત્રી સાથે વાતોમાં તત્પર જોયો. અને મને બીજા કામે મોકલ્યો. તેથી હું તમને પૂછું છું. તે સ્ત્રી કુમારના મંદિરે ગઇ કે નથી ગઇ ? ગુણધર્મ બોલ્યો. તે ત્યાં ગઈ. એમ કહીને કુમારે તેને વિસર્જ્યો. કુમાર ચિંતવવા લાગ્યો કે આ સ્ત્રી ઉપર ઉપકાર કરતાં મારા પરાક્રમ દેખાડયા છતાં તે મારી

પાસે રહી નહીં. પરંતુ સ્ત્રી કુશીલ મર્યાદા કાંઈ ગણે નહિં. यतः ॥ रहो न जायते यावत्, क्षणाच्चार्थपिता न च ॥ सतीत्वं तावदेतासां, नारीणां नारयोऽब्रवीत् ॥ ત્યાર પછી સ્ત્રીને ઢુંકડે નગરે મામાને ઘેર મૂકીને કોઇક મુનિરાજ મળ્યા. તેમની પાસે દીક્ષા લીધી. ઉગ્ર તપસ્યા કરીને દેવલોકે ગયા. ત્યાંથી ચ્યવી મનુષ્યાવતાર પામીને મોક્ષે જશે. સ્ત્રી પણ મામાના ઘરથી કોઇક મિષે નીકળીને ગુણચંદ્રની ધણીયાણી થઇ. તે ગુણચંદ્રની બીજી સ્ત્રીએ કનકવતીને ઝેર આપ્યું. તેથી રોદ્ર ધ્યાને મરી ચોથી નરકે ગઇ. ત્યાંથી નીકળી ઘણો સંસાર રઝળશે. કુમારે યૌવનાવસ્થાએ વિષયત્યાગ કર્યો. અને ઇન્દ્રિયો જીતી. એ દુષ્કર છે. આ કથા શાંતિનાથ ચરિત્રમાં છે. इति सकलसभाभामिनिभालस्थल तिलकायमान पंडित श्रीउत्तमविजयगणीशिष्यपंडितश्री पद्मविजयगणि विरचिते बालावबोधे गौतमकुलके एकोनविंशतिगाथायां पंचोदाहरणानि समाप्तानि ॥

હવે વીશમી ગાથા કહે છે. તેને પૂર્વલી ગાથા સાથે એ સંબંધ છે. જે પૂર્વ ગાથાનાં ચાર વાત દુષ્કર દેખાડયા તે દુષ્કર જે કરે તે ધર્મ પામે. માટે જીવિત શાશ્વત અશાશ્વતુ દેખાડીને ધર્મોપદેશ કરે છે તથા ગ્રંથને અંતે મંગલ જોઇએ. ત્યાં ધર્મ તે ઉત્કૃષ્ટ મંગલ છે. धम्मो मंगलमुक्किट्ठं इति दशवैकालिकसूत्रवचनात् ॥ માટે ધર્મરુપ મંગલ દેખાડે છે. એ સંબંધે આવી જે વીશમી ગાથા કહે છે

असासयं जीवियमाहु लोए, धम्मं चरे साहु जिणोवइट्ठं ॥
धम्मो य ताणं सरणं गईय, धम्मं निसेवित्तु सुहं लहंति ॥ २० ॥

અર્થ :- असासयं जीवियमाहु लोए ॥ આ સંસારરુપ લોકને વિષે જીવિતવ્ય જે છે. તે શ્રીજીનેશ્વર મહારાજે અશાશ્વતુ કહ્યું છે. એટલે લોકને વિષે આઉખું અશાશ્વત છે. એમ પરમેશ્વરે કહ્યું છે. इति भावः ॥ અહિં જીવનાં બે પ્રકાર છે. એક સોપક્રમી, બીજા નિરૂપક્રમી, તેમાં દેવતા, નારકી, યુગલીયા, ત્રેસઠ ઉત્તમ પુરૂષ તથા ચરમ શરીરી જે જીવો છે તે સર્વનાં આઉખા યદ્યપિ નિરુપક્રમી છે. તોપણ

તે અશાશ્વત છે. यतः ॥ जइ ता लवसत्तमसुरा विमाणवासिवि परिवडंति सुरा ॥ चिंतिज्जांतं सेसं संसारे सासयं कयरं ॥ इति उपदेशमालायाम् ॥ વળી નિરુપક્રમી આઉખુ સાત પ્રકારે ઘટે છે. યતઃ ॥ अषभवसाण निमित्ते, आहार वेअणा पराघाए ॥ फासे आणापाणू, सत्तविहं जिभषए आउ ॥ इति आवश्यकनिर्युक्तौ ॥ તેમાં અધ્યવસાયે કરી જે આઉખુ ઘટે, તેના પ્રકાર કહે છે. કોઇક ગામને વિષે તસ્કરે ગાયો લીધી. તેની વહારે ચઢી લોકો ગાયો મૂકાવીને પાછા વળ્યા. તેમાં એક પુરુષ રૂપવંત યુવાન છે. તેને પાણીની તૃષા લાગી. તેણે કોઈક સ્ત્રી પાસે પાણી માંગ્યું. તે સ્ત્રીએ પાણી લાવીને પાવા માંડયું, તે સ્ત્રી પેલા પુરુષનું રૂપ જોઇને મોહ પામી. પાણી પીઈને પેટ ભર્યા પછી તે પુરૂષે હોકારો કર્યો, તોપણ પેલી સ્ત્રી પાણી રેડતી રહે નહીં. ત્યારે તે પુરુષ એમજ મૂકી ચાલ્યો ગયો. સ્ત્રી પાણી ભૂમિએ રેડતી અનુક્રમે પુરુષ સામે દૃષ્ટિ રાખતી હતી. તે પુરુષ આગળ જતા જતા જેટલે અદૃશ્ય થયો એટલે તે સ્ત્રી તેને ન દેખાવાથી મરણ પામી. એ રાગના અધ્યવસાયે કરી આયુ ઘટે તે ઉપર દ્રષ્ટાંત કહ્યું. इति राग उपर दृष्टांत ॥ હવે સ્નેહે કરી આઉખુ ઘટે. તેનો પ્રકાર કહે છે. કોઇક નગરને વિષે કોઈ સ્ત્રી ભર્તારને પરસ્પર પ્રીતિ છે. એકદા પુરુષ વ્યાપારે ગયો. ત્યાંથી પાછો વળ્યો. જ્યારે પોતાનું ગામ એક મજલ છેટે રહ્યું ત્યારે તેના મિત્રે વિચાર્યું. જોઇએ તો ખરા કે બેહુને માંહો માંહે અત્યંત પ્રીતિ તે સાચું કે જુઠું ? એમ ચિંતવીને તેના મિત્રે પરીક્ષા કરવા માટે તેની સ્ત્રી પાસે આવીને કહ્યું. કે તમારો ભર્તાર મરણ પામ્યો છે. તે સાંભળીને સ્ત્રી બોલી. શું સાચું, સાચું, સાચું, એમ ત્રણવાર કહેતા જ પ્રાણ નીકળી ગયા. વળી તે વાત ભર્તારને કહી. એટલે તેણે પણ ત્રણવાર પૂછયું. સાચું, સાચું, સાચું. એમ કહેતા જ મરણ પામ્યો. એ સ્નેહે કરી આઉખુ ઘટે.

હવે ભયે કરી આઉખુ ઘટે. તેનો પ્રકાર કહે છે. દેવકીજી કોઇ સ્ત્રીને પુત્રને ધવરાવતી દેખીને અધૈર્ય કરવા લાગી. કૃષ્ણે પૂછયું. અધૈર્ય કેમ કરો છો ? તે બોલી. હે પુત્ર ! મેં કોઈ પુત્રને ધવરાવ્યો નહીં. કૃષ્ણ બોલ્યા અધૈર્ય ન કરો. હું તમને દેવતાના પ્રભાવે પુત્ર-સંપત્તિ આપું છું. પછી કૃષ્ણે દેવતા આરાધ્યો. તેણે કહ્યું. દિવ્ય પુરુષ પુત્ર થશે. અનુક્રમે પુત્ર આવ્યો. તેનું ગજસુકુમાળ નામ પાડયું. તે સર્વ યાદવને ઘણો વહાલો થકો સુખે સુખે રમે છે. અનુક્રમે સોમિલ નામે બ્રાહ્મણની પુત્રી રૂપવંતી જાણી તેને પરણાવી. પછી ગજસુકુમાલે શ્રી નેમિનાથસ્વામિ પાસે ધર્મ સાંભળી પ્રવ્રજ્યા લીધી. પ્રભુ સાથે વિહાર કર્યો. તેથી બ્રાહ્મણને અપ્રીતિ થઇ. વળી અન્યદા તેઓ ભગવાન સાથે દ્વારિકા નગરી આવ્યા. શ્મશાને કાઉસગ્ગ રહ્યા. તેમને સોમિલ બ્રાહ્મણે દીઠા ત્યારે કષાયમાં આવીને મસ્તકે માટીની પાળ બાંધી. તેમાં ધગધગતા અંગારા ભર્યા. તે ઉપસર્ગ સમ્યગ્રીતે સહન કરતાં કેવલજ્ઞાન ઉપન્યું. અંતગડ કેવલી થયા. કૃષ્ણે આવીને ભગવાનને વાંદ્યા. શેષ સાધુને પણ વંદના કરીને પૂછયું કે હે સ્વામિન્ ગજસુકુમાળ કયાં ગયા ? પ્રભુ બોલ્યા. શ્મશાનમાં કાઉસગ્ગે રહ્યા છે. શ્રી કૃષ્ણ ત્યાં જોવા ગયા. તો ગજસુકુમાલને કાલ કરેલા જોયા. ત્યારે કોપમાં આવીને તેણે પ્રભુને પૂછયુ. હે સ્વામિન ! મારા ભાઇને કોણે માર્યા ? ભગવંત બોલ્યા. તમને નગરમાં પેસતા દેખી જેનું મસ્તક ફૂટશે તેણે માર્યા. હવે સોમીલ પણ બહાર જવા માટે નીકળ્યો. એવામાં વાસુદેવને સામા આવતા દીઠા ત્યારે ભયે કરીને મસ્તકનાં સો ખંડ થયા. એ ભયથી આઉખુ ખુટે છે.

હવે નિમિત્તે આઉખુ ત્રુટે, તેના પ્રકાર કહે છે.

નિમિત્તે તે દંડ, કોરડા, શસ્ત્ર, રજ્જુ, અગ્નિ, પાણી, વિષ, સર્પ, શીત, ઉષ્ણ, અરતિ, ભય ક્ષુધા, પિપાસા, રોગ, વડીનીતીનો રોધ અને અજીર્ણ પ્રમુખના નિમિત્તે આઉખુ ત્રુટે ઘણો આહાર કરે,

અથવા મુલગો આહાર, ન કરે. તો આઉખુ ઘટે, મસ્તક અને નેત્ર પ્રમુખની અત્યંત વેદનાએ આઉખુ ઘટે, વળી પરાઘાતે આયુ ઘટે, પરાઘાત તે વિજળી પડવાથી તથા ખાડા પ્રમુખમાં પડવાથી આયુ ઘટે તે પરાઘાત કહીયે, તથા ફરસે આઉખે ઘટે, એટલે ત્વચામાં સર્પનું વિષ ફરસે તેનાથી મરણ પામે અથવા બ્રહ્મદત્ત ચક્રવર્તિ કાલ કર્યો ત્યારે તેનો પુત્ર ચક્રવર્તિની સ્ત્રીરત્નને કહેવા લાગ્યો કે તું મારી સાથે ભોગ ભોગવ. તે બોલી. તું મારો ફરસ ખમી નહીં શકે. એમ કહેવા છતાં માન્યો નહીં. ત્યારે એક ઘોડો મંગાવીને તેની ઉપર મુખથી માંડીને કેડ સુધી હાથ ફેરવ્યો. એટલે ઘોડો ઉછળીને મરણ પામ્યો. તે છોકરાએ જોયું છતાં માન્યું નહીં. ત્યારે લોઢાનો પુરુષ કરાવીને આલિંગન દીધું. તે લોઢુ ગળી ગયું. તે દેખીને માન્યું. એમ ફરસથી આયુ ઘટે એમ પ્રથમ પદે પાંચ ઉદાહરણ થયા.

હવે બીજા પદે આઉખુ અશાશ્વતુ છે માટે धम्मं चरे साहु जिणोवइट्ठं ॥ જિનનો ઉપદેશ્યો જે ધર્મ તે આચરજે. તે ઉપર ચિલાતી પુત્રની કથા કહે છે. વિદ્યુન્માલી નામે બ્રાહ્મણ પોતાને પંડિત માની જિનશાસનની હેલના કરનારો થયો. એ એમ કહેતો કે મને જીતે તેનો શિષ્ય થાઉં. એકદા આચાર્યે તેને સભામાં જીત્યો. અને બલત્કારે શિષ્ય કર્યો પછી દેવતાએ સમજાવ્યો. સ્થિર કર્યો પણ દુર્ગંછા મુકે નહીં. તેની સ્ત્રીએ સ્નેહે કરી કામણ કર્યું. તેથી મરણ પામી દેવલોકે ગયો. ભાર્યા પણ તે નિર્વેદે દીક્ષા લઇ અણ આલોઈ કાલ કરીને દેવતા થઇ. તે બ્રાહ્મણ ચ્યવીને રાજગૃહી નગરને વિષે ધનનામે સાર્થવાહ તેને ચિલાતિકા નામે દાસી તેની કુખે પુત્રપણે ઉપન્યો. તેનું ચિલાતી નામ દીધું. અને તેની સ્ત્રી પણ ત્યાંથી ચ્યવીને તેજ શેઠના પાંચ પુત્ર ઉપર સુસમા નામે પુત્રી થઇ. ચિલાતિપુત્ર તેને રમાડે. રમાડતાં અપલક્ષણ કરે. તે જાણી શેઠે તેને ઘરમાંથી બહાર કાઢી મુકયો. તે ફરતે ફરતો સિંહ ગુફા નામે ચોરની પલ્લિએ ગયો. તે પલ્લિપતિનો ઘણો વહાલો થયો. અનુક્રમે પલ્લિપતિ મરી જતાં એને પલ્લિપતિ થાપ્યો.

એકદા તેણે ચોરને કહ્યું કે રાજગૃહે નગરે ધન સાર્થવાહને ઘેર સુસમા નામે પુત્રી છે, તે આવે તે મારી અને ધન તમારું. એમ ઠરાવ કરી ધન સાર્થવાહને ઘેર આવી અવસ્વાપિનિ નિદ્રા દઈ ધન લૂંટી, સુસમાને ઉપાડી ચાલ્યા, તે વેળાએ શેઠ પાછળ થયો, શેઠે કોટવાળને કહ્યું. મારી પુત્રી અપાવો, ધન આવે તે તમે લેજો. ત્યારે કોટવાળ, શેઠ, પાંચ પુત્ર સર્વ ચોરની પાછળ દોડયા. અનુક્રમે કોટવાળ ધન લઇને પાછા આવ્યા. શેઠ પાંચ પુત્ર સહિત ચિલાતીની પાછળ ગયા.

હવે ચિલાતીપુત્ર પણ સુસમાનો ભાર લઈ દોડી શકે નહિં. શેઠ નજીક આવી ગયા, ત્યારે ચોરે પણ સુસમાનું મસ્તક કાપી લઈ ધડ પડતું મુકીને નાઠો. તે જોઇ શેઠે વિચાર્યું કે જેના માટે દોડતા હતા તે તો મરણ પામી. હવે જવાનું શું પ્રયોજન ? એવામાં તે અટવીનાં શેઠ પ્રમુખને ભૂખ લાગી. ત્યારે શેઠે પુત્રને કહ્યું. તમે મને મારીને ભક્ષણ કરો. અને ક્ષેમકુશલ નગરે પહોંચો. પણ તે વાત પુત્રોએ માની નહીં. ત્યારે મોટો પુત્ર બોલ્યો, મને મારો. લઘુપુત્ર બોલ્યો મને મારો. ત્યારે તેનો પિતા બોલ્યો. આપણે જીવતાને શું કામ મારીયે ? આ સુસમાને ચંડાલે મારી છે. તેનું ભક્ષણ કરી ક્ષુધા શાંત કરીયે. પછી તેનું માંસ ખાધું. એમ સાધુ પણ માત્ર એક સંયમ નિર્વાહ કરવા માટે આહાર કરે છે. પરંતુ લોલુપિપણું કરતા નથી. તે શેઠ પણ પાછા નગરે પહોંચ્યા. સુખી થયા, તેમ સાધુ પણ મોક્ષ સુખના ભોગી થાય.

હવે ચિલાતી પણ હાથમાં મસ્તક લઇને જતાં દિશામૂઢ થયો. એવા સમયે તેણે આતાપના લેતા એક સાધુને દીઠા. દેખીને કહેવા લાગ્યો. કે સંક્ષેપે ધર્મ કહો. નહિં તો આ રીતે તમારું મસ્તક છેદીશ. મુનિ બોલ્યા. ઉપશમ, વિવેક અને સંવર. એ ત્રણ પદ સાંભળીને ચિલાતીપુત્ર એકાંતે ચિંતવવા લાગ્યો. જે ક્રોધાદિકનો ઉપશમ

કરવો. અને હું તો ક્રોધે ભરીયો છું વળી વિવેક તો ધન, સ્વજનનો ત્યાગ કરવો. અને મારે તો રાગથી સુસમાનું મસ્તક હાથમાં છે પછી ખડ્ગ તથા મસ્તક મૂકી દીધા તથા સંવર તે પાંચ ઇન્દ્રિયનો સંવર અને નોઇન્દ્રિય તે મનનો સંવર, તે પણ મારામાં એકે નથી. એમ વિચારી ત્યાં જ કાઉસગ્ગમાં રહ્યા.

હવે લોહીએ ખરડેલી કાયા હતી, તેની ગંધથી કીડીઓ આવી ખાવા માંડી, તેણે ચાલણી જેવું શરીર કર્યું. પગથી કીડી પેસે મસ્તકથી નીકળે. એવુ થયું. તોપણ ધ્યાનથી ન ચલ્યા. એવો ઉપસર્ગ અઢી દિવસ ખમ્યો. એવા દુષ્કર ધ્યાન કરનારને વંદના કરૂં છું. પછી તે કાળ કરીને દેવલોકે ગયોઃ ॥ जो तिहिं पएहिं सम्मं, समभिगउ संजमं समारुढो ॥ उवसम विवेग संवर, चिलाईपुत्तं नमंसामि ॥ इत्यादि आवश्यकनिर्युक्तौ ॥ હવે ત્રીજા પદનો અર્થ કહે છે. धम्मो य ताणं सरणं गइय ॥ ધર્મ તે જ ત્રાણ છે. એટલે અનર્થનો ઘાતક છે. વળી કર્મરુપ ઉપદ્રવથી બીતા એવા પ્રાણીને શરણ કરવા યોગ્ય છે. વળી દુઃખીયા પ્રાણીને સુખ આપવાના અર્થે રૂડી ગતિને આપનારો છે. એમાં એ ધર્મ ત્રાણ છે. તેની ઉપર કમલશેઠની કથા એજ પુસ્તકના ચોથા ભાગમાં પાના ૧૪૫ મધ્યે છપાઇ છે. તે વાંચવી તથા કર્મ ઉપદ્રવથી બીતા એવા પ્રાણી તેને ધર્મ શરણ છે. તે ઉપર મહાનંદકુમારની કથા આજ પુસ્તકમાં ચોથા ભાગમાં પૃષ્ઠ ૧૫૧ મધ્યે છપાઈ છે. ત્યાંથી વાંચવી. આ બે કથા વિષે આ ગ્રંથમાં લખેલું છે. જે એ શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્રની વૃત્તિમાંથી લીધી છે. હવે જે દુઃખીયો જીવ હોય તે સુખને અર્થે ધર્મ કરે. તે સારી ગતિને પામે. તે ગતિ કહીયે. તે ઉપર વસુદેવજીનો જીવ પાછલા ભવે નંદીષેણ નામે સાધુ હતા. તેનું દૃષ્ટાંત કહેવું. તે કથા આ પુસ્તકનાં બીજા ભાગમાં શ્રીનેમીશ્વર ભગવાનનાં રાસમાં પૃષ્ઠ ૧૧૩ માં છપાઈ ગઈ છે. હવે ચોથા પદનો અર્થ કહે છે. धम्मं निसेवित्तु सुहं लहंति ॥ જે પ્રાણી ધર્મને સેવે છે. તે પ્રાણી

અવ્યાબાધ સુખ અર્થાત્ શાશ્વત સુખ અથવા શુભ માંગલિકને પામે છે. તે ઉપર લક્ષ્મીધર શેઠનું દૃષ્ટાંત કહે છે.

આ ભરતક્ષેત્રને વિષે લક્ષ્મીપુર નામે નગરમાં લક્ષ્મીવિલાસ નામે રાજા રાજ્ય કરે છે. તે નગરમાં જિનમાર્ગમાં રક્ત, મહાસત્વવંત એવો લક્ષ્મીધર નામે શેઠ વસે છે. તેને કમલમુખ અને કમલદલનયના સરખી કમલા નામે સ્ત્રી છે. એક દિવસ શેઠે રાત્રિના સમયે સૂતાં થકા ઉજ્જવલ વસ્ત્ર આભૂષણવંતી એક સ્ત્રી દીઠી. ત્યારે શેઠે પૂછયું. હે ભદ્રે ! તું કોણ છે ? તે બોલી. તારા ઘરની લક્ષ્મી છું. શેઠ બોલ્યા, કેમ આવી છે ? તે બોલી. હવે હું તારા ઘરમાંથી જવાની છું માટે તમને કહેવા આવી છું. ત્યારે શેઠ બોલ્યા. તારે જવું હોય તો હમણા જ જા. યતઃ ।। पुरिसा ते च्चिय वुच्चंति, जे विरत्ते जणे न रज्जंति ।। त्तंमिवि जे अणुरायं । कुणंति तेसिं कुसमुल्हिं ।। ત્યારે લક્ષ્મી અન્ય સ્થાને ગઈ. પ્રાતઃકાલે શેઠ ઉઠયા, નિત્ય કરણી કરીને પછી વ્યાપાર અર્થે તપાસતા ધણ, કણ, કપ્પડ, ચોપડ, સુવર્ણ પ્રમુખ કાંઇ ઘરમાં ન દીઠું. ત્યારે શેઠ ચિંતવવા લાગ્યા કે બાપડી રાંક ગઈ તો શું થયું ? મારું સત્વ તો નથી ગયું ને ? માટે ઉદ્યમ કરું. એમ વિચારી પડોશી પાસેથી દ્રવ્ય ઉછીનું લીધું. તેનું મીઠું પ્રમુખ લઈ કોથળો ભરીને નગરમાં ભમવા લાગ્યો. તે ક્રય વિક્રય કરતાં પડોશીનું ઉછીનું દ્રવ્ય પાછું આપ્યું. ઘેર આવી દેવગુરુની પૂજા કરવા લાગ્યો, અતિથિને કાંઇક આપ્યું. એમ નિરંતર કરતાં કાંઇ લાભ આવે એમાંથી આજીવિકા ચલાવે. પણ ઘણો લાભ ન થાય. એટલે શેઠ પોટલુ લઇને પાસેના ગામમાં જઈ માલ વેચે, એમ કાલ નિર્ગમન કરે છે. હવે પેલી લક્ષ્મી કૃપણને ઘેર ગઇ. ત્યાં કૃપણ પોતે ન ખાય, બીજાને પણ ન આપે. ખાડો ખોદી દ્રવ્ય તેમાં ઘાલી રાખે. તેથી લક્ષ્મી આકરું દુઃખ ભોગવવા લાગી. ત્યારે ઉદ્વેગ પામીને ચિંતવવા લાગી કે અહો ! મે અકાર્ય કર્યું, કારણ કે મહાનુભાવને મેં મૂકયો છે. હવે તેને ઘેર પાછી જઉં.

પણ તે મને ઘરમાં પાછી પેસવા ન દેશે. તે માટે કાંઇક ઉપાય કરીને આગળથી તેને પ્રસન્ન કરું. પછી જઉં.

હવે ગામડેથી શેઠ પાછા વળતા વડના ઝાડ હેઠળ વિસામો લેવા આવતા એક સ્ત્રી સંપૂર્ણ કલશ હાથમાં લઇને વડ હેઠળ ઉભી રહી. શેઠે તેને જોઈ. ત્યારે તેણે વિચાર્યું કે એ કોઇક પરસ્ત્રી ઉભી છે. એમ ચિંતવીને શેઠ વડથી દૂર થયા. બીજે દિવસે પણ સામી આવી. શેઠને બોલાવ્યા. ત્યારે શેઠ ઉત્તર દીધા વિના આગળ ગયા. ત્રીજે દિવસે શેઠના બે પગની વચ્ચે વળગીને ઉભી રહી ત્યારે શેઠ બોલ્યા. તું કોણ છે ? તે બોલી. તારા ઘરની લક્ષ્મી છું. હવે તારે ઘેર આવીશ. શેઠ બોલ્યા. તારાથી સર્યું. તારામાં શો ઢંગ છે ? મારા પગ મૂકીને વેગળી જા. લક્ષ્મી બોલી મારા ઉપર પ્રસન્ન થાઓ. અને ઘરમાં આવવાની હા પાડો. તમે મોટા છો. તેથી મારી પ્રાર્થના ભંગ કરવી ઘટે નહીં. એમ ઘણો આગ્રહ કર્યો ત્યારે શેઠ બોલ્યા. તું ચપલ છે, માટે હું જાણું છું. કે તારાથી એક ઠેકાણે રહેવાશે નહીં. તે માટે જ્યારે તને જવાની ઇચ્છા થાય ત્યારે જઈ શકે છે, અને જવાની હોય એ પહેલા એક વર્ષ પહેલા મને કહેજે. તો હું તને પેસવા દઉં. લક્ષ્મીએ તે વચન માન્યું. શેઠ ઘેર આવ્યા. શેઠાણીએ ઘણો આદર કર્યો. ઘરમાં પણ જુવે ત્યાં ઠામ ઠામ ધનના ઢગલા પડયા છે તે દ્રવ્યે કરી ઘણું કાપડ પ્રમુખ ઘરમાં લાવ્યા. શેઠ પણ યથેચ્છાએ લક્ષ્મી ભોગવવા લાગ્યા. દીન અનાથને દાન દે છે. એમ લક્ષ્મીનું ફળ ભોગવતા કેટલોક સમય થઇ ગયો.

આઉખા કર્મ ગયે ચાર ગુણ પ્રકટ થયા. નામ કર્મ ગયે બે ગુણ પ્રગટ થયા. ગોત્ર કર્મ ગયે બે ગુણ પ્રગટ થયા. અંતરાય કર્મ ગયે બે ગુણ પ્રગટ થયા. એમ એકત્રીશ ગુણ કહેવા.

तथा चोक्तं ॥ खीणमइनाणावरणे (१) खीणसुयनाणावरणे (२) खीणओहीनाणावरणे (३) खीणमणपज्जवनाणावरणे (४) खीणकेवलनाणा-

वरणे (५) एवं खीणचखुदंसणावरणे (६) खीण निंदे (७) खीण सायासायवेदणीज्जे (८) खीणदंसणमोहणीज्जे (९) खीणचरित्त मोहणीज्जे (१०) खीण नरगाऊ इत्यादि (११) एवं (१२) खीणसुभणाम असुभणाम (१३) खीणउच्चगोत्ते, खीण नीचगोत्ते एवं (१४) खीण दाणांतराए एवं ३१ ગુણ જાણવા.

વળી આવશ્યક નિર્યુંકિતમાં બીજી રીતે પણ સિદ્ધનાં એકત્રીશ ગુણ કહ્યા છે. પાચ વર્ણને અભાવે પાંચ ગુણ, બે ગંધને અભાવે બે ગુણ, પાંચ રસને અભાવે પાંચ ગુણ, આઠ ફરશને અભાવે આઠ ગુણ, પાંચ સંસ્થાનને અભાવે પાંચ ગુણ, ત્રણ વેદને અભાવે ત્રણ ગુણ. અસંગીપણું, અશરીરીપણું, અરુપીપણુ, એવં ૩૧ ગુણ થયા. ઇત્યાદિક સિદ્ધ સ્વરૂપ મુખ થકી કોણ કહી શકે? યદ્યપિ કેવલજ્ઞાની કેવલજ્ઞાને કરી સિદ્ધનું સ્વરૂપ જાણે છે, તો પણ સંસારમાં ઉપમા વિના કહી શકે નહિં. તે માટે ધર્મ જે ભાવધર્મ તેને સેવન કરીને પ્રાણી એવું સિદ્ધ સ્વરૂપ પામે.

॥ अथ प्रशस्ति ॥

सूरिविजयदेवाख्य, स्तपागच्छाधिनायक ॥ विख्यात स्त्रिजगत्यासीत, विद्यया गुरूसन्निभ (१) तस्य पट्टोदयाद्रौ श्री, विजयात् सिंहसूरिराट् ॥ आदित्य इव तेजस्वी, सिंहवच्च पराक्रमी (२) सत्यादि विजय स्तस्यां-तेवासी सत्यभाषक, क्रियोद्धार कृतो येन, प्राप्यानुज्ञां गुरोरपि (३) विनेय-स्तस्य कर्पूरविजय सात्विकः सुधीः ॥ कीर्ति कर्पूरवद्यस्य, प्राप्ता सर्वत्र विश्रुता ॥ (४) क्षमापि गुणसंदर्भे क्षमाविजय इत्यभूत् ॥ तस्य शिष्यो विनीतात्मा, शिष्यानेक समन्वितः (५) शब्दशास्त्रादिशास्त्राणां, वेत्तागणान्वितः जिनादिविजया हेवान-स्तस्याशिष्यरूपभाक् (६) कर्मप्रकृतिप्रभृति, शास्त्र-तत्वविचारवित् उत्तमाध्विजयतस्य, शिष्योऽभूत्भूरिशिष्यकः (७) तस्यपाद युगांभोज भृंगतुल्येन चाणुना ॥ पद्मविजयशिष्येण, स्वपरानुग्रहाय वै

(८) रागवेदौ तथा नाग चद्राविति (१९४३) च वत्सरे ॥ वसंतपंचमी घस्त्रे, विक्रमात् बुधवासरे (९) गौतम कुलकं नाम, प्रोक्तं श्री गौतम र्षिणा ॥ मया बालावबोधोऽयं, कृतस्तस्याल्पबुद्धिना (१०) (त्रिभिर्विशेषकम्)

એકદા રાત્રે લક્ષ્મી આવીને કહેવા લાગી, તને મુકીને હવે એક વર્ષ પછી બીજે જઇશ. એ વાત સાંભળી તેણે ઘણું દ્રવ્ય આપીને જિનમંદિર કરાવ્યું, સાધુને વસ્ત્ર, પાત્ર, વસતી પ્રમુખ દેવા લાગ્યો, સિદ્ધાંત લખાવીને સાધુને આપવા માંડયા, તથા ભંડારો ભરાવા લાગ્યા, જીવોને અભયદાન દેવા લાગ્યા, કુટુંબ, મિત્ર, બંદીવાન, દીન, દુઃખી જનોના ઉદ્ધાર કર્યા. એમ સર્વ દ્રવ્ય આપીને એક કછોટી વાળી તૃણુનો સંથારો કરીને શેઠ સૂતા. વળી લક્ષ્મી આવી રોતી થકી કહેવા લાગી. રે શેઠ ! દેવ, ગુરુ, ધર્મના અર્થે લક્ષ્મી વાપરીને તેં મને ઠેલી તો હવે હું નાગી થકી કયાં જાઉં ? તે માટે હવે બીજે નહીં જાઉં. દાસીની પેઠે આળોટતી તારા ઘરે જ રહીશ. શેઠ બોલ્યા. તને જેમ ગમે તેમ કરજે. કિં બહુના ! વળી શેઠ પૂર્વની જેમ લક્ષ્મી વિસ્તાર પામી. ત્યારપછી લક્ષ્મીધર શેઠ પણ દેવ, ગુરુ, ધર્મ કાર્યને વિષે ઘણા કાલ સુધી લક્ષ્મી વાપરી મોક્ષે ગયા. માટે જ ધર્મથી શાશ્વતા સુખ ઉપજે.

હવે સિદ્ધનું સ્વરૂપ ગ્રંથાતર થકી તે માટે ધર્મથી જ કાંઈક લખીયે છીએ. આ ભવમાં સમસ્ત કર્મનો ક્ષય કરી તથા આત્મપ્રદેશનો ઘન કરી ચરમ શરીરની જેટલી અવગાહના છે, તેમાં ત્રીજો ભાગ ઘટાડીને જ એક સમયમાં ઋજુ ગતિએ આઘાપાછા આકાશ પ્રદેશને અણુ ફરશતાં લોકનાં અગ્રભાગે જઇને રહ્યા છે.

જેને રોગ નથી. શોક નથી, અશરીરી, અણાહારી, જન્મ, જરા અને મરણ નથી. અવ્યય, અચિંત્ય, અક્ષય થયા. અવિનાશી, શાશ્વત કાલ સુખી થયા. સાદિ અનંત ભાગે સિદ્ધ થયા. જ્યાં ભગવાન છે. ત્યાં અનંતા સિદ્ધ રહ્યા છે. તેથી દેશે, પ્રદેશે ફરશીત અસંખ્યાત ગુણાં છે. પણ

કોઈ કોઇને ભીડ ન કરે. પોતપોતાની સત્તામાં રહે. જે માટે સર્વ સિદ્ધ ભગવાન સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, અને સ્વભાવંત છે. કેવલજ્ઞાન, કેવલદર્શનના ધણી એક સમયમાં લોકાલોકનાં અતીત અનાગત અને વર્તમાન કાળના ભાવ સર્વ ઉત્પાદ, વ્યય, અને ધ્રુવપણે છે પણ કોઇ પરભાવમાં રાગદ્વેષે, હરિણુમતા નથી. એટલા જ માટે અક્રોધી, અમાની, અમાયી, અલોભી, અરાગી, અદ્વેષી, અકલેશી, અવેદી, અયોગી, નિર્ધ્વંસી નિર્લેપી, અવર્ણે, અગંધે, અરસે અને અફાસે, એવા બિરુદધારક કહીયે, વળી નાના નથી, મોટા નથી, વૃત્ત નથી, ત્ર્યસ્ત્ર નથી, ચૌંરસ નથી. કેવલ જ્યોતિમય, સ્વસત્તાના ભોગી, પરભાવના અભોગી, સ્વભાવના કર્તા, પરભાવના અકર્તા, સ્વભાવ રમણીય, કોઈને કાંઇ આપે નહિં, લીયે નહીં. કોઈને સુખ, દુઃખ કરે નહીં, અવ્યાબાધ સુખના ધણી એવા સિદ્ધ પરમાત્મા તે જિન સિદ્ધાદિક પન્નર ભેદે છે. જેને આઠ કર્મના ક્ષયથી આઠ ગુણ પ્રગટ થયા છે. અથવા આઠ કર્મના અભાવે વિશેષથી એકત્રીશ ગુણ પ્રગટ થયા છે. તે આ પ્રમાણેઃ–

જ્ઞાનાવરણીય કર્મ ગયે પાંચ ગુણ પ્રગટ થયા. દર્શનાવરણીય કર્મ ગયે નવ ગુણ પ્રગટ થયા, વેદનીયકર્મ ગયે બે ગુણ પ્રગટ થયા. મોહનીય કર્મ ગયે બે ગુણ પ્રગટ થયા.

यत् किंचिद्वितथं प्रोकतं, मतिमांदादजानता ।। तत्सर्वं धीधनैः शोध्यं, विधाय मयि सत्कृपाम् (११) वीरस्य शासनं यावत्, वर्तते विश्वदिपकम् ।। तावदबालावबोधोऽयं तिष्ठतु शुद्धवासनः (१२) इति प्रशस्तिः

इति सकलसभाभामिनि भालस्थलतिलकायमान पंडित उत्तम विजयगणिशिष्य पंडित पद्मविजयगणिविरचिते बालावबोधे श्री गौतमकुलक प्रकरणे विंशतितमगाथायां नवोदाहरणानि समाप्तानि ।।

इति गौतमकुलक बालावबोधः संपूर्णः ।।

तत्समाप्तावयं जैनकथारत्न कोषस्य षष्ठभागः समाप्तः ।।